# સમાધિતંત્ર પ્રવચન ભાગ-૩

(શ્રી સમાધિતંત્ર શાસ્ત્ર પર પૂજ્ય ગુરુદેવશ્રીના
૧૯૭૪-૭૫ના સમાધિભાવપ્રેરક અક્ષરશઃ પ્રવચન)




શ્રી મહાવીરસ્વામી



શ્રી સીમંધરસ્વામી




શ્રી સમાધિતંત્ર




શ્રી પૂજ્યપાદ આચાર્ય



શ્રી પ્રભાચંદ્ર આચાર્ય

પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી




પ્રકાશક :-શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ

ॐ

परमात्मने नमः।

# સમાધિતંત્ર પ્રવચન

## (ભાગ–૩)

(શ્રીમદ્ દેવનંદી અપરનામ પૂજ્યપાદસ્વામી વિરચિત
શ્રી સમાધિતંત્ર પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શબ્દશઃ પ્રવચનો)
(ગાથા તથા શ્લોક–૩૨ થી ૫૨, પ્રવચન–૪૧ થી ૬૫)


**પ્રકાશક**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

**સહપ્રકાશક**

શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ
મુંબઈ

| વિક્રમ સંવત | વીર સંવત | ઈ. સન |
| --- | --- | --- |
| ૨૦૭૬ | ૨૫૪૬ | ૨૦૨૦ |

## પ્રકાશન તિથિ

તા. ૨૮-૦૬-૨૦૨૦, અષાઢ સુદ ૮

શાશ્વત જિનપ્રતિમાના પૂજનનું શાશ્વત પર્વ સૂરિ અષ્ટાન્હિકા મહાપર્વત

## પ્રાપ્તિસ્થાન

**૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,**
**સોનગઢ (સૌરાષ્ટ્ર)–૩૬૪૨૫૦. ફોન–૦૨૮૪૬–૨૪૪૩૩૪**
**૨. શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ**
**૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,**
**વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ–૪૦૦૦૫૬**
**ફોન–(૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬**
**www.vitragvani.com, email-info@vitragvani.com**

**ટાઈપ સેટિંગ :**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
**ભાવનગર**
**મો. ૯૭૨૫૨૫૧૧૩૧**

# પ્રકાશકીય નિવેદન

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી
મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં.

મહાવીર ભગવાન, ગૌતમ ગણધર ત્યારબાદ જેમના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય, સાક્ષાત્ સદેહે વિદેહમાં જઈ સીમંધર ભગવાનની દિવ્યધ્વનિનું પ્રત્યક્ષ રસપાન કરીને ભરતમાં આવેલ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ મહાન યોગીશ્વર છે એ જગતવિદિત છે. અનેક મહાન આચાર્યો તેમના દ્વારા રચિત શાસ્ત્રોના આધાર આપે છે. તેનાથી એમ પ્રસિદ્ધ થાય છે કે અન્ય આચાર્યો પણ તેમના વચનોને આધારભૂત માને છે. આવા પવિત્ર દેવ-ગુરુ-શાસ્ત્રનું મંગળ સ્મરણ કરીને જિનશાસનની શાશ્વત સિદ્ધિ કરનાર શાશ્વત જિનપ્રતિમાના પૂજનના શાશ્વત પર્વ શૂરિ અષ્ટાન્હિકા મહાપર્વના શુભદિવસે 'સમાધિતંત્ર પ્રવચન' (ભાગ-૩) પાઠકવર્ગના હસ્તકમળમાં મૂકતાં અત્યંત હર્ષ થઈ રહ્યો છે.

વર્તમાન શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિમાં જે કહેવાઈ રહ્યું છે, તેને પ્રત્યક્ષ ઝીલનારા ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ અને તેમના અનન્ય ભક્ત, કે જેમની વિદ્યમાનતા શ્રી કુંદકુંદાચાર્યદેવના વિદેહગમન વખતે સાક્ષાત્ હતી, એવા વ્હાલા પૂજ્ય કહાન ગુરુદેવશ્રીના અધ્યાત્મરસસભર પ્રવચનો, એનું શું કહેવું? જે વિષય વચનગોચર નથી, વિકલ્પગોચર નથી તેને કથંચિત્ વક્તવ્ય કરવો એ કહાન ગુરુદેવશ્રીની સમર્થ પ્રચંડ શક્તિના દર્શન કરાવે છે અને ભાવિમાં ૐકાર ધ્વનિ છૂટવાની છે તેનું સૂચક છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રસ્તુત પ્રવચનો અધ્યાત્મના અનેકવિધ રહસ્યોને વ્યક્ત કરી રહ્યા છે. આચાર્ય ભગવાનના હૃદયમાં પેસીને તેમના ભાવોને સ્પષ્ટ કરવાનું સામર્થ્ય પ્રસ્તુત પ્રવચનોમાં વ્યક્ત થાય છે. અનંત કાળથી મિથ્યાત્વદશામાં ભ્રમણ કરતો અજ્ઞાની જીવ બહિરાત્મદશાને નષ્ટ કરી, અંતરાત્મપણું પ્રગટ કરી પરમાત્મદશાને કઈ રીતે પ્રાપ્ત કરે છે તેનું રોચક વિવેચન આચાર્ય ભગવાને તો કર્યું છે પરંતુ સાંપ્રત મુમુક્ષુ સમાજને સાદી તથા સરળ ભાષામાં પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્પષ્ટ કર્યું છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક પ્રવચનોમાં ભાવભાસનપૂર્વકની સમજણને અધિક મહત્તા આપી છે એવી શૈલી પણ વ્યક્ત થઈ રહી છે. પ્રત્યેક પ્રવચન ભેદજ્ઞાનપૂર્ણ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની સાતિશય જ્ઞાતાધારાના દર્શન પણ પ્રત્યેક પ્રવચનોમાં થઈ રહ્યા છે. અખંડ એકરૂપ સ્વરૂપાશ્રિત પરિણતિપૂર્વક સમજાવવાનું સામર્થ્ય પ્રવચનોમાં ઉભરાઈને બહાર આવી રહ્યું છે. જેમના એક પ્રવચનશ્રવણમાત્રથી જેમના ભવનો અંત આવ્યો એવા પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીનો ઉલ્લેખ અનેક પ્રવચનોમાં આવે

છે. અત્રે એ વાતનો ઉલ્લેખ એટલા માટે કરવામાં આવે છે કે પૂજ્ય ગુરુદેવશ્રીની સાતિશય દેશનાનું સામર્થ્ય તો મહાપવિત્ર છે જ, પરંતુ પ્રવચન સંબંધિત વિકલ્પના નિમિત્તે મુમુક્ષુજીવના ભવનો અંત આવી શકે છે એ આ વાતનો પુરાવો છે. જેમના વિભાવઅંશમાં આટલું સામર્થ્ય છે તો તેઓશ્રીની પવિત્ર જ્ઞાનધારાના દર્શનથી મુમુક્ષુજીવનું આત્મકલ્યાણ ન થાય એ વાત અસ્થાનીય છે. આવા વ્હાલસોયા પૂજ્ય ગુરુદેવશ્રીનું જેટલું ગુણ સંકીર્તન કરવામાં આવે તે ઓછું જ છે. માટે આ પ્રસંગે તેમના ચરણોમાં ભક્તિભાવપૂર્વક શત શત વંદન હો, વંદન હો!

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરત ધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી. તથા વેબ સાઈટ **(www. vitragvani.com)** જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે સમાધિતંત્ર ગ્રંથ ઉપરના પ્રવચનો અત્રે પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્‌ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ચરણકમળમાં સાદર સમર્પિત કરીએ છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય પૂજા ઈમ્પ્રેશન્સ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રી સુધીરભાઈ શાહ, સુરત તથા શ્રી અતુલભાઈ જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે. જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. ટ્રસ્ટ મુમુક્ષુગણને વિનંતી કરે છે કે અશુદ્ધિઓ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો **www.vitragvani.com** ઉપર ઉપલબ્ધ છે.

પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઈતિ શિવમ્.

ટ્રસ્ટીગણ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
વિલે પાર્લા, મુંબઈ




**શ્રીમદ્ દેવનંદી અપરનામ પૂજ્યપાદસ્વામી**

# પ્રસ્તાવના

સમાધિતંત્ર ગ્રંથના રચયિતા શ્રીમદ્ પૂજ્યપાદસ્વામી આચાર્ય, મૂલસંઘ અંતર્મગત નંદિસંઘના પ્રધાન આચાર્ય હતા. તેઓ સુપ્રસિદ્ધ બહુ પ્રતિભાશાળી, પ્રખર તાર્કિક વિદ્વાન અને મહાન તપસ્વી હતા. પૂજ્યપાદસ્વામીનો સમય શ્રવણ બેલગોલના શિલાલેખ અનુસાર તેઓ શ્રી સમંતભદ્રાચાર્યની પછી થયા અને તેઓ તેમના મતાનુયાયી હતા. શિલાલેખો અને ઉપલબ્ધ જૈન સાહિત્ય ઉપરથી વિદ્વાનોએ નક્કી કર્યું છે કે આ સુપ્રસિદ્ધ આચાર્ય ઈ.સ. પાંચમી શતાબ્દિમાં અને વિકલ્પની છઠ્ઠી શતાબ્દિમાં થઈ ગયા.

તેઓ કર્ણાટક દેશના નિવાસી હતા. કન્નડ ભાષામાં લખેલા 'પૂજ્યપાદચરિતે' તથા 'રાજાવલીકથે' નામના ગ્રંથોમાં તેમના પિતાનું નામ 'માધવભટ્ટ' અને માતાનું નામ 'શ્રીદેવી' આપ્યું છે અને લખ્યું છે કે તેઓ બ્રાહ્મણકુળમાં ઉત્પન્ન થયા હતા. ઉપલબ્ધ શિલાલેખોથી એ વાત પ્રસિદ્ધ છે કે તેઓશ્રી દેવનંદી, જિનેન્દ્રબુદ્ધિ અને પૂજ્યપાદસ્વામી નામથી પ્રસિદ્ધ છે. 'દેવનંદી'-એ તેમના ગુરુએ આપેલું દીક્ષાનામ છે, બુદ્ધિની પ્રકર્ષતા—વિપુલતાના કારણે તેઓએ પાછળથી 'જિનેન્દ્રબુદ્ધિ' એ નામ પ્રાપ્ત કર્યું અને તેમના ચરણયુગલની દેવતાઓએ પૂજા કરી તેથી બુધજનોએ તેમને 'પૂજ્યપાદ' નામથી વિભૂષિત કર્યા.

ઉપલબ્ધ શિલાલેખો ઉપરથી તેમના જીવનકાળ દરમ્યાન ઘટિત અનેક અદ્ભુત ઘટનાઓ દૃષ્ટવ્ય છે. શ્રી પૂજ્યપાદે ધર્મરાજ્યનો ઉદ્ધાર કર્યો, દેવોના અધિપતિઓએ તેમનું પાદપૂજન કર્યું તેથી તેઓ પૂજ્યપાદ કહેવાયા, તેમના દ્વારા ઉદ્ધાર પામેલા શાસ્ત્રો આજે પણ તેમના વિદ્યાવિશારદ ગુણોનું કીર્તિગાન કરે છે. તેમણે કામદેવને જીત્યો હતો તેથી કૃતકૃત્યભાવધારી ઉચ્ચ કોટિના યોગીઓએ તેમને 'જિનેન્દ્રબુદ્ધિ' નામે વર્ણવ્યા છે.

વળી, તેઓ ઔષધઋદ્ધિના ધારક હતા. વિદેહક્ષેત્રસ્થિત જિનેન્દ્ર ભગવાનના દર્શનથી તેમનું ગાત્ર પવિત્ર થયું હતું. તેમના પાદોદક (ચરણ-જલ)ના સ્પર્શથી એક વખત લોઢુ પણ સોનું થઈ ગયું હતું. તદ્ઉપરાંત ઘોર તપશ્ચર્યાદિથી તેમની આંખનું તેજ નષ્ટ થયું હતું. પરંતુ 'શાન્ત્યષ્ટક' ના એકાગ્રતાપૂર્વક પાઠથી નેત્ર-તેજ પુનઃ પ્રાપ્ત થયું હતું. મહા યોગીઓને માટે આવી ઘટનાઓ અસંભવિત નથી.

તેઓશ્રીએ અનેક ગ્રંથોની રચના પણ કરી છે. જેમકે 'જૈનેન્દ્ર વ્યાકરણ', 'સર્વાર્થસિદ્ધિ', 'જૈનાભિષેક', 'છંદશાસ્ત્ર', 'સમાધિતંત્ર, સમાધિશતક', 'ઈષ્ટોપદેશ'. આમાં

ઈષ્ટોપદેશ તથા સમાધિતંત્ર આધ્યાત્મિક ગ્રંથો છે, જે મુમુક્ષુજીવોને આત્મકલ્યાણ થવામાં મહાનિમિત્તભૂત છે. સમાધિતંત્ર ગ્રંથના અંતમાં આપેલી પ્રશસ્તિ અનુસાર ગ્રંથના ટીકાકાર શ્રી પ્રભાચંદ્ર (પ્રભેન્દુ) આ ગ્રંથના સંસ્કૃત ટીકાકાર છે. કેટલાક વિદ્વાનોના મત પ્રમાણે તેઓ શ્રી સમંતભદ્રાચાર્ય દ્વારા રચિત રત્નકરંડ શ્રાવકાચારના પણ સંસ્કૃત ટીકાકાર છે.

પ્રસ્તુત પ્રવચનોમાં સમાધિતંત્ર ગ્રંથના મૂળ શ્લોકો, ગુજરાતી અન્વયાર્થ, ભાવાર્થ આદિ તથા શ્રી પ્રભાચંદ્ર વિનિર્મિત સંસ્કૃત ટીકા ગુજરાતી અનુવાદ સહિત પાઠકવર્ગની સુવિધા અર્થે લેવામાં આવેલ છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના સાતિશય દિવ્ય પ્રવચનોનો ભાવપૂર્વક સ્વાધ્યાય કરી પાઠકવર્ગ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સહિત વિરામ પામીએ છીએ.

ટ્રસ્ટીગણ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
વિલે પાર્લા, મુંબઈ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળીકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વ-ભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે.

સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં

સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્‌ગાર નીકળે છે : 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્‌ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ

માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો- મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્‌-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય

સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦03ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક | પૃ.સં. |
|---|---|---|---|
| ૪૧ | ૨૦.૦૧.૧૯૭૫ | ૩૨-૩૩ | ૦૧ |
| ૪૨ | ૨૧.૦૧.૧૯૭૫ | ૩૩-૩૪ | ૧૫ |
| ૪૩ | ૨૨.૦૧.૧૯૭૫ | ૩૪-૩૫ | ૨૭ |
| ૪૪ | ૨૩.૦૧.૧૯૭૫ | ૩૫-૩૬ | ૪૦ |
| ૪૫ | ૨૪.૦૧.૧૯૭૫ | ૩૬ | ૫૨ |
| ૪૬ | ૨૫.૦૧.૧૯૭૫ | ૩૭ | ૬૪ |
| ૪૭ | ૨૬.૦૧.૧૯૭૫ | ૩૭ | ૭૪ |
| ૪૮ | ૨૭.૦૧.૧૯૭૫ | ૩૮-૩૯ | ૮૪ |
| ૪૯ | ૨૮.૦૧.૧૯૭૫ | ૩૯ | ૯૬ |
| ૫૦ | ૨૯.૦૧.૧૯૭૫ | ૩૯-૪૦ | ૧૦૭ |
| ૫૧ | ૩૦.૦૧.૧૯૭૫ | ૪૦ | ઉપલબ્ધ નથી |
| ૫૨ | ૩૧.૦૧.૧૯૭૫ | ૪૦-૪૧ | ૧૧૯ |
| ૫૩ | ૦૧.૦૨.૧૯૭૫ | ૪૧ | ૧૩૨ |
| ૫૪ | ૦૨.૦૨.૧૯૭૫ | ૪૨ | ૧૪૪ |
| ૫૫ | ૦૩.૦૨.૧૯૭૫ | ૪૨-૪૩ | ૧૫૪ |
| ૫૬ | ૦૪.૦૨.૧૯૭૫ | ૪૩-૪૪ | ૧૬૭ |
| ૫૭ | ૦૫.૦૨.૧૯૭૫ | ૪૫ | ૧૮૦ |
| ૫૮ | ૦૬.૦૨.૧૯૭૫ | ૪૬-૪૭ | ૧૯૨ |
| ૫૯ | ૦૭.૦૨.૧૯૭૫ | ૪૭-૪૮ | ૨૦૪ |
| ૬૦ | ૦૮.૦૨.૧૯૭૫ | ૪૮ | ૨૧૭ |
| ૬૧ | ૦૯.૦૨.૧૯૭૫ | ૪૯ | ૨૨૮ |
| ૬૨ | ૧૦.૦૨.૧૯૭૫ | ૪૯-૫૦ | ૨૪૦ |
| ૬૩ | ૧૭.૦૨.૧૯૭૫ | ૫૦ | ૨૫૨ |
| ૬૪ | ૧૭.૦૬.૧૯૭૫ | ૫૦ | ૨૬૩ |
| ૬૫ | ૧૮.૦૬.૧૯૭૫ | ૫૧-૫૨ | ૨૭૬ |

ॐ

શ્રી પરમાત્મને નમઃ

# સમાધિતંત્ર પ્રવચન

(ભાગ-૩)

(શ્રીમદ્ દેવનન્દી અપરનામ પૂજ્યપાદસ્વામી વિરચિત
શ્રી સમાધિતંત્ર ગ્રંથ ઉપર
અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
અક્ષરશઃ પ્રવચનો)

एतदेव दर्शयन्नाह –

प्रच्याव्य विषयेभ्योऽहं मां मयैव मयि स्थितम्।
बोधात्मानं प्रपन्नोऽस्मि परमानन्दनिर्वृतम्।।३२।।

વિષયમુક્ત થઈ મુજ થકી જ્ઞાનાત્મક મુજસ્થિતિ,
મુજને હું અવલંબુ છું પરમાનંદરચિત. ૩૨.

टीका :– ममात्मानमहं प्रपन्नोऽस्मि भवामि किं कृत्वा? प्रच्याव्य व्यावृत्य केभ्यः? विषयेभ्यः। केन कृत्वा? मयैवात्मस्वरूपेणैव करणात्मना। क्व स्थितं माम् प्रन्नोऽहं? मयि स्थितं आत्मस्वरूप एव स्थितम्। कथम्भूतं मां? बोधात्मानं ज्ञानस्वरूपम्। पुरपि कथम्भूतम्? परमानन्दनिर्वृतं परमाश्वासाव–ानन्दश्च सुखं तेन निर्वृतं सुखीभूतम् अथवा परमानन्दनिर्वृतोऽहम्।।३२।ः

---

સ્વદેહમાં આવો અધ્યવસાય કરનાર બહિરાત્મા પરદેહમાં કેવો અધ્યવસાય કરે છે, તે કહે છે :—

શ્લોક – ૩૨

અન્વયાર્થ :- (मां) મને–મારા આત્માને (विषयेभ्यः) પંચેન્દ્રિયના વિષયોથી (प्रच्याव्य)

હઠાવીને (मया एव) મારા જ વડે-પોતાના જ આત્મા વડે (अहं) હું (मयि स्थितं) મારામાં સ્થિત (परमानंतनिर्वृत्तम्) પરમ આનંદથી નિવૃત્ત (રચાયેલા) (बोधात्मानं) જ્ઞાનસ્વરૂપ આત્માને (प्रपन्नोऽस्मि) પ્રાપ્ત થયો છું.

વિષયમુક્ત થઈ મુજ થકી જ્ઞાનાત્મક મુજ સ્થિત,
મુજને હું અવલંબું છું પરમાનંદ રચિત.૩૨.

ટીકા :- હું મને એટલે મારા આત્માને પ્રાપ્ત થયો છું. શું કરીને? (મારા આત્માને) છોડાવીને-પાછો વાળીને, શાનાથી? વિષયોથી. શા વડે કરીને? મારા જ વડે એટલે કરણ (સાધન)રૂપ આત્મસ્વરૂપ વડે જ; ક્યાં રહેલા એવા મને હું પ્રાપ્ત થયો છું? મારામાં રહેલાને અર્થાત્ આત્મસ્વરૂપમાં જ રહેલાને. કેવા મને? બોધાત્માને એટલે જ્ઞાનસ્વરૂપને. વળી કેવા મને? પરમ આનંદથી નિર્વૃત્ત (રચાયેલા)ને-પરમ આનંદ એટલે સુખ, તેનાથી નિર્વૃત્ત (રચાયેલા)-સુખ થયેલાને (એવા મને એટલે આત્માને પ્રાપ્ત થયો છું); અથવા, હું પરમ આનંદથી નિર્વૃત્ત (પરિપૂર્ણ) છું.

ભાવાર્થ :- બાહ્ય ઈન્દ્રિયોના વિષયોથી મારા આત્માને છોડાવીને મારામાં રહેલા પરમ આનંદથી પરિપૂર્ણ જ્ઞાનસ્વરૂપ આત્માને, હું મારા જ પુરુષાર્થથી પામ્યો છું.

વિશેષ

આ શ્લોકમાં मया एव અને मयि स्थितं - એ શબ્દો બહુ અર્થસૂચક છે તે બતાવે છે કે પરમ-ાત્મપદ મારામાં-આત્મામાં છે, બીજે બહાર કોઈ ઠેકાણે નથી અને તે પદ હું આત્મ સન્મુખ થઈને પુરુષાર્થ કરું તો જ પ્રાપ્ત થાય, બીજા કોઈ બાહ્ય સાધનથી કે કોઈની કૃપાથી તે પ્રાપ્ત થાય નહિ. પરમાત્મપદની પ્રાપ્તિ માટે તે સ્વાવલંબનનું ગ્રહણ અને પરાવલંબનનો ત્યાગ સૂચવે છે.

વળી આચાર્યે દર્શાવ્યું છે કે આત્મસ્વરૂપની પ્રાપ્તિ મેં મારા આત્મબળ વડે જ કરી છે. એમ પોતાનો આત્મવૈભવ બતાવી મુમુક્ષુ જીવોને પ્રેરણા કરી છે કે, નતમે પણ સ્વતઃ એટલે પોતાના આત્મસામર્થ્યથી જ પરમ પદની પ્રાપ્તિ કરો.

આત્મા અને પરપદાર્થોને (ઈન્દ્રિયોના વિષયોને) ભિન્ન કરવામાં અને આત્માને ગ્રહણ કરવામાં કરણ (સાધન) જુદાં નથી; પ્રજ્ઞા એક જ કરણ છે, તે વડે જ આત્માને ભિન્ન કરાય છે અને તે વડે જ તેને ગ્રહણ કરાય છે.૧

અહીં સાધ્ય સાધન એક જ છે નભિન્ન ભિન્ન નથી-એમ બતાવ્યું છે.

---

૧. જુઓ : શ્રી સમયસાર ગુ. આવૃત્તિ-ગાથા ૨૯૪, ૨૯૬-
પ્રજ્ઞા છીણી થકી છેદતાં, બન્ને જુદા પડી જાય છે. ૨૯૪.
.... .......... .........
નપ્રજ્ઞાથી જેમ જુદો કર્યો, ત્યમ ગ્રહણ પણ પ્રજ્ઞા વડે.થ (૨૯૬)

# પોષ સુદ ૮, સોમવાર તા. ૨૦-૦૧-૧૯૭૫
# શ્લોક - ૩૨-૩૩,
# પ્રવચન - ૪૧

એનો ભાવાર્થ. કહે છે કે જેને ધર્મ કરવો છે, ધર્મ એટલે આનંદની દશા પ્રગટ કરવી તે. સંસારમાં આત્મા આનંદસ્વરૂપ હોવા છતાં પાંચ ઈન્દ્રિયોના વલણમાં એને જે ભાવ શુભાશુભ થાય છે એ બધું દુઃખરૂપ છે. એ દુઃખી છે. કેમકે પોતે સ્વરૂપમાં આનંદ છે ત્યાંથી આનંદ પ્રાપ્ત કરવો જોઈએ એની એને ખબર નથી. એથી જાણે પાંચ ઈન્દ્રિયના વિષયો એટલે શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એમાં વલણ કરવાથી મને ઠીક પડે છે, એમ અજ્ઞાની અનાદિથી મૂઢપણે સંસારમાં દુઃખી થઈને રખડી રહ્યો છે. પ્રવિણભાઈ! બરાબર હશે આ? કારખાનામાં, પૈસામાં. આ કરોડોપતિઓ ભિખારા કહેવાય છે. રાજા કહેવાય છે બધા. ભગવાન કહે છે કે એ બધા ભિખારી છે બિચારા. કેમકે આનંદ સ્વરૂપમાં છે એને ન લેતાં, પરમાં છે એમ ભીખ માંગે છે. આહાહા..!

જે આ બાવા આવે છેને બાવા દુકાને? પૈસા ન આપે એટલે પછી ત્રાગું કરે. એમ આ કહે છે કે સુખ માટે પોતાના સ્વભાવનું ત્રાગું કરે છે. આહાહા..! આમ શબ્દ છે એને સાંભળું તો ઠીક પડે, કોઈનું રૂપ જોઉં તો ઠીક પડે, ગંધ કરું તો ઠીક પડે, સ્પર્શું તો ઠીક પડે. આહાહા..! ગજબ વાત છે! અહીંયાં તો વીતરાગની વાણી સાંભળવાનો વિષય પણ દુઃખરૂપ છે. એમ કહે છે, બાપુ! ઝીણી વાત ભાઈ!

'**બાહ્ય ઈન્દ્રિયોના વિષયોથી મારા આત્માને છોડાવીને,...**' ધર્મી તો એ છે, સાચો પુરુષ અને ધર્માત્મા તો એને કહીએ.. આહાહા..! કે '**બાહ્ય ઈન્દ્રિયના વિષયોથી મારા આત્માને છોડાવી...**' એટલે કે પંચ ઈન્દ્રિયના વિષય તરફનો ઝુકાવ... આહાહા..! એને છોડીને.. આકરી વાતું ભારે! ધર્મ કરવો હોય તો દયા પાળે તો ધર્મ થઈ જાય. વ્રત કરે ને અપવાસ કરે તો ધર્મ થઈ જાય. પાંચ, પચાસ હજાર, લાખ, બે લાખ આપે ને ધર્મ થઈ જાય. ધૂળમાંય ધર્મ નથી, સાંભળને! આહાહા..! ધર્મ એટલે આનંદ, ધર્મ એટલે આનંદ. પરમાં છે આનંદ? આહાહા..! દાન દેવાનો ભાવ પણ શુભરાગ (છે), એ પણ પર વિષય અને દુઃખ છે. આહાહા..! સમજાણું કાંઈ? પરની દયા પાળવાનો ભાવ એ પણ રાગ અને દુઃખરૂપ છે. ચૈતન્યમૂર્તિ ભગવાન અહીંયાં છે અંદર, એને છોડીને પર તરફના વલણના ઝુકાવમાં એને જે રસ પડ્યો છે એ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? બાહ્ય ઈન્દ્રિયો એનાથી આમ બાહ્યથી જોવું.. આહાહા..!

અહીં તો કહે છે કે સર્વજ્ઞદેવ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકર એને જોવામાં જે લક્ષ જાય છે...

આહાહા..! બહુ વાત આકરી. એ બાહ્ય ઇન્દ્રિયનો વિષય છે. એટલે ભાવ થાય છે એ દુઃખરૂપ છે. અરે..! એને ખબર નથી. આનંદસ્વરૂપ છું હું, ભગવાન ત્રિલોકનાથ તીર્થંકર સર્વજ્ઞદેવ એનો પોકાર છે કે અમે જે આનંદને પ્રાપ્ત કર્યો એ અંતરમાં હતો એમાં જઈને પ્રાપ્ત કર્યો છે. અંતરમાં જઈને એને શોધીને આનંદને પ્રાપ્ત કર્યો છે. અને તમને પણ એમ કહીએ છીએ... આહાહા..! કે અણીન્દ્રિય ભગવાન આત્મા છે એ ઇન્દ્રિયથી ગ્રાહ્ય નથી. ઇન્દ્રિયથી જે ગ્રાહ્ય છે તેના ઉપર લક્ષ જતાં તો દુઃખ જ ઉત્પન્ન થાય છે.

આ તો મજા કહે છેને પાંચ, પચાસ લાખ, કરોડ, બે કરોડ હોય તો. સુખી કહે છે શેઠ! તમને સુખી કહે છે બધા. આ પોપટભાઈને સુખી કહે છે, વઢવાણવાળા. એના દેશના ઓળખીતા કહે છે. નવનીતભાઈને (સુખી) કહે. એ તો પુણ્ય છે, પ્રભુ! તને ખબર નથી. ભાઈ! આત્મા અંદર સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ નામ હોવાવાળું શાશ્વત આનંદ અને જ્ઞાનનો સાગર છે. આહાહા..! એના તરફ-તારા તરફ તેં નજર કરી નથી. આહાહા..! જ્યાં સુખ અને આનંદ (છે) ત્યાં તેં નજરું કરી નથી, પ્રભુ! આહાહા..! અને જ્યાં નથી ત્યાં નજરુંમાં રોકાઈ ગયો છે. ટૂંકી વ્યાખ્યા કરી નાખી. '**विषयेभ्यो प्रच्याव्य**'. આહાહા..! પછી ભલે વીતરાગની વાણી હોય, વીતરાગ પોતે સર્વજ્ઞ હોય, એના તરફના લક્ષમાં તો રાગ જ થાય છે. આહાહા..! એટલે કે દુઃખ જ થાય છે. આહાહા..! આકરી વાતું ભાઈ!

અહીં કહે છે કે હું હવે બાહ્ય ઇન્દ્રિયના વિષયોમાં તો ઘણો ભટક્યો, પણ ત્યાં ક્યાંય સુખ છે નહિ. આહાહા..! ઓહોહો..! ભારે વાતું ઝીણી. કહે છે કે આ શાસ્ત્ર સાંભળવામાં લક્ષ જાય છેને એ પણ એક વિકલ્પ છે, દુઃખ છે. ગજબ વાતું છે, બાપા! આ તો પરમસત્યની વાત છે. પાંચ ઇન્દ્રિયના વિષય કીધાને? પછી શુભ હો કે અશુભ હો. આહાહા..! એ દુઃખરૂપ છે. આત્મા આનંદનું ધામ એનાથી (વિરૂદ્ધ) પર તરફના વલણમાં જવું એ આત્માના આનંદની શૂન્ય દશા છે. આહાહા..! અર્થાત્ પોતે અતીન્દ્રિય આનંદનો રસકંદ પ્રભુ છે, એને એમ ન માનતા પરમાં આનંદ વિષયમાં જાય છે એ પોતામાં આનંદનો અભાવ માને છે (કે) હું આનંદ નહિ. આ પરનો આનંદ છે મારે. ઝીણી વાત છે, બાપુ! આ કાંઈ કોઈ પંડિતાઈની (વાત નથી). ચોપડા ભણી જાય માટે આ મળી જાય એમ નથી. આહાહા..! બહારથી સ્ત્રીનો વિષય છોડ્યો માટે એને ધર્મ થઈ જાય એમ નથી. આહાહા..! પણ જેનો પાંચ ઇન્દ્રિય તરફનો વલણનો ઝુકાવ જ્યાં છે એ બધો દુઃખરૂપ છે. આહાહા..! એને છોડીને.. આહાહા..!

ધર્મી જીવ (એટલે કે) સુખને પંથે દોરાયેલો જીવ પાંચ ઇન્દ્રિયના વિષય તરફના દુઃખના પંથને છોડીને... આહાહા..! '**મારામાં રહેલા પરમ આનંદથી...**' આહાહા..! મારામાં આનંદ રહેલો છે. આનંદ નવો લેવો છે એમ છે નહિ. પ્રભુ આત્મા આનંદસ્વરૂપ જ છે. અતીન્દ્રિય આનંદ. આહાહા..! એ આ વિષયમાં આનંદ માને છે એ તો ઝેરને આનંદ માને છે. સમજાય છે કાંઈ? પર તરફના વલણમાં તો રાગ જ ઉત્પન્ન થાય છે. રાગ તો ઝેર છે. પીવે ઝેરના પ્યાલા અને માને મઝા! આ તે આના જેવો મૂર્ખ કોણ કહેવાય? આહાહા..! સમજાણું કાંઈ?

તું છો કે નહિ? શું છે? તું કોણ છો? આત્મા અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદનો સાગર છે. ભાઈ! તને ખબર નથી. તારી તને ખબરું નથી અને દુનિયાની ખબરુમાં (ખોવાઈ ગયો). ચીમનભાઈ! ડાહ્યાનો દીકરો થઈને વાતું એવી કરે જાણે. ઓહોહો..! અહીંયાં તો કાંઈ છે નહિ. અમેરિકાના જે ઓલા આવેને છોકરાઓ, મગજ ફાટે એનું, દશ હજારનો પગાર. અહીં બિચારાને પાંચસો મળતા ન હોય. ત્યાં દશ હજાર પગારમાં બચતું ન હોય. ખર્ચ પણ બધા એવા હોય. પણ આ .. અમેરિકામાં ગયા છે. તે શું છે? અમેરિકામાં ગયા હતા. ત્યાં દશ-દશ હજારનો પગાર.. થઈ ગયા દશ હજાર .. છે નહિ. પણ એ .. મગજમાં. મગજમાં એમ જાણે કે ઓહોહો..! ક્યાંથી ઉતર્યા અને ક્યાં જઈ આવ્યા? પ્રવિણભાઈ! આહાહા..!

ભગવાન! જ્યાં જાવું છે ત્યાં ગયો નહિ, નહોતું જાવું ત્યાં ગયો. આહાહા..! ભાઈ! ઝેરના તને પ્યાલા ચડી ગયા છે. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે, હવે હું એ બંધ કરું છું. મારી ચીજમાં આનંદથી ભરેલો હું છું. આહાહા..! પરમાં જરી સુખી થવું એ તો આનંદની ઊલટી દુઃખરૂપ દશા છે. હવે જેને સુખી થવું હોય, ધર્મ કરવો (એટલે) સુખી થવું, .. અંદર અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ એનું નામ ધર્મ છે. આહાહા..! ધર્મ કોઈ આ દયા પાળી, દેરાસર બનાવે, પાંચ, પચ્ચીસ લાખ, બે લાખ (ખર્ચે) આ પરમાગમ બનાવ્યું ૨૬ લાખનું માટે કાંઈ ધર્મ થયો એને (એમ નથી). એય..! ગીરધરભાઈ! હજી ગીરધરભાઈને થવાનું છે. આ તો રામજીભાઈ કહે, ત્યારે થઈ તો ગયું હવે. હવે કહો એને માટે બનાવ્યું એમ. આહાહા..! ભાઈ!

મુમુક્ષુ :- પ્રેમચંદભાઈ.

ઉત્તર :- પ્રેમચંદભાઈ કહેતા હતા સાચી વાત છે. પ્રેમચંદભાઈ કહેતા હતા, હવે થઈ ગયું અમારે મંદિર એટલે હવે વાંધો નહિ. એ મંદિર કરવામાં ધર્મ નહિ. નવનીતભાઈ! પ્રેમચંદભાઈ એમ કહેતા. ભાઈ! એ તો પહેલેથી કહ્યું છે. આ કોઈ નવી વાત નથી. એ મંદિર બને એ તો એની જડની પર્યાયના સંગ્રહથી બને છે આ. આહાહા..! અને એના તરફનું લક્ષ છે એ તો રાગ છે. આહાહા..! ગજબ વાત છે, બાપા! ધર્મની વાત જગતને સાંભળવી મુશ્કેલ પડે એવી છે. આહાહા..!

શ્રોતા :- મીઠી મધુરી છે.

ઉત્તર :- આહા..! આ તો મીઠી મધુરી છે ભાઈ! તારા ઘરમાં આનંદ ભરેલો છે. છે?

'**મારામાં રહેલા...**' ધર્મી જીવ જાણે અને માને છે કે '**મારામાં રહેલા પરમ આનંદથી પરિપૂર્ણ...**' આહાહા..! સમજાણું કાંઈ? આ કાશી ઘાટનો કળશો છે. આ કળશા નથી આવતા? ભગવાનમાં આનંદનું દળ ભર્યું છે. અતીન્દ્રિય આનંદનો, જ્ઞાનનો, આનંદનો અને જ્ઞાનનો સ્વભાવ ભર્યો છે. એવા અમૃતકુંભને જોને એકવાર. આહાહા..! અમૃતકુંભ કહ્યો છેને? ઓલાને (—શુભ-ભાવને) વિષકુંભ કહ્યો છે. આહાહા..! પર તરફના ભાવમાં શુભ-અશુભભાવ થાય. ચાહે તો દયાનો હો, ચાહે તો દાનનો હોય, ચાહે તો ભક્તિનો હોય, મંદિરનો હોય. સાક્ષાત્ ત્રણલોકના નાથ તીર્થંકર બિરાજતા હો અને એની પૂજા મણિરત્નના દીવા, હીરાના થાળ, કલ્પવૃક્ષના ફૂલ (લઈને) જય

ભગવાન (કરે) એ બધો શુભરાગ છે. એ પર ઈન્દ્રિયના વલણમાં ઝુકાયેલો ભાવ છે. એના સ્વ-ભાવના આનંદથી તે ખસી ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ કહે છે હવે હું છોડું છું. હવે એ મને નથી. આહાહા..! પાંચ ઈન્દ્રિયના વિષયના વલણને છોડું છું. આહાહા..! અને હું મારા આત્માના આનંદના ઘરમાં જાઉં છું. આહાહા..! ધર્મ ભારે આવી જાત. બાપુ! ધર્મ એવો જગત કહે ભલે, ગમે એ રીતે કલ્પીને માની લે પણ એને ધર્મની ખબર નથી. આ દયા મંડળીના એક અગ્રેસર થાય મોઢા આગળ માન દેવા. પાંચ-પચાસ લાખ ઉઘરાવે, ત્યાં સુધી એમ. જુઓ આ મંડળમાં અમે છીએ કાંઈ શું કર્યું તેં? એ તો પર તરફના વલણનો શુભરાગ છે. એની તને ખબર નથી બાપુ! તેં તારા સ્વરૂપની તો હિંસા કરી છે. પર તરફના વલણમાં થતો વિકલ્પ અને રાગની રુચિની લાગણી એ તો દુ:ખરૂપ છે. અને તું એમ માને છે કે મેં કાંઈક સારું કર્યું. આહાહા..! બાપુ! સારાની તને ખબર નથી. સારું તો આનંદથી ભરેલો ભગવાન ત્યાં સારું છે અંદર. આહાહા..!

'**મારામાં રહેલા...**' એમ અસ્તિ સિદ્ધ કરે છે. '**મારામાં રહેલા...**' અતીન્દ્રિય આનંદથી ભરેલો. આહાહા..! એક બીડી પીવે ત્યાં મજા પડે. અને સીગારેટ. એમ કે આ વાતની ખબર નથી. આ પીવે છેને બધા. બે સીગારેટ પીવે ત્યારે ભાઈસાહેબના પાયખાને દિશા આવે. આમાં અપલક્ષણના કોઈ પાર છે? આહાહા..! અને દુનિયામાં ડાહ્યા તરીકે ગણાવું છે એને. શેઠ! ભગવાન! તું ભુલ્યો છો, ભાઈ! આહા..! ભગવાન ભૂલાની ખડકીએ ચડી ગયો છે. અમારે આત્મરામના બાપ છે ને દાદા. એ એનો આત્મરામ છે અને એના બાપ-દાદા ભગવાન ભુલા એનું મકાન એમાં રહે. કલોલ-કલોલ. આહાહા..! ભગવાન અતીન્દ્રિય આનંદનું ધામ એ ભૂલ્યો અને બીજી ખડકીએ ચડી ગયો. પુણ્ય અને પાપના ભાવ પર વિષયોમાં ઝુકતી લાગણીઓ. ભગવાન ભૂલના રસ્તે ચડી ગયો છે. સમજાણું કાંઈ? આવી વાતું કેવી પણ આ? આવો ધર્મ કેવો હશે આ? આખી દુનિયા બીજું કહે અને હવે આ ભગવાન પણ કાંઈક બીજું કહે. આહાહા..!

ઓલા હરિજનને બીડી જોઈતી હોય તો કહે, દાદા! એક બીડી આલજો બીડી. ધર્મ થાશે. ઠીક! ભારે ધર્મ સોંઘો. એ બીડી ત્યાં ભુંગળા પડ્યા હોય તો લે. બીડી પીવાની શરૂ કરી હોય .. નાખી દે. નથી આવતી બીડી સડેલી? એમ એના એવા ભુંગળા બે-ચાર મળે ભંગીને—હરિજનને, બાપુ! એક દિવાસળી આપજો હોં, ધર્મ થાશે. આ ધર્મ તો બહુ સહેલો ભાઈ! ઓહોહો..! આ મકર સંક્રાત પુણ્ય પર્વની.. આવે છેને આ? ગઈને હમણાં? ખીહર. પણ એ પુણ્યને ધર્મ માને છે. એય.. પોપટભાઈ! આહાહા..! રાગની મંદતા હોય તો શુભભાવ એટલે દુ:ખ છે. ત્યાં આત્માના આનંદનો ઘાત થાય છે, ભાઈ! તને ખબર નથી.

અહીં કહે છે કે હવે હું તો બહુ કરી મેં ફરફર. હવે હું છોડું (છું). ત્યાં તરફનો ઝુકાવ છોડી, મારામાં રહેલા પરમ આનંદથી પરિપૂર્ણ જ્ઞાનસ્વરૂપ આત્માનું (તેમાં ઢળું છું). આહા..! કેમ વિશ્વાસ બેસે? રાંકો કરીને માન્યો એને પરમાત્મસ્વરૂપે હું છું કેમ બેસે? સમજાણું કાંઈ? '**મારામાં રહેલા...**' આહાહા..! '**પરમ આનંદથી પરિપૂર્ણ જ્ઞાનસ્વરૂપ...**' એમ કહે. એવા '**આત્માને હું મારા જ પુરુષાર્થથી**

**પામ્યો છું.**' આહા..! પોતે છેને ત્યાં. '**प्रपन्नोऽस्मि**' '**बोधात्मान प्रपन्नोऽस्मि परमानंतनिर्वृत्तम्**' એનો અર્થ કર્યો ભાઈ! '**बोधात्मान प्रपन्नो**' ત્રીજું પદ છે. ૩૨માં. '**बोधात्मान प्रपन्नो अस्मि**' પ્રાપ્ત થયો છે. '**परमानंतनिर्वृत्तम**' પરમાનંદથી રચાયેલું મારું તત્ત્વ છે. પરમાનંદના સ્વરૂપથી ભરેલો મારો આત્મા છે. આહાહા..! કેમ બેસે? ઓહોહો..! અડદ, સદડી અડદની દાળ હોય અને ચૂરમાના લાડવા અને પતરવેલીયાના ભજીયા ખાતો હોય ત્યારે. આહાહા..! આજ તો બહુ મજા પડી. ચીમનભાઈ! અરે.. ભગવાન! શું તું કહે છો! ભાઈ! એ પતરવેલિયા જડ માટી—ધૂળ છે. આહાહા..! એ અડદની દાળ ધૂળ છે. ચૂરમાના લાડવા પણ ધૂળ પુદ્‌ગલ ને અજીવતત્ત્વ છે. આહાહા..! હો.. એમ કરીને ઓડકાર ખાયને હો.. ગાંડાના પણ ગામ જુદા હોય છે? ગાંડાના જ ગામ ભરેલા છે બધાં. આહાહા..! ભાઈ! તને ખબર નથી. પ્રભુ! એ પરમાં આનંદ માને છે એ ઝેરને તું આનંદ માને છે, ભાઈ! તું તારામાં રહેલો જે આનંદ છે એનો અનાદર કરે છો. આહાહા..!

હવે તો હું મારામાં રહેલા આત્માના જ્ઞાન સ્વરૂપને '**प्रपन्नो**' ભાષા એમ છેને? પામ્યો છું. આહાહા..! ધર્માત્મા પોતાની વાત જે અનુભવી, તેને જાહેર અને પ્રસિદ્ધ કરે છે. હું એક પરમાનંદથી ભરેલો જ્ઞાનસ્વરૂપ પ્રભુ છું, એને મેં મારી નજરું નાખીને મેં પ્રાપ્ત કર્યો છે. એટલે પુરુષાર્થથી પ્રાપ્ત છે. એમ. સમજાણું કાંઈ? મારા વીર્યને મારા આત્માના આનંદ તરફ વાળીને.. આહાહા..! જે વીર્ય પર તરફ વળીને જે ઝુકાવમાં જાતું, એમાં દુઃખ થાતું. એમાંથી પાછો વાળીને. આ બધા પૈસાવાળા સુખી કહેવાય છેને! ઓલો નહોતો આવ્યો એક ફેરી? અમારા વેવાઈ સુખી છે. એને ઘરે આવ્યો હતો વઢવાણથી. .. એ તો ઓલો વઢવાણથી આવ્યો હતો. આ તો .. ચુડગર. ઓલો કરોડોપતિ ખરાને, એના વેવાઈ સુખી. ધૂળેય નથી સાંભળને. તારા કરોડ રૂપિયા જડ છે. જડને લઈને સુખી છો? આહાહા..!

બહારની સગવડતા એ તો જડની સગવડતા, ઝેરીલા તત્ત્વની સગવડતા છે. અમૃતનો સાગર ભગવાન મૂકી દઈને બહારમાં સગવડતાને માને છે એ શાંતિને લૂંટે છે. એ મહાન સ્વરૂપની હિંસા કરે છે. આહાહા..! આવી કેવી હિંસા? પરને મારવો હિંસા. અરે.. બાપુ! તું પણ છો કે નહિ? પરમ આનંદ અને જ્ઞાનથી ભરેલો પદાર્થ, એનો તું અનાદર કર એ જ તારી હિંસા છે. આહાહા..! પરની હિંસા કોણ કરી શકે? પરની દયા કોણ પાળી શકે છે? '**प्रपन्नो**' મેં અંગીકાર કર્યો છે. આહાહા..! એના તરફનો જે સ્વીકાર નહોતો અને રાગનો, પર તરફનો સ્વીકાર હતો તે સ્વીકાર છોડીને પ્રભુને એણે સ્વીકારમાં લીધા છે. પ્રભુ કોણ? પોતે હોં! બીજો ભગવાન એની પાસે રહ્યો. એ ભગવાન આપતા નથી અને લેતા પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું હશે?

'**પરિપૂર્ણ જ્ઞાનસ્વરૂપ આત્માને હું મારા જ પુરુષાર્થથી...**' અંતઃસ્વભાવની સન્મુખનો મારો જે પ્રયત્ન બહિર્મુખના ત્યાગથી સ્વમુખની સન્મુખતામાં મેં મારા આત્માને પ્રાપ્ત કર્યો છે. આહાહા..! સમજાણું કાંઈ?

**વિશેષ આ શ્લોકમાં 'मया एव' અને 'मयि स्थितं' મૂળ પાઠ છેને? 'मया एव'** અને '**मयि**

**स्थितं**' ત્રીજું પદ. '**मया एव**' અને '**मयि स्थितं**'. આ તો અધ્યાત્મ વાત છે. આ કાંઈ શબ્દ એક શબ્દમાં તો ગંભીરતા પડી છે. એ કાંઈ, ચકલો લાવ્યો ચોખાનો દાણો અને ચકલી લાવી મગનો દાણો ને ખીચડી થઈ એવી આ વાત નથી. આહાહા..! કહે છે, '**मया एव**' અને '**मयि स्थितं**' આહાહા..! '**એ શબ્દો બહુ અર્થસૂચક છે તે બતાવે છે કે પરમાત્મપદ મારામાં—**' પરમાત્મપદ, પરમસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ એવું પરમાત્મપદ.. આહાહા..! એ '**મારામાં-આત્મામાં છે, બીજે બહાર કોઈ ઠેકાણે નથી...**' આહાહા..! વિષયની વાસનાના કાળે બહારના માંસ ને હાડકા ચુંથતા એમાં મજા લાગે. આહાહા..! એ ઝેરના પ્યાલા પીવે છે અને માને છે કે મને મઝા થાય છે. એ ભ્રમબુદ્ધિ છે એની. ભ્રમણામાં પડ્યો ભગવાન અને પરમાં સુખ માને છે. આહાહા..!

કહે છે કે એ '**પરમાત્મપદ મારામાં-આત્મામાં છે, બીજે બહાર કોઈ ઠેકાણે નથી...**' સમ્મેદશિખર અને શેત્રુંજય તો હશેને અહીંયાં? ભગવાન મોક્ષ પધાર્યા છે તો. એક જણો કહેતો હતો ભાઈ! જાત્રાએ જઈએ શેત્રુંજય... શું છે? એ તો બહારની વાત છે. ત્યાં ક્યાં આત્મા છે? શુભભાવ હોય ત્યારે ભક્તિ જાત્રાનો હોય, શુભભાવ પુણ્ય, અધર્મ, દુઃખ, આકુળતા. પૂર્ણ સ્વરૂપ પ્રાપ્ત ન થાય ત્યાં વચમાં એવો ભાવ (આવે) છે. પણ એ હોય એ છે દુઃખરૂપ ભાવ. આકરું લાગે છે ઝીરવવું જગતને..

'**અને તે પદ હું આત્મસન્મુખ થઈને પુરુષાર્થ કરું તો જ પ્રાપ્ત થાય,...**' કોઈની કૃપાથી મળી જાય... સમજાણું કાંઈ? ગુરુની કૃપા થઈ જાય, ઈશ્વરની કૃપા થઈ જાય તો મળે—એવી એ ચીજ નથી. સમજાણું કાંઈ? (મને) તો મારા પુરુષાર્થથી જ સ્વરૂપ પ્રાપ્ત થાય. બીજા કોઈ બાહ્ય સાધનથી કે કોઈની કૃપાથી એ પ્રાપ્ત થાય નહિ. આહાહા..! અરેરે..! એને સત્ય કાને પડ્યું નહિ. સત્યની શું સ્થિતિ છે એની એને ખબર નહિ અને માને કે અમે હમણાં કમાણા છીએ, અમારા બાપ પાસે નહોતું ને અમે.. શું કહેવાય? બાહુબળે પેદા કરીએ. ક્યાં મોહનભાઈ પાસે હતું? ક્યાં હતા આટલા પૈસા તમારે કરોડ? મેં આવા પેદા કર્યા. પાછા લેખ લખે પોતાના જીવનચરિત્રનો. આવ્યું છેને હમણાં બહુ મોટું. મોટો લેખ છે. શક્તિ હશે ને પૈસા થયા હશે. મોટો લેખ ૪૦ પાનાનો અહીં આવ્યો હતો. હૈદરાબાદ ગયા હતા ત્યારે આના ઘરે ઉતર્યા હતા. અરે..! એમ કે બાહુબળે આમ કર્યું ને મેં આમ કર્યું. ફલાણા વખતે .. મને બોલાવ્યા, ત્યાં બોલાવીને પછી આ લેખક ત્યાં હાજર હતો. આ બધા જીવનચરિત્ર. ગાંડા છેને. ઈંદિરા ગાંધી હતી અને ફલાણો મોરારજી.. આ શું કહેવાય તમારે? મોરારજી ને? નહિ? તમે નથી એમાં. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શોભાની શોભા છે.

ઉત્તર :- શોભા શેની? ઓભા છે. પર તરફના વલણના ઝુકાવનો ભાવ તદ્દન દુઃખરૂપ અને ઝેર છે. એ જીવન એ જીવન નહિ. આહાહા..! પોપટભાઈ!

જીવી એણે જાણ્યું જેણે આનંદનો નાથ એને સંભાર્યો અંદરમાં. આહાહા..! એના જીવનમાં અંતરના આનંદના ધારામાંથી આનંદ આવ્યો એનું જીવન જીવ્યું કહેવાય. બાકી બધા મરી ગયેલા

મડદાં છે. સમજાણું કાંઈ? આહાહા..! અષ્ટપાહુડમાં છેને? અષ્ટપાહુડમાં કહ્યું. જેને આનંદનો નાથ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ છે એનું જેને ભાન નથી એ બધા ચાલતા મડદાં છે. કુંદકુંદાચાર્યે કહ્યું છે. ચાલતા મડદાં. ઓલા ઉપાડતા, આ ઉપાડવાના, ચીમનભાઈ! આ બધા ડોક્ટરો હુશિયાર લાખ-લાખ પેદા કરતા હોય મહિનાના. .. હશે?

જેલમાં કોઈ ઊંટને પૂર્યો હોય અને માણસને પૂરે જેલમાં. બે-ચાર પાંચ ઊંટ હોય અને .. આદમી. અને ઊંટ ઉપર જઈને બેસે જેલમાં એટલે એ મોટો થયો? જેલમાં પૂર્યા છે. આવા ને આવા. ભગવાન આનંદને રાગમાં સુખ છે, પરમાં સુખ છે, એ સુખને તાળા માર્યા અંદરમાં. જેલમાં છે. સમજાણું કાંઈ? પાંચ-પચાસ લાખ પેદા થાય. .... બહુ સુખી થશે. ધૂળમાંય સુખ નથી. પાગલની પેઠે પરમાં માની રહ્યો છે. કેમ હશે મલૂકચંદભાઈ! આ તમારા પુનમને સુખી કહે છેને લોકો? પાંચ કરોડ રૂપિયા એની પાસે. આના દીકરા પાસે. મુંબઈ, મુંબઈ. પુનમચંદ મલૂકચંદ. ૨૨-૨૨ માળના મકાન હજીરા મોટા ઊભા કરે છે. ધૂળેય નથી સુખ, સાંભળને!

પૂર્ણાનંદનો નાથ એની પ્રાપ્તિ માટે, છે એને મળવા માટે, છે એનો ભેટો કરવા માટે અંદરમાં.. આહાહા..! **'સ્વાવલંબનનું ગ્રહણ...'** ભગવાન પૂર્ણાનંદનો નાથ એના સ્વભાવનું એને અવલંબન. **'અને પરાવલંબનનો ત્યાગ સૂચવે છે.'** સમજાણું કાંઈ? **'વળી આચાર્યે દર્શાવ્યું છે કે આત્મસ્વરૂપની પ્રાપ્તિ મેં મારા આત્મબળ વડે જ કરી છે.'** પાઠ છે ને. **'मां मयैव मयि स्थितम्'** આહાહા..! પૂજ્યપાદસ્વામી. સમાધિતંત્ર નામ છેને આ? આનંદની પ્રાપ્તિ અને એમાં સમાધિની પ્રાપ્તિ. સમાધિ એટલે આ બાવા કરે એ નહિ હોં આ. અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો એને અહીંયાં ધર્મ અને સમાધિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'એમ પોતાનો આત્મવૈભવ બતાવી મુમુક્ષુ જીવોને પ્રેરણા કરી છે કે, તમે પણ સ્વતઃ...'** તમે પણ તમારાથી. આહાહા..! **'એટલે પોતાના આત્મસામર્થ્યથી જ પરમ પદની પ્રાપ્તિ કરો.'** **'આત્મા અને પરપદાર્થોને (ઇન્દ્રિયોના વિષયોને) ભિન્ન કરવામાં...'** એટલે શું કહે છે? ભગવાન આત્મા એના વિષયો પર, એને ભિન્ન કરવામાં **'અને આત્માને ગ્રહણ કરવામાં કરણ (સાધન) જુદાં નથી;...'** એ સમયસારની વાત લીધી. નીચે છેને. શુદ્ધ આનંદનું ધામ પ્રભુ એમ જ્યાં અંતર દૃષ્ટિ પડી, ત્યાં રાગથી ભિન્ન છે. ઇન્દ્રિયોથી ભિન્ન થયો, ઇન્દ્રિયના વિષયથી ભિન્ન છે. એ ભિન્ન પડવામાં સાધન પણ પરથી ભિન્નની દશા અને ગ્રહણ કરવામાં પણ એ પોતે છે આ. છે? સાધન જુદા નથી. વળી દયા, દાન, વ્રતના પરિણામ કરે તો આ ગ્રહણ થાય (અને) રાગથી ભિન્ન પડે એવું સ્વરૂપ છે નહિ. સમજાણું કાંઈ?

**'પ્રજ્ઞા એક જ કરણ છે,...'** રાગ અને ભગવાન બેને જુદું પાડવાના પ્રજ્ઞાની દશા જ સાધન થાય છે. અને **'તે વડે જ આત્માને ભિન્ન કરાય છે અને તે વડે જ તેને ગ્રહણ કરાય છે.'** એ નીચે શ્લોક છે.

**'પ્રજ્ઞા છીણી થકી છેદતાં, બન્ને જુદા પડી જાય છે.'** ૨૯૪.

નીચે .. મૂક્યો.

**'પ્રજ્ઞા છીણી થકી છેદતાં, બન્ને જુદા પડી જાય છે.'** ૨૯૪.

જ્ઞાનની દશાને સ્વભાવ તરફ વાળતાં રાગ અને આત્મા બે જુદા પડી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? માણસને તેથી લાગે છેને. માણસને તેથી લાગે છે આ બધું નિશ્ચય-નિશ્ચય, પણ કાંઈ વ્યવહાર કરવો અને એનાથી થાય એવું તો કહેતા નથી. સાંભળને હવે. વ્યવહાર કરતાં કરતાં થાય એ તો રાગ છે. રાગ કરતાં કરતાં થાય? પરથી જુદો પડે? સમજાણું કાંઈ?

જુઓ! અહીં તો કરણ અને ગ્રહણ. જુદાં પડવાનું કરણ અને ગ્રહણ કરવાનું કરણ એ પ્રજ્ઞા કીધી. અંતર જ્ઞાનની દશા જે પર તરફ વળી છે એ જ્ઞાનની દશા અંતરમાં વાળવી, એટલું પરથી જુદું પડવાનું સાધન છે. આહાહા..! સમજાણું કાંઈ? **'પ્રજ્ઞાથી જ્યમ જુદો કર્યો.'** બે પદ. **'તેમ ગ્રહણ પણ પ્રજ્ઞા વડે.'** નીચે.

**'અહીં સાધન અને સાધ્ય એક જ છે.'** લ્યો. વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય એ તો કથનમાત્ર છે. સાધ્ય જે પૂર્ણાનંદ સ્વરૂપ, એને રાગથી ભિન્ન પાડવાનું સાધન પ્રજ્ઞાની દશા છે, જ્ઞાનદશા છે. અને તેને ગ્રહણ કરવું કે અનુભવવું એ પણ જ્ઞાનદશાથી અનુભવાય છે. આહાહા..! આવી વાત. કહો, સમજાણું? **'ભિન્ન-ભિન્ન નથી-એમ બતાવ્યું છે.'**

---

**एतमात्मानं शरीराद्भिन्नं यो न जानाति तं**

**प्रत्याह–यो न वेत्ति परं देहादेवमात्मानमव्ययम्।**
**लभते स न निर्वाणं तप्त्वाऽपि परं तपः।।३३।।**

**એમ ન જાણે દેહથી ભિન્ન જીવ અવિનાશ;**
**તે તપતાં તપ ઘોર પણ, પામે નહિ શિવવાસ. ૩૩.**

**टीका :– यः प्रतिपन्नाद्देहात्परं भिन्नमात्मानमेवमुक्तप्रकारेण न वेत्ति। किं विशिष्टम्? अव्ययं फरित्यक्तानन्तचतुष्टयस्वरूपम्। स प्रतिपन्नान्न निर्वाणं लभते। किं कृत्वा? तत्त्वाऽपि किं तत्? परं तपः।।३३।।**

---

એવી રીતે આત્માને શરીરથી ભિન્ન જે જાણતો નથી તેના પ્રતિ કહે છે :-

શ્લોક - ૩૩

**અન્વયાર્થ :- (एवं) ઉક્ત પ્રકારે (यः) જે (अव्ययं) અવિનાશી (आत्मानं) આત્માને (देहात्) શરીરથી (परं न वेत्ति) ભિન્ન જાણતા નથી (सः) તે (परमं तपः तप्त्वापि) ઘોર તપશ્ચરણ કરવા છતાં (निर्वाणं) મોક્ષ (न लभते) પ્રાપ્ત કરતો નથી.**

**ટીકા :- જે પ્રાપ્ત થયેલા દેહથી આત્માને, એ રીતે-ઉક્ત પ્રકારે ભિન્ન જાણતો નથી, કેવા આત્માને? અવ્યય અર્થાત્ જેણે અનંતચતુષ્ટય સ્વરૂપનો ત્યાગ કર્યો નથી તેવા (આત્માને),**

તે પ્રાપ્ત થયેલા દેહથી નિર્વાણ પામતો નથી. શું કરીને? તપ્યા છથાં, શું તપીને? પરમ તપને.

ભાવાર્થ :- જે જીવ અવિનાશી આત્માને દેહથી ભિન્ન જાણતો નથી-અનુભવતો નથી, તે ઘોર તપ કરે તો પણ સમ્યક્ત્વ કે નિર્વાણનેપામતો નથી.

આત્મા અવિનાશી ચૈતન્યસ્વરૂપ જ્ઞાનાનંદમય છે અને શરીર ઇન્દ્રિયાદિ અચેતન-જડ છે. બન્નેનાં લક્ષણ ભિન્ન ભિન્ન છે, તેથી તેઓ એકબીજાથી ભિન્ન છે. આમ જે જીવ જાણતો નથી તે અજ્ઞાની છે, સ્વ-પરના ભેદ-વિજ્ઞાનથી રહિત છે. શરીરાદિની જડ ક્રિયાને જીવ કરી શકે છે એમ માની તે રાગ-દ્વેષ કરે છે અન તેથી ઘોર તપ કરવા છતાં તે ધર્મ પામતો નથી.

વિશેષ

જ્ઞાનસ્વરૂપ આત્માના ભાન વિના જીવ ભલે વ્રત-તપ-નિયમ-શિલાદિ આચરે તોપણ તે કર્મબંધનથી છૂટશે નહિ-નિર્વાણ પામશે નહિ.૧

આત્મભાન વિના અજ્ઞાની જે તપાદિ કરે છે તે બધો કાય-ક્લેશ છે. તેનાથી ચૈતન્યની શાંતિનું વેદન નથી. તે ખરેખર તપ નથી પણ 'તાપ' છે-ક્લેશ છે. તેનાથી મુક્તિની પ્રાપ્તિ કદી થતી નથી, પરંતુ જેનાથી ચૈતન્યનું પ્રતપન હોય, ચૈતન્યના આનંદનો અનુભવ હોય તે જ ખરું તપ છે. તેનાથી જ નિર્વાણની પ્રાપ્તિ થાય છે.

માટે પ્રથમ ભેદ-જ્ઞાન દ્વારા સ્વાત્માનું જ અવલંબન કરી તેમાં જ લીનતા કરવી તે જ એક નિર્વાણ-પ્રાપ્તિનો ઉપાય છે. બીજા બધા ઉપાય જૂઠા છે, દુઃખદાયક છે અને સંસારનું કારણ છે. ૩૩.

## શ્લોક-૩૩ ઉપર પ્રવચન

'એવી રીતે આત્માને શરીરથી ભિન્ન જે જાણતો નથી તેના પ્રતિ કહે છે :-' ૩૩.

–यो न वेत्ति परं देहादेवमात्मानमव्ययम्।
लभते स न निर्वाणं तप्त्वाऽपि परं तपः।।३३।।

'ટીકા :- જે પ્રાપ્ત થયેલા દેહથી આત્માને,...' આ દેહ મળ્યો, આત્મા છે કે જડ? માતાના

---

૧. પરમાર્થમાં અણસ્થિત જે તપને કરે, વ્રતને ધરે,
સઘળુંય તે તપ બાળ ને વ્રત બાળ સર્વજ્ઞો કહે. (૧૫૨)
વ્રત-નિયમને ધારે ભલે, તપ-શીલને પણ આચરે,
પરમાર્થથી જે બાહ્ય, તે નિર્વાણ-પ્રાપ્તિ નહિ કરે. (૧૫૩)
(શ્રી સમયસાર ગુ. આવૃત્તિ-ગાથા ૧૫૨, ૧૫૩)

ઉદરમાં આત્મા તો પરલોકમાંથી આવ્યો છે. એ પ્રાપ્ત થયેલો જે દેહ એનાથી આત્માને **'એ રીતે ઉક્ત-પ્રકારે ભિન્ન જાણતો નથી,...'** આહાહા..! પૂર્વનો દેહ છૂટી ગયો અને નવો દેહ મળ્યો છે. એ મળ્યો—પ્રાપ્ત થયો. સંયોગમાં આવ્યો .. ભગવાન તો અંદર અરૂપી ચિદાનંદ અનાદિઅનંત છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'પ્રાપ્ત થયેલા...'** એમ પાઠ છેને? **'लभते स न' 'દેહથી આત્માને એ રીતે ઉક્ત-પ્રકારે ભિન્ન જાણતો નથી, કેવા આત્માને? અવ્યય અર્થાત્ જેણે અનંતચતુષ્ટય સ્વરૂપનો ત્યાગ કર્યો નથી.'** આહાહા..! શું કહ્યું? પૂર્વનો દેહ છૂટ્યો અને આ દેહ આવ્યો નવો. પણ એ અનંત સ્વભાવ જે છે જ્ઞાન, દર્શન, આનંદ અને વીર્ય એવા સ્વભાવને કોઈ દિ' એણે છોડ્યો નથી. વસ્તુ છે એ અનાદિઅનંત છે. એમ એનો સ્વભાવ છે કે નહિ? સ્વ-ભાવ. પોતાનો કાયમ રહેલો ભાવ. એ જ્ઞાન, આનંદ, વીર્ય અને શ્રદ્ધા, વીર્યનો કાયમ રહેનારો ભાવ છે. એવા અનંતચતુષ્ટય સ્વરૂપનો ત્યાગ કર્યો નથી. આહાહા..!

**'તેવા (આત્માને), તે પ્રાપ્ત થયેલા દેહથી નિર્વાણ પામતો નથી. શું કરીને? તપ્યા છતાં,...'** એટલે શું કહે છે? અપવાસ કરે મહિનાના અને બબ્બે મહિનાના, ચાર ચાર મહિના, છ-છ મહિનાની લાંઘણું (કરે), રસ ન ખાય, શરીરથી બ્રહ્મચર્ય પાળે એવી પચ્ચખાણો અનંત વાર કરી છે અને એનાથી આત્મા પ્રાપ્ત થતો નથી. આહાહા..! ભારે ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ કઈ ક્રિયા એની હતી? એ તો બધી જડની ને રાગની ક્રિયા છે. ભગવાન જ્ઞાનની ક્રિયા જે છે અંદર સ્વરૂપ, એના તરફ તો ગયો નથી, એ તો રાગની ક્રિયા અને જડની ક્રિયા છે એ બધી. આહાહા..!

**'તપ્યાં છતાં...'** જોયું! તપીને. પરમ તપીને. મહા તપ. છ-છ મહિનાના અપવાસ. હમણાં આવ્યું હતું કાંઈક નહિ એક ફેરી? કો'ક બાઈએ અપવાસ કર્યા હતાને ૧૨૫ જેટલાં. પાણી-બાણી પીધું. આવ્યું છાપામાં બહુ આવ્યું. લાંઘણું છે.

જ્યાં આત્મા આનંદનો નાથ છે એની તો દૃષ્ટિની ખબર નથી. રાગ અને શરીરથી મારું હોવાપણું ભિન્ન છે એનો અનુભવ નથી, એ બધી તપસ્યા કરીને સૂકાઈ જાય તોપણ તેને આત્મા પ્રાપ્ત થાય એવું નથી. આહાહા..! કહો, વર્ષીતપ કરે છેને? જુઓને આ નથી કરતા? વૈશાખ સુદ ત્રીજથી સામી વૈશાખ સુદ ત્રીજ, બાર મહિના. એક દિ' ખાવું અને એક દિ' અપવાસ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ભારે મહેનત. એ શું કર્યું હતું એને ખબર નથી. અતીન્દ્રિય આનંદમાં રહેતા વૃત્તિ-ઈચ્છા ઉત્પન્ન થઈ નહિ તેથી આહાર આવ્યો નહિ એને તપસ્યા કહેવામાં આવે છે. અતીન્દ્રિય આનંદમાં રમતા વૃત્તિનું ઉત્થાન—વિકલ્પ જ નથી એને આહાર લેવાનો. એને આહાર આવવાનો નહોતો અને વિકલ્પ ન થયો, આનંદમાં રહ્યા, અતીન્દ્રિય આનંદમાં રહ્યા એને ભગવાન તપ અને

તપસ્યા કહે છે. બાકી બધી લાંઘણું કહે છે. એ ત્રાગા કહે છે.

બાવા પૈસા લેવા આવેને? ન આપે તો ત્રાગુ કરે. શરીરથી થાકે. અમારે એકવાર થયું હતું પાલેજમાં. બધા ગયા એ લોકો? ગયા હશે? મનસુખ ને એ ગયા. એક બાવો આવ્યો હતો દુકાને. આ તો ૭૦ વર્ષ પહેલાની વાત છે. હું તો આપી દઉં. આપણે પૈસા .. પડ્યા. ભાઈ હતાને ભાગી-દાર? નહિ. અહીં નહિ. ઓલાએ લૂગડું સળગાવ્યું. કપડું હશેને. આઠ આના દેવા પડ્યા. આ લ્યો .. (સંવત) ૧૯૬૪-૬૫ની વાત છે. ત્રાગા કરે. લૂગડું બાળ્યું. .. આપી દ્યોને ભાઈ, આ કાઢોને એને.

ભગવાન ત્રિલોકનાનાથ એમ કહે છે કે સર્વજ્ઞ પરમેશ્વર જેના એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જેને જાણવામાં આવ્યા એવા ભગવાન એમ કહે છે કે એ આત્માના આનંદના ભાન વિના, એ આનંદના સ્વાદ વિના તારી તપસ્યાઓ કરીને મરી જા, એ તપસ્યાથી પ્રાપ્ત થાય એવો છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! પ્રતપંતિ ઈતિ તપઃ. ભગવાન આનંદનો નાથ, જેમ સોનાની ઉપર ગેરુ લગાવીને સોનું ઓપે. સોનાને ગેરુ લગાડવાથી સોનું ઓપે અને શોભે, એમ ભગવાન આનંદનો નાથ એમાં એકાગ્ર થઈને જે આનંદની ઉગ્ર દશા પ્રગટ કરે એને ભગવાન તપસ્યા કહે છે. આહાહા..! દુનિયાથી ઊંધું છે બધું આ. પોપટભાઈ! સંપ્રદાયમાં રહેવા ન દે અને અહીં કાંઈ સંપ્રદાય છે નહિ. અહીં સોનગઢના પાદરમાં. માર્ગ આ છે, તમે માનો કે ન માનો તારી મરજી. વાડામાંથી તો કાઢી મૂકે ઝટ દઈને. સમજ્યાને? ચંદુભાઈ!

બાપુ! માર્ગ એ છે ભાઈ! તને સત્યના પંથ છે એ સૂઝ્યા નથી ભાઈ! એ બધી તપસ્યા.. કીધું છેને જુઓને. પાઠ છે કે નહિ? '**तप्त्वाऽपि परमं तपः**' ચોથું પદ છે. છ-છ મહિનાના અપવાસ કરે. દૂધ, ખાંડ, સાકર રસનો ત્યાગ કરે, શરીરથી જાવજીવ બ્રહ્મચર્ય પાળે એ ક્રિયાથી આત્મા પ્રાપ્ત થાય એવો નથી. કહો, છોટાભાઈ! ઊના પાણી શેના પીધા હતા તમે?

'**लभते स न निर्वार्णे**' જેને રાગ અને શરીરથી ચૈતન્ય ભગવાન ભિન્ન છે અને એ ભિન્નની દશાનું સાધન પણ આત્માની જ્ઞાનદશા છે. અને અનુભવ કરવો એ પણ જ્ઞાનથી અનુભવ થાય છે એની જેને ખબર નથી એ પરમતપ ગમે તેટલી અપવાસ અને .. ક્રિયા કરે, મુક્તિ નહિ થાય એને. નિર્વાણ નહિ થાય એને. આહાહા..! વિચાર આવ્યો આ વર્ષીતપ કરે ને એ શું છે? એય..! ચોમાસુ હતું ને બહાર સદરમાં. ગામમાં શેઠિયાની વહુએ કર્યા હશે. વર્ષીતપ કરે છેને? હવે આ ઊભા ઊભા બિચારા અપવાસ કરે છે શેઠિયાની વહુઓ અને ત્યાં કહે છે લાંઘણ. ૯૦માં થયું હતું. રાત્રે. ત્યારે તો આમાં હતાને. બાપુ! લાંઘણ (છે) તારી.

આ શું કહે છે? '**लभते स न निर्वार्णे**' એટલે? '**न वेत्ति परं देहात् एवम् आत्मानम् अंर्हें**' ભગવાન અવિનાશી અનાદિઅનંત એવો પ્રભુ એ દેહથી ભિન્ન છે એવું જેને અંતર ભાન થયું નથી એવા જીવની તપસ્યા મરીને ગમે તેટલી કરે. કેટલાક તપસ્યામાં મરી જાય છે. વધારે ખેંચાઈ ગયા હોય ને. પારણાં પહેલા મરી જાય છે. જોરાવરમાં એક છોડી મરી ગઈ. જોરાવરમાં. બહુ અપવાસ ખેંચ્યા. પછી શું થયું? પૂરું કર્યા વિના છૂટકો નહિ પછી. મરી ગઈ. હમણા કો'કે કર્યું હતું ૧૨૫. .. નહિ આવ્યું હતું?

આંકડો નહોતો આવ્યો? આજે પણ આવ્યો હતો આંકડો. રેકોર્ડ તોડ્યો આ બાઈએ. કરતા હશે. શરીર-બરીર ઠીક હશે. આહાહા..! પણ એ શરીર અને આહારનો ત્યાગ એ હું નહિ. આહાહા..! આહારને ગ્રહણ પણ કર્યો નહોતો અને આહારને હું છોડતો નથી, જડ છે એ તો. મારી ચીજ તો આહારના રજકણોથી જુદી (છે). આહારના પોષણથી પિંડ બન્યો આ દેહ એનાથી જુદી. અને એમાં રાગના વિકલ્પ ઉઠે પર તરફના ઝુકાવનો એનાથી પણ જુદી. એવું જેને ભેદજ્ઞાન નથી તે ગમે તેટલી તપસ્યાઓ કરે પણ તેને નિર્વાણ—મુક્તિ થતી નથી. આહાહા..! આકરું કામ પણ હોં. છે કે નહિ આમાં?

૩૩ આંકડો છે. '**પ્રાપ્ત થયેલા દેહથી નિર્વાણ પામતો નથી.**' એ દેહથી છૂટો પડતો નથી. એમ કહે છે કે શરીર અને રાગ. ભાવકર્મ રાગ છે, જડ છે. એ બેથી ભગવાન જુદી ચીજ છે અંદર. એવું જેણે જુદાપણું કર્યું નથી એ ગમે તેટલી તપસ્યા કરે પણ જુદો નહિ થાય. જુદો નહિ થાય એટલે નિર્વાણ નહિ પામે. સમજાણું કાંઈ? '**તપ્યા છતાં...**'

'**ભાવાર્થ :– જે જીવ અવિનાશી આત્માને...**' અવ્યય છેને? આત્માનો અવ્યય. બીજું પદ છે. '**અવિનાશી આત્માને દેહથી ભિન્ન જાણતો નથી—**' દેહની ક્રિયા એ મારી નથી એ તો જડની બધી છે. આહાહા..! બોલવું, આ શરીર ચાલે એ બધી જડની ક્રિયા છે. આત્માની નહિ. '**અવિનાશી આત્માને દેહથી ભિન્ન જાણતો નથી—અનુભવતો નથી,...**' દેહ શબ્દે શરીર અને રાગાદિ બધા દેહના વિકાર છે. નિર્વિકારી ભગવાન પૂર્ણાનંદનું સ્વરૂપ જે રાગથી, પરથી ભિન્ન જાણતો નથી અને ભિન્ન થઈને અનુભવતો નથી. આહાહા..! એ ઘોર તપ કરે, આકરા તપ કરે '**તોપણ તે સમ્યક્ત્વ કે નિર્વાણને પામતો નથી.**' સમકિતને પામતો નથી કહે છે.

શું કહ્યું એ? કે રાગ છે પુણ્ય વિકલ્પ—દયા, દાન, ભક્તિ આદિ અને શરીર જડ. બેથી જુદી ચીજ છે. જુદું જ છે એને જુદું જાણ્યું નથી. એ જુદો થઈને નિર્વાણ થાય. નિર્વાણ તો પરથી જુદો થાય એનું નામ છે. રાગથી અને શરીરથી જુદી ચીજ છે આનંદકંદ પ્રભુ, એવું જુદું જાણ્યું નહિ, જુદું અનુભવ્યું નહિ અને એક માનીને તપસ્યાઓ કરી. રાગ ને શરીરની ક્રિયા માની એથી જુદો નહિ પડે. પણ જુદો જાણ્યો નથી, જુદો માન્યો નથી, જુદો અનુભવ્યો નથી. આહાહા..! સમજાણું કાંઈ? દેવીલાલજી! આવો માર્ગ છે.

બીજો પણ રસ્તો હશે કે નહિ સહેલો? કે આવો જ રસ્તો હોય? 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' આહાહા..! ભાઈ! માર્ગ તો આ છે, બાપુ! પરમાર્થ. આ પરની દયા પાળવી એ પરમાર્થ નહિ હોં! પરમાર્થ—પરમ પદાર્થ એવો ભગવાન આત્મા એને રાગ અને દેહથી ભિન્ન જાણ્યા વિના ગમે તેટલી તપસ્યાઓ કરે એનાથી એને મુક્તિ નહિ થાય. જુદો જાણવામાં ન આવ્યો એ જુદો નહિ થાય. આહાહા..!

'**નિર્વાણને પામતો નથી.**' અહીં તો એ સમકિતને પામતો નથી લીધું છે. બેય લીધું છે. સમ્યક્ત્વપણે .. મુક્ત છેને? રાગથી, પરથી જુદો અને સ્વરૂપથી અબંધ છે. મારું સ્વરૂપ જ અબંધ

છે. રાગથી હું બંધાયેલો નથી અને પરથી બંધાયેલો નથી. એવા સ્વરૂપને અબદ્ધસ્પૃષ્ટને જાણ્યો, એની તો મુક્તિ થઈ, એને મુક્તસ્વરૂપ છે એમ ભાન થઈ ગયું. સમજાણું કાંઈ? તો મુક્તસ્વરૂપ એવા ભાન વિના એવી તપસ્યાઓ ને વ્રતને કરી મરી જાય. સાધુ થઈને, દુકાન, બાયડી છોડીને. સમજાણું કાંઈ? એને સમકિત નહિ થાય. કારણ કે સ્વરૂપ જ રાગ અને પરથી (ભિન્ન છે). રાગ છે વિકલ્પ દયા, દાન, વ્રતાદિ એ તો આસ્રવ છે, ભાવબંધ છે. વસ્તુ તો અબંધ છે. ભાવબંધથી જુદી અબંધ વસ્તુનો જેને અનુભવ નથી એ જીવો, બંધભાવનો કર્તા ન માને અને ગમે તેટલી તપસ્યાઓ કરે એ જુદો નહિ પડે. સમજાણું કાંઈ? આહાહા..! '**તે નિર્વાણ પામતો નથી.**'

'**આત્મા અવિનાશી ચૈતન્યસ્વરૂપ જ્ઞાનાનંદમય છે...**' આત્મા વસ્તુ એમાં વસેલા જ્ઞાન અને આનંદના ગુણથી તે ભરેલો છે. આહાહા..! એવા પુણ્ય અને પાપના ભાવ એમાં રહેલા નથી. સમજાણું કાંઈ? એમાં શરીર રહેલું નથી. આહા..! '**અવિનાશી ચૈતન્યસ્વરૂપ જ્ઞાનાનંદમય છે અને શરીર ઈન્દ્રિયાદિ અચેતન-જડ છે. બન્નેનાં લક્ષણ ભિન્ન ભિન્ન છે. તેથી તેઓ એકબીજાથી ભિન્ન છે. આમ જે જીવ જાણતો નથી તે અજ્ઞાની છે, સ્વ-પરના ભેદવિજ્ઞાનથી રહિત છે.**' સ્વ-પરની એકત્વબુદ્ધિવાળા છે. '**શરીરાદિની જડ ક્રિયાને જીવ કરી શકે છે.**' આ જડ ને હું આ પરની દયા પાળું, આ જીવ કરું એ હું કરી શકું છું. આ તો જડની ક્રિયા છે. આહાહા..! '**એમ માનીને રાગ-દ્વેષ કરે છે અને તેથી ઘોર તપ કરવા છતાં તે ધર્મ પામતો નથી.**'

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પોષ સુદ ૯, મંગળવાર તા. ૨૧-૦૧-૧૯૭૫
## શ્લોક - ૩૩-૩૪,
## પ્રવચન - ૪૨

૩૩ ગાથા. એમાં વિશેષ. કહે છે કે આ આત્મા જે છે એ જ્ઞાનસ્વરૂપી આનંદમૂર્તિ છે. આ આત્મા જે છે એ તો જ્ઞાનસ્વરૂપ એનું ચૈતન્યસ્વરૂપ છે. એના '**ભાન વિના...**' એ બાહ્યની દેહની ક્રિયા અને પુણ્ય-પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ-ક્રોધના ભાવ એ બધા તો મલિન અને વિકાર છે. એ આત્મા નથી. આત્મા તો જ્ઞાનસ્વરૂપી ચિદાનંદ પ્રભુ જ્ઞાતા-દૃષ્ટા જેનો ત્રિકાળ સ્વભાવ છે એવું જેણે પુણ્ય-પાપના રાગથી અને દેહથી ભિન્ન જેણે જાણ્યું નથી. પોતાની હયાતી, આત્માનું હોવાપણું એ તો જાણકસ્વભાવ પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ છે. આહાહા..! એવું જેણે જાણ્યું નથી, રાગની ક્રિયા અને દેહની ક્રિયાથી ભિન્ન પાડ્યો નથી એવા અજ્ઞાની ભલે વ્રત, તપ, નિયમ કરે એ ગમે

તેટલી તપસ્યાઓ કરે અપવાસની, વ્રત પાળે, દયા, બ્રહ્મચર્ય વગેરે નિયમ પાળે, અભિગ્રહ આકરા પાળે અને શીલ કષાયની મંદતાનો રૂડો સ્વભાવ રાખે, એવું '**આચરે તો પણ તે કર્મબંધનથી છૂટશે નહિ...**' એને ધર્મ નહિ થાય. એમ કહે છે. આહાહા..! ભારે આકરી વાત. સમજાણું કાંઈ? છે?

'**જ્ઞાનસ્વરૂપ આત્માના ભાન વિના...**' આહાહા..! આત્મા પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ છે, જ્ઞાન અને આનંદ જેનું સ્વરૂપ છે. એમ જેણે શરીર ને રાગની ક્રિયાથી ભિન્ન કર્યો નથી, ભિન્ન જાણ્યો નથી, ભિન્ન અનુભવ્યો નથી. આહાહા..! એવા '**જીવ વ્રત, તપ, નિયમ-શીલાદિ આચરે તોપણ તે કર્મબંધનથી છૂટશે નહિ...**' એને નિર્વાણ મોક્ષ નહિ થાય. સંસારમાં રખડવું રહેશે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત છે.

સચ્ચિદાનંદ પ્રભુ સત્ નામ શાશ્વત, ચિદ્ નામ જ્ઞાન અને આનંદ એવો જે ભગવાન આત્મા એનું જેણે રાગ ને દેહથી ભિન્ન જ્ઞાન કર્યું નથી, ભિન્ન પાડવાની દશા જેને પ્રગટ કરી નથી, એ જીવો ભલે વ્રત ને તપ ને ક્રિયાકાંડ કરે એનાથી એને ધર્મ નહિ થાય. છે નીચે? ૧૫૨ નીચે છે. કડી સમયસારની છે.

**પરમાર્થમાં અણસ્થિત જે તપને કરે, વ્રતને ધરે,**
**સઘળુંય તે તપ બાળ ને વ્રત બાળ સર્વજ્ઞો કહે. (૧૫૨)**

સર્વજ્ઞ પરમાત્મા જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન, સ્વભાવમાં હતું એ જેની દશામાં પ્રગટ થયું છે એવા સર્વજ્ઞ પરમેશ્વર એમ કહે છે કે.. આહાહા..! સમજાણું કાંઈ? '**પરમાર્થમાં અણસ્થિત...**' છેને એ? આહાહા..! પરમાર્થ આત્મા પ્રભુ ચૈતન્યમૂર્તિ છે એમાં જેની સ્થિતિ નથી અને એકલી દયા, દાન, વ્રત ને ભક્તિ ને તપની ક્રિયાઓ કરે (છે) એને સર્વજ્ઞ પરમાત્મા મૂર્ખાઈ ભરેલા વ્રત ને મૂર્ખાઈ ભરેલા તપ કહેવામાં આવે છે. વાતું ભારે. એને બાળ વ્રત અને બાળતપ કહે છે. અજ્ઞાનીની એ બધી ચેષ્ટાઓ છે, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? '**નિર્વાણ પામશે નહિ.**'

'**આત્મભાન વિના અજ્ઞાની...**' હું એક આનંદ અને જ્ઞાનસ્વરૂપી પરમાત્મસ્વરૂપે હું છું એવું જેને રાગ અને દેહથી ભિન્ન જ્ઞાન કર્યું નથી. આહાહા..! એ '**અજ્ઞાની જે તપાદિ કરે છે...**' એ અપવાસ કરે, લાંઘણ કરે, મહિના મહિનાના અપવાસ કરે, નકોરડા અપવાસ કરે, પાણી પણ પીવે નહિ. એક બાઈએ કર્યા હતા ૧૨૫ અપવાસ. એવું આવ્યું છે છાપામાં. જયપુરમાં. એ બધી લાંઘણ. આહાહા..! અંદર આત્મા જ્ઞાન વિના, આત્માના અનુભવ વિના, આત્મા આનંદ, અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે એ અતીન્દ્રિય આનંદના સ્વાદ વિના... આહાહા..! એ બધી ક્રિયાઓમાં રાગનો સ્વાદ છે. આહાહા..! આકરી વાત, ભાઈ! દુનિયાથી જુદી જાત છે. સમજાણું કાંઈ?

'**આત્મભાન વિના અજ્ઞાની જે તપાદિ...**' વ્રતાદિ કરે '**તે બધો કાય-ક્લેશ છે.**' આહાહા..! જગતને આકરું પડે. એ કાય-ક્લેશ છેદ કરે છે. આહાહા..! '**તેનાથી ચૈતન્યની શાંતિનું વેદન નથી.**' ભગવાન આનંદસ્વરૂપ શાંતરસનો કંદ પ્રભુ છે આત્મા. આહાહા..! કેમ બેસે? સીગરેટ પીવે ત્યાં અંદર ખુશી થઈ જાય. આહાહા..! એક સ્ત્રીનું સુંદર રૂપ દેખીને ખુશી થઈ જાય.. આહાહા..!

અરે..! તું ક્યાં ગયો? એક દયા, દાનના પરિણામ કરીને રાજી થઈ જાય. એ તો રાગ છે. આહાહા..! ભાઈ! વસ્તુ ભિન્ન છે. સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે કહેલો માર્ગ... એ આત્માનું જેને ભાન નથી એ બધી ક્રિયા કષ્ટ કરે તે ખરેખર તપ નથી પણ તાપ છે. આ વર્ષીતપ કરે છે ને બાયું? એક દિ' ખાવું અને એક દિ' અપવાસ. સામટા અપવાસ કરે છે. આપણે બલુભાઈએ કર્યું નહોતું, કોઈ આવ્યું છે કે નહિ બલુભાઈને ત્યાંથી? બલુભાઈ નહિ ડોક્ટર? ડોક્ટર નહિ દવાના? દવાનું કારખાનું જોયું છેને. ત્યાં ગયા હતા. રામજીભાઈ હતા. ત્યાં આહાર પણ કર્યો હતો. મોટું દવાખાનું. ૫૦ લાખ રૂપિયા. એ દવાઓ કરતાં. બતાવ્યું ત્યાં. ગયા હતાને ત્યાં. એણે વર્ષીતપ કર્યો હતો. ચીમનભાઈ! ઓળખો છોને? એક દિ' અપવાસ અને એક દિ' પારણું. પછી વળી એનો સંઘ કર્યો ત્યાં પારણે હું હતો. રાજકોટ. એનો બાપ પણ હતા તે દિ', ચુનીભાઈ. અરે ભાઈ! આ શું ક્રિયા હતી?

ત્યાં આનંદનો નાથ એને જગાડ્યો નથી. એમાં વિકારની લાગણીઓથી પાર પડ્યો પ્રભુ.. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ તો બધો રાગ છે, વૃત્તિનું ઉત્થાન છે, વિકાર છે. આહાહા..! એ વિકારની લાગણીની પાછળ પ્રભુ, આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ છે. અરે..! એની જેને ખબર નથી, એનું જેને સમ્યગ્દર્શન થયું નથી... આહાહા..! એ બધા આવા અપવાસ કરે, વ્રત પાળે, શરીરથી બ્રહ્મચર્ય પાળે, લાખો મંદિરો બનાવે.. અરે. ભગવાન! .. અહીં તો બની ગયું છેને. હવે તમારે બનાવવાનું છે. ગીરધરભાઈને. બનાવે છે એ તો એને કારણે બને. કદાચ ભાવવાળો હોય તો શુભભાવ હોય, શુભ. પણ એનાથી ધર્મ થાય, ભાઈ! એમ નથી. એવી ક્રિયામાં બહુ તપસ્યા કરે તો તપ નથી પણ તાપ છે. એટલે જેને આત્મા આનંદનો નાથ સ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ એવું જેને વેદનમાં આવ્યું નથી એને તો એ તપસ્યામાં તો રાગનું જ વેદન છે, આકુળતાનું વેદન છે. પોપટભાઈ! કર્યો છે વર્ષીતપ? ઘરે કોઈ દિ' કર્યો નહિ હોય. તૈયારી છે. આ શરીર સારું છે તો કદાચ કરી નાખીએ. બીજા કો'ક કહેતા હતા. નહિ? કો'ક કહેતું હતું. આહાહા..! ઘણાંય આવે (કહે), બૈરાએ વર્ષીતપ કર્યા.

અરેરે..! આત્મા પોતે આનંદનું ધામ જ્યાં શાંત અને આનંદનો રસ પડ્યો છે અંદર.. આહાહા..! એ તો અકષાય વીતરાગી મૂર્તિ આત્મા છે એને ખબર નથી. એવા વીતરાગી સ્વરૂપ ભગવાન આત્મા એનું જેને અંતરમાં અનુભવમાં વેદન નથી અને એ તપસ્યાઓ અને વ્રતો કરે એને તાપ લાગે છે. કષાયનો તાપ છે એ તો બધો. આહાહા..! આકરું લાગે હોં! લાખોપતિની વહુરુ હોય એ વર્ષીતપ કરે અને એને એમ (કહે) કે આ બધી તારી લાંઘણું છે સાંભળને હવે. અને વર્ષીતપ કર્યા પછી લાખ-બે લાખ ખરચે. ગૃહસ્થ હોય તો. આ નહિ? આ નહિ કેવા? અમદાવાદવાળા. મંગળભાઈની વહુ. ધ્રાંગધ્રાવાળા. શાંતિભાઈની બા. વર્ષીતપ કર્યા હતા તો પોણો લાખ, લાખ ખર્ચ્યો હતો. મોટી શું કહેવાય તમારી? સ્પેશ્યલ રેલ આવી—સ્પેશ્યલ ટ્રેન. અને અહીં પાલિતાણામાં બધા પૈસા બહુ ખર્ચ્યા હતા. માને કે ધર્મ (કર્યો). બાપુ! ક્યાં ધર્મ હતા ભાઈ? તને ખબર નથી. આહાહા..!

વીતરાગમાર્ગ એવો ઝીણો છેને. એને સાંભળવા મળ્યો નથી બિચારાને. શું થાય? આહાહા..!

ભાઈ! તારા અતીન્દ્રિય આનંદ અને અકષાય—વિકારના પરિણામથી રહિત નિર્વિકારી રસે પડ્યો છે આત્મા. આહાહા..! એવા નિર્વિકારી રસનો રસાસ્વાદ જેને નથી.. આહાહા..! એ જીવો આ તપસ્યાઓને બધી કરે છે એને ભગવાન બાળતપસ્યા અને બાળ મૂર્ખાઈ ભર્યું તપ કહે છે. સમજાણું કાંઈ? ચીમનભાઈ! તમારામાં કર્યું છે? કોઈએ નહિ કર્યું હોય. ચુનીભાઈએ પણ નહિ. ઠીક. ત્યાં જૂના હતાને એણે કર્યું હશે. આ નવા જ છે. એની સાસુ. સાસુ નવા ને જૂના. સાચી વાત છે. ફૂલચંદભાઈ ને એ. આહાહા..!

અરેરે..! શું કર્યું તેં? ભાઈ! ભગવાન પૂર્ણાનંદનો નાથ એને પડખે ગયો નહિ અને રાગની ક્રિયાને પડખે ચડી ગયો, દુઃખી... દુઃખી... દુઃખી.. છે કહે છે. આકરું લાગે હોં સંપ્રદાયના માણસને. જેને ઘરેડ લાગી છેને સંપ્રદાયની, એને આ વાત આકરી લાગે. દામોદરભાઈ! આકરી લાગે. આહાહા..! ખબર છેને. આહાહા..! કહે છેને? એ તપ નથી પણ તાપ છે, ક્લેશ છે. આહાહા..! એ રાગની મંદતાના પરિણામ પણ ક્લેશ છે. આત્મા રાગ વિનાનું સ્વરૂપ છે પ્રભુ. એની ઓથ લીધી નહિ. એના ઘરમાં આનંદ પડ્યો તેનો સ્વાદ લીધો નહિ. આહાહા..! અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન આત્મા છે. અરે.. કેમ બેસે? એક બીડી વિના ચાલે નહિ, તમાકુ વિના ચાલે નહિ. બે સીગરેટ પીવે ત્યારે તો એને ઝાડો ઉતરે પાયખાને. આવા તો વ્યસનમાં દુઃખી બિચારા. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે સાધુ થયો અનંત વાર. બાયડી, છોકરા, કુટુંબ, રાજપાટ છોડી નગ્ન મુનિ થયો, વનવાસમાં રહ્યો. પણ એ બધી ક્રિયાઓ આત્માના જ્ઞાન વિના નિરર્થક ગઈ. આહાહા..! એ તાપ છે, '**તેનાથી મુક્તિની પ્રાપ્તિ કદી થતી નથી,...**' આહાહા..! એક અહીં હતું ને પુસ્તક. વધારાનું હતું નહિ કાલે? ચીમનભાઈનું હતું? '**પરંતુ જેનાથી ચૈતન્યનું પ્રતપન હોય,...**' આહાહા..! જેમ સોનું ગેરુથી શોભે, સોનાને ગેરુ લગાડવાથી ઓપે. એમ ભગવાન આત્મા ચૈતન્યના તેજથી અંદર પ્રતપે. અંદરથી પ્રતપે એટલે વિશેષે તપન નામ આનંદની દશા થાય એને ભગવાન તપ કહે છે. સમજાણું કાંઈ? આવી વાતું બહુ જુદી ....

'**ચૈતન્યનું પ્રતપન હોય, ચૈતન્યના આનંદનો અનુભવ હોય...**' આહાહા..! '**તે જ ખરું તપ છે.**' ચૈતન્ય ભગવાનના તેજમાં પોતે પ્રતપન થઈ અને ચૈતન્યના આનંદનો જેને ઉગ્ર સ્વાદ આવે. આહાહા..! એ કેવો સ્વાદ વળી? આ દૂધપાકનો સ્વાદ કહેવાય, મોસંબીનો કહેવાય. એ તો ભગવાન! જડ છે. જડનો સ્વાદ એને આવતો નથી. પણ એના તરફ લક્ષ રાખીને 'આ ઠીક છે' એવો જે રાગ કરે એ રાગનો સ્વાદ એને આવે છે. એવા અપવાસમાં, તપસ્યામાં, વ્રતમાં એ રાગ મંદ કદાચિત્ કરતો હોય તો પણ તે તો ક્લેશ અને દુઃખ છે. આહાહા..!

આનંદના સ્વરૂપે પ્રભુ બિરાજમાન પરમાત્મા સ્વરૂપે આત્મા છે. આહાહા..! કેમ બેસે? રાંકને, પામરને પ્રભુતાની વાત કેમ બેસે? આહાહા..! એ ચૈતન્યના આનંદનો અનુભવ હોય તે જ ખરું તપ છે. '**તેનાથી જ નિર્વાણની પ્રાપ્તિ થાય છે.**' એનાથી મોક્ષ નામ પરમાનંદની પ્રાપ્તિ થાય. નિર્વાણ

એટલે મોક્ષ, મોક્ષ એટલે પરમાનંદની પ્રાપ્તિ. મોક્ષ કોઈ બીજી ચીજ નથી. અંતરમાં શક્તિમાં જે આનંદ છે એ એની દશામાં આનંદનું પૂર્ણપણું પ્રાપ્ત થવું એનું નામ મોક્ષ. દુઃખથી મુક્ત થઈને સુખની પૂર્ણ પ્રાપ્તિ એનું નામ મોક્ષ. સમજાણું કાંઈ?

'**માટે પ્રથમ ભેદજ્ઞાન દ્વારા સ્વાત્માનું જ અવલંબન કરી...**' પ્રથમ જ. એ દયા, દાન, વ્રતના, તપના વિકલ્પ છે, લાગણી વૃત્તિ ઉઠે એ તો, એનાથી ભિન્ન '**ભેદજ્ઞાન દ્વારા સ્વાત્માનું જ અવલંબન કરી...**' ચિદાનંદ પ્રભુ એનું અવલંબન આશ્રય લઈ.. આહાહા..! '**તેમાં જ લીનતા કરવી તે જ એક નિર્વાણ પ્રાપ્તિનો ઉપાય છે.**' આ બધા કરે છેને બિચારા, નથી (કરતાં)? એક જણ કહેતા હતા (સંવત) ૧૯૯૦ની સાલમાં. ૯૦ની સાલમાં ચોમાસું હતુંને ત્યાં સદરમાં? પછી આ વાત ત્યાં ચાલતી અને ગામમાં બાયુંએ વર્ષીતપ (કર્યો) હતો. જુઓ! આ લાખોપતિની વહુરુ ઊભા ઊભા અપવાસ કરે અને કહે છે કે લાંઘણું, એને ધર્મ ન થાય. નવરંગભાઈ! આહાહા..! શું થાય? ભાઈ!

આત્મા.. ક્રિયા આમ કરું, આમ કરું, આમ કરું એ બધો વિકલ્પ છે. વિકલ્પ નામ રાગની લાગણી છે. એ લાગણીની પાછળ પ્રભુ એકલો આનંદથી ભરેલો પદાર્થ આત્મા છે. ભગવાનને આનંદ જે પ્રગટ્યો પરમાત્માને એ ક્યાંથી પ્રગટ્યો? એ બહારથી આવે છે? અરિહંત પરમાત્મા સર્વજ્ઞ વીતરાગ કેવળી પરમેશ્વર એને જે અનંતજ્ઞાન, અનંતઆનંદ પ્રાપ્ત થયો તેને પરમાત્મા અરિહંત કહીએ. અરિ નામ રાગ ને દ્વેષ ને અજ્ઞાન એવા જે દુશ્મનો, એને જેણે હણીને વીતરાગ પરમાનંદ દશા પ્રગટ કરી એ પૂર્ણ સુખી ને આનંદમાં છે. એવી દશા અંદર પડી છે અંદરમાં. આહાહા..! સમજાણું કાંઈ? આહા..! આવી વાતું.

લીંડીપીપરમાં ચોસઠ પહોરી તીખો રસ પડ્યો છે. છોટી પીપર કહે છેને? છોટી પીપરમાં ચોસઠ રસ, ચોસઠ પહોર કહે છેને? ચોસઠ પહોર ઘૂંટે એટલે ચોસઠ પહોરી તીખાશ બહાર આવે. ક્યાંથી આવી? પથરામાંથી આવી? એમાં પડી હતી. આહાહા..! એ આટલી પીપર કદે નાની, રંગે કાળી પણ ચોસઠ પહોર એટલે રૂપિયે રૂપિયો તીખો રસ અંદર પડ્યો છે. આહાહા..!

મુમુક્ષુ :- રૂપિયાનો..

ઉત્તર :- એ અંદર છે એ આવે છે. ઘૂંટવાથી આવે તો પથરામાંથી આવવી જોઈએ. લાકડા ઘૂંટેને ચોસઠ પહોર. પ્રાપ્તની પ્રાપ્તિ છે. આહાહા..! એમાં છે એમાંથી આવે છે. ઘૂંટવાનું તો નિમિત્ત છે. કાંકરાને ઘૂંટેને ચોસઠ પહોર. એમાં ક્યાં હતી? આહાહા..! તીખો રસ અને લીલો રંગ એ પીપરના દાણામાં પ્રત્યેકમાં પડ્યો છે પૂરો. એમ ભગવાન આત્મામાં પ્રત્યેક આત્મામાં પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન ભરેલું છે. કેમ વિશ્વાસ આવે? કોઈ દિ' જાણ્યું નથી, સાંભળ્યું નથી, વિચાર્યું નથી. આહાહા..! અરે..! એમને એમ જિંદગી ચાલી ગઈ નકામી જગતની.

કહે છે કે '**પ્રથમ ભેદ-જ્ઞાન દ્વારા સ્વાત્માનું જ અવલંબન કરી તેમાં જ લીનતા કરવી તે જ એક નિર્વાણ-પ્રાપ્તિનો ઉપાય છે.**' મોક્ષનો ઉપાય આ છે. '**બીજા બધા ઉપાય જૂઠા છે,...**'

આહાહા..! '**દુઃખદાયક છે...**' બીજા બધા ઉપાય જૂઠા, દુઃખદાયક છે. કેમકે ત્યાં જ્ઞાનસ્વરૂપી ભગવાન, એમાંથી વૃત્તિનું ઉત્થાન જે થાય છે એ રાગ છે. આહાહા..! '**અને સંસારનું કારણ છે.**' એ બધા વ્રત, તપના ભાવ એ સંસારનું કારણ, રખડવાનું કારણ છે. આકરી વાત.

---

ननु परमतपोऽनुष्ठायिनां महादुःखोत्पत्तितो मनः खेदसद्भावात्कथं निर्वाणप्राप्तिरिति वदन्तं प्रत्याह–

आत्मदेहान्तरज्ञानजनिताह्लादनिर्वृतः।
तपसा दुष्कृतं घोरं भुञ्जानोऽपि न खिद्यते।।३४।।

**આતમ-દેહ વિભાગથી ઊપજ્યો જ્યાં આહ્‌લાદ,**
**તપથી દુષ્કૃત ઘોરને વેદે પણ નહિ તાપ. ૩૪.**

**टीका :–** आत्मा च देहश्च तपोरन्तरज्ञानं भेदज्ञानं तेन जनितश्चासावाह्लदश्च परमप्रसत्तिस्तेन निर्वृतः सुखीभूतः सन्। तपसा द्वादशविधेन कृत्वा। दुष्कृतं घोरं भुञ्जानोऽपि दुष्कर्मणो रौद्रस्य विपाकमनुभवन्नपि। न खिद्यते न खेदं गच्छति।।३४।।

---

**સ્વદેહમાં આવો અધ્યવસાય કરનાર બહિરાત્મા પરદેહમાં કેવો અધ્યવસાય કરે છે, તે કહે છે –**

શ્લોક – ૩૪

**અન્વયાર્થ :–** (आत्मदेहान्तरज्ञानजनिताह्लादनिर्वृत्तः) **આત્મા અને દેહના ભેદ-વિજ્ઞાનથી ઉત્પન્ન થયેલા આહ્‌લાદથી જે આનંદિત છે તે** (तपसा) **તપ દ્વારા** (घोरं दुष्कृतं) **ભયાનક દુષ્કર્મો** (भुंजानः अपि) **ભોગવતો હોવા છતાં** (न खिद्यते) **ખેદ પામતો નથી.**

ટીકા :– **આત્મા અને દેહ-તે બંનેના અંતરજ્ઞાન-ભેદજ્ઞાનથી જે આહ્‌લાદ અર્થાત્ પરમ પ્રનસન્નતા (પ્રશાન્તિ) ઉત્પન્ન થાય છે તેનાથી આનંદિત એટલે સુખી થઈને, બાર પ્રકારના તપે કરી ઘોર દુષ્કર્મને ભોગવતો છતાં અર્થાત્ ભયાનક દુષ્કર્મના વિપાકને (ફલને) અનુભવતો હોવા છતાં, તે ખિન્ન થતો નથી-ખેદ પામતો નથી.**

ભાવાર્થ :– **જેને આત્મા અને શરીરનું ભેદજ્ઞાન વર્તે છે, તે ચૈતન્યસ્વરૂપમાં એકાગ્ર થઈ અતીન્દ્રિય આનંદમાં ઝૂલતો હોવાથી તેને સહેજે ઉપવાસાદિ બાર પ્રકારનાં તપ હોય છે. તેનાથી તેને મનમાં ખેદ થતો નથી અને તપશ્ચરણના કાળે ઘોર દુષ્કર્મના ફલસ્વરૂપ બાહ્ય રોગાદિ કે ઉપસર્ગાદિનાં કારણો ઉપસ્થિત હોવા છતાં, તેના આનંદમાં બાધા આવતી નથી, અર્થાત્ તે ખેદખિન્ન થતો નથી.**

### વિશેષ

જેમ સુવર્ણ, અગ્નિથી તપ્ત હોવા છતાં, તેના સુવર્ણપણાને છોડતું નથી, તેમ જ્ઞાની કર્મના ઉદયથી તપ્ત હોવા છતાં પોતાના જ્ઞાનીપણાને છોડતો નથી.૧ સાધકની નીચલી દશામાં સમ્યગ્દષ્ટિને રોગ, ઉપસર્ગાદિ આવી પડે તો અસ્થિરતાના કારણે તેને થોડી આકુલતા થાય છે અને તેના પ્રતિકારની પણ તે ઈચ્છા કરે છે, પરંતુ શ્રદ્ધા-જ્ઞાનમાં શરીર પ્રત્યેના મમત્વ-ભાવનો અભાવ હોઈ તેને તેનું સ્વામીત્વ હોતું નથી. તે તો ફક્ત તેનો જ્ઞાતા-દૃષ્ટા રહે છે; તેથી સ્વભાવદૃષ્ટિના બળે તે જેમ જેમ આત્મસ્વરૂપમાં સ્થિરતા પામે છે, તેમ તેમ તેને વીતરાગતા વધતી જાય છે અને રાગ-દ્વેષાદિનો અભાવ થતો જાય છે; એટલે જેટલે અંશે વીતરાગતા પ્રગટે છે તેટલે અંશે આકુલતાનો અભાવ થાય છે એમ સમજવું.

સ્વરૂપમાં ઠરવું અને ચૈતન્યનું નિર્વિકલ્પપણે પ્રતપવું અર્થાત્ આત્માની શુદ્ધ પર્યાયમાં વીર્યનું ઉગ્ર પ્રતપન તે તપે છે.૨ આવી સમજણ અને સ્વરૂપાચરણના કારણે જ્ઞાની ઉદયમાં આવેલા પ્રતિકૂળ સંયોગોથી ખેદખિન્ન થતો નથી.

મુનિ મન-વચન-કાયની નિશ્ચલ ગુપ્તિ દ્વારા આત્મ-ધ્યાનમાં એટલા લીન થઈ જાય છે કે તેમની સ્થિર મુદ્રા દેખી, પસુઓ તેમના શરીરને પથ્થર સમજી ખૂજલી ખંજવાળે છે, છતાં તેઓ પોતાના ધ્યાનમાં નિશ્ચલ રહે છે.૩

માટે અતીન્દ્રિય આનંદમાં ઝૂલતા જ્ઞાનીઓને તપશ્ચર્યાદિનું કષ્ટ લાગતું નથી. ૩૪.

---

૧. જ્યમ અગ્નિ-તપ્ત સુવર્ણ પણ નિજ સ્વર્ણભાવ નહીં તજે,
ત્યમ કર્મ-ઉદયે તપ્ત પણ જ્ઞાની ન જ્ઞાનીપણું તજે.
(શ્રી સમયસાર, ગુ.આ.-ગાથા ૧૮૪)

૨. 'સહજ નિશ્ચયનયાત્મક પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મામાં પ્રતપન તે તપ છે; નિજ સ્વરૂપમાં અવિચલ સ્થિતિરૂપ સહજ નિશ્ચય ચારિત્ર આ તપથી હોય છે.'
(શ્રી સમયસાર, ગાથા-૫૧-૫૫ની ટીકા)

૩. સમ્યક્પ્રકાર નિરોધ મન-વચન-કાય-આતમ ધ્યાવતે,
તિન સુથિર મુદ્રા દેખિ, મૃગ-ગણ ઉપલ ખાજ ખુજાવતે. (છહ ઢાલા-૬/૫))

# શ્લોક-૩૪ ઉપર પ્રવચન

હવે એમ કહે છે કે ધર્માત્માને—આત્માના આનંદમાં જેને ભાન છે કે હું આનંદ છું એવાઓને પણ અપવાસાદિની ક્રિયા તો હોય છે, તો એને ખેદ થતો હશે કે નહિ? કેટલું સહન કરે. પાંચ-પાંચ બબ્બે મહિના સુધી આહાર ન લે, સંથારો કરે-સમાધિ મરણ. એને '**દુઃખની ઉત્પત્તિ થવાથી તથા મનમાં ખેદ થવાથી...**' મનમાં એને ખેદ થતો હશે? એમ કહે છે. '**નિર્વાણની પ્રાપ્તિ કેમ સંભવે?**' આવી ક્રિયામાં એને ખેદ થાય તો મોક્ષ કેમ થાય? '**એવી શંકા કરનાર પ્રતિ કહે છે :—**' એવી જેને શંકા થાય એને જવાબ દે છે.

**आत्मदेहान्तरज्ञानजनिताह्लादनिर्वृतः।**
**तपसा दुष्कृतं घोरं भुञ्जानोऽपि न खिद्यते।।३४।।**

આહાહા..! '**આત્મા અને દેહ...**' આ (શરીર) તો માટી જડ છે. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી ભિન્ન છે. '**તે બંનેના અંતરજ્ઞાન—**' ભાષા દેખો! પાઠમાં છેને? અંતરજ્ઞાન. બેના આંતરાનું જ્ઞાન એટલે ભેદજ્ઞાન. આહાહા..! દેહ દેહપણે છે, રાગ રાગપણે છે, ભગવાન આનંદપણે છે. ક્યો ભગવાન? અંદર પડ્યો એ. ભગવાન થઈ ગયા એ તો એની પાસે થઈ ગયા. આહાહા..! '**આત્મા અને દેહ-તે બંનેના અંતરજ્ઞાન-ભેદજ્ઞાનથી જે આહ્‌લાદ અર્થાત્ પરમ પ્રસન્નતા (પ્રશાન્તિ) ઉત્પન્ન થાય છે...**' આહાહા..! કહે છે કે દેહ અને રાગથી ભગવાન ભિન્ન છે એમ ભાન થતાં અંદર શાંતિ આવે છે. આહાહા..! આત્મામાં આનંદની પ્રસન્નતા આવે. ભારે ભાઈ! આ કઈ જાતની વાત? સમજાણું કાંઈ?

ભેદ(જ્ઞાન) નહતો ત્યારે દુઃખ થતું. રાગ અને દેહ હું છું એવી માન્યતામાં દુઃખી હતો. એ દેહ અને રાગથી ભિન્ન મારું ચૈતન્યતત્ત્વ છે એના ભાનમાં જ્ઞાનીને પ્રસન્નતા આનંદ આવે છે. સમજાણું કાંઈ? આઠ વર્ષની બાલિકા હોય શરીરે, પણ જો ભેદજ્ઞાન કરે છે તો એને આનંદ આવે છે એમ કહે છે. આહાહા..! રાગ અને કષાયનો ભાવ દુઃખરૂપ છે. એનાથી જેણે આત્માનું સ્વરૂપ ભિન્ન છે (એમ જાણ્યું છે). બેમાં અંતર છે એમ કહ્યું છેને અંદર? અંતર છે. આહાહા..! બેમાં અંતર છે—બેનું જુદાપણું છે. આહાહા..! એવા જુદાપણાના ભાનમાં પરમ પ્રસન્નતા ઉત્પન્ન થાય છે ભેદજ્ઞાનમાં સમ્યગ્દર્શનમાં. આહાહા..! એને સમ્યગ્દર્શન (કહે છે). અહીં તો દેવ-ગુરુ-શાસ્ત્ર માને સમકિત (એમ માને અને) હવે કરો વ્રત ને તપ.

(સંવત) ૧૯૮૦માં અમારે .. ચાલતો. ૮૦. કેટલા વર્ષ થયા? ૫૦. એમાં મોક્ષમાર્ગનું અધ્યયન ચાલતું હતું અને સાંભળતા હતા લોકો. બોટાદમાં હજારો માણસો. ૫૦ વર્ષ પહેલાં. બોટાદ. ત્યારે

પાછળથી પછી મૂળચંદજીએ માંડ્યું. જુઓ ભાઈ! આપણને તો શ્રદ્ધા ભગવાનની મળી, ગણધર જેવી મળી છે આપણને. હવે ત્યાં સાંભળીને આડુઅવળું કરશો નહિ તમે. એમ. એ વખતે ત્યાં એમ કહેવાતું કે ભાઈ! સંપ્રદાયની દૃષ્ટિને માનવી એ કાંઈ વસ્તુ નથી. અણભિગે ગાથા હતી. સંક્ષેપવૃત્તિની ગાથા છેને? સંક્ષેપવૃત્તિની ગાથા છે.

જેને સમ્યગ્દર્શન થાય એને વિપરીત અભિનિવેષ ટળી જાય. વિપરીત અભિનિવેશનો અંશ રહે ને સમકિત થાય, (એમ ન બને) ભલે સંક્ષેપવૃત્તિ હોય. સમજાણું? આહાહા..! ૫૦ વર્ષની વાત છે. ૮૦. હજારો માણસ. પ્રતિષ્ઠા હતીને અમારી સંપ્રદાયમાં તો. હાથમાં લઈને બેસીએ તો હજારો માણસો સભામાં ભેગા થાય. ભાગ્યા મૂળચંદજી, સાંભળ્યું ને પછી ભાગ્યા લઈને, લોટો લઈને બહાર વયા ગયા કે આ તું વાંચ તો મને એવું થયું કે તકરાર થશે. હું વયો ગયો તો સારું થયું. આહાહા..! એવું હોય? આપણે જે માનીએ છીએ સાચી વાત એ બરાબર સમકિત છે. બાપુ! જુદી વાત છે. અરેરે..! શું કરે?

અહીં કહે છે કે સમ્યગ્દર્શન જેને પ્રાપ્ત થાય,... હજી તો ચોથું ગુણસ્થાન. શ્રાવક પછી મુનિ તો ક્યાંય રહ્યા, એ તો દશા બાપુ આકરી ભાઈ! આહાહા..! અહીંયાં તો પરમ પ્રસન્નતા પ્રશાંતિ ઉત્પન્ન થાય. છેલ્લામાં આવે છેને? શ્રીમદ્‌માં નથી આવતું છેલ્લે? છેલ્લી કડી શું? પ્રશાંત.

મુમુક્ષુ :- સુખધામ અનંત.

ઉત્તર :- હા, એ છેલ્લી કડી.

સુખધામ અનંત સુસંત ચહી
દિનરાત રહે તદ્ ધ્યાન મહીં
પ્રશાંતિ અનંત સુધામય જે
પ્રણમું પદ તે વરતે જયતે.

છેલ્લું મંગળિક શ્રીમદ્‌માં. વાંચ્યું છે? કો'ક દિ' વાંચ્યું (હોય). થોડું ઘણું વાંચ્યું હશે ઉપરટપકે. એમાં એ આવે છે. છેલ્લું આવે છે. પ્રશાંત અનંત સુધામય શાંત.. શાંત... શાંત... પુણ્ય-પાપના વિકલ્પો છે એ અશાંત છે. એનાથી ભિન્ન પડીને ભગવાન આત્મા છે એનું જ્યાં ભાન થાય તો પ્રશાંત... શાંત... શાંત... શાંત... આહાહા..! એ શાંતિની પ્રસન્નતા છે. બહારમાં પૈસો મળે, બાયડી હોય અનુકૂળ, આબરુ થાય, રાજપાટ (હોય તો) રાજી થાય એ રાગનું દુઃખ છે. એ પ્રસન્નતા રાગની છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે કે જેણે રાગ ને શરીરથી ભગવાન આત્માને ભિન્ન પાડ્યો, એને અંતરમાં શાંતિ અને પ્રસન્નતા આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ શું? બાપુ! જ્યાં દશા પલટી જાય છે. રાગ અને પુણ્યના ભાવ એ તો આકુળતા છે. પૂર્ણ વસ્તુ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી જ્ઞાનીને પણ એવો રાગ આવે. ભક્તિનો, પૂજાનો ભાવ હોય, પણ એ ભાવ એ તો આકુળતાવાળા છે. આહાહા..! એનાથી ભિન્ન પડીને આત્મરામને—જેણે આત્માના આરામને જોયો.. આહાહા..! જેણે આત્મામાં આરામ લીધો

એ આતમરામ આનંદની શાંતિની પ્રસન્નતામાં આવી જાય છે. આહાહા..! આકરી વાત.

**‘તેનાથી આનંદિત એટલે સુખી થઈને,...’** ઠીક! શરીરથી ભિન્ન ભગવાન આત્માને ઓળખતા રાગથી પણ ભિન્ન એનું ભાન કરતાં પ્રસન્નતાની ઉત્પત્તિ થાય, તેથી તે આનંદિત અને સુખી થાય છે. આહાહા..! માણસ કહે છેને, આ વ્રત પાળવા, તપસ્યાઓ કરવી (એ તો) મીણના દાંતે લોઢાના ચણા ચાવવા (જેવું છે). એ બધી વાતું મફતના. એ તો દુઃખ છે. સમજાણું કાંઈ? **‘બાર પ્રકારના તપે કરી...’** તપસ્યા હોય મુનિને. **‘ઘોર દુષ્કર્મને ભોગવતો છતાં...’** અશાતાના ઉદયને લઈને શરીરમાં નબળાઈ થઈ જાય, પેટમાં ખાડા પડે, આંખ ઊંડી જાય. **‘ભયાનક દુષ્કર્મના વિપાકને (ફલને) અનુભવતો હોવા છતાં,...’** એવી દેહની ક્રિયામાં પ્રતિકૂળતા હોવા છતાં **‘તે ખિન્ન થતો નથી—ખેદ પામતો નથી.’** ધર્માત્મા. આહાહા..!

અજ્ઞાની જે આત્માના ભાન વિના જે તપ કરે એને દુઃખ થાય છે એકલું, ક્લેશ. આહાહા..! અને આનંદના ભાનવાળો રાગથી ભિન્ન પડેલો પ્રભુ, એને કોઈ એવી તપસ્યાઓ હોય તો એનાથી ભિન્ન પડેલાની પ્રસન્નતા એમાં તો આવે છે કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? શુદ્ધ ઉપયોગ વધારવા માટે. આવે છે ને? મોક્ષમાર્ગ પ્રકાશકમાં. જ્ઞાની શુદ્ધ ઉપયોગ વધારવા માટે અપવાસ, તપ કરે. અપવાસના હેતુએ અપવાસ નહિ. આવે છેને ભાઈ એમાં? શુદ્ધ ઉપયોગ. આ બાજુ આવે છે. શુદ્ધ ઉપયોગ. જે શુદ્ધ ઉપયોગનું ભાન થયું એને વધારે શુદ્ધ ઉપયોગ કરવા માટે એ નિવૃત્તિ લે છે. રાગ છોડીને અપવાસ આદિ (કરે) પણ આ ચીજને માટે. આહાહા..!

અરે..! આવા અવસર મળ્યા, મનુષ્યદેહના ટાણા (મળ્યા).. ગાતા અમારે વનેચંદ શેઠ. વનેચંદ શેઠ નહોતા? ગાતા અમારે. ‘મનુષ્યદેહના ટાણા રે વાલીડા મારા નહિ રે મળે.’ ઓળખતા હતા તમે? ચીમનભાઈ? નહિ ઓળખતા હોય. ગુજરી ગયા. (સંવત) ૨૦૦૩ની સાલમાં. ૨૮ વર્ષ થયા. હિંમતભાઈને ખબર છે, તમારા બાપને. એને તો ખબર છેને તમારા બાપને ઓળખે છે. ત્યાં આવતાને. આ તો ગાતા એ. ‘મનુષ્યભવના ટાણા રે વાલીડા મારા નહિ રે મળે.’ એ કાંઈક ગાતા. ઊંટના ભવમાં, ઊંટ હોયને ઊંટ? એના કંથારીના મારા કોરડા ખાધા. લાંબા વનસ્પતિના ઓલા કરે ને? આહાહા..! એવા ભવ કર્યા ભાઈ! વનેચંદ શેઠ નગરશેઠ વિશાશ્રીમાળી. આપણે સ્થાનકવાસીમાં શેઠ, ગામના શેઠ. રાજમાં બહુ માન હતું. રાજા આવે ત્યાં ઉતરતા એ. કહેવાય છેને? ધોળ ધોળ. સોનાની ઓલી નાખી. શું કહેવાય તમારી આ? ગિની ગિની. સોનાની ગિની લઈને. બહારથી દરબાર આવે ત્યારે નગરશેઠ ખરાને. ધોળ કહેવાય એ. સાંભળ્યું છે. વાત તો એ એને... ભાઈ, સાજા નરવા આવ્યા અને સાજા નરવા રહેજો. અમારા ગામના માણસોની પ્રજા વતી હું શેઠ આરતી ઉતારું છું. એમ. આહાહા..! એને ગાતા. ચોમાસામાં આવ્યા હતાને ત્યા ૮૦માં બે મહિના રહ્યા. ચાર મહિના ત્યાં. બે મહિને ગઢડા ૮૧માં. ઊંટના ભવમાં તેં તેં ખાધા કંથેરીના માર. એ કોરડા બનાવે છેને ઓલા? આહા..! ભાઈ! તને ટાણા મળ્યા એમાં તું નહિ જાણ તો પછી ક્યારે જાણીશ? ભાઈ! એવું તો અનંત વાર પૈસા મળ્યા, ધૂળ મળી, રાજ મળ્યા, શેઠાઈ મળી એ વિષ્ટાના ઢગલા મળ્યા એ બધા.

અમૃતનો સાગર ભગવાન અંદર છે એમાંથી કાઢ્યો નહિ એને. આહાહા..! એ જેણે કાઢ્યો... આહાહા..! એને, કહે છે, બે મહિના સુધી આહાર ન મળે, જંગલમાં તડકે પડ્યું રહેવું પડે, પણ અંતરમાં પ્રસન્નતા એને પ્રગટ થાય છે. આહાહા..! કેમકે રાગથી ભિન્ન પડીને પોતાના પ્રભુને પોતે ઓળખ્યો છે અંદર. એ ઓળખાણમાં સ્થિર થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એ '**ખેદખિન્ન થતો નથી.**' ખેદ પામતો નથી.

'**ભાવાર્થ :— જેને આત્મા અને શરીરનું ભેદજ્ઞાન વર્તે છે,...**' ઠીક ખુલાસા કર્યા છે. ભગવાન આત્મા અસ્તિ અસ્તિ તત્ત્વ છે. આહાહા..! નરસિંહ મહેતા પણ કહી ગયા છેને? નહિ? 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિન્હ્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી.' એ તારા તપ ને પૂજા ને ભક્તિ બધા થોથા છે. આહાહા..! આત્મા તત્ત્વ છે એ કહેવું છે અહીં અમારે. વસ્તુ છે. અસ્તિ સત્તા વસ્તુ છે. આહાહા..! એ તત્ત્વનું શરીરથી ભેદજ્ઞાન જ્યાં થાય છે '**તે ચૈતન્યસ્વરૂપમાં એકાગ્ર થઈ અતીન્દ્રિય આનંદમાં ઝૂલતો હોવાથી...**' આહાહા..! હીંચકે જેમ આમ ઝુલે એમ રાગથી ભિન્ન પડેલો આત્મા અંદર આનંદમાં ઝુલે છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**આનંદમાં ઝૂલતો હોવાથી તેને સહેજે ઉપવાસાદિ બાર પ્રકારનાં તપ હોય છે. તેનાથી તેને મનમાં ખેદ થતો નથી...**' આહાહા..! '**અને તપશ્ચરણના કાળે ઘોર દુષ્કર્મના ફલસ્વરૂપ બાહ્ય રોગાદિ...**' એવા રોગ આવે શરીરમાં હો જડમાં, ઉપસર્ગાદિ આવે દેવોને પશુઓ પણ જ્યાં સર્પ કરડે, વીંછી કરડે, જંગલમાં પડ્યા હોય મુનિ. આહાહા..! મુનિ તો જંગલમાં રહેતા. સાચા સંત તો જંગલમાં હોય છે. આહાહા..! જંગલવાસી. આ ઓલા અઠ્યાવીશ મૂળગુણમાં ભૂમિશયન આવે છે, નહિ? આવે છે, નહિ? ભૂમિશયન. અઠ્યાવીશ મૂળગુણ, ભૂમિશયન. તો એમાં આવ્યું ઓલું, પાછલી રાતમાં એ આવ્યું.

મુમુક્ષુ :- ભૂ માંહિ પિછલી રયનિ મેં, કછુ શયન એકાશન કરન.

ઉત્તર :- હા એ. એ મૂળગુણમાં આવ્યું. મુનિ જેને આત્મજ્ઞાન આનંદનો નાથ પ્રગટ્યો છે. આહાહા..! એ તો નગ્ન મુનિ હોય છે દિગંબર. એ વનવાસમાં છેલ્લો પહોર અને પહેલો પહોર છોડીને પાછળના ભાગમાં થોડો કાળ કરવટ, એક પડખે થોડી નિદ્રા આવે. આહાહા..! એવું એને તો (હોય).

મારે તો બીજું કહેવું છે. અઠ્યાવીશ મૂળગુણને મૂળગુણ કરી નાખ્યો છે. નહિ? ભૂમિશયન. તો ભૂમિશયન આ રીતે શયન એમ. એથી બીજી રીતે ચાર ચાર કલાક સૂવે અને છ-છ કલાક સૂવે ને મુનિપણું હોય (એમ) ત્રણ કાળમાં (હોય) નહિ. સમજાણું કાંઈ? આહાહા..! જેના હજી મૂળગુણના ઠેકાણા ન મળે, એને .. સાધુપણું અંદર હોય. ત્રણ કાળમાં ન હોય ભાઈ! મારગડા જુદા પ્રભુ! આ તો ઓલું ભૂમિશયનનું આવ્યું હતુંને? એ ભૂમિશયનને મૂળગુણમાં નાખ્યું. પછી એ રીતે જેનું ભૂમિશયન નથી એને તો મૂળગુણ પણ નથી. આહાહા..!

પ્રવચનસારમાં છેને? નહિ ત્યાં? પ્રવચનસાર. કેટલામું છે એ? ૨૩૨ પછી. પહેલી, ઠીક. આહાહા..! શરૂઆતમાં. આ '**जधजादरुवजादं–**'

**જન્મ્યા પ્રમાણે રૂપ, લુંચન કેશનું, શુદ્ધત્વ ને,**
**હિંસાદિથી શૂન્યત્વ, દેહ અસંસ્કરણ-એ લિંગ છે. ૨૦૫.**
**આરંભ મૂર્છા શૂન્યના, ઉપયોગ યોગ વિશુદ્ધતા,**
**નિરપેક્ષતા પરથી-જિનોદિત મોક્ષકારણ લિંગ આ. ૨૦૬.**

એટલું આવ્યું. એ પછી. ૭માં નથી. ૮માં. ૮માં.

**વ્રત સમિતિ લુંચન, આવશ્યક, અણચેલ, ઈન્દ્રિયરોધનં,**
**નહિ સ્નાન-દાતણ એક ભોજન, ભૂશયન સ્થિતિભોજનં. ૨૦૮.**

સાચા સંત હોય એ જંગલમાં હોય છે. આહાહા..! જે ભગવાન પરમાત્મા (એને) સ્વીકારે એ નગ્ન મુનિ તો જંગલમાં વસતા હોય, આનંદની લહેરમાં પડ્યા હોય. કહે છે, એને ભૂમિશયન હોય છે. એ એક થોડી વાર. આહાહા..!

મુમુક્ષુ :- ભૂશયન.

ઉત્તર :- ગામમાં એ હોય નહિ. ગામમાં તો એક આહારાદિ લેવા આવે. આહાહા..! બહુ માર્ગ ઝીણો, વીતરાગનો માર્ગ લોકોએ ચુંથી નાખ્યો. લોકોને બિચારાને રળવા આડે નવરાશ ન મળે અને એમાં આ કરે.. આહાહા..!

ભૂશયન. જોયું! કર્મના ઉદયથી તપ્ત પોતાના જ્ઞાનીપણાને છોડતો નથી. આહાહા..! જંગલમાં મુનિને ક્ષયરોગ થાય, તાવ આવે. ૧૦૬-૬ ડિગ્રી, ૮-૮. પણ અંદર આનંદના ભાનમાં આનંદમાં મસ્ત છે. એને બહારની પ્રતિકૂળતાથી ખેદ થતો નથી. આહાહા..! '**સાધકને નીચલી દશામાં સમ્યગ્દ્રષ્ટિને રોગ, ઉપસર્ગ,...**' ઉપસર્ગ દેવ તિર્યંચ આદિથી પડે '**તો અસ્થિરતાના કારણે તેને થોડી આકુળતા થાય. તેના પ્રતિકારની પણ તે ઈચ્છા કરે. પરંતુ શ્રદ્ધા-જ્ઞાનમાં શરીર પ્રત્યેના મમત્વભાવનો અભાવ હોઈને તેને તેનું સ્વામીત્વ હોતું નથી.**' આહાહા..! એ તો ફક્ત એનો જ્ઞાતા-દ્રષ્ટા રહે. અસ્થિરતાના કારણે જરી વિકલ્પ આવે કે આ રોગ શાને? કેમકે અસ્થિરતાનો એ સ્વામી નથી. આનંદનો નાથ જેને હાથ આવ્યો, એવા રાગનો સ્વામી થાય કોણ? આહાહા..! આવી જાત ક્યાંથી? કોઈ કહે કે આ સોનગઢમાં નવું કાઢ્યું. એય..! ચીમનભાઈ! અરે.. ભગવાન! બાપુ! તેં સાંભળ્યું નથી.

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એનું સ્વરૂપ એણે શું કહ્યું બાપુ! સાંભળ્યું નથી. આહાહા..! અનાદિનો વીતરાગનો આ માર્ગ છે. સમજાણું કાંઈ? આહાહા..! '**સ્વભાવદ્રષ્ટિના બળે તે જેમ જેમ આત્મસ્વરૂપમાં સ્થિરતા પામે છે.**' ધર્મીને સ્વભાવની ખાણ પ્રગટી છે. સમ્યગ્દર્શનમાં આનંદની ખાણ નજરે નિધાન આવ્યા છે. એવા આનંદના ધામમાં રહેતા પ્રતિકૂળતામાં એને દુઃખ થતું નથી. આહાહા..! '**તેમ તેમ તેને વીતરાગતા વધતી જાય છે.**' કેમકે પોતે પરમાત્મસ્વરૂપે આનંદમૂર્તિ છે એવું જ્યાં સમકિતીને અંતરમાં ભાન થયું, સમકિતીને ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં... આહાહા..! સમજાણું કાંઈ? એને અંતરમાં સ્થિરતાનો અંશ વધતો જાય છે. એટલે અંશે રાગ-દ્વેષ આદિનો

અભાવ થતો જાય છે. **'એટલે જેટલે અંશે વીતરાગતા પ્રગટે તેટલે અંશે આકુળતાનો અભાવ થાય છે'** એમ સમજવું. આહાહા..! **'સ્વરૂપમાં ઠરવું અને ચૈતન્યનું નિર્વિકલ્પપણે પ્રવર્તવું (અર્થાત્) આત્માની શુદ્ધ પર્યાયમાં વીર્યનું ઉગ્ર પ્રતપન...'** તે તપ. નીચે છે-

**'સહજ નિશ્ચયનયાત્મક પરમસ્વભાવ સ્વરૂપ પરમાત્મામાં પ્રતપન તે તપ છે.'** પરમાત્મા એટલે પોતે હોં! પરમસ્વરૂપ. નિત્યાનંદ ધ્રુવસ્વરૂપ ભગવાન આત્મા.. આહાહા..! **'સહજ નિશ્ચનયાત્મક પરમસ્વભાવ...'** આત્માનું તેના **'પરમાત્મામાં પ્રતપન...'** તેમાં લીનતા એનું નામ તપ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? **'નિજસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજ નિશ્ચયચારિત્ર.'** એ આ તપથી હોય છે એમ કહે છે. ચારિત્ર જે પણ નિજસ્વરૂપમાં અવિચળ સ્થિતિ આનંદમાં એવું સહજ નિશ્ચયચારિત્ર આવા તપથી હોય છે. નિયમસારમાં (આવ્યું છે). સ્વરૂપમાં ઠરવું, ચૈતન્યનું નિર્વિકલ્પપણે પ્રતપવું, આત્માની શુદ્ધ પર્યાયમાં વીર્યનું ઉગ્ર પ્રતપન, અંતર આનંદમાં ઉગ્ર પુરુષાર્થનું થવું એનું નામ ભગવાન તપ કહે છે. આહાહા..! આવી વાત. આવી તો અમે કોઈ દિ' સાંભળી નહોતી. અપવાસ કરે, વર્ષીતપ કરે. એય.. વજુભાઈ! ત્યાં શું આ બધા વર્ષીતપ કરે બૈરા બિચારા. બે હજાર, પાંચ હજાર ખર્ચે, વર્ષીતપને પારણે. છેવટે ઢોંગ કરે. બાર મહિના પૂરા થાય ને છેલ્લે માથે સુંઠ ચોપડે (એટલે લોકો) પૂછવા આવે. પોપટભાઈ! આહાહા..! કાંઈ ઠેકાણા ન મળે. બાપા!

આત્મા આનંદસ્વરૂપ છે એનું જ્યાં ભાન નથી, એની જેને અંતરમાં પીછાણ અને પ્રાપ્તિ થઈ નથી વસ્તુની, એ જીવો બધા ક્લેશના ભોગવનારા છે કહે છે. આહાહા..! આવી સમજણ અને સ્વરૂપાચરણના કારણે. સ્વરૂપાચરણ. રાગનું આચરણ છે એનાથી ભિન્ન સ્વરૂપનું ભાન થતાં સ્વરૂપનું આચરણ—શુદ્ધ ચૈતન્યઘનનું આચરણ (પ્રગટે). આહાહા..! જ્ઞાની ઉદયમાં આવેલા પ્રતિકૂળ સંયોગોથી ખેદખિન્ન થતો નથી. ભલે કર્મના ઉદયે કોઈ રોગ આવે, સિંહ આવે, સર્પ કરડે, વીંછી કરડે જંગલમાં, (પરંતુ) ખેદ કરતો નથી. અને જરી ખેદ થાય તો તેનો સ્વામી થતો નથી. આહાહા..! ભારે ભાઈ આવું. વિશેષ પેરેગ્રાફ છે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ ૧૦, બુધવાર તા. ૨૨-૦૧-૧૯૭૫
## શ્લોક -૩૪, ૩૫
## પ્રવચન - ૪૩

૩૪-ગાથા. વિશેષનો છેલ્લો પેરેગ્રાફ છે. મુનિની પ્રધાનતાથી કથન છે. છેલ્લો પેરેગ્રાફ છે. **'મુનિ મન-વચન-કાયની નિશ્ચલ ગુપ્તિ દ્વારા આત્મ-ધ્યાનમાં એટલા લીન થઈ જાય છે...'** મુનિ. સમ્યગ્દર્શનમાં આત્મા ધર્મની શરૂઆત કરનારા એ પણ પ્રથમ મન-વચન-કાયાના વિકલ્પ છોડી શુદ્ધ

ચૈતન્યઘન આનંદસ્વરૂપ એમાં મગ્ન થાય છે ત્યારે તેને શાંતિ પ્રગટે છે. ઝીણી વાત છે. સમજાણું કાંઈ? ધર્મની પ્રથમ શરૂઆત. એટલે કે સુખની, આનંદની દશાની પ્રથમ અવસ્થા એમાં પણ આત્મા પ્રથમ ધ્યાતા, ધ્યાન અને ધ્યેય એવા ભેદ ભૂલી જાય છે. ઝીણી વાત છે. જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય. હું એક જાણનાર છું, હું મને જણાઉં છું, હું જ્ઞાન વડે જાણું છું. આહાહા..! એવો પણ ભેદ વિકલ્પ એ રાગની લાગણી છે. સ્વરૂપનું ધ્યાન કરતાં એ લાગણી છૂટી જાય છે. ત્યારે એ સુખને પંથે પડ્યો કહેવામાં આવે છે. ધીરૂભાઈ! એ વિના દુઃખને પંથે પડ્યા છે બધા. આહાહા..!

ધર્મની પ્રથમ શરૂઆત થતાં... ધર્મ એટલે આનંદની દશા. આહાહા..! એ મન, વચન અને કાયાના તરફના વલણવાળી વૃત્તિઓ, વિકલ્પો રાગ, પ્રથમ સ્વરૂપની સન્મુખ થતાં તેમાં દૃષ્ટિ જામતા એ વિકલ્પો ભિન્ન પડી જાય છે. શેઠ! ઝીણી વાત છે. આહાહા..! એને પ્રથમ સમ્યગ્દર્શન કહે છે. પ્રથમ સમ્યગ્દર્શન. સમજાણું કાંઈ? આત્મા આનંદસ્વરૂપ છે એને લક્ષમાં, ધ્યાનમાં, ધ્યેય તરીકે લઈને આત્માનો આનંદસ્વભાવ જે નિત્ય છે એમાં જ્યારે લીન થાય છે ત્યારે એને પુણ્ય અને પાપના વિકલ્પોની એકતાબુદ્ધિનો ત્યાં નાશ થાય છે. આહાહા..!

છ ઢાળામાં આવે છેને ભાઈ? ધ્યાતા, ધ્યાન અને ધ્યેય ભેદ જ્યાં નહિ. છ ઢાળા ભાઈને મોઢે છેને? આહાહા..! ક્યાં પડી છે દુનિયાને. દુઃખના ડુંગરે ડોલે છે. આહાહા..! રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ, સંકલ્પ-વિકલ્પ એની લાગણીમાં રોકાયેલો એ દુઃખી છે. આહાહા..! શુદ્ધ ચૈતન્યઘન વસ્તુ છે. પરમ પદાર્થ સર્વજ્ઞ પરમેશ્વરે જોયો અને અનુભવીને ઠર્યા એની વાણીમાં આ આવ્યું. ધર્મની પ્રથમ શરૂઆત કરનાર એનો આત્મા અંદરમાં લીન થાય છે કહે છે. આહાહા..! એ લીનતા વિશેષ, સમ્યગ્દષ્ટિને વિશેષ લીનતા હોઈ શકતી નથી. આહાહા..! બહુ વાત આકરી ભાઈ! અત્યારે લોકો બહારથી માનીને બેઠા છે. આત્મા અનંત-અનંત ગુણનો સ્વભાવનો પિંડ સાગર છે. એવા પરમાત્મસ્વરૂપ, પરમ આત્મા એટલે પરમસ્વરૂપ પોતે છે. આહાહા..! એની સન્મુખતા થતાં પર સન્મુખતાથી ઉત્પન્ન થતાં પુણ્ય-પાપના વિકલ્પો ત્યાં રહેતા નથી. આહાહા..! હજી તો ધર્મની પહેલી સીઢીની વાત આ. લોકોને ક્યાં પડી છે? રળવા, ખાવા, પીવા, વિકલ્પો કરવા, દુઃખી થઈને મરવા અને વળી જાય ઢોરમાં. સમજાણું કાંઈ?

જેને આત્મા એક સમયમાં ક્ષણમાં પૂર્ણ અનંતગુણ સંપન્ન એ ચીજ છે. એ નિર્વિકલ્પ ચીજ છે. વીતરાગમૂર્તિ એનું સ્વરૂપ છે. આનંદનો એ કંદ છે, જ્ઞાનનું એ સરોવર છે, શાંતિનો એ સાગર છે. આહાહા..! એવી ચીજની અંદરમાં સ્વરૂપનું બહુમાન થઈને અંતરમાં એકાગ્ર થાય છે ત્યારે તો એને હજી સમ્યગ્દર્શન પહેલું પ્રગટે છે. સમજાણું કાંઈ? આ માર્ગ છે આવો. અહીં પછી મુનિની વાત લીધી છે. મુનિ જે છે સાચા સંત એ તો દિગંબર હોય છે, નગ્ન બાહ્યમાં હોય છે. એ જંગલમાં વસતા હોય છે. મુનિ હોય એ જંગલમાં હોય. એ મુનિ... છેને? પહેલો શબ્દ છે. ધીરૂભાઈ! છે? છેલ્લો પેરેગ્રાફ. મુનિ-મુનિ. '**મુનિ-...**'

મુમુક્ષુ :- મન-વચન-કાયની.

ઉત્તર :- હા.

'**મન-વચન-કાયની નિશ્ચલ ગુપ્તિ દ્વારા...**' આહાહા..! કહે છે કે મુનિ તો એવા હોય છે વીતરાગમાર્ગમાં કે જે જંગલમાં હોય અને અંતર અતીન્દ્રિય આનંદમાં એ ઝુલતા હોય છે. સમજાણું કાંઈ? એને મન-વચન-કાયની નિશ્ચલ ગુપ્તિ. મનથી ખસી ગયા છે, વાણીથી ખસી ગયા છે, દેહથી ખસી ગયા છે. સ્વરૂપમાં અંદરમાં મગ્ન, આનંદમાં મગ્ન છે. આહાહા..! એ ત્રણની ગુપ્તિ દ્વારા. ગુપ્તિ એટલે? મન ને વચન ને કાયા તરફનો જે ઝુકાવ, શુભ અને અશુભ વિકલ્પો અને રાગ એનાથી ગુપ્ત થઈ ગયો એટલે ખસી ગયો છે ત્યાંથી. આહાહા..!

એ '**ગુપ્તિ દ્વારા આત્મ-ધ્યાનમાં...**' ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ આનંદઘન અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ છે. આહાહા..! એમાં મુનિ ડૂબકી મારે છે અંદર. આહાહા..! દુનિયાથી તદ્દન વિરુદ્ધ વાત. આહાહા..! એ પોપટભાઈ! જેમ છોકરાઓ બેઠા હોય, પૈસાની વાતું થાતી હોય ને બે-પાંચ લાખ પેદા થયા હોય (ત્યારે) વાતું કરે. એ રાગમાં ડૂબી જાય છે અંદરમાં. રાગમાં ડૂબી જાય છે. આહાહા..! અરે..! દયા, દાન અને વ્રત ને તપનો વિકલ્પ હોય રાગ, એમાં પણ જે લીન થઈ જાય છે (એ) રાગમાં ડૂબી ગયા છે. આહાહા..! એ અધર્મમાં ડૂબ્યા છે.

ધર્માત્મા શરૂઆતની દશામાં પણ વસ્તુનું ધ્યાન કરીને ધ્યેયને પકડતાં એ નિર્વિકલ્પદશા થઈ જાય છે. રાગની એકતા તૂટીને સ્વભાવની એકતા '**एयत्तविहत्तं**' સ્વભાવથી એકત્વ છે અને રાગના વિકલ્પથી વિભક્ત છે, જુદો છે. આહાહા..! આવે છે એ? (પાંચમી) ગાથા, સમયસાર. '**एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।**' '**एयत्तविहत्तं**' આહાહા..! કુંદકુંદાચાર્ય મહારાજ મુનિ હતા. અતીન્દ્રિય આનંદમાં જેમ હીંચકે ઝુલે (એમ) અતીન્દ્રિય આનંદમાં ઝુલે ઝુલતા હતા. શેઠ! એ ઝુલતા ઝુલતા કહે છે કે હું આત્માની વાત કરીશ તમને. હું મારા નિજ વૈભવથી કહીશ. એની પાસે હશે પૈસા-બૈસા?

મારો નિજવૈભવ, અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન જે પ્રગટ્યું એ મારો નિજવૈભવ છે. આ ધૂળના ઢેફાં પાંચ-પચાસ લાખના દાગીના અને બાયડી-છોકરા ને એ બધા વૈભવ એ સ્મશાનના મડદાંના વૈભવ છે. શેઠ! આહાહા..! પૈસા તો ધૂળ ઉડાડે છે. ધૂળ છેને પૈસા? માટી છે. આ (શરીર) પણ માટી નહિ? કોઈને વાગે તો કહે પછી (કે) પાણી અડાડશો નહિ ભાઈ, મારી માટી પાકણી છે. એમ નથી કહેતા? ધીરૂભાઈ! કહે છે કે નહિ? ખીલો વાગી ગયો હોય. (તો એમ કહે), પાણી અડાડશો નહિ. મારી માટી પાકણી છે. ઝટ ઉજરશે નહિ. આ માટી છે કે શું છે આ? બોલે તો છે. શેઠ! નથી બોલતા? બહુ વાગી જાયને કાંઈક. ઠેસ વાગે, લોઢું વાગી જાય. ભાઈ! પાણી અડાડશો નહિ. મારી માટી પાકણી છે. પાકી જશે. માટી પાકણી એમ બોલે પણ શ્રદ્ધામાં ઠેકાણા ન મળે. માનતો નથી. ભાઈ! એ તો લોકની ભાષાએ બોલે જાય છે. માટી જ છે આ, માટી જડ ધૂળ પાકે છે. લબકારા મારે છેને. લોહીનું પરુ થાય ત્યારે લબકારા મારે. લોહી છે અંદર એનું પરુ થાય, તો લોકો કાંઈક કહે છે, ડોક્ટર-બોક્ટર કહે છે આપણને કાંઈ ખબર નથી. સો લોહીનું બિંદુ અને એક પરુનું બિંદુ થાય. પરુ. લબકારા મારે.

નથી થાતો? શું કહેવાય? સાત પડો. આ પાકે. હથેળી પાકે નહિ? સાત પડ પાકે. સાત પડો કહે છેને? બહુ ઊંડું. પીડા... પીડા... પીડા... આહાહા..! એક ફેરી જોયું હતું. વિઠ્ઠલ ગોવાળ ત્યાં હતા, ગોધરામાં. એના દીકરા નહિ? હરગોવિંદ. અહીં ઓલો અપાસરો કરાવ્યો હતો. એને થયું હતું સાત પડો. ઘણા વર્ષની વાત છે હોં! ૫૦-૬૦ વર્ષની વાત. લબકારા મારે, સહન ન થાય. સાત પડો કહેવાય છે? કળતર (થાય), પાકી જાય. એક આંગળી પાકે છે તો થઈ જાય છે. એ તો જડની દશા છે. એમાં પાક આવે છે ત્યારે એને બળતરા થાય છે. કેમકે એની દૃષ્ટિ ત્યાં છેને? આહાહા..! ત્યાં લીન થઈ જાય છે પરમાં.

અહીં કહે છે કે ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો રસકંદ છે. એમાં જે આત્મા અંતરદૃષ્ટિ મૂકીને વિકલ્પની—રાગની એકતા તોડીને સ્વભાવની એકતા કરે છે એને આનંદનો અનુભવ આવે છે. એને સમ્યગ્દૃષ્ટિ કહીએ. હજી શ્રાવક થયા પહેલાં હોં! શ્રાવક તો ઊંચી દશા છે. આ વાડાના શ્રાવક એ શ્રાવક નથી. થોથા નામના. વાતું આવી છે, ધીરૂભાઈ! આહા..! ભાઈ! એ સમ્યગ્દર્શનમાં પણ જ્યાં આનંદનો અનુભવ આવે તો આગળ પંચમ ગુણસ્થાન જે શ્રાવકદશા છે એ પણ કોઈ અલૌકિક દશા છે. એને તો સર્વાર્થસિદ્ધના દેવ જે એકાવતારી છે, એક ભવ કરીને મોક્ષ જનારા છે એના કરતાં પણ શ્રાવકપણું જેને સાચા પંચમ ગુણસ્થાનની દશા હોય એને આનંદ આવે એના કરતા આને આનંદ વધારે (હોય છે). આહાહા..!

ગુણસ્થાનના જે ભાગ છે ને? ચોથું, પાંચમું, છઠ્ઠું, સાતમું એ બધા આનંદના અંશના વધારાના (વૃદ્ધિના) એ ભાગ છે. ચોથે ગુણસ્થાને આનંદ થોડો, પાંચમે એથી વિશેષ, છઠ્ઠે વિશેષ, બારમે પૂરો. અરે..રે..! એની ખબર ન મળે. અહીં મુનિના છઠ્ઠા ગુણસ્થાનની વાત ચાલે છે. મુનિ તો જંગલમાં વસનારા, એના દર્શન વર્તમાન ભરતમાં દુર્લભ થઈ પડ્યા. સમજાણું કાંઈ? મુનિ તો એને પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ કહે છે, જેનું '**આત્મ-ધ્યાનમાં એટલા લીન થઈ જાય છે કે તેમની સ્થિર મુદ્રા દેખી,...**' મેરુ પર્વતની જેમ ઠરી ગયા અંદરમાં. આહાહા..! '**પશુ તેમના શરીરને પથ્થર સમજી ખૂજલી ખંજવાળે છે,...**' આવે છેને? ભાઈ! સાધુપણું તો બાપુ બહુ અલૌકિક વાત છે! એ તો પરમેશ્વર પદ છે. આહાહા..! અરેરે..! ભગવાનના વિરહ પડ્યા એમ મુનિપણાના ભરતક્ષેત્રે વિરહ પડી ગયા છે. લોકો માને છે એ નથી મુનિ. સમજાણું કાંઈ? કહે છે, કેટલા લીન થઈ જાય? કે જેની સ્થિરતા, પથરો પડ્યો હોય એમ માનીને હરણ આવીને ખુજે, ખુજલી (કરે) શરીરને. આહાહા..! '**પથ્થર સમજી ખૂજલી ખંજવાળે છે, છતાં તેઓ પોતાના ધ્યાનમાં નિશ્ચલ રહે છે.**' આહાહા..! સમજાણું કાંઈ?

ભરત ચક્રવર્તી જેને ઘરે છ ખંડ અને છન્નું હજાર સ્ત્રી, એ પણ જ્યારે ધ્યાનમાં બેસતા... આહાહા..! (બધો) રાગ અને રાગથી ખસી જઈ... આહાહા..! પૂર્ણાનંદનો નાથ એને દૃષ્ટિમાં લઈ આનંદના અનુભવમાં પડ્યા હોય છે ત્યારે એને બાહ્યમાં શું થાય છે એની પણ ખબર ન હોય. સમજાણું કાંઈ? છ ખંડનો ધણી પણ સમ્યગ્દૃષ્ટિ. છન્નું હજાર સ્ત્રી, છન્નું કરોડ પાયદળ. એ હું નથી.

હું છું ત્યાં એ નથી. એ છે ત્યાં હું નથી. હું છું ત્યાં રાગ નથી અને રાગ છે ત્યાં હું નથી. આહાહા..! એવી જે અંતર દૃષ્ટિને ખીલવી છે... આહાહા..! એનું નામ ધર્મી અને સમ્યગ્દૃષ્ટિ. ભલે છ ખંડનું રાજ દેખાય. સમજાણું કાંઈ? પણ વેશ્યાના પ્રેમ જેવો પ્રેમ હોય એને પરની સાથે. વેશ્યાને પૈસા દે ત્યાં સુધી પ્રેમ કરે પછી કાંઈ ન મળે. એમ આ રાગ આવે ત્યારે લક્ષ જાય પર ઉપર. અંતરમાં કાંઈ ન મળે. આ મારી ચીજ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવો ધર્મ શું હશે? આવો વીતરાગનો ધર્મ હશે? જૈન પરમેશ્વરનું આમ કહેવું હશે? હવે અત્યાર સુધી તમે કહ્યું-અમે સાંભળતા નહોતા આત્માનું ધ્યાન થાય ને વળી આનંદ આવે. (અમે તો એમ જ સાંભળ્યું છે કે) આ તો વ્રત કરો અને અપવાસ કરો.

મુમુક્ષુ :- નિર્જરા થઈ જાય.

ઉત્તર :- નિર્જરા થઈ જાય.

એણે પ્રશ્ન કર્યો હતો ને તે દિ (સંવત) ૨૦૦૯ની સાલમાં. શું કહેવાય શેઠ? તુલારામ. વચ્છરાજજી અને ગજરાજજીના મોટા ભાઈ હતા ને? તુલારામ. આપણે આ નવની સાલમાં થયું ને? માનસ્તંભ એના પહેલા આવ્યા હતા. સ્પેશ્યલ. આખી સ્પેશ્યલ આવી હતી. સ્ટેશન ઉપર સ્પેશ્યલ રાખી હતી બધા માણસોને...

મુમુક્ષુ :- ગંગવાલ.

ઉત્તર :- ગંગવાલ. આ ગજરાજની દિકરી છેને? એના મોટા દાદા. ઘણા કરોડપતિ હતા. અહીંયા એને એક જણાએ પૂછયું. ત્યાં ચર્ચા ચાલી હશે એટલે શેઠ (કહે), પૂછો મહારાજને કે તપસ્યા કોને કહેવી? એમ આવે છેને? તપસા નિર્જરા. તત્ત્વાર્થસૂત્રમાં. તત્ત્વાર્થસૂત્રમાં એ આવે છે. એટલે કાંઈક વાત થઈ હશે કે આ અપવાસ કરું ને આ કરું એ બધી તપસ્યા. એક છોકરો હતો જુવાન. ૨૦૦૯ની સાલની વાત છે. મહારાજને પૂછો તપસ્યા એ નિર્જરા.

ભાઈ! એ તપસ્યા નિર્જરા અપવાસ કર્યા એ તપ નહિ. આહાહા..! આમાં આવ્યું હતું ને આપણે? જુઓને. સ્વરૂપમાં ઠરવું. ઉપર પેરેગ્રાફ. એના ઉપર પેરેગ્રાફ. **'સ્વરૂપમાં ઠરવું...'** આનંદમાં ઠરવું **'ચૈતન્યનું નિર્વિકલ્પપણે પ્રતપવું...'** નિર્વિકલ્પ નામ રાગ વિનાની વીતરાગદશાની શોભા થવી. **'આત્માની શુદ્ધ પર્યાયમાં વીર્યનું ઉગ્ર પ્રતપન...'** શુદ્ધ આનંદમાં વીર્યનું પુરુષાર્થનું ઉગ્ર પ્રતપન તેને તપ કહે છે. સમજાણું કાંઈ? એ છે શ્લોક છેને જુઓ! નિયમસારનો છે. નીચે છે જુઓ.

**'સહજ નિશ્ચયનયાત્મક પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મામાં પ્રતપન તે તપ છે; નિજ સ્વરૂપમાં અવિચલ સ્થિતિરૂપ સહજ નિશ્ચય ચારિત્ર આ તપથી હોય છે.'** આહાહા..! આનંદનો નાથ ભગવાન એમાં ઠરવાથી અને એવી ચારિત્રદશા એ આવા તપથી થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એને પશુ જેના શરીરને **'પત્થર સમજી ખૂજલી ખંજવાળે છે,...'** આહાહા..! **'છતાં તેઓ પોતાના ધ્યાનમાં નિશ્ચલ રહે છે.'** માખી જેવું જનાવર, ફટકડીનો ગાંગડો સ્થિર હોય (ઈ) મૂકે આમ સ્થિર, ત્યાં મીઠાશ ન આવે (ત્યાંથી) ઊઠીને સાકરનો ગાંગડો અડધો બહાર હોય એનો સ્વાદ

લે. અને એવો સ્વાદ લે કે છોકરાને જો સાકરના ગાંગડા મૂક્યા હોય રોટલીમાં એ છોકરો થુંકવાળા હાથે સાકર લેવા જાય તો એની પાંખ ચોટી ગઈ હોય સાકર સાથે. પણ એના સ્વાદમાં એ માખી ઉઠે નહિ. આ તો દાખલો ઘણીવાર આપ્યો છે. ભાઈએ આપ્યો છે, નિહાલભાઈએ આપ્યો છે. આહાહા..!

એમ અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ ભગવાન આત્માનું છે એમાં જે લીન થયો હોય એને ત્યાંથી નીકળવું ગોઠે નહિ. માખી સાકરના સ્વાદે ચોંટી હોય અને એની પાંખ દબાય તોપણ એ ઉઠે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ભારે આવો ધર્મ કઈ જાતનો? આવો તે વીતરાગ ધર્મ હશે? જિનનો પરમેશ્વરનો આવો ધર્મ હશે? ભાઈ! અમે તો અપવાસ કરવા, દયા પાળવી, વ્રત પાળવા, જાત્રા કાઢવી બે-પાંચ-દસ લાખ ખર્ચીને. (એ) બધી વાતું બાપા! એ તો રાગની મંદતાના શુભભાવની વાતું છે, ધર્મ નથી.

ધર્મ તો આત્માના આનંદમાં (રહેલો છે). આહાહા..! કેમકે ધર્મ એ સ્વભાવ છે વસ્તુનો, સમ્યક્ પ્રકારે... '**સ્થિર મુદ્રા દેખિ, મૃગ-ગણ ઉપલ ખાજ ખુજાવતે**' ઉપલ એટલે પત્થર. મૃગગણ. હરણના ટોળા એને પત્થર દેખીને (સમજીને) શરીરને ખંજવાળે છે. આહાહા..! તોપણ જે મુનિ અતીન્દ્રિય આનંદમાં લીન છે એ ત્યાંથી ખસતા નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! એ ૩૪ ગાથા થઈ.

'**માટે અતીન્દ્રિય આનંદમાં ઝૂલતા જ્ઞાનીઓને તપશ્ચર્યાદિનું કષ્ટ લાગતું નથી.**' એવા ધર્માત્માને પંદર પંદર દિ' સુધી આહાર ન મળે, મહિનો-મહિનો આહાર ન મળે તોપણ અતીન્દ્રિય આનંદમાં મસ્ત છે એને બહારનો ફેર દેખાતો નથી. આહાહા..! '**અતીન્દ્રિય આનંદમાં ઝૂલતા...**' અંતર ભગવાન આત્મા અનાકુળ શાંતરસનો પિંડ છે એ. એનું જ્યાં અંતરમાં ભાન થઈને અંદર ઠર્યો... આહાહા..! એને મહિના મહિનાના અપવાસ (હોય).

કહે છે ને કે ભગવાન મહાવીરે છ-છ મહિનાના અપવાસ કર્યા. એ અપવાસ કર્યા એ જોવે છે પણ અંદર આનંદ હતો એને નથી જોતા. છ મહિના સુધી અતીન્દ્રિય આનંદમાં રહેતા હતા. આહાહા..! ભગવાને પણ સાડા બાર વર્ષ સુધી તપસ્યાઓ કરી, અન્નને અન્ન કરીને ખાધું નહિ, પાણીને પાણી કરીને પીધું નહિ. સખ કરીને સૂતા નહિ. એવું બોલે. પણ ધૂળેય નથી તું કહે એમ. સાંભળને!

એ તો અતીન્દ્રિય આનંદનું ધામ હતું સ્વરૂપનું, એમાં લીન થતાં હતાં. લીન થતાં એ વૃત્તિ-ઈચ્છા ઉત્પન્ન જ નહોતી થતી. એને અહીંયાં આહાર ન કર્યો અને તપસ્યા કરી એમ કહેવામાં આવે છે. આહાહા..! એ આહાર ન મળ્યો અને આહાર નથી માટે ખેદ થાય એને, (એમ નથી) આનંદ થાય છે. એમ અતીન્દ્રિય આનંદને પડખે ચડી ગયો છે. આ તો અતીન્દ્રિય આનંદ છે એને પડખે ચડ્યો છે ધર્મી. એમ કહે છે. રાગને પડખેથી ખસી ગયો છે અને અજ્ઞાની આનંદના પડખેથી ખસી ગયો છે. અને રાગને પડખે ચડી ગયો છે. આહાહા..!

'**માટે અતીન્દ્રિય આનંદમાં ઝૂલતા જ્ઞાનીઓને તપશ્ચર્યાદિનું કષ્ટ લાગતું નથી.**'

खेदं गच्छतामात्मस्वरूपोपलम्भाभावं दर्शयन्नाह–

रागद्वेषादिकल्लोलैरलोलं यन्मनोजलम्।
स पश्यत्यात्मनस्तत्त्वं स तत्त्वं नेतरो जनः।।३५।।
રાગાદિક–કલ્લોલથી મન–જળ લોલ ન થાય,
તે દેખે ચિદ્‌તત્ત્વને, અન્ય જને ન જણાય. ૩૫.

टीका :– रागद्वेषादय एव कल्लोलास्तैरलोलमचञ्चलमकलुषं वा। यन्मनोजलं मन एव जलं मनोजलं यस्य मनोजलम् यन्मनोजलम्। स आत्मा। पश्यति। आत्मनस्तत्त्वमात्मनः स्वरूपम्। स तत्त्वम्। स आत्मदर्शी तत्त्वं परमात्मस्वरूपम्य़ नेतरो जनः (रागादिपरिणतः जनः) तत्त्वं न भवति।।३५।।

---

ખેદ પામનારાઓને આત્મસ્વરૂપની પ્રાપ્તિનો અભાવ દર્શાવતાં કહે છે કે :–

શ્લોક – ૩૫

અન્વયાર્થ :– (यन्मनोजलम्) જેનું મનરૂપી જલ (रागद्वेषादिकल्लोलैः) રાગ–દ્વેષાદિ તરંગોથી (अलोलं) ચંચલ થતું નથી, (सः) તે (आत्मनः तत्त्वं) આત્માના યથાર્થ સ્વરૂપને (पश्यति) દેખે છે–અનુભવે છે. (तत् तत्त्वं) તે આત્મ–તત્ત્વને (इतरः जनः) બીજો માણસ–રાગ–દ્વેષાદિથી આ-કુલિત ચિત્તવાળો માણસ (न पश्यति) દેખી શકતો નથી.

ટીકા :– રાગદ્વેષાદિ એ જ કલ્લોલો (તરંગો) છે, તેનાથી અલોલ–અચંચળ–અકલુષ જેનું મનરૂપી જલ છે (–મન એ જ જલ તે મનોજલ, –જેનું મનોજલ છે–) તે આત્મા, આત્માના તત્ત્વને એટલે પરમાત્મસ્વરૂપને દેખે છે (અનુભવે છે,) અર્થાત્ (તે તત્ત્વને) તે એટલે આત્મદર્શી તત્ત્વને એટલે પરમાત્મસ્વરૂપને (અનુભવે છે,) બીજો કોઈ જન અર્થાત્ રાગાદિપરિણત અન્ય (અણળટ્ટપડ્યી) જન તત્ત્વને અનુભવી શકતો નથી.

ભાવાર્થ :– જેનું મન રાગદ્વેષાદિ વિકલ્પોથી આકુલિત–ચલિત થતું નથી તે આત્માના યથાર્થ સ્વરૂપને–પરમાત્મસ્વરૂપને અનુભવે છે; બીજો કોઈ રાગદ્વેષાદિથી આકુલિત–અનાત્મ-ાદર્શી જન તેને અનુભવી શકતો નથી.

જેમ તરંગોથી ઊછળતા પાણીમાં અંદર રહેલી વસ્તુ દેખાતી નથી, તેમ રાગ–દ્વેષાદિરૂપ તરંગોથી–વિકલ્પોથી ચંચલ બનેલા મનરૂપી જલમાં અર્થાત્ જ્ઞાનજલમાં આત્મ–તત્ત્વ દેખાતું નથી. નિર્વિકલ્પ દશામાં જ આત્મ–દર્શન થાય છે; સવિકલ્પ દશામાં આત્માનુભવ થતો નથી.

વિશેષ

વસ્તુસ્વરૂપ સમજી અતીન્દ્રિય આત્મસ્વરૂપની સન્મુખ થતાં રાગદ્વેષાદિ વિકલ્પો સ્વયં શાન્ત થઈ જાય છે. તેને શમાવવા માટે આત્મ–સન્મુખતા સિવાય બીજો કોઈ ઉપાય નથી. ઉપયોગ અંતર્મુખ થતાં રાગદ્વેષાદિનો અભાવ થાય છે, નિર્વિકલ્પ દશા પ્રગટ થાય છે અને

**પરમાત્મ તત્ત્વનો આનંદ અનુભવમાં આવે છે. તે વખતે બહારની ગમે તેવી અનુકૂળતા કે પ્રતિકૂળતા હોય તો પણ ચિત્ત મલિન થતું નથી. આવો જીવ સ્વરૂપમાં લીન થઈ અકથ્ય આનંદ-શાન્તિ અનુભવે છે, પરંતુ બાહ્ય પદાર્થોમાં ઇષ્ટ-અનિષ્ટની કલ્પના કરી જેનું ચિત્ત રાગ-દ્વેષાદિ કષાયોથી આકુલિત થાય છે તેને શુદ્ધાત્માનો આનંદ આવતો નથી; અર્થાત્ તેને શુદ્ધાત્મસ્વરૂપની પ્રાપ્તિ થતી નથી. ૩૫.**

## શ્લોક-૩૫ ઉપર પ્રવચન

૩૫. '**ખેદ પામનારાઓને આત્મસ્વરૂપની પ્રાપ્તિનો અભાવ દર્શાવતા કહે છે :-**' જેને ખેદ લાગે છે એને આત્મદર્શન નથી એ સમકિતી-ધર્મી નથી. આહાહા..!

**रागद्वेषादिकल्लोलैरलोलं यन्मनोजलम्।**
**स पश्यत्यात्मनस्तत्त्वं स तत्त्वं नेतरो जनः।।३५।।**

૩૫. ટીકા. આ તો માખણની વાતું છે ભાઈ આ. '**રાગદ્વેષાદિ જે કલ્લોલો (તરંગો) છે,...**' હું દયા પાળું છું ને વ્રત પાળું છું ને ભક્તિ કરું છું એ બધા રાગદ્વેષના તરંગો-વિકલ્પો છે. આહાહા..! એ '**તેનાથી અલોલ-અચંચળ-અકલુષ જેનું મનરૂપી જલ છે...**' આહાહા..! એ શુભ-અશુભ વિકલ્પો છે એ ચંચળ છે, કલુષ છે. એનાથી જે અચંચળ અને અકલુષ જેનું મનરૂપી જળ છે. '**(મન એ જ જલ તે મનોજલ,-જેનું મનોજલ છે)...**' એટલે જેના આત્મામાં પુણ્ય અને પાપના વિકલ્પો, કલ્લોલો ઉઠતા નથી અને આનંદની લહેરમાં જે અંદર પડ્યો છે એ આત્માના તત્ત્વને પરમ આત્મસ્વરૂપને દેખે છે. સમજાણું કાંઈ?

ગીરધરભાઈ છે કે નહિ? એ યાદ આવી ગયા તમારા બાપને. (સંવત) ૧૯૭૭ની સાલમાં. નાગરભાઈ અને ઓલો શીવલાલ પાનાચંદ નહિ? મોટો કલેક્ટર થયો હતો. એને સાડા ત્રણ હજારનો પગાર. જયપુરના દિવાન શીવલાલ પાનાચંદ. જે પરીક્ષામાં, જ્યોર્જની સાથે (આપેલી) પરીક્ષામાં પહેલે નંબરે પાસ થયો હતો. આ જ્યોર્જ હતો ને? અંગ્રેજ લોકો હિન્દુસ્તાનને પહેલો નહોતા આપતા એટલે પહેલો નંબર જ્યોર્જને આપ્યો અને બીજો શિવને આપ્યો હતો. શિવલાલભાઈને આપ્યો હતો. વિશાશ્રીમાળી વાણિયા. તમારે વઢવાણ. એના ભાઈ છે આ. આહાહા..! અને ઓલા તમારા જાય છે.. શું કહેવાય? ભૂલી જાય છે તમારા. ગઢ-ગઢ. ગઢ હોય ને? વઢવાણમાં ગઢ નથી? ગઢને અડીને એનું ઘર છે. નામ પણ ભૂલી જઈએ છીએ. તમારા ઘરની પડખે.

એ જ્યારે પહેલાં ભણીને આવ્યા શરૂઆતમાં ૭૭માં. પછી તો સાડા ત્રણ હજારનો પગાર થયો હતો મહિને તે દિ'. તે દિ' સાતસોનો પગાર. પહેલા વહેલા ચડ્યાં. અને બોટાદમાં ૭૭ની વાત

છે. વ્યાખ્યાન થયેલું અને આવ્યા. અને ગીરધરભાઈના બાપ લઈને આવ્યા. આ ગીરધરભાઈ છેને. નાગરભાઈ ને બેય આવ્યા. કારણ કે એના મામા ત્યાં રહેતાં. .. મેં કીધું, શિવલાલભાઈ આ તમે આત્માનું કાંઈ વાંચ્યું છે? આત્માનું કાંઈ? સાતસોના પગારમાં તો કલેક્ટર થયો હતો, સાડા ત્રણ હજાર મહિને. આ બધા ડાહ્યા દુનિયાના. કીધું, તમે આત્મા માટે વાંચ્યું છે? બુદ્ધિ બહુ. આખા કપાટના કપાટ વાંચે તો યાદ રહી જાય એટલું. વાંચ્યું છે પણ આત્મા છે કે નહિ એ હજી મેં નિર્ણય નથી કર્યો. એય..! અરેરે..! શું કર્યું એણે? મોટો કોટ પહેરેલો અને ચાલતા હતા. હુશિયાર હતા. નાની ઉંમરને તે દિ'. ૪૮ વર્ષે મરી ગયો બિચારો. ૪૮ વર્ષની ઉંમરે. તે દિ' તો નાની ઉંમર હતી. કીધું, આત્મા વસ્તુ છે એનું કાંઈ તમે વાંચ્યું છે? પણ છે કે નહિ એનો હજી મેં નિર્ણય નથી કર્યો. અરેરે..! આ ભણ્યા મોટા. આ ભણ્યા થોથાં. આ ૭૭ની વાત છે. કેટલા વર્ષ થયા? ૫૪. અરે..! શું કહે છે? આ તમારા ભણતર ભણી ભણીને શું કર્યું તમે? દિવાળા કાઢ્યા કીધું આ તો. આહાહા..!

મુમક્ષુ :-.

ઉત્તર : આ બિચારા માણસો સાંભળતા હતા. નાગરભાઈ સાથે હતા ને. નાગરભાઈને અમારા ઉપર પ્રેમ ઘણો. સંપ્રદાય તરીકે હતોને પ્રેમ. અરેરે..! આ દેહમાં આત્મા છે એ કોણ છે એનો નિર્ણય કર્યો નથી અને આ તમારા ભણતર બધા. આહાહા..!

પત્થરની શીલામાં શાસ્ત્ર લખે એથી પત્થરની શીલા બુડતી આળશે (અટકશે)? પાણીમાં નાખે તો બુડી જાય. એમ તારા આ ભણતર ને આ શાસ્ત્રના ભણતર કેવા હોય? આત્મા એનાથી ભિન્ન છે એવું ભાન નથી એ બધા શાસ્ત્રના ભણતર પણ બુડી જવાના છે. લોકના ડહાપણથી તો બૂડેલા છે જ. આહાહા..! સમજાણું કાંઈ? આ સમયસારને પત્થરની શીલા ઉપર લખેલા હોય તો એ પાણી ઉપર મૂકે તો શાસ્ત્ર છે એટલે તરે ખરા કે નહિ? નહિ?

મુમુક્ષુ :- બીજાને તારે.

ઉત્તર :- બીજાને તારે. આહાહા..! હજી તરવાના પ્રસંગને પોતે સમજ્યો નથી (એ) બીજાને કોને તારવામાં નિમિત્ત થાય ક્યાંથી? આહાહા..! આ જુઓ આ લખેલા છેને? એ પત્થરને લઈને ત્યાં મૂકે પાણીમાં તો? નિયમસાર, સમયસાર છે આ. એમ શાસ્ત્રને કોતર્યા મનમાં, પણ આત્મા રાગરહિત અંદર અખંડાનંદ પ્રભુ છે એને તારતા આવડ્યો નહિ, એ બધા બૂડવાના છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'આત્માના તત્ત્વને એટલે પરમાત્મસ્વરૂપને દેખે છે...'** **'તે એટલે આત્મદર્શી તત્ત્વને એટલે પરમાત્મસ્વરૂપને (અનુભવે છે,)...'** એ શું કહે છે? જેણે અંતરમાંથી વિકલ્પના કલ્લોલોને છોડી દીધા છે એ આત્મતત્ત્વને અનુભવે છે. બીજો કોઈ આત્મતત્ત્વને અનુભવે એમ બનતું નથી. આહાહા..! છે? **'બીજો કોઈ જન અર્થાત્ રાગાદિપરિણત અન્ય જન તત્ત્વને અનુભવી શકતો નથી.'** એટલે શું કહે છે? અંદરમાં જેને દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના વિકલ્પો ઉઠે છે એમાં જે પડ્યો છે, એને આત્મદર્શન નહિ થાય. આહાહા..!

એ વિકલ્પને છોડે છે, ત્યાંથી લક્ષને ફેરવે છે, રાગની લાગણીઓથી લક્ષને ફેરવે છે, તે આત્મદર્શી આત્માને અનુભવે છે. પણ આત્માને રાગથી ફેરવતો નથી અને આત્માનો એને અનુભવ થાય, એમ કોઈ દિ' બનતું નથી. આ તો માખણની વાતું છે એકલી. નવનીતભાઈ! નવનીતભાઈ માખણ છે કે નહિ? નવનીતનો અર્થ માખણ થાય. નહિ? આહાહા..!

કહે છે, ભગવાન પૂજ્યપાદસ્વામી મુનિ છે, આચાર્ય છે. જંગલમાં વસનારા સંત છે. વીતરાગી પાસે ગયા હતા. સીમંધર ભગવાન બિરાજે છે, મહાવિદેહમાં બિરાજે છે ત્યાં ગયા હતા. કુંદકુંદાચાર્ય જેમ ગયા હતા. આઠ દિ' રહ્યા હતા. આ કેટલું રહ્યા એની કોઈને ખબર નથી. ગયા હતા ત્યાં. લેખ છે એનો. પણ ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા. પરમેશ્વર બિરાજે છે સીમંધર પ્રભુ આ જમીન ઉપર મહાવિદેહમાં, પાંચસો ધનુષનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે. બે હજાર વર્ષ પહેલાં પણ ભગવાન બિરાજતા હતા, અત્યારે પણ બિરાજે છે. એના એ ભગવાન બિરાજે છે. હજી અબજો વર્ષ ત્યાં બિરાજશે અરિહંત પદે. પછી દેહ છૂટીને સિદ્ધપદે નમો સિદ્ધાણં(માં બિરાજશે). અત્યારે નમો અરિહંતાણંમાં છે. સમજાણું કાંઈ?

ત્યાં ગયા હતા. છે ને ભાઈ પહેલામાં ક્યાંક? ક્યાંક છે ખરું. ગયા તેવું લખાણ છે. બીજો બોલ. '**વિદેહક્ષેત્રેસ્થિત જિનેન્દ્ર ભગવાનના દર્શનથી તેમનું ગાત્ર પવિત્ર થઈ ગયું હતું;...**' બગડો છે? જેમ કુંદકુંદાચાર્ય, આઠમું પાનું. છે ને? પ્રસ્તાવનામાં. બગડો. છે? '**વિદેહક્ષેત્રેસ્થિત...**' વિદેહક્ષેત્રમાં ભગવાન બિરાજે છે અત્યારે. '**જિનેન્દ્ર ભગવાનના દર્શનથી તેમનું ગાત્ર...**' નામ શરીર '**પવિત્ર થઈ ગયું હતું;...**' આહાહા..! '**જિનેન્દ્રબુદ્ધિ નામે વર્ણવ્યા છે.**' જુઓ ઉપર. '**યોગીઓએ તેમને જિનેન્દ્રબુદ્ધિ...**' પહેલા પેરેગ્રાફ. બહુ શક્તિ હતી. જેના પગ ઈન્દ્રો-દેવો પૂજતા. ભગવાન પાસે ગયા હતા. મહાવિદેહમાં પરમાત્મા સીમંધર પ્રભુ વિહરમાન ભગવાન બિરાજે છે ત્યાં ગયા હતા. (ત્યાંથી) આવીને શાસ્ત્ર રચ્યા. કહે છે.. આહાહા..! કહે છે કે આત્મદર્શન અને અનુભવ કોને થાય? કે જે કાંઈ મનથી, વચનથી, કાયાથી વિકલ્પો જે ઉઠે છે રાગ, એને છોડે. આહાહા..! મનનો ઘડો જે ફોડે. સંકલ્પ-વિકલ્પ મન કહેવાય. આઠમે પાને છે. બીજો બોલ. તે પરમાત્મસ્વરૂપ એવો આત્મા એને એ દેખે એટલે કે અનુભવે. બહુ મોંઘું ભાઈ આવું તત્ત્વ છે. ભાઈ! સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર જેને સો ઈન્દ્ર પૂજે છે એનું કહેલું તત્ત્વ ઘણું સૂક્ષ્મ છે. જગતને સાંભળવા મળતું નથી. જે મળે એ બીજું મળે છે. આહાહા..!

અહીં કહે છે, મહાપ્રભુ ચૈતન્ય બિરાજે છે અંદર. અતીન્દ્રિય આનંદથી છલોછલ ભરેલો ભગવાન આત્મા છે. આહાહા..! પણ એને કોણ અનુભવે? એટલે કે એને કોણ દેખે? એટલે કે એના ધ્યાનમાં આ આત્મા ક્યારે આવે? આહાહા..! કે પુણ્ય અને પાપના વિકલ્પોને છોડી દે તો. દૃષ્ટિમાંથી છોડીને. આહાહા..! સમજાણું? એ '**રાગાદિપરિણત અન્ય જન તત્ત્વને અનુભવી શકતો નથી.**' આહાહા..! જેને આત્મા ગુણી અને અનંત આનંદ આદિ ગુણ એવા ભેદનો રાગનો વિકલ્પ ઉઠ્યો છે અને એ વિકલ્પમાં પડ્યો, એ આત્માને જોઈ નહિ શકે. આહાહા..! સમજાણું કાંઈ?

પહેલા એને ખ્યાલમાં તો લેવો પડશે ને કે માર્ગ આવો છે. ખ્યાલ વિના ચાલશે શી રીતે? આહાહા..!

અરેરે..! જગતને ક્યાં પડી છે એને મારું શું થશે? અરે..! મારું શું થશે? અને હું ક્યાં જઈશ? સમજાણું કાંઈ? કેમકે જે વસ્તુ છે એ તો અનાદિઅનંત છે. સચ્ચિદાનંદ સ્વરૂપ છેને? એ તો શાશ્વત છે. નવું થયેલું છે? નાશ થાય એવું છે? નવું થયું નથી, નાશ થાય એવું નથી. છે ને છે. હવે એને અહીંયાંથી ભવિષ્યમાં ક્યાં રહેવું? રહેશે તો અનંત કાળ. જે કોઈ રાગના વિકલ્પની એકતામાં છે એ રાગમાં રહેશે ભવિષ્યમાં. એટલે રખડતો રહેશે એ રાગમાં...

એ જેને આત્મા જાણવો છે એના પહેલા કાળની વાત છે. એને ચોથો પણ નથી અને પાંચમો પણ નથી અને છઠ્ઠો કાંઈ છે નહિ અંદરમાં. એકલો આત્મા છે પ્રભુ. આહાહા..! હમણાં જ જોયું હતું. તે દિ' વાંચ્યું હતું ૮૪માં. એ આજે આવી ગયું. એ દ્રવ્યસંગ્રહ નથી આવ્યું? કાળલબ્ધિ છે પણ હેય છે. આ છેલ્લું છેને? સ્યાદ્વાદ થોડું જોયું, નયનું જોયું, નિક્ષેપનું જોયું, પ્રમાણનું થોડું બાકી છે. ભાઈ ચાર કહેતા હતા ને? નય, નિક્ષેપ, પ્રમાણ અને સ્યાદ્વાદ. મેં વાંચ્યું છે ભાઈ. હુકમચંદજી. હુકમચંદજી પંડિત છે એ. જયપુર. બહુ હુશિયાર. ૩૯ વર્ષની ઉંમર પણ બુદ્ધિ તો ઘણી બધી. ભાઈ ઓળખેને શેઠ. હુકમીચંદભાઈ! હમણા આવ્યા હતા ને. બહુ ઘણી બુદ્ધિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ. અત્યારના પંડિતોની અપેક્ષાએ એની બુદ્ધિ ઘણી. ધારણા ઘણી. હજી તો ૪૦ વર્ષ થયા છે. એ કહે કે હમણાં શબ્દકોષ બનાવ્યો છે એક જણાએ—જિનેન્દ્રવર્ણી. એટલે કે મેં આમાંથી ચાર મૂળ વાંચ્યું છે. નય, નિક્ષેપ, પ્રમાણ અને સ્યાદ્વાદ. બાકી તો મોટા દરિયા છે આ પુસ્તક આવ્યા છે. ૫૦-૫૫ એક એક પદ ચાર. એમાં આ તો પ્રયોજનભૂત વાત છે એ ન જાણે. આહાહા..! લાખ એવા ચોપડા બનાવે. સમજાણું કાંઈ? આહાહા..! એમાં એ આવ્યું હતું. દ્રવ્યસંગ્રહનું નહોતું કહ્યું તે દિ'? લબ્ધિ છે એ છે, પણ હેય છે. આજે જ આવ્યું છે. નય, નિક્ષેપ. આહાહા..!

કહે છે કે જેને શુભ-અશુભની વિકલ્પની રાગની લાગણી ઊભી છે એ રાગમાં જેનું લક્ષ છે, રાગમાં જેનું ધ્યેય છે, રાગમાં જે રંગાઈ ગયો છે એને ભગવાન આત્મા નહિ જણાય. ચાહે તો વ્રત, તપના વિકલ્પમાં રંગાણો હોય તોપણ આત્મા નહિ જણાય. સમજાણું કાંઈ? એ જે રાગના વિકલ્પથી રહિત થઈને અંદરમાં સ્વરૂપના અનુભવમાં જશે એને વિકલ્પનો ભાવ રહેતો નથી. આહાહા..! આવી સ્થિતિ છે બાપુ! લોકો બીજી રીતે કહે, કલ્પે, કહેશે. જિંદગી ચાલી જશે ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- જેનું મન રાગદ્વેષાદિ વિકલ્પોથી આકુલિત-**' છે. સંકલ્પ-વિકલ્પ કર્યા જ કરે છે. આહાહા..! છે? '**વિકલ્પોથી આકુલિત-ચલિત થતું નથી તે આત્માના યથાર્થ સ્વરૂપને-**' આહાહા..! આવી વાત બહુ ઝીણી. પણ આવ્યા ઠીક ટાકણે આવી ગયા તમે. આ વસ્તુ જ હજી સાંભળવી મુશ્કેલ છે. આહાહા..! તમારે મુંબઈમાં તો હોળી છે બધી. મોહરૂપી નગરી છે. શ્રીમદ્દે કહ્યું

છેને? મોહમયી. મોહમયી નગરી કીધી એ આ. આહાહા..!

અહીં તો કહે છે કે આત્મા નિર્વિકલ્પ ચૈતન્યઘન છે એને પ્રાપ્ત કરવા માટે તો આ વિકલ્પો લાખ શાસ્ત્રના ભણતરના, આ હું નિત્ય છું, પર અનિત્ય છે, હું સ્વ છું, બીજા પર છે એવી લાગણી છોડ્યે છૂટકો, સ્વભાવમાં જવું હોય તો. આહાહા..! પોપટભાઈ! એ રૂપિયા રળવામાં કાંઈ મહેનત પડી નથી હોં! એ તો પુણ્યને લઈને ઢગલા દેખાણા.

મુમુક્ષુ :- આમાં મોટો પુરુષાર્થ કરવો પડે.

ઉત્તર : મોટો પુરુષાર્થ.

મુમુક્ષુ :- એમાં નાનો કરવો પડે.

ઉત્તર :- ના, એ નાનો પણ ખોટો છે. આહાહા..!

ભગવાન! તું કોણ છો? ક્યાં છો? બાપુ! તને ખબર નથી. એને પહોંચી વળવા માટે ભગવાન કહ્યું છેને. કહ્યું હતું ને? ૭૨ ગાથામાં. સમયસારની ૭૨ ગાથામાં 'ભગવાન' કરીને જ બોલાવ્યો જીવને. ભગવાન આત્મા, એમ. સંસ્કૃત ટીકામાં આપણે વંચાઈ ગયું છે. ભાઈ! અંદર જે દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ થાય. આમાં નહિ ભાઈ! આ તો છે સમાધિતંત્ર. સમયસારમાં. સમયસાર. ૭૨ ગાથા છેને. લ્યો ૭૬ નીકળી. ૭૨ છે જુઓ. ભગવાન તરીકે તો આચાર્યે બોલાવ્યા છે. ભગવાન!

'**જળમાં શેવાળ છે...**' જળમાં શેવાળ છે '**તે મળ છે–મેલ છે;...**' આ જળ-જળ, પાણી. '**શેવાળની માફક...**' એ શેવાળની માફક. '**આસ્રવો મળપણે–મેલપણે અનુભવાતા હોવાથી...**' એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ મેલ છે. આહાહા..! અરેરે..! એને ખબર ન મળે. એ '**શેવાળની માફક આસ્રવો મળપણે–મેલપણે અનુભવાતા હોવાથી...**' એ પુણ્યના ભાવ પણ મેલ છે, અશુચિ છે, અપવિત્ર છે '**અને ભગવાન આત્મા...**' સંસ્કૃત છે. આહાહા..! છે? '**ભગવાન આત્મા તો સદાય અતિનિર્મળ ચૈતન્યમાત્રસ્વભાવપણે જ્ઞાયક હોવાથી અત્યંત શુચિ જ છે (પવિત્ર જ છે;...**' એ તો પ્રભુ! પુણ્ય-પાપના ભાવ જે થાય એ તો મલિન છે, અશુચિ છે, અપવિત્ર છે. ભાઈ! તને ખબર નથી. સમજાણું કાંઈ? જેમ આ શરીરમાં માંસ ને હાડકા, વીર્ય અને લોહી અશુચિ જડની છે. એમ ભગવાન આત્મામાં એ પુણ્ય અને પાપના ભાવ જે દેખાય એ બધા મલિન અને અશુચિ છે. ભગવાન આત્મા અતિનિર્મળ તે સદાય... આહાહા..! સંસ્કૃત ટીકા છે હોં.

'**भगवानात्मा तु नित्यमेवातिनिर्मलचिन्मात्रत्वेनोपलम्भकत्वादत्यन्तं शुचिरेव**' સંસ્કૃત છે. આહાહા..! પામરને પ્રભુ તરીકે બોલાવ્યો છે એને. શેઠ! ભાઈ! તું પામર નથી, ભાઈ! પર્યાયમાં તેં પામરતા માની છે. તું પ્રભુ છો. અનંત-અનંત ગુણનો સાગર પ્રભુ તું છો. તારી મોટપ તો સિદ્ધની પર્યાય કરતાં મોટી મોટપ છે. સિદ્ધની પર્યાય એક સમયની, એવી અનંતી પર્યાયો તારા અંદર ગુણમાં પડી છે. એવો ભગવાન આત્મા... આહાહા..! દિગંબર સંતો જે આનંદમાં ઝુલનારા, એ કહે છે કે ભગવાન આત્મા.. આહાહા..! શરીર, વાણી, મન તો જડ છે, અજીવ છે, પણ જે કાંઈ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના વિકલ્પ ઉઠે છે અને હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસનાનો વિકલ્પ-

બેય અશુચિ અને મેલ છે. આહાહા..! એ આત્માનું સ્વરૂપ નથી. એનાથી આત્મા પ્રાપ્ત થતો નથી. નવરંગભાઈ! આહાહા..! ભાઈ! માર્ગ તો એવો છે. અપૂર્વ માર્ગ છે. પૂર્વે કોઈ દિ' સાંભળ્યો નથી.

શ્રુત પરિચિત અનુભુતા. અનંત વાર ભાઈ! તેં શુભરાગની વાર્તા સાંભળી છે, પરિચયમાં આવી ગઈ છે અને અનુભવી છે તેં. એ કોઈ નવી વાત નથી. એ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ તો રાગ છે એની વાત તો તેં સાંભળી છે. તેં કરી છે અને અનુભવી છે. પણ રાગથી રહિત ભગવાન આત્માની વાત તેં પૂર્વે સાંભળી નથી, ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? ગાંડા જેવું લાગે હોં માણસને તો. વેર કરતા હોય માનતા હોય એમ અંદરથી. પાંચ પચાસ લાખની મૂડી હોય, બે-પાંચ લાખ પેદા કરતા હોય, બાયડી ઠીક હોય, છોકરા રળાઉ જાગ્યા હોય કર્મી. સુખી છીએ, બધી રીતે અમે સુખી છીએ. ધૂળેય નથી સુખી સાંભળને! પરાશ્રિતભાવ એ બધો દુઃખનો છે. એ દુઃખના વિકલ્પથી રહિત પ્રભુ બિરાજે છે અંદર. આહાહા..! સમજાણું કાંઈ? ત્રણ વાર છે હોં! એક નહિ પણ ત્રણ વાર. ભગવાન.. ભગવાન.. કરીને બોલે છે. આહાહા..!

એની મા ઘોડિયામાં સુવાડે ત્યારે વખાણ કરે. મારો દીકરો ડાહ્યો છે ને પાટલે બેસીને નાહ્યો છે. ત્યારે સૂવે હોં! ગાળ દેશો તો નહિ સૂવે. જો જો ઘરે કોક દિ' જોવું હોય તો. કારણ કે અવ્યક્તપણે પણ એને ગુણ વ્હાલા લાગે છે. ડાહ્યો છે ને પાટલો આમ છે. એ ગાણા એની મા એને સુવાડવા ગાય છે. આ ભગવાન એને જગાડવા ગાય છે. આહાહા..!

૬૪ની વાત છે. સંવત ૬૪. અનુસૂયાનું નાટક હતું. મોટું નાટક. ત્યાં નર્મદા છેને ભરૂચને કાંઠે નર્મદા નદી. એ બે બહેનો હતા. નર્મદા અને અનુસૂયા. છે અમારે પાલેજ પાસે છે નદી. એટલે માલ લેવા જતા ત્યારે ગયેલા. ૬૪ની વાત છે. સંવત્ ૬૪. ત્યારે અનુસૂયાનું નાટક હતું. સાંજે રાતે તો કાંઈ હોય નહિ. માલ દિવસે લઈ લીધો હોય. નવરા (થઈ જઈએ પછી) ચાલો જોવા જઈએ. એમાં અનૂસુયા એ બાઈ હતી. એ પરણ્યા વિના સ્વર્ગમાં જાતી હતી. સ્વર્ગમાં કહે અહીં ન અવાય. અપુત્રસ્ય ગતિ નાસ્તિ. ત્યાં કોને પણ? હેઠે પડ એને પરણ. એને એક આંધળો બ્રાહ્મણ હતો એને પરણી. એને થયો છોકરો. હીંડોળામાં હીંચકતી હતી. શુદ્ધોસી બુદ્ધોસી નિર્વિકલ્પોસી.. એમ ગાતી હતી એને. બેટા! તું શુદ્ધ છો, બુદ્ધ છો, નિર્વિકલ્પ છો, આનંદ છો. એ વખતની વાત છે. છોકરું લાવ્યા હશે ક્યાંકથી. છોકરું જીવતું હતું. પછી ઓલામાં નાખ્યું.

એમ આ ભગવાન જગાડે છે. અરે..! આનંદનો નાથ નિર્વિકલ્પ સ્વરૂપ છો તું પ્રભુ જાગને! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ ૧૧, ગુરુવાર તા. ૨૩-૦૧-૧૯૭૫
## શ્લોક -૩૫-૩૬,
## પ્રવચન - ૪૪

શ્લોક-૩૫. એનો '**ભાવાર્થ :- જેનું મન રાગદ્વેષાદિ વિકલ્પોથી આકુલિત-ચલિત થતું નથી તે આત્માના યથાર્થ સ્વરૂપને—પરમાત્મસ્વરૂપને અનુભવે છે;...**' કોઈ એમ કહે કે ભાઈ! પ્રથમ એને રાગની મંદતાથી નય, નિક્ષેપ અને પ્રમાણજ્ઞાનથી જાણે તો તે અનુભવ થાય. એમ નથી એમ કહે છે. આત્માનો અનુભવ એ શુભ-અશુભ વિકલ્પોથી થાય એમ નથી. એવી ઝીણી સીધી વાત છે. જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું છે એટલે કે જેને સુખનો પંથ પ્રગટ કરવો છે, એને મનના સંબંધમાં થતી પુણ્ય-પાપની લાગણીઓ એને છોડ્યે સ્વરૂપનો અનુભવ થશે.

'**બીજો કોઈ રાગદ્વેષાદિથી આકુલિત—**' જેને અંદરમાં વિકલ્પો ઉઠ્યા કરે છે એ '**અનાત્મ-દર્શી જન...**' આત્માને જોઈ નહિ શકે. આહાહા..! આ તો ઠેઠની વાત છે માખણની. ભાઈ! એનું સાધન? બધા પૂછે છેને ઘણા એ? ત્યાં પણ પૂછે છે અગાસમાં કે આ નિશ્ચયની વાત કરી પણ એનું કાંઈ સાધન? સાધન એ. પૂર્ણાનંદનો નાથ અંદર વિકલ્પની લાગણી છોડી દઈને સ્વરૂપને અનુભવે એ સાધન. શેઠ! એમ કે કાંઈક દાન કરીએ, દયા પાળીએ, વ્રત પાળીએ, તપસ્યા કરીએ, ભક્તિ કરીએ, મંદિર બનાવીએ તો કાંઈક આત્માનું દર્શન અને સમ્યક્ થાય કે નહિ? આહાહા..! લેખ લખતા બહુ આવડે શાસ્ત્રના એનાથી આત્માનો અનુભવ થાય કે નહિ? લેખ લખવા ને એ તો બધો વિકલ્પ છે. આહાહા..!

મુમુક્ષુ :- સાધન તો છે.

ઉત્તર :- એ માટે તો કહ્યું સાધન-ફાધન નથી.

અહીંયાં તો આત્મા અંદર નિર્વિકલ્પ ચીજ છે એટલે કે પૂર્ણ આનંદ અને જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવથી ભરેલો પ્રભુ આત્મા છે એને તો કોઈપણ પ્રકારના વિકલ્પની જાતથી તે અનુભવમાં આવે એવો નથી. આહાહા..! કહો, આ એકાંત થઈ જાય છે. પંડિતો કેટલાક કહે છે કે આ તો એકાંત છે. એ એકાંત કરશે તો જ એનું અનેકાંતનું સાચું જ્ઞાન થશે. આહાહા..! જોયું! અસ્તિ-નાસ્તિ બેય વાત કરી.

જેને આત્મા સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું છે. હજી તો ધર્મનો પહેલો પાયો, ધર્મનું પહેલું પગથિયું. એ પ્રાપ્ત કરવું હોય એને અતીન્દ્રિય આનંદનો નાથ પૂર્ણ સ્વરૂપ છે એને વિકલ્પની લાગણી છોડી દઈને સીધો નિર્વિકલ્પથી અનુભવ થઈ શકે એવી ચીજ છે. આહાહા..! આ મોટી તકરાર આ બધા પંડિત

સાથે. બનારસના બધા ભણેલા (એમ કહે તે) વ્યવહારથી થાય, વ્યવહારથી થાય. અહીં ના પાડે છે. રાગની મંદતાના પરિણામ કરતાં કરતાં આત્મા અવિકારી આનંદસ્વરૂપ છે એનો અનુભવ થાય એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ ૧૩મી ગાથામાં આવ્યું હતુંને નય, નિક્ષેપ, પ્રમાણથી જાણે. છતાં એ બધા વિકલ્પો તે અભૂતાર્થ છે. એ સાચું સાધન નથી. આહાહા..!

અરે..! અનંત કાળથી એણે પરિભ્રમણના પંથને છોડ્યો નહિ અને એ વિકલ્પો છે એ સંસાર છે. આહાહા..! સ્વરૂપમાં એ છે નહિ. સ્વરૂપ તો આનંદકંદ પ્રભુ, શુદ્ધ જ્ઞાયકસ્વભાવથી ભરેલો પદાર્થ (છે) એમાં પર્યાયો જે નિર્મળ પ્રગટે ધર્મની એ પણ એમાં નથી અંદરમાં. આહાહા..! આવી વાત ભારે. બધા (એમ માને કે) આપણે એકલું દાન આપો, આ કરો.. આ કરો... આ કરો... દવાખાના માંડો, ભોજનશાળા બનાવો, ભોજનશાળા. પાંચ લાખ રૂપિયા કરો એમાંથી વ્યાજમાંથી આપો (જમણ) દરરોજનું. અત્યારે બે રૂપિયાનો ખર્ચ થાય છે ત્રણનો એક ટંકનો. એક રૂપિયો ભોજન આપો બધાને. એવું કરે છેને? રાજકોટમાં પણ છે. એવું છે કાંઈક છેને. મોહનભાઈ તરફથી છે. મોહન ધીયા તરફથી કાંઈક છે. થોડી કિંમતે દે. તો એમાં સારો ભાવ છે તો એમાંથી હળવે-હળવે આત્માનો અનુભવ થાય. એ તો ના પાડે છે. કહો, શેઠ! દવા મફત આપવી, બીજાના આંતરડા રાજી થાય. એનાથી કાંઈ લાભ ન થાય જીવને? અરે.. ભાઈ! એ તો વિકલ્પની લાગણી છે. એ તો દૂર રહો. એનાથી તો આત્માનું સમ્યગ્દર્શન થાય નહિ, પણ આત્મા અનંત ગુણનો ધણી ગુણી છે અને એમાં આનંદ આદિ ગુણ છે એવો ભેદનો જે વિકલ્પ ઉઠેલો રાગ એનાથી પણ તે આત્મા જણાય એવો, અનુભવાય એવો નથી. આહાહા..! આ આકરું લાગે છેને. માણસ માને છે કે આ સોનગઢનું છે. સોનગઢનું છે કે શાસ્ત્રનું છે? એય..! શેઠ! ભાઈ! તને ખબર નથી.

એ પ્રભુ ચૈતન્ય પોતાના શુદ્ધ સ્વભાવથી ભરેલો મહાપ્રભુ છે. એને સ્વભાવની ધારાથી જ અનુભવાય. નિર્મળ સ્વભાવની ધારાથી જ એને અનુભવાય અને પકડાય, બાકી કોઈ વસ્તુ છે નહિ. બીજા કહેતા હોય તો ભ્રમ છે. સમજાણું કાંઈ? આહાહા..! આત્મા જાણનાર... જાણનાર... જાણનાર છે અને એનું જ્ઞાન છે એ ગુણ છે. અને જ્ઞાતા-જ્ઞેય... અને જ્ઞાતા પોતે જ્ઞાનનું પોતાની દશાનું જ્ઞેય છે. એવા ત્રણ ભેદનો પણ જ્યાં વિકલ્પ રાગ ઉઠે છે ત્યાં સુધી આત્મા પ્રાપ્ત નહિ થાય. એવો વસ્તુસ્વભાવ છે. એણે કોઈ દિ' એ રસ્તો લીધો નથી અને લેવાની દરકાર કરી નથી. બધી બહારની ધમાધમ (કરી).

યશોવિજય નથી કહેતા? એ કહે છેને? 'ધામ ધુમે ધમાધમ ચલી, જ્ઞાનમાર્ગ રહ્યો દૂર રે.' આહાહા..! અજ્ઞાનીઓએ બહારની પ્રવૃત્તિ જાણે વ્રત કરવા અને તપસ્યાઓ કરવી, દાન દેવા ને બીજાઓના દુઃખીના આંસુ લુછવા, નાગાને કપડા દેવા, ભૂખ્યાને અનાજ દેવું, રોગીને ઔષધ દેવું. ધીરૂભાઈ! આવી વાત છે. (એ) માર્ગ જ નથી. એ તો બધો પુણ્યનો માર્ગ છે, રાગનો છે. આહાહા..! અને એ રાગના માર્ગે અંતર અનુભવ આત્મા પ્રાપ્ત થાય એવું વસ્તુનું સ્વરૂપ જ નથી. આવી વાત છે, ભાઈ! નિરાલંબી પ્રભુ છે. એણે કોઈ દિ' દરકાર કરી જ નથી. આ જગતના લાલાપેઠા કરી કરીને મરી

ગયો. લાલાપેઠા સમજ્યાને? દયા પાળશું તો ભાઈ સામાના આંતરડાના.. અંતર દુઆ દેશે. એના આંતર દુઆ દે. આહાર, પાણી દે, સંભાળ રાખે, રોગીને દવા આપે, કપડા આપે કાંઈક. બધી વાતું ખોટે ખોટી છે. આહાહા..! એય.. શેઠ!

મુમુક્ષુ :– આગળવાળા કરતા આવ્યા છે.

ઉત્તર :– કરતા આવ્યા તો કરે. અજ્ઞાન કરે છે અનાદિથી. સમજાણું કાંઈ?

અહીં તો પરમાત્મા સર્વજ્ઞ પરમાત્માએ કહેલો આ ભાવ છે, એ સંતો જગત પાસે આડતિયા થઈને જાહેર કરે છે. સમજાણું કાંઈ? જેને અંદરમાં જ્યાં સુધી શુભરાગના વિકલ્પ ઉઠે–દયાના, દાનના, ગુણ–ગુણીના ભેદનો એ વિકલ્પથી આત્માનું અજ્ઞાન ટળે કે જ્ઞાન થાય એમ નથી. એય.. નવરંગભાઈ! .. પાણીનું ક્યાં વયું ગયું? વયું ગયું. ભાઈને હતું ને. .. ૨૦૦૫ની સાલ નહિ? ૨૬ વર્ષ થયા ૨૬. આહાહા..!

ભગવાન! તું એવો નિરાલંબી વસ્તુ છો. આહાહા..! એ ચૈતન્યના દરિયામાં પ્રવેશ કરવા માટે કોઈપણ પ્રકારના રાગના વિકલ્પની એને જરૂર નથી. પોપટભાઈ! આ પૈસાવાળા હોય જાણે પૈસા ખર્ચીએ ને કાંઈક ધર્મ થાશે હળવે–હળવે. બે–પાંચ. બે–પાંચ લાખ તો ન ખર્ચે, પણ થોડાઘણા આપે. શરીરના બળિયા હોય એ અપવાસ કરે કે ધર્મ થાશે. મનના બળિયા હોય એ મનથી વાતું કરે ધર્મ આમ ને ધર્મ આમ. ત્રણેય બળ ત્યાં કામ આવે એવા નથી કહે છે. આહાહા..! છે? આહાહા..!

'**જેમ તરંગોથી ઊછળતા પાણીમાં...**' હવે ન્યાય આપે છે. પાણી છે એમાં તરંગ ઉઠતા હોય તરંગ મોજા. '**અંદર રહેલી વસ્તુ દેખાતી નથી,...**' તરંગ ઉઠે એમાં શું પડ્યું છે (એ દેખાય નહિ). દાગીનો પડી ગયો હોય સોનાનો (એ) દેખાય નહિ. '**તેમ રાગ–દ્વેષાદિરૂપ તરંગોથી–**' એટલે કે '**વિકલ્પોથી...**' એટલે કે શુભ–અશુભ લાગણીથી '**ચંચલ બનેલા મનરૂપી જલમાં અર્થાત્ જ્ઞાનજલમાં આત્મ–તત્ત્વ દખાતું નથી.**' આહાહા..! સુજાનલમજી! બહુ માર્ગ ભાઈ આ.

મુમુક્ષુ :– રસ્તો બતાવો.

ઉત્તર :– આ કીધું ને. પણ કે દિ' પ્રયત્ન કર્યો? સાંભળ્યું નથી ને નિર્ણય કર્યો નથી. એનું એમ ને એમ ગોટે ગોટા વાળ્યા છે અંદરથી. આહાહા..!

એ વસ્તુ રાગના વિકલ્પની લાગણીથી પાર છે. એને રાગના વિકલ્પની મંદતાથી તેમાં જવાય, આત્મામાં પ્રવેશ થઈને આત્મા અનુભવાય એ વસ્તુ એવી નથી. આહાહા..! ભારે વાત ભાઈ! લોકોને આકરું તેથી પડે છે. ઓલા કહે કે શાસ્ત્ર આપો બધાને કે જેથી તમને જ્ઞાનાવરણીય ટળીને જ્ઞાન થાય. કુંદકુંદાચાર્યને ન થયું? કુંદકુંદાચાર્યને ન થયું? કુંદકુંદાચાર્ય હતા.

મુમુક્ષુ :– કુંદકુંદાચાર્યને એનાથી થયું?

ઉત્તર :– એ કહે છે એનાથી થયું. એય.. શેઠ! શું (કહ્યું)?

કુંદકુંદાચાર્ય પહેલા ભવમાં ગોવાળિયા હતા. એ શેઠને ઘરે એના ઢોરને ચારતા હશે જંગલમાં. એમાં જંગલમાં લા લાગી. અને પોતે, લા લાગી ત્યાં જોવે છે કે નીચે ઝાડ તળે, કુંદકુંદાચાર્યનો જીવ.

ત્યાં એક પેટી પડેલી. પેટી સળગી નહિ. એટલે પછી આમ જોવે છે પેટીને. ઓહો..! આ તો શાસ્ત્ર. ગોવાળિયો હતો શેઠનો. એ શાસ્ત્ર લઈને ઘરે આવ્યો. એમાં મુનિરાજ આવ્યા આહાર લેવા. નગ્ન મુનિ દિગંબર, અમૃતના સાગર અમૃતની છોળો ઉછાળતાં. આહાહા..! છઠ્ઠે, સાતમે ગુણસ્થાનની ભૂમિકાએ ઝૂલતા. મહારાજને શેઠિયાએ આહાર વહોરાવ્યો, આ ગોવાળિયાએ પુસ્તક વહોરાવ્યા. કથામાં આવે છે વાતમાં. એને લઈને એમ કે કુંદકુંદાચાર્યને જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થયો. એમ કહે છે એ બધા પંડિતો-બંડિતો. એ તો એક કોણ હતું એવું જ્ઞાન કરાવ્યું. બાકી જ્યારે એને સમ્યગ્જ્ઞાન થયું ત્યારે એને કોઈ આ કર્યું ને તે કર્યું માટે સમ્યગ્જ્ઞાન થયું એમ છે નહિ. આહાહા..!

અમથું નથી આવતું ઓલા દસ પ્રકારના ધર્મ ઉત્તમ ક્ષમા આદિ? અને એમાં ત્યાગ ધર્મ આવે છે. ત્યાગમાં એવું આવે કે પોતા પાસે કોઈ પુસ્તક હોય તો બીજાને દેવું. દસ પ્રકારના ધર્મમાં આવે છેને શેઠ! ઉત્તમ ક્ષમા. એમાં ત્યાગ આવે છે ત્યાગધર્મ. લખાણમાં એમ આવે કે પોતા પાસે કોઈ પુસ્તક હોય અને કોઈ માગે તો દે એ ત્યાગ થયો એટલો. એ તો એક ક્રિયા થઈ. એક વિકલ્પ થયો કે આ દઉં. એ વિકલ્પથી આત્માને સમ્યગ્જ્ઞાન થાય (નહિ). નવરંગભાઈ! આ બધા આટલા આટલા લખાણ અને લોકો પંડિતો કહે એ બધી ખોટી વાત હશે?

કુંદકુંદાચાર્યનો દાખલો આપે. કુંદકુંદાચાર્ય પુસ્તકના બનાવનાર. એ ભગવાન પાસે ગયા. આઠ દિ' રહ્યા. સાક્ષાત્ પ્રભુ બિરાજે છે. આહાહા..! આટલો બધો ક્ષયોપશમ કે જેના શાસ્ત્રની રચના સાધારણ આચાર્ય ન કરે એવી તો એની રચના. એટલો જ્ઞાનનો ક્ષયોપશમ એ ગોવાળિયાના ભવમાં મુનિને પુસ્તકો આપ્યા એને લઈને થયું એમ કહે છે લોકો. અહીં ના પાડે છે કે એમ છે જ નહિ. આહાહા..! શું થાય?

એ ચૈતન્ય  આનંદનો સાગર જ્ઞાનનો ભરેલો.. આહાહા..! એને હું આ આત્મા અબદ્ધ છું, શુદ્ધ છું, ચૈતન્યકંદ છું એવો જે વિકલ્પ નામ રાગની લાગણી એ તો છે, એનાથી પણ એની પ્રાપ્તિ થાય એવું નથી. આહાહા..! બાપુ! મારગડા અલૌકિક છે, ભાઈ! એને માર્ગને પામવાની રીત શું છે એ એણે જાણી નથી. સમજાણું કાંઈ? ઓલા કહે કે એકવાર વંદે જો કોઈ (નરક પશુ નહિ હોઈ).

મુમુક્ષુ :- થાય નરક પશુ ગતિ..

ઉત્તર :- પશુ નરક. સમ્મેદશિખરની જાત્રા (કરે). ધીરૂભાઈ! જુઓને! અમારે હવે આ થશે ને આ ગિરનારની. ત્રીજને દિ' જાત્રા છે. નહિ? ત્રીજને? બીજે. બીજને દિ' જવાનું છે સવારમાં. ત્રીજને દિ' બપોરે છે નહિ? ઉપર જવાનું છે. ભાઈ આવવાના છે બાબુભાઈ છસ્સો માણસ લઈને. આપણે બાબુભાઈ નહિ? ધર્મચક્ર કાઢ્યું છેને એણે? છસ્સો માણસ. ઘણું કરીને એ આવવાના છે બીજમાં સવારે. ત્રીજને સાંજે ઉપર ચડવાનું. બાપુ! એ તો એક શુભરાગ છે. હોય, પણ એ શુભરાગ છે માટે એને સમ્યગ્દર્શન થાય (એમ નથી). ધીરૂભાઈ!

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન ન થાય તો કાંઈ નહિ, ધર્મ તો થાય.

ઉત્તર :- ધર્મ નહિ. આહાહા..! એવું કાંઈક સજ્ઝાયમાં એવું આવે છેને હોં. ધીરુભાઈ આ

તમારું નામ આવ્યું ને એમાં આવ્યું છે. 'ધીરજ ધરને અરે.. અધિરા.' એવું આવે છે. સજ્ઝાય વાંચેલી બહુને, હજારો સજ્ઝાય વાંચેલી. દુકાન ઉપર હોં તે દિ'. (સંવત) ૧૯૬૪, ૬૫, ૬૬(ની સાલ). ચાર સજ્ઝાય માળા છે. અઢીસો અઢીસોની સજ્ઝાય. એમાં એમ આવે છે. 'ધીરજ ધરને અરે.. અધીરા...' પછી ભૂલી ગયા. એટલું પદ યાદ રહ્યું. ધીરો થા, ભાઈ ધીરો થા. આહાહા..! તારા આવા વિકલ્પની જાતથી તું જણાય એવો તું છો નહિ. આહાહા..! પર તરફના ઉત્સાહની લાગણી જ્યાં સુધી છે ત્યાં સુધી સ્વભાવ સન્મુખ થઈ શકશે નહિ. સમજાણું કાંઈ? ઉપદેશ દઈને ઘણા માણસો ધર્મ પામે, લાખો માણસ પામે, એનાથી એને આત્માને લાભ થાય ધર્મનો. એમ નથી.

મુમુક્ષુ :- તો ઉપદેશ...

ઉત્તર :- કોણ કરતું હતું? વાણી વાણીને કારણે આવે છે.

એ તો વાત થઈ નથી? કે વાણી આવે છે. એ આત્મા એનો કર્તા નથી. ભાષાની વર્ગણા જે રજકણોનો સમૂહ છે એમાંથી ભાષારૂપે પરિણમવાના રજકણો છે એ ભાષારૂપે થાય છે. એનો આત્મા કર્તા નથી. અને એ ભાષાની પર્યાય કાને પડી સામાને. માટે તે કાળે તેને જ્ઞાનની પર્યાય થાય એ ભાષાથી થતી નથી. આહાહા..! આવી વાત છે. તે કાળે તેના જ્ઞાનની પર્યાય ઉત્પન્ન (થવાનો) કાળ છે, ભલે પરલક્ષીજ્ઞાન (છે) પણ તે ઉત્પન્નનો કાળ છે માટે થાય છે. ભાષાથી થાય છે એમ છે નહિ. બાપુ! મારગડા એવા આકરા છે હોં!

એવું એકવાર અમે કહેતા સંપ્રદાયમાં હોં! આચારાંગમાં આવે છે. નો લોએ એસણં ચરિયં. ગૌતમ! મારા માર્ગને લોકની સાથે તું મેળવીશ નહિ. લોકો આમ માને છે અને લોકો આમ કહે છે એ નો લોએ એસણં ચરિયં. લોકની એષણા ગોતીને મારા માર્ગ સાથે મેળ ન કરીશ તું. મારગડા અમારા વીતરાગના જુદાં છે. સંપ્રદાયમાં એ શ્લોક આવે છે. આચારંગમાં. તે દિ' મોઢે કર્યું હતુંને. વ્યાખ્યા ચાલતું હતું તે દિ'. તે દિ' હજારો માણસો. ૬૦ વર્ષ પહેલાં પણ. નો લોએ એસણં ચરેયિં એ શ્વેતાંબરનું. પછી આમ કહેવાને કે હે ગૌતમ! અમારા માર્ગને દુનિયાના કોઈપણ માર્ગ સાથે તું મેળવીશ નહિ. મેળ ખાય એવું છે નહિ.

મુમુક્ષુ :- સમન્વય તો કરવો પડે.

ઉત્તર :- એ જ કહે છે. મેળ કોની સાથે કરે? આહાહા..! કોઈ સાથે વિરોધ દૃષ્ટિવાળા હોય (એનો) વિરોધ નહિ. પ્રેમ (કરવો). વ્યક્તિ પ્રત્યે વિરોધ નહિ, વેર નહિ, શત્રુતા નહિ. પણ જેવું સ્વરૂપ છે એનાથી ઊંધું હોય તેને જાણે કે આની દૃષ્ટિ ઊંધી છે. પણ એથી વ્યક્તિ પ્રત્યે વેર થાય એમ હોઈ શકે નહિ. આત્મા છે. સમજાય છે કાંઈ? એ ભૂલ્યો છે પણ એ ભૂલ ટાળશે એટલે એના ચૈતન્યના ગુણ પ્રત્યેનો પ્રેમ ન જાય. ધીરૂભાઈ! આહાહા..!

અહીં તો કહે છે.. આ સમાધિતંત્રના શ્લોકો જ બધા આત્માને સમાધિ એટલે સમ્યગ્દર્શન (કેમ થાય એના છે). સમાધિ સમ્યગ્દર્શન હજી ચોથું ગુણસ્થાન ધર્મનું પહેલું પગથિયું ક્યારે થાય અને કેમ થાય? આહાહા..! કહે છે કે ભગવાન! ભગવાન તને કહીએ છીએ અને કહે છે ભગવાન. કે તારા

આત્મામાં ભરેલો સાગર વીતરાગ સ્વભાવ છે. એને જે લાગણીઓ પુણ્યની, દયાની, ભક્તિની ઊઠે છે, અરે..! ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ ઊઠે છે એનાથી પણ એ ચૈતન્ય પ્રાપ્ત નહિ થાય. સમજાણું કાંઈ? અરે..! સાંભળવા મળે નહિ સત્ય, એ બિચારા શું કરે? ધીરૂભાઈ! વીતરાગમાર્ગ વીતરાગનો એવો માર્ગ. ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ તીર્થંકરદેવ (આમ ફરમાવે છે).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો રાગ છે. ધર્મચક્ર કાઢે ને. આ બધા કાઢ્યા દિલ્હીથી ને ચારે કોરથી ધર્મચક્ર કાઢે. દિલ્હીથી, ઈંદોરથી, ફતેહપુરથી. બાપુ! એ તો શુભભાવ હોય છે. જ્યાં સુધી પૂર્ણ વીતરાગદશા ન થાય ત્યાં સુધી એવા શુભભાવ હોય, પણ એનાથી આત્માને ધર્મનો લાભ થાય (એમ નથી). એ તો વચમાં વ્યવહાર પ્રતિબંધનું કારણ આવ્યા વિના રહે નહિ. વ્યવહાર એ પુણ્યનું કારણ અને બંધનું કારણ છે. આવે ખરો, પણ એ સાધન છે અને એનાથી આત્માને લાભ થાય એ વાતમાં માલ જરીએ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ક્યાં ગયા ગીરધરભાઈ? ગીરધરભાઈને ત્યાં આરસપહાણનું મકાન કરવાનું છે અઢી લાખનું, ત્રણ લાખનું. કરનારનો ભાવ પુરુષાર્થ મંદ હોય તો હોય છે. તેથી શુભ છે માટે મંદિર થાય છે એમ પણ નથી અને મંદિર થવાનું છે માટે એને શુભભાવ થાય એમ પણ નથી અને શુભભાવ થાય છે માટે ધર્મમાં પ્રવેશ કરવાની અનુકૂળતા થાય છે એમ પણ નથી. આહાહા..! આવો વીતરાગમાર્ગ.

વીતરાગ સ્વરૂપ પ્રભુ. 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ, યહી વચનસે સમજ લે જિન પ્રવચનકા મર્મ.' પોતે જિનસ્વરૂપી ભગવાન બિરાજે છે, અકષાય રસનો કંદ છે એ કષાયના વિકલ્પથી પ્રાપ્ત થાય એવી એ ચીજ નથી. આહાહા..! સમજાણું કાંઈ? તો પછી આવો શુભભાવ કરવો શું કરવા? એમ કહે છે. પણ એ શુભભાવ આવે. પણ એનાથી અંદરમાં ધર્મ અને આત્માની શાંતિને લાભ મળે એવું નથી. પાપથી બચવા માટે શુભભાવ હોય. પણ આત્માને બચાવવા માટે શુભભાવથી પણ ભિન્ન પડવું પડશે એને. આહાહા..! સમજાણું?

'**વિકલ્પોથી ચંચલ બનેલા મનરૂપી જલમાં અર્થાત્ જ્ઞાનજલમાં આત્મ-તત્ત્વ દેખાતું નથી.**' આહાહા..! પાણીના આમ તરંગ ઊઠે તો ત્યાં નીચે પડેલી ચીજ તરંગની આડમાં દેખાય નહિ. એમ ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ એને દયા, દાન, વ્રત કે ગુણ-ગુણીના ભેદના વિકલ્પો તરંગ એને લઈને આત્મા જણાય નહિ એને. આહાહા..! ભારે વાતું આવી. '**જ્ઞાનજલમાં આત્મતત્ત્વ દેખાતું નથી. નિર્વિકલ્પ દશામાં જ આત્મ-દર્શન થાય છે;...**' બહુ સાદી ભાષા કરી છે. આહાહા..! નિર્વિકલ્પ એટલે? કોઈપણ પ્રકારના વિકલ્પની રાગની લાગણી છોડી દઈને એ વીતરાગી પર્યાય દ્વારા જ એ આત્માનો અનુભવ થાય છે. આહાહા..! એવું એનું સ્વરૂપ છે. જન્મ-મરણના અંત લાવવાનો આ એક ઉપાય છે. આહાહા..! ચોર્યાસી લાખના અવતાર કરી કરીને દુઃખી થઈને ડોલ્યો સંસારમાં, પણ એને સુખના પંથની રીતની ખબર ન મળી. સમજાણું કાંઈ?

વિશેષ — '**વસ્તુસ્વરૂપ સમજી અતીન્દ્રિય આત્મસ્વરૂપની સન્મુખ થતાં...**' લ્યો! સમજી

એટલે આ ચૈતન્ય છે, જ્ઞાનસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે, અકષાયસ્વરૂપ છે, વીતરાગસ્વરૂપ છે, નિર્મળસ્વરૂપ છે એમ વસ્તુના સ્વરૂપને સમજી '**અતીન્દ્રિય આત્મસ્વરૂપની સન્મુખ થતાં...**' એ ચીજ જે ભગવાન આત્મા એની સન્મુખ થતાં '**રાગદ્વેષાદિ વિકલ્પો સ્વયં શાન્ત થઈ જાય છે.**' વિકલ્પો ઉત્પન્ન થતા નથી. સ્વરૂપની અંતરમાં જતાં જે વિકલ્પની, રાગની લાગણી શાંત થઈ જાય એટલે વિકલ્પ થતા નથી એને નિર્વિકલ્પમાં આત્મા પ્રાપ્ત થાય છે. આહાહા..! લાખ ઉપાય કરે બીજા. છ ઢાળામાં આવે છે ને ભાઈ? નહિ? લાખ.

લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો,
છોડી જગત દ્વંદ્વ ફંદ નિજ આતમ ઉર ધ્યાવો.

આહાહા..! છ ઢાળામાં આવે છે. પણ લોકો ક્યાંને ક્યાં ગોખવામાં પડ્યા રહ્યા. એનું સ્વરૂપ શું છે એ જાણવાની દરકાર કરી નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**રાગદ્વેષાદિ વિકલ્પો સ્વયં શાન્ત થઈ જાય છે. તેને શમાવવા માટે આત્મ-સન્મુખતા સિવાય બીજો કોઈ ઉપાય નથી.**' સ્વભાવની સન્મુખથી વિપરીત વિકલ્પો, એને ટાળવા માટે સ્વભાવની સન્મુખતા સિવાય કોઈ ઉપાય નથી. ભારે ઝીણું જગતને. આહાહા..! સમજાણું કાંઈ? '**ઉપયોગ અંતર્મુખ થતાં...**' જ્ઞાનનો વેપાર—જાણવાનો જે વેપાર, એ પ્રભુ પૂર્ણાનંદ તરફ ઢળતાં શુદ્ધ સ્વરૂપ તરફ સન્મુખ થતાં '**રાગદ્વેષાદિનો અભાવ થાય છે,...**' ત્યાં પુણ્ય આદિના વિકલ્પો રહેતા નથી. '**નિર્વિકલ્પ દશા પ્રગટ થાય છે અને પરમાત્મતત્ત્વનો આનંદ અનુભવમાં આવે છે.**' આહાહા..! શું કહ્યું એ? ભગવાન શુદ્ધ ચૈતન્યઘન, આનંદકંદ એવું તત્ત્વ છે. વર્તમાન પર્યાયે તેના તરફ સન્મુખ થતાં રાગાદિની ઉત્પત્તિ થતી નથી. નિર્વિકલ્પદશા થાય છે ત્યારે અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે. '**પરમાત્મ તત્ત્વનો આનંદ અનુભવમાં આવે છે.**' આહાહા..! એનું નામ સમ્યગ્દર્શન અને એનું નામ ધર્મ. આહાહા..! 'કોઈ કહે સેવીયે વિવિધ ક્રિયા કરી, ફળ અનેકાંત લોચન ન દેખે.' આનંદઘનજીમાં આવે છે. 'કોઈ કહે સેવીએ વિવિધ ક્રિયા કરી,...' વિવિધ ક્રિયા—દયા, દાન, ભક્તિ, ઉપાસના, સેવા, શાસ્ત્ર ભણતર, શાસ્ત્ર બનાવવા, દેવા એવી વિવિધ પ્રકારની ક્રિયાઓ. 'કોઈ કહે સેવીએ વિવિધ ક્રિયા કરી, ફળ અનેકાંત લોચન ન દેખે.' પણ એનું ફળ તો અનેક એટલે ચાર ગતિ છે. આહાહા..! આનંદઘનજીમાં આવે છે. ધીરૂભાઈ! શ્વેતાંબરમાં. 'ફળ અનેકાંત ક્રિયા કરી બાપડા, રળ વળે ચૌ ગતિમાંહિ લેખે.' જેનું ફળ અનેકાંત છે. અનેકાંત એટલે અનેક ગતિમાં રખડવું તે. સમજાણું કાંઈ? હવે એને ધર્મ થાશે.. ધર્મ થાય છે અને એમ મનાવીને બિચારા પડ્યા છે. આહાહા..! એને આત્મામાં અનુભવ નહિ થાય. સમજાણું કાંઈ?

'**તે વખતે બહારની ગમે તેવી અનુકૂળતા કે પ્રતિકૂળતા હોય તો પણ ચિત્ત મલિન થતું નથી.**' શુદ્ધ ચૈતન્યના ધ્યેયના ધ્યાનમાં અનુભવતા એને વિકલ્પ રહેતો નથી. આહાહા..! આવી વાતું બિચારાને વ્યવહારનો તો લોપ કરી નાખે છે. એય..! રાગ. રાગનો લોપ થાય ત્યારે જ અંદર જવાય છે. નવરંગભાઈ! આવી ચીજ છે બાપુ! એને લક્ષમાં તો લે. એને જ્ઞાનમાં લક્ષમાં તો લે કે

માર્ગ તો આ છે. એને એ જાતની શ્રદ્ધાથી નક્કી તો કર. એ જાતની (વૈકલ્પિક) શ્રદ્ધા. આહાહા..! પછી શ્રદ્ધા અંદર.

વસ્તુ સ્વરૂપ પૂર્ણ શુદ્ધ ચૈતન્ય એને પામવા માટે કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્‌ચારિત્ર થવા માટે એને રાગની મંદતાના વિકલ્પની કોઈ જરૂર નથી. આહાહા..! છે? એનું મૂળ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય એને અવલંબતા શુદ્ધ નિત્યાનંદ પ્રભુ તેને સન્મુખમાં જતાં મનમાં મલિનતા રહેતી નથી. આહાહા..!

**'આવો જીવ સ્વરૂપમાં લીન થઈ અકથ્ય આનંદ-શાન્તિ અનુભવે છે,...'** આહાહા..! અનુભવરસના પ્યાલા પીયા ન જાય. એવી વાત છે જરી. આહાહા..! એ આનંદસ્વરૂપ પ્રભુ! અતીન્દ્રિય આનંદ કે જે કરોડો ઈન્દ્રાણીના સંગમાં આવતો ઈન્દ્ર, એને એ સુખની ગંધ નથી. એ સુખમાં તો ઝેર છે. આહાહા..! પ્રભુ આત્મામાં એવો અતીન્દ્રિય આનંદ છે કે એ ઝેરના આનંદ સાથે એને મેળવી શકાય નહિ. તો ઈન્દ્રના સુખ કરતાં આત્માના આનંદનું સુખ અનંતગણું (કહેવાય કેવી રીતે?). પણ ઝેરની સાથે આત્માને ગુણાય નહિ. આહાહા..! આ શેની મેળવણી થાય? એ તો ઝેરના પ્યાલા. લક્ષ્મીમાં આનંદ, સ્ત્રીના વિષયમાં આનંદ, આબરુના સિંહાસને ચડ્યો અને બેઠો હોય મોટી આબરુ એના સુખ એ ઝેરના સુખ છે. આહાહા..!

આત્માના સિંહાસને બેસતા.. આહાહા..! ઉદાસીન—રાગથી ખસી જઈને શુદ્ધ ચૈતન્યના ધામમાં વસતાં જે આનંદ અનુભવાય, કહે છે કે બાહ્યના આનંદની સાથે ક્યાંય મેળ નથી. એ અકથ્ય આનંદ શાંતિ છે. આહાહા..! સાકરનો સ્વાદ ખ્યાલમાં હોવા છતાં કેવો છે? ક્યા પદાર્થની સાથે મિંઢવીને (સરખાવીને) બતાવવું? એ કોઈ ચીજ નથી. સાકર અથવા દૂધ. સમજાણું કાંઈ? કે ઘી-ઘી લ્યો. ઘીનો સ્વાદ ખ્યાલમાં હોય. જેને ગળથુથીથી ઘી મળે છે. છતાં એ ઘી કેવું મીઠું છે? કોઈ પદાર્થની સાથે મેળવીને કહી શકાય નહિ. હેં? એ સાકરની મીઠાશનું જ્ઞાન હોં! મીઠાશ (અહીં) આવતી નથી. મીઠાશ છે એ તો જડ છે. ચૈતન્યને એની મીઠાશ નથી આવતી જડની. ફક્ત એનો ખ્યાલ આવે છે એમાં. અને એમાં વિકલ્પ ઉઠે છે એટલે ઠીક લાગે છે. ઠીક લાગે છે. પણ એ ઘીનું જ્ઞાન થયું ત્યાં. થયું છે તો તે કાળની પોતાની પર્યાયનું. પણ એ જ્ઞાન ઘી કેવું? કોઈ જગતનો પદાર્થ એને મિંઢવીને આવો ઘીનો સ્વાદ એમ નહિ કહી શકે. ઘીનો સ્વાદ ગળથુથીથી મળ્યો છે. ઘી કેળા જેવો હશે? ઓલા તળાવમાં નથી (થતા) ઘી કેળા? કેળા જેવો સ્વાદ હશે? સાકર જેવો હશે? ગોળ જેવો હશે? એ જાણું છું ખરો પણ એ કેવો છે એમ કહી શકતો નથી. ત્યારે એની જાત ધૂળનાં સ્વાદનો ખ્યાલ એ ધૂળ છેને ઘી. આહાહા..! એના ખ્યાલને બીજા પદાર્થ સાથે મેળવીને તુલનાત્મક કરીને કહી શકાય એવી કોઈ ચીજ નથી. તો આમ અકથ્ય કહે છે જુઓ. આહાહા..!

**'અકથ્ય આનંદ-શાન્તિ અનુભવે છે,...'** આહાહા..! **'પરંતુ બાહ્ય પદાર્થોમાં ઈષ્ટ-અનિષ્ટની કલ્પના કરી જેનું ચિત્ત રાગ-દ્વેષાદિ કષાયોથી આકુલિત થાય છે...'** આહાહા..! **'તેને શુદ્ધાત્માનો આનંદ આવતો નથી; અર્થાત્ તેને શુદ્ધાત્મસ્વરૂપની પ્રાપ્તિ થતી નથી.'** આહાહા..! આવો ભારે ધર્મ ભાઈ આવો. અમે તો આખી જિંદગી આવું સાંભળ્યું નહોતું. આ કરો, સામાયિક કરો, પોષા

કરો, પડિક્કમણા કરો, ફલાણું કરો, ઢીંકણું કરો, એવું સાંભળ્યું હતું. બાપુ! મારગડા જુદા ભાઈ! એ બધી વિકલ્પની લાગણીની વાતું છે. આહાહા..!

---

किं पुनस्तत्त्वशब्देनोच्यत इत्याह–

अविक्षिप्तं मनस्तत्त्वं विक्षिप्तं भ्रान्तिरात्मनः।
धारयेत्तदविक्षिप्तं विक्षिप्तं नाश्रयेत्ततः।।३६।।

**અવિક્ષિપ્ત મન તત્ત્વ નિજ, ભ્રમ છે મન વિક્ષિપ્ત;**
**અવિક્ષિપ્તને મનને ધરો, ધરો ન મન વિક્ષિપ્ત. ૩૬.**

टीका :– अविक्षिप्तं रागद्यपरिणतं देहादिनाऽऽत्मनोऽभेदाध्यवसायपरिहारेण स्वस्वरूप एव निश्चलतां गतम्। इत्थं भूतं मनः तत्त्वं वास्तवं रूपमात्मनः। विक्षिप्तं उक्तविपरीतं मनोभ्रान्तिरात्मस्वरूपं न भवति। यत एवं तस्मात् धारयेत्। किं तत्? मनः। कथम्भूतम्? विक्षिप्तम्। विक्षिप्तं पनस्तत् नाश्रयेन्न धारयेत्।।३६।।

---

**સ્વદેહમાં આવો અધ્યવસાય કરનાર બહિરાત્મા પરદેહમાં કેવો અધ્યવસાય કરે છે, તે કહે છે :–**

શ્લોક – ૩૬

**અન્વયાર્થ :– (अविक्षिप्तं) અવિક્ષિપ્ત (मनः) મન છે તે (आत्मनः तत्त्वं) આત્માનું વાસ્તવિક સ્વરૂપ છે અને (विक्षिप्तं) વિક્ષિપ્ત મન છે તે (आत्मनः भ्रान्तिः) આત્મ-વિભ્રમ છે (ततः) તેથી (तम् अविक्षिप्तं) તે અવિક્ષિપ્ત મનને (धारयेत्) ધારણ કરવું અને (विक्षिप्तं) વિક્ષિપ્ત મનનો (न आश्रयेत्) આશ્રય કરવો નહિ.**

**ટીકા :– અવિક્ષિપ્ત એટલે રાગાદિથી અપરિણત–દેહાદિ સાથે આત્માના અભેદ (એકરૂપ)ના અધ્યવસાય (મિથ્યા અભિપ્રાય)નો પરિહાર કરીને સ્વ-સ્વરૂપમાં જ નિશ્ચલ (સ્થિર) થઈ ગયેલું એવું મન તે આત્મ-તત્ત્વ એટલે આત્માનું વાસ્તવિક સ્વરૂપ છે.**

**વિક્ષિપ્ત એટલે ઉપર કહ્યું તેનાથી વિપરીત (અર્થાત્ રાગાદિથી પરિણત તથા દેહ અને આત્માના ભેદજ્ઞાનથી રહિત) મન તે (આત્મ) ભ્રાન્તિ છે, તે આત્માનું સ્વરૂપ નથી; માટે (તેને–અવિક્ષિપ્ત મનને) ધારણ કરવું. તેને એટલે કોને? મનને; કેવા (મનને)? અવિક્ષિપ્ત (મનને); પરંતુ તે વિક્ષિપ્ત (મનને) ધારણ કરવું નહિ–તેનો આશ્રય કરવો નહિ.**

**ભાવાર્થ :– જે મન રાગદ્વેષથી વિક્ષિપ્ત થતું નથી–આકુલિત થતું નથી, દેહાદિમાં આત્મ બુદ્ધિ કરતું નથી અને આત્મ-સ્વરૂપમાં નિશ્ચલ રહે છે તે આત્મ-તત્ત્વ છે–આત્માનું વાસ્તવિક**

સ્વરૂપ છે. જે મન રાગદ્વેષાદિરૂપે પરિણમે છે-તેનાથી વિક્ષિપ્ત થાય છે; દેહ અને આત્માના ભેદ-જ્ઞાનથી રહિત છે અને આત્મસ્વરૂપમાં સ્થિર થતું નથી તે આત્મ-ભ્રાન્તિ છે, આત્માનું નિજરૂપ નથી. માટે અવિક્ષિપ્ત મન આત્મ-તત્ત્વ હોવાથી પ્રગટ કરવા યોગ્ય છે અને વિક્ષિપ્ત મન આત્મ-તત્ત્વ નહિ હોવાથી હેય છે-ત્યાગવા યોગ્ય છે.

જ્યારે જ્ઞાનસ્વરૂપ ભાવ મન રાગાદિ વિભાવ ભાવોથી છૂટી આત્માને, શરીરાદિ બાહ્ય પદાર્થોથી ભિન્ન, ચૈતન્યમય, એક ટંકોત્કીર્ણ જ્ઞાયક સ્વભાવરૂપ અનુભવ કરવા લાગે છે તથા તેમાં તન્મય થઈ જાય છે ત્યારે તે અવિક્ષિપ્ત અર્થાત્ નિર્વિકલ્પ ભાવ મનને 'આત્મ-તત્ત્વ' કહે છે, પરંતુ જ્યારે તેમાં વિકલ્પો ઊઠવા લાગે ત્યારે તે વિક્ષિપ્ત અર્થાત્ સવિકલ્પ મનને આત્માનું તત્ત્વ કહેતા નથી. તે આસ્રવ છે. માટે આત્માર્થીએ સ્વસન્મુખ થઈને નિર્વિકલ્પ મનને જ-અવિક્ષિપ્ત મનને જ ધારણ કરવું જોઈએ. તેનાથી જ આત્મ-લાભ છે.

વિશેષ

પ્રથમ સ્વ-પરનું ભેદજ્ઞાન કરી પર પદાર્થોમાં ઈષ્ટ-અનિષ્ટપમાની કલ્પનાનો ત્યાગ કરવો, રાગ-દ્વેષાદિનાં કારણો તરફ ઉપેક્ષા-બુદ્ધિ કરવી અને ભાવશ્રુતજ્ઞાનને અંતર્મુખ કરવું. આથી પર પદાર્થો સંબંધીના સંકલ્પ-વિકલ્પો બધા શમી જશે, મન અવિક્ષિપ્ત બનશે અને આત્મસ્વરૂપમાં સ્થિર થશે. આવા અવિક્ષિપ્ત ભાવ મનને જ પ્રગટ કરવા આચાર્યે ઉપદેશ આપ્યો છે, કારણ કે તે આત્મ-તત્ત્વ છે અને તે મોક્ષનું કારણ છે.

જે જ્ઞાનનો ઉપયોગ રાગાદિ વિકારોમાં તથા પર પદાર્થોમાં રોકાય છે તે જ્ઞાન નથી, પણ જે જ્ઞાન જ્ઞાનમાં જ પ્રતિષ્ઠિત થાય છે તે જ વાસ્તવિક જ્ઞાન છે-આત્મતત્ત્વ છે; માટે તે ઉપાદેય છે.

જે ઉપયોગ પરમાં જ અટકેલો રહેવાથી આત્મ-સન્મુખ વળતો નથી, તે પરના વલણવાળું તત્ત્વ છે, આત્માના વલણવાળું તત્ત્વ નથી, તેનાથી સંસાર છે, માટે તે હેય છે. ૩૬.

## શ્લોક-૩૬ ઉપર પ્રવચન

**'વળી તત્ત્વ શબ્દથી શું કહેવા માગે છે તે કહે છે :-'** તત્ત્વ શબ્દથી શું કહેવા માગે છે તે કહે છે. એ ૩૬.

**अविक्षिप्तं मनस्तत्त्वं विक्षिप्तं भ्रान्तिरात्मनः।**
**धारयेत्तदविक्षिप्तं विक्षिप्तं नाश्रयेत्ततः।।३६।।**

ટીકા એની. એક રાજા હતો. પછી રાણી રિસાણી હતી. રાજા મનાવવા ગયો, પછી માની અને

પછી થઈ ગયો વૈરાગ્ય, પછી લીધી દીક્ષા. એવી વાત હોય તો સમજાય પણ ખરી. પણ દીક્ષા કોને કહેવી?

મુમુક્ષુ :- પછી થયો મોક્ષ.

ઉત્તર :- પછી થયો મોક્ષ.

હમણા મનસુખ કહેતો હતો પાલેજવાળો. એના ફઈબાના દીકરાનો દીકરો દસ વર્ષની ઉંમર. દીક્ષા લીધી અમદાવાદ. કુંવરજીભાઈની બહેનનો દીકરો. દીકરાનો દીકરો. એને એક શીખવી રાખેલું સાધુએ. કોઈ કહે તો (કહેવું કે) મારે દીક્ષા લેવી છે.. મારે દીક્ષા લેવી છે. પણ દસ વર્ષનો હજી, સમકિતની ખબર નથી તને. તારા ગુરુને પણ ખબર નથી. મનસુખ જ કહેતો હતો અમારે. આવ્યો હતો કાલે. એના ફઈબાના દીકરાનો દીકરો. એટલે આ દીક્ષા લેવા ગયા, મનાવવા ગયા. ઘણું ઘણું સમજાવ્યું. એક જ વાત કરે, મારે દીક્ષા લેવી.. મારે દીક્ષા લેવી... પણ શું દીક્ષા એટલે શું એની તો ખબર પડે નહિ. હજી તો દસ વર્ષનો. કાંઈ ભાન ન મળે. દેનારને ભાન ન મળે અને લેનારને ભાન ન મળે. પછી (લ્યે) દીક્ષા અને મિથ્યાત્વને બાંધે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ. મિથ્યાત્વ-મિથ્યાત્વ. મિથ્યાશ્રદ્ધાને ઉપાર્જે. દીક્ષા નથી, ચારિત્ર નથી, સમકિત નથી એને દીક્ષા માને એ મિથ્યાત્વને પોષે છે. આહાહા..! દીક્ષા ક્યાં હતી? હજી તો સમ્યગ્દર્શન કોને કહેવું એની ખબર ન મળે. આહાહા..! ઘણી થાય છે હમણાં બાયું કુંવારી રહે છે કેટલીક દીક્ષામાં. બધા રખડવાના. મિથ્યાત્વને ઘુંટી ઘુંટીને નિગોદમાં જવાના. એવી વાત છે. આકરી વાત છે, પોપટભાઈ! દુનિયાથી જુદી છે. આહાહા..!

કુંદકુંદાચાર્ય તો એમ કહે છે કે એક વસ્ત્રનો તલ જેટલો, તુસ તેટલું કપડું રાખે અને અમે મુનિ છીએ એમ માને, મનાવે, માનતાને રૂડું જાણે (એ) નિગોદં ગચ્છતિ. એવો પાઠ છે. એ નિગોદ બટાટા, શક્કરકંદમાં જશે. અનંતકાળે ત્રસ થાશે. કેમકે નવેય તત્ત્વની વિરુદ્ધ શ્રદ્ધા એની છે. શેઠિયાઓ ઘરે દીક્ષાના વરઘોડા કાઢે. દીક્ષા લેને તો ઘરેથી વરઘોડો કાઢે. નામ બહાર આવે, બે-પાંચ હજાર ખર્ચે. આહાહા..! અરે.. ભાઈ! તું લુંટાય છો બાપુ! તને ખબર નથી.

કહે છે, એક વસ્ત્રનો ધાગો એટલો રાખવાનો ભાવ જેને છે એના ભાવમાં મિથ્યાત્વ પડ્યું છે. એટલે મુનિ છીએ એમ. આહાહા..! કેમકે વસ્ત્ર રાખવાનો સંયોગી ચીજનો જે ભાવ છે એ સંવર નથી એ આસ્રવ છે અને એનો સંયોગ થાય છે એ આસ્રવને નિમિત્ત છે. એને સંવર નથી અને સંવર માને છે. એને નિર્જરા નથી (ને) નિર્જરા માને છે. એનું ફળ મોક્ષ નથી (ને), એનું ફળ મોક્ષ માને છે. દરેક તત્ત્વમાં ફેર છે. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈને તો એમ કહે એવી દીક્ષા-બીક્ષાનો ભાવ કરે તો શુભ તો થાય કે નહિ? એમ કહે છે. ધૂળેય નથી શુભ. મહામિથ્યાત્વનો અશુભભાવ પડ્યો એમાં જરીક કોઈક રાગની મંદતાનો (ભાવ કરે એમાં) ઠીક લાગે એની ગણતરી શી? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધું એમ જ ચાલે છે. છેને બધું જોયું છે ને. આહાહા..!

કહે છે કે '**અવિક્ષિપ્ત એટલે રાગાદિથી અપરિણત-દેહાદિ સાથે આત્માના અભેદ (એકરૂપ)ના અધ્યવસાય (મિથ્યા અભિપ્રાય)નો પરિહાર કરીને સ્વ-સ્વરૂપમાં જ નિશ્ચલ (સ્થિર) થઈ ગયેલું એવું મન તે આત્મ-તત્ત્વ એટલે આત્માનું વાસ્તવિક સ્વરૂપ છે.**' શું કહે છે? વિકલ્પો જે છે— દયા, દાન, વ્રત, ભક્તિ, આદિના એનાથી અપરિણતિ-નહિ પરિણમેલો '**દેહાદિ સાથે આત્માના અભેદના અધ્યવસાયનો પરિહાર કરીને...**' દેહ હું છું, દેહની ક્રિયા મારાથી થાય છે એવો જે અભેદ મિથ્યાત્વભાવ એને છોડીને '**સ્વ-સ્વરૂપમાં જ નિશ્ચલ (સ્થિર) થઈ ગયેલું...**' આહાહા..! પોતાના આનંદ ધામમાં મન જામી ગયું. '**એવું મન તે આત્મ-તત્ત્વ એટલે આત્માનું વાસ્તવિક સ્વરૂપ છે.**' એટલે કે નિર્વિકલ્પદશા તે આત્માનું સ્વરૂપ છે. આહાહા..!

'**વિક્ષિપ્ત એટલે ઉપર કહ્યું તેનાથી વિપરીત (અર્થાત્ રાગાદિથી પરિણત...**' વિકલ્પથી, રાગથી પરિણમેલું મન અથવા જ્ઞાન '**તથા દેહ અને આત્માના ભેદજ્ઞાનથી રહિત) મન તે (આત્મ) ભ્રાન્તિ છે,...**' આહાહા..! રાગની એકતા અને દેહ તે હું, દેહની ક્રિયા હું કરી શકું છું, વિકલ્પ ઉઠે તે મારી ચીજ છે એવી જે ભ્રાંતિ એને મિથ્યાત્વ કહે છે. સમજાણું કાંઈ? '**તે આત્માનું સ્વરૂપ નથી;...**' એટલે શું કહે છે? કે વિકલ્પ રાગથી પરિણિત જ્ઞાન અને દેહથી એકપણાની માન્યતા. એમ (અ)ભેદજ્ઞાન કરે એ. એવી જે ભ્રાન્તિ એટલે મિથ્યાત્વ છે એ તો. આહાહા..!

અહીં તો એ કાળે એને અસમાધિ છે એમ કહેવું છે. રાગની એકતા અને દેહની એકતા એવો જે ભાવ તે ભ્રાન્તિ એટલે અસમાધિ છે, દુઃખ છે. અને રાગ ને શરીરથી ભિન્ન પડેલા તત્ત્વમાં લીન થતાં ત્યાં આનંદ છે. સમજાણું કાંઈ? એટલે કે શુભ વિકલ્પથી પરિણમેલી દશા અને દેહ અને આત્મા એક છું એવી ભ્રાન્તિ એ બધો મિથ્યાત્વભાવ છે. પછી ભલે સાધુ થયો હોય બહાર હજારો રાણી છોડીને. પણ અંદરમાં એ વિકલ્પ ઉઠ્યો છે એ વિકલ્પ તે હું છું. સમજાણું? અને વિકલ્પની પરિણાતિ એટલે દશા એ મારી છે એવી જે ભ્રાંતિ, એ મિથ્યાત્વમાં પડ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**તે આત્માનું સ્વરૂપ નથી; માટે (તેને-અવિક્ષિપ્ત મનને) ધારણ કરવું.**' એણે આત્માના સ્વરૂપને ધારણ કરવું, વિકલ્પને છોડી દેવા એમ કહે છે. '**તેને એટલે કોને? મનને; કેવા (મનને)? અવિક્ષિપ્ત (મનને); પરંતુ તે વિક્ષિપ્ત (મનને) ધારણ કરવું નહિ-તેનો આશ્રય કરવો નહિ.**' આહાહા..! એટલે? મનમાં જે વિકલ્પ ઉઠે એ વિક્ષિપ્ત મન છે, અસ્થિર મન છે, ચંચળ કલ્લોલ છે. એ દુઃખરૂપ દશા છે. એનો આશ્રય ન કરવો. ઓહો..હો..!

'**ભાવાર્થ :- જે મન રાગદ્વેષથી વિક્ષિપ્ત થતું નથી-**' જેનું જ્ઞાનની પર્યાયમાં રાગ-દ્વેષથી વિક્ષિપ્ત-અસ્થિર-ચંચળ થતું નથી, '**આકુલિત થતું નથી, દેહાદિમાં આત્મબુદ્ધિ કરતું નથી...**' દેહાદિ હું છું એમ જે જ્ઞાનની પરિણતિમાં માનતો નથી. '**આત્મસ્વરૂપમાં નિશ્ચલ રહે છે તે આત્મતત્ત્વ છે-આત્માનું વાસ્તવિક સ્વરૂપ છે.**' આહાહા..! પંચ મહાવ્રતના વિકલ્પથી રહિત એ આત્માનું સ્વરૂપ છે. પંચ મહાવ્રતના વિકલ્પ એ આત્માનું સ્વરૂપ નથી. આહાહા..! પંચ મહાવ્રત-

—અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય એ બધો વિકલ્પ છે, રાગની લાગણી છે. વિક્ષિપ્ત છે, ચંચળતા છે, અસ્થિર છે, અણાત્મા છે. આ તો આખા સંસારને ઉડાવી દેવાની વાતું છે. આહાહા..! અનાદિ સંસાર એનો અંત લાવવાની આ તો વાત છે. કે જે ભગવાન આત્મા જેમાં સંસાર એટલે ઉદયભાવ છે જ નહિ. આહાહા..!

વિકલ્પ છે બધા એ તો ઉદયભાવ છે, સંસાર છે. આહાહા..! એવા વિક્ષિપ્ત, અસ્થિર, વિકલ્પની દશાને અણાત્મા તરીકે જાણીને એનાથી ભિન્ન પડ. આહાહા..! એવું જ્ઞાનસ્વરૂપ.. આહાહા..! તે '**આત્માનું વાસ્તવિક સ્વરૂપ છે. જે મન રાગદ્વેષાદિરૂપે પરિણમે છે...**' જે પર્યાયમાં રાગનું પરિણમન થાય છે '**તેનાથી વિક્ષિપ્ત થાય છે;...**' અસ્થિર થાય છે. '**દેહ અને આત્માના ભેદ-જ્ઞાનથી રહિત છે...**' શરીર અને રાગથી ભિન્ન આત્મા એની ખબર નથી '**અને આત્મસ્વરૂપમાં સ્થિર થતું નથી તે આત્મ-ભ્રાન્તિ છે, આત્માનું નિજરૂપ નથી. માટે અવિક્ષિપ્ત મન આત્મ-તત્ત્વ હોવાથી પ્રગટ કરવા યોગ્ય છે...**' એ નિર્વિકલ્પદશા પ્રગટ કરવા યોગ્ય છે. આવી વાતું. '**મન આત્મ-તત્ત્વ નહિ હોવાથી હેય છે–**' અસ્થિર મન તે આત્મતત્ત્વ નહિ હોવાથી છોડવાલાયક છે વ્યવહાર વિકલ્પ. અને અંતરમાં સ્થિત થવા લાયક છે. તો આત્માનું સમ્યગ્દર્શન થશે, નહિતર થશે નહિ... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પોષ સુદ ૧૨, શુક્રવાર તા. ૨૪-૦૧-૧૯૭૫
## શ્લોક -૩૬,
## પ્રવચન - ૪૫

૩૬મો. ગાથા. પાનું-૫૯મું. બીજો પેરેગ્રાફ છે. દુર્ગમ સ્વરૂપનો અનુભવ કેમ થાય એ વાત છે. કેમકે અનાદિ કાળથી રાગ-દ્વેષાદિ વિકલ્પનો તો અનુભવ અનંત વાર થયો. પણ વાસ્તવિક તત્ત્વ જે ચૈતન્યમૂર્તિ આનંદનું ધામ એમાં નિર્વિકલ્પપણે તેનું ... એમ મળ્યો નહિ. શુભ અને અશુભ રાગની વૃત્તિઓ કરે એ તો દુઃખરૂપ આસ્રવતત્ત્વ અને એક અણાત્મા છે. આહાહા..! ઠીક આજે રજા છે ને એટલે આવ્યા છે. રજા છેને રજા.

અહીં તો આત્મા વિકલ્પથી રજા લે છે હવે. ચૈતન્ય આનંદનું દળ એ આત્મા છે. એમાં જ્ઞાનસ્વરૂપભાવ, જ્ઞાનસ્વરૂપ ભાવ જાણવાના સ્વભાવે ભાવ એ '**મન રાગાદિ વિભાવ ભાવોથી છૂટી...**' જુઓ! આ છૂટી આવ્યું. રજા આવી. આહાહા..! ચાહે તો શુભરાગ હો કે અશુભ હો. ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ હો, કે શાસ્ત્રના ભણતરનો વિકલ્પ હો, પણ એ વિકલ્પ તો આસ્રવ છે. એ આત્મતત્ત્વ નહિ. આહાહા..! એ આસ્રવથી ભિન્ન પડી જ્ઞાનસ્વરૂપ ભાવમન, ભાવમનનો અર્થ એ આત્મતત્ત્વ.

**'રાગાદિ વિભાવ ભાવોથી...'** બહુ ઝીણી વાત છે, ધીરૂભાઈ! ધર્મ એ કોઈ સાધારણ વાત નથી. અનંત કાળમાં એક સેકન્ડ પણ કર્યું નથી. બાકી તો અનેક શુભભાવના મરણ અનંત વાર મળ્યા છે. અશુભભાવના મરણ અનંત વાર મળ્યા છે. પણ એ શુભ-અશુભ બે વિકલ્પ છે. ચાહે તો દયાનો, દાનનો, વ્રતનો, ભક્તિનો હોય, પૂજાનો કે ગુણ-ગુણીના ભેદનો. એ વિકલ્પ છે એ રાગ છે. એ આત્મા રાગાદિ સ્વરૂપને છોડી અંતર જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્માને નિર્વિકલ્પદશાથી પકડે.

જ્ઞાનસ્વરૂપ ભાવમન એટલે આત્મા. વિકલ્પના વિભાવભાવોથી છૂટી અંતર આત્માના આનંદને **'શરીરાદિ બાહ્ય પદાર્થોથી ભિન્ન,...'** પાડી. આહાહા..! સમ્યગ્દર્શન પ્રથમ ધર્મની સીઢી, ધર્મનું પહેલું પગથિયું એ ક્યારે થાય, કહે છે. આહાહા..! બધા શુભ-અશુભ વિકલ્પોથી છૂટી, બાહ્ય પદાર્થના ભાવથી ખસી.. આહાહા..! **'ચૈતન્યમય, એક ટંકોત્કીર્ણ જ્ઞાયક સ્વભાવરૂપ અનુભવ કરવા લાગે છે...'** આહાહા..! એકલો જ્ઞાનસ્વભાવ એનો અનુભવ કરે ત્યારે એને આનંદનો સ્વાદ આવે, ત્યારે એને આત્માનો લાભ થયો કહેવાય. આહાહા..! જુઓ! આ લાભ સવાયા વાણિયા નથી લખતા? .. બારણા ઉપર લખે. લાભ સવાયા. બીજું? શુભ-લાભ. શુભ-લાભ. લખે છે કે નહિ? એ શુભ અલાભ. જગતનો લાભ એ (આત્માનો) અલાભ.

પૂર્ણાનંદનો નાથ પ્રભુ અંદર જેનું સ્વરૂપ વિકલ્પ વિનાનું, રાગ વિનાનું એવું જે આત્મતત્ત્વ, એને બાહ્યના આશ્રયથી બતાવવું (એ અલાભ છે). વિકલ્પની લાગણીઓને છોડી દઈ અંતરના અવલંબે જાય.. આહાહા..! ભાઈ! ત્યારે એ **'જ્ઞાયક સ્વભાવરૂપ અનુભવ કરવા લાગે છે...'** શેઠ! આવો માર્ગ છે આ. વસ્તુનું સ્વરૂપ જ આવું છે. જ્ઞાયકભાવ—જાણકભાવ, જાણકસ્વભાવ આત્મતત્ત્વ એને સ્વ પદાર્થના સન્મુખ જવામાં પરપદાર્થનો, વિકલ્પનો આશ્રય એણે છોડવો પડશે. એ વ્યવહાર રાખીને નિશ્ચય થશે (એમ ત્રણ કાળમાં નહિ બને). સમજાણું કાંઈ? આહાહા..! ભારે માર્ગ બાપુ.

એવા આત્માના સન્મુખના ભાવ વિના પરસન્મુખના ભાવે તો અનંત વાર મર્યો, અનંત વાર જન્મ્યો. આહાહા..! સર્પ એને કરડ્યો અને મર્યો એવા મરણ અનંત વાર કર્યા છે એણે. સાચું હશે? કેમ? અનંત કાળ થયો ને? આદિ વિનાનો કાળ છે. છે.. છે ને છે આત્મા. તો (અનંત) ભવમાં અનંત વાર એને સર્પે કરડ્યો (અને) મર્યો એવા મરણ અનંત વાર કર્યા. એ મરણ તો સર્પે કરડે ને છૂટે છે એક વાત છે. રાગની ક્રિયા એ ધર્મક્રિયા છે એવું જે મિથ્યાત્વનું ઝેર એવા ઝેરે અનંતા મરણ કર્યા છે. ક્યાંય એને શાંતિ નથી મળી. એ શાંતિ મળે એનો ઉપાય—ઉપાય પર તરફના વલણના ભાવને છોડી અંતર આનંદસ્વરૂપમાં ધ્યેયમાં સન્મુખ થઈ... આહાહા..! એ આત્માનો અનુભવ કરે, **'તથા તેમાં તન્મય થઈ જાય ત્યારે તે અવિક્ષિપ્ત...'** નિર્વિકલ્પ મન એટલે આત્મતત્ત્વ કહેવાય. અવિક્ષિપ્ત મન છે ને મન? મન શબ્દે અહીં આત્મા.

**'આત્મ-તત્ત્વ કહે છે,...'** ચૈતન્ય ભગવાન ધ્રુવસ્વરૂપ નિત્ય આનંદનું દળ છે એ. એ આનંદના દળને વિકલ્પોની લાગણીથી ભૂલી અંતરમાં વિશ્રામધામ લે એને નિર્વિકલ્પ તત્ત્વ હાથ આવે. એને

નિર્વિકલ્પ તત્ત્વનું નિધાન અનુભવમાં આવે. આવી વાત કેવી છે આ! ધીરૂભાઈ આવું ક્યાંય સાંભળ્યું છે તમારે .. એમાં? .. ફલાણાને મોટી કંપની છે. આહાહા..! ત્યાં તો ગપે ગપ વાતું ચાલતી હોય બધી. આહાહા..! ભાઈ! તું ધીરો થા, ધીરજમાં આવ. પર તરફના આશ્રયે, લક્ષે જે ભાવ થાય એ બધા વિકારી ઝેર પરિણામ છે. એવા પર આશ્રયમાં પરદ્રવ્યમાં પરતત્ત્વના વલણવાળા જે વિકલ્પો શુભાશુભ એમાં આત્મા નથી. એ શુભાશુભ રાગ એમાં આત્મા નથી. એથી એ શુભાશુભ રાગમાં.. નિર્વિકલ્પ મન એટલે નિર્વિકલ્પ આત્મતત્ત્વ, એનો અનુભવ થાય એને નિર્વિકલ્પદશામાં આત્મલાભ થાય છે. આહાહા..! આવી વાત બહુ કઠણ પડે માણસને. લોકોને ચડાવી દીધા બિચારાને બહારમાં. આહા..! બાપુ! આ રસ્તા વિના ભાઈ! તારા જન્મ-મરણના આરા નહિ આવે. આહાહા..! માર્ગ આ છે. બીજી રીતે હળવો કરીને ઊંધો માર્ગ બતાવશે ત્યાં પંથ નહિ આવે. આહાહા..!

ચૈતન્ય ભગવાન આખો પૂર્ણ સ્વભાવે તત્ત્વ બિરાજમાન છે. આહાહા..! એનો લાભ એને કેમ થાય? કે બાહ્ય તરફના ગમે તેવા વિકલ્પ કરતો હોય એનું લક્ષ છોડી દઈ અને નિર્વિકલ્પદશાથી આત્માને અનુભવે એને આત્માનો લાભ થાય, એને ધર્મ થાય અને એ સુખને પંથે પડે. કહો, નવનીતભાઈ! આહાહા..! છે? '**નિર્વિકલ્પ ભાવ મનને આત્મ-તત્ત્વ કહે છે,...**' આહાહા..! આખું ચૌદ પૂર્વ અને બાર અંગનું માખણ છે. આહાહા..! કરવાનું હોય તો એને સુખને પંથે દોરાવું હોય તો એણે આ કરવું પડશે. બાકી બધા થોથા. શાસ્ત્રના વાંચનના વિકલ્પો, સાંભળવાના વિકલ્પો, કહેવાના વિકલ્પો.. આહાહા..! એ બધામાં આત્મા નથી. એ વિકલ્પની વૃત્તિઓનું લક્ષ છોડી ભગવાન આનંદની મૂર્તિ છે તેની સન્મુખ થઈ, રાગ વિનાની દશા વડે આત્માને અનુભવે એને આત્માનો લાભ મળે એને ધર્મલાભ થયો કહેવાય. તે મોક્ષને પંથે જાય છે એમ કહેવાય. કહો, સમજાણું કાંઈ? બાકી બધા રખડવાના રસ્તે ચડી જાય છે.

'**પરંતુ જ્યારે તેમાં વિકલ્પો ઊઠવા લાગે...**' નિર્વિકલ્પ તત્ત્વ સ્વરૂપ એના અનુભવમાં આત્મા મળ્યો એ આત્મતત્ત્વની પ્રાપ્તિ આત્માના નિર્વિકલ્પભાવ વડે જ થાશે. બાકી વિકલ્પ ઉઠ્યો, વૃત્તિ ઉઠે અંદર... આહાહા..! ચાહે તો હું શુદ્ધ છું, અબદ્ધ છું એવો વિકલ્પ ઊઠે છે ત્યારે વિક્ષિપ્ત સવિકલ્પ તત્ત્વ થયું. સવિકલ્પ રાગવાળું તત્ત્વ, મનવાળું તત્ત્વ થયું છે. આહાહા..! એવું આત્માનું તત્ત્વ કહેતા નથી. આહાહા..!

જ્ઞાન અને આનંદસ્વરૂપ એની સન્મુખતામાં રમતાં ભગવાન આત્મા આવો છે એમ એને લાભ થાય. આનંદસ્વરૂપી છે. શાંતરસનું દળ એક વસ્તુ છે. અશાંતના વિકલ્પો છૂટી શાંતરસમાં અનુભવ-માં જાય એને આત્મતત્ત્વ મળ્યું કહેવાય. આહાહા..! એ કમાણો આત્માને. પૈસા .. આહાહા..! સવિકલ્પ આસ્રવ છે. આહા..! ચૈતન્ય જ્ઞાતા-દ્રષ્ટાના સ્વભાવમાં જતાં વિકલ્પ રહેતો નથી. રાગ. રાગની વ્યાખ્યા લોકો સ્થૂળ કરે છે. પણ અહીંયાં તો ચૈતન્યસ્વરૂપ શુદ્ધ વીતરાગમૂર્તિ એમાંથી ખસીને કોઈપણ દયા, દાન, કે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કે ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ ઉઠે એ આત્મા નથી. (ધર્મ) આવો મોંઘો કર્યો, કેટલાક એમ કહે છે. એ સોનગઢને કેટલાક ગાળ આપે છે. આ સોનગઢનું

છે? ધીરૂભાઈ કહેતા હતા, એમાં સત્ય છે એ સત્યને બહાર પાડે છે. એમ કહેતા હતા. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. છે. આહાહા..! ભાઈ! તું શાંત થા. તારો સ્વભાવ છે એ સ્વભાવથી પકડાય એટલો નિર્ણય તો કર. નિર્ણય તો કર, ભાઈ! બહારના આશ્રયથી ઉત્પન્ન થતાં વિકલ્પો ચાહે તો ત્રણ લોકના નાથ સર્વજ્ઞ પરમાત્મા ... અને તેને સાંભળવાનો વિકલ્પ ઉઠ્યો એ રાગ છે. મારગડા જુદા છે, ભાઈ! એ રાગ છે એ આત્મતત્ત્વ નથી. એ તો આસ્રવતત્ત્વ છે. બંધસ્વભાવી ભાવ છે એ. આહાહા..! ભગવાન આત્મા અબંધસ્વભાવી વસ્તુ છે. અરે..! એવી સત્યની વાતના પડ્યા વિરહ, ભગવાનના વિરહ પડ્યા પણ આવી સત્ય વાતના વિરહ પડ્યા. આહાહા..! એની પર્યાયમાં શુભરાગના ભાવ થાય ત્યાં પડ્યો પ્રભુને દુકાળ. આહાહા..! એને સુકાળ કરવો હોય તો એ વિકલ્પનું લક્ષ છોડી દઈને ભગવાન આત્મામાં અંતરદષ્ટિ કરજે તો પર્યાયમાં સુકાળ થાય. અનાદિનો દુકાળ છે એની દશામાં. અનાદિનો એને આત્માના લાભનો અભાવ છે અંદર. આહાહા..! એ કોઈ પરની દયા પાળે અને આ દયાની મંડળી શું કહે છે? આવે છેને જીવદયા મંડળી, ફલાણા ઢીકણા બધા? પૈસા ભેગા કરવા હોય તો ધીરૂભાઈ જેવાને મોઢા આગળ લઈ જાય. પાંચ-પચાસ હજાર લાખ ભેગા કરવા. ભાઈ આવો તમે. માન તમારું .. પાંચ, પચાસ, લાખ ભેગા થાશે. લ્યો આપણે બહુ ધર્મ કર્યો. આહાહા..!

શેઠ! ભાઈ તને ખબર નથી. જે વિકલ્પ છે એ તો અનાત્મતત્ત્વ છે. આહાહા..! ભાઈ! એમાં વિકલ્પમાં આત્મા નથી સાથે. વિકલ્પમાં તો ઝેર આવ્યું છે, રાગ આવ્યો છે. આ વીર મંડળીના નાયક થાય ને મોઢા આગળ આવે, ફલાણાના દેરાસરમાં શું કહેવાય? ટ્રસ્ટીઓ મોઢા આગળ કામ કરનારા એવું બધું ઘણું છે. કહે છે, બાપુ! એ તો બધા વિકલ્પની જાત છે, ભાઈ! એ તો રાગની જાત છે, ભાઈ! એમાં આત્મા નથી. આહાહા..! એ વિકલ્પની વૃત્તિની જાળને સંભાળ. ચૈતન્યમૂર્તિ તરફ જતાં તે વિકલ્પની જાળ રહેશે નહિ. એનો અનુભવ થતાં વિકલ્પની એકતા રહેશે નહિ. અનાદિની રાગની(ને) સ્વભાવની એકતા માની છે, મોટું મિથ્યાત્વનું ઝેર છે. સમજાણું કાંઈ? કાંઈક વ્યવહાર સારો કરશું તો ધર્મ થાશે એમ માનનારા ભાઈ, ભૂલે છે. એને ખબર નથી. આહાહા..! તારો નાથ તો અંદર રાગ વિનાની દશામાં પડ્યો છે. આહાહા..! આકરો માર્ગ છે ભાઈ! અપૂર્વ માર્ગ મળ્યો છે. પૂર્વે અનંત કાળમાં કદી કર્યો નથી. અપૂર્વ!

'**માટે આત્માર્થીએ સ્વસન્મુખ થઈને...**' આહાહા..! સ્વ એવો જે ચિદાનંદ ભગવાન એની સન્મુખ થઈને '**નિર્વિકલ્પ મનને જ...**' એટલે નિર્વિકલ્પ આત્માના તત્ત્વને ધારણ કરવું. મન શબ્દે આત્મા. એવું અવિકલ્પ આત્માની દશાને ધારણ કરવું જોઈએ. '**તેનાથી જ આત્મ-લાભ છે.**' આહાહા..!

**વિશેષ** - '**પ્રથમ સ્વ-પરનું ભેદજ્ઞાન કરી...**' હવે એની રીતની પદ્ધતિ જરી બતાવે છે. સ્વ નામ આનંદમૂર્તિ પ્રભુ અને પર નામ વિકલ્પ અને શરીરાદિ વાણી આદિ બધું (એ) પર તરફનું ભેદજ્ઞાન કરી. પરથી પ્રભુ જુદો છે એમ ભેદજ્ઞાન કરી પરપદાર્થની ઇષ્ટ-અનિષ્ટપણાની કલ્પનાનો

ત્યાગ કરવો. પરપદાર્થથી આ ઈષ્ટ છે અને અમુક પ્રતિકૂળ તે અનિષ્ટ છે એ છોડી દે. પરપદાર્થ ઈષ્ટ-અનિષ્ટ છે નહિ. આહાહા..! ઈષ્ટ. દેવ-ગુરુ-શાસ્ત્ર તો ઈષ્ટ છે માટે તેનો પ્રેમ કરવો. છોડી દે એમ કહે છે. ઈષ્ટ તો તારો નાથ છે. અનિષ્ટ તો વિકારી વૃત્તિઓ છે. ઈષ્ટ ચિદાનંદ આત્મા સહજાનંદની મૂર્તિ પ્રભુ તે ઈષ્ટ છે. અને શુભ અને અશુભની લાગણીઓ બધી તે અનિષ્ટ છે. વસ્તુ કોઈ ઈષ્ટ-અનિષ્ટ નથી બાહ્યની. કુટુંબ-કબીલા, દેવ-ગુરુ-શાસ્ત્ર અમારે ઈષ્ટ છે, વેરીને વિરોધીઓ અમારે અનિષ્ટ છે. એવું તો છે નહિ કહે છે. આહાહા..! આવું આકરું ભાઈ! આવું તો કાને પૂરું નહિ પડે હો ..ભાઈ! .. એ સાંભળવાનું બહુ મળે. આહાહા..! શું થાય?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ અત્યારે અહીં, પર ભિન્ન છે અને સ્વ (તરફ) જતા એની પર્યાયનું વલણ સ્વમાં જાય છે. પર ભિન્ન છે અને હું મારું અભિન્ન તત્ત્વ છે એમ લક્ષ કરવા જાય ત્યાં પર્યાય દ્રવ્યમાં ઢળી જાય.

મુમુક્ષુ :- ...ધ્યાન કરે છે.

ઉત્તર :- એ પર્યાય આમ વળી જાય છે. રાગ તરફ ન વળતાં એ દ્રવ્ય તરફ ઢળી જાય છે. આહાહા..! સંપ્રદાયમાં તો પડિક્કમણા કરો, સામાયિક કરો, પોષા કરો, અપવાસ કરો. હમણા કો'ક બાઈએ કાંઈક કીધું હતું ને? કાંઈક સવાસો કાંઈક કર્યા હતા અપવાસ. પાણી પીને કર્યા હશે. સવાસો નહિ એકસો સાંઈઠ. .. જયપુરમાં. સ્થાનકવાસીમાં. નહિ?

અરે..ભાઈ! ઉપવાસ તો પરમાત્મા એને કહે છે, આનંદનો નાથ પ્રભુ (એની) ઉપ નામ સમીપમાં અંદરમાં જઈને વસે. ઉપવાસ શબ્દ છે. ઉપ-ઉપસર્ગ છે. ઉપ નામ સમીપ છે. વાસ નામ વસવું છે. ચિદાનંદ ભગવાન પૂર્ણાનંદનો નાથ એની સમીપમાં જઈને એમાં વસે એને ઉપવાસ કહે છે. બાકી બધાને લાંઘણું કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ કરે? વિકલ્પ કરે છે. કરે છે એણે કર્યો શું? વિકલ્પ કરે છે કે મેં આટલા કર્યા એ રાગ કરે છે. અરે..! આ સત્યાગ્રહ માટે નથી કરતા? અપવાસ કરે, આ કરે. આ રીતે નહિ કરો ત્યાં સુધી આહાર નહિ લઈએ. ત્રાગા છે એ બધા. ચૈતન્ય ભગવાનના સમીપમાં ત્રાગું કરે છે. આહાહા..! રાગની ક્રિયાને એ સત્યાગ્રહ માને છે. આહાહા..! સત્ વસ્તુ જ્ઞાયક ચિદાનંદ પ્રભુ, એની અંતર એકાગ્ર થઈને 'આ હું' એવી જે પ્રતીત કરવી એનું નામ સત્યાગ્રહ છે. ધીરૂભાઈ! એ વ્યાખ્યા જ જુદી છે. આહાહા..! વાત જુદી છે બાપુ! બધી દુનિયા જોઈ છે ને. આહાહા..!

અહીં તો કહે છે કે પર તરફનું ભેદજ્ઞાન કર્યું ત્યારે એ પર્યાય દ્રવ્ય ઉપર ઢળી ગઈ. રાગ અને પરથી ભિન્ન પડતાં સ્વ તરફ પર્યાય ગઈ એનું નામ ભેદજ્ઞાન. પર્યાય પર્યાયમાં રહી, પણ પર્યાય ઢળી આમ. એટલે ઢળી એ બાજુ એટલે કાંઈ દ્રવ્ય અને પર્યાય એક થઈ નથી ગઈ. પણ પર્યાય આમ ઢળી એટલે પરથી ભેદજ્ઞાન થયું. આહાહા..!

મુમુક્ષુ :- અભેદ છે એમ તો કહેવામાં આવે છે.

ઉત્તર :- એ અભેદનો અર્થ, એ આમ ખંડ પડતો, એ આમ બે એક થયું. અભેદનો અર્થ, જે જાતની પર્યાય આવી, એ પર્યાય એ વસ્તુ બાજુ પર્યાય આવી એ પર્યાય એ વસ્તુ બાજુ ઢળી તેને અભેદ કીધું. બાકી કાંઈ પર્યાય અને વસ્તુ બે એક થઈ જાય છે કાંઈ? આહાહા..! આ તત્ત્વ બહુ નિરાળું તત્ત્વ છે. આહાહા..! જેની હજી રીતની ખબર ન મળે. શીરો કેમ થાય? કે મોંઘો પડે છે. ઘીમાં લોટને શેકવો, લોટ બધું ઘી પી જાય છે. પછી ગોળનું પાણી નાખો તો શીરો થાય. બાપુ! એ અમારે મોંઘો પડે. ત્યારે કહે, ગોળના પાણી પછી નાખવા છેને. તો ગોળના પાણીમાં પહેલો લોટ શેકો, પછી નાખો ઘી. લુપરા પણ નહિ થાય. લુપરી સમજો છો? પોટીસ-પોટીસ. એ નહિ થાય. કેમકે બાયુ એમ કહે.. આપણે તો સાંભળેલું છે, કરેલું નથી. વહુને કહે એની સાસુ કે આ પોટીસમાં જાતું-વળતું ઘી નાખજો હોં! જાતું-વળતું એમ બોલે. જાતું-વળતું એટલે કે ઘી બહુ પડે નહિ અને પડ્યા વિના રહે નહિ. આહાહા..! ત્યારે એ પોટીસ થાય. આ તો ગોળના પાણીમાં લોટ શેક્યો અને પછી ઘી નાખ્યું તો વધુ પડતું. પોટીસ ન થાય. શેરો તો ન થાય પણ પોટીસ પણ નહિ થાય. સમજાણું કાંઈ? પોપટભાઈ! આવી વાતું છે, બાપુ!

એમ આત્મા દયા, દાન, વ્રત, ભક્તિ, તપના પરિણામથી કલ્યાણ કરવા માગે એને સારા પુણ્ય પણ નહિ બંધાય. સમજાણું કાંઈ? ધર્મ—શેરો તો શેનો થાય? પહેલા શ્રદ્ધાને આત્મામાં શેકવો પડશે. આહાહા..! નિર્વિકલ્પ શ્રદ્ધા સમ્યક્ એ આખા આત્માને-પૂર્ણને કબુલે છે. સમજાણું કાંઈ? અગ્નિમાં મુખ્ય ત્રણ શક્તિ વર્ણવવામાં આવે છેને? પાચક, દાહક, પ્રકાશક. અગ્નિ પાચક, દાહક, પ્રકાશક (કહેવાય છે). અનાજને પકવે, લાકડાને બાળે, પ્રકાશ કરે. અગ્નિનો ધર્મ છેને. પાચક, દાહક-બાળે, પ્રકાશક.

ભગવાન આત્મામાં ત્રણ ગુણ મુખ્ય. સમ્યગ્દર્શન એ પાચક છે. આખા તત્ત્વને પચાવે છે. પૂર્ણાનંદનો નાથ હું પરમાત્મસ્વરૂપે છું એવું સમ્યગ્દર્શન એને પચવે છે. સમ્યગ્જ્ઞાનમાં પ્રકાશ કરે છે (કે) પૂર્ણ આવું છે, અપૂર્ણ આવું છે, નિમિત્ત આવું છે. એવું જ્ઞાન પ્રકાશે છે અને સ્વરૂપમાં ચારિત્ર છે એ રાગને બાળે છે. આ તો સમજાય એવું છે ને ભાઈ! આહાહા..! માર્ગ બાપા! આ તો અનંત કાળના અજાણ્યા માર્ગ ભાઈ! એ માર્ગની અશક્યતા નથી, દુર્લભતા છે. સમજાણું કાંઈ?

**'ઈષ્ટ-અનિષ્ટપણાની કલ્પનાનો ત્યાગ કરવો,...'** આહાહા..! માખણ જેવું શરીર રૂપાળું સુંદર એ જડ છે, પ્રભુ! એ માંસ અને હાડકા છે. આહાહા..! એમાં તારી નજરું પડતા તને પ્રીતિ લાગે, ભાઈ! તું હાડકાના પ્રેમમાં પડ્યો. આહાહા..! માંસ અને હાડકા એના પ્રેમમાં તું રંગાઈ ગયો. ભગવાન આનંદનો નાથ એનો પ્રેમ તેં છોડી દીધો. સમજાણું કાંઈ? આવી વાત છે શેઠ અહીં તો. અહીં તો બીજું શું હોય? આવી વાત છે, બાપા! આહાહા..! અરે..! શુભરાગ હોય એનો પ્રેમ, પ્રભુ કહે છે કે ત્રિલોકના નાથનો તને દ્વેષ છે. 'દ્વેષ અરોચક ભાવ' આનંદઘનજી કહે છે. આનંદઘનજી થયા છેને શ્વેતાંબરમાં? 'દ્વેષ અરોચક ભાવ...' આનંદનો નાથ જ્ઞાયક સ્વરૂપ નિર્વિકલ્પ આત્મતત્ત્વ તને

રુચે નહિ અને રાગનો કણ છે એ તને રુચે (તો) તને સ્વરૂપ પ્રત્યેનો દ્વેષ છે. આહાહા..! પોપટભાઈ! આવા માર્ગની રીત ભારે ભાઈ! સાધારણ માણસને તો એવું કરી નાખે કે આ પાગલ છે. કેમ એમ? પાગલ આવી વાતું કરે, લ્યો, આવો આત્મા.

મુમુક્ષુ :- પાગલને પાગલ કહે.

ઉત્તર :- બાપુ! માર્ગ તો આવા છે એનો નિર્ણય તો કર. એ વિકલ્પની ભૂમિકામાં વસ્તુ આવી છે એનો નિર્ણય તો કર, ભાઈ! તો વીર્ય ત્યાં અટકશે. પરમાં જવું અટકીને સ્વ તરફ વળશે. આહાહા..! 'રુચિ અનુયાયી વીર્ય.' સ્વરૂપ આવું છે (એવી) રુચિ થશે તો તારું વીર્ય નામ પુરુષાર્થ બધો રુચિ અનુયાયી-રુચિને અનુકૂળ વીર્ય કામ કરશે. રાગનું વીર્ય નહિ કામ કરે શુભરાગમાં. આહાહા..! બહુ ભાઈ માર્ગ (આકરો). જગતથી તો એકવાર મરી જવું પડશે તારે, કહે છે. ત્યારે જીવતી જ્યોત હાથ આવશે. પ્રથમની વાત છે હોં આ. રાગથી માંડીને બધી ચીજોથી મરવું પડશે તારે. એ હું નહિ, એ મારામાં નહિ, એનાથી લાભ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? મોટા મોટા ભાષણ આપે આમ કરવું, ફલાણું કરવું, આપણે આમ કરીએ. સમાજ ઉત્કર્ષનું આપણે કરો કામ. સમાજ ઉત્કર્ષ કરો, સંઘ ઉત્કર્ષ કરો એમ બધી વાતું ઘણા કરે. ગપગોળા મારે. આહાહા..!

અહીં કહે છે, પ્રભુ! તું એકવાર સાંભળને ભાઈ! એ એક આત્માનું ઉત્કૃષ્ટપણું કેમ થાય એની તને ખબર નહિ અને સમાજનું ઉત્કૃષ્ટપણું કરવા નીકળી ગયો? આહાહા..! કહે છે, ઈષ્ટ-અનિષ્ટ કોઈ ચીજ જ નથી. કેમકે આત્મા જ્ઞાયકસ્વરૂપ છે અને એ સિવાયની બધી ચીજો તેને જ્ઞાનમાં જ્ઞેય છે. જ્ઞાનમાં જ્ઞેય નામ જણાવાલાયક છે. આ ઈષ્ટ છે અને અનિષ્ટ છે એવી જ્ઞેય પદાર્થમાં રજીસ્ટર કરીને છાપ નથી મારી ત્યાં. આહાહા..! સમજાણું કાંઈ? એવા '**ઈષ્ટ-અનિષ્ટપણાની કલ્પનાનો ત્યાગ કરવો, રાગ-દ્વેષાદિના કારણો તરફ ઉપેક્ષા-બુદ્ધિ કરવી...**' પરથી વળતા રાગનો અભાવ થાય માટે પર તરફની ઉપેક્ષા '**અને ભાવશ્રુતજ્ઞાનને અંતર્મુખ કરવું.**' આહાહા..! જુઓ આ.

અંદરની જ્ઞાનની નિર્મળ પર્યાય એને અંતરમાં વાળવી. ભગવાન સાહેબો ત્યાં બેઠો છે. ચૈતન્ય પ્રભુ છે ત્યાં. આહાહા..! '**ભાવશ્રુતજ્ઞાનને અંતર્મુખ કરવું. આથી પર પદાર્થો સંબંધીના સંકલ્પ-વિકલ્પો બધા શમી જશે,...**' આહાહા..! પણ આનો કાંઈક બીજો ઉપાય હળવો? એમ માગે છે બધા. કહો, ગીરધરભાઈ! આ માર્ગ છે, ભાઈ! બીજે રસ્તે માનીશ એ સોંઘુ મોંઘુ પડી જશે બાપુ! વાણિયાનો દાખલા નથી આપતા? મણ દૂધી લાવીને ગામડામાંથી વેચવા આવ્યા હશે હમણા. મણ દોઢ મણ. એમાં સવા મણ ખપ્યું અને દશ શેર રહી ગયું. પણ એ બધી એવી હોય જરી ચાંદાવાળી, મોળી-પાતળી રહી હોય. એમાં વાણિયો એક આવ્યો. ભાઈ જુઓ, અત્યારે ચાર આના શેર આપીએ છીએ, તમને બે આના. હવે અત્યારે તો મોંઘું થયું. આપણને બહુ ખબર નથી. ચાર આના શેર દૂધી વેચી છે. આ દશ શેર છે. હવે અમારે ઉપાડીને ક્યાં લઈ જવી ગામડામાં? બે આને આપી, જાવ લઈ જાવ. વાણિયો જાણે અમારે દશ શેર આવી. ઘરે જાય ત્યાં કૂવો આખામાં. એક એક કાણું આખામાં એક કૂવો. સોંઘુ પડ્યું મોંઘું. એમ વાણિયા બીજી રીતે લાભ લેવા જશે (કે) રાગમાંથી આમ થશે,

પુણ્યમાંથી આમ થાશે, ઢીંકણામાંથી આમ થાશે. એ આખું તારું .. જશે. આહાહા..! બરાબર છે ને? ધીરૂભાઈ! આ ગામડામાં એવું હોય છે. આ ભીંડા-બીંડા નથી હોતા? ભીંડા .. હોય ને? સારા સારા લઈ ગયા હોય. સવા મણ, દોઢ મણમાંથી દશ શેર વધ્યું હોય વળી.. ઓહો..! બે આના શેર અત્યારે કહે દસ રૂપિયે. ઓલો લોભિયો હોય વાણિયો. ઠીક આપણને સોંઘુ મળ્યું. લાવો. ઘરે જાય ત્યાં એ કૂવો આખે કૂવો છેક સુધી. કટકી સાજો ન મળે. એમ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ કરો તમારે કલ્યાણ થશે. એ સડેલા છે. સડેલી દૂધી આપે છે તને. આહાહા..! સમજાણું કાંઈ? લોભિયો વાણિયો તણાશે એમાં. બધું જાશે એનું. આહાહા..!

કહે છે, **'આત્મસ્વરૂપમાં સ્થિર થશે.'** વિકલ્પો બધા છોડી દઈને, કોઈપણ વિકલ્પ આત્માને લાભ કરે... આહાહા..! એ છે જ નહિ. પંચ મહાવ્રતના પરિણામનો વિકલ્પ એ આત્માને લાભ ન કરે. પંચ મહાવ્રત—અહિંસા, સત્ય, દત, બ્રહ્મચર્ય, એ પણ વિકલ્પ અને રાગની લાગણી છે. આહાહા..! ભગવાન જ્ઞાનસ્વરૂપમાં એ વિકલ્પ છે જ નહિ. એવા વિકલ્પને શમાડી દેશે અને **'મન અવિક્ષિપ્ત બનશે...'** સ્થિર થશે. **'આત્મસ્વરૂપમાં સ્થિર થશે. આવા અવિક્ષિપ્ત ભાવ મનને...'** એટલે નહિ ડહોળાયેલું મન **'પ્રગટ કરવા આચાર્યે ઉપદેશ આપ્યો છે,...'** એટલે એવું આત્મતત્ત્વ પ્રગટ્યું. **'કારણ કે તે આત્મ-તત્ત્વ છે...'** સમજાણું? **'અને તે (જ) મોક્ષનું કારણ છે.'** કારણ કે ઓલામાં કહ્યું હતું આત્મતત્ત્વનું કહેતા નથી. આસ્રવ છે એમ કહ્યું. સવિકલ્પદશા એ આસ્રવ છે. પહેલામાં કહ્યું હતું. ત્યારે નિર્વિકલ્પદશા એ આત્મતત્ત્વ છે. ભારે વાત ભાઈ! વળી કેટલાક એમ કહે, સભા જોઈને ઉપદેશ દેવો. પણ સભા જોઈને શું સભા જોઈને? સભા તો આત્મા છે. આવો ઉપદેશ આચાર્યે શું સભા જોઈને કર્યો છે? માર્ગ આ છે, સાંભળવો હોય તો સાંભળો અને રુચે તો રુચો. સમજાણું કાંઈ? આહાહા..! પોતાને એ માર્ગ રુચતો ન હોય ને એટલે પછી કહે, હળવો માર્ગ બતાવો, બીજાને હળવો માર્ગ બતાવો. હળવો કેવો બીજો? ઊંધો કહો. હળવો એટલે ઊંધો. આહાહા..!

ઠરશે આત્મા, કહે છે. આચાર્યે આ ઉપદેશ આપ્યો છે આવો. પૂજ્યપાદસ્વામી દિગંબર સંત હતા, મુનિ હતા, જંગલમાં વસતા હતા. દેવો જેના પગ પૂજતા હતા. પૂજ્યપાદ છેને શબ્દ? પાદ એટલે પગ, પૂજ્ય. એવા આચાર્યે આ ઉપદેશ કર્યો છે કહે છે. **'કારણ કે તે આત્મ-તત્ત્વ છે અને તે (જ) મોક્ષનું કારણ છે.'** **'જે જ્ઞાનનો ઉપયોગ રાગાદિ વિકારોમાં...'** જ્ઞાન એટલે જાણવાનો ભાવ એ દયા, દાન આદિ વિકારોમાં **'તથા પર પદાર્થોમાં રોકાય છે તે જ્ઞાન નથી,...'** તે આત્મા નથી. આહાહા..! ભારે વાતું ભાઈ! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપસ્યા, અપવાસ એમાં જે રોકાય છે એ રાગમાં રોકાય છે. એ આત્મા નથી. એ તો આસ્રવતત્ત્વ છે. સમજાણું કાંઈ?

જે જ્ઞાનનો ભાવ રાગમાં અને પરપદાર્થમાં રોકાય તે આત્મા નથી. એ જ્ઞાન જ નથી. આહાહા..! **'પણ જે જ્ઞાન જ્ઞાનમાં જ પ્રતિષ્ઠિત થાય છે...'** જે ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ પોતાના જ્ઞાનમાં ઠરે છે ત્યાં પ્રતિષ્ઠિત થાય છે. આહાહા..! જ્ઞાનને ત્યાં પ્રતિષ્ઠિત-શોભા આપે છે કે ત્યાં ... એમ. પોતાના

જ્ઞાનમાં જ્ઞાન જાય છે તો પ્રતિષ્ઠિત થાય છે '**તે જ વાસ્તવિક જ્ઞાન છે...**' કહો, આ બધા ડોક્ટરના જ્ઞાન અને વકીલાતના જ્ઞાન, આ ધીરૂભાઈની કંપનીનું જ્ઞાન હશેને ક્યાંક કંપનીનું? .. ચલાવતો હતો છોકરો. મુંબઈ છે. કો'ક હશે ધંધાનું. કો'ક છોકરો કહેતો હતો. પણ કોઈ..

મુમુક્ષુ :- કિરીટભાઈ.

ઉત્તર :- હા કો'ક કહેતું હતું. કીધું, હશે કાંઈક. પણ અહીં તો કહે છે કે એ બધા સંસારના જ્ઞાન.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અરે..! હજી તો સમકિત પામવું એના માટેની વાત છે. સમકિત વિના મુનિ ક્યાંથી થતો હતો? નાગા થઈને લૂગડા ફેરવા માટે સાધુ થઈ ગયો? સમજાણું કાંઈ? જેને ચારિત્ર નામ ચરવું, શેમાં ચરવું, શેમાં રમવું એ ચીજનો પત્તો મળ્યો નથી અને ચારિત્ર થઈ જાય? ચારિત્ર એટલે ચરવું. માલ હોય ત્યાં ચરે. ઢોર ક્યાં ચરતા હશે? ઢેફામાં? ઢોર ચરે છેને? માલ હોય ત્યાં ચરતા હશે કે ઢેફા-માં ચરતા હશે? એમ ચરવું એટલે માલ અંદર ભાળ્યો—જોયો છે. આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ સમ્યગ્દર્શનમાં એનું ભાન થયું છે. એ માલમાં રમવા-ચરવા જાય એને ચારિત્ર કહે છે. આહાહા..! શેઠ! અહીંયાં શેઠિયાઓએ બધા ગોટા વાળ્યા હોય એમાં. જય તિષ્ઠ... તિષ્ઠ... તિષ્ઠ... કર્યું તો હશેને થોડુંઘણું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બનાવ્યું હોય એને માટે અને પાછો બોલે મન શુદ્ધિ, વચન શુદ્ધિ, કાય શુદ્ધિ, આહાર (શુદ્ધ). એ ચારેય જૂઠું છે. એય. શેઠ! એ બેય ભેગા હશે ને? કો'ક દિ' સાધુ-બાધુને વહોરાવ્યું તો હશેને? નગ્ન મુનિ.

મુમુક્ષુ :- ગામમાં આવ્યા હોય મહેમાન એને ભૂખ્યા રાખે?

ઉત્તર :- આહાહા..! ત્યારે જૂઠું બોલીને જૂઠું દેવું?

મુમુક્ષુ :- ભોજન તો કરાવવું પડે ને. ભૂખ્યા મરાય કાંઈ?

ઉત્તર :- કોણ કરતું હતું ભોજન. આહાહા..!

અહીં તો કહે છે ચારિત્ર એટલે કે ચરવું, રમવું. આનંદનું ભોજન કરવું એનું નામ ચારિત્ર છે. પણ હવે એ આનંદસ્વરૂપ છે એ તો દૃષ્ટિમાં આવ્યો નથી. ક્યાં ચરશે અને કોને ગમશે? રાગને ગમશે પથરાને. રાગ અચેતન છે, પુણ્ય-પાપના પરિણામ અચેતન જડ છે, ચેતન નથી. આહાહા..! સમજાણું કાંઈ? કાંઈ સમજાણું એમ કહેવાય છે ને? આહાહા..! શું વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથના પંથની બલિહારી છે! તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા, જેને સો ઈન્દ્રો પૂજતા, એના સમવસરણમાં ઈન્દ્રો ગલુડિયાની પેઠે બેસે. એવા ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ એનો આ હુકમ આ છે. ભાઈ કહેતા હતા ને કે ત્યાં સત્ય વાતું, મહારાજ સત્યમાંથી તો કહે છે. ધીરૂભાઈ! આહાહા..! બાપુ! આવો માર્ગ. આહાહા..! પહેલો નિર્ણય તો કર. એ ભૂમિકામાં સાચો નિર્ણય આવો (હોય) એવું તો નક્કી કર. આહાહા..! આવો ઉપદેશ

એ બધો કોઈ વાર આવે. નથી ૧૧મી ગાથામાં કહ્યું? શુદ્ધનયનો ઉપદેશ ક્યાંક ક્યાંક છે, વિરલ છે. ૧૧મી ગાથામાં આવે છેને?

શું કીધું અહીં? **'જે ઉપયોગ પરમાં જ અટકેલો રહેવાથી...'** જાણવાનો સ્વભાવ જીવનો છે એ જાણનારો રાગમાં, પુણ્યમાં, વિકલ્પમાં રોકાય. સમજાણું? **'આત્મ-સન્મુખ વળતો નથી, તે પરના વલણવાળું તત્ત્વ છે,...'** એ આસ્રવતત્ત્વ છે. આહાહા..! ભારે વાતું ભાઈ! ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ આત્મા છે એની સન્મુખ(તા) છોડીને જેટલો પર તરફના વિકલ્પોમાં જાય છે.. આહાહા..! એ આત્મતત્ત્વના વલણવાલું તત્ત્વ નથી. આહાહા..! ભગવાન આમ કહે હોં! ભગવાન કહે કે મારી ભક્તિમાં તારો ઉપયોગ રોકાશે એ આત્મા નથી. આહાહા..! ભગવાન એમ કહે છે. સંતો કહે છે જુઓને! અમને આહાર દેવામાં તારો ઉપયોગ રોકાશે એ આત્મા નથી, પુણ્ય છે. આહાહા..! અમારું સ્મરણ કરવામાં તારો ઉપયોગ રોકાશે એ રાગમાં રોકાશે, એ આત્મા નથી. આવી તો વાત...

આ તો હીરાના પાસા પડે છે ભાઈ. આહાહા..! બેલ્જિયમમાં છે હીરાની સરાણી-સરાણી. હીરાની સરાણ હોય છે. આપણે લોઢાની હોય છેને ત્યાં હીરાની. ત્યાં આવ્યા હતા શેઠ ૯૫માં. રાજકોટ. એ હીરા સરાણે ચડે, પાસા પડે હીરાને. ઓલા લોઢાનું કરે. એ કહે કે હીરો લઈ જાય એ તો શું કહેવું, પણ હીરાની રજું નીચે પડે એને લઈ જાય તો હજારો રૂપિયા ઊપજે. બેલ્જિયમનો એક આવ્યો હતો ૯૫માં. નાનાલાલભાઈને ધંધો છેને એ? નાનાલાલ કાળીદાસ. રાજકોટ. એ ધંધો છે. ત્યાં આવ્યા હતા. લાવ્યા હતા. એવા હીરાની એની પાસે સરેણ. એમ વીતરાગના માર્ગને સરાણે ચડાવે છે. નિર્મળાનંદના નાથને પહોંચી જા નાથ! ત્યાં તારો હીરો છે ત્યાં. અરે..! એ વાતને લઈ જાય ભાવને એનું તો શું કહેવું? પણ આ પ્રરૂપણામાં તત્ત્વ હાથ આવે અંદરમાં એ પણ હીરાની રજકણું છે. આકરી વાત બહુ.

**'તેનાથી સંસાર છે,...'** આહાહા..! ભગવાન આત્મા સ્વસન્મુખના ઉપયોગથી ખસીને જેટલો પરસન્મુખના વલણમાં જાય એ વિકલ્પ બધો સંસાર છે. ઓહોહો..! આચાર્ય તો કહી ગયા છે પહેલાં કે જે શુભ-અશુભ વિકલ્પ રાગ છે એને લાભ માને એ તો મિથ્યાદૃષ્ટિ પાગલ છે. પણ ઉપદેશનો વિકલ્પ જે છે એ ભાનવાળાનો વિકલ્પ છે, એ પાગલ છે કહે છે. ચારિત્ર દોષ છે. આહાહા..! **'તેનાથી સંસાર છે,...'** કોનાથી? આત્માના સ્વભાવના વલણ સિવાય જેટલો બાહ્ય પદાર્થ દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેશ એના તરફ વલણનો ભાવ એ બધો રાગ અને સંસ-ાર છે. સુજાનમલજી! આવી વાત છે. આહાહા..! **'માટે તે હેય છે.'** શું કહ્યું એ? કે ચૈતન્ય આનંદ જ્ઞાનસ્વરૂપી છે એનો સ્વસન્મુખનો જે વેપાર છે એ તો નિર્વિકલ્પ અને આત્મતત્ત્વ છે. એમાંથી જરી પર તરફના વલણના વાંચવામાં, સાંભળવામાં, કહેવામાં, જોવામાં જાય છે એ બધો વિકલ્પ છે અને એ સંસાર અને રાગ છે. આ તો વીતરાગ માર્ગ ભાઈ! જિનેશ્વરદેવ ત્રિલોકનાથ એ જિનચંદ્ર પ્રભુ... આહાહા..! એનો આ માર્ગ છે. ત્યાં રાગનો કણ પણ સમાય નહિ. સમજાણું કાંઈ? હવે ૩૭ ગાથા લેશે. વિક્ષેપ કેમ થાય છે અને અવિક્ષેપ કેમ થાય? એ લેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

कुतः पुनर्मनसो विक्षेपो भवति कुतश्चाविक्षेप इत्याह–

अविद्याभ्याससंस्कारैरवशं क्षिप्यते मनः।
तदेव ज्ञानसंस्कारैः स्वतस्तत्त्वेऽवतिष्ठते।।३७।।

અજ્ઞાન જ સંસ્કારથી મને વિક્ષેપિત થાય;
જ્ઞાન જ સંસ્કારે સ્વતઃ તત્ત્વ વિષે સ્થિર થાય. ૩૭.

टीका :– शरीरादी शुचिस्थिरात्मीयादिज्ञानान्यविद्यास्तासामभ्यासः पुनः पुनः प्रवृत्तिस्तेन जनिताः संसाकारा वासनास्तैः कृत्वा। अवशं विषयेन्द्रियाधीनमनात्मायत्तमित्यर्थः। क्षिप्यते विक्षिप्तं भवति मनः। तदेव मनः ज्ञानसंस्कारैरात्मनः शरीरादिभ्यो भेदज्ञानाभ्यासैः। स्वतः स्वयमेव। तत्त्वे आत्मस्वरूपे अवतिष्ठते।।३७।।

---

વળી ક્યા કારણથી મનનો વિક્ષેપ થાય છે અને ક્યા કારણે તેનો અવિક્ષેપ થાય છે તે કહે છે :–

શ્લોક – ૩૭

અન્વયાર્થ :– (अविद्याभ्याससंस्कारैः) અવિદ્યાના અભ્યાસથી ઉત્પન્ન થયેલા સંસ્કારો દ્વારા (मनः) મન (अवशं) અવશપણે–સ્વાધીન નહિ રહેવાથી (क्षिप्यते) વિક્ષિપ્ત થાય છે. (तत् एव) તે જ મન (ज्ञानसंस्कारैः) ભેદજ્ઞાનના સંસ્કારો દ્વારા (स्वतः) સ્વતઃ (तत्त्वे) આત્મસ્વરૂપમાં (अवतिष्ठते) સ્થિર થાય છે

ટીકા :– શરીર વગેરેને પવિત્ર, સ્થિર અને આત્મીય (પોતાનું) આદિ માનવારૂપ જે અવિદ્યા (અજ્ઞાન) તેનો અભ્યાસ અર્થાત્ તેની વારંવાર પ્રવૃત્તિ તેનાથી ઉત્પન્ન થયેલા સંસ્કારો એટલે વાસનાઓ–તે વડે કરીને અવશ–અર્થાત્ વિષયો અને ઇન્દ્રિયોને આધીન એટલે આત્માને આધીન તે મન વિક્ષેપ પામે છે; એટલે વિક્ષિપ્ત થાય છે. તે જ મન, જ્ઞાનસંસ્કારો વડે અર્થાત્ આત્માને શરીરાદિથી ભિન્ન જાણવારૂપ અબ્યાસ વડે, સ્વતઃ એટલે સ્વયં જ તત્ત્વમાં અર્થાત્ આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે.

ભાવાર્થ :– શરીરાદિ પર પદાર્થોમાં આત્મબુદ્ધિ કરવી તે અજ્ઞાન છે–અવિદ્યા છે. તેના પુનઃ પુનઃ પ્રવૃત્તિરૂપ અભ્યાસથી ઉત્પન્ન થયેલા સંસ્કારોથી મન પરવશ થઈને–પરાધીન થઈને રાગી–દ્વેષી બની જાય છે–વિક્ષિપ્ત થાય છે. આ જ મન ભેદ–જ્ઞાનના સંસ્કારોથી સ્વતઃ એટલે પોતાની મેળે આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે.

શરીર જડ છે, અપવિત્ર છે, અસ્થિર છે ને પર છે. તેમાં આત્માની કલ્પના કરી તેને પવિત્ર, સ્થિર ને પોતાનું માનવું તથા જ્ઞાન અને રાગને એક માનવા અર્થાત્ શુભ ભાવથી લાભ માનવો તે અવિદ્યા છે–અજ્ઞાન છે. આ અજ્ઞાનતાને–ઊંધી માન્યતા અને

ઊંધા જ્ઞાનને વારંવાર અંદર ઘૂંટવાથી અને તદ્નુસાર આચરણ કરવાથી વાસનારૂપ સંસ્કારો ઉત્પન્ન થાય છે. આ સંસ્કારોથી મન પોતાને વશ-સ્વાધીન વર્તતું નથી, પરંતુ પરવશ બને છે-અર્થાત્ વિષયો અને ઇન્દ્રિયોને આધીન થઈ ક્ષુબ્ધ થાય છે-વિક્ષિપ્ત થાયછે. આવું-રાગ-દ્વેષ આકુલિત મન બાહ્ય વિષયોમાં જ પ્રવર્તે છે, જ્ઞાનસ્વરૂપમાં સ્થિર થતું નથી.

હું શરીરાદિથી અને રાગ-દ્વેષાદિ વિકારોથી ભિન્ન, પવિત્ર, સ્થિર અને જ્ઞાયક-સ્વરૂપ છું-એવા સ્વપરના ભેદવિજ્ઞાન દ્વારા ઉત્પન્ન થયેલા જ્ઞાન-સંસ્કારોથી તે જ મન સ્વયં-સ્વાધીનપણે-પોતાની જ મેળે રાગ-દ્વેષાદિથી રહિત થાય છે-અવિક્ષિપ્ત થાય છે અને આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે.

વિશેષ

શુદ્ધાત્માની વારંવાર ભાવના જ્ઞાનના સંસ્કારો ઉત્પન્ન થાય છે. તેનાથી મન રાગ-દ્વેષ રહિત થઈ સમાધિમાં ઠરે છે.

'હું શુદ્ધજ્ઞાનસ્વભાવ પરમાત્મા છું; શરીર-મન-વાણીરૂપ હું નથી. હું તેનાથી ભિન્ન છું'-એવી વારંવાર ભાવના ભાવવાથી તેના સંસ્કારો દઢ થાય છે અને તેવા સંસ્કારોથી ચૈતન્યસ્વરૂપમાં સ્થિરતા પ્રાપ્ત થાય છે.[૧]

માટે જ્ઞાન-સંસ્કાર સમાધિનું કારણ છે અને અવિદ્યાના સંસ્કાર અસમાધિનું કારણ છે.

જ્ઞાન-સંસ્કારો દ્વારા જેમ જેમ સ્વરૂપમાં સ્થિરતા વધતી જાય છે, તેમ તેમ રાગ-દ્વેષાદિ ભાવો છૂટતા જાય છે અને વીતરાગતા વધતી જાય છે. માટે જ્યાં સુધી મન (જ્ઞાનનો ઉપયોગ) બાહ્ય વિષયોથી છૂટી આત્મસ્વરૂપમાં સ્થિર ન થાય ત્યાં સુધી આત્મ-તત્ત્વની ભાવના કર્યા જ કરવી.

શ્રી સમયસાર કલશ-૧૩૦માં કહ્યું છે કે :-

अविद्याभ्याससंस्कारैरवशं क्षिप्यते मनः।
तदेव ज्ञानसंस्कारैः स्वतस्तत्त्वेऽवतिष्ठते।।३७।।

''આ ભેદવિજ્ઞાન અછિન્ન ધારાથી-અર્થાત્ જેમાં વિચ્છેદ ન પડે એવા અખંડ પ્રવ-ાહરૂપે-ત્યાં સુધી ભાવવું, કે જ્યાં સુધી પરભાવોથી છૂટી જ્ઞાન જ્ઞાનમાં જ (પોતાના સ્વરૂપામં જ) ઠરી જાય.''

અહીં જ્ઞાનનું જ્ઞાનમાં ઠરવું બે પ્રકારે જાણવું. એક તો, મિથ્યાત્વનો અભાવ થઈ સમ્યગ્જ્ઞાન થાય અને ફરી મિથ્યાત્વ ન આવે, ત્યારે જ્ઞાન જ્ઞાનમાં ઠર્યું કહેવાય; બીજું,

૧. જુઓ-સમાધિતંત્ર શ્લોક ૨૮.

**જ્યારે જ્ઞાન શુદ્ધોપયોગરૂપે સ્થિર થઈ જાય અને ફરી અન્ય વિકારરૂપે ન પરિણમે ત્યારે તે જ્ઞાનમાં ઠરી ગયું કહેવાય. જ્યાં સુધી બન્ને પ્રકારે જ્ઞાનમાં ન ઠરી જાય ત્યાં સુધી ભેદવિજ્ઞાન ભાવ્યા કરવું.૧**

**આ શ્લોકમાં 'સ્વતઃ' શબ્દ એ સૂચવે છે કે જીવ સ્વયં પોતાના સમ્યક્ પુરુષાર્થથી પોતાના સ્વરૂપમાં સ્થિર થાય છે, બીજા કોઈ કારણે નહિ. ૩૭.**

---

## પોષ સુદ ૧૩, શનિવાર તા. ૨૫-૦૧-૧૯૭૫
## શ્લોક-૩૭,
## પ્રવચન - ૪૬

આ સમાધિતંત્ર (શાસ્ત્ર છે). આત્માને સમાધિ નામ શાંતિ કેમ મળે છે? એટલે કે સમ્યગ્દર્શન ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવે જેને સમ્યગ્દર્શન કીધું એ શું ચીજ છે? અને એ સમ્યગ્દર્શનમાં શું થાય? એ સમ્યગ્દર્શનમાં સમાધિ આનંદનો અનુભવ થાય. ઝીણી વાત છે. એ એણે અનંત કાળમાં કોઈ દિ' કર્યું નથી અને એને છોડીને મનમાં અનાદિથી પુણ્ય અને પાપના રાગના સંસ્કારને લઈને એનું મન વિક્ષિપ્ત એટલે અસમાધિવાળું છે. સમજાણું કાંઈ?

લોગસ્સમાં નથી આવતું? 'સમાહિ વર મુત્તમં દિન્તુ' એના અર્થની ક્યાં ખબર છે? 'સમાહિ વર મુત્તમં દિન્તુ'. હે પરમાત્મા! અમારી અમને સમાધિ મળો. સમાધિ એટલે આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે એને અંતર દૃષ્ટિ કરીને શુદ્ધ આનંદના સ્વાદને લેવો અને એમાં પ્રતીત કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા..! સમજાય છે કાંઈ? ત્યાં ધર્મની પહેલી સીઢી, ધર્મનું પહેલું પગથિયું એને ત્રિલોકનાથ તીર્થંકરદેવ કહે છે. ધીરૂભાઈ! અને એ કેમ પ્રાપ્ત ન થયું? અનાદિથી પુણ્ય અને પાપના વિકલ્પો શુભ-અશુભભાવ એ બધા વિકાર છે એને પોતાના માન્યા એથી ત્યાંથી ખસ્યો નહિ અને અંતર આત્મામાં આવ્યો નહિ માટે તેને અસમાધિ નામ દુઃખની દશા વર્તે છે. પોપટભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ આ પૈસાવાળાને સુખી કહે છેને. આહાહા..!

અહીં તો કહે છે એકવાર સાંભળ પ્રભુ! ૩૭મી ગાથા છે. બહુ સરસ છે. વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવને જ્યારે સર્વજ્ઞપણું પ્રગટ થયું (ત્યારે) એક સેકન્ડના અસંખ્યમા ભાગમાં ત્રણ કાળ ત્રણ લોક જેણે જાણ્યા એવા તીર્થંકરદેવની વાણીમાં (આવ્યું કે) અસમાધિમાં કેમ રહ્યો અનાદિથી? અને સમાધિની કેમ પ્રાપ્તિ થાય? એની વાત છે. સમાધિ કહો કે ધર્મ કહો. અસમાધિ કહો કે અધર્મ કહો. આહાહા..!

એ કહે છે જુઓ. ૩૭. '**ક્યા કારણથી મનનો વિક્ષેપ થાય છે અને ક્યા કારણે તેનો અવિક્ષેપ થાય છે...**' એ મથાળું (છે). ક્યા કારણે મનમાં રાગ-દ્વેષની અસમાધિ થાય છે? અને ક્યા કારણે આત્માના આનંદની શાંતિ ને સમાધિ ને સમકિતને ધર્મ થાય છે? એ કહે છે.

**अविद्याभ्याससंस्कारैरवशं क्षिप्यते मनः।**
**तदेव ज्ञानसंस्कारैः स्वतस्तत्त्वेऽवतिष्ठते।।३७।।**

'**ટીકા :- શરીર...**' આ (શરીર) જડ છે માટી. એ પુદ્ગલ છે, જડ છે. એ કાંઈ આત્મા નથી. આ તો અજીવતત્ત્વ છે. એ અજીવતત્ત્વ '**વગેરેને પવિત્ર,...**' માની. આ શરીર મારું છે એમ માની. આ તો જડ છે, ધૂળ છે, અપવિત્ર પદાર્થ છે. પવિત્ર તો ભગવાન છે. એ શરીરને પવિત્ર માન્યું. પોતે પવિત્ર છે એની ખબર ન મળે. આત્મા અતીન્દ્રિય આનંદનો સ્વભાવ ધરનારો છે એની એને ખબર ન મળે. મૃગની નાભીમાં કસ્તુરી, એ મૃગલાને ખબર ન મળે. એમ અજ્ઞાની પુણ્ય અને પાપના ભાવના પ્રેમીલા, એને ભગવાન આનંદસ્વરૂપ છે અંદર આત્મા એની એને ખબર ન મળે. આહાહા..! સમજાણું કાંઈ?

એ કહે છે, શરીરને પવિત્ર માન્યું. શરીરને ચૂંથવાથી, ભોગ લેવાથી મને ઠીક પડે છે એમ મૂઢ અજ્ઞાનીએ અનાદિથી આમ માન્યું છે. આહાહા..! માંસ અને હાડકા અને ચામડા છે આ તો. એમાં મને મજા પડે છે એમ અજ્ઞાનીએ અનાદિથી માન્યું. આ જુદી જાતની વાત છે જગતથી. અને એ ઠીક છે એમ માન્યું. પવિત્ર તો પોતે છે એમ ન જાણ્યું અને આને પવિત્ર માન્યું કે આ શરીર મારું સુંદર બહુ સારું બહુ. અને શરીરથી આપણે કામ લઈએ. તો શરીર તો જડ છે, આ તો માટી છે. એનાથી કામ ચાલે એ તો બધા જડના થાય. આહાહા..! **સ્થિર** માન્યું એને. સ્થિર તો પોતે છે નિત્યાનંદ પ્રભુ એમ ન માનતા, ન જાણતા શરીરને થયું, આ તપ થયું. આ સત્ છે કાયમ. આહાહા..!

'**અને આત્મીય (પોતાનું) આદિ માનવારૂપ...**' મારું શરીર છે, મારી વાણી છે, મારું મન છે. અંદર શુભ અને અશુભ ભાવ થાય છેને. ઝીણી વાત છે ભગવાન. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ પાપવાસના અને દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજાનો વિકલ્પ એ પુણ્યવાસના. શાસ્ત્રની વાતમાં રાડ પડે એની. બાપુ! તને ખબર નથી, ભાઈ! પરની દયા પાળવાનો ભાવ, અંદર ભગવાનની ભક્તિ, પૂજાનો ભાવ, દાનનો ભાવ, દયાનો ભાવ, જાત્રાનો ભાવ, પંચ મહાવ્રતનો ભાવ એ બધો રાગ છે. બાપુ! તને ખબર નથી. સમજાણું કાંઈ? એ મારા માની અને એને તેં સેવ્યા. આહાહા..! વીતરાગ સર્વજ્ઞ પરમાત્માનો માર્ગ દુનિયાથી નિરાળો છે. આહાહા..! અંદર આનંદનો નાથ બિરાજે છે પોતે પ્રભુ ચૈતન્ય એમાં પવિત્રતા છે, એમાં સુખ છે એમ ભૂલીને.. આહાહા..!

હમણાં એક પદ યાદ આવ્યું હતું એક થોડુંક હોં! આ છેલ્લા શું ચેતનજી હતા ને. એ

ક્યાંક સજ્ઝાયમાંથી આવ્યું હશે. 'ભુલ્યો મન ભમરા તું ક્યાં ભમે? ભમ્યો દિન ને રાત.' સજ્ઝાયમાળા આવે છેને ચાર? એમાં હશે. એ વખતે (વાંચ્યું હતું તે) વળી યાદ આવ્યું હમણાં. સજ્ઝાય છે. ચાર સજ્ઝાયમાળા છેને? અમે બધી વાંચી છેને, દુકાન ઉપર વાંચી છે. ૬૫ અને ૬૬ની સાલ. સંવત્ ૧૯૬૫ અને ૬૬. પાલેજમાં દુકાનમાં. દુકાન તો પિતાજીની દુકાન હતી. સ્વતંત્ર દુકાન ઘરની હતી. ચાર સજ્ઝાયમાળા છે આપણે. એક એકમાં અઢીસો અઢીસો સજ્ઝાયું છે. એવી ચાર છે. એ ચારેય ચોપડી તે દિ' મગાવી હતી. એય..! ૬૪-૬૫. કેટલા વર્ષ થયા? ૬૬ વર્ષ થયા. દુકાનમાં ઘણા બધા શાસ્ત્ર વાંચતા. એમાં આ હમણાં ચેતનજી ઊભા હતા અને યાદ આવી ગયું, નહિ? 'ભુલો ભમ્યો મન ભમરા..' અરે..! ભમરા તું ક્યાં ભમ્યો? ચેતન આનંદનો નાથ અંદર બિરાજે છે. એ સિદ્ધ સમાન તારું સ્વરૂપ છે. આહાહા..! એને ભૂલીને પુણ્ય અને પાપના ભાવમાં ભટક્યો પાંચ ઈન્દ્રિયના વિષયમાં. એમાં ક્યાંય શાંતિ નથી, એ તો બધી અશાંતિ છે. આહાહા..!

હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, કામ, ક્રોધ, માન, માયા, લોભ, .. રતિ, અરતિના ભાવ એ પાપવાસના છે. એ દુઃખ છે. હવે કઠણ પડે એવી વાત કીધી. ભાઈએ કીધી. દયા, દાન, વ્રત, ભક્તિ, તપના ભાવ એ બધા શુભરાગ છે. આહાહા..! એ ત્યાં અટક્યો છે. એ શુભરાગ છે કહો કે અધર્મ છે કહો. વાત તો આવી છે. ત્રણલોકના નાથનો પોકાર તો આ છે. સમજાણું કાંઈ? એ ધર્મ નહિ. ધર્મ તો એ રાગની ક્રિયા વિના ચિદાનંદ સ્વરૂપ ભગવાન આત્મા એની શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવ કરવો એને તીર્થંકરદેવ ધર્મ કહે છે. બહુ નવરા ન મળે પુણ્ય અને પાપને આડે અને એમ કરતાં કંઈક પુણ્ય થોડા થયા ત્યાં અટકી ગયો. કંઈક ધર્મ કર્યો. અરે.. બાપુ! એવું તો અનંતવાર કર્યું છે. સમજાણું કાંઈ?

કહે છે ,શરીર આદિને પોતાનું માનવારૂપ જે અવિદ્યા એ અજ્ઞાન છે. આહાહા..! શરીર મારું, વાણી મારી, મન મારું, પુણ્ય અને પાપના ભાવ વિકારી છે એ મારા એ આસ્રવતત્ત્વ છે. આહાહા..! એને પોતાના માન્યા એ અજ્ઞાન, અવિદ્યા સંસાર છે. આહાહા..! અનંત કાળમાં ભટક્યો એ રહી ગયું ક્યાંક, એ ખબર નથી એને. એ તો જે કરે છે એ કર્યા કરે. જરી નવરો થાય ત્યાં શુભભાવ કરે. દુકાને પાપની ઘાણીમાં (પીલાય). બેય મલિન પરિણામ છે. એ પુણ્ય અને પાપ બેય. એક સોનાની બેડી અને એક લોઢાની બેડી. ભારે પણ ભાઈ!

મુમુક્ષુ :- સોનાની બેડી તો..

ઉત્તર :- સોનાને તોલ હોય તોલ. આહાહા..!

કહે છે, કેમ તને આત્માની શાંતિ ન મળી? સમ્યગ્દર્શન કેમ ન થયું? સમ્યગ્દર્શન થતાં આત્માને શાંતિ મળે છે. આહાહા..! કેમ ન થયું? કે પરવસ્તુને (પોતાની) માનવાના સંસ્કાર વડે ત્યાં રોકાઈ ગયો. ધીરૂભાઈ! આવું છે. આહાહા..!

**'(અજ્ઞાન) તેનો અભ્યાસ અર્થાત્ તેની વારંવાર પ્રવૃત્તિ...'** આ શું કહેવાય? દોરાને

કાંતે છે ને? શું કહેવાય તમારે ચરખો. તેમાં દોરો આમ એક પછી એક પછી એક એમ નીકળ્યા જ કરે. એમ કહે છે કે પ્રભુ! અનાદિના તેં પુણ્ય અને પાપના શુભ અને અશુભભાવ એના રેંટિયા માંડ્યા તેં. આહાહા..! એના સંસ્કારને લઈને તને અસમાધિ થઈ. આહાહા..! ચિદાનંદ ભગવાન અંદર આનંદનો નાથ જ્ઞાતા-દૃષ્ટા જે તીર્થંકરદેવે જેને આત્મા કહ્યો એ આત્માને તું ભૂલી ગયો. સમજાણું કાંઈ? આહાહા..!

એવા '**સંસ્કારો એટલે વાસનાઓ-તે વડે કરીને અવશ-અર્થાત્ વિષયો અને ઇન્દ્રિયોને આધીન...**' શુભ અને અશુભભાવમાં આધીન થતાં ઇન્દ્રિય અને એના વિષયોમાં દોડી ગયો. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! વીતરાગની વાણી છે એ પણ સાંભળવામાં શુભભાવ છે. કારણ કે એ ઇન્દ્રિયનો વિષય છે. બહુ ઝીણી વાતું છે. વીતરાગમાર્ગ એવો ઝીણો છે, અત્યારે તો બધું ઢંકાઈ ગયું છે, બધું ઊંધું છે. આહાહા..!

કહે છે, આવા અવિદ્યાના સંસ્કારથી પર તરફના વલણમાં તારી દશામાં સંસ્કાર જામી ગયા. અંદર આત્મા આનંદસ્વરૂપ સચ્ચિદાનંદ સ્વરૂપ 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' આહાહા..! એ તને શ્રદ્ધામાં, દૃષ્ટિમાં, અનુભવમાં રહી ગયો એથી તને સમાધિ ન થઈ. સમાધિ એટલે આ બાવા કરે એ નહિ હોં! આ તો સુખ અંદર થવું જોઈએ. ભગવાન આનંદનો ગાંગડો છે, આનંદની ગાંઠ છે એ. આહાહા..! આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. જેમ શક્કરકંદ છેને? એ શક્કરકંદમાં બધે મીઠાશ જ ભરી છે. આ શિવરાત્રીમાં નથી કરતા? છે અનંતકાય હોં! અનંત જીવ છે એમાં. એને રાંધીને ખાય છેને. બાફીને અંદર સાકર નાખીને ખાય.

આ ભગવાન આત્મા એકલો અતીન્દ્રિય આનંદનો શક્કરકંદ છે. કેમ, શું, કોઈ દિ' સાંભળ્યું પણ નથી. ચંદુભાઈ! આહાહા..! એવા આનંદના નાથને તેં ન જોયો, ન જાણ્યો, ન માન્યો. આહાહા..! અને આવા અજ્ઞાન સંસ્કારથી પાંચ ઇન્દ્રિયના પરલક્ષમાં પરાધીન થઈ ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એને (વિપરીત) '**આત્માને આધીન તે મન વિક્ષેપ પામે છે;...**' શું કીધું એ? આ શરીર, વાણી, મન બધા જડ છે અને અંદરમાં પુણ્ય અને પાપના ભાવ થાય એ પણ ખરેખર તો ચૈતન્યની જાતની જાત નથી. એ પણ અચેતન છે. છે જીવની પર્યાયમાં, પણ એમાં જ્ઞાન અને આનંદનો અભાવ છે. માટે પુણ્ય અને પાપના ભાવ એ મારા છે, એમ તેમાં દોરાઈ જઈ અને મનનો વિક્ષેપ થયો. આહાહા..!

અણાત્માને આધીન (થયો). એ શુભ અને અશુભભાવ એ આત્મા નથી. શુભભાવ એ પુણ્ય છે, અશુભભાવ એ પાપ છે. બેય તે આસ્રવ છે. આહાહા..! એને આધીન થઈ... આહાહા..! મનનો વિક્ષેપ થયો. આહાહા..! અશાંતિ થઈ એને. એને કષાયનો ભાવ ઉત્પન્ન થયો એમાં એ દુઃખમાં એ વિક્ષિપ્ત થઈ ગયો એને. મન અસ્થિર થઈ ગયું. આહાહા..! સમજાણું કાંઈ? ભારે વાત આવી કેવી પણ? ઓલો તો કહે, અપવાસ કરવાથી ધર્મ થાય, આ ભગવાનની ભક્તિ કરીએ હંમેશા. બાપુ! એ બધી વાતું શુભભાવની છે.

'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો,...' ભગવાન તો એમ કહે છે, ભાઈ! તું તો સાધુ પણ અનંત વાર થયો. પંચ મહાવ્રતના પરિણામ પણ તેં અનંત વાર કર્યા છે. એ શુભરાગ છે. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક...' નવમી ગ્રૈવેયક ગયો. બાર દેવલોક છે, ઉપર નવ ગ્રૈવેયક છે. ત્યાં અનંત વાર ગયો છે. સમજાણું કાંઈ? શુભભાવ પુણ્યના ભાવ, શુક્લલેશ્યાના ભાવ એ વિવેક કરીને,.. 'પૈ નિજ આતમ જ્ઞાન બિન...' આત્મા શું ચીજ છે એના અનુભવ વિના એને સુખનો અંશ પણ ન આવ્યો. આહાહા..! સમજાણું કાંઈ? જેને દુનિયા ધર્મ માને, એને જ્ઞાની કહે છે કે એ પરાધીન દુઃખ છે. આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જેને સો ઈન્દ્રો પૂજે છે. ભગવાન તો બિરાજે છે મહાવિદેહમાં. ચોવીસ તીર્થંકરો એ તો મોક્ષમાં પધાર્યા. નમો સિદ્ધાણંમાં ગયા. અને સીમંધર ભગવાન આદિ વીસ તીર્થંકરો મહાવિદેહમાં બિરાજે છે, અરિહંત પદે છે. હજી શરીર છે. સમજાણું કાંઈ? એના મુખમાંથી આ વાણી નીકળી, આ વાણીની રચના છે. આહાહા..! સમજાણું કાંઈ? પોપટભાઈ!

મનમાં સંસ્કાર એવા નાખ્યા કહે છે. શરીરની ક્રિયા હું આવી કરું, શુભભાવ હું કરું, અશુભ-ભાવ આવો કરું એમાં ગુંચાઈ ગયો એ. આહાહા..! એ અજ્ઞાનના સંસ્કારમાં ગુંચાણો. એ અવિદ્યાના સંસ્કાર પડ્યા. ચૈતન્યથી વિપરીત દશાના સંસ્કાર પડ્યા. સમજાણું કાંઈ? **'એટલે વિક્ષિપ્ત થાય છે. તે જ મન, જ્ઞાનસંસ્કારો વડે...'** હું તો જાણનાર-દેખનાર આનંદ છું. મારું સ્વરૂપ તો શુદ્ધ ચૈતન્ય આનંદઘન છે, અતીન્દ્રિય આનંદનો રસીલો તે હું આત્મા (છું). આહાહા..! રાગનો રસીલો એ આત્મા નહિ. આવી વાત કેવી! આ તો બધો વ્યવહારનો લોપ થઈ જાય છે. ભાઈ! તને વ્યવહારની ખબર નથી બાપુ! વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવ ગણધરો અને સંતોની વચ્ચે, ઈન્દ્રોની વચ્ચે આ ધર્મ ફરમાવ્યો હતો. આહાહા..! સમજાણું કાંઈ?

પુણ્ય અને પાપના ભાવ તે વિકાર છે, એનાથી મારી ચીજ ભિન્ન છે. આનંદ છે, જ્ઞાન છે, શાંતિ છે, સ્વચ્છતા છે, પ્રભુતા છે એ હું આત્મા (છું). એવા એણે સંસ્કાર નાખ્યા નહોતા. એ સંસ્કાર જો નાખે તો એને સમાધિ થાય. આહાહા..! છે? **'આત્માને શરીરાદિથી ભિન્ન જાણવારૂપ અભ્યાસ વડે,...'** આ રજકણો માટી એનાથી હું જુદો છું, વાણી જડ છે એનાથી હું જુદો છું. પુણ્ય અને પાપના ભાવ થાય તે રાગ (તેનાથી) હું જુદો છું. આહાહા..! એવા પરથી ભેદજ્ઞાનના સંસ્કાર નાખતા એને સમ્યગ્દર્શન અને સમાધિ થાય છે. આવો માર્ગ છે, ધીરૂભાઈ! આ બધા પૈસાવાળાને જાણે પૈસા ખર્ચે તો ધર્મ થઈ જાય. એય..! શેઠ!

મુમુક્ષુ :- કરવું શું?

ઉત્તર :- કરવું તે આ કરવું નથી? પુણ્ય થાય એમાં રાગની મંદતા કરે તો પુણ્ય થાય. પોપટભાઈ! આ પોપટભાઈએ આપ્યા છેને હમણા પચાસ હજાર નહિ? વઢવાણ મંદિર થાય છેને? એય.. ગીરધરભાઈ! એ હળવે હળવે કરશે બધું. એમાં પણ એ ક્રિયા જે થાય છે તે પર છે. એમાં દેનારને રાગની મંદતાનો ભાવ હોય તો પુણ્ય છે, ધર્મ નહિ.

મુમુક્ષુ :- આટલા બધા રૂપિયા ખર્ચે ને પુણ્ય?

ઉત્તર :- શેના રૂપિયા? રૂપિયા તો જડ છે.

મુમુક્ષુ :- એમ નહિ ખર્ચ્યા તો એણે ને?

ઉત્તર :- ખર્ચ્યા એણે નથી. એ તો ત્યાં ખર્ચાણા જડને કારણે. એય..! ધીરૂભાઈ!

મુમુક્ષુ :- ખર્ચાનો ભાવ કર્યો.

ઉત્તર :- ભાવ કર્યો તો કીધું ને રાગ મંદ કર્યો હોય તો શુભ થાય. એણે અને ઓલો તમારો તલકશીભાઈનો દીકરો રમણીક. બેય પચાસ હજાર આપ્યા છે. એણે પચાસ હજાર આપ્યા છે. લાખ. અઢી-ત્રણ લાખનું થાય છે. અહીં તો અમે પહેલેથી કહેતા આવ્યા છીએ કે મંદિર બને એ એને કારણે બને. એના ભાવ કરનારને રાગની મંદતા હોય તો પુણ્ય છે, ધર્મ નહિ. ધીરૂભાઈ! ધીરૂભાઈ કરવાના છેને આ બધું. અમે તો પહેલેથી (કહીએ છીએ). અરે..! ભગવાન!

મુમુક્ષુ :- રાગના ભાવમાં ધર્મ થાય?

ઉત્તર :- રાગ. બાપુ! તને ખબર નથી ભાઈ! એ વૃત્તિ ઊઠે છે એ વિકલ્પ રાગ છે. આહાહા..! હોય, અશુભથી બચવા એ ભાવ હોય, પણ એ ધર્મ છે અને એનાથી ધર્મ હળવે-હળવે થાશે એ વાતમાં જરીએ માલ નથી. કહો, સુજાનલમજી! આવો માર્ગ વીતરાગનો છે, બાપુ! આહાહા..! ત્રણલોકના નાથ તીર્થંકરદેવ, ઈન્દ્રો અને ગણધરોની સમક્ષમાં આ કહેતા હતા એ આ કહેણ છે બધા. આહાહા..! ભાઈ! તને સંસ્કાર બીજા પડી ગયા. આત્માની જાતના સંસ્કાર ન પાડતા પુણ્ય અને પાપના ભાવ મારા અને એમાં મને લાભ થશે એવા સંસ્કારથી અજ્ઞાન પોષાણું છે. શેઠ! શેઠને જ્યાં હોય ત્યાં બેસાડે. પૈસા આપે ને ઓલામાં દસ હજાર, પાંચ હજાર રૂપિયા. શેઠને મોઢા આગળ બેસાડે. હમણાં ત્યાં કુંડલપુર જવાના છેને. મોઢા આગળ રાખશે હોં. આપણને ખબર ન હોય ને. ચંદુભાઈએ કહ્યું હતું. ત્યાં થાય છે ને મોટું ગજરથ. ગજરથને?

મુમુક્ષુ :- કમિટીના પ્રમુખ છે.

ઉત્તર :- એના પ્રમુખ છે એ. મોઢા આગળ કહેવાય પૈસાવાળા. કાંઈક આપશે પાંચ, દસ હજાર પછી. આહાહા..!

મુમુક્ષુ :- જબરદસ્તીથી પકડાવે.

ઉત્તર :- આહાહા..! અરે.. ભાઈ!

અહીં તો કહે છે, પ્રભુ! એ લક્ષ્મી છે એ તો જડ છે. જેમ શરીર જડ છે આ માટી. માટી છેને? એ કાંઈક વાગે ત્યારે નથી કહેતા કે મારી માટી પાકણી છે? પાણીને અડવા દેશો નહિ. એમ કહે છે કે નહિ? પણ એ બોલવા પૂરતું. કાંઈ ભાન ન મળે. મારી માટી પાકણી છે એમ કહે. પણ મારી કરીને પાછું માટી કહેવું છે એની ખબર નથી એને પણ. આ વાગે

ને ત્યારે. ખીલો વાગી ગયો હોય. પાણી અડાડવા દેશો નહિ હોં, મારી માટી પાકણી છે. માટી છે ને આ? ધૂળ છે એ તારી થઈ ગઈ? ક્યાંથી આ માટીનો માટી થઈ ગયો? માટીનો માટી. આહાહા..! એમ પૈસા જડ-ધૂળ છે. સોનાના હોય કે રૂપાના હોય કે આ તમારી અત્યારે ઓલી હોયછે ને શું કહેવાય? નોટું કાગળિયા એ તો બધા જડ છે. એ જડ થઈને રહ્યા છે, કાંઈ તારા થઈને રહ્યા છે?

શ્રોતા :- મારી પાસે હોય ત્યાં સુધી તો મારા કહેવાય ને?

ઉત્તર :- ધૂળેય નથી એના થઈને રહ્યા. ધીરૂભાઈ! એ અજીવ થઈને રહ્યા છે કે તમારા થઈને રહ્યા છે એ? તમારા થઈને રહે તો તમે આત્મા છો અરૂપી, તો અરૂપી થઈ જાય એ.

શ્રોતા :- મારી પાસે છે ત્યાં સુધી તો મારા છેને?

ઉત્તર :- ના. જરીએ હરામ છે એ તો. જડના છે. એ જ વાંધા છેને અહીંયાં.

એ અજીવતત્ત્વને જીવનું પોતાનું માનવું એ મહામિથ્યાત્વના સંસ્કાર છે. લોકોને પણ એ રીતે ચડાવી દીધા છે. પૈસાવાળા હોય એ પૈસા ખર્ચે. ધર્મધુરંધર નાખો એક તકતી. તકતી શું છે એ? તકતી તકતી નાખે છેને? બહુ તસ્દી મહેનત કરે બિચારો. પચાસ હજાર, લાખ ખર્ચ્યા હોય તો જાવ ફલાણા ભાઈની યાદગીરીમાં પાછા નામ નાખે ત્રણ, ચાર, પાંચ. ફલાણા ભાઈ આપનાર અને ફલાણાની યાદગીરીમાં.

મુમુક્ષુ :- હસ્તે ફલાણા.

ઉત્તર :- હસ્તે ફલાણા એટલા તો નામ નાખે. અરે.. ભગવાન! તું શું કરે છો આ? બાપુ! તે રાગની મંદતા તેમાં કરી હોય તો પુણ્ય છે. એ પુણ્યબંધન છે. હોય, પણ એ છે બંધન બાપુ! એ ધર્મ નહિ. આહાહા..! પણ અજ્ઞાનથી એવા સંસ્કાર નાખ્યા, કે એમાં ધર્મ છે એવું મિથ્યાત્વનું પોષણ કર્યું એણે. આહાહા..! મિથ્યાશ્રદ્ધા-મિથ્યાદર્શન શલ્ય. આહાહા..!

કહે છે, એવા સંસ્કારથી ભૂલી ગયો તું પ્રભુ તને. આહાહા..! અને એના સવળા સંસ્કાર કરવા હોય તો, હું તો આનંદ અને જ્ઞાનસ્વરૂપ છું. સત્ સ્વભાવ મારો ત્રિકાળ આનંદ અતીન્દ્રિય જ્ઞાન અને આનંદ એ મારી ચીજ છે. એવા વારંવાર અભ્યાસથી એને જ્ઞાનના સંસ્કાર પડે એને સમકિત થાય ત્યારે એને શાંતિ થાય. આહાહા..! શેઠ! આવું શું કરવું .. એમ કહે છે. આહાહા..!

જુઓ, '**શરીરાદિથી ભિન્ન જાણવારૂપ અભ્યાસ વડે સ્વતઃ એટલે સ્વયં જ તત્ત્વમાં અર્થાત્ આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે.**' આહાહા..! આત્મતત્ત્વ એટલે તો જ્ઞાનનું સ્વરૂપ, આનંદની મૂર્તિ એ આત્મતત્ત્વ. એ રાગ અને પરથી ભિન્ન સંસ્કાર કરતાં કરતાં આત્મા-માં સ્થિર થાય છે ત્યારે એને સમ્યગ્દર્શન અને સમાધિ નામ આનંદ આવે છે. એનું નામ ભગવાન સમાધિ કહે છે. લોગસ્સ કર્યો છે તમે? લોગસ્સમાં આવે છે. 'સમાહિ વર મુત્તમં

દિન્તુ'. કોને અર્થની ખબર છે? ગડિયા હાંકે જાય.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- બસ ચાર નવકાર. આહાહા..!

અહીં તો સમાધિ. આધિ, વ્યાધિ, ઉપાધિરહિત સમાધિ. આ બાવા સમાધિ કરે એની વાત નથી હોં આ. આધિ, વ્યાધિ, ઉપાધિરહિત સમાધિ. ઉપાધિ એટલે કે અહીં સ્ત્રી, કુટુંબ, પરિવાર, ધંધો એ બધી ઉપાધિ, શરીરમાં રોગ આવે એ વ્યાધિ. એ ઉપાધિ, આ વ્યાધિ. મનમાં સંકલ્પ-વિકલ્પ પુણ્ય-પાપના ઉઠે એ આધિ. એ ઉપાધિ, વ્યાધિ અને આધિ ત્રણથી રહિત ભગવાન આત્માની સમાધિ. આહાહા..! સમજાણું કાંઈ? કાંઈ સમજાણું કહેવાય છે ને? બધું સમજે તો ન્યાલ થઈ જાય. આ તો અહીંની હવા આવે છે કે નહિ? આહાહા..!

ત્રણલોકના નાથ તીર્થંકરદેવ પરમેશ્વરના આ ફરમાન છે, આદેશ છે, આ હુકમ છે. આહાહા..! ભાઈ! તને સંસ્કાર પર મારામાં પડી ગયા એથી તારી ચીજને પણ તું ભૂલી ગયો છો. હવે તું પરના સંસ્કાર છોડ. આહાહા..! હું તો આત્મા જ્ઞાનસ્વરૂપી જ્ઞાતા-દૃષ્ટાનો ભંડાર છું. મારામાં નથી પુણ્ય, નથી શરીર, નથી વાણી, નથી કુટુંબ, કબીલો કોઈ નથી. આહાહા..! આ સ્ત્રીને અર્ધાંગના કહે છે. મૂર્ખાઈનો પાર છે કાંઈ? અડધું અંગ એ અને અડધું હું અર્ધાંગના કહેવાય એ. એય..! મારી નાખ્યા અજ્ઞાનના સંસ્કારે તો. આ કહે છેને લોકો કહે છે આપણે.. આહાહા..! એ અર્ધાંગના છે, અમારા ઘરેથી છે. એમ કહે ને? ઘરેથી એટલે શું?

મુમુક્ષુ :- એ બે સમજી જાય છે એટલે..

ઉત્તર :- ભાઈ! તારું ઘર તો અહીંયાં જ્ઞાન અને આનંદ છે. એ ઘરમાં સ્ત્રી પણ નથી અને રાગ પણ નથી એ ઘર એવું છે. આહાહા..! નવ તત્ત્વમાં મોટી ભૂલ. એ અજીવને જીવ માન્યો. પુણ્યના ભાવ એ આસ્રવના ભાવ એને ધર્મ સંવર માન્યો અને ધર્મ માન્યો. એ નવેય તત્ત્વની વિપરીત માન્યતા. આહાહા..! હજી તો નવેય તત્ત્વના નામ પણ ન આવડતા હોય સરખા. આહાહા..! અને માને કે અમે કાંઈક ધર્મ કરીએ છીએ. ધૂળેય નથી ધર્મ, સાંભળને!

ધર્મની ચીજ કોઈ અપૂર્વ છે. એક સેકન્ડમાત્ર પણ ધર્મ થતાં જેના જન્મ-મરણના અંત આવે એવો ધર્મ છે એ. એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? અને એનું નામ સમાધિ છે. આહાહા..! શરીર, વાણી, મન, લક્ષ્મી એ મારા અને એમાં મને ઠીક પડે છે એવા જે અજ્ઞાનના સંસ્કાર એ મિથ્યાત્વના સંસ્કાર છે. મિથ્યા નામ જૂઠા સંસ્કાર છે. અને હું રાગ નહિ, પુણ્ય નહિ, પાપ નહિ. મારી ચીજ તો સચ્ચિદાનંદ સ્વરૂપ (છે). સચ્ચિદાનંદ એટલે? સત્ નામ શાશ્વત, જ્ઞાન અને અતીન્દ્રિય આનંદના સ્વભાવવાળો હું એમ વારંવાર અભ્યાસથી એને સમ્યગ્દર્શનના સંસ્કાર ઉત્પન્ન થાય. આહાહા..! સમજાણું કાંઈ?

વ્યવહારવાળાને તો એવું લાગે કે આ જાત્રા કરે, સમેદશિખરની જાત્રા કરે તો ધર્મ થાય. અહીં કહે કે લાખ જાત્રા કરે તો ધર્મ ન થાય. સાંભળ! કેમકે પરદ્રવ્ય તરફના વલણનો ભાવ એ રાગ છે. સાક્ષાત્ ત્રણલોકના નાથ તીર્થંકરદેવ સમવસરણમાં બિરાજતા હોય અને કલ્પવૃક્ષના ફૂલે જેની પૂજા કરી હોય, હીરાના થાળ અને મણિરત્નના દીવા અને કલ્પવૃક્ષના ફૂલ. એવી ભગવાનની પૂજા અનંત વાર કરી.

મુમુક્ષુ :- ભગવાને સામું જ ન જોયું?

ઉત્તર :- આની (સ્વની) સામું જોયું નહિ એણે. આમ. એ તો પરવસ્તુ છે. ભગવાન તો આત્માથી પરચીજ છે. પરચીજને પૂજ્યા પણ સ્વને પૂજ્યો નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! દુનિયાથી જુદી જાત છે આ. એવું તો બધું ચાલે છે. ખબર નથી? બધા શું કરે છે? શું માને છે, શું મનાવે છે? ભાઈ! એ મારગડા જુદા પ્રભુ! એ જન્મ-મરણના છૂટવાના સમકિતના માર્ગ નાથ બીજા છે, ભાઈ! એના સંસ્કાર પણ તને નહિ, એ સાંભળવા મળે નહિ. આહાહા..! એ સાંભ-ળીને પછી જાણવામાં ક્યારે મૂકે? અને રુચિ કરીને અનુભવે ક્યારે? બાપુ! એ તો અલૌકિક વાતું છે. સમજાણું કાંઈ? કહે છે, '**જાણવારૂપ અભ્યાસ વડે, સ્વતઃ એટલે સ્વયં જ તત્ત્વમાં અર્થાત્ આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે.**' લ્યો.

'**ભાવાર્થ :- શરીરાદિ પર પદાર્થોમાં આત્મબુદ્ધિ કરવી...**' શરીર, વાણી, મન એમાં આત્મ-બુદ્ધિ કરવી એટલે 'મારા છે' એ (માન્યતા) મિથ્યાત્વ છે. મિથ્યાદર્શન શલ્ય. અઢાર પાપ આવે છે કે નહિ? પ્રાણાતિપાદ .. નથી અઢારમું? મિથ્યાદર્શન શલ્ય એ આ અઢારમું પાપ છે. લાદી અમારી અને છોકરા અમારા. આહાહા..! કહે છે, શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, પરિવાર, દીકરા, દીકરીયું, વેવાઈ અને વેવલા. ધીરૂભાઈ! સારો વેવાઈ મળ્યો હોય ને કરોડપતિ હોય, ખુશી ખુશી થઈ જાય. આવો શેઠ આવો. વેવલા છે બીજુ શું છે?

અહીં તો કહે છે '**શરીરાદિ પરપદાર્થોમાં આત્મબુદ્ધિ કરવી તે અજ્ઞાન છે—**' મિથ્યાત્વ છે, મિથ્યા શલ્ય છે, વિપરીત માન્યતા છે, અધર્મ છે. આહાહા..! '**અવિદ્યા છે. તેના પુનઃ પુનઃ પ્રવૃત્તિરૂપ અભ્યાસથી...**' એનો અભ્યાસ આખો દિ' અને રાત. આ મારા અને હું એનો. અમે એના કામ કરીએ. પાણીમાં ડાંગ માર્યે કાંઈ પાણી જુદા પડે? એમ અમારા વેવાઈ બધા અંગત માણસો છે. એ અમારા અંગીત છે. ખાનગી વાત લેવાવાળા. સાત પેઢીથી અમારે ને એને સંબંધ ચાલ્યો આવે છે. ધૂળેય નથી સાંભળને. આહાહા..! આ શરીર સાથે સંબંધ રાખ્યો તો શરીર છૂટી ગયું ફટ દઈને. એ દગો આપશે એકવાર. એવું છોડ. તારો ધણી કાંઈ નહિ થાય. એ માટી છે. એને કારણે રહેશે, તારે કારણે નહિ રહે એ. તું સંભાળ કર તો રહે અને નહિતર ન રહે એમ છે નહિ કાંઈ. આહાહા..! જડ જડને કારણે પોતાની અવસ્થાથી રહે છે. આહાહા..! એને પોતાના માની, પોતાની ચીજને ભૂલી ગયો એ. સમજાણું કાંઈ?

એની અવિદ્યા પ્રવૃત્તિ, અભ્યાસ વારંવાર. મારું શરીર સારું, મારું શરીર પાતળું, મારું

શરીર આવું, મારી કાઠી આવી. એમ આખો દિ' સંસ્કાર. અરર..! આ કાઠો તો જડનો છે. અમે ખાઈ-પીને સંભારીને ધ્યાન રાખીએ તો શરીર સારું રહે છે. પથ્ય આહાર કરીએ તો સારું રહે. એ બધી જડની વસ્તુ જડને કારણે છે, બાપુ! તારે કારણે નહિ. પણ એને એમ કે હું આમ રાખું તો રહે. સમજાણું?

**'મન પરવશ થઈને-પરાધીન થઈને રાગી-દ્વેષી બની જાય છે-'** પછી તો એને અનુકૂળતામાં રાગ અને પ્રતિકૂળતામાં દ્વેષ. બસ! એ એના સંસ્કાર ઊભા થાય છે. **'વિક્ષિપ્ત થાય છે.'** અહીં વિક્ષિપ્ત છે ને મૂળ પાઠ? **'આ જ મન ભેદજ્ઞાનના સંસ્કારોથી...'** આહાહા..! વારંવાર સંસ્કાર. પત્થરમાં દોરડું ઘસાય તો ઓલું પડે નથી આવતું? નિશાળમાં આવે છેને? કૂવાને કાંઠે ઓલા દોરડા. પથરા કાળા હોય તો પણ (શ્રોતા :- રસ્સી આવત જાવતે શીલ પર કરત નિશાન.) હા. એમ વારંવાર જો અભ્યાસ હોય ભગવાન! હું રાગનો વિષય નહિ, વાણી નહિ એ પુણ્ય અને પાપ હું નહિ, સ્ત્રી-કુટુંબ હું નહિ. હું તો આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છું. એવા વાંરવાર સંસ્કાર નાખ્યેથી રગડ થઈ જશે ત્યાં. સમજાણું કાંઈ?

**'પોતાની મેળે આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે.' 'આ જ મન ભેદજ્ઞાનના સંસ્કારોથી સ્વતઃ એટલે પોતાની મેળે આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે.'** આહાહા..! જ્યાં જેણે પોતાનું માન્યું ત્યાં તે ઠરે. અજ્ઞાનીએ રાગ અને શરીરને (પોતાના) માન્યા (એટલે) ત્યાં ઠરે. જ્ઞાની ધર્માત્માએ તો હું જ્ઞાનસ્વરૂપ એ મારું સ્વરૂપ છે. એમાં એને માને ત્યાં ઠરે. સમજાણું કાંઈ? આહાહા..! પણ ક્રિયાવાળાને તો આકરું ભારે પડે હોં!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ આ જાત્રા અને શેત્રુંજયની ક્રિયા, શેત્રુંજય જાત્રા કરીને આવ્યા. એ પુણ્ય છે, એ ધર્મ નથી. ત્યારે રાડ નાખે. માંડ લઈને નીકળ્યા હતા. હવે એમાં કાંઈક બસ્સો, પાંચસો ખર્ચ્યા હોય તો કહે ધર્મ નથી. અમારે તંબોળીને એમ થયું હતુંને પહેલું? .. અહીં વાત થઈ. ભડક્યા પછી. ભાઈ! એ જાત્રાનું સ્થળ તો તારો આત્મા છે. સાચી જાત્રા ચિદાનંદ સ્વરૂપ ઉપર ચડ, આરૂઢ થા. આ જાત્રા છે. એ જાત્રા હોય, શુભભાવ, અશુભથી બચવા માટે. જ્ઞાનીને પણ હોય, પણ એ વસ્તુસ્થિતિ સત્ય નથી. સમજાણું કાંઈ? સત્ય વસ્તુ જે શાશ્વત સત્ છે.. સત્ છે.. જોવાવાળો જેનો સ્વભાવ કાયમ છે એવા સ્વભાવથી હું (છું), એવા સંસ્કારથી ત્યાં પવિત્રતા પ્રગટ થાય છે અને આ રાગ હું, શરીર હું, એ ક્રિયા મારી એના સંસ્કારથી દુઃખ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ?

**'શરીર જડ છે, અપવિત્ર છે, અસ્થિર છે ને પર છે.'** ... **'તેમાં આત્માની કલ્પના કરી...'** તે મારા છે એમ કલ્પના કરી **'તેને પવિત્ર, સ્થિર ને પોતાનું માનવું તથા જ્ઞાન અને રાગને એક માનવા...'** હવે એનો ખુલાસો કરે છે. જ્ઞાનસ્વરૂપને અને રાગને એક માન્યા.

**પોષ સુદ ૧૪, રવિવાર તા. ૨૬-૦૧-૧૯૭૫**
**શ્લોક-૩૭,**
**પ્રવચન - ૪૭**

૬૧મું પાનું છેને? '**જ્ઞાન-સંસ્કારો દ્વારા...**' કહે છે કે આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છેને. એવું ભાન થતાં જ્ઞાનમાં એકાગ્રતાના સંસ્કાર પડે છે. ઓલા સંસ્કારની અહીં વાત નથી. પ્રવચનસારમાં આવે છે. એ તો સંસ્કાર છે એ પરાધીન જ્ઞાન છે. પરોક્ષની વ્યાખ્યા આવે છેને? એ અહીં વાત નથી. અહીં તો આત્મા રાગથી ભિન્ન એવા જ્ઞાનમાં સંસ્કાર પડતા જાય એની વાત કરે છે. .. છેને.

ચૈતન્યસ્વરૂપ .. જેને આત્માનું કલ્યાણ કરવું છે એણે કલ્યાણની દશા ક્યાંથી પ્રાપ્ત થાય એવા સ્વભાવને રાગથી ભિન્ન અનુભવવો પડશે, જાણવો પડશે. પહેલો જાણવો પડશે. ભેદજ્ઞાનનો પહેલો વિકલ્પ કહ્યો છેને? એ નિર્વિકલ્પ છે. આહાહા..! રાગના અંશમાં એને જ્ઞાનમાં અંતરમાં વલણવાળી દશા થતાં એ જ્ઞાન છું, આનંદ છું, શુદ્ધ છું એવા જે પવિત્રતાના સંસ્કાર પડે એનાથી આત્માનો અનુભવ થાય. આહાહા..! અહીં કહેવાનો અર્થ તો એ છે કે કોઈ વિકલ્પને આશ્રયે કે પરને આશ્રયે અંદરમાં આત્માનો લાભ થાય એ નહિ. વ્યવહાર કારણ છે અને નિશ્ચય કાર્ય છે એમ પણ નહિ. આહાહા..! એ વસ્તુ નિશ્ચયથી તો સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. અલિંગગ્રહણ છઠ્ઠો બોલ. ચૈતન્યસ્વરૂપ એના અનુભવ માટે પરના આશ્રયની એને જરૂર નથી. એને રાગની મંદતાના ભાવની અપેક્ષા, સ્વસ્વરૂપને જાણવા માટે નથી.

એ કહે છે, '**જ્ઞાન-સંસ્કારો દ્વારા...**' એટલે કે રાગથી... શરીરથી તો ભિન્ન છે જ. ફક્ત એની પર્યાયોમાં વિકલ્પોની લાગણીઓ ઊઠે છે અને તે જ કાળે ત્યાં જ્ઞાનની પર્યાય છે. એને ભેદ કરવાની વાત છે. સવારમાં આવ્યું હતું ને? ગતિ આદિ અને રાગાદિ પ્રાપ્ત થતાં એની દૃષ્ટિ ત્યાં થવાથી એને ચૈતન્યસ્વરૂપ અંદર ધ્રુવ છે તેનો લાભ થતો નથી.

ગતિ આદિ અને રાગાદિ બેયને આત્મા પ્રાપ્ત કરે અંદર એ પરને કારણે નહિ અને આને પ્રાપ્ત કરે તેથી એને આત્માનો લાભ થાય નહિ. અલૌકિક માર્ગ છે ભાઈ! રાગ જે છે એનાથી ચૈતન્યમાં જવાય એમ નહિ. તેમ રાગમાં વિકલ્પ ઊઠે, આ ચૈતન્ય ભિન્ન છું, શુદ્ધ છું, નિર્મળ છું એવા જે રાગ વિનાના અંદર સંસ્કાર પડે એ ત્યાં છે પણ હવે તેને ધ્યાન જ નથી. ... તત્વાનુશાસનમાં, જેટલો-એટલો-એટલો અંદર ગરે છે એટલું સમ્યગ્દર્શન એમ કહેવાય છે. એમ તો. એ સમ્યગ્દર્શન તો આખું એક જ સાથે થાય. એ આવે છે ને આગળ આત્માવલોકનમાં. કહ્યું હતું. આમ કેમ મુકયું આણે?

સ્વસન્મુખના.. ભાઈ! આ તો જન્મ-મરણ રહિત કરવાની વાત છે. એ કાંઈ સાધારણ ધારણાથી પ્રાપ્ત થાય એવું એ તત્ત્વ નથી. આહા..! વ્રત પાળે કે અપવાસ કરે, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરે, વિનય કરે એનાથી આત્મલાભ થાય એવી વસ્તુ નથી. કેમકે પર તરફની દશાવાળો ભાવ એ દશા બધી રાગવાળી છે. આહાહા..! એનાથી ભિન્ન પાડવાના સંસ્કાર... આહાહા..! એવા '**સંસ્કારો દ્વારા જેમ જેમ સ્વરૂપમાં સ્થિરતા વધતી જાય છે,...**' એમ કહે છે. દૃષ્ટિ તો થઈ છે.

ભગવાન જ્ઞાયકસ્વરૂપ છે એવી રાગથી ભિન્ન પડીને સ્વરૂપનું જ્ઞાન થઈને પ્રતીતિ થઈ છે, પણ પછી વારંવાર જ્ઞાનમાં—સ્વભાવમાં શુદ્ધતાના ધ્યેયને પકડીને શુદ્ધતામાં જેમ ભેદ થતો જાય છે, તેમ તેમ તેને શાંતિ વધતી જાય છે. એ ક્રિયા અને વ્યવહાર કરતાં કરતાં આ થાય છે એવું સ્વરૂપ નથી. ઓહો..! જન્મ-જરા-મરણ. ભાઈ વાત કરતા હતા ને? અર્જુનભાઈ આવ્યા હતા. છોકરો મરી ગયોને? એમાં રોકાઈ ગયો. છ વર્ષનો છોકરો સર્પ કરડ્યોને. .. રોવે તો મને વિકલ્પ થાય. અરે.. ભાઈ! આ બેમાંથી .. શું છે? એમ કહેતા હતા. પણ સ્થિતિ પૂરી થવાની હોય ત્યારે થાય એમાં કોઈની .. ઈન્દ્ર એને રાખી શકે.... લોકોને ખબર નથી (કે) તત્ત્વ શું છે.

સર્વજ્ઞ ભગવાન તીર્થંકરદેવ એમ ફરમાવે છે ભાઈ! પ્રભુ! તું તો અનંત ગુણનો પિંડ છો ભાઈ! એનો સ્વામી થઈને (ને) રાગનું સ્વામીપણું છોડી દઈને. શરતું બહુ. આ ભગવાન આત્મા શું ચીજ છે એના ભાન વિના આ બધા સામાયિક અને પોષા ને પડિક્કમણા કરે છે એ બધા અજ્ઞાનભાવ છે. એને એ લોકો ધર્મ માને છે. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞાયક ચૈતન્યસ્વભાવ ધ્રુવ એને ધ્યેયમાં લઈને એના સંસ્કાર પડતા જાય એકાગ્રતાના, એનું નામ ભગવાન ધર્મ કહે છે. આ બધી આમ કરું ને આમ કરું ને એ બધો વિકલ્પ ઉઠે છે એ બધો ધર્મ નથી. લોકો કાંઈક માને બિચારા, જિંદગી ચાલી જાય છે.

અંતર્મુખ દૃષ્ટિમાં અંતર આત્મા શુદ્ધ ચૈતન્યને અંદર અનુભવીને. એ આત્મા શાંતરસનો ઉપશમરસનો કંદ છે. અકષાય સ્વભાવની મૂર્તિ પ્રભુ છે. એને અકષાયભાવ દ્વારા અંદર જતાં... માર્ગ બહુ ઝીણો ભાઈ! ધીરૂભાઈ! સામાયિક કર્યા ને પડિક્કમણા કર્યા સાંજ સવાર. આઠમ, ચૌદશના પોષા કર્યા. અરે..! ધૂળેય નથી સાંભળને! હજી આત્મા રાગથી ભિન્ન ચીજ છે એનો પત્તો લીધો નથી અને એમાં ઠરવું છે એ ચારિત્ર ક્યાંથી આવે એને? સમજાણું કાંઈ? કરવું એટલે ઠરવું, જામવું પણ શેમાં? કોઈ ચીજ હોય એમાં ને? તો ચીજ શું છે એ તો દૃષ્ટિમાં અને અનુભવમાં આવ્યો નથી. અને એમાં ચારિત્ર એ વ્રત ને તપ એને સાચા આવે, ત્રણ કાળમાં હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, એવા સંસ્કારમાં '**રાગ-દ્વેષાદિ ભાવો છૂટતા જાય છે...**' આહાહા..! શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ પ્રભુ છે આત્મા એની દૃષ્ટિ થવાથી, એમાં જેમ એકાગ્રતા થતી જાય છે તેમ તેમ રાગ ઉત્પન્ન થતાં નથી. એમ એમ રાગ નાશ થાય છે એમ કહેવામાં આવે છે. આહાહા..! આવો માર્ગ વીતરાગનો. લોકોએ કંઈક કંઈક કરીને કચડી નાખ્યો છે. કંઈક મનાવ્યું છે. અરે.. પ્રભુ! તું ક્યાં છો?

ભાઈ! તું જ્યાં છો ત્યાં તો વીતરાગતા પડી છે. ક્યાંય વિકલ્પને અવકાશ નથી. એ આ કરું, આ મૂકું એવી વૃત્તિનો વિકલ્પ એને અવકાશ નથી.

**'અને વીતરાગતા વધતી જાય છે.'** પ્રથમ એ સ્વરૂપ જ વીતરાગમૂર્તિ છે એને ભગવાન આત્મા કહે છે. જે વૃત્તિ ઉઠે આ રાગાદિ એ આસ્રવતત્ત્વ છે. વૃત્તિ, વિકલ્પ ઉઠે એ ખરેખર તો ભાવબંધ છે. ભગવાન તો અબંધસ્વરૂપ છે. એ ભાવબંધના વિકલ્પથી અબંધસ્વભાવમાં જઈ ન શકાય. બહુ ભારે ભાઈ! એવું નિરાલંબી સ્વરૂપ જેને આલંબન નથી બહારની લાગણી... એવી ચીજની ઉપર દૃષ્ટિ ને અનુભવ જતાં એમાં સ્થિર થતાં રાગ-દ્વેષ ઘટતા જાય છે અને વીતરાગતા વધતી જાય છે એનું નામ ધર્મ કહેવાય છે. શું કહેવું રાગ અને શું કહેવું વીતરાગ એની ખબર ન મળે. સમજાણું કાંઈ?

**'માટે જ્યાં સુધી મન (જ્ઞાનનો ઉપયોગ) બાહ્ય વિષયોથી છૂટી આત્મસ્વરૂપમાં સ્થિર ન થાય ત્યાં સુધી આત્મ-તત્ત્વની ભાવના કર્યા જ કરવી.'** આહાહા..! એકલા માખણ ભર્યા (છે). એ આત્મતત્ત્વની ભાવના, આત્મતત્ત્વ ભાવ ભાવસ્વરૂપ શું છે? આત્મતત્ત્વ એટલે એનો ભાવ સ્વભાવ શું છે? એવું જાણ્યા વિના એ આત્મતત્ત્વની ભાવના, ભાવમાં એકાગ્રતા ન થઈ શકે. ભાવને ચૈતન્યસ્વભાવભાવને જ્ઞાનમાં ભાસન વિના.. સમજાણું કાંઈ? એમાં સ્થિરતા (થતી) નથી. કારણ કે વસ્તુ શું છે એવી દૃષ્ટિ થઈ નથી. અને એને ચારિત્ર (થઈ જાય). ચારિત્ર શું બહાર લટકે છે ચારિત્ર? લૂગડા છોડ્યા, બાયડી-છોકરા છોડ્યા માટે ચારિત્ર થઈ ગયું? આહાહા..! પંચ મહાવ્રતના પરિણામ કદાચિત્ થયા તો એ વિકલ્પ છે, એ તો રાગ છે. એ કાંઈ ધર્મ નથી. આહાહા..!

એવો ચૈતન્ય ભગવાન આત્મા એની દૃષ્ટિ કરીને પછી એમાં વારંવાર એકાગ્રતાનો અભ્યાસ કરીને સ્વરૂપમાં સ્થિર થાય એ ત્યાં સુધી કરવું કે આત્મતત્ત્વની ભાવના પૂરી સ્થિરતા ન થાય ત્યાં સુધી કરવું. આહાહા..! આ કરવું નથી? આહાહા..! પરમાર્થ વચનિકામાં આવે છે કે આગમક્રિયા સહેલી (લાગે છે) એટલે દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ કરે અને એમ માને કે હું કાંઈક ધર્મ કરું છું. અને અધ્યાત્મના વ્યવહારની પણ એને ખબર ન મળે. આવે છેને ભાઈ? આહાહા..!

આગમની જે વ્યવહારની ક્રિયા શાસ્ત્રની અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, સમિતિ, ગુપ્તિ વ્યવહાર એ સહેલું (લાગે છે) એટલે એને વિકલ્પ આવે, એ જાણે કે હું ધર્મ કરું છું. આહાહા..! ભાઈ! તને ખબર નથી. તું છેતરાઈ ગયો છો ભાઈ! એ અધ્યાત્મનો વ્યવહાર પણ એને ખ્યાલ-માં આવતો નથી. જુઓ! શું કીધું? વસ્તુ તો ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ છે, એની શ્રદ્ધા-જ્ઞાન અને એકાગ્રતા એવો જે પર્યાય એ અધ્યાત્મનો વ્યવહાર છે. આવી વાત. સમજાણું કાંઈ? આ વ્રત ને તપ ને અપવાસ ને એ બધા વિકલ્પ છે, એ તો બધી રાગની ક્રિયાઓ છે. એ તો આત્માનો વ્યવહાર પણ નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

આત્માનો વ્યવહાર તો ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ એને કહે છે કે એની જાતમાં શું ભર્યું છે એનું જેને ભાન થયું છે, એ જ્ઞાન અને આનંદમાં એકાગ્રતા થાય છે એ આત્માનો વ્યવહાર છે. તમારે તો ત્યાં જાવું છે .. ગજરથ. બોલાવે, લાખો રૂપિયા ખર્ચે. કાંઈક ધર્મ થાતો હશે કે નહિ? .... ક્યાં

રહેશે? આત્મામાં કે આત્મા બહાર? આહાહા..! એ તો અહીં કહે છે પ્ર-ભાવના. વિશેષે પ્રતિષ્ઠિત કાંઈક ભાવના. સ્વરૂપ આનંદનો નાથ છે એને પકડીને એકાગ્ર થવું એ પ્રભાવના છે. આહાહા..! કહો, દુનિયાથી નિરાળો માર્ગ ભાઈ! વીતરાગ પરમેશ્વર એણે કહેલો ધર્મ કરવો એ અપૂર્વ અને અલૌકિક ચીજ છે. આહાહા..!

કહે છે, દાખલો આપે છે..

**भावयेद्भेदविज्ञानमिदमछिन्नधारया।**
**सावद्यवत् पराच्च्युत्वा ज्ञानं ज्ञाने प्रतिष्ठते।।१३०।।**

એ ભેદવિજ્ઞાનની... પુણ્યની ક્રિયા જે દયા, દાન, વ્રત, ભક્તિની એ પુણ્યની ક્રિયાનો વિકલ્પ છે એનાથી ભિન્ન પાડવાનો અભ્યાસ છે. કારણ કે ત્યાં ધર્મ છે, ક્રિયામાં ધર્મ છે નહિ. આહાહા..! અત્યારે કર્યું એ બધું પુણ્ય થાય છે. જયંતિભાઈ! આ મૂર્તિને સ્થાપે શું કહેવાય એને? અંજનશલાકા. .. એ તો બધી જડની ક્રિયા છે. એમાં કદાચ રાગની મંદતાનો ભાવ હોય તો એ પુણ્ય છે, એ ધર્મ નથી. પરદ્રવ્ય અનુસારી વૃત્તિ એ ધર્મ નથી. સ્વદ્રવ્ય અનુસારી પરિણતિ તે ધર્મ છે. આહાહા..!

એ કહે છે કે '**આ ભેદવિજ્ઞાન અછિન્ન ધારાથી—અર્થાત્ જેમાં વિચ્છેદ ન પડે એવા અખંડ પ્રવાહરૂપે-...**' આહાહા..! '**ત્યાં સુધી ભાવવું,...**' જે રાગનો વિકલ્પ છે એનાથી પ્રભુ આત્મા જુદો છે. એને જુદો પાડવાની ભાવના ક્યાં સુધી ભાવવી? અખંડ પ્રવાહરૂપે. આહાહા..! ધ્રુવ સ્વરૂપ છે તેને ધ્યેયમાં લઈને ધ્યાન કરવું. આ શું? ભાઈ! માર્ગ એવો છે. એ ચૈતન્યસ્વરૂપ પૂર્ણ વીતરાગસ્વરૂપ છે એને રાગના વિકલ્પથી ભિન્ન પાડી અને એમાં ઠરવું. આહાહા..! એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર છે. આ તો હજી માંડ પકડાવું કઠણ (પડે કે) શું કહે છે આ?

સંપ્રદાયમાં તો સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો, અપવાસ કરો, વ્રત કરો, ચોવિહાર કરો. ત્યાં શ્વેતાંબરમાં પૂજા કરો, ભક્તિ કરો, જાત્રા કાઢો. દિગંબરમાં જાય તો લૂગડા છોડો. આહાહા..! કોણ છોડે? બાપુ! આહાહા..! એ આનંદનો નાથ ભગવાન પરમાત્મસ્વરૂપે બિરાજે છે અંદર તું. એને પર તરફના વલણની વૃત્તિઓથી જુદો પાડી.. ભાઈ ગયા લાગે છે, નહિ? ધીરૂભાઈ ગયા? એ કહેતા હતા ઓલી આ જમીન લેવાની છને ભાઈ જમીન. જમીન ઓલી પડી ગઈ છે. એમ કીધું શું કરવા તમે કરો છો? કે ભાઈ! આત્માના ધર્મની વાતું છે. એમ કાંઈક બોલતા હતા એ. શું કહેવાય સાધારણ જમીન? ... ..

કોઈપણ આત્મા જૈન થઈ શકે છે એમ કહેતા હતા. આ શશીભાઈનો દાખલો આપ્યો. શેઠ! જુઓ આ વૈષ્ણવ છે છતાં જૈનનું વાંચન કરે છે વિદ્વાનનું. એ હમણાં કહેતા હતા હોં! આ મોઢ છે. મોઢ મોઢ વાણિયા છે. વૈષ્ણવ છે. એના બાપ-દાદા કર્તા માનનારા હતા. કાંઈક કીધું હતું. ઓલા .. કાંઈક કર્યું હતું.. સમાજને માટે .. સાર્વજનિક. સાર્વજનિકને માટે હોય તો એને એક-બે ... પ્રવચન.. સાર્વજનિક માટે જ છે આ. આહાહા..! ધર્મનું સ્વરૂપ જૈન પરમેશ્વર જે કહે છે એ સાર્વજનિકના માટે છે. આહાહા..! ત્યાં તો એક અમારે છે વૈષ્ણવ. એ જ જૈનમાં આવીને જૈનની વાતું કરે છે.

નાખે છે ભાઈનું. સમજાણું કાંઈ? નથી કહેતા આપણે બહેનનું? બહેન ..

આ વસ્તુ બાપુ, આ તો આત્માની ચીજ છે. જેનો આત્મા જે આત્મા છે તેને જાણે તેને આત્મા જૈનપણું પ્રગટે. જૈન કોઈ સંપ્રદાય નથી. જૈન તો વિશ્વધર્મ એટલે જૈન ધર્મ આત્મધર્મ છે. આહાહા..! અરે.. પ્રભુ! ઢેઢ અને ભંગી હોય તોપણ ધર્મ પામી શકે. આત્મા છે કે નહિ અંદર? અખંડાનંદ પ્રભુ ચૈતન્યમૂર્તિ ઝળહળ જ્યોતિ પ્રભુ બિરાજે છે. એવી ચૈતન્યની શિખાને પકડવી. એનું નામ જૈનધર્મ છે. એ ક્યાં ફલાણા માટેની વાત છે. આહાહા..! સર્વોદય તીર્થ જ આ છે. સર્વોદય કહ્યું છેને ભાઈ! સમંતભદ્રાચાર્યે ચોવીસ તીર્થંકરની સ્તુતિમાં સર્વોદય કહ્યું. સર્વને સમજાય અને સર્વને સહજ રીતે પ્રગટ થઈ શકે એવો આ માર્ગ છે. સમુદાય સર્વોદય એ એમ માને છે, બધા જાતના જેટલા ધર્મો માને એનું નામ સર્વોદય.

કાંતિભાઈ છેને ત્યાં મુંબઈ. હોસ્પિટલ નહિ? સર્વોદય હોસ્પિટલ મોટી. કરોડપતિ માણસ. મુંબઈ. કાંતિભાઈ .. સર્વોદય. ત્યાં તો આપણે વાંચન વાંચ્યું હતું ઘાટકોપર. સ્થાનકવાસી શ્વેતાંબર ઘણા માણસો દશ-દશ હજાર માણસો વ્યાખ્યાનમાં (આવતા). ત્યાં સર્વોદયમાં. ત્યાં છેલ્લું હતું નહિ? ભાઈના ઘરે ગયા હતા. નવા હોલમાં. .. ઘાટકોપર જૈનની વસ્તી ઘણી. બધા આવે સાંભળવા. શું કહે છે આ? આ બધી અત્યાર સુધી .. વર્ષથી ચાલી નહિ. આપણા વાડામાંથી જુદા પડ્યા અને જુદા પડ્યા પછી કહે છે શું આ?

ભાઈ! સાંભળો બાપુ! આ તો વીતરાગનો માર્ગ (છે), ભાઈ! વાડાનો માર્ગ નથી આ. આહાહા..! એ તો અત્યારે યાદ આવ્યું. વૈષ્ણવ પણ ધર્મ પામે છે. .. લેવા જાયને જમીન. એમ કહે. અહીં તો આત્મા ફલાણો વૈષ્ણવ અને ફલાણો આવો એ ક્યાં છે? આત્મા તો આત્મા અંદર આનંદનો નાથ અનુભવનો પિંડ છે એને અનુભવવો, એને જાણવો એમાં પંથ અને વાડો ક્યાં આવ્યો? એમાં પક્ષ ક્યાં આવ્યો? આહાહા..! અહીં એ કહે છે.

ભગવાન આનંદનો નાથ ચિદાનંદ મૂર્તિ પ્રભુ છે. નાળિયેરમાં જેમ ગોળો છૂટો પડ્યો છે એમ આ શરીર, વાણી અને મન અને પુણ્ય-પાપના વિકલ્પો રાગ એનાથી પ્રભુ ચૈતન્યગોળો જુદો છે. એની ભાવના ક્યાં સુધી કરવી? '**વિચ્છેદ ન પડે એવા અખંડ પ્રવાહરૂપે-ત્યાં સુધી ભાવવું, કે જ્યાં સુધી પરભાવોથી છૂટી...**' બિલકુલ વિકલ્પથી છૂટી '**જ્ઞાન જ્ઞાનમાં ઠરી જાય.**' આહાહા..! ચૈતન્ય ભગવાન પોતાના સ્વરૂપમાં ઠરી જાય ત્યાં સુધી એની ભાવના કરવી. પણ આ શું કરવું? ભાઈ! .. વસ્તુની સ્થિતિ છે. વસ્તુસ્વભાવ સહજાનંદ સ્વરૂપ પ્રભુ આત્મા છે. ત્યાં સહજાનંદ .. સ્વામીનારાયણ નહિ હોં! એક બાઈ વળી એમ કહે છે અમારે ઉમરાળા. સહજાનંદી શુદ્ધ સ્વરૂપ એવું આવે ને? હતા અમારે ..ભાઈની બા. હેમકુંવરબા. આહા..! આ મહારાજ સહજાનંદી કહેતા એ તો સ્વામીનારાયણ સહજાનંદી (થઈ ગયા ઈ?). કાંઈ ખબર ન મળે.

સહજાનંદ તો આ આત્મા સહજ સ્વરૂપી આનંદ છે એને ભાવવો, ભાવવું, લક્ષ કરવું જ્ઞાન એનું નામ સહજાનંદ. આહાહા..! .. ગારિયાધાર મણિભાઈને એ? તમારી પાસે નથી આવી? .. પરિવર્તન

પછી .. બેઠા ત્યાં બેસે. એ કહે કે મહારાજ! સહજાનંદ એટલે શું? આત્મા સહજ આનંદની મૂર્તિ છે એનું નામ સહજાનંદ છે. કાંઈ ખબર ન મળે અને .. કહ્યું હતુંને એક ફેરી લોગ્ગસ એમાં. લોગ્ગસમાં આવે છેને? લોગ્ગસમાં નથી આવતું? 'એવં મએ અભિથુઆ, વિહુય રયમલા.' ભગવાન જાણે અર્થની. કોને ખબર શું કહે છે? ગડિયા હાંકે જાય. અર્થની ખબર ન મળે ભાવની તો ક્યાંથી ખબર?

દશા અને વિશાની બેયની તકરાર હતી લીંબડીમાં. દશાશ્રીમાળીની ડોશી હતી. ઓલું બે લઈને બેસે છેને? ઓલું શું? ઘડિયાળ એમાં ઓલું નમોત્થુણં આવ્યું. એને અર્થ આવડે નહિ, ભાન ન મળે. અને દશા અને વિશાની તકરાર બેયની અપાસરામાં. એમાં એ બાઈ બોલી કે વિહુય રયમલાને બદલે વિહા રોઈ મર્યા. (એને થયું) આપણી તકરાર અહીં ક્યાંથી આવી લોગસ્સમાં? કાંઈ ભાન ન મળે. .. ધર્મ કોને કહેવો એની ખબર ન મળે. વિહા રોઈ મર્યા. ઓલા કહે, વિહા રોઈ મર્યા? જુઓ તો ખરા અંદર. ત્યાં તો વિહુય રયમલા છે. હે નાથ! હે પરમાત્મા! વિહુય—વિ વિશેષે હુય આપે ટાળ્યા છે. રયમળા. અને સિદ્ધ થયા છો. રય નામ આઠ કર્મની રજ અને પુણ્ય-પાપના મળ આપે ટાળ્યા છે. એ વાત કહે છે. પોપટભાઈ! આ સામાયિક કરતા ત્યારે ખબર હતી અર્થની? નહિ? આંધળે આંધળા..

અહીં તો પરમાત્મસ્વરૂપ ભગવાન આત્મા ધર્મ પામ્યા. એમણે કર્મના રજને આત્માના આનંદના ધ્યાનથી ટાળ્યા અને પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ મેલ છે, રાગ છે, એ મળ કહેવાય. રજકણ એ જડ કર્મ છે. એને ટાળીને પરમાત્મા શુદ્ધ થયા છે. એ એમ કહે છે કે જો તારે સિદ્ધ થવું હોય તો રાગથી ભિન્ન પડી અને જ્યાં પ્રભુ બિરાજે છે શુદ્ધ ચૈતન્યઘન આત્મા ત્યાં ઠર. ત્યાં જમ. ત્યાં આનંદનું ભોજન જમ. જમ એટલે ત્યાં આનંદમાં જામી જા. અને આનંદનું ભોજન કર. આહાહા..! શું હશે આ તે વાત?

**'પરભાવોથી છૂટી જ્ઞાન જ્ઞાનમાં જ ઠરી જાય.'** પણ **'જ્ઞાનનું જ્ઞાનમાં ઠરવું બે પ્રકારે...'** (જાણવું.) એક તો મિથ્યાત્વનો ભાવ ટળી સમ્યગ્જ્ઞાન થાય. રાગ અને આત્મા એક છે એવો જે મિથ્યાત્વભાવ... આહાહા..! એને છોડીને સ્વરૂપની દૃષ્ટિ કરવી એ જ્ઞાનમાં ઠરવું સમ્યગ્દર્શનનો પુરુષાર્થ કહેવાય છે. સમજાણું કાંઈ? ફરી મિથ્યાત્વ ન આવે. આહાહા..! રાગનો ભાવ અને સ્વભાવભાવ બે ભિન્ન છે એ ભિન્નતાના ભાનમાં રાગની એકતા તૂટી જાય ત્યારે તેને મિથ્યાત્વનો નાશ થાય. ત્યારે તે આત્મામાં સમ્યગ્દર્શન અપેક્ષાએ ઠર્યો એમ કહેવાય.

**'બીજું જ્યારે જ્ઞાન શુદ્ધ ઉપયોગરૂપ સ્થિર થઈ જાય...'** આગળ વધીને. અંદર શુદ્ધ ઉપયોગ આત્માનો જેવો શુદ્ધ સ્વભાવ છે એવો જ ઉપયોગ શુદ્ધ થાય ત્યારે અંદરમાં ઠર્યો એમ કહેવામાં આવે છે. **'ફરી અન્ય વિકારરૂપે ન પરિણમે...'** આહાહા..! ૯૨ ગાથામાં આવ્યું હતું આપણે. ૯૨ ગાથા. પ્રવચનસાર. આગમ કૌશલ્યથી અને સમ્યગ્જ્ઞાનના ભાનથી મોહગ્રંથી છેદી છે. આહાહા..! છદ્મસ્થ મુનિ કહે છે. અને તે ગ્રંથી અમે છેદી તે ફરીને ઉત્પન્ન થવાની નથી હવે. પંચમ આરાના મુનિઓ તમે કેવળી નહિ અને આટલું બધું (જોર)? આહાહા..! .. એ ગાથા. સમજાણું કાંઈ?

**'આ આત્મા સ્વયં (-પોતે) ધર્મ થાય તે ખરેખર મનોરથ છે.'** એમ કહે છે. આ આત્મા

પોતે સ્વયં ધર્મ થાય. વીતરાગ પરિણતિપણે પરિણમે એવો અમારો મનોરથ છે કહે છે. '**તેને વિઘ્ન કરનારી તો એક બહિર્મોહદૃષ્ટિ જ છે.**' જોયું! દર્શનમોહ નહિ બહિર્મોહદૃષ્ટિ છે. આત્મામાં ધર્મપણે થવામાં વિઘ્ન કરનારી એક બહિર્મોહદૃષ્ટિ એટલે શું કહ્યું? અંતરના રાગ અને .. નથી. તેને રાગને મારો માનવો એ બહિર્દૃષ્ટિ તે સ્વરૂપને પામવામાં વિઘ્ન કરનારી છે. આહાહા..! કર્મ વિઘ્ન કરનારું છે એમ નથી. એ કહે છે.

'**આગમકૌશલ્ય...**' ભગવાનના જ્ઞાનમાં કૌશલ્યતા વડે પ્રગટી '**તથા આત્મજ્ઞાન વડે હણાઈ ગઈ હોવાથી...**' આહાહા..! હું આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છું એના ભાનમાં એ મિથ્યાત્વની ગાંઠ ગળી ગઈ. નાશ થયો. આ છદ્મસ્થ મુનિ તમે પંચમ આરાના. કેવળી વિના, પૂછયા વિના તમે આટલું બધું કહો છો! સમજાણું કાંઈ? એ વાત તો દિગંબર સંતો પોકારે છે. બીજાને ભાર નથી. આહાહા..! કહે છે '**આગમકૌશલ્ય તથા આત્મજ્ઞાન વડે હણાઈ ગઈ હોવાથી...**' એટલે પુણ્ય-પાપના પરિણામની ગાંઠ જે હતી એને મારી માની હતી એને આત્મજ્ઞાન વડે હણાઈ (ગઈ હોવાથી). એ ક્રિયાથી અહીં થયું એમ નહિ. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપનો અનુભવ થઈ હણાઈ ગઈ છે. '**હવે મને ફરીને ઉત્પન્ન થવાની નથી.**' ચંદુભાઈ! .. એવી વાત છે. સમજાણું કાંઈ?

પછી ભગવાન અમૃતચંદ્રાચાર્ય કહે છે. જેમ ભગવાન કુંદકુંદાચાર્ય એમ અમૃતચંદ્રાચાર્ય. દિગંબર સંતો એ નાગા, બાદશાહથી આઘા. જેને જગતની પડી નથી કાંઈ. આહાહા..! જેને પરમાત્માના આનંદના લહેરમાં જે મજા કરે છે એને બીજી પડી નથી. એ કહે છે, હું મારા આત્મજ્ઞાન વડે અંતર દૃષ્ટિ થવાથી, બહિર્મુખ દૃષ્ટિ અંતરદૃષ્ટિ થવાથી હણાઈ ગઈ છે. આહાહા..! સમજાણું કાંઈ? '**હવે મને ફરીને ઉત્પન્ન થવાની નથી...**' આહાહા..! એ ક્ષયોપશમ સમકિતમાં છે, ક્ષાયિકમાં નથી. ભગવાન પાસે જાય તો ક્ષાયિક થાય. .. પોતે ગયા એટલે ક્ષાયિક થયું એમ નહિ, પણ એને ક્ષયોપશમ ક્ષાયિક થશે એવી દૃઢતા થઈ ગઈ એને. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાતું. '**હવે મને ફરીને ઉત્પન્ન થવાની નથી...**' અરે.. નાથ! શું કહે છે આ? પ્રભુ! તને શું થયું? અમે દુનિયાથી પાગલ થઈ ગયા છીએ. અમારો આનંદનો નાથ જાગ્યો છે એ જાગવા વડે અંધારાનો અમે નાશ કર્યો છે. કેટલાક કહે છેને સમ્યક્‌ની શી ખબર પડે? એ તો કેવળી જાણે. પંચાધ્યાયીમાં એવો પાઠ છે અ.. વિષય નથી. આહાહા..!

પ્રત્યક્ષ .. જ્ઞાનીઓ છે. એ તો વેદનની અપેક્ષાએ .. સમજાણું કાંઈ? સંસ્કૃત છે હોં. બહિર્દૃષ્ટિ જેની છે. તો '**सा चागमकौशलेनात्मज्ञानेन च निहता, नात्र मन पुनर्भावमापत्स्यते।**' આહાહા..! નિત્યાનંદ પ્રભુ બિરાજે છે ત્યાં ગયા છીએ અમે. ભગવાન પાસે ગયા હતા એ તો વળી (જુદું). ભગવાન બિરાજે છે મહાવિદેહમાં તીર્થંકર સીમંધર પ્રભુ. એ .. પાસે ગયા હતા. આ કહે કે અમે આત્મામાં ગયા છીએ. એને વીતરાગ ચારિત્ર પ્રગટ થયેલા મારો આત્મા... મુનિરાજ એમ કહે છે કે અમારો આત્મા વીતરાગ ચારિત્રપણે પરિણમે છે. મહાવ્રતના પરિણામ જે રાગ છે એ નહિ. આહાહા..! વીતરાગી ચારિત્રપણે અમારો આત્મા થયો છે. આહાહા..! વીતરાગી દૃષ્ટિપણે થયો છે,

વીતરાગી ચારિત્રપણે થયો છે. આહાહા..! વીતરાગી ચારિત્રને તો હજી... આહાહા..! આ શું કહે છે? સ્વર્ગમાં ગયા છે પણ ક્ષાયિકમાં સંધિ મારતા ગયા છે.

કુંદકુંદાચાર્ય દિગંબર સંત સ્વર્ગમાં બિરાજે છે. દેવ તરીકે છે ત્યાં. ત્યાંથી મુનિ થશે અને ક્ષયોપશમ સમકિતનો નાશ કરશે. સમજાણું કાંઈ? શેઠ આવી વાતું છે, બાપા! ઓલું તો નિમિત્ત .. જુદું છે. લોકો કહેને અલકમલકની માંડી છે આ તો. આ તો અગમ્યગમ્ય ભગવાન ત્રણ લોકનો નાથ વિકલ્પથી જણાય નહિ એવો જે નિર્વિકલ્પ અગમ્ય તે ગમ્ય થઈ જાય છે. આહાહા..! અને ગમ્ય થતાં જે ખાતરી થઈ જાય છે અમે પામેલી દશાના સત્‌માંથી પડવાના નથી. આહાહા..! નવરંગભાઈ! અમે પામેલા ભાવથી હવે પડવાના નથી. આહાહા..!

પ્રભુ! તમને અવધિજ્ઞાન નથી અને તમે પાંચમા આરાના (મુનિ, તમને) મનઃપર્યયજ્ઞાન નથી, કેવળી નથી, ને પ્રભુ તમે કેવળીને પૂછવા ગયા હતા? એય..! તમે ભગવાન પાસે ગયા હતા. આઠ દિન રહ્યા હતા. પૂછ્યું હતું ભગવાનને કે હવે સમકિત નહિ પડે એમ ભગવાને કીધું હતું? આહાહા..! આ અમારો ભગવાન કહે છે. આહાહા..! જુઓ! વીતરાગી સંતોની રમતું. અને પાછું કહ્યું વીતરાગ ચારિત્ર છે. પંચ મહાવ્રતના પરિણામ અને લૂગડા-બુગડા છોડીને નાગા થાય એ સાધનપણું નથી, એ ચારિત્ર નથી.

ચારિત્ર તો જેને આત્મદર્શન, જેને જ્ઞાનનું ભાન થઈ ગયું છે અંદર. એ એમાં જ્ઞાનસ્વભાવમાં ઠરીને જેને વીતરાગતા, વીતરાગ સ્વરૂપી ચારિત્ર પ્રગટે. સમજાણું કાંઈ? મારો આત્મા સ્વયં ધર્મ થયો છે. ધર્મ કરતો નહોતો, હું ધર્મરૂપ થઈ ગયો છે. જુઓ આ સંતોની વાણી. અને દિગંબર સંતો એ સંત, બાકી કોઈ સાચા સંત છે નહિ. સમજાણું કાંઈ?

‘**સમસ્ત વિઘ્નનો નાશ થયો હોવાથી સદાય નિષ્કંપ જ રહે છે. અતિવિસ્તારથી બસ થાઓ. જયવંત વર્તો. સ્યાદ્વાદમુદ્રિત જૈનેંદ્ર શબ્દબ્રહ્મ: જયવંત વર્તો તે શબ્દબ્રહ્મમૂલક આત્મતત્ત્વ-ઉપલબ્ધિ—કે જેના પ્રસાદને લીધે,...**’ વીતરાગ સર્વજ્ઞની વાણી અમારે નિમિત્તમાં હતી એટલું સિદ્ધ કરે છે. આહાહા..! જ્ઞાનતત્ત્વ (અધિકાર) છે. સવારમાં ચાલે છે એ જ્ઞેયતત્ત્વ (અધિકાર) છે. આ જ્ઞાન તત્ત્વ પ્રજ્ઞાપન. આહાહા..!

એ શબ્દબ્રહ્મ, આત્મબ્રહ્મ એ સર્વને જાણનારી દશા જ્યાં વ્યાપે છે. શબ્દબ્રહ્મ સંપૂર્ણ પદાર્થને કહેવામાં વ્યાપે છે. એવી જે સર્વજ્ઞની વાણી એ અમારા સ્વરૂપને પ્રાપ્ત થવામાં નિમિત્ત હતી. અમે પ્રાપ્ત કર્યું ત્યારે એ વાણીને નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? મોહનલાલજી! ૯૨ ગાથા આવી હતી કાલે. કહે છે કે જ્યાં સુધી રાગથી ભિન્ન પડીને સ્વરૂપમાં સ્થિર ન થયો ત્યાં સુધી ભેદજ્ઞાન ભાવવું. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

ચક્રવર્તીની સભામાં જાવું હોય તો તો કેટલી સભ્યતા અને યોગ્યતા થવી જોઈએ. આ તો ત્રણ લોકનો નાથ વીતરાગ પરમેશ્વર એની સભામાં કેટલી લાયકાત હોવી જોઈએ! આહાહા..! એ ગયા હતા અને સાંભળ્યું હતું ભગવાન પાસે. પ્રભુ બિરાજે છે. સીમંધર તીર્થંકરદેવ એની પાસે ગયા હતા

કુંદકુંદાચાર્ય. સવંત્ ૪૯. આઠ દિન રહ્યા. એ અમૃતચંદ્રાચાર્ય કહે છે ને કે 'ભાવયેત્ ભેદવિજ્ઞાન' એ કુંદકુંદાચાર્યના હૃદયે થયેલી વાત. સમજાણું કાંઈ?

રાગથી ભિન્ન પડી, હજી તો રાગ કોને કહેવો એની પણ ખબર ન પડે. એ જાણે કે મહાવ્રતના ભાવ અને દયા, દાનના ભાવ અને એ બધા રાગના પોષક છે. સાંભળને! એ રાગ છે. આહાહા..! એનાથી ભિન્ન પડીને જ્ઞાનની ભાવના—સ્વરૂપની એકાગ્રતા ત્યાં સુધી કરવી કે ત્યાંથી પરભાવથી છૂટીને પૂર્ણ ભાવમાં રમે ત્યાં સુધી ભાવના કરવી. આહાહા..! .. દ્રવ્ય, ગુણ અને પર્યાયનું જ્ઞાન થયું. એ કરવું જેનાથી નિરંતર થવું. આહાહા..! દ્રવ્ય-ગુણ-પર્યાય કોને કહેવા એની ખબર નથી. દ્રવ્ય એ વસ્તુ અનંત ગુણનો પિંડ પ્રભુ અને ગુણ એની જ્ઞાન, દર્શન આદિ શક્તિઓ અને એની દશાઓ, અવસ્થાઓ તેને પર્યાય કહે છે. આવું દ્રવ્ય, ગુણ અને પર્યાયનું જ્ઞાન .. કહે છે, શુદ્ધ ઉપયોગમાં ઠરી જાય ફરી અન્ય વિકારપણે ન પરિણમે ત્યારે જ્ઞાનને ઠરી ગયું કહેવાય.

**'જ્યાં સુધી બન્ને પ્રકારે જ્ઞાન જ્ઞાનમાં ન ઠરી જાય ત્યાં સુધી ભેદવિજ્ઞાન ભાવ્યા કરવું.'** આ શું છે? ગુજરાતી નહિ? આમાં કોકે લીટી કરી છે. ચંદુભાઈએ કરી છે? એ કોણે લખ્યું નીચે?

અજ્ઞાન જ સંસ્કારથી મને વિક્ષેપિત થાય,
જ્ઞાન જ સંસ્કારે સ્વતઃ તત્ત્વ વિષે સ્થિર થાય.

ગુજરાતીમાં છે. આહાહા..! જુઓ આ તો ગુજરાતીમાં આવ્યું. આ ગુજરાતી છે ને. આ નીચે કોણે લખ્યું આ? ... લખ્યું છે. આ નજર અત્યારે ગઈ. કોને હાથે લખ્યા છે? છે કોઈ એમાં? .. શેઠ ક્યાં ગયા? તમે લખ્યું આ? પાછળથી. છોટાલાલે. મેં આજે જોયું. કાલે લખાણા. આમાં છે. આ શ્લોક ગયોને એનું છે.

અજ્ઞાન જ સંસ્કારથી મને વિક્ષેપિત થાય,
જ્ઞાન જ સંસ્કારે સ્વતઃ તત્ત્વ વિષે સ્થિર થાય. ૩૭.

જુઓ એ નહોતું અહીં. ઓલામાં ને? હિન્દીમાં ને? પાઠ છે પહેલો. નજર ગઈ. કાલ સુધી નહોતું. આજે નજર ગઈ.

**'આ શ્લોકમાં સ્વતઃ શબ્દ એ સૂચવે છે કે જીવ સ્વયં પોતાના સમ્યક્ પુરુષાર્થથી પોતાના સ્વરૂપમાં સ્થિર થાય છે,...'** એને વ્યવહારરત્નત્રયના વિકલ્પની અપેક્ષા નથી. એમ સ્વયં શબ્દ સૂચવે છે. આહાહા..! પંડિતોને આકરું લાગે છે. વ્યવહાર કહો એ બંધનું કારણ? વ્યવહાર તે નિશ્ચયનું સાધન નહિ? શેઠ! નીચે હરિગીત છે. કહે છે કે પાઠમાં સ્વયં શબ્દો પડ્યો છે. ૩૭માં. છે ને?

**अविद्याभ्याससंस्कारैरवशं क्षिप्यते मनः।**
**तदेव ज्ञानसंस्कारैः स्वतस्तत्त्वेऽवतिष्ठते।।३७।।**

સ્વતઃ. રાગથી, પુણ્યથી, દયા, દાનની ક્રિયાથી એ આત્મા પામી શકાતો નથી. કેમકે એ બધો રાગ છે. સ્વતઃ પોતાના નિર્મળ સ્વભાવથી જ તે પામી શકાય છે. એને રાગની અને વ્યવહારની નિમિત્તની જરૂર નથી. આહાહા..! **'બીજા કોઈ કારણે નહિ.'** પોતાના સમ્યક્ પુરુષાર્થ દ્વારા અંદરમાં

ઠરી શકાય છે. સમ્યક્ સમકિત પણ પોતાના પુરુષાર્થથી પ્રાપ્ત થઈ શકે છે. કોઈ બીજા કારણથી છે નહિ.

હવે એ '**મનના વિક્ષેપનું અને અવિક્ષેપનું ફલ બતાવી કહે છે :–**' એ ૩૮મી ગાથામા કહે છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

चित्तस्य विक्षेपऽविक्षेपे च फलं दर्शयन्नाह–

अपमानादयस्तस्य विक्षेपो यस्य चेतसः।
नापमानादयस्तस्य न क्षेपो यस्य चेतसः।।३८।।

**અપમાનાદિક તેહને, જસ મનને વિક્ષેપ;**
**અપમાનાદિ ન તેહને, જસ મન નહિ વિક્ષેપ. ૩૮.**

टीका :– अपमानो महत्त्वखंडनं अवज्ञा च स आदिर्येषां मदेर्ष्यामात्सर्यादिनां ते अपमानादयो भवन्ति। यस्य चेतसो विक्षेपो रागादिपरिणतिर्भवति। यस्य पुनश्चेतसो न क्षेपो विक्षेपो नास्ति। तस्य नापमानदयो भवन्ति।।३८।।

---

**મનના વિક્ષેપનું અને અવિક્ષેપનું ફલ બતાવી કહે છે :–**

**શ્લોક – ૩૮**

**અન્વયાર્થ :– (यस्य चेतसः) જેના મનમાં (विक्षेपः) વિક્ષેપ–રાગાદિ પરિણામ થાય છે, (तस्य) તેને (अपमानादयः) અપમાનાદિક હોય છે, પણ (यस्य चेतसः) જેના મનમાં (क्षेपः न) ક્ષેપ–રાગાદિરૂપ પરિણામ થતાં નથી (तस्य) તેને (अपमानादयः न) અપમાન–તિરસ્કારાદિ હોતાં નથી**

**ટીકા :– જેનું મન વિક્ષેપ પામે છે અર્થાત્ રાગાદિરૂપે પરિણમે છે, તેને અપમાનાદિ–અર્થાત્ અપમાન એટલે પોતાના મહત્ત્વનું ખંડન–અવજ્ઞા, મદ, ઈર્ષ્યા, માત્સર્ય, વગેરે થાય છે, પરંતુ જેના મનમાં વિક્ષેપ થતો નથી, તેને અપમાનાદિ થતાં નથી.**

**ભાવાર્થ :– જેનું મન રાગ–દ્વેષાદિ વિકારોથી વિક્ષિપ્ત થાય છે, તેને જ માન–અપમાનાદિની લાગણી થાય છે, રંતુ જેનું મન રાગદ્વેષરૂપે પરિણમતું નથી તેને અપમાનાદિની લાગણી ઉદ્ભવતી નથી. તે માન–અપમાનમાં સમભાવે વર્તે છે.**

**મોહ–રાગ–દ્વેષાદિ વિભાવોમાં વર્તતો જીવ જ માન–અપમાનની કલ્પનાથી દુઃખી થાય છે, પરંતુ જેનું ચિત્ત રાગ–દ્વેષ–મોહાદિ વિભાવોથી રહિત થઈ પોતાના જ્ઞાનસ્વરૂપમાં સ્થિર થાય છે તેને માન–અપમાનની કલ્પનાઓ ઉત્પન્ન થતી નથી, કારણ કે જ્ઞાનાનંદમાં લીન થતાં કોણ બહુમાન કરે છે કોણ અપમાન કરે છે—એવો વિકલ્પ જ ઊઠતો નથી. તે જ્ઞાતા–દ્દષ્ટાપણે રહે છે.**

**વિશેષ**

**જ્ઞાનીને શત્રુ-મિત્ર પ્રત્યે, માન-અપમાનના પ્રસંગે, જીવન કે મરણના વિષયમાં અને સંસાર કે મોક્ષમાં સમભાવ-સમદર્શિતા વર્તે છે.[1]**

**'જ્ઞાનભાવના છોડીને અજ્ઞાનથી જે જીવ પર સંયોગમાં માન-અપમાનની બુદ્ધિ કરે છે તે અજ્ઞાની છે. જેને જ્ઞાનસ્વભાવની ભાવના નથી એવા અજ્ઞાનીને જ બાહ્યદૃષ્ટિથી એકાંત માન-અપમાનરૂપ પરિણમન થાય છે. જ્ઞાનસ્વભાવની ભાવનામાં જ્ઞાનીને જ્ઞાનનું જ પરિણમન થાય છે, માન-અપમાનરૂપ પરિણમન થતું નથી; જરાક રાગ-દ્વેષની વૃત્તિ થાય, ત્યાં તે વૃત્તિને પણ જ્ઞાનથી ભિન્નરૂપ જ જાણે છે ને જ્ઞાનસ્વ-ભાવની જ ભાવના વડે જ્ઞાનની અધિકતારૂપે જ પરિણમે છે.'[2] ૩૮.**

## પોષ સુદ ૧૫, સોમવાર તા. ૨૭-૦૧-૧૯૭૫
## શ્લોક-૩૮-૩૯,
## પ્રવચન - ૪૮

સમાધિતંત્ર.

**अपमानादयस्तस्य विक्षेपो यस्य चेतसः।**
**नापमानादयस्तस्य न क्षेपो यस्य चेतसः।।३८।।**

**'ટીકા :- જેનું મન વિક્ષેપ પામે છે...'** જરી શું વાત કરે છે? જેને આત્મા અંતર આનંદસ્વરૂપ છે એવું જેને ભાન થયું નથી એને બહારના અપમાન-માનમાં એનું ચિત્ત અસ્થિર થઈ જાય છે. સમજાણું કાંઈ? **'મન વિક્ષેપ પામે છે અર્થાત્ રાગાદિરૂપે પરિણમે છે,...'** ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ છે એની જેને અંતરમાં મહત્તા ભાસી નથી એને બહારમાં માન-અપમાનમાં સુખમાં અસ્થિરતાની દશા થઈ જાય છે. ઝીણી વાત છે. સમાધિની વાત છે ને અહીં. જેને સમાધિ એટલે આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ છે એવું જેને અંતર ભાન થઈને સમાધિ એટલે શાંતિનો અંશ પ્રગટ્યો છે એને મન અવિક્ષેપ રહે છે, એને તો માન-અપમાનથી એનું મન અસ્થિર થતું નથી.

---

૧. ''શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,
માન-અમાને વર્તે તે જ સ્વભાવ જો;
જીવિત કે મરણે નહિ ન્યુનાધિકતા,
ભવ-મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો...અપૂર્વ,''...૧૦
(શ્રીમદ્ રાજચંદ્ર-'અપૂર્વ અવસર')

૨. જુઓ - આત્મધર્મ.

આહાહા..! આચાર્ય દિગંબર મુનિ એમ કહે છે.

**'તેને અપમાનાદિ-અર્થાત્ અપમાન એટલે પોતાના મહત્ત્વનું ખંડન-...'** અજ્ઞાનીને આત્માના આનંદ અને શાંતિનું સમ્યગ્દર્શન નથી. આહાહા..! એને **'પોતાના મહત્ત્વનું ખંડન...'** પોતાની મહત્તા જે માની હોય એમાં એને ખંડન લાગે કે આ મારું અપમાન કરે? આહાહા..! એને રાગ અને દ્વેષ થઈ જાય છે. એને અસમાધિ થાય છે એમ કહેવું છે. જેને આત્મા આનંદ શાંતિસ્વરૂપ, સચ્ચિદાનંદ આનંદનો સાગર છે એવી જેને સમ્યગ્દર્શન દૃષ્ટિ થઈ નથી એ જીવોને બાહ્યમાં માન, અપમાનમાં ઠીક-અઠીક થઈ જાય છે. સમજાય છે કાંઈ?

કંઈપણ એની મહત્તામાં ખંડન થાય, હીણપ થાય તો એને અંદરમાં રાગનો ભાવ અને દ્વેષનો ભાવ ઉત્પન્ન થાય છે. સાધુ હો બહારથી. અંતરમાં આત્માનો સ્પર્શ સમ્યગ્દર્શન થયું નથી. જે નિર્વિકલ્પ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે એમ અનુભવ અને એનું સમ્યગ્દર્શન થયું નથી. એને ચિત્તમાં બાહ્યની અનુકૂળતા-પ્રતિકૂળતામાં રાગ-દ્વેષના વિકલ્પો થયા કરે છે. એટલે એ અસમાધિમાં જાય છે. આહાહા..! જેટલો રાગ અને દ્વેષનો વિકલ્પ ઊઠે છે એ બધો દુઃખ અને અસમાધિ છે. સમજાણું કાંઈ? ચાહે તો શુભરાગ હો કે અશુભરાગ હો, પણ છે તો એ રાગ દુઃખ અને અસમાધિ છે એ. આહાહા..!

એ રાગ વિનાનો મારો પ્રભુ શુદ્ધ ચૈતન્ય આનંદનું ધામ છે. મારા નિધાનમાં તો જ્ઞાન અને આનંદ પડ્યા છે એવું જેને સમ્યગ્દર્શન થાય છે. સમ્યક્ નામ સાચી શ્રદ્ધા, સાચું દર્શન. સાચી શ્રદ્ધા એટલે? દેવ-ગુરુ-શાસ્ત્ર સાચાં છે, નવ તત્ત્વની શ્રદ્ધા એમ નહિ. આત્મા અણીન્દ્રિય સહજ આનંદની મૂર્તિ છે એવું સ્વસન્મુખ થઈને પરથી વિમુખ થઈને.. આહાહા..! રાગાદિના, પુણ્યાદિના ભાવથી કે બાહ્ય નિમિત્તથી વિમુખ થઈ, ભગવાન આત્માની સન્મુખ થઈને જેને શાંતિ અને સમ્યગ્દર્શન પ્રગટ્યું છે. સમ્યગ્દર્શનની સાથે સમાધિ—શાંતિ પ્રગટે છે એને સમ્યગ્દર્શન કહીએ. સમજાણું કાંઈ?

અનંત ગુણનો ભંડાર પ્રભુ એની સન્મુખતાની ભાવના જે સમ્યગ્દર્શન થાય, એને જેટલા સંખ્યાએ અનંત ગુણ છે એ બધાય ગુણ એનો વ્યક્ત અંશ પ્રગટ પર્યાયમાં થઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? રાતે આવ્યું હતું ને? રાતે ને? સર્વગુણ સમકિત નહિ? શ્રીમદ્દે એમ કહ્યું છે 'સર્વગુણાંશ તે સમકિત.' આપણે રહસ્યપૂર્ણ ચિઠ્ઠી ટોડરમલજીએ એમાં એમ કહ્યું છે, જ્ઞાનાદિક એકદેશ ગુણ છે (એ) સમ્યગ્દષ્ટિને બધા પ્રગટ થાય છે. પ્રગટ બતાવવું છેને? છે એમાં આ? આ? આ નથી.

ચોથા ગુણસ્થાનવર્તી... હજી સમ્યગ્દષ્ટિ ચોથું ગુણસ્થાન ગૃહસ્થાશ્રમમાં (છે). આહાહા..! ધર્મની પહેલી શરૂઆત. એવા ચોથા ગુણસ્થાનવર્તી આત્માને જ્ઞાનાદિ ગુણો એકદેશ પ્રગટ થયા છે. આ રહસ્યપૂર્ણ ચિઠ્ઠી ટોડરમલની. આહાહા..! ભગવાન આત્મા સંખ્યાએ અનંત અનંત ગુણ છે એમાં. સંખ્યાએ. જ્ઞાન, દર્શન, આનંદ, ચારિત્ર, જીવત્વ, કર્તૃત્વ, ભોક્તૃત્વ વગેરે અનંત સંખ્યાએ ગુણ છે. આહાહા..! એવી અનંત સંખ્યાના ગુણનો ધણી પ્રભુ આત્મા એનું જેને સમ્યગ્દર્શન થાય,

આત્મદર્શન એટલે કે જેવો છે તેવો જ્ઞાનમાં ભાસે. આહાહા..! સમજાણું કાંઈ? અને જેવો છે એવો એને સમ્યક્-સાચી શ્રદ્ધા થાય ત્યારે એને અનંત ગુણનો એક અંશ વ્યક્ત પ્રગટ બધાનો થઈ જાય. આહાહા..!

એને શાંતિનો અંશ આવે, આનંદનો અંશ આવે, સ્વચ્છતાનો આવે, પ્રભુતાનો આવે, કર્તાનો આવે, કર્મનો આવે. કર્તા, કર્મ એક શક્તિ છે જીવની. ગુણ છે. આહાહા..! એ અનંત ગુણનું અસ્તિત્વ જે છે હયાતીપણું આત્માનું એની અંતરમાં દૃષ્ટિ થતાં પ્રથમ એને અંતર દૃષ્ટિ થતાં એને જેટલા ગુણો છે શક્તિ, સત્ત્વરૂપે એનો એક અંશ પ્રગટ થઈ જાય. આહાહા..! આ તો હજી કાંઈ ખબર ન મળે અને અમે સમકિતી છીએ. અને વ્રત લ્યો, તપ લ્યો, ચારિત્ર લ્યો. આહાહા..! ખબર નથી ભાઈ! તને ખબર નથી. સમજાણું કાંઈ? છે?

એકદેશ પ્રગટ થયા છે. પ્રગટ થયા છે. આહાહા..! તેરમા ગુણસ્થાનવર્તી આત્માને જ્ઞાનીને ગુણો સર્વદેશી પ્રગટ થયા છે. ભગવાન અરિહંતને અનંત ગુણોની પર્યાય પ્રગટરૂપે પરિણમી ગઈ છે. ચોથું ગુણસ્થાન બીજ ઊગી, તેરમે પૂનમે પૂર્ણ થઈ. આહાહા..! સમજાણું કાંઈ? આ બીજ ઊગે છેને બીજ ચંદ્રમાની? ચંદ્રમાની બીજ ઊગી છે. ચંદ્રના પ્રકાશમાં બધા અંશો બહાર પ્રગટ થયા છે. એક અંશે સદાય પ્રગટ હોય. એટલે બીજ વખતે ત્રણ (કળા) પ્રગટ થાય છે. પૂર્ણિમા વખતે પૂર્ણ સોળે અંશે કળા ચંદ્રમાં ખીલે છે.

એમ ભગવાન આત્મા એને પ્રથમ જ્યાં સમ્યગ્દર્શનથી બીજ ઊગે... આહાહા..! ત્યારે એને અનંતા ગુણની એક અંશની વ્યક્તતાનું વેદન આવે. આહાહા..! એને એ બીજ ઊગી એટલે પૂનમ થાય જ. એમ જેમ સમ્યગ્દર્શન થયું છે એને કેવળજ્ઞાન પૂર્ણ જ્ઞાનાદિની દશા વ્યક્ત થાય જ. આહાહા..! એવો જે આત્માનો મોક્ષનો માર્ગ એ જેને અંતરમાં પ્રગટ્યો નથી, જાણ્યો નથી, અનુભવ્યો નથી એ જીવને બહારમા માન-અપમાનમાં સંકલ્પ-વિકલ્પમાં મન દોરાઈ જાય છે એમ કહે છે. આહાહા..! શેઠ! શું કહો છો?

મુમુક્ષુ :- શરૂઆત..

ઉત્તર :- શરૂઆત અહીંથી કરવી. એ તો કહે છે કે શરૂઆત અહીંથી કરવી. આ પૈસા પાંચ-દસ લાખ આપ્યા એનાથી ધર્મની શરૂઆત થઈ ગઈ. ધૂળમાંય નથી.

અહીંયાં તો આત્માને સમ્યક્ અનુભવ વિના વ્રત અને તપ કરે તો એ બધી લાંઘણ (છે), રાગની મંદતા ક્લેશ છે. અહીંયાં તો શરૂઆત ભગવાન આત્મા અસ્તિ—વિદ્યમાન પદાર્થ છે એ સત્‌નું સત્ત્વ જે શક્તિઓ જે ગુણો જે સ્વભાવે એને અનંત છે એવા અનંત ગુણનું એકરૂપ એનું સત્ત્વ જે આત્મા એનું સમ્યક્ થઈને અનુભવ થતાં પ્રતીત થાય છે એનું નામ સમ્યગ્દર્શન કહે છે. આ શરૂઆત આ છે. આહાહા..! શેઠ! આવી વાત છે. અત્યારે તો આ બધા ગોટા ચાલે છે. આનું આ કરો, આનું આ કરો ને આનું આ કરો ને ધૂળ કરો. ભાઈ! કોણ કરે એ? પરપદાર્થ એના કાર્યની પર્યાય વિનાની હોય છે કે જેથી તું અહંકાર કર? આહાહા..!

તારા સિવાયના અનંત આત્માઓ અને અનંત રજકણો જડ તેની પર્યાય થયા વિના એ રહે છે? પર્યાય એટલે હાલત. વસ્તુ તો કાયમ છે. એની હાલતરૂપી કાર્ય તો એ જીવદ્રવ્ય પોતે કરે છે. એમાં આ કહે કે હું આનું કરું. મૂઢ છે. મિથ્યાશ્રદ્ધાના પાપને પોષે છે. સમજાણું કાંઈ? એને અંતરમાં રાગ થાય શુભ-અશુભભાવ એનો એ કર્તા થાય, કરવા લાયક છે એમ માનીને (કરે) એ તો મિથ્યાદષ્ટિ જીવ છે. આહાહા..! એને ધર્મની ખબર નથી. કેમ? કે વસ્તુ જે આત્મા છે એ અનંત ગુણનો ચૈતન્યપિંડ છે. એમાં કોઈ ગુણ વિકાર થાય એવો કોઈ ગુણ નથી. અનંત અનંત સંખ્યાએ ગુણ (છતાં) એનો કોઈ એવો ગુણ નથી કે વિકાર કરે. આહાહા..! એથી વસ્તુની દૃષ્ટિ(માં) વિકારનું કરવું એ દૃષ્ટિમાં આવતું નથી. વિકાર થાય છે પણ એની સન્મુખ થઈને વિકાર કરે એ સમ્યગ્દૃષ્ટિને હોઈ શકે નહિ. આહાહા..!

માર્ગ વીતરાગનો સૂક્ષ્મ છે. લોકોએ બહારથી કલ્પી નાખ્યો. જીવદયા મંડળી કરી. .. .. હોય તો થાય. એમાં બધા ધર્મ (માને). ભગવાન ભૂલ્યો છે. સમજાણું કાંઈ આહાહા..! મહામંડળ તો અંદર અનંત દ્રવ્યનો પિંડ પડ્યો છે. આહાહા..! એની પર તરફની દિશા નામ એની દશા છે, ભાઈ! હજી આ બધી વાતું એવી છે. પર તરફના દિશાની જેની દશા છે એ બધી રાગ-દ્વેષ અને અજ્ઞાન છે. સમજાણું કાંઈ? એને સ્વ તરફની દિશાની દશા થાય છે. પૂર્ણાનંદનો નાથ એની દિશા એના તરફ વળતાં જે સમ્યગ્દર્શનની દશા થાય છે એ સ્વસન્મુખની દિશા વળતાં દશા થાય છે. આહાહા..! ભારે સમજવું! એ સમ્યગ્દર્શનમાં સમાધિ અને શાંતિ આવે છે. કહે છે કે જેને આવી સમાધિ અને શાંતિનો અંશ પ્રગટ્યો એને બહારના માન-અપમાનથી આમ ચિત્ત અસ્થિર થતું નથી. આહાહા..! બહુ વાતું આકરી. બધા પ્રમુખ તરીકે બેસાડે શેઠને. બે-પાંચ હજાર માણસ ભેગા થયા હોય ને. પાછું બહાર બોલે એવું (કે) તમે અમને નભાવી સક્ષમ કરીને .. અંદર ગલગલિયા (થતા) હોય. .. કરીને નભાવ કર્યો હતો. નભાવવા એ તમારા કામ છે. એમ બોલે પછી. પોપટભાઈ! આ બધા રમતું કરે છે બધી. આહાહા..! કહો, શેઠ! શેઠને . મોઢા આગળ. હમણાં બેસવું હતું કુંડલપુર ગજરથમાં. કહો, શેઠ! શેઠને ત્યાં બેસવું હતું મોઢા આગળ. હમણા બેસવું હતું શેઠને, કુંડલપુર ગજરથમાં. આહાહા..!

અહીં તો એમ કહેવું છે કે જેની આત્માની શાંતિ સમાધિ અને સમ્યગ્દર્શન નથી, એને બાહ્યના માન-અપમાનના ચિત્તની વ્યગ્રતા થયા વિના રહેતી નથી. સમજાય છે કાંઈ? એ કહે છે જુઓને! **'રાગાદિરૂપે પરિણમે છે, તેને અપમાનાદિ-અર્થાત્ અપમાન એટલે પોતાના મહત્ત્વનું ખંડન-અવજ્ઞા,...'** અમે અવજ્ઞા તમારી ન માનીએ.. છે? ટીકામાં છે. મદ થઈ જાય એને. અમે મોટા છીએ. ઘરમાં મોટા, કુટુંબમાં મોટા, નાતમાં મોટા, આ સમાજમાં મોટા. એય.. શેઠ! કેમ હશે? એવો એને મદ થાય છે. પેલું કહ્યું નહોતું પરમાત્મપ્રકાશમાં? યોગીન્દ્રદેવ મુનિ છે, દિગંબર સંત. પરમાત્મપ્રકાશ બનાવ્યું છેને? એમાં એક શ્લોક એવો મૂક્યો છે કે આ પંચમકાળમાં પૈસાવાળા માણસો પૂર્વના પુણ્યને લઈને કાંઈ બે-પાંચ, દશ લાખ, પચ્ચીસ લાખ, પચાસ લાખ મળ્યા એને એ પૈસાથી અને વૈભવથી એને અભિમાન થાય છે કે હું પૈસાવાળો છું. હું કાંઈક ખર્ચું. પૈસા અમે ખર્ચી

એ. ધર્મના કામમાં પૈસા અમે દઈ શકીએ. ગરીબ ક્યાંથી દે? એમ એને મદ ચડે છે. એમ કહ્યું. મદ થતાં મતિનો ભ્રમ થઈ જાય છે એને. મતિ ભ્રષ્ટ થતાં એ સ્વરૂપથી ભ્રષ્ટ વર્તતો... આહાહા..! ગતિમાં રખડવા જાય છે. આવી વાત છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પુણ્ય પણ ક્યાં કર્યું?

આચાર્યે તો એટલું લીધું. પરમાત્મપ્રકાશ છે ત્યાં. એમ કહે .. ખબર નથી. આ રહ્યું. યોગીન્દ્રદેવ મુનિ થયા. દિગંબર મુનિ યોગીન્દ્રદેવ. '**पुण्णेणहोइ विहवा**' પુણ્યને લઈને મળે વૈભવ. પુરુષાર્થથી નહિ. ડાહ્યા ડહાપણ કરીને વ્યવસ્થા કરે માટે પૈસા મળે એમ નહિ. આકરી વાત. છે? પુણ્ય સે ધર્મ હોતા હૈ. હિન્દી છે. ધનસે અભિમાન હોતા હૈ. અમે કમાઈ શકીએ છીએ. અમારી પાસે પૈસા છે. ગરીબ માણસો છે એને રળતા આવડે છે કાંઈ? એમ કરીને મદ કરે છે. યોગીન્દ્રદેવ મુનિ કહે છે. દિગંબર સંત વનવાસી. વનવાસી હતા. મુનિ તો વનમાં રહેતા. આ તો બધા ગોટા ઉઠ્યા. આહાહા..! ધન સે અભિમાન ઔર માન સે બુદ્ધિભ્રમ હોતા હૈ. મતિમોહ પાઠ છે. (અધિકાર—૨).

**पुण्णेणहोइ विहवो, विहवेण मदो, मएण मति मोहो।**
**मइ मोहेणय पावं ता पुण्णं अम्ह मा होउ।।६०।।**

મદ એટલે મતિ છે. મદ એ મતિ.. આચાર્ય કહે છે '**બુદ્ધિ કે ભ્રમ હોને સે પાપ હોતા હૈ ઈસ લિયે ઐસા પુણ્ય હમારે ન હોવે.**' આચાર્ય કહે છે. દિગંબર મુનિ. પરમાત્મપ્રકાશ છે. આહાહા..! કેટલી વાત કરી છે દિગંબર સંતોએ તો જગતને ન્યાલ કરી દીધાં. કેમકે વીતરાગનો માર્ગ જે છે સનાતન એ જાહેર કરીને પ્રસિદ્ધ કર્યો છે. આહાહા..! એની એક એક વાતમાં સત્યના ભણકારા વાગે છે, પણ જેને સમજવાની ગરજ હોય (એને). આહાહા..! છે? એવું પુણ્ય અમારે ન હોવે. પોપટભાઈ! કહો, ગિરધરભાઈ! ગીરધરભાઈ ને બધા ગરીબ છે પૈસાવાળા. એ તો આવવાના હોય એ આવવાના અને ન આવવાના હોય એ નહિ આવવાના. મફતનો વિકલ્પ કરીને રાગમાં દોરાઈ જાય છે. જે લક્ષ્મીના રજકણો જેની પાસે આવવાના હોય એ આવે જ છૂટકો. એ માગે (કે) ન માગે. જેને નથી આવવાના એ માગે તોપણ નહિ આવે. આહાહા..! આમ નથી કહેતા? ખાનારનું દાણે દાણે નામ લખ્યું છે. એટલે શું કહ્યું સમજ્યા? દાણા હોયને દાણા, અનાજ? .. ખાનારનું નામ હોય. નામ તો ક્યાં લખ્યું છે? પણ જેટલું ખાનાર પાસે અનાજ આવવાનું છે એ જ આવશે. એની કલ્પનાથી અનાજ આવે એવું ત્રણ કાળમાં નથી. શું શબ્દ છે તમારે?

મુમુક્ષુ :- દાને દાને પે લિખા હૈ ખાનેવાલે કા નામ

ઉત્તર :- દાને દાને પે લિખા હૈ ખાનેવાલે કા નામ. નામનો અર્થ ત્યાં ક્યાં નામ લખ્યું છે? પંડિતજી!

મુમુક્ષુ :- દાને દાને પર મહોર લિખ દી હૈ.

ઉત્તર :- એ મહોર આ. ત્યાં ક્યાં મહોર પાડી છે? જે રજકણો જેની પાસે આવવાના તે આવે

જ આવે. અને જેની પાસે રજકણ નથી આવવાના તે નહિ આવવાના તે નહિ જ આવે. એ મહેનત કરીને મરી જાય રાત દિ' તોપણ નહિ આવે. આહાહા..! આવા વીતરાગના વચન છે. કેમકે એ તો જડ પદાર્થ પર છે. પરને લાવવાના શું? તું તેનો સ્વામી છો? આહાહા..!

મેં પૈસાનો સદ્ઉપયોગ કર્યો. જડનો સદ્ઉપયોગ થતો હશે? એ તો જડ છે, અજીવ છે. એ મિથ્યા અભિમાન છે. આહાહા..! ભારે કામ બાપુ આકરું છે. વીતરાગના માર્ગની દૃષ્ટિ અને સમ્યગ્દર્શનની સમાધિ એ અલૌકિક વાત છે. એ વિના બધું ગમે તે કરે દાન ને દયા ને વ્રત ને તપ અને કહે છે કે અમે બાળવ્રત અને બાળતપ કર્યું. મૂર્ખાઈ ભરેલા વ્રત છે. સમયસાર છેને? એમાં એમ લખ્યું છે. એ તો લીધું હતું. .. ગાંધી. મોહનલાલ ગાંધી. પ્રવચનમાં આવ્યા હતાને ત્યાં રાજકોટ? ... બધાય... એની સાથે ઓલા છેને બીજા કોણ? મહાદેવભાઈ. .. તે દિ' આ આવ્યું કે જે જીવ કાંઈ બીજાનું કરી શકે, દયા પાળી શકે એ માન્યતા મૂઢ જીવની છે. સમયસારમાં છે. '**मूढो अण्णाणि**'. હું પરને જીવાડી શકું, પરને સુખની સામગ્રી આપી શકું એવા માનવાવાળા તે મૂઢ અને અજ્ઞાની છે. આહાહા..! ભારે વાતું ભાઈ આવી. જગતને પચવી કઠણ ભારે. મૂઢ છે.

પછી એકવાર નહોતા આવ્યા? છેને? નટુભાઈ આવ્યા હતા. નટુભાઈ કહે, એક મહારાજ મને મૂઢ ક્હેતા એ મહારાજ ક્યાં છે? મેં તો કાંઈ વ્યક્તિગત નહોતું કહ્યું. મેં તો સિદ્ધાંત છે (એ કહ્યો હતો). એણે કહ્યું, મહારાજ મૂઢ કહેતા હતા. એ વ્યક્તિગત નહોતું કહ્યું. ત્યાં સિદ્ધાંત એમ છે કે પરને જીવન હું આપી શકું છું, પરને જીવાડી શકું છું, પરને બચાવી શકું છું, પરને મારી શકું છું, પરને સુખી કરી શકું છું, પરને દુઃખી કરી શકું છું એ બધો મિથ્યાત્વભાવ છે. આહાહા..! ભારે માર્ગ ભાઈ. વીતરાગ ત્રિલોકનાથના આ કહેણ છે. વસ્તુ અનંત પદાર્થ છે, તો અનંત પદાર્થમાં એક પદાર્થ બીજા પદાર્થનું કાંઈ કરે (એમ) ત્રણ કાળમાં બને નહિ. સમજાણું કાંઈ? હું બીજાને બંધ કરાવી દઉં, અરે..! હું બીજાને મોક્ષ કરાવું (એ પણ) ભ્રાંતિ છે. આહાહા..! એના અજ્ઞાન વિના એ બંધ થશે નહિ. એના જ્ઞાનથી, રાગથી વિવેક ભિન્ન પાડ્યા વિના એને મુક્તિ થશે નહિ. એ તો એને કારણે થાય. સમજાણું કાંઈ? બીજાને મુક્તિ કરાવી દઉં. શ્લોક છે. બંધ મોક્ષ.

ભાઈ! પરપદાર્થના બંધન કરે છે એ અજ્ઞાની રાગને લઈને કરે છે. પર કરાવી શકે બંધને? અને એ જીવ મુક્તિને પામે તો એ તો રાગથી ભિન્ન પાડીને ભેદજ્ઞાન દ્વારા એ પામે છે. વીતરાગભાવથી એ મુક્તિ પામે એને તું મુક્તિ આપી દે? મદ છે. સમજાણું કાંઈ? .. ઘરમાં સંપદા થાય છે, (તેનાથી) '**ઘમંડ હોતા હૈ, અજ્ઞાન સે બુદ્ધિ ભ્રષ્ટ હોતી હૈ. બુદ્ધિ ભ્રષ્ટકર પાપ કમાતા હૈ ઔર પાપસે ભવ ભવમેં અનંત દુઃખ પાતા હૈ, ઈસલિયે મિથ્યાદૃષ્ટિઓં કા પુણ્ય પાપકા હી કારણ હૈ.**' આહાહા..!

અહીંયાં તો કહે છે હજી સાંભળ, ભાઈ! જેને આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે, જાણનાર-દેખનાર જ ક્રિયા કરનાર છે એ ક્રિયા. એ આત્મા બીજી ચીજ કરે એ છે નહિ. આહાહા..! એવું જેને ભાન નથી એને માન, અપમાનથી ચિત્તમાં ખંડન-ભંગ થયા વિના રહેતો નથી. રાગ અને દ્વેષ ઉત્પન્ન થાય છે. આહાહા..! શેઠ! અવજ્ઞા થાય, મદ ચડે, ઈર્ષ્યા થાય. આ સાધારણ માણસો મારી સાથે તુલના કરવા

માગે છે. ઈર્ષ્યા થાય છે. બાપુ! તું કોની સાથે કરીશ ઈર્ષ્યા? એ જગતની ચીજો સ્વતંત્ર એને કારણે ટકી અને પરિણમી રહી છે. જગતની ચીજો એને કારણે મુક્તપણે ટકી અને બદલી રહી છે. એને તું શી રીતે ફેરફાર કરી શકે? ભારે આકરું કામ. હોંશિડા હોંશ ન કીજે. એ સજ્ઝાય આવે છે. આ અમે કર્યા, આના કામ કર્યા, અરે.. ભાઈ! રહેવા દે આ વાત. એ મદ અને અભિમાનના બધા વાક્યો છે ભાઈ! તને ખબર નથી હજી.

ભગવાન તો જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે. જગત છે દૃશ્ય અને આત્મા દૃષ્ટા. જગત છે જ્ઞેય અને આત્મા જ્ઞાતા. એ સિવાય શું કરીશ તું બીજું? આહાહા..! સમજાણું કાંઈ? એવું જેને ભાન નથી એને આ '**ઈર્ષ્યા, માત્સર્ય વગેરે થાય છે, પરંતુ જેના મનમાં વિક્ષેપ થતો નથી,...**' હું તો આનંદ અને જ્ઞાનસ્વરૂપ છું હું, મને એણે જોયો નથી. મારું અપમાન શી રીતે કરે? મને માન શી રીતે આપે? હું કોણ છું એની તો એને ખબર નથી. માટે જ્ઞાનીને માન-અપમાનમાંથી ચિત્તની ક્ષોભતા થતી નથી. આહાહા..! આ તો અંતરના ધામની વાતું છે ભાઈ!

'**મોહ-રાગ-દ્વેષાદિ વિભાવોમાં વર્તતો જીવ જ માન-અપમાનથી...**' જોયું! ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ એની જેને ઓળખાણ નથી તે મોહ અને રાગદ્વેષના વિભાવમાં પરિણમતો '**જીવ જ માન-અપમાનની કલ્પનાથી દુઃખી થાય છે,...**' મને આણે ઓળખ્યો, મારા કદના પ્રમાણમાં એણે મને માન આપ્યું. અને મારા કદના પ્રમાણમાં મને મોટો ન કરતા ફલાણાને મોટો કર્યો. આવી કલ્પનાથી મરી જાય છે. આહાહા..! ગજબ વાત છે, ભગવાન! અહીં તો વીતરાગતાની દશા કેમ પ્રગટે અને અજ્ઞાન કેમ પ્રગટે એની વાતું છે. સમજાણું કાંઈ?

'**મોહ-રાગ-દ્વેષાદિ વિભાવોમાં વર્તતો...**' જોયું! જે આત્માના જ્ઞાનસ્વરૂપમાં વર્તતો નહિ પણ રાગ-દ્વેષ અને મોહમાં વર્તતો '**જીવ જ માન-અપમાનની કલ્પનાથી દુઃખી થાય છે.**' આહાહા..! '**પરંતુ જેનું ચિત્ત રાગ-દ્વેષ-મોહાદિ વિભાવોથી રહિત થઈ...**' હું તો રાગ અને દ્વેષથી તો મારી ચીજ ભિન્ન છે, પ્રભુ! રાગ અને દ્વેષના વિકલ્પો તો આસ્રવ છે. એ આત્મતત્ત્વ નહિ. આહાહા..! પુણ્ય અને પાપના ભાવ, શુભ-અશુભભાવ તો રાગ-દ્વેષ આસ્રવ છે. એ આત્મતત્ત્વ નહિ. આત્મતત્ત્વ જ્ઞાયક તત્ત્વ છે. એમ જેને જ્ઞાનીને રાગ-દ્વેષથી ભિન્નનું ભાન છે. આહાહા..!

'**પોતાના જ્ઞાનસ્વરૂપમાં સ્થિર થાય છે તેને માન-અપમાનની કલ્પના ઉત્પન્ન થતી નથી,...**' કોણે મને મોટો જાણ્યો, કોણે મને હલકો માન્યો. આહાહા..! એ જ્ઞાનીને એમ થાય છે. આહાહા..! ધર્મી જીવને ચિત્ત '**રાગ-દ્વેષ-મોહાદિ વિભાવોથી રહિત...**' થયું છે. એટલે? કે જેણે પુણ્ય-પાપ અને મોહ, રાગ-દ્વેષના ભાવથી ભિન્ન આત્માને જાણ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ?

૭૨ ગાથામાં આવ્યું છે સમયસારમાં. પુણ્ય અને પાપના ભાવ બધા અશુચિ છે. ચાહે તો દયાનો, દાનનો, ભક્તિનો, વ્રતનો, પૂજાનો ભાવ એ અશુચિ મેલ છે. આહાહા..! ભગવાન આત્મા નિર્મળાનંદ છે એવું જેને ભાન છે, એ પોતે વિભાવથી રહિત જુદો આત્માને જાણે છે તેથી પોતાના જ્ઞાનસ્વરૂપમાં સ્થિર થાય છે. ભારે કામ ભાઈ આવું. ગૃહસ્થાશ્રમમાં પણ અમારે શી રીતે કરવું?

આખો દિ' બાયડી, છોકરાને નભાવવા. બાયડી-છોકરા મોટા હોય, સારે ઘરે પરણાવવા, છોડીને સારે ઠેકાણે નાખવી અને આ બધું કરવું. કોણ નાખે? બાપુ! તને ખબર નથી, ભાઈ! પરદ્રવ્યને સારા ઠેકાણે નાખવું શી રીતે? તારો અધિકાર છે? આહાહા..! એવી જે કલ્પનામાં પડ્યો છેને એને માન-અપમાનમાં ઘા લાગે છે. પણ જેને આ કલ્પનાથી જુદી મારી ચીજ છે. હું તો જ્ઞાનસ્વરૂપી પ્રભુ છું. જગતની આંખ છું. જગતને દેખનારો છું. જગતને ફેરફાર કરનારો એ હું નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એને માન-અપમાન આદિ લાવવું એ જોઈતું નથી. તે માન-અપમાનમાં સમભાવ રહે છે. થોડું લેશે હજી.

**'મોહ-રાગ-દ્વેષાદિ વિભાવોમાં વર્તતો જીવ જ માન-અપમાનની કલ્પનાથી દુઃખી થાય છે, પરંતુ જેનું ચિત્ત રાગ-દ્વેષ-મોહાદિ વિભાવોથી રહિત થઈ પોતાના જ્ઞાનસ્વરૂપમાં સ્થિર થાય છે તેને માન-અપમાનની કલ્પનાઓ ઉત્પન્ન થતી નથી, કારણ કે જ્ઞાનાનંદમાં લીન થતાં...'** આહાહા..! આત્મા એ જ્ઞાન અને આનંદસ્વરૂપ છે. જ્ઞાન એટલે આ શાસ્ત્રનું જાણવું એ નહિ. પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ છે એ તો. સર્વજ્ઞસ્વરૂપ છે એ. જ્ઞ સ્વભાવી પ્રભુ છે એ. એ જ્યારે પરના અનુકૂળ-પ્રતિકૂળતામાં રાગ-દ્વેષ નથી કરતો ત્યારે આત્મામાં લીન થાય છે. ઓહો..! હું તો આનંદકંદ છું. મારો આનંદ તો મારી પાસે છે. મારા આનંદને બીજાની સહાયની જરૂર નથી. બીજા વખાણ કરે તો સુખી થાઉં, નિંદા કરે તો નારાજ થાઉં એવું મારામાં નથી. આહાહા..! આવો માર્ગ આકરો જગતને. કાંઈક સહેલું હશે કે નહિ બીજું? સહેલામાં સહેલું છે રાખ. રાખને સહેલી કહે છે ને રાખ? ભસ્મ. આ તો માર્ગ આવો છે, બાપુ!

**'જ્ઞાનાનંદમાં લીન થતાં...'** આહાહા..! **'કોણ બહુમાન કરે છે કોણ અપમાન કરે છે— એવો વિકલ્પ જ ઊઠતો નથી. તે જ્ઞાતા-દૃષ્ટાપણે રહે છે.'** આહાહા..! ભરતજી ઘરમાં વૈરાગી. નથી આવતું? ભરત ઘરમેં વૈરાગી. છ ખંડની વાત. છન્નું હજાર સ્ત્રી. ઇન્દ્રો જેના મિત્રો, હીરાના જેને સિંહાસન. હું એ નહિ, એ નહિ, એ નહિ. આહાહા..! મારી ચીજ મારાથી જુદી હોય નહિ, જુદી હોય એ મારી નહિ. સમજાણું કાંઈ? ભરતજી.. એ નહોતો દાખલો આપ્યો ત્યારે? આવે છેને એ દાખલો?

અંગે કછોડો પહેરી નીકળેલા ગામમાં. એમાં કોઈ સોની હશે. એ કાંઈક બોલતો હતો કે આ ભરત કહે છે અમે વૈરાગી. એ તો રાજ કરે અને કેટલી મજા કરે. ભરતે સાંભળ્યું. આવે છેને કથામાં તો? ભરતજી કાળુ લૂગડું પહેરીની અને રાતે .. રૈયતને જોવા નીકળ્યો. રૈયતને ખબર નહિ આ કોણ છે? એક સોની વાતું કરતો હતો કે ભરત કહે અમે ધર્મી છીએ, મારા બધા .. રાગ કરવા ને મોટા મહેલ રહેવાના. એ સવારે બોલાવ્યો સોનીને. આવો આવો સોની. આ સોનીને બોલાવ્યો. એટલું સમજતા નથી? સોનીને બોલાવ્યો અહીંયાં. આ તો નાટક પાડે છે આ. આપણે અહીં નાટક પાડ્યું હતું. નહિ? તમારે નહિ? ધીરૂભાઈએ કે કોણે કર્યું હતું? નાટક. બીજા કોણ? નાટક આવે છે. અહીં પાડ્યું હતું.

ભરતને આત્મજ્ઞાન હતું અને વૈરાગ્ય પરથી ઉદાસ હતા, છતાં એ રાજમાં દેખાતા એથી અજ્ઞાનીઓને એમ થયું કે આ તો રાજનું કરે અને માને કે હું તો જ્ઞાની થઈ ગયો. ત્યારે એની પરીક્ષા કરવા માટે સોનીને કહ્યું, હે સોની મહાજન. એક કટોરો આપું છું તમને તેલનો. તેલ ભરીને કટોરો. સમજ્યાને? ખુલ્લો. કળશો આપ્યો હોય તો આમ લે. આ તો ખુલ્લો કટોરો તેલ ભરીને આપું છું. ગામમાં શણગાર થાય છે. ગામમાં જોજો. એ તેલથી ભરેલો આમ. તેલ. જુઓ આમાંથી તેલ નીચે ટપકું પડ્યું તો પોલીસ પાછળ છે (ઈ) તલવારથી માથું કાપી નાખશે. આવે છે કે નહિ? ગામમાં ફરે બધે. ગામમાં શણગાર કરેલો અયોધ્યામાં. કેમ આવ્યા? કેમ જોયું? ભાઈસાહેબ ક્યાંય મારી નજર નથી ગઈ. કટોરાને સરખો રાખવો.. અરે..! ભાઈ! અમારી નજરું આત્મામાં છે. અમારી નજર બીજે નથી, ભાઈ! તને ખબર નથી. અમારા સ્વમાંથી ન નીકળીએ એવું અમને અંદર દૃષ્ટિમાં પડ્યું છે. આહાહા..! એમ બહારથી કહે છે કે આ બાયડીમાં છે, આ રાણીમાં છે. બાપુ! અમે ક્યાંય નથી. નાળિયેરમાં જેમ ગોળો છૂટો રહે એમ અમે બહારથી છૂટા છીએ. સમજાણું કાંઈ? આનું નામ સમ્યગ્દૃષ્ટિના લક્ષણ.

**વિશેષ.**

'**જ્ઞાનીને શત્રુ-મિત્ર પ્રત્યે, માન-અપમાનના પ્રસંગે,...**' વિશેષ છેને વિશેષ. ધર્મીને.. ધર્મી આને કહીએ. આહાહા..! જેને અંતરના સ્વભાવનું ભાન છે. આહાહા..! અરે..! હું જે છું એ તો જ્ઞાન અને આનંદ છું અને જે આ વિકલ્પાદિ ઉઠે છે એ હું નહિ. આહાહા..! એ ધર્મીના આ લક્ષણ છે. ધર્મીને માટે કાંઈક માથે આંબો ઉગે તો ધર્મી છે એમ છે કાંઈ? અને પાપીને માથે બાવળ ઊગે. બાવળ સમજો છો? બબુલ-બબુલ. જોયું છે? ભગવાન! આ હું તો આત્મા છું તે જ્ઞાન અને શાંતિથી ભરેલો ભંડાર છે. એવું જેને ભાન છે તેને બાહ્ય માન-અપમાનમાં એ દોરાઈ જતા નથી. આહાહા..!

'**શત્રુ-મિત્ર પ્રત્યે, માન-અપમાનના પ્રસંગે, જીવન કે મરણના વિષયમાં...**' નીચે છેને શ્લોક શ્રીમદ્નો? શ્રીમદ્ રાજચંદ્ર.

શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,
માન-અમાને વર્તે તે જ સ્વભાવ જો;
જીવિત કે મરણે નહિ ન્યુનાધિકતા,

આહાહા..! આ શ્રીમદ્ કહે છે અપૂર્વ અવસરમાં. શ્રીમદ્ રાજચંદ્ર. નામ સાંભળ્યું છે? નાની ઉંમરમાં જાતિસ્મરણ થયું હતું. સાત વર્ષની ઉંમરે. ક્ષયોપશમભાવ અને દૃષ્ટિ નિર્મળ સમ્યક્. ૩૨ વર્ષે કહે છે.

જીવિત કે મરણે નહિ ન્યુનાધિકતા,
ભવ-મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો...અપૂર્વ,''...૧૦

ભવ હો કે મોક્ષ હો, બધે વીતરાગતા વર્તે છે, કહે છે. આહાહા..! ભવ હોય તો ભવને જાણે, મોક્ષ હોય તો મોક્ષને જાણે એવું મારું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આહાહા..! એનો અર્થ એ.

પછી બીજું આત્મધર્મમાંથી લીધું છે. '**જ્ઞાનભાવના છોડીને અજ્ઞાનથી જે જીવ...**' જ્ઞાનસ્વભાવ ભગવાન આત્મા એની અંતરની લાઈન સન્મુખ છોડી દઈને '**અજ્ઞાનથી જે જીવ પર સંયોગમાં માન-અપમાનની બુદ્ધિ કરે છે...**' સંયોગો અનુકૂળ કે પ્રતિકૂળ એમાં માન-અપમાનની બુદ્ધિ કરે '**તે અજ્ઞાની છે,...**' આહાહા..!

'**જેને જ્ઞાનસ્વભાવની ભાવના નથી...**' હું આનંદ અને જ્ઞાન સ્વભાવવાળો આત્મા છું એવું જેને ભાન છે... આહાહા..! એને તો માન-અપમાનની બુદ્ધિ થતી નથી. પર સંયોગને લઈને થતી નથી, એમ કહેવું છે. કોઈ અસ્થિરતા થોડી થઈ જાય તેને એ ગણતો નથી. અજ્ઞાનીને તો સંયોગથી થઈ જાય. બાહ્ય દૃષ્ટિથી એકાંત માન-અપમાનમાં પરિણમન થઈ જાય છે. આહાહા..!

'**જ્ઞાનસ્વભાવની ભાવનામાં જ્ઞાનીને જ્ઞાનનું જ પરિણમન થાય છે, માન-અપમાનરૂપ પરિણમન થતું નથી; જરાક રાગ-દ્વેષની વૃત્તિ થાય,...**' ધર્મી છે એને વીતરાગતા ન હોય તો જરી અસ્થિરતા થોડી થાય '**ત્યાં તે વૃત્તિને પણ જ્ઞાનથી ભિન્નરૂપ જ જાણે છે...**' આહાહા..! સમ્યગ્દૃષ્ટિ એને કહીએ. કદાચિત્ નબળાઈને લઈને થોડી રાગની અસ્થિરતા થાય પણ તે મારાથી ભિન્ન છે એમ જ્ઞાની જાણે. મારામાં એ વસ્તુ એકમેક છે નહિ. આહાહા..! હું મારા જ્ઞાન અને આનંદ સ્વભાવે અભિન્ન છું. પણ વૃત્તિ જે ઊઠી રાગ આદિ એનાથી પણ ભિન્ન છું. આહાહા..! આવું સમ્યગ્દૃષ્ટિને ભાન અંદર વર્તતું હોય છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ ભારે ભાઈ! આહાહા..!

ભગવાનપણે બિરાજમાન છે. આમ કહે. ડાહ્યા માણસને .. તગડ.. પાંચ-પચાસ હજાર મળે, ઓલો કહે, હું દસ હજાર રળું. એય..! નહિ? બાપુ! એ બધી વાતું તારી ભ્રમણાની છે. આહાહા..! જે ચીજો બહારની આવવી-જવી એ તો એના પોતાના સ્વકાળને કારણે આવે જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? અમે .. ખર્ચ્યા ૨૫ લાખ આ મકાનમાં. શેઠીયાઓએ ખર્ચ્યા. બધું ભ્રમ છે ભ્રમ. વાત એમ નથી ભાઈ! એ કાળે પરમાણુની પર્યાયનું પરિણમન થઈને એ થવાનું હતું તે થાય છે. તારાથી થાય છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'હું કર્તા ને તુમ હો કર્તી કબીરો કહે જો ઐસી.' જુઓ તો ખરા કેટલું કામ કર્યું! શું કરીશ બાપુ? આટલા કામ કર્યા, મેં આટલા કામ કર્યા. આહાહા..! ભૂખ્યાને અનાજ આપ્યા, તરસ્યાને પાણી દીધા, રોગીને ઔષધ આપ્યા, ઠામ-ઠેકાણા નહોતા એને ઠામ આપ્યા. ઠેકાણા એટલે મકાન. શું આપ્યું બાપુ તેં એને? એ પરની ચીજો આપી શકે છે? આ જ અજ્ઞાન (છે). એમાં એને માન-અપમાન થયા વિના રહે નહિ. આહાહા..! બહુ માર્ગ.. ખાંડાની ધારનો છે આ તો. તલવારની ધાર ઉપર ચાલવું,.. 'ધાર તલવારની સોહ્યલી દોહ્યલી ચૌદમા જિનતણી ચરણ સેવા.' ચૌદમા અનંતનાથ ભગવાનની સ્તુતિ છે. આનંદઘનજી કહે છે. 'ધાર તલવારની સોહ્યલી દોહ્યલી ચરણ સેવા...' આહાહા..! 'ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના ધાર પર રહે ન દેવા.' પણ આત્માની સેવા... આહાહા..! એ સેવા હોં. ધૂળની નહિ. આનંદનો નાથ ભગવાન એની સેવામાં રહેવું, એની નિકટમાં

રહેવું અને રાગમાં ન જવું એ કોઈક કરી શકે છે. ધર્મી જીવ કરી શકે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**બાહ્યદૃષ્ટિથી એકાંત માન-અપમાનરૂપ પરિણમન થાય છે. જ્ઞાનસ્વભાવની ભાવનમાં જ્ઞાનીને જ્ઞાનનું જ પરિણમન થાય છે. માન-અપમાનરૂપ પરિણમન થતું નથી; જરાક રાગ-દ્વેષની વૃત્તિ થાય, ત્યાં તે વૃત્તિને પણ જ્ઞાનથી ભિન્નરૂપ જ જાણે છે...**' એ તો જે કાળે રાગ થાય તે કાળે જ્ઞાની એને ભિન્ન જાણે છે. આવો માર્ગ છે, ભાઈ! ચાહે તો શુભરાગ આવે ભક્તિનો, પૂજાનો, જ્ઞાનીને આવે છે, હોય પણ ધર્મી તો એનાથી ભિન્ન છું એમ જાણે છે. એ રાગ ને હું બે એક નથી. આહાહા..! આવો માર્ગ!

'**જ્ઞાનથી ભિન્નરૂપ જ જાણે છે ને જ્ઞાનસ્વભાવની જ ભાવના વડે...**' ભગવાન જ્ઞાનસ્વરૂપ છે તેની એકાગ્રતા વડે '**જ્ઞાનની અધિકતારૂપે જ પરિણમે છે.**' રાગથી ભિન્ન સ્વરૂપ છે એવી '**णाणसहावाधियं मुणदि आदं**' ૩૧ ગાથા આવે છેને? એ દયા, દાન, રાગના ભાવથી મારી ચીજ તો જ્ઞાનસ્વભાવે ભિન્ન છે. '**णाणसहावाधियं मुणदि आदं**' જે કાંઈ એ પુણ્ય અને પાપના વિકલ્પો ઊઠે છે એનાથી મારી ચીજ જ્ઞાનસ્વભાવથી અધિક નામ ભિન્ન છે. આહા..! આમ ધર્મી જાણે છે. એને ધર્મી કહેવામાં આવે છે. આહાહા..! એ ૩૮ થઈ.

---

**एपमानादिनां चापगम उपायमाह–**

**यदा मोहात्प्रजायेते रागद्वेषौ तपस्विनः।**
**तदैव भावयेत्स्यस्थमात्मानं शाम्यतः क्षणात्।।३९।।**
**યોગીજનોને મોહથી રાગદ્વેષ જો થાય,**
**સ્વસ્થ નિજાત્મા ભાવવો ક્ષણભરમાં શમી જાય. ૩૯.**

**टीका :– मोहान्मोहनीयकर्मोदयात्। यदा प्रजायेते उत्पद्येते। कौ? रागद्वेषौ। कस्य? तपस्विनः। तदैव रागद्वेषोदयकाल एव। आथ्मानं स्वस्थं बाह्यविषयाद्व्यावृत्तस्वरूपस्थं भावयेत्। शाम्यत उपशमं गच्छतः। राग–द्वेषौ। क्षणात् क्षणमात्रेण।।३९।।**

---

**અપમાનાદિને દૂર કરવાનો ઉપાય :-**

શ્લોક - ૩૯

**અન્વયાર્થ :- (यदा) જે સમયે (तपस्विनः) તપસ્વી અન્તરાત્માને (मोहात्) મોહવશાત્ (रागद्वेषौ) રાગ અને દ્વેષ (प्रजायेते) ઉત્પન્ન થાય (तदा एव) તે જ સમયે તે તપસ્વીએ (स्वस्थं आत्मानं) શુદ્ધસ્વરૂપની (भावयेत्) ભાવના કરવી. એમ કરવાથી રાગ-દ્વેષાદિ (क्षणात्) ક્ષણવારમાં (शाम्यतः) શાન્ત થઈ જાય છે.**

**ટીકા :- મોહથી એટલે મોહનીય કર્મના ઉદય નિમિત્તે, જ્યારે પેદા થાય-ઉત્પન્ન થાય, કોણ (બે)? રાગ અને દ્વેષ. કોને (ઉત્પન્ન થાય)? તપસ્વીને, ત્યારે જ અર્થાત્ રાગ-દ્વેષના**

**ઉદયકાલે જ સ્વસ્થ આત્માની-અર્થાત્ બાહ્ય વિષયોથી વ્યાવૃત્ત થઈ (પાછો હઠી) સ્વરૂપમાં સ્થિત થયેલા આત્માની-ભાવના કરવી. તેમ કરવાથી રાગ-દ્વેષ ક્ષણમાં-ક્ષણમાત્રમાં-ઉપશમે છે એટલે શાંત થઈ જાય છે.**

**ભાવાર્થ :- અસ્થિરતાના કારણે મોહવશ જ્યારે અંતરાત્માને રાગ-દ્વેષાદિ ઉત્પન્ન થાય ત્યારે ચિત્તને પર પદાર્થોથી હઠાવી સ્વસન્મુખ વાળી શુદ્ધાત્માને ભાવવો. તેમ કરવાથી ક્ષણવ-ારમાં રાગ-દ્વેષાદિ શાન્ત થઈ જાય છે.**

**ભેદવિજ્ઞાન દ્વારા આત્મા અને શરીરાદિને ભિન્ન ભિન્ન જાણીને શુદ્ધાત્માની ભાવના કરવી તે જ રાગ-દ્વેષાદિ વિકારોને નાશ કરવાનો ઉપાય છે.**

**વિશેષ**

**સમ્યગ્દષ્ટિ જીવને ભૂમિકાનુસાર રાગ-દ્વેષ થાય છે. પણ તેને તે વખતે અંતરમાં આત્માનું ભેદજ્ઞાન છે. તે બાહ્ય નિમિત્તો અને વિકારને પોતાના આત્મસ્વરૂપથી ભિન્ન માને છે. તે માટે તેને આદર નથી. અવશપમે-અસ્થિરતાને લીધે જે રાગ-દ્વેષ થાય છે તેને તે પોતાનું સ્વરૂપ માનતો નથી. તેને તો પોતાના સ્વરૂપ તરફ જ દૃષ્ટિ છે. તે અસ્થિરતાના રાગ-દ્વેષને ટાળવા માટે ચૈતન્યસ્વભાવની જ ભાવના ભાવે છે.**

**માટે આચાર્ય સમ્યગ્દષ્ટિઓને ઉદ્દેશી કહે છે કે—જ્યારે ચારિત્રની નબળાઈથી રાગ-દ્વેષાદિ વિકારી વૃત્તિઓનું ઉત્થાન થાય, ત્યારે આત્મસ્વરૂપની ભાવના કરવી. તેનાથી વૃત્તિઓ શાન્ત થઈ જશે. રાગ-દ્વેષાદિના શમન માટે શુદ્ધાત્માની ભાવના-એ જ એક રામબાણ ઉપાય છે. ૩૯.**

## શ્લોક-૩૯ ઉપર પ્રવચન

૩૯. '**અપમાનાદિને દૂર કરવાનો ઉપાય :-**' માન-અપમાનને દૂર કરવાનો ઉપાય. આ સમાધિશતક છે. પૂજ્યપાદસ્વામી મુનિ થયા છે ત્રીજા-ચોથા સૈકામાં લગભગ. એ પણ ભગવાન પાસે ગયા હતા. સીમંધર ભગવાન પાસે ગયા હતા. પહેલાં લખાણ છે. દેવો જેના ચરણ પૂજતા. આહાહા..! એ કહે છે માન-અપમાન દૂર કરવાનો ઉપાય.

**यदा मोहात्प्रजायेते रागद्वेषौ तपस्विनः।**
**तदैव भावयेत्स्यस्थमात्मानं शाम्यतः क्षणात्।।३९।।**

અહીં તો પોતાની વાત કરે છેને મુનિ. નીચેનામાં નથી. આમાં લખ્યું.

**યોગીજનોને મોહથી રાગદ્વેષ જો થાય,**
**સ્વસ્થ નિજાત્મા ભાવવો ક્ષણભરમાં શમી જાય. ૩૯.**

એમાં નથી. નથી ને? એ ભાઈએ લખ્યું છે. શાંતિભાઈએ.

'**ટીકા :- મોહથી એટલે મોહનીય કર્મના ઉદયના નિમિત્તે,...**' એમ. નિમિત્તે. '**જ્યારે પેદા થાય-ઉત્પન્ન થાય,...**' રાગ. '**કોણ (બે)? રાગ અને દ્વેષ.**' મોહનું કર્મ નિમિત્ત હોં! મોહના કર્મથી થાય એમ નહિ. એ તો સવારે વાત આવી ગઈ છે. નિમિત્ત કીધું. ઉપાદાન પોતે કરે છે ત્યારે એને નિમિત્ત કહેવામાં આવે છે. આ અર્થના ઊંધા મારે પછી, જુઓ! મોહકર્મને લઈને રાગ-દ્વેષ થાય છે. અરે.. સાંભળને! રાગ-દ્વેષ તું કરે ત્યારે કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

તત્ત્વની દૃષ્ટિ કરવી બહુ કઠણ છે. કર્મને ઉદયભાવમાં એને રાખવો અને જીવ પોતે રાગ-દ્વેષ કરે એને પોતાના આસ્રવતત્ત્વમાં જાણવો. આહાહા..! બહુ ઝીણું. અરે..! આવો મનુષ્યદેહ ચાલ્યો જાય છે સ્થિતિ પૂરી થવાને કાળે. કેટલાકને તો ૫૦ ગયા, ૬૦ ગયા. અને આ સત્યના શરણ જો મગજમાં ન આવ્યા, ભાઈ! ક્યાં જશે? ક્યાં ઊપજશે? વંટોળિયાના તરણા ઊડીને... વંટોળિયો સમજો છો? બબુલા. એના તરણા હોય ને તિનકા, (એ) ઊડીને ક્યાં જઈને પડશે? એમ મિથ્યાદૃષ્ટિ જેને સમ્યક્નું ભાન નથી એ મિથ્યાત્વના ઉડાઉમાં જઈને ક્યાં જન્મશે ભાઈ? આહાહા..! આવું શરણ ચૈતન્ય છે અંદરને. એને જાણવા, જોવા, અનુભવવા દરકાર નથી. અને જગતના પદાર્થોને જોવા, જાણવા ને રાખવા.. આહાહા..! ભાઈ! તેમાં તું ક્યાં આવ્યો એમાં? આહાહા..!

કહે છે '**મોહનીય કર્મના ઉદય નિમિત્તે, જ્યારે પેદા થાય-ઉત્પન્ન થાય,..**' ત્યારે '**તપસ્વી,...**' એટલે મુનિને પણ '**ત્યારે જ અર્થાત્ રાગ-દ્વેષના ઉદયકાળે જ સ્વસ્થ આત્માની-...**' સ્વસ્થ. સ્વ-પોતાનો જ્ઞાન આનંદ સ્વરૂપ એમાં સ્થ- એમાં ઠરીને અપમાનને ટાળે. આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પોષ વદ ૧, મંગળવાર તા. ૨૮-૦૧-૧૯૭૫
## શ્લોક-૩૯,
## પ્રવચન - ૪૯

'**ટીકા :- મોહથી એટલે મોહનીય કર્મના ઉદય નિમિત્તે, જ્યારે પેદા થાય—ઉત્પન્ન થાય, કોણ (બે)? રાગ અને દ્વેષ.**' અહીં વાત એમ લીધી છે. ૩૯ની ટીકા, ટીકા. આત્મા પરનું તો કાંઈ કરી શકતો નથી એટલે એ વાત તો કરવાની હોય નહિ. આહાહા..! અજ્ઞાની પણ પરનું કરી શકતો નથી અને જ્ઞાની પણ પરનું કરી શકતો નથી. આહાહા..! આ વાત. પહેલી ત્યાં શરત આ છે કે એના નિર્ણયમાં એ પહેલું આવવું જોઈએ કે હું એક આત્મા છું તો બીજા આત્માઓનું અને બીજા શરીરની કોઈપણ ક્રિયાને હું કરી શકતો નથી. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ? આ બધા કરો છોને તમે કામ બધાના? એય.. ગીરધરભાઈ! એ અમારા કાર્યકર્તા હતા.

મુમુક્ષુ :- સંસ્થાનું કામ તો કરવું જોઈએ.

ઉત્તર :- ધૂળેય કરી શકે નહિ. કોણ કરે? રામજીભાઈ કરતા હશે સંસ્થાનું?

પહેલા એ સિદ્ધાંતની યથાર્થતા કે એક આત્મા પરનું કાંઈ કરી શકે નહિ. પરને જીવાડવું, મારવું, સુખી-દુઃખની સામગ્રી દેવી એવું કાંઈ ન કરી શકે અને પરપદાર્થના રજકણને અને બીજા આત્માની અવસ્થા એનાથી (પોતાથી) થાય એમાં આત્મા શું કરે?

મુમુક્ષુ :- આત્મા તો શક્તિવાન છે.

ઉત્તર :- પોતાનો પુરુષાર્થ પોતામાં કરવા માટે છે. પોતામાં. એ અહીં બતાવે છે કે પરનું.. જેણે યથાર્થની વાત સમજી હોય, વાસ્તવિક વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ જેને જાણવું હોય તો પહેલો તો આ એણે નિર્ણય કરવો કે હું આત્મા મારા અસ્તિત્વમાં, મારી હયાતીમાં છું. એ બીજાની હયાતીમાં જાય તો પરનું કામ કરે. એ તો જાય નહિ કદી. આહાહા..! હસમુખભાઈ! શું છે આ? આ બધા લાદી-બાદીના કરે છેને? આહાહા..!

પહેલી તો આ શરત વીતરાગની. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પહેલી શરતમાં આ કહે છે કે જો તું અનંત આત્માઓ અને અનંત રજકણો છે એમ જો માનતો હોય અને એમ છે, તો એક તત્ત્વને બીજા તત્ત્વનું કાંઈ કરે, મદદ કરે, સહાય કરે એવું ત્રણ કાળમાં નથી. એક વાત. ત્યાં અટકી વાત. એટલે આ શરીરનું પણ કાંઈ કરે આત્મા (એમ નથી). એ આત્માના હોવાપણામાં એ શરીરનું અસ્તિત્વ નથી. આનું અસ્તિત્વ તો ભિન્ન છે. ભિન્નના અસ્તિત્વની અંદર ભિન્ન અસ્તિત્વ કાંઈ પેસ્યા વિના કરે એમ બને નહિ. પેસી શકતો નથી. એક તત્ત્વ બીજા તત્ત્વમાં બહાર લોટે, પણ અંદર પ્રવેશ કરી શકતું નથી. આહાહા..! ઘણા સિદ્ધાંતો કઠણ (પડે) જગતને.

એટલે પહેલી તો શરત એ કે જેને સત્યાર્થ અને વસ્તુસ્થિતિ ભગવાન સર્વજ્ઞ કહે છે તેમ જેણે જાણી હોય તો પહેલી શરતમાં એ કે પરનું આત્મા કાંઈ કરી શકે નહિ. હવે આવ્યું પોતામાં. હવે પોતામાં પણ જેટલા રાગ અને દ્વેષના ભાવ થાય, વિકારી અવસ્થા થાય એનો પણ જ્યાં સુધી એ રાગ ને દ્વેષના હોવાપણાનો સ્વીકાર છે અને ચૈતન્યના આનંદનો સ્વીકાર નથી ત્યાં સુધી એ રાગ-દ્વેષને કરે અને રાગ-દ્વેષને ભોગવે. શેઠ!

મુમુક્ષુ :- અજ્ઞાની શું કરે?

ઉત્તર :- કીધું ને રાગ-દ્વેષ કરે.

એમ કહ્યું ને? કે પરનું હોવાપણું પરમાં રહ્યું એટલે પરનું કરી શકે નહિ કાંઈ. એક વાત. હવે રહ્યા આત્મામાં રાગ અને દ્વેષ અને પુણ્ય અને પાપના ભાવ. એ હયાતી છે, છે. પણ એટલી હયાતી સ્વીકારનાર અને ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ આનંદનો નાથ છે એનો સ્વીકાર જેને નથી, એ રાગ-દ્વેષનો કર્તા થાય છે. આ તો વસ્તુસ્થિતિ આવી છે ત્યાં (બીજું શું થાય)? સમજાય છે કાંઈ? બે હયાતી પોતામાં. પરની હયાતીમાં એનો પ્રવેશ નથી એટલે એનું કાંઈ કરવું (કે) આને સુધારી દઉં, આને બગાડી દઉં કે આનું આ કરી દઉં એ તો ત્રણ કાળમાં બનતું નથી. આહાહા..! હવે રહી વાત એની દશામાં પુણ્ય અને પાપના શુભ-અશુભભાવ (થાય છે) એ છે. અને એક બાજુ જ્ઞાયકસ્વરૂપ ધ્રુવ ચિદાનંદ સ્વરૂપ

છે. બેની હયાતીમાં જેને વિકારની હયાતીનો જ સ્વીકાર છે... આહાહા..! અને આનંદકંદ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન એના હોવાપણાનો જેને સ્વીકાર નથી, એ રાગ-દ્વેષનો કર્તા થાય અને એ રાગ-દ્વેષને ભોગવે સંસારમાં જાય. સમજાય છે? આ તો ભાષા સાદી છે. આ કાંઈ કોઈ મોટું વ્યાકરણ અને સંસ્કૃત નથી. આહાહા..!

ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર એની વાણીમાં આ આવ્યું કે તું બીજાને.. આપણે સવારમાં આવ્યું હતું ભાઈ! બીજાને જીવાડી ન શકે, મારી શકે નહિ. એ સજ્ઝાયમાં બંધ અધિકારમાં આવ્યું હતું. આહાહા..! વસ્તુની સ્થિતિ છે. વસ્તુ જે આત્મા એની હયાતીમાં બે અંશો—એક ત્રિકાળી શુદ્ધ વસ્તુ અને એક વર્તમાન વિકારી અવસ્થાનું મલિન અવસ્થાનું હોવાપણું. હવે બેની સત્તામાં એ બેય સત્તા પરનું તો કાંઈ કરી શકે નહિ. ભલે એને રાગ-દ્વેષ થાય, શુભભાવ દયાનો ભાવ આદિ થાય પણ એ કાંઈ ભાવ પરની દયા પાળી શકે એ તો અટકી ગયું, પરનું તો કરી શકતો નથી. આહાહા..! પોપટભાઈ! બધી આવી વાતું છે આ. અરેરે..!

મુમુક્ષુ :- અભિમાન ઉતરી જાય એવું છે.

ઉત્તર :- અભિમાન ઉતરી (જાય) અને ખોટા ડંફ માર્યા છે. જ્યાં હોય ત્યાં હું કરું.. હું કરું. નરસિંહ મહેતામાં આવે છે. નરસિંહ મહેતા થઈ ગયા છેને અન્યમતમાં? 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' ગાડું જેમ કૂતરો હાંકે. આહાહા..! એમ દુનિયા પોતાની સત્તાની હયાતીને ભૂલીને પરની સત્તાવાળા તત્ત્વોને હું કરું એવો એનો અજ્ઞાનભાવ છે. સમજાણું કાંઈ? એટલે એ પરનું કરું, આમ કરી દઉં, બીજાને મદદ કરું એ કાંઈ છે નહિ. એ વસ્તુ આત્મા કરી શકતો નથી. આહાહા..! ભારે આકરી વાત ભાઈ! આ પાછા દીકરા-બીકરાને ભણાવે, પળાવે, કેળવણી આપી શકે નહિ? રામજીભાઈએ નથી આપી સુમનભાઈને?

અહીં તો કહે છે, પ્રભુ! એકવાર સત્યને સાંભળ તો ખરો. સત્યને સત્ય તરીકે શું છે એને સાંભળ, ભાઈ! તારા સત્‌માં એ પર ચીજ છે એ તારા સત્‌માં છે? અને એના સત્‌માં તું જઈ શકે છો કે જેથી એ તારા દીકરા અને તારો બાપ ને તારી બાયડી (થાય)? પારસમલજી! આહાહા..! ભારે આકરી વાત. કહો, શેઠ! આ શેઠ તો બધા ઘણાનું કરે બેસાડીને. મોઢા આગળ બેસાડે. ન્યાયથી તુલના તો કરવી જોઈએ. ન્યાય એટલે નિ ધાતુ. નિમાં ન્યાય. ન્યાય એટલે દોરી જવું. જેવું સત્યનું સ્વરૂપ છે ત્યાં જ્ઞાનને દોરી જવું એનું નામ ન્યાય. સમજાય છે કાંઈ? જેવું વસ્તુનું સ્વરૂપ જે રીતે હયાતી હોવાપણે છે તેને તે રીતે જ્ઞાનને દોરી જવું અને લઈ જવું એનું નામ ન્યાય. આહાહા..!

આ તો જરી ઉપરથી આવ્યું છેને આમાં? એટલે મુનિની વાત છે આમાં, સમકિતીની વાત છે. સમ્યગ્દૃષ્ટિને એટલે પહેલી આ વાત કરી કે એ ધર્મીને પરનું કરવું એ વાત તો ઉડી ગઈ છે. છે નહિ હવે. હવે બે વાત—એનું ત્રિકાળી સ્વરૂપ શુદ્ધ આનંદકંદ છે પ્રભુ અને એની વર્તમાન દશામાં પુણ્ય-પાપનો વિકાર છે. એ એની હયાતીમાં છે. પરવસ્તુ તો એની હયાતીમાં નથી. આહાહા..! એ બેની હયાતીમાં જેને ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ શુદ્ધ આનંદનો નાથ પ્રભુ છું એવી મહાસત્તાનો સ્વીકાર નથી એ

પુણ્ય-પાપની સત્તાનો સ્વીકાર કરીને એને કરે અને ભોગવે એ અજ્ઞાનદશા છે. આ તો બધા પાણી ઉતરી જાય એવું છે. માંદા પડ્યા હતા ત્યારે એ કીધું હતું. આ માંદા એ પડ્યા હતા ને? માંદા છેલ્લે? એ નહિ? મોટા. એ હસમુખભાઈ નહિ. હસમુખભાઈ માંદા પડ્યા હતા? હા ઠીક, હસમુખભાઈ પડ્યા હતા. ઓલા બીજા નંબરના આવ્યા હતા એ.

શું કહેવું છે આમાં? આહાહા..! નંબરવાર ... હવે આત્મા... સર્વજ્ઞ પરમેશ્વર કહે છે અને એને ન્યાયમાં બેસી શકે છે. આ આત્માની સત્તા તો પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં જેનું સત્તાપણું પૂરું પ્રાપ્ત થાય છે. દ્રવ્ય એટલે વસ્તુ, ગુણ એટલે એની શક્તિઓ અને પર્યાય એટલે એની હાલત દશા. એમાં સત્‌ની સમાપ્તિ ત્રણમાં છે. એનું હોવાપણું ત્રણમાં છે. ત્રણ સિવાય બીજાની પર્યાયમાં અને બીજામાં એનું હોવાપણું છે નહિ. સમજાણું કાંઈ? આ તો ઝીણું થોડું આવ્યું છેને એટલે થોડું જાડું કરીને લઈ જવું છે અંદર હવે. આહાહા..!

ત્યારે હવે મારા હોવાપણામાં બે ભાગ. એક પૂર્ણ શુદ્ધ ચૈતન્ય આનંદ અને એક વર્તમાન ક્ષણિક દશામાં થતી વિકૃત અવસ્થા. બે હયાતી. એટલે રમતું હવે એને બે હયાતીમાં રહી. પરનું કરી શકે નહિ એટલે એ વાત તો (રહી નહિ). હવે બેની હયાતીમાં જેને પૂર્ણાનંદનો નાથ ધ્રુવસ્વરૂપ જ્ઞાયકભાવ, એનું હોવાપણું જેને ભાસ્યું નથી, એને વિકારના ભાવમાં હોવાપણું ભાસે છે. એ અજ્ઞાની છે. ચૈતન્ય સચ્ચિદાનંદ પ્રભુ જ્ઞાનનો સાગર, આનંદનો ભંડાર, સ્વચ્છતાનો સમુદ્ર... આહાહા..! એવો પ્રભુ શુદ્ધ વસ્તુ, દ્રવ્ય વસ્તુ શુદ્ધ ચૈતન્યઘન મહાપ્રભુની હયાતી જેને દૃષ્ટિમાં આવી નથી એની હયાતીનો જેને સ્વીકાર નથી, એને પુણ્ય અને પાપના દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ એની હયાતીમાં એ એને ભાસે છે. શાસ્ત્રભાષાએ કહીએ તો પર્યાયબુદ્ધિ છે, દ્રવ્યબુદ્ધિ નથી. એમ આ તો... સમજાણું કાંઈ? આહાહા..! આવી વાતું ભારે ભાઈ! મુંબઈમાં આવું કાંઈ મળે એવું નથી હોં! મુંબઈમાં બહુ ઝીણું પડે. આહાહા..!

હવે એ બે હયાતીમાં જેને પુણ્ય અને પાપના વિકારી ભાવ એ જ અસ્તિત્વ અને એમાં હું છું, એ હું છું એમ જેણે માન્યું છે એ વિકારના ભાવને કરે અને વિકારને ભોગવે. એ અજ્ઞાનભાવ ને સંસારભાવ ને રખડતો ભાવ. આહાહા..! હવે જેને એ અજ્ઞાન પુણ્ય અને પાપની વિકલ્પની ક્ષણિક વૃત્તિઓ એટલો હું નહિ, એ હું નહિ. હું શુદ્ધ ચૈતન્યઘન જ્ઞાયક જ્ઞાતા-દૃષ્ટા, જાણનાર-દેખનારનો પિંડ પ્રભુ હું છું એવી જેને સ્વભાવની પૂર્ણતાની શુદ્ધતાની પ્રતીતિ થઈ, ભરોસો આવ્યો, એ ભરોસેદાર આત્મા વિકારની ક્ષણિક લાગણીઓ થાય પણ એનો એ કર્તા ન થાય. આહાહા..! સમજાય છે કાંઈ?

આ તો સાદી ભાષા છે, બાપા! આ તો બહુ સરળ. વીતરાગ પરમાત્માએ... દિગંબર સંતોએ તો બહુ સરળ કરી દીધું છે. આહાહા..! લોકોને એ વાત સાંભળવા મળતી નથી. અને એમાંને એમાં અજ્ઞાનમાં ઢંકાઈને અરેરે..! અનંત કાળ એણે કાઢ્યો. પણ હું એક અંદર પરથી તો નિરાળો—ભિન્ન છું, પણ પુણ્ય-પાપના વિકારની, વિકલ્પની દશાથી પણ એ ક્ષણિક ઉપાધિ મલિનભાવ એનાથી હું

ભિન્ન છું. હું તો નિર્મળાનંદ ચૈતન્યમૂર્તિ છું. આહાહા..! આવું જેને સમ્યગ્દર્શન, સમ્યક્ એટલે સાચી શ્રદ્ધા, સાચું દર્શન (થયું)... આહાહા..!

પર તો નહિ પણ પુણ્ય-પાપની ક્ષણિક વૃત્તિ પરિણમે તે હું નહિ. આહાહા..! એ પુણ્ય અને પાપના ભાવ થાય છે એને જાણનારી જ્ઞાનની વર્તમાન દશા છે. આહાહા..! આ રાગ-દ્વેષ છે એમ જાણે છે જ્ઞાનની દશા. એ જ્ઞાનની દશા ને રાગ-દ્વેષ એની સત્તા ઉપર, એના હોવાપણા ઉપર દૃષ્ટિ છે એ તો અજ્ઞાની છે. કારણ કે ભગવાન પૂર્ણાનંદનો નાથ તો સત્તાની શ્રદ્ધામાં તે રહ્યો નહિ. આહાહા..! આ તો વીતરાગમાર્ગ છે. પારસમલજી! આહાહા..! પારસમણિને સ્પર્શે તો લોઢું સોનું થાય. એવો ભગવાન માર્ગ એવો છે, બાપુ! આહાહા..! અરેરે..! રાંકની દશાની પામર દશામાં પ્રભુતાને એણે પરખ્યો નહિ. સમજાણું કાંઈ?

પુણ્ય ને પાપના, દયાના અને વ્રત, ભક્તિના, કામ, ક્રોધના ભાવ એ પામરતા, રાંકાઈ છે. એ રાંકાઈમાં રહ્યો એને રાજા ચૈતન્યમૂર્તિ ઓળખાણમાં ન આવ્યો. આહાહા..! આત્મરાજા ચૈતન્યપ્રભુ એની એને કિંમત ન આવી. એ રાગ-દ્વેષને કરે. એ તો એનું કામ છે અજ્ઞાનનું. રાગ-દ્વેષ કરે અને એને ભોગવી આ સંસારમાં રખડે. આહાહા..! હવે જેને એ રાગ-દ્વેષની હયાતીનો પણ સ્વીકાર છૂટી જઈ, ભગવાન પૂર્ણાનંદનો નાથ છે, એક સમયની અવસ્થા જે રાગ-દ્વેષને જાણે છે આ જ્ઞાનની દશા એટલો પણ હું નહિ. એ જ્ઞાનની પર્યાયને તે કાળે ભલે પર તરફ વળેલી હોય, પછીની દશાને પૂર્ણાનંદ હું છું એટલી એક સમયની પર્યાય અવસ્થા જેટલો નહિ. હું આનંદ અને જ્ઞાન સચ્ચિદાનંદ સ્વરૂપ છું. સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદના સ્વભાવથી ભરેલો પ્રભુ છું. આહાહા..! એવું જેને શુદ્ધ.. નિર્જરામાં આવ્યું હતું ને આજે, નહિ? શુદ્ધને જાણે અને શુદ્ધને પામે. '**सुद्धं लहि अप्पाणं**'. નિર્જરામાં આવ્યું હતું.

એ શુદ્ધ ચૈતન્ય નિર્મળ છે પૂર્ણ સ્વરૂપ એને જે જાણે એને શુદ્ધાત્મ પ્રાપ્ત થાય. એને હું શુદ્ધ છું એવી પવિત્રતાની પર્યાયમાં પ્રાપ્તિ થાય. આહાહા..! એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન, એને ધર્મ કહે છે. બહુ વાતું બાપુ! જગતથી નિરાળી વાતું બહુ છે, ભાઈ! જગત ક્યાંય ગુંચાઈ ગયું છે. સર્વજ્ઞ પરમેશ્વરે કહેલું સત્ ક્યાંય રહી ગયું છે. આ તો સાદી ભાષા છેને, પારસમલજી! એ કાલે કહેતા હતા ભાઈ હોં! ત્યાં આવ્યા હતા બપોરે. વાત તો ભારે સરળ ભાષામાં. માર્ગ તો એ છે ભાઈ! દુનિયાને મળતો નથી. દુનિયા ગુંચાઈને પડી છે ક્યાંક.

મુમુક્ષુ :- ભાષા તો સાદી છે પણ .. કઠણ.

ઉત્તર :- પણ સાદી ભાષામાં પકડાય એવી વાત છે કે નહિ? અમારે પારસમલજી કાલે કહેતા હતા, બહુ ખુશી થયા. સવારનું વ્યાખ્યાન સાંભળીને. બપોરે આવ્યા હતા કાલે. બહુ સરસ વાત! સરળ ભાષામાં, એમ કહ્યું હતું. નહિ? આહાહા..!

અહીં તો ત્રણ વાત થઈ. એક તો પરસત્તા અને પોતાની સત્તા. બે. હવે પરસત્તામાં તો કાંઈ અધિકાર જીવનો નથી. હવે પોતાની સત્તાના બે અંશ. એક ક્ષણિક વિકૃત અવસ્થાનો અંશ અને

એક ત્રિકાળી શુદ્ધતાનો અંશ. નયનો વિષય છેને? આહાહા..! નયનો વિષય તો અંશ છેને? અને નિશ્ચયનયનો વિષય ત્રિકાળ શુદ્ધ છે એ એનો વિષય છે. અને વ્યવહારનયનો વિષય વર્તમાન રાગની મલિનતા અને અલ્પતા એ એનો વિષય છે. હવે એ વિષય તો અનંત વાર માન્યો, જાણ્યો, કર્યો, ભોગવ્યો, પણ એણે... શ્રુત પરિચિત અનુભૂતા, આવ્યું છેને? ચોથી ગાથામાં છે.

ભગવાન! ભગવાન તરીકે બોલાવે છે હોં આત્માને. ૭૨ ગાથામાં. કહ્યું હતું ને કાલે? આહાહા..! ભગવાન આત્મા. આહાહા..! શુભ અને અશુભભાવ દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, કામ, ક્રોધના ભાવ ભગવાન! એ તો મલિન છે, અશુચિ છે, દુઃખરૂપ છે, આકુળતા છે. વસ્તુસ્વરૂપ આનંદ છે, નિત્યાનંદ છે, શાંત છે, સુખરૂપ છે. નવરંગભાઈ! આ તો હવે સાદી ભાષામાં સમજાય એવું છે. આહાહા..!

એ જેણે પોતાની હયાતીના બે ભાગ—વિકારના ભાવ અને ત્રિકાળ નિર્વિકારીનો ભાવ એમાં જેણે વહેંચણી કરીને મહાસત્તાનો સ્વીકાર કર્યો છે... આહાહા..! એને સમ્યગ્દૃષ્ટિ કહે છે. એને ત્રિલોકનાથ વીતરાગ આ વીરશાસનના વીરને ૨૫૦૦ વર્ષ થયા ને? એ આ એને સમજે તો નિર્વાણ મહોત્સવ સાચો કર્યો કહેવાય. આહાહા..! છાપામાં બહુ આવે છે. ધર્મચક્ર કાઢ્યું, માણસો ભેગા થયા, ૨૫ હજાર ભેગા થયા, ૨૫ હજાર ભેગા થયા ને ફલાણું થયું. એ તો એક શુભભાવ છે એ જાતનો, પણ એને એમ માની બેસે કે અમે કાંઈક ધર્મ કરીએ છીએ. એ (ધર્મ) નથી, બાપુ! સમજાણું કાંઈ? આહાહા..!

આ તો સર્વજ્ઞ પરમેશ્વર જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ ત્રણ લોક જેને જણાણા એમના કહેલા આ બધા વચનો છે. આહાહા..! સમજાણું કાંઈ? સંતો દિગંબર મુનિઓ આડતિયા થઈને કેવળીનો માલ વેચે છે. આહાહા..! પ્રત્યક્ષ તો કેવળીએ જોયું છેને? નીચે (છદ્મસ્થને) અસંખ્ય પ્રદેશ, અનંત ગુણ પ્રત્યક્ષ નથી થયા. વેદનની અપેક્ષાએ પ્રત્યક્ષ થયું છે, આનંદની અપેક્ષાએ. આહાહા..! પણ આમ અસંખ્ય પ્રદેશ અને એક એક પ્રદેશમાં અનંત ગુણ, આમ પ્રત્યક્ષ નજરે કેવળીને પડે, છદ્મસ્થને ન પડે. પણ એને આનંદસ્વરૂપ છું એવા ભાન દ્વારા આખો આત્મા આનંદ છે એવું ભાન થાય. એ આ કેવળીના વચનોમાં આખું સ્વરૂપ આવ્યું એનો અનુવાદ કરીને જગતને જાહેર કરે છે. જેણે પ્રત્યક્ષ જોયું છે. આહાહા..! ભારે આકરું કામ ભાઈ! જગતની શૈલી ક્યાં, પરમાત્માનો માર્ગ ક્યાં! સમજાણું કાંઈ?

હવે કહે છે, જેણે પુણ્ય અને પાપના કૃત્રિમ, ક્ષણિક, નવીન થતાં ભાવ એનાથી જેણે દૃષ્ટિ ઉઠાવી છે અને મહાપ્રભુ ધ્રુવ સત્તા જ્ઞાયકભાવ, એવા હોવાપણામાં જેની દૃષ્ટિએ સ્વીકાર કર્યો છે... આહાહા..! અને ધર્મી કહીએ, એને જ્ઞાની કહીએ, એ સુખને પંથે દોરાયેલો કહીએ. આહાહા..! હવે એ કહે છે. એ આવ્યું જુઓ! '**મોહથી એટલે મોહનીય કર્મના ઉદય નિમિત્તે, જ્યારે પેદા થાય–ઉત્પન્ન થાય,...**' રાગ અને દ્વેષ. આવા ધર્મીને હજી. સમજાય છે કાંઈ? વસ્તુનું સ્વરૂપ શુદ્ધ છે, ચૈતન્ય છે, એવું ભાન થયા છતાં પર્યાયમાં નબળાઈને લઈને મોહકર્મના નિમિત્તના સંગે ચડેલી દશા

વિકારી થાય છે. આવી ભારે વાત.

**'રાગ અને દ્વેષ. કોને (ઉત્પન્ન થાય)? તપસ્વીને,...'** જોયું! મુનિને. આહાહા..! જેણે આત્મા પૂર્ણાનંદનો નાથ એ હું એમ સ્વીકારીને જેને આનંદનું વેદન છે, વિકારની દશાને જેણે ઓળંગી નાખી છે દૃષ્ટિએ અને સ્થિરતાએ પણ જેણે ઓળંગી છે, એ પહેલા જેને મુનિને પણ જે શુભરાગ અશુભ આવે છે... આહાહા..! અહીં તો શુભનું છે. મુનિને તો શુભભાવ આવે છે, અશુભ તો હોતો નથી. આહાહા..! એ તપસ્વી કહેવાય છે. જેને ઈચ્છાનિરોધરૂપ દશા (હોય). કેમકે વિકૃત અવસ્થા તે હું નહિ, ત્રિકાળી હું એવી પરની ઈચ્છાનો તો જેણે નિરોધ કર્યો છે. આહાહા..!

'ક્યા ઈચ્છત ખોવત સબૈ, હૈ ઈચ્છા દુઃખમૂલ.' એ ઈચ્છા કરીને શું તારે કરવું છે? પરના કામ તો કરી શકતો નથી. હવે ઈચ્છા થઈ એ તો દુઃખરૂપ થઈ. ભાન તો છે કે એ હું નહિ. પણ નબળાઈને લઈને ધર્માત્માને પણ... આહાહા..! રાગ થાય. **'ત્યારે જ અર્થાત્ રાગ-દ્વેષના ઉદયકાલે જ સ્વસ્થ આત્માની-અર્થાત્ બાહ્ય વિષયોથી વ્યાવૃત્ત થઈ (પાછો હઠી)...'** એટલે શું કહે છે? કે રાગ-દ્વેષ થયો જરી વૃત્તિ. છદ્મસ્થ છે. કેવળી પોતે નથી એટલે થાય. અને પછીના સમયે એને જુદા પાડે એમ નથી. ભેદજ્ઞાન તો થયેલું છે કે રાગ અને દ્વેષ હું નહિ. હું શુદ્ધ ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટા. સમજાણું કાંઈ? એવું સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિ તો છે. આહાહા..! એને ઓલા રાગ થાય એ કાળે જ એની ભિન્નતા ભાસે છે. સમજાણું કાંઈ? ભિન્નતા કરી છે માટે તે કાળે ભિન્નતા ભાસે છે. ભારે વાતું!

**'ત્યારે જ અર્થાત્ રાગ-દ્વેષના ઉદયકાલે જ...'** આ પૂજ્યપાદસ્વામી મુનિ છેને? સંત છેને? ભાવલિંગી મુનિ છે. નમો લોએ સવ્વ આઈરિયાણં. આચાર્યમાં એ વાત છે. આહાહા..! એ કહે છે કે અમને પણ કોઈવાર, પૂર્ણ અમે વીતરાગ નથી એથી, રાગની વૃત્તિ ઉત્પન્ન થાય એ જ કાળે અમે તેને ભિન્ન જાણીએ છીએ. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. ચારે કોરની વાત છે. આહાહા..! જરી જ્ઞાનને કેળવવું પડે, ભાઈ! આ કાંઈ એમ ને એમ બેસી જાય એવી વાત નથી. અનંત કાળે કર્યું નથી એવી અપૂર્વ વાત છે, ભાઈ! અપૂર્વ. પૂર્વે સાધુપણું પાળ્યું, મુનિપણું લીધું, અનંત વાર દીક્ષા, અનંત વાર આચાર્ય, અનંત વાર સાધુ, અનંત વાર શ્રાવક (થયો)... આહાહા..! પણ મિથ્યાદૃષ્ટિ છે. ત્રિકાળી ચૈતન્ય ભગવાન આનંદનો નાથ એને સ્પર્શ્યા વિના બધી ક્રિયાઓ કરી. એ સંસાર ખાતે રહીને રખડી. આહાહા..! સમજાણું કાંઈ?

ત્યારે કહે છે કે મુનિને પણ આ થાય ત્યારે **'ઉદયકાળે જ...'** આ એક જરી.. રાગ થાય છે વીતરાગ નથી એટલે મુનિ છે. રાગ થાય છે તે કાળે જ એને ભિન્નતા ભાસે છે. રાગ થયો ને બીજે કાળે ભિન્નતા ભાસે એમ હોય નહિ. આહાહા..! કેમ? કે રાગની ક્રિયાથી પર સ્વરૂપ ભિન્ન છે પોતાનું, પર એટલે ઉત્કૃષ્ટ સ્વરૂપ. સમજાણું કાંઈ? આહા..! એવા ભાનમાં રાગથી, વિકલ્પથી ભેદજ્ઞાન તો થયું છે અને રાગ આવે ત્યારે પણ એનું ભેદજ્ઞાન જ વર્તે છે. આહાહા..! અરે..! આવો માર્ગ સાંભળવા મળે નહિ એ કે દિ' સમજે? અને ક્યારે જાય માર્ગમાં? આહાહા..!

સવારમાં કહ્યું હતું, આ આત્મા આવ્યો ક્યાંક. ત્યાં એટલા બધા... આ શરીર આવ્યું, બાયડી

આવી, છોકરા આવ્યા, દુકાન આવી, પૈસા આવ્યા. એ તો વટેમાર્ગુને વચમાં મેળાપ દેખાવાનો મળ્યો. આહાહા..! વટેમાર્ગુ જાતો હોય બીજે ગામ. તો બીજું ગામ ભાળે, બાયડી, છોકરા, ભેંસુ, બળદ ભાળે એમાં કાંઈ એના થઈ ગયા? એમ ભગવાન અનાદિથી વટેમાર્ગુ ફરતો-ફરતો આવે છે. એમાં અહીં આવ્યો ત્યાં શરીર ને બાયડી ને છોકરા ને આ ને આ. એની વ્યવસ્થા કરવા રોકાણો. જે એનામાં નથી. આહાહા..! પોપટભાઈ! આહાહા..! એવું બહુ કર્યું છે ભાઈ! આહાહા..! ઊંધું. બાપુ! આબરુ સરખી રાખવી, પોતાના બાપાએ ચલવી હોય (એ) દુકાન સરખી ચલવવી. અરે.. ભાઈ! આ શું છે આ? પરપદાર્થે સંયોગો દેખાય છે ત્યાં એને સંયોગની દશાને તારે કરવી છે? સમજાણું કાંઈ?

હવે સંયોગીભાવ થાય અંદરમાં (એ) ભિન્ન પડેલા ભાવવાળાની વાત છે. સમજાણું કાંઈ? આ તો વાદવિવાદ કરે ને કે હું આ છું, પહોંચી શકે એમ નથી. આ વસ્તુ એવી છે. આહાહા..!

‘**ઉદયકાલે જ સ્વસ્થ આત્માની—**’ એટલે? જ્ઞાનીને—આત્માના અનુભવીને, સમકિતીને, અરે..! મુનિને જરી રાગ અને વિકલ્પ થાય એ કાળે જ સ્વસ્થ પ્રભુ આત્મા, સ્વસ્થ. સ્વમાં રહેલો ભગવાન આત્મા એને ‘**બાહ્ય વિષયોથી વ્યાવૃત્ત થઈ...**’ એને રાગ પરલક્ષે જે ઉત્પન્ન થયો છે એનાથી સ્વસ્થ પ્રભુ, એમાં પાછો વાળી રાગથી.. આહાહા..! સ્વરૂપમાં ઠરે તો રાગ ટળી જાય. બીજી કોઈ ક્રિયા નથી એની. સમજાણું કાંઈ? છે? ‘**બાહ્ય વિષયોથી વ્યાવૃત્ત થઈ સ્વરૂપમાં સ્થિત થયેલા આત્માની-...**’ એટલે કે આત્મા પોતે રાગથી ભિન્ન છે એવું તો ભાન છે. એમાં એ રાગ આવ્યો જરી નબળાઈને લઈને. આહાહા..! નબળાઈ તો એને કહીએ કે જેને વસ્તુની સબળાઈનો અનુભવ થયો છે. અજ્ઞાની કહે કે મને રાગની નબળાઈ (છે), પણ કોની સાથે તેં મેળવી?

ભગવાન આનંદનો નાથ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન એની એવી સબળાઈ અને અનંત પુરુષાર્થનું જ્યાં અંતરમાં ભાન થયું છે એને રાગની નબળાઈ છે એમ કહેવામાં આવે છે. અજ્ઞાનીને તો રાગ તે જ હું, વસ્તુ એ નથી. એ તો નબળાઈ અને સબળાઈ બધું એમાં જ છે એને તો. સમજાય છે કાંઈ? આહાહા..! અરે..! વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ બિરાજે છે, મહાવિદેહમાં બિરાજે છે. સમજાણું કાંઈ? સભામાં બિરાજે છે, ઇન્દ્રો સમક્ષ વાણી નીકળે છે. ભગવાન પાસે ઇન્દ્રો જાય છે. આહાહા..! (એમની) પાસે આ કુંદકુંદાચાર્ય (ગયા હતા), આ (પૂજ્યપાદસ્વામી) પણ ત્યાં ગયા હતા. આહાહા..! પૂજ્યપાદસ્વામી દિગંબર મુનિ સમકિતી અને ચારિત્રવંત અંતર દશાને પામેલા. એ નગ્નપણું અને પંચ મહાવ્રતના પરિણામ એ કાંઈ મુનિપણું નથી. આહાહા..! પંચ મહાવ્રતના પરિણામના પણ અત્યારે તો ઠેકાણા નથી. પણ હોય તો એ પંચ મહાવ્રતના પરિણામ તો આસ્રવ છે. એ મુનિપણું નથી, તે ધર્મ નથી. આહાહા..! એ રાગની વૃત્તિથી જેણે આત્માને જુદો પાડ્યો છે. એવો જે આનંદનો નાથ જ્યાં જાગીને ઉઠ્યો છે... સમજાણું કાંઈ? એવા શાંતિ અને આનંદના ભાવને જેણે રાગની લાગણીથી ભિન્ન કરેલ છે એ સ્વસ્થ પોતામાં રહેલ છે. એ રાગમાં રહ્યો નથી. રાગ થાય ખરો.

તેથી કહે છે જુઓ! ‘**સ્વસ્થ આત્માની...**’ પોતામાં રહ્યો છે તેવા આત્માની. આ તો કાંઈ

કથા નથી બાપુ! આ તો વીતરાગની વાર્તા છે. આહાહા..! **'સ્વસ્થ આત્માની-અર્થાત્ બાહ્ય વિ-ષયોથી વ્યાવૃત્ત થઈ સ્વરૂપમાં સ્થિત થયેલા...'** અંદરમાં સ્થિત તો છે. રાગ આવ્યો. એમાં પાછો વળીને સ્થિત એમાં થાય છે. આહાહા..! ભારે વાતું ભાઈ આવી. પરમાત્મા ત્રણલોકના નાથનું તો આ કથન છે ભાઈ! એનો આ માર્ગ—વીરનો આ માર્ગ છે. અત્યારે (મહાવીર ભગવાનના) ૨૫૦૦ (વર્ષ) ઉજવવાના. કંઈક ધમાલ કરશે લોકો. પણ એ જીવનો માર્ગ તો પ્રભુ આ છે. આહાહા..! જેનું વીર્ય સ્વરૂપને રચે તે વીરનો માર્ગ કહેવાય. રાગને રચે એ પણ વીરનો માર્ગ નહિ. આહાહા..! પરને તો શું રચે ઈ? ધર્મચક્ર ને કાઢશેને બધું? એ તો ક્રિયા જડની છે, એને કાળે થાય છે. એને આત્મા કરી નહિ શકે. આહાહા..! એ તો પહેલેથી કહ્યું છે. એમાં રાગ આવે એ રાગની રચના ઉપર જેની દૃષ્ટિ છે એ તો સ્વભાવને ભૂલી જાય છે. જે વીર્યનો પિંડ છે પ્રભુ, પુરુષાર્થનો પિંડ છે, જ્ઞાનનો પિંડ છે, આનંદનો સાગર છે, જેના ગુણની અપરિમિતતા (એટલે કે) પરિમિત જ્યાં નથી એવા ગુણની અપરિમિતતાથી ભરેલો ભગવાન છે... આહાહા..! એમાં જેની દૃષ્ટિ નથી એને તો રાગ ઉપર દૃષ્ટિ છે અને રાગને રચે એ વીરનો માર્ગ નથી. આહાહા..!

વીરનો નિર્વાણ મહોત્સવ એ ઊજવી શકે. પારસમલજી! અહીં તો એવી વાત છે, બાપુ! આહાહા..! કે જે પોતાના આત્મબળને સ્વભાવ તરફ વાળીને રાગથી ભિન્ન પાડીને રાગને જીતે અને શુદ્ધ સ્વરૂપની નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાનની રચના કરે એ વીર્યની રચના કરે એને વીર કહીએ. એ વીરના કેડાયત કહીએ, વીરના અનુયાયી કહીએ. ભારે વાતું ભાઈ!

કહે છે, એ આત્માની ભાવના કરવી. એટલે શું કીધું? કે પહેલેથી રાગથી ભિન્ન છે એમાં તો રહેલો જ છે, પણ જ્યાં હજી રાગ આવ્યો છે ત્યારે એ જે આત્મા સ્થિત છે એમાં સ્થિર કરવો. આહાહા..! એની ભાવના કરવી. શુદ્ધ સ્વરૂપમાં એકાગ્ર થવું એ ભાવના. શુદ્ધ ચૈતન્ય સ્વરૂપમાં જરી અસ્થિરતા થઈ હતી. એને ભિન્ન રીતે તો તે કાળે જાણે છે. સમજાણું કાંઈ? પણ પછી આમ વાળીને સ્થિર થવું. આહાહા..! એ રાગને ટાળવાનો આ એક ઉપાય છે. બીજો કોઈ ઉપાય છે નહિ. સમજાણું કાંઈ? આવું તે શું?

કેટલાક એમ કહે છે, આવું નવું કાઢ્યું. પારસમલમજી! આ સોનગઢવાળાએ નવું કાઢ્યું એમ કહે છે. અરે.. ભગવાન! નવું નથી બાપુ! આ તો અનાદિનું છે. તેં સાંભળ્યું નહોતું માટે તને નવું લાગે એથી કાંઈ નવું છે? આહાહા..! મિંદડીના બચ્ચાને સાત સાત દિ' એ ફેરવી નાખે છેને મિંદડી? પછી ૪૯ દિ' થાય ત્યારે આંખ ખોલે છે. ઓહો..! પૃથ્વી છે આ તો. તેં આંખ નહોતી ઉઘાડી તે પહેલા પણ હતી. એમ માર્ગ તો આ છે. તને ખબર નહોતી એટલે તને નવો લાગે છે. સમજાણું કાંઈ? પોપટભાઈ! આહાહા..!

**'તેમ કરવાથી રાગ-દ્વેષ ક્ષણમાં-ક્ષણમાત્રમાં ઉપશમે છે...'** શાંતરસ આત્માનો એવો જે અનુભવ્યો છે રાગથી ભિન્ન પાડીને સમ્યગ્દૃષ્ટિએ, એ એમાં ઠરે છે ત્યારે ઉપશમપણું પ્રગટે છે. શાંતરસ પ્રગટ્યો. રાગ આવ્યો એ તો અશાંત છે. આહાહા..! લ્યો ચેતનજી! આ મુનિ કહે છે કે આ

રાગ આવ્યો એ અશાંત છે. જ્ઞાનીને દુઃખ ન હોય? આહાહા..! ભાઈ! તેં જાણ્યું નથી બાપુ! ભાઈ! એ આનંદસ્વરૂપ પ્રભુ છે એને રાગથી ભિન્ન જાણ્યા છતાં એની પૂર્ણ ભિન્નતા થઈ નથી અને રાગનો ભાવ બિલકુલ ગયો નથી ત્યાં સુધી જ્ઞાનીને રાગ આવે ખરો, પણ તેનું એને તે સમયે ભેદજ્ઞાન હોય અને તે રાગ દુઃખરૂપ લાગે એને. કેમકે આનંદનો નાથ એનાથી વિરુદ્ધની વૃત્તિ છે એ દુઃખ છે. પંચ મહાવ્રતના પરિણામ પણ દુઃખ છે, વિકલ્પ વૃત્તિનું ઉત્થાન છે. એને દુઃખ હોય છે. જો દુઃખ ન હોય તો પૂર્ણ આનંદ હોવો જોઈએ. રાગ થયો છે એ શું છે? પૂર્ણ આનંદ નથી થયો. રાગનું દુઃખ છે. આહાહા..! એને આનંદમાં આવીને રાગનો નાશ થાય છે. એને રાગ નાશ કર્યો એમ કહેવામાં આવે છે. આહાહા..! એ આનંદના અનુભવમાં આવી અને રાગનો નાશ કરે છે એટલે થાય છે. એને નાશ કર્યો એમ કહેવામાં આવે છે. આહાહા..! અરેરે..! વાતે વાતે ફેર. 'આનંદ કહે પરમાનંદા વાતે વાતે ફેર, એક લાખે તો ન મળે એક ત્રાંબિયાના તેર.' એમ આવે છેને? એમ ભગવાન ત્રણલોકના નાથ કહે છે કે મારે ને તારે પ્રભુ! વાતે વાતે ફેર છે ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? એ લાખેણી પળ મળવી મુશ્કેલ છે નાથ! જેને હજી નિર્ણયના, શ્રદ્ધાના પણ ઠેકાણા નથી, હજી એ શ્રદ્ધા કોને કહેવી એની ખબર નથી. આહાહા..!

'**ભાવાર્થ :- અસ્થિરતાના કારણે...**' અસ્થિરતા કોને કહેવાય? જેને અસ્થિરતાથી ભિન્ન વસ્તુનું ભાન થયું છે એને. આહાહા..! એક નમૂનો લીધો છેને. પોતે પોતાની જાતને દેખે. આહાહા..! દિગંબર સંતો ભગવાનના કેડાયતો. કેવળીને કેડે ચાલનારા. કહે છે કે ધર્માત્મા મુનિને પણ રાગ જરી થાય અસ્થિરતાના કારણે. મોહવશ જ્યારે અંતર આત્મા પરને વશ થઈ જાય છે એ રાગ વૃત્તિમાં. આહાહા..! ભાવાર્થ છે ને? '**મોહવશ જ્યારે અંતરાત્માને...**' અંતરાત્માની વાત છે આ સમ્યગ્દૃષ્ટિની. રાગ અને પુણ્યના ભાવ મારા છે એ માનનારો બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ છે. કેમ? કે એ સ્વરૂપમાં એ રાગના વિકલ્પો નથી. આ પરવસ્તુ તો નથી, એ મારી માને એ તો સ્થૂળ મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા, બહિરાત્મા. પણ પુણ્ય અને પાપના દયા, દાન, વ્રતના પરિણામ એ વસ્તુના સ્વભાવમાં નથી. એ બહિર્ વસ્તુને પોતાની માનવી એનું નામ બહિરાત્મા, એનું નામ મિથ્યાદૃષ્ટિ. આહાહા..! એ જૈન નહિ. ભારે કામ ભાઈ. સમજાણું કાંઈ?

અંતરાત્માને... એમ શબ્દ આવ્યો છેને? એટલે કે રાગ અને દ્વેષના ભાવથી ભિન્ન પડ્યો પ્રભુ, પૂર્ણ સ્વરૂપનું જેને ભાન થયું તેને અંતરાત્મા કહીએ. અંતર આત્મા. અંતરમાં જે ચીજ પૂર્ણ આનંદ અને શુદ્ધ છે, એને પ્રાપ્ત કરી છે તેને અંતરાત્મા કહીએ. અને પૂર્ણ આનંદના ભાવને જેણે પ્રાપ્ત કર્યો નથી એણે પુણ્ય-પાપના ભાવને પ્રાપ્ત કર્યો છે તેને બહિર્ આત્મા કહીએ. કેમકે બહિર છે તેને પોતાનું માન્યું છે. હવે બાયડી-છોકરા તો ક્યાંય રહી ગયા. આહાહા..! આવો માર્ગ હશે? માર્ગ તો આવો જ છે, ભાઈ! સમજવામાં એને ન આવે એથી કાંઈ માર્ગ ફરી જાય? માર્ગ તો માર્ગ જ છે. આહાહા..! કહો, જેઠાભાઈ! આવો મારગ છે.

'**ત્યારે ચિત્તને પર પદાર્થોથી હઠાવી...**' અંતરાત્માને પણ આત્માના ભાનવાળા ભેદજ્ઞાનીને

પણ. આહાહા..! સમ્યગ્દષ્ટિ જ્ઞાનીને ચારિત્રવંત જેને આનંદ પ્રગટ્યો છે એને પણ જ્યારે મોહને વશ રાગાદિની દશા ઉત્પન્ન થાય ત્યારે **'ચિત્તને પર પદાર્થોથી હઠાવી સ્વસન્મુખ વાળી...'** આહાહા..! જ્યાં પ્રભુને જોયો છે ત્યાં વાળે છે. આહાહા..! આ તો ભાઈ બીજી વાતું છે.

ત્યાં કહ્યું હતુંને એક ફેરી? નહિ? (સંવત) ૧૯૬૪ની વાત છે. ભરૂચ. સ્થાનકવાસી હતાને અમે તો બધા. આમાં હતાને ઢુંઢીયા. અમારા પિતા ઈ હતા એટલે દુકાનમાં સાધુ-બાધુ આવે તો અમે સંભાળ કરીએ. આસપાસ લેવા જઈએ. અને અમે ૩૦ માણસ હતા ઘરમાં. અને બધી સ્થિતિ દુકાનની એવી. એટલે (સાધુને) લેવા ગયા હતા એકવાર ભરૂચ. હું ને ફાવાભાઈ હતા. મનહરનો બાપ. સાધુને મળ્યા. પછી નાટક હતું. ચાલો નાટક જોવા જઈએ. ડાહ્યાભાઈ ધોળકા વાંકાનેરમાં. ૬૪ની વાત છે. સંવત્ ૧૯૬૪. મીરાંબાઈનું નાટક. પણ વૈરાગી હોં! અત્યારના જેવા બધા ફિલ્મોને આ ને આ ને (એવા નહિ). આહાહા..! ... હાથ નાખે, અરે..! આ તે સજ્જનતાના લક્ષણ આવા બહારના?

એ વખતે તો એવા નાટક પાડે. મીરાંબાઈ આવે, સાધુના સંગ કરે રાણો કહે, રાણી! ઘરમાં ચાલ પટરાણી બનાવું. આહાહા..! મીરાંબાઈ કહે છે, 'પરણી મારા પીયુજીની સાથ, બીજાના મીં ઢોળ નહિ રે બાંધું.' આ મીંઢોળ નથી બાંધતા? પરણે ત્યારે શું કહેવાય એ? કંકણ. એ વખતે આવો વૈરાગ્ય. ધૂન ચડી જતી. આ ૬૪ની સાલની વાત છે. સંવત્ ૬૪. 'પરણી મારા પીયુજીની સાથ...' ઈશ્વરનું નામ એને જે. 'બીજાના મીંઢોળ નહિ રે બાંધું. નહિ રે બાંધું રે રાણા નહિ રે બાંધું. સાધુડાની સંગે હું તો ઘેલી થઈ. ઘેલી થઈ રે રાણા ઘેલી થઈ. સાધુડાની સંગે હું તો ઘેલી થઈ.' ધર્માત્મા કહે છે કે હું મારા સંતના સંગે અને આત્માના સંગે દુનિયાથી તો ઘેલો થઈ ગયો છું. દુનિયા માને.. પારસમલજી! આહાહા..! જુઓ તો ખરા.

એ **'શુદ્ધાત્માને ભાવવો.'** આહાહા..! **'તેમ કરવાથી ક્ષણવારમાં રાગ-દ્વેષાદિ શાન્ત થઈ જાય છે.' 'ભેદવિજ્ઞાન દ્વારા આત્મા અને શરીરાદિને ભિન્ન-ભિન્ન જાણીને...'** પહેલી શરૂઆત પાછી કરી. શરીર, વાણી, મન, રાગાદિથી (ભિન્ન) ભગવાન આત્માનું નિધાન ખાણ, આનંદની ખાણ પ્રભુ એ રાગના વિકલ્પથી અને શરીરથી ભિન્ન જાણી, એ ભિન્ન છે તેમ તેને જાણી. આહાહા..! સમજાણું કાંઈ? **'શુદ્ધાત્માની ભાવના કરવી...'** એને ધર્મને માટે કરવાનું આ છે બાપુ! આહાહા..! જીવદયા મંડળી કરી, એના અગ્રેસર થયા, પૈસા ઉઘરાવા ગયા, પચાસ હજાર લાવ્યા ત્યાં એમ થાય ઓહોહો..! કહો, જેઠાભાઈ! એ જેઠા કહેવાણા મોટા. નહિ? જયેષ્ઠ. જયેષ્ઠ એટલે મોટા. આ જેઠ કહે છેને આપણે? બાપુ! એ મોટા નથી ભાઈ! તને ખબર નથી. આહાહા..!

અતીન્દ્રિય આનંદનો નાથ અંદર સ્વીકારવામાં રહી જાય છે, બાપુ! આહાહા..! એની મહાહયાતી પ્રભુની છે પૂર્ણ એના સન્મુખની સ્વીકાર દશા રહી જાય છે, ભાઈ! આહાહા..! એ શું કર્યું તેં? રાગ કર્યો હોય અને માને કે કાંઈક અમે ધર્મ કરીએ છીએ. મિથ્યાત્વને પોષે છે. સમ્યગ્દર્શનની ઉપર ઘા મારે છે એ. ઓહોહો..! સુજાનમલજી! બહુ અપૂર્વ વાત! આહાહા..!

આ પંડિતો અત્યારે એમ કહે છે ને, આ બધું એકાંત છે સોનગઢનું. એમ કહે છે, બધી વાત ખ્યાલ છે. ભાઈ! તને ખબર નથી, બાપુ! તું શું કહે છો? કોને કહે છો? તને ખબર નથી. એમ કે આ રાગની ક્રિયાને ધર્મ માનતા નથી. અરે..! સાંભળને બાપુ! એ ધર્મ નથી. પંચ મહાવ્રતના પરિણામ, બાર વ્રતના ભાવ એ વિકલ્પ અને આસ્રવ (છે). એ વૃત્તિનું ઉત્થાન થાય છે, એ સ્વભાવ નહિ. સમજાણું કાંઈ? આવે, હોય, પૂર્ણ વીતરાગ ન હોય એને થાય. પણ જ્ઞાની એને દુઃખરૂપ જાણે છે. એને હેય જાણે છે. એને ઉપાદેય નથી જાણતો, આદરણીય નથી માનતો. આહાહા..! ભારે આકરું કામ જગતને પડે. બાપુ! અહીં તો ભવના અભાવની વાતું છે. જેમાં ભવનો અભાવ એ તો સ્વભાવમાં છે. રાગ ને મિથ્યાત્વ ને શરીરાદિ તો સ્વભાવમાં નથી. એથી ભવનો તો અભાવ સ્વરૂપમાં છે. એને પહોંચી વળવું તો ભવનો અભાવ થાશે. સમજાણું કાંઈ? દુનિયા રાજી થાય, ન થાય, સમાજ સમતોલે રહે, ન રહે એની સંતોએ દરકાર કરી નથી. સત્‌ને જેમ છે તેમ એને જાહેર કર્યું છે. સમજાણું કાંઈ? આહાહા..! **'શુદ્ધાત્માની ભાવના કરવી તે જ રાગ-દ્વેષાદિ વિકારોને નાશ કરવાનો ઉપાય છે.'** આહાહા..!

**'સમ્યગ્દષ્ટિ જીવને...'** જુઓ અંતરાત્મા, સમ્યગ્દષ્ટિ, તપસ્વી બધું. **'સમ્યગ્દષ્ટિ જીવને ભૂમિકાનુસાર રાગ-દ્વેષ થાય છે.'** રાગ-દ્વેષ ન થાય તો વીતરાગ થઈ જાય, કેવળી થઈ જાય. આહાહા..! **'પણ તેને તે વખતે અંતરમાં આત્માનું ભેદજ્ઞાન છે.'** પછી ભેદજ્ઞાન કરશે રાગ આવ્યો એ વખતે નહિ અને પછી. એમ નહિ. રાગ છે ત્યારે એકત્વબુદ્ધિ હોય તો તો ભેદજ્ઞાન છે જ નહિ. આહાહા..! તે વખતે અંતરમાં આત્માનું ભેદજ્ઞાન છે. **'તે બાહ્ય નિમિત્તો અને વિકારને પોતાના આત્મસ્વરૂપથી ભિન્ન માને છે. તે માટે તેને આદર નથી. અવશપણે-અસ્થિરતાને લીધે જે રાગ-દ્વેષ થાય છે તેને તે પોતાનું સ્વરૂપ માનતો નથી. પોતાના સ્વરૂપ તરફ જ દષ્ટિ કરે છે. તે અસ્થિરતાના રાગ-દ્વેષને ટાળવા માટે ચૈતન્યસ્વભાવની જ ભાવના કરે છે.'** વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પોષ વદ ૨, બુધવાર તા. ૨૯-૦૧-૧૯૭૫
## શ્લોક-૩૯-૪૦,
## પ્રવચન - ૫૦

૩૯ની છેલ્લી લીટી છે. આ વાત સમ્યગ્દષ્ટિને ઉદ્દેશીને કહે છે. સમાધિ છેને. પ્રથમ જેને શુદ્ધ ચૈતન્યનો અનુભવ રાગથી અને નિમિત્તથી ભિન્ન પડીને થયો હોય એની વાત છે આ. પહેલેથી શું કરવું? એ આ કરવું. જ્ઞાયકભાવ જે ત્રિકાળ શુદ્ધ છે એનો આશ્રય લેવો. સંયોગી ચીજ રાગ અને પર્યાયનો સંયોગ સંબંધ છોડવો. સમજાણું કાંઈ? ત્યારે એને વસ્તુ શુદ્ધ ચૈતન્યઘન દૃષ્ટિમાં,

અનુભવમાં એ પ્રાપ્ત થાય. આ તો મૂળ વાતની વાત મળે નહિ અને ઉપરથી કરવા મંડ્યા બધા હવે.

સમ્યક્ચારિત્ર એ ધર્મ છે. આ તો મહાધર્મ છે બાપુ ચારિત્ર. ચારિતં ખલ્લુ ધમ્મો. એ એના ઉપરની વાતું. દંસણ મૂલો ધમ્મો લખ્યું છે ને? તો આણે એ લખ્યું છે. મુદ્રાલેખ. ચારિત્ર એ જ ધર્મ છે.—શ્રી કુંદકુંદસ્વામી. વાત સાચી છે. પણ એ ચારિત્ર કોને હોય? એ જાણે ક્રિયા વ્રતની ને એ (ચારિત્ર). સમ્યગ્દર્શન મૂળ ધર્મ લીધોને આત્મધર્મમાં? દંસણ મૂલો ધમ્મો. આ કહે, ચારિત્ર ખલુ ધમ્મો. બધું જોયું છે ખરું ને? અરે..! ભગવાન! ચારિત્ર તો બાપા.. ચારિત્ર તો મુખ્ય વસ્તુ છે, પણ એ પ્રાપ્ત કોને થાય?

મુમુક્ષુ :- પડિમા લે એને.

ઉત્તર :- અરે..! જેને પહેલો આત્મા, જેમાં ઠરવું છે એવું જે ચારિત્ર એ ચીજનો અનુભવ અને દૃષ્ટિમાં આવ્યા પછીની એ વાત છે. સમજાણું કાંઈ? પહેલાં એકડા ન મળે અને મીંડા મૂકવા માંડ્યા. એકડા પછી મીંડું આવે તો નવને વધારે. એમ ચૈતન્યસત્તા શુદ્ધ સત્તાની પ્રતીતિ અનુભવમાં આવે ત્યારે પછી એમાં ઠરવાની ક્રિયાને ચારિત્ર કહીએ. આહાહા..!

અહીંયાં આચાર્ય તો એ વિશેષ વાત કરે છે. '**આચાર્ય સમ્યગ્દષ્ટિઓને ઉદ્દેશી કહે છે...**' એમ છેને? આત્મામાં આનંદ ને શ્રદ્ધાનું ભાન થયું. સ્વરૂપની પ્રાપ્તિ દૃષ્ટિમાં અને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય તરીકે જણાણો. ભગવાનનું ભાવભાસન થયું. શુદ્ધ ચૈતન્ય ભાવનું જ્ઞાનમાં ભાસન થયું. આહાહા..! ભાવભાસન સમજતા નથી? આ તો સાદી ભાષા છે. ભાવભાસન સમજો છો કે નહિ?

ભાવભાસન. ભાવ નામ વસ્તુ જે ચૈતન્ય દ્રવ્ય છે એનું જ્ઞાનમાં ભાન થયું ભાન. ભાસન થયું. એનું નામ ભાવભાસન કહેવામાં આવે છે. જે ચીજ છે એ એના જ્ઞાનમાં આવી કે આ ચીજ છે. સમજાણું કાંઈ? આહાહા..! પહેલી જ વાતમાં એ પહેલી વાત છે. એવા જીવને ઉદ્દેશીને પૂજ્યપાદસ્વામી (કહે છે કે) સમાધિનો આત્માનો વધારે આશ્રય લે તો સમાધિ વિશેષ પ્રગટ થાય. આહાહા..! સમ્યગ્દર્શન એ ચૈતન્યદ્રવ્યના શુદ્ધના આશ્રયે (થાય) છે. એવો આશ્રય થયા પછી પણ ધર્મી જીવને રાગ-દ્વેષ તો હોય છે કહે છે. રાગ-દ્વેષ થઈ જાય. કીધું ને?

'**જ્યારે ચારિત્રની નબળાઈથી...**' ધર્મીને પણ, આત્માનું ભાન છે એને પણ ચારિત્રની નબળાઈ કીધી ને? જેને એકલા રાગ ઉપર દૃષ્ટિ છે અને વસ્તુની દૃષ્ટિની ખબર નથી એને નબળાઈ ક્યાંથી આવી? (એને તો) સર્વસ્વ એ જ છે. આહાહા..! અરે..! એનો માર્ગ, વીતરાગ સ્વભાવનો માર્ગ અલૌકિક છે, ભાઈ! પહેલી એની કબુલાતમાં હા તો પાડે. વસ્તુ ચૈતન્યસ્વરૂપ એકલો આનંદનો કંદ છે. ઓલા કામદાર ગયા કે છે? ગયા લાગે છે. કામદાર નથી આવ્યા? પાલિતાણા ગયા? ઠીક. મૂળજીભાઈના દીકરાના દીકરા. જેતપુરવાળા આવ્યા હતા. ગયા? ભાવનગર. બહેન એની અમેરિકા રહે છે. એ અમેરિકાથી આવી હતી. આ પહેલીવહેલી વાત સાંભળે. ત્યાં તો કાંઈ હોય નહિ. આ શું કહે છે?

મુમુક્ષુ :- પકડાય નહિ.

ઉત્તર :- પકડાય નહિ. વળી એનો ભાઈ તો એમ કહેતો હતો કામદાર, અમે તો અંગ્રેજીમાં આવું કાંઈ.. છે કે નહિ હજી આત્મા કે આ ફલાણું એ ક્યાં છે? આહાહા..! વાત સાચી. એ નહોતું કહ્યું શીવલાલભાઈનું? તમારા વઢવાણમાં છેને શિવલાલ પાનાચંદ. એના ભાઈ છે ઓલા ગઢને કાંઠે ઘર હતાને? શું કહેવાય ભાઈ ઈ મોટી પદવી? આઈ.સી.એસ. આઈ.સી.એસ.માં પાસ થયેલા. જ્યોર્જની સાથે. પહેલો નંબર એનો હતો. એવો બુદ્ધિવાળો. પણ હિન્દુસ્તાનના માણસને પહેલો નંબર આપતા નથી એટલે પહેલો નંબર એને આપ્યો અને બીજો આને આપ્યો શિવલાલભાઈને.

હવે એમાં પાસ થયા અને આવ્યા અમારી પાસે. (સંવત) ૧૯૭૭ની વાત છે. કીધું હતું. અને ગીરધરભાઈના પિતાશ્રી આવ્યા. બેય આવ્યા. મેં એટલું પૂછ્યું ભાઈ! આ આત્મા છે? કહે, વાંચ્યું છે મેં ઘણું. છે કે નહિ એ હજી મેં નિર્ણય નથી કર્યો. એ શિવલાલભાઈના ભાઈ છે. વઢવાણ. ગઢને નાકે નહિ? ધોળી પોળમાં આ બાજુમાં. આહાહા..! મગનલાલ હરખચંદના મકાન પછી. મગન હરખચંદનું મકાન છેને? મગન હરખ. ગીરધરભાઈ! મગન હરખચંદ. એના ઘર પછવાડે છે. છેને બધા જોયા છેને. આહાહા..! ઈ એમ કહેતા કે મેં વાંચ્યું છે ઘણું. બુદ્ધિ ઘણી હતી. આખા કબાટના કબાટ વાંચે. યાદ રહે. .. પણ અજ્ઞાનમય ધર્મ. આત્મા છે કે નહિ? અરે.. પ્રભુ! હજી તું છો કે નહિ? તું છો કે નહિ? એ છે કે નહિ એવી શંકા કોણ કરે છે? એ શંકા કરનાર તે પોતે છે. પણ એની ખબર ન મળે. એ જાતનું વાતાવરણ જ બીજું થઈ ગયું. આ કરવું ને આ કરવું ને આ કરવું ને આ કરવું. સંસારમાં પદવી મોટી મેળવવી ધૂળની. અહીં આવે તો કાંઈ ભણતર-બણતર કરવા. પણ વસ્તુ શું છે? આહાહા..!

ચૈતન્ય ધ્રુવ સચ્ચિદાનંદ પ્રભુ એનું અસ્તિત્વ છે. એવા અસ્તિત્વની હયાતીનો સ્વીકાર દૃષ્ટિમાં આવ્યા વિના એ વસ્તુ છે એમ એની ખાતરી ક્યાંથી થાય? સમજાણું કાંઈ? ઓલામાં કહ્યું છેને ભાઈ? સસલાના શિંગ ન હોય. તો એની શ્રદ્ધા શું? જે ચીજ નથી એની શ્રદ્ધા શું? આ તો ચીજ છે. એ વસ્તુ જ્ઞાયકસ્વરૂપ ચિદ્દ્ઘન આત્મા અનાદિઅનંત નિત્યાનંદ ધ્રુવ સ્વરૂપ ભગવાન આત્મા છે. એની અંતરમાં સ્વસન્મુખ થઈને, પરથી વિમુખ થઈને એને પ્રતીતમાં, જ્ઞાનમાં જ્ઞેયમાં ભાસન થઈને પ્રતીત થાય ત્યારે પછી ચારિત્ર શું એની વ્યાખ્યા પછી હોય. આહાહા..! નવરંગભાઈ! આ તો પહેલેથી કહે, આ ચારિત્ર કરો. પણ શેને કહેવું ચારિત્ર એ કાંઈ ખબર છે તમને? આ લૂગડા ફેરવ્યા, નગ્ન થઈ ગયા ને કંઈક ક્રિયા થઈ ગઈ ચારિત્રની? આહાહા..! ચારિત્રમાં તો અનંત પુરુષાર્થ (છે), સમકિત કરતા પણ અનંત પુરુષાર્થ છે. આહાહા..!

જે વસ્તુ છે એનામાં અનંત ગુણ—શક્તિઓ વસેલી છે. એ અનંત અનંત ગુણનો સાહેબો પ્રભુ છે આત્મા. આહાહા..! અરે..! એની ખબરું ન મળે, એના જ્ઞાનમાં ભાસ ન મળે, એની પ્રતીતિની ખબર ન મળે અને પ્રતીતિ કેમ થાય એની વિધિની ખબર ન મળે અને એને વ્રત ને ચારિત્ર આવી જાય. ભાઈ! છેતરાઈ જઈશ તું, હોં! લોકો એને માનશે. લોકો તો કહી દેશે કે ઓહોહો..! શું ત્યાગ કર્યો? શું વ્રત પાળે છે? એથી કરીને કંઈ તત્ત્વનું સ્વરૂપ અહીં આવી જશે? આહાહા..! અને દુનિયા

એને રિપોર્ટ શું કહેવાય એ? સર્ટિફિકેટ. દુનિયા સર્ટિફિકેટ આપે એનો અર્થ શું? આહાહા..!

અંદર સ્વરૂપ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં નિત્યાનંદ પ્રભુ છે. આહાહા..! એ છે એવો સ્વીકાર ક્યારે થાય? એ છે એવા સ્વભાવ સન્મુખ થાય ત્યારે થાય. બીજી કોઈ ક્રિયાકાંડથી એની સન્મુખતા થાય કે ભાઈ આવા વ્રત પાળો પછી નિશ્ચય સમ્યગ્દર્શન થાય. એમ કહે છેને કેટલાક? એ .. થયું. એમાં લખ્યું. ... શું કરે? આહાહા..! પોતે પ્રભુ અનંત શક્તિની પ્રભુતાનો પ્રભુ છે એ. ૨૭માં તો કહ્યું ને પ્રભુ? પંચાસ્તિકાયમાં. મૂળ ગાથા છે. આહાહા..! એ પોતે રાગ-દ્વેષ કરવાને પણ પ્રભુ છે અને રાગ-દ્વેષ ટાળીને સ્વરૂપને પ્રાપ્ત કરવામાં પણ એ પોતે પ્રભુ છે. અરેરે..! એ વાત એને કાને ન પડે, એની જાતની સંભાળ કેમ થાય. આહાહા..! વર વિનાની જાન જોડી દીધી. એ જાન કહેવાય? માણસના ટોળા કહેવાય. એમ ભગવાન જેમાં ભળ્યો નથી, દૃષ્ટિમાં આવ્યો નથી. આહાહા..! જેની પ્રતીતમાં પ્રભુ કેવડો છે એ આવ્યો નથી. આહાહા..! એના બધા ભક્તિ ને પૂજા ને શણગાર ને આ ને વ્રત ને તપ ને ક્રિયા... આહાહા..! બાળવ્રત અને બાળ તપ છે, ભાઈ! એના આત્મા માટે હિતને માટેની વાત છે. આહાહા..! એથી એને હીણો દેખાડવો એમ નથી. એ તો સ્વરૂપ એવું છે ભાઈ! આહાહા..!

ઓહોહો..! ચારિત્ર તો મહાપૂજ્ય, ઈન્દ્રોને પૂજ્ય છે. આહાહા..! પણ એ ચારિત્ર કોને હોય ભાઈ? જેને જેમાં રમવું છે, ચરવું છે, ચારિત્ર એટલે ચરવું, જેમાં ચરવું છે એ ચીજ શું છે? ઢોર ચરવા જાય છે કે નહિ? તો જ્યાં ઘાસ હોય ત્યાં ચરવા જાય કે પથરામાં ચરવા જાતા હશે? આહાહા..! એક જણો કહેતો હતો તે દિ' સણવરામાં. નાનાલાલભાઈ ને બધા આવ્યા હતા ને? ...ના ખરાને. ગામ આખાને જમાડવું હતું. બધું લઈને આવેલા, પણ કાઠીને ત્યાં ઉતર્યા એટલે ઓલા કહે અમે નહિ જમીએ. તમે કાઠીને ત્યાં ઉતર્યા, કાઠીને અને અમારે વિરોધ છે. સણવરા છેને? .. નું ગામ. અત્યારે રાજકોટ છે. સણવરા છે વીંછીયા પાસે. ત્યાં અમે બેઠા હતાં. ત્યાં એક માણસ આવ્યો. ગામના બે. પોતાની મોટપ બતાવવા. હતો તો સાધારણ. ૭૦ની ઉંમરનો છે, પણ જાણે જૂનો મોટો હશે એમ બતાવવું હતું ઓલા શેઠિયાઓને. બધા નારણભાઈ ને આવ્યા ખરા ને. બે ગામ. એક સણવરા અને બીજું .. ગામ. લાખણકા. લાખણકા. આમનું હોં! ગુલાબચંદભાઈનું નહિ. આ બીજું લાખણકા. એ બે માટે રસોઈ લઈને આવ્યા. આખા ગામને જમાડવા બેયને. કેમકે પહેલા વહેલા અમે ગામમાં ગયા. નાનાલાલભાઈ, બેચરભાઈ બધા આવ્યા હતા. ઓલા કહે ન જમીએ. ઠીક. એમાં એક કોળી આવ્યો સાથે. અમે જ્યાં ઉતર્યા હતા ત્યાં. કોળી. કોળી નહિ? કોળી જાત છે. એ કહે, મહારાજ! એ ભગવાનનું ભૂંડું થાશે. કેમ? કે આ ગામમાં ખડ ન હોય. ઢોર બિચારા શું ચરે? શેઠ! શું કહ્યું? ખડ નહિ, ઘાસ નહિ. ભગવાનનું ભૂંડુ થાશે હોં! મારી પાસે બોલ્યા. આ ઘાસ ન મળે, ઢોર શું ખાય? આ માણસને ખાવાને માટે તો મોટા ઢગલા પડ્યા છે. હે ભગવાન! તારું ભૂંડું થાશે હોં. એમ કહે. ઢોર બિચારા બહાર જાય, ઘાસ ન મળે શું કરે? એમ આત્મામાં આનંદનો નાથ જાગ્યો નથી, એના અંકુરા ફૂટ્યા નથી એ વિના ચારિત્ર ક્યાંથી આવે એને? શેમાં એ ચરે? શેને અનુભવે? શેને જમે

ઈ? આ રાગને જમે બાપુ! આહાહા..!

ભગવાનનું ભોજન તો અતીન્દ્રિય આનંદના અમૃતનું ભોજન છે આત્મામાં. આહાહા..! ભારે જગતને. એ આવે છેને આપણે? નહિ? ભાઈ! નિત્યાનંદ ભોજી. કળશમાં આવે છે. આહાહા..! જેમાં પ્રભુ આત્મામાં... પ્રભુ! તને ખબર નથી, અતીન્દ્રિય આનંદનો રસકંદ પડ્યો છે એ. આહાહા..! અતીન્દ્રિય વસ્તુ અને અતીન્દ્રિય આનંદસ્વરૂપ એ છે. એવી દૃષ્ટિમાં જ્ઞાનમાં જ્ઞેય તરીકે ભાસ્યા વિના પ્રતીતિ સાચી કેમ થાય? અને એ પ્રતીતિ થયા વિના એને ચારિત્ર—ચરવું, જમવું એ ભોજન આનંદનું ભોજન કરવું એનું નામ ચારિત્ર છે. આહાહા..! ભારે વાત ભાઈ! શરીરથી કોઈ બાયડી-છોકરા છોડી દીધા, બે-પાંચ-દશ અપવાસ કર્યા, જંગલમાં રહ્યા એ ચારિત્ર નથી બાપુ! આહાહા..! સમજાણું કાંઈ? એ આનંદસ્વરૂપ ભગવાન, એ વિકલ્પ જે પુણ્ય-પાપના ભાવથી ભિન્ન પ્રભુ છે એ આનંદનું ભાન થયું, હવે આનંદનું ભોજન કરવું, આનંદમાં જમવું, આનંદમાં જમવું અને આનંદમાં જમવવું. આહાહા..! એ આનંદમાં જામવું, જામી જવું અને આનંદને જમવું એનું નામ ચારિત્ર છે. આહાહા..! અરે..! ચારિત્રની વ્યાખ્યા ક્યાંની ક્યા કરી લોકોએ.

એ અહીં આચાર્ય કહે છે કે સમાધિ. જેને પ્રથમ ભગવાન આત્મા અકષાય શાંતરસની સમાધિ થઈ છે. સમાધિ એટલે કે પર્યાયમાં શાંતિ આવી છે. આહાહા..! સમજાણું કાંઈ? સમાધિ અધિકાર છેને આ? અરે..! આઠ વર્ષની બાળિકા હોય શરીરથી પ્રભુ... ક્યાં બાળક છે અને આઠ વર્ષનો છે? એ તો અનાદિઅનંત નિત્યાનંદ પ્રભુ છે. આહાહા..! એનું સમ્યગ્દર્શનમાં ભાન થતાં બાળિકાને શરીરવાળી બાળિકાને અતીન્દ્રિય આનંદનો અંદર સ્વાદ આવે. આહાહા..! એ સમ્યગ્દર્શનની સમાધિ કીધી એને. એવા જીવને પણ પૂર્ણ વીતરાગતા નથી એની દશામાં હજી, એને કહે છે કે રાગને વિકલ્પો આવે, થાય. જુઓ છે? '**ચારિત્રની નબળાઈથી રાગ-દ્વેષાદિ વિકારી વૃત્તિઓનું ઉત્થાન થાય,...**' વૃત્તિ ઉત્પન્ન થાય જરી અસ્થિરતાને કારણે. આહાહા..! અરે..! એના મારગડા જુદા નાથ!

જેણે દૃષ્ટિએ વસ્તુને કબજામાં લીધી છે. આહાહા..! એના રાગની એકતાના તાળા તૂટી ગયા છે. સમજાય છે કાંઈ? રાગ અને વિકલ્પ જે છે, ચાહે તો અશુભ રાગ હોય કે શુભ રાગ હોય, એ બધું દુઃખરૂપ છે. એ દુઃખરૂપની ભાવદશા અને આનંદસ્વભાવ ભગવાન આત્મા બેની એકતા જે કરી છે એનું નામ મિથ્યાત્વ અને એનું નામ નિધાનને તાળા માર્યા છે. આનંદને કેમ ખીલવવું એ વાત એની પાસે નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવો ધર્મ કઈ જાતનો આ તે? જૈન ધર્મ આવો હશે?

અરે..! ભગવાન! આ વસ્તુ છે ભાઈ! આહાહા..! વસ્તુનો સ્વભાવ છે. વત્થુ સહાવો ધમ્મો. વસ્તુ જેમ નિત્ય અને અનાદિઅનંત છે એમ એનો સ્વભાવ દ્રવ્ય સાથે ભળેલો... આહાહા..! ઘડાઈને તન્મય થયેલો. એવા અનંત ગુણનો સ્વભાવ એનો એ સ્વભાવનો ધરનાર પ્રભુ છે. એની જ્યાં સ્વભાવ તરફની એકતા થઈ એને રાગની એકતા તૂટી. રહી ગયો રાગ ભિન્ન. પણ હજી ભિન્ન છે. એકતા તૂટી પણ રાગની અસ્થિરતા હજી છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! એને એ રાગ ને દ્વેષની વૃત્તિઓ પુરુષાર્થની કમજોરીને, નબળાઈને લઈને થાય ત્યારે આત્મસ્વરૂપની ભાવના

કરવી. આહાહા..! જે જોયો છે, જાણ્યો છે એની ભાવના કરવી એમ કહે છે. આહાહા..! આવો ધર્મ ભારે.

આ માણસને એમ લાગે કે આ પણ આવું હોય? એને કાંઈ વ્રત પાળે, અપવાસ કરે, સાધન કરે તો હળવે-હળવે થાય. અરે.. ભગવાન! રાગની ક્રિયા કરવાથી હળવે હળવે વીતરાગનો આનંદ આવે? આકરી વાત ભાઈ તને પડે છેને, એટલે તું સાચાને ઉડાડવા માગે છે. ભાઈ! એમ સત્ય નહિ ઉડે. સત્ય તો સત્ય રહેશે. આહાહા..! એની હા પાડવામાં પરસેવા ઉતરે. વ્યવહારની રાગની ક્રિયાથી તે આત્મા પ્રાપ્ત થઈ શકે નહિ ત્રણ કાળમાં. એ પોતાના સ્વભાવની ધારાથી, પોતાના સ્વભાવથી જાણી શકાય એવું એનું સ્વરૂપ છે. એવા ભાનમાં સમાધિ તો સમ્યગ્દર્શનની થઈ. હવે કહે છે કે, એ કંઈ વીતરાગ થયો નથી હજી પર્યાયમાં. વીતરાગી સ્વરૂપ છે આત્માનું એવું પ્રત્યક્ષ પ્રતીતમાં આવ્યું. એટલે અંશે વીતરાગતા પર્યાયમાં આવી, પણ હજી વીતરાગતા પૂર્ણ જોઈએ તે નથી. આહાહા..! એથી એને રાગ ને દ્વેષની વૃત્તિઓ ઉત્પન્ન થાય. આહાહા..!

ભરતેશ વૈભવમાં આવે છે એક વાત. ભરતેશ વૈભવ નથી? ભરતનો અધિકાર. ક્ષાયિક સમકિતી સમ્યગ્દૃષ્ટિ જીવ છે. ઈન્દ્રાણી જેવી તો સ્ત્રીઓ છે. એક (મુખ્ય) સ્ત્રીની તો હજાર દેવ જેની સેવા કરે. એવી છન્નું હજાર સ્ત્રી. આહાહા..! કહે છે કે ભાન છે છતાં રાગની વાસના ઊભી થાય છે અને વિષયની ચેષ્ટામાં જોડાઈ જાય છે. છતાં એ વિષય લીધા પછી તરત (ધ્યાનમાં નિર્વિકલ્પતા થાય છે). એવું એમાં આવે છે, ભરતેશ (વૈભવમાં). સમજાણું કાંઈ? આહાહા..! ઝેર પીધું થોડું. આહાહા..! અમૃતના ભાનમાં હોવા છતાં જ્ઞાનીને પણ એવી વાસના રાગ આવે, એ ક્રિયા થઈ ગઈ જડની. આહાહા..! તરત નીચે ઉતરીને ધ્યાનમાં જાય છે. એવો લેખ છે એમાં ભરતેશમાં. છેને આપણે આ ગુજરાતી. પહેલું હિન્દી હતું. પછી ગુજરાતી છે. આહાહા..! એ એવા નીચે ઉતર્યા, આનંદની સમ-ભાવમાં જાય છે. આહાહા..! અનુભૂતિ આનંદની કરી હતી એ જ આનંદમાં પાછા વિષયની વાસના ગઈ અને આમાં અંદરમાં ઉતરવા માંડ્યા. આહાહા..! એ બીજી ક્ષણે હોં! ઈ એમ કહે છે. આહા..! ભરતેશમાં આવે છે. આખું વાંચ્યું હતું પહેલાં ગુજરાતી. તે દિ' તો હિન્દી હતું.

જ્યારે એ વૃત્તિનું ઉત્થાન ધર્મી જીવને પણ (થાય છે). આહાહા..! શુદ્ધ ચૈતન્યના આનંદના ભાનવાળો જીવ પણ સાધક છેને? એટલે બાધક વૃત્તિઓ અંદર ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! '**ત્યારે આત્મસ્વરૂપની ભાવના કરવી.**' આહાહા..! જેવું ભગવાન સ્વરૂપે જાણ્યું હતું સ્વરૂપને, એમાંથી જરી આ વાસના આવી તો તરત જ એના અંદરમાં જાવું છે. ઓહો..! તેનાથી વૃત્તિઓ શાંત થઈ ગઈ છે. આહાહા..! આ માર્ગ ભાઈ! અંદરમાં આનંદસ્વરૂપમાં જતાં, પ્રભુ આત્મા આનંદનો નાથ છે એમાં જતાં એ વૃત્તિઓ શાંત થઈ જશે, એ વૃત્તિઓ ટળી જશે. આહાહા..! જુઓ! આ એક માર્ગ, વૃત્તિને ટાળવાનો ઉપાય.

અને '**રાગ-દ્વેષના શમન માટે...**' રાગ-દ્વેષના શમન માટે. એ પુણ્ય અને પાપની વૃત્તિઓ આવે એને શમાવવા માટે '**એ જ એક રામબાણ ઉપાય છે.**' આહાહા..! રામનું બાણ ન ફરે, એમ

આ ભાવ ન ફરે. આહાહા..! આ એક જ ઉપાય છે. આર્તધ્યાન, રૌદ્રધ્યાન વિકલ્પમાં થઈ જાય. સમજાય છે કાંઈ? રૌદ્રધ્યાન તો હજી પાંચમા ગુણસ્થાન સુધી છે અને આર્તધ્યાન છઠ્ઠા ગુણસ્થાન (સુધી છે). પણ કહે છે કે વૃત્તિઓમાં એ રાગની વાસનાના ઝેર જે અનુભવ્યા હતા.. આહાહા..! એને પછીને પળે સ્વરૂપમાં સ્થિર થયા. એ વૃત્તિઓ તો ગઈ. પણ નવી ન થાય એ માટે સ્વરૂપમાં લીન થવું, ત્યારે ઓલો રાગ શાંત થયો એમ કહેવામાં આવે છે. આહાહા..! ભારે આવી વ્યાખ્યા ને આવો ઉપદેશ. નવરંગભાઈ! આહાહા..! માણસને પસંદ પડે નહિ. આહાહા..! જેને આત્માની ગરજ છે એને પસંદ પડે. આત્માને મૂકીને રાગાદિની ક્રિયાથી, નિમિત્તથી... નિમિત્તનું બહુ નાખ્યું છે આમાં કર્મનું આમ થાય ને તેમ થાય. અંતર નિમિત્ત છે કર્મ. બાહ્ય નોકર્મ નિમિત્ત છે. ભાઈ, ભલે નિમિત્ત હોય સાંભળને. એ તો વ્યવહારના..

મુમુક્ષુ :- કામ તો ઉપાદાનમાં થાય.

ઉત્તર :- કામ તો ઉપાદાનમાં થાય. બાપુ! આહાહા..! ઉપાદાન-નિમિત્તના ઝઘડા, વ્યવહાર-નિશ્ચયના ઝઘડા અને ક્રમબદ્ધના. આ પાંચના ઝઘડા. આહાહા..!

એક મિનિટમાં પાંચના ઝઘડા સમાઈ જાય એવું છે. કેમકે જે દ્રવ્યની પર્યાય જે કાળે જે પ્રકારની થવાની તે થાય. એનો ઉત્પન્ન કાળ છે. આહાહા..! પણ એ એને ન સમજમાં આવે. કહે ના. એવું હોય તો આત્માને અધિકાર રહેતો નથી. પણ સાંભળ તો ખરો. વસ્તુ ભગવાન આનંદનો નાથ હોવા છતાં એની પર્યાયમાં અજ્ઞાનીને પણ જે સમયે જે રાગ થવાનો તે જ થાય છે. જ્ઞાનીને પણ તે જ સમયે જે જ્ઞાનની પર્યાયનો કાળ, સમકિતનો કાળ અને રાગનો કાળ એક સમયમાં છે. આહાહા..! એને ટાળવો હોય ત્યારે, આત્માના સ્વભાવમાં એ નથી (માટે) ત્યાં જઈને ઠર. આહાહા..! એ કાંઈ વાતે વડા થાય એવું છે?

એ પર તરફના વલણવાળો પુરુષાર્થ જે રાગનો છે, એ જેમાં રાગ નથી તેમ જાણ્યો છે જીવને ત્યાં જઈને ઠર. રાગ શાંત થઈ જશે. આહાહા..! એ રાગનો અભાવ કરવાનો આ એક જ ઉપાય છે. સમજાણું કાંઈ? આહાહા..! ત્યારે અમૃતચંદ્રાચાર્ય તો કહે છેને કે આ કલુષિત જે પરિણામ થાય છે એ ટીકા કરતા એનો નાશ થઈ જાય. આહાહા..! ભાઈ! એ વસ્તુ એ છે (કે) મારું વલણ અને ઘોલન તો દ્રવ્ય ઉપર જાય છે. એ ઘોલનમાં આશ્રયમાં પ્રભુ છે. એ આશ્રય વધતો ગયો એ સ્વભાવમાં, ટીકાના વિકલ્પ કરતા નહિ. આહાહા..! ભારે અર્થ પ્રભુ! આકરા પડે જગતને. એ કહે, ટીકા કરતા જુઓ નિર્મળતા જાગે છે. ભાઈ! ટીકાના કાળમાં નિર્મળતા ... છે.

હું મારા સ્વરૂપમાં ચૈતન્યના અંદરમાં આશ્રયમાં પડ્યો છું ત્યાં આશ્રય વધજો, એમ કહે છે. આવો ધર્મ ભાઈ! સાધારણ બિચારા ગામડાના માણસોને બુદ્ધિ થોડી હોય. હવે એને આ કહે તો.. શું કહે છે આ? ભાઈ! ભગવાનની ભગવતી વાર્તા છે. આહાહા..! ભગવાન આત્માની ભગવતી કથા છે એ. ભાગવતકથા છે આ. આવે છેને? નિયમસારમાં આવે છે ભાઈ! ભાગવત કથા. તારું ને મારું.. બાપુ! હવે આવા અવસર ફરીને નહિ મળે ભાઈ! આવા ટાણા માંડ નિગોદમાંથી નીકળીને અરે..! તું

અહીં સુધી માણસ થયો, તને જિનવરની વાણી કાને પડી, અહીં સુધી આવ્યો હવે તું આગ્રહ છોડી દે ભાઈ! આહાહા..! લાખ પંડિતાઈ હોય એ મૂકી દે પંડિતાઈની વાતું બાપા! આહાહા..! સ્વભાવ સ્વભાવ તરફ ઢળવું એ જ પંડિતની પંડિતાઈ છે. સમજાણું કાંઈ? '**એ જ એક રામબાણ ઉપાય છે.**' આહાહા..!

---

**तत्र रागद्वेषयोर्विषयं विपक्षं च दर्शयन्नाह–**

**यत्र काये मुनेः प्रेम ततः प्रच्याव्य देहिनम्।**
**बुद्धया तदुत्तमे काये योजयेत्प्रेम नश्यति।।४०।।**
**તનમાં મુનિને પ્રમે જો, ત્યાંથી કરી વિયુક્ત;**
**શ્રેષ્ઠ તને જીવ જોડવો, થશે પ્રેમથી મુક્ત. ૪૦.**

**टीका :– यत्रात्मीये परकीये वा काये। शरीरे इन्द्रियविपयसङ्घाते। मुनेः प्रेम स्नेहः। ततः कायात्प्रच्याव्य व्यावर्त्य। देहिनं आत्मानम्। कया? बुद्धया विवेकज्ञानेन। पश्चात्दुत्तमे काये तस्माद् प्रागुक्तकायादुत्तमे चिदानन्दमये। काये आत्मस्वरूपे। योजयेत्। कया कृत्वा? बुद्धया अन्तर्दृष्टया। ततः किं भवति? प्रेम नश्यति कायस्नेहो न भवति।।४०।।**

---

હવે રાગ-દ્વેષના વિષયને તથા વિપક્ષને દર્શાવતાં કહે છે :-

શ્લોક - ૪૦

**અન્વયાર્થ :- (यत्र काये) જે શરીરમાં (मुनेः) મુનિને-અન્તરાત્માને (प्रेम) પ્રેમ હોય (ततः) તેનાથી એટલે શરીરાદિથી (बुद्धया) ભેદ-વિજ્ઞાન દ્વારા (देहिनम्) આત્માને (प्रच्याव्य) વ્યાવૃત્ત કરીને-પાછો હઠાવીને (तदुत्तमे काये) તેનાથી ઉત્તમ ચિદાનંદ કાયમાં-આત્મસ્વરૂપમાં (योजयेत्) લગાવવો. એમ કરવાથી (प्रेम नश्यति) બાહ્ય શરીર અને ઇન્દ્રિય-વિષયો તરફનો પ્રેમ (રાગનો વિકલ્પ) નાશ પામે છે.**

**ટીકા :- જ્યાં પોતાની વા પારકી કાયમાં એટલે શરીરમાં-અર્થાત્ ઇન્દ્રિય-વિષયના સમૂહમાં મુનિનો પ્રેમ-સ્નેહ હોય, ત્યાંથી એટલે શરીરથી દેહીને એટલે આત્માને વ્યાવૃત્ત કરીને-પાછો વાળીને,-શા વડે? બુદ્ધિ વડે-વિવેકજ્ઞાન વડે, પછી ઉત્તમ કાયમાં-અર્થાત્ અગાઉ કહેલી કાય કરતાં ઉત્તમ કાયમાં-ચિદાનન્દમય કાયમાં એટલે આત્મ-સ્વરૂપમાં તેને (પ્રેમને) જોડવી. શા વડે કરીને? બુદ્ધિ વડે-અન્તરદૃષ્ટિ વડે. પછી શું થાય છે? પ્રેમ નાશ પામે છે એટલે શરીર પ્રત્યેનો પ્રેમ રહેતો નથી.**

**ભાવાર્થ :- અન્તરાત્માને ચારિત્ર મોહવશ બાહ્ય શરીરાદિ તથા ઇન્દ્રિયોના વિષયોમાં રાગ થાય તો ભેદવિજ્ઞાન દ્વારા ઉપયોગને ત્યાંથી હઠાવી શુદ્ધઆત્મસ્વરૂપમાં જોડવો. તેમ કરવાથી શરીરાદિ પ્રત્યેનો પ્રેમ નાશ પામે છે.**

જેનો ઉપયોગ ચૈતન્યના આનંદમાં લાગે છે તેને જગતમાં બધાય પદાર્થો નીરસ લાગે છે, શરીરાદિ બાહ્ય પદાર્થો પ્રત્યેનો ઉત્સાહ ઊડી જાય છે અને તે તરફ તે ઉદાસીન રહે છે.

વિશેષ

''ચૈતન્યસ્વરૂપમાં ઉપયોગને જોડવો તે જ રાગ-દ્વેષને ટાળવાનો ઉપાય છે. આ સિવાય બાહ્ય પદાર્થો તરફ વલણ રાખીને રાગ-દ્વેષ ટાળવા માગે તો તે કદી ટળી શકે નહિ. પહેલાં તો દેહાદિથી ભિન્ન ને રાગાદિથી પણ પરમાર્થે ભિન્ન-એવા ચિદાનંદસ્વરૂપનું ભાન કર્યું હોય તેને જ તેમાં ઉપયોગની લીનતા થાય, પરંતુ જે જીવ દેહાદિની ક્રિયાને પોતાની માનતો હોય કે રાગથી લાભ માનતો હોય, તેનો ઉપયોગ તેદેહથી ને રાગથી પાછો ખસીને ચૈતન્યનમાં વળે જ ક્યાંથી? જ્યાં લાભ માને ત્યાંથી પોતાના ઉફયોગને કેમ ખસેડે? ન જ ખસેડે.

માટે ઉપયોગને પોતાના ચિદાનંદસ્વરૂપમાં એકાગ્ર કરવા ઈચ્છનારે પ્રથમ તો પોતાના સ્વરૂપને દેહાદિથી ને રાગાદિથી અત્યંત ભિન્ન જાણવું જોઈએ. જગતના કોઈ પણ બાહ્ય વિ-ષયોમાં કે તે તરફના રાગમાં ક્યાંય સ્વપ્નેય મારું સુખ કે શાન્તિ નથી, અનંતકાલ બહારના ભાવો કર્યા પણ મને કિંચિત્ સુખ ન મળ્યું. જગતમાં ક્યાંય મારું સુખ હોય તો તે મારા નિજ સ્વરૂપમાં જ છે, બીજે ક્યાંય નથી. માટે હવે હું બહારનો ઉપયોગ છોડીને મારા સ્વરૂપમાં જ ઉપયોગને જોડું છું. આવા દૃઢ નિર્ણયપૂર્વક, ધર્મી જીવ વારંવાર પોતાના ઉપયોગને અંતર સ્વરૂપમાં જોડે છે.

ચૈતન્ય-સ્વભાવની મહત્તા અને બાહ્ય ઈન્દ્રિય-વિષયોની તુચ્છતા જાણીને પોતાના ઉપયોગને વારંવાર ચૈતન્ય-ભાવનામાં જોડવાથી પર પ્રત્યેનો પ્રેમ નાશ પામે છે ને વીતરાગી આનંદનો અનુભવ થાય છે...''[૧] ૪૦.

## શ્લોક-૪૦ ઉપર પ્રવચન

'હવે રાગ-દ્વેષના વિષયને તથા વિપક્ષને દર્શાવતાં કહે છે :-' ૪૦ ગાથા.

यत्र काये मुनेः प्रेम ततः प्रच्याव्य देहिनम्।
बुद्धया तदुत्तमे काये योजयेत्प्रेम नश्यति।।४०।।

મીરાંબાઈ એકવાર કહેતા,

સંસારીને સગપણ કાચું, પરણીને રંડાવું પાછું.
સંસારીને સગપણ કાચું, પરણીને રંડાવું પાછું.

૧. આત્મધર્મ.

આહાહા..! એ હવે ફરીને શું કરવા કર? કહે છે. એ તો ઈશ્વરને માનનારા હતા. **આપણા મીરાબાઈ તો આ બેઠા.** એ મીરાબાઈ યાદ આવે તો આ ચંપાબહેન યાદ આવે. **જૈનના મીરાબાઈ છે.**

અહીં કહે છે.. આહાહા..! '**જ્યાં પોતાની વા પારકી કાયમાં એટલે શરીરમાં-અર્થાત્ ઈન્દ્રિય-વિષયના સમૂહમાં...**' આટલી વ્યાખ્યા કરી. આહાહા..! આ શરીર કે પર શરીર અને એમાં ઈન્દ્રિય વિષયના સમૂહમાં, પાંચ ઈન્દ્રિય તરફના વલણમાં. આહાહા..! '**મુનિનો પ્રેમ-સ્નેહ હોય,...**' જરી વૃત્તિ થઈ જાય છે. આહાહા..! '**ત્યાંથી એટલે શરીરથી દેહીને એટલે આત્માને વ્યાવૃત્ત કરીને-**' આહાહા..! શરીર લીધું અને પછી શરીરનો પ્રેમનો અંશ અને આ પાંચ ઈન્દ્રિયના તરફના વલણનો જરી પ્રેમનો અંશ આવે, એમ કહે છે. આહાહા..!

'**ત્યાંથી એટલે શરીરથી દેહીને એટલે આત્માને વ્યાવૃત્ત કરીને...**' આહાહા..! '**પાછો વાળીને,-શા વડે? બુદ્ધિ વડે-**' '**बुद्धया**' છેને? ત્રીજાનું પહેલું પદ છે '**बुद्धया**'. '**વિવેક જ્ઞાન વડે,...**' '**बुद्धया**'નો અર્થ વિવેક જ્ઞાન વડે. આહાહા..! એ રાગ જે થાય વૃત્તિ જરી એને વિવેક વડે એટલે તેનાથી ભિન્ન તો જાણ્યું છે, તે કાળે પણ ભિન્ન જાણે છે, પણ વિશેષ હવે અંદર સ્થિર થયો, એનાથી જુદો પડી જાય છે. આહાહા..! પાંચમા આરાના સંતો આવી વાત કરે પંચમ આરાના જીવો માટે. એય.. શેઠ! આ ચોથા આરાની વાત છે? પાંચમા આરાના સાધુ છે એ પાંચમા આરાના જીવને કહે છે. ચોથા આરાના જીવ ક્યાં છે અત્યારે? આહાહા..!

મુમુક્ષુ :- અનાદિના છે બધા.

ઉત્તર :- અનાદિના છે. આહાહા..!

ભાઈ! તારો ભગવાન પણ ભારે. આહાહા..! તો હવે જ્યારે રાગની વૃત્તિ થાય તો ભગવાનમાં જજે ને, એમ કહે છે. આહાહા..! આ હવે ભક્તિ કરશું .. એમ કરશું માટે અમારી વૃત્તિ જશે એમ નથી કહેતા? વૃત્તિનું ઉત્થાન એ પણ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**બુદ્ધિ વડે-વિવેકજ્ઞાન વડે,...**' આહાહા..! '**પછી ઉત્તમ કાયમાં-**' આહાહા..! '**तदुत्तमे काये**' ભાષા દેખો! આહાહા..! કહે છે કે આ બાજુ શરીર અને પાંચ ઈન્દ્રિયના વિષયોનું વલણ એ પરકાયમાં પ્રેમ છે જરી. એને સ્વકાયનો પ્રેમ સ્વ આત્મા પોતે... છે? '**तदुत्तमे काये**' '**વિવેક જ્ઞાન વડે, પછી ઉત્તમ કાયમાં—**' પ્રભુ આત્મા ઉત્તમ કાય છે એ. આહાહા..! અતીન્દ્રિય જ્ઞાન અને આનંદથી ભરેલો એ શરીર છે. એનું જ્ઞાનશરીર છે, એનું આનંદશરીર છે, એનું શાંતશરીર છે. એ શરીર લે. આહાહા..! કાયામાં જાય છે એટલે શરીરના લક્ષે પાંચ ઈન્દ્રિયના વિષયમાં જતાં જરી વૃત્તિ ઊભી થાય છે રાગાદિની, ધર્મીને તો. આહાહા..! ઉત્તમ કાયમાં જાને હવે. સમજાણું કાંઈ? ભાષા તો જુઓ આચાર્યની! આહાહા..! એ અનંત ગુણનો પિંડ તારી ઉત્તમ કાયા એ... પ્રવિણભાઈ! આહાહા..! ભાષા ફેરવીને વાત કરી છે.

આમ પાંચ ઈન્દ્રિય તરફ જતાં પર તરફની વૃત્તિ જરી ઊઠે છે તો એ કાયના સમૂહ તરફ ન

જતાં આ ઉત્તમકાય પ્રભુ બિરાજે છે ત્યાં જાને. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત. ઓલો કહે કે એક રાજા હતો ને આમ કર્યું. દીક્ષા લીધી ને ફલાણું કર્યું.

મુમુક્ષુ :- પછી કેવળજ્ઞાન થયું.

ઉત્તર :- ન્યાં રાવણની વાર્તા વાંચતા અમારે. (સંવત) ૧૯૭૦માં. શું કહેવાય? ભાવસાગર કહેવાય છે. એમાં વાંચ્યું તો રાવણને.. એ રામાયણમાં રામ હોં. રામમાં. અને આમાં તો કૃષ્ણ ઓલા કંસને મારવા આવ્યા. વાંચતા-વાંચતા એ વાંચનારો એ વખતે (અધુરું) મૂકે તો ઝટ માણસ આવે. હવે કંસને કાલે મારશે. અરે.. ભગવાન! શું કરે છે? લક્ષ્મણ જાગ્યા. ઓલામાં હતા ને? શક્તિ રાવણની હતી ને? વાગ્યું તો અસાધ્ય થઈ ગયા હતા ને? તો એમાં સ્ત્રી આવી ... કઈ? વિશલ્યા. એણે પૂર્વે બહુ તપ કરેલું તો એને એવી શક્તિ થઈ સ્ત્રીની. રાજાની દીકરી હતી. એવી શક્તિ એની કે એને પાણી નાહીને અડાડે તો અસાધ્ય મટી જાય. એ જ્યાં આવી અંદર, ખબર પડી રામને કે આ બાઈ પાણી છાંટે છે. હેં! ભરતની ઉપર લખ્યું, તમારા રાજમાં એક રાજની કુંવરી છે વિશલ્યા એને અહીં મોકલો. લક્ષ્મણ તો અસાધ્યમાં હતા. રામને પણ અંદર એમ થઈ ગયું, આમ તો અંતર પ્રતીતિ હતી અમે રામ છીએ, આ બળદેવ છે, આ વાસુદેવ છે. એ કોઈના માર્યા મરે નહિ. પણ અસ્થિરતામાં એમ થઈ ગયું જરી.

કીધું હતુંને અમે ત્યાં ગાતા ત્યાં પાલેજમાં. ૬૪ની સાલમાં. 'આવ્યા હતા ત્યારે ત્રણ જણા અને જાશું એકાએક, એ માતાજી ખબરું પૂછશે ત્યારે શું જવાબ દઈશ? બંધવ જાગને હો જી લક્ષ્મણ એકવાર જાગને હો જી.' એકવાર બોલ તો ખરો. એને ઊંડાણમાં હતું હોં કે મરી ન ગયો હોય, પણ એવા અસાધ્ય થઈ ગયા ને. જો સવાર પહેલાં અસાધ્ય ન ઉતરે તો દેહ છૂટી જશે એવા ભણકારા આવ્યા. જાવ. બાઈ જ્યાં પેસે છે મંડપમાં, ત્યાં સેનાઓને ઘા વાગેલા એ ઘા રૂઝાવા માંડ્યા. એય.. પોપટભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એવો સંબંધ નિમિત્ત-નૈમિત્તિકનો. એને એવો એનો કાળ અને આ એક (બની ગયું).

ભગવાનને જન્મનો કાળ અને દુનિયામાં નારકીને જરી સુખનું થવું. એ કાંઈ ભગવાનના જન્મથી નથી એને. એકવાર ચૌદ બ્રહ્માંડમાં હલી જાય બધા વિમાનો. આહા..! શું છે? ત્રણ લોકના નાથ તીર્થંકરનો જન્મ મહોત્સવ છે. દેવો સિંહાસનમાં હોય તો હેઠે ઊતરી જાય, ફડાક દઈને. ઓહો..! ક્યાં પ્રભુ અવતર્યા? નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. એનાથી થાય છે એ તો વ્યવહારના કથન છે. આવા કથનો ઘણા વ્યવહારના. એમ આ પેઠી અને પાણી જ્યાં છાંટ્યું, (લક્ષ્મણ જાગ્યા અને પૂછ્યું), ક્યાં ગયો રાવણ? કારણ કે અંદરમાં તો એ હતું. માર્યો રાવણને. આવી વાતું મૂકેને કે કાલે રાવણને મારશે. વહેલા સાંભળવા જાય. અરે.. ભગવાન! શું કામ છે? વિકથાઓ છે બધી. આહાહા..! ભગવાન એ રાગ અને અજ્ઞાનને મારશે એ વાત લાવને. આહાહા..! સમજાણું કાંઈ? એવી વાત હોય તો સાંભળવામાં ભલે આવે માણસો, એ ધર્મકથા છે.

અહીં કહે છે કે પરકાયા ઉપર લક્ષ હતું ને. આહાહા..! એ પર તરફના વલણની વૃત્તિઓનું ઉત્થાન થાય છે. સમકિતીને થાય, મુનિને થાય કહે છે. આહાહા..! તો એ ચિદાનંદમાં એ ઉત્તમ કાયમાં લગાવવી વૃત્તિને. આહાહા..! જ્ઞાન-વિઘ્ન આવે છેને? પ્રભુ તું તો જ્ઞાનશરીરી છો. આ તો માટી જડ છે. ચૈતન્યને આ શરીર હોય? ભાઈ! ભાષા તો એવી વાપરી છે.

'**तदुत्तमे काये योजयेत्प्रेम**' આહાહા..! તે કાળે ઉત્તમ કાયમાં પ્રેમને જોડી દે અહીં. જે અહીં પ્રેમ ગયો છે એને અહીં વાળી દે. આહાહા..! દિગંબર સંતો કામ કરીને ચાલ્યા ગયા અને દુનિયાની પાસે વાત મૂકી ગયા. આહાહા..! અહીં સમ્યગ્દર્શન પછીની વાત છે આ. પણ જેને હજી સમ્યગ્દર્શન પણ નથી એને શું કરવું? કે એને પહેલું સ્વભાવ સન્મુખ થઈને દર્શન કરવું. સમજાણું કાંઈ? ભગવાને કહેલી જે વસ્તુને સ્વીકારવી છે ભગવાને કહેલી, એ સ્વીકારવી છે તો તેની સન્મુખ થા તો સ્વીકારાય છે. આહાહા..! એ સન્મુખની ક્રિયાની જ હજી ખબર ન મળે. આહાહા..! એને આ રાગ થાય ને પછી અહીં વળજે, એ ક્યાં બેસે એને? આહાહા..! ઉત્તમ કાય ભાળી જ નથી. આહાહા..! ભગવાન આનંદશરીરી પ્રભુ, ચિદાનંદમય લખ્યું છે નીચે. ઓલા અર્થમાં લખ્યું છે. '**ઉત્તમ ચિદાનંદ કાયમાં આત્મસ્વરૂપ...**' અર્થમાં છે. અન્વયાર્થમાં. અને પછી પણ છે. '**અગાઉ કહેલી કાય કરતાં ઉત્તમ કાયમાં–ચિદાનન્દમય કાયમાં...**' આહાહા..! માંસ ને હાડકા ને લોહી ને વીર્ય, પેશાબ અને વિષ્ટા એનો આ પિંડ છે. આહાહા..! એના પડખે જાતી વૃત્તિને.. મહાપ્રભુ અમૃતનો સાગર પડ્યો છેને કહે છે. અને તને ખબર છે. સમકિતી લીધો છેને. આહાહા..!

એ ઉત્તમ કાય—ચિદાનન્દમય કાય. આહાહા..! જ્ઞાનાનંદમય પ્રભુ. આહાહા..! અતીન્દ્રિય.. આત્મા ... આહાહા..! ત્યાં જા ને. તારી વૃત્તિઓ શાંત થઈ જશે. એ વૃત્તિઓ ઉત્પન્ન નહિ થાય. સમજાણું કાંઈ? જેણે ઘર જોયું છે એને .. છે. આહાહા..! એને પણ ... અમારા તરફની વૃત્તિ ભક્તિનો વિકલ્પ ઉઠતો હોય તને તો ... છે કહે છે. સમજાણું કાંઈ? આવો માર્ગ છે ભાઈ! આ તો શાસ્ત્રના ભણતર ભણી જાય અને વાતું કરે, શરીરથી બ્રહ્મચર્ય પાળે અને વસ્તુ એ પ્રાપ્ત થાય એવી એ ચીજ નથી. આહાહા..!

'**ઉત્તમ કાય...**' ભાષા તો જુઓ! આ .. કાયા છે. પાંચ ઇન્દ્રિય તરફના .. બધા એના ભાવ ઇન્દ્રિય.. એ .. કહ્યું હતું ને. .. પાંચ ઇન્દ્રિયના અવયવ .. અને એમાં લક્ષ જાય બાહ્ય ઇન્દ્રિય, એના લક્ષમાં આવતો પદાર્થ... વલણમાં જતાં.. વલણને પાછો ખેંચ. આહાહા..! શુદ્ધ ચૈતન્ય આનંદસ્વરૂપ પ્રભુ છે ને. આહાહા..! એ તો તને ખબર છે કહે છે. આહાહા..! એમાં વિવેક એને .. જોડવો? નિર્જરામાં આવે છે ને નહિ? પ્રીતીવંત. સદા પ્રીતીવંત.. મોહ. .. નહિ?

**આમાં સદા પ્રીતિવંત, આમાં સદા સંતુષ્ટ ને,**
**આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો ઉત્તમ થશે.**

નિર્જરા અધિકારમાં. ... અરે.. એવા .. બાપા! આમાં સદા પ્રીતિવંત, આમાં સદા સંતુષ્ટ. આહાહા..! આમાં સદા તૃપ્ત. ... ઉત્તમ સુખ થશે. ..માનેલા સુખ .. જેવા છે. સમજાણું કાંઈ? એને

.. ભાઈ! એને એ જાતનો પ્રેમ ત્યારે ને. વિકલ્પ જ નથી. આહાહા..! આ મોટી ઉંમર.. આત્મા આત્મા કરે એ આત્મા .. છોકરા થયા .. છોકરા, ધંધા.. આહાહા..! કહે છે કે ભગવાન! એ બહાર જતી ઉત્થાન વૃત્તિ છે ને. વૃત્તિ? .. પૂજા કરું, આ કરું. શરીરને શણગારવાની વૃત્તિ ઉઠે, ખોરાક દેવો વગેરે.. હાય.. હાય..

હવે એને કાય પડી છેને અંદર. કાય એટલે સમૂહ. .. ધૂળનો સમૂહ છે. આહાહા..! .. **એટલે આત્મસ્વરૂપમાં તેને (પ્રેમને) જોડવો. શા વડે?** બુદ્ધિ વડે એટલે અંતર દૃષ્ટિ વડે. અંતર ભગવાન બિરાજે છે ત્યાં દૃષ્ટિ વડે. આહાહા..! '**પછી શું થાય છે? પ્રેમ નાશ પામે છે એટલે શરીર પ્રત્યેનો પ્રેમ રહેતો નથી.**' આહાહા..! (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પોષ વદ ૩, ગુરુવાર તા. ૩૦-૦૧-૧૯૭૫
## શ્લોક-૪૦, પ્રવચન - ૫૧
## નોંધ :- ઉપલબ્ધ નથી

## પોષ વદ ૪, શુક્રવાર તા. ૩૧-૦૧-૧૯૭૫
## શ્લોક-૪૦-૪૧,
## પ્રવચન - ૫૨

કહે છે કે આત્મા જે વસ્તુ છે (એ) પોતે સચ્ચિદાનંદ સ્વરૂપ છે. આનંદ ચિદાનંદ સ્વરૂપ છે. એને વર્તમાન ઉપયોગથી એના ચિદાનંદમાં વાળવો. જે અનાદિથી પોતાનો ચિદ્‌ઘન આનંદસ્વભાવ એને ભૂલીને પર તરફના વલણમાં વિકલ્પો પુણ્ય-પાપના અનંત વાર કર્યા, પણ ક્યાંય સુખ મળ્યું નહિ. ક્યાં સુખ ત્યાં ક્યાં છે? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ એવા ભાવ અનંત વાર કર્યા. એ પરિણામ પોતે દુઃખરૂપ છે. ઝીણી વાતું છે.

ઓલાએ એમ કહ્યું, ચારિત્ર બંધનું કારણ છે. વળી બીજે ઠેકાણે કહ્યું વ્યવહાર ચારિત્ર સાધક છે. આવે છે ખરું ને. કઈ અપેક્ષાએ? એ તો નિમિત્તપણું બતાવવું છે. આહાહા..! વ્યવહાર એટલે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના ભાવ એ તો રાગ છે. વૃત્તિ સ્વરૂપમાં નથી એવી વૃત્તિ ઊભી થાય છે. એ વૃત્તિ કાંઈ સ્વરૂપને પામવાનું સાધન નથી. એને છોડી ઉપયોગને એટલે જાણનાર દેખવાનો જે ભાવ છે, જાણવા-દેખવાનો જે ભાવ છે એને ચિદાનંદમાં વાળવો.

'**ચિદાનંદસ્વરૂપમાં એકાગ્ર કરવા ઈચ્છનારે પ્રથમ તો પોતાના સ્વરૂપને દેહાદિથી ને રાગાદિથી અત્યંત ભિન્ન જાણવું જોઈએ.**' જેને આત્માના આનંદનો સ્વાદ લેવો હોય.. આહાહા..! એટલે કે આત્માની પ્રાપ્તિ કરવી હોય એણે આત્મા દેહ, વાણી, મનથી, કર્મથી જુદો અને જે દયા,

દાન, વ્રત, કામ, ક્રોધના ભાવ થાય એનાથી અત્યંત ભિન્ન જાણવો જોઈએ. **'જગતના કોઈ પણ બાહ્ય વિષયોમાં કે તે તરફના રાગમાં ક્યાંય સ્વપ્નેય મારું સુખ કે શાન્તિ નથી,...'** આહાહા..! આ સેવાભાવી સેવાભાવી કહે છેને જગત? ભાઈ આવ્યા હતા એ સેવાભાવી હતા. પારસમલ. પણ અહીં સાંભળીને જરી (એમ થયું), ઓય બાપા! અમે તો એવું માનતા હતા કે ધર્મ કરનારને કેટલા કષ્ટ કરવા પડે, કેટલા અપવાસ ને વ્રત ને (કરવા પડે). આ તો બહુ સરળ માર્ગ છે. સરળ એટલે અંદર છે ભગવાન એને પ્રાપ્ત કરવો છે. આહાહા..! એ સેવાભાવી (હતા). સેવા બહુ કરે. નરમ માણસ ખરો. અરેરે..! કોની સેવા કરે? પરની સેવા કરી શકે છે? વિકલ્પ આવે એ તો બંધનું કારણ છે. આહાહા..! પાછા ઓલા કહે ને...? શું કીધું? પરમ ધર્મો.

મુમુક્ષુ :- સેવા ધર્મ પરમ જ્ઞાનં યોગિનાં અપિ ગમ્યમ્

ઉત્તર :- યોગીના અપિ ગમ્યમ્. આવા લાકડા નાખ્યા. એ વાત સાચી. આત્મા આનંદની સેવા, પરમધર્મ છે.

વસ્તુ છે ને એ ? આત્મા વસ્તુ છે એમાં અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન પૂર્ણ ભર્યું છે. એથી એને ચિદાનંદ સ્વરૂપ કહેવામાં આવે છે. ચિદ્ એટલે જ્ઞાન અને આનંદ બેય પૂર્ણ સ્વરૂપ છે. એ જ એનું સ્વરૂપ છે, પણ એને ભૂલી પુણ્ય અને પાપના વિકલ્પોની વૃત્તિઓ અનંત વાર કરી પણ ત્યાં ક્યાંય સુખ નથી, ત્યાં આત્મા નથી. આહાહા..!

**'અનંતકાલ બહારના ભાવો કર્યા પણ મને કિંચિત્ સુખ ન મળ્યું.'** ક્યાંથી મળે? કીધું ને 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો,...' મુનિવ્રત. અઠ્યાવીશ મૂળગુણ ને પંચ મહાવ્રત ને એ તો બધી વૃત્તિનું ઉત્થાન આસ્રવભાવ છે, બંધભાવ છે. ભગવાન આત્મા તો અબંધસ્વરૂપ છે. રાગના અને કર્મના સંબંધ વિનાની ચીજ છે એ. આહાહા..! અબંધસ્વરૂપને એવા બંધભાવથી પ્રાપ્ત થાય એવું એ સ્વરૂપ છે નહિ. સમજાણું કાંઈ?

**'જગતમાં ક્યાંય મારું સુખ હોય તો તે મારા નિજ સ્વરૂપમાં જ છે,...'** આનંદ જોતો હોય, સુખ જોતું હોય, ધર્મ જોતો હોય, જીવનો ધર્મ. ધર્મ એટલે જીવનો સ્વભાવ. એ તો અતીન્દ્રિય આનંદ છે. એ આનંદ જોતો હોય તો ત્યાં મળે એવો છે. **'બીજે ક્યાંય નથી.'** આહાહા..! દેહ, સ્ત્રી, કુટુંબ, પરિવાર, આબરુ, પૈસા કે પુણ્ય-પાપના ભાવ એમાં ક્યાંય સુખ નથી. બરાબર છે? આ તમને બધા સુખી કહે છેને પૈસાવાળાને? પાગલ હોયને એ પાગલના વખાણ કરે કે આ સુખી છે. .. શેના સુખ? આહાહા..! એ આપણે આવ્યા હતાને એક ફેરી વઢવાણના મોહનભાઈના વેવાઈ. એ કહે કે અમારા વેવાઈ સુખી છે. ઘણા વર્ષની વાત છે. આહાહા..! અમારા વેવાઈ બહુ સુખી છે. સુખની વ્યાખ્યા શું?

મુમુક્ષુ :- પૈસે ટકે સુખી છે.

ઉત્તર :- પૈસે ટકે ઝેરથી સુખી. આહાહા..! જેટલો પરનો આશ્રય કરે ત્યાં દુઃખની વૃત્તિ ઉત્પન્ન થાય છે. આહાહા..!

અહીં તો પરમાત્મા સર્વજ્ઞ પરમેશ્વર વાણીમાં એમ કહે કે અમારા તરફની ભક્તિનો ભાવ પણ તને દુઃખરૂપ છે. આહાહા..! આવે, જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન હોય ત્યાં સુધી એમાં અશુભથી બચવા એવો ભાવ હો, પણ એ છે દુઃખરૂપ. આહાહા..! એ આત્માના આનંદને સાધનરૂપ છે એમ નથી. '**માટે હવે હું બહારનો ઉપયોગ છોડીને...**' પર તરફના વલણવાળી વૃત્તિઓને ઉપયોગ એ તરફનો જાય એને છોડી '**મારા સ્વરૂપમાં જ ઉપયોગને જોડું છું.**' ક્રિયા છે આ બાપા. આ અપૂર્વ માર્ગ એણે અનંત કાળમાં કોઈ દિ' લીધો નથી. સમજાણું કાંઈ?

આત્મજ્ઞાન પામવાનો આ પંથ છે. આત્મજ્ઞાન એટલે? જેવું એનું સ્વરૂપ છે તેનું જ્ઞાન. એ તો સ્વરૂપ તરફ વળવાથી પ્રાપ્ત થાય. પર તરફ વળવાથી થાય? આહાહા..! અરે..! ઝીણી વાત ભારે જગતને. મોટી આ તકરારો પંડિતોને ને આ સાધુ થયા એ બધાને. આ સોનગઢવાળા એકાંત કરે છે. કાંઈ વાંધો નહિ બાપુ હોં! ભલે કહો. આહાહા..! '**સમ્યક્ એકાંત(થી) ચૈતન્યમાં આનંદ છે એમ વળ્યા વિના એને પર્યાયનું અને રાગનું યથાર્થ અનેકાંત જ્ઞાન યથાર્થ થાય જ નહિ. આહાહા..!**'

અહીંયાં કહે છે '**હું બહારનો ઉપયોગ...**' ઉપયોગ એટલે બહાર તરફ જતી લાગણીઓ એને છોડી '**મારા સ્વરૂપમાં જ ઉપયોગને જોડું છું.**' આહાહા..! જ્યાં છું ત્યાં જાઉં છું. એમ. આહાહા..! '**આવા દૃઢ નિર્ણય પૂર્વક, ધર્મી જીવ વારંવાર પોતાના ઉપયોગને...**' એટલે જ્ઞાનની દશાને '**અંતર સ્વરૂપમાં જોડે છે.**' આહાહા..! આવો માર્ગ છે. સમજાણું કાંઈ?

'**ચૈતન્ય-સ્વભાવની મહત્તા અને બાહ્ય ઈન્દ્રિય-વિષયોની તુચ્છતા જાણીને...**' આહાહા..! ભગવાન આત્માના સ્વભાવની મહત્તા અતિશયતા, વિશેષતા જાણીને બહાર તરફ વળવાના ભાવને તુચ્છતા જાણી... આહાહા..! '**પોતાના ઉપયોગને વારંવાર ચૈતન્ય-ભાવનામાં જોડવાથી...**' વર્તમાન દશાને અંતર દશાવાન ત્રિકાળ એની સાથે જોડવાથી.. આહાહા..! '**પર પ્રત્યેનો પ્રેમ નાશ પામે છે...**' પ્રભુ પૂર્ણાનંદના પ્રેમમાં પડતાં એને પર પ્રત્યેનો પ્રેમ નાશ પામે છે. આ વાત છે. '**ને વીતરાગી આનંદનો અનુભવ થાય છે.**' અને વીતરાગી આનંદ. દુનિયાના વિષયમાં સુખનો જે આનંદ એ તો ઝેર અને દુઃખ છે. પાંચ ઈન્દ્રિયનો વિષય બધું (ઝેર છે). વિષય શબ્દે સ્ત્રીનો વિષય એ તો એની પ્રધાનતા છે, પણ પાંચ ઈન્દ્રિયમાં સાંભળવું, જોવું, મનમાં ચિંતવવું કલ્પના એવી પાંચ ઈન્દ્રિય અને મનનો વિષય જેટલો બહાર જાય છે એ બધું દુઃખરૂપ છે. આહાહા..! ભારે વાતું. અને અંતરમાં ચૈતન્યસ્વરૂપ પૂર્ણાનંદનો નાથ સહજાનંદની મૂર્તિ પ્રભુ છે એમાં વર્તમાન દશાને વાળતાં એને વીતરાગી આનંદ આવે છે. વીતરાગી અતીન્દ્રિય આનંદ આવવો એનું નામ ધર્મ છે. આહાહા..! આ તો એકાંત છે એમ લોકો કહે છે. આ એક ધર્મ છે, વ્રત કરવા, અપવાસ કરવા, ભક્તિ કરવી, દયા પાળવી, મોટા ગજ હાથી ને ગજરથ (કાઢવા). હતા તમે અહીં તે દિ' ઉદ્ઘાટનમાં? પાંચ હાથી આવ્યા હતા અહીં. આવ્યા હતા. બહુ મોટી ધમાલ શું હતી ત્યારે ઈ? એ તો બહારની ક્રિયા થવાને કાળે થાય, એમાં આત્મા કરી શકે એ વાત નથી. આહાહા..! હા, એને શુભભાવ હોય કે આવું થાય તો ઠીક. એટલું. પણ એ શુભભાવ પર તરફના વલણવાળો ભાવ દુઃખરૂપ છે. આહાહા..!

મુમુક્ષુ :- એટલા બધા .. વ્યાજબી કહેવાય?

ઉત્તર :- રામજીભાઈ મોટા આવડા મોટા .. કંકોત્રી લખી હતી. કેટલા? ૨૬ હજાર માણસ થયા હતા. તે હજી તકરાર હતી ઓલા અંદર શું કહેવાય? પ્રજામાં નહોતું કાંઈક? અમદાવાદ ને કલોલ ને સુરત ને. કાંઈક હતું. (નવનિર્માણ) એટલે. નહિતર તો ૫૦-૬૦ હજાર માણસ થાત. કેટલી બસુ પાછી ગઈ. ત્યાં તો અશાંતિ છે કાઠિયાવાડમાં સૌરાષ્ટ્રમાં. બિચારા ન આવી શક્યા. ૨૬ હજાર. ગામ-માં ચાર હજાર અને બહારનું ૨૬ હજાર. એ તો બહારની ચીજ બાપુ! એ બહારનું થવાનું હોય એ થાય. એમાં જીવનો અધિકાર કાંઈ નથી. એના તરફના વલણનો ભાવ ભલે શુભ હો, છે તો શુભરાગ અને વિકાર. આહાહા..! અરેરે..! આ વાત ભારે કઠણ જગતને. સમજાણું કાંઈ?

આત્માના આનંદસ્વરૂપમાં અંદર જોડવો ભાવને ત્યારે એને વીતરાગી આનંદ થાય. કેમકે આનંદસ્વરૂપ વીતરાગ સ્વરૂપમાં પડ્યું છે અંદર. .... ઢેબરું સારું તળીને થાળીમાં પડે. પુડલો પડે સારો લ્યોને. ચણાના લોટનો. ખુશી ખુશી થઈ જાય. આ શું છે? પુડલો સમજો છો? પુડલો નથી સમજતા? ચણાના લોટના, ઘઉંના-ઘઉંના કરે છે. ગળ્યા નહિ? આમ પોચું લાગે. શું છે બાપુ? એ તો જડ છે. માલપુવા જુદી ચીજ. ઘઉંના માલપુવા જુદી ચીજ. ત્યાં આપણે ગયા હતા ને? અલીગઢ ને? અલીગઢ નહિ? ત્યાં શેઠિયા હતા. અલીગઢ ગયા હતા. એક ભાઈ આવ્યા હતા. કરોડપતિ છે ને આ? શોભાલાલ. શોભાલાલ છેને? શોભાચંદજી. બે-ત્રણ કરોડ રૂપિયા છે. ત્રણ-ચાર કરોડ રૂપિયા. એ આવ્યા હતા. એણે હજાર રૂપિયા આપ્યા હતા. એક દિ' રહ્યા હતા. સાંજે પાછા નીકળી ગયા. એણે હજાર આપ્યા. ગામમાં રહ્યા ત્યારે .. જેટલા મહેમાનો આવે એને પુડલા જમાડતા હતા. પુડલા શું માલપુવા. .. કોઈપણ આવે દર્શન કરવા ગામડામાંથી બધાને માલપુવા (ખવડાવે). લોકો ખુશી થઈ જાય. આહાહા..! પણ એ માલુપવા છે કે માલપુવા તો અહીં છે? આહાહા..!

માલપુવા અંદર ચિદાનંદ આત્મા અંદર માલ ભર્યો છે. અરેરે..! અરે..! એની ખબરું ન મળે અને જ્યાં ત્યાં ફાંફા મારે સુખ માટે.

---

**तस्मिन्नष्टे किं भवतीत्याह–**

**आत्मविभ्रमजं दुःखमात्मज्ञानात्प्रशाम्यति।**
**नायतास्तत्र निर्वान्ति कृत्वापि परमं तपः।।४१।।**

**આત્મભ્રમોદ્‌ભવ દુઃખ તો આત્મજ્ઞાનથી જાય;**
**તત્ર યત્ન વિણ ઘોર તપ તપતાં પણ ન મુકાય. ૪૧.**

**टीका :– आत्मविभ्रमजं आत्मनो विभ्रमोऽनात्मशरीरादावात्मेति ज्ञानं। तस्माज्जातं यत् दुःखं तत्प्रशाम्यति। कस्मात? आत्मज्ञानात् शरीरादिभ्यो भेदेनात्मस्वरूपवेदनात्। ननु दुर्धरतप–ोऽनुष्टानान्मुक्तिसिद्धेरतस्तद्दुःखोपशमो न भविष्यतीति वदन्तं प्रत्याह–नेत्यादि। तत्र आत्मस्वरूपे**

अयताः अयत्नपराः। न निर्वान्ति न निर्वाणं गच्छंति सुखिनो वा न भवन्ति। किं कृत्वापि तत्त्वाऽपि। किं तत्। परमं तपः दुर्द्धरानुष्ठानम्।।४१।।

---

તે (પ્રેમ) નાશ પામતાં શું થાય છે તે કહે છે :-

શ્લોક – ૪૧

અન્વયાર્થ :- (आत्मविभ्रमजं) આત્માના વિભ્રમથી ઉત્પન્ન થયેલું (दुःख) દુઃખ (आत्मज्ञानात्) આત્મજ્ઞાનથી (प्रशाम्यति) શાન્ત થાય છે. (तत्र) તેમાં એટલે ભેદજ્ઞાન દ્વારા આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરવામાં (अयता) જે પ્રયત્ન કરતા નથી તે (परम) ઉત્કૃષ્ટ દુર્દ્ધર (तपः) તપ (कृत्वा अपि) કરવા છતાં (न निर्वान्ति) નિર્વાણને પ્રાપ્ત કરતા નથી.

ટીકા :- આત્મવિભ્રમથી ઉત્પન્ન થયેલું–અર્થાત્ અનાત્મરૂપ શરીર વગેરેમાં આત્મબુદ્ધિ તે આત્મવિભ્રમ, તેનાથી ઉત્પન્ન થયેલું જે દુઃખ તે શાન્ત થાય છે. શાનાથી? આત્મજ્ઞાનથી– એટલે શરીરાદિથી ભેદ કરીને આત્મસ્વરૂપનું વેદન કરવાથી.

દુર્દ્ધર તપના અનુષ્ઠાન (આચરણ)થી તો મુક્તિની સિદ્ધિ થવાથી તે દુઃખનો ઉપશમ થશે નહિ–એવી આશંકા કરનારને કહે છે– ન ઇત્યાદિ... તેમાં એટલે આત્મસ્વરૂપને વિષે યત્ન નહિ કરનારા નિર્વાણ પામતા નથી અર્થાત્ સુખી થતા નથી. શું કરીને પણ?–તપીને પણ, શું તપીને? પરમ તપ એટલે દુર્દ્ધર અનુષ્ઠાન. (અર્થાત્ દુર્દ્ધર તપ તપીને પણ તેઓ મોક્ષ પામતા નથી.)

ભાવાર્થ :- આત્મભ્રાન્તિથી એટલે શરીરાદિમાં આત્મબુદ્ધિ કરવાથી જે દુઃખ ઉત્પન્ન થાય છે તે ભેદજ્ઞાનથી નાશ પામે છે. ભેદવિજ્ઞાન દ્વારા આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે જે પ્રયત્ન કરતા નથી, તે ઘોર તપ કરવા છતાં મોક્ષમાર્ગની કે નિર્વાણની પ્રાપ્તિ કરી શકતા નથી.

વિશેષ

શરીરાદિ અને રાગાદિમાં આત્મબુદ્ધિ કરવી તે વિભ્રમ છે–આત્મભ્રાન્તિ છે. તે દુઃખનું કારણ છે. શરીરાદિથી ભિન્ન આત્મસ્વરૂપનો અનુભવ કરવાથી–સ્વપરનું ભેદજ્ઞાન કરવાથી અર્થાત્ દેહાદિથી અને શુભભાવથી પણ ભિન્ન જ્ઞાન–દર્શન સ્વરૂપ જ હું છું, બીજું કાંઈ મારું નથી એવા આત્મજ્ઞાનથી આ દુઃખરૂપ ભ્રાન્તિ દૂર થાય છે. આવા ભેદવિજ્ઞાનના પ્રયત્ન વગર ઘોર તપ કરે તો પણ જીવ સાચો ધર્મ પામતો નથી.

મુક્તિ–પ્રાપ્તિ માટે આત્મજ્ઞાનપૂર્વક કરેલું ઇચ્છાનિરોધરૂપ તપ જ કાર્યકારી છે. આત્મજ્ઞાનથી શૂન્ય તપ તે તપ નથી. તે તો સંસાર–પરિભ્રમણનું જ કારણ છે. તેનાથી આત્મા કદી પણ સ્વરૂપમાં સ્થિર થઈ શકતો નથી અને કર્મબંધનથી છૂટી શકતો નથી. તેની દુઃખ પરંપરા ચાલુ જ રહે છે.

**પં. શ્રી ટોડરમલજીએ કહ્યું છે કે :–**

**''જિનમતમાં એવી પરિપાટી છે કે પહેલાં સમ્યક્ત્વ હોય પછી વ્રત હોય. હવે સમ્યક્ત્વ તો સ્વપરનું શ્રદ્ધાન થતાં થાય છે તથા તે શ્રદ્ધાન દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરવાથી થાય છે; માટે પ્રથમ દ્રવ્યાનુયોગ અનુસાર શ્રદ્ધાન વડે સમ્યગ્દૃષ્ટિ થાય અને ત્યાર પછી ચરણાનુયોગ અનુસાર વ્રતાદિ ધારણ કરી વ્રતી થાય...''૧**

**મિથ્યાદૃષ્ટિ જીવ આત્મજ્ઞાન વિના કરોડો જન્મ સુધી તપ કરીને જેટલા કર્મોનો અભાવ કરે તેટલાં કર્મોનો નાશ, જ્ઞાની પોતાના મન-વચન-કાયનો નિરોધ કરી ક્ષણવારમાં સહજ કરી દે છે. આત્મજ્ઞાન વિના પંચ મહાવ્રત પાળીને-મુનિ તઈને તે નવમી ગ્રૈવેયક સુધી દેવલોકમાં અનંતવાર ગયો પણ જરાય સુખ ન પામ્યો.૨**

**અજ્ઞાની જીવની ક્રિયા સંસારને માટે સફળ છે ને મોક્ષને માટે નિષ્ફળ છે અને જ્ઞાનીની જે ધર્મક્રિયા છે તે સંસારને માટે નિષ્ફળ છે અને મોક્ષને માટે સફળ છે.૩ ૪૧.**

## શ્લોક-૪૧ ઉપર પ્રવચન

**'તે (પ્રેમ) નાશ પામતાં શું થાય છે તે કહે છે :–'** ૪૧.

**आत्मविभ्रमजं दुःखमात्मज्ञानात्प्रशाम्यति।**
**नायतास्तत्र निर्वान्ति कृत्वापि परमं तपः।।४१।।**

આહાહા..!

**'ટીકા :– આત્મવિભ્રમથી ઉત્પન્ન થયેલું-અર્થાત્ અનાત્મરૂપ શરીર વગેરેમાં આત્મબુદ્ધિ...'** આહાહા..! શરીરને આત્મા માન્યો એણે. આ જડની સંભાળ સવારથી. આહાહા..! ચા ને ખાખરા સવારમાં ખાય ઊઠીને. પછી રોટલા વખતે વળી ઈચ્છા પ્રમાણે ખાય બધું. વળી સાંજે ખીચડી, કઢી ને ભજીયા.

---

૧. મોક્ષમાર્ગ પ્રકાશક-ગુ. આવૃત્તિ પૃ.૨૯૫.
૨. પં. શ્રી દોલતરામજી કૃત છહઢાલા-૪/૪
કોટિ જન્મ તપ તપૈ, જ્ઞાન વિન કર્મ ઝરૈં જે,
જ્ઞાની કે છિનમાંહિ, ત્રિગુપ્તિ તૈ સહજ ટરૈં તે;
મુનિવ્રત ધાર અનંતવાર ગ્રીવક ઉપજાયો,
પૈ નિજ આતમજ્ઞાન વિન, સુખ લેશ ન પાયૌ..(૪/૪)
૩. જાુઓ. શ્રી પ્રવચનસાર-ગાથા-૧૧૬ની ટીકા.

મુમુક્ષુ :- ખીચડી કઢી જૂના વખતમાં.

ઉત્તર :- એ ખીચડી-કઢી જૂના વખતમાં. હવે એમ કે ભજીયા અને ઓલું.. આહાહા..! પછી એક જણો રાતે સૂતો હોય તો ... આહાહા..!

'**આત્મવિભ્રમથી ઉત્પન્ન થયેલું-અર્થાત્ અનાત્મરૂપ શરીર...**' વાણી, પૈસા, આબરુ, કીર્તિ '**વગેરેમાં આત્મબુદ્ધિ તે આત્મવિભ્રમ,...**' આહાહા..! શું કહેવાય તમારે મુંબઈમાં નથી કહેતા? આમચી મુંબઈ એમ કાંઈક કહે છેને?

મુમુક્ષુ :- આમચી મુંબઈ.

ઉત્તર :- હા, એ આમચી મુંબઈ. ઓલા દક્ષિણી. આમચી મુંબઈ. મારી નાખ્યા. મુંબઈ ક્યાં તારા બાપનું હતું? બાપની નહોતી, એની હતી. આહાહા..! મુંબઈના રજકણ અને આત્મા આ તો પરવસ્તુ છે. મારી નાખ્યા. દેશ માટે આ કેટલાક મરી ગયાને જુવાન છોકરાઓ. દેશની સેવામાં. શું કહેવાય?

મુમુક્ષુ :- શહીદ.

ઉત્તર :- શહીદ થયા. શહીદ થયા. અરેરે..! ... એ આત્મવિભ્રમ. તને ભ્રમ ચડ્યો ભગવાન! પરવસ્તુ હું મેળવું અને પર વસ્તુમાં હું અને એ તે હું અને એ મારામાં અને હું એનામાં. આહાહા..! હું શરીરમાં અને શરીર મારામાં, હું રાગમાં અને રાગ મારામાં. આહાહા..! આવો જે આત્મામાં ભ્રમ, વિભ્રમ (થાય)... આહાહા..! તે દુઃખ છે.

'**તેનાથી ઉત્પન્ન થયેલું જે દુઃખ તે શાન્ત થાય છે.**' તે શાંત થાય છે. '**શાનાથી? આત્મજ્ઞાનથી...**' આહાહા..! હું તો જ્ઞાનસ્વરૂપી પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ છું. બીજી ચીજ કોઈ મારામાં છે નહિ. આહાહા..! જ્યાં જન્મે ત્યાં શરીરને દેખે કે આ જન્મ્યું એ હું. શું થાય? સંભાળ કરે. એ પછી વળી સંયોગ આવે. એની માને દેખે તો રાજી રાજી થઈ જાય નાનામાં. વળી બીજા દેખે ત્યાં.. એ બધી સંયોગી ચીજ તારામાં નથી, તું એમાં નથી. આહાહા..! એવી જે ભ્રમણા એ '**આત્મજ્ઞાનથી- એટલે શરીરાદિથી ભેદ કરીને આત્મસ્વરૂપનું વેદન કરવાથી.**' તે શાંત થાય છે. આહાહા..!

'**દુર્દ્ધર તપના અનુષ્ઠાન (આચરણ)થી તો મુક્તિની સિદ્ધિ થવાથી તે દુઃખનો ઉપશમ થશે નહિ...**' શું કહે છે? '**થશે નહિ-એવી આશંકા કરનારને કહે છે – ન ઈત્યાદિ-તેમાં એટલે આત્મસ્વરૂપને વિષે યત્ન નહિ કરનારા નિર્વાણ પામતા નથી...**' દુર્દ્ધર તપ કરે પણ આત્માના સ્વભાવને પામે નહિ એને કોઈ દિ' શાંતિ મળતી નથી. અપવાસ કરીને મરી જાય, બાર બાર મહિનાના અપવાસ. આહાહા..! દુર્દ્ધર તપ. આકરું તપ. જીર્ણ શરીર થઈ જાય, રસ ખાય નહિ, દૂધ પીવે નહિ, ઘી ખાય નહિ અને શરીર જીર્ણ (થઈ જાય). તો કહે છે કે એવા દુર્દ્ધર તપથી પણ કાંઈ આત્મા પ્રાપ્ત થાય નહિ. આહાહા..! છે?

'**તેમાં એટલે આત્મસ્વરૂપને વિષે યત્ન નહિ કરનારા...**' તપસ્યામાં આવું કરે. હમણાં આવ્યું છેને બહુ વખાણ ત્યાં. જયપુરમાં કોક બાઈએ ૧૬૫ અપવાસ કર્યા. ૧૬૫. પાણી પીને કર્યા હશે.

શરીર-બરીર હશે લઠ જેવું સરખું. એવા વખાણ થયા ઓહોહો..! આણે તો રેકોર્ડ તોડી. એમ કહે છેને? શું કહે છે તમારે? રેકોર્ડ તોડ્યો. આહાહા..! અપવાસ કર્યા હશે ધારોને આપણે તોપણ શું? એ તો રાગની ક્રિયા છે. આહાહા..! એ તો અપ-વાસ છે. ભગવાન આનંદકંદની સમીપમાં ન જતાં એવી ક્રિયાના સમીપમાં જાય છે તેને અપવાસ—માઠો વાસ કહે છે.

ઉપવાસ તો એને કહે છે ભગવાન, આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ, 'ઉપ' ઉપસર્ગ છે, એના સમીપે વાસ અંદર વસવો એનું નામ ઉપવાસ છે. આહાહા..! ભારે વ્યાખ્યા ભાઈ! આ સત્યાગ્રહ કરે છે. જુઓને! નથી કરતાં? લાંઘણું કરીને બિચારા મરી જાય છે. સમજાણું કાંઈ?

શું કરીને? '**નિર્વાણ પામતા નથી અર્થાત્ સુખી થતા નથી.**' એટલે? એવા અપવાસ કરે, વ્રત પાળે, બ્રહ્મચર્ય પાળે, ઉણોદરી (કરે), રસનો ત્યાગ કરે. કોળિયા ૩૨ માંથી પાંચ ખાય અને ૨૭ ન ખાય. ૩૨ કવળનો આહાર હોય છેને? બાપુ! એ કાંઈ આત્માની ક્રિયા નથી ભાઈ! એ તો વિકલ્પ છે, રાગ છે. આહાહા..! એ તો શરીરનું શોષણ છે. ભગવાન આત્મા આનંદસ્વરૂપને સ્પર્શ્યા વિના આ જે બધી ક્રિયાઓ (કરે) એ બધી નિરર્થક છે. આહાહા..! સમજાણું કાંઈ? આ લાખોપતિની વહુ હોય છેને? એ વર્ષીતપ કરે. એક દિ' ખાય અને એક દિ' અપવાસ. વર્ષીતપ સ્થાનકવાસીમાં, દેરાવાસીમાં બહુ કરે. પછી એના ઉજવણા કરે. પાંચ હજાર, દસ હજાર, પચાસ હજાર, લાખ ખરચે. તપસ્યા કરી. બાપુ! એ તો અજ્ઞાન છે. આહાહા..!

ભગવાન જ્ઞાતા-દૃષ્ટાનો પિંડ પ્રભુ એ તો જ્ઞાન બ્રહ્મસ્વરૂપ છે. એ જ્ઞાનમાં સ્થિર થાય ત્યારે એને આત્માનો આનંદ આવે. આહાહા..! આ તો બહારમાં વિકલ્પમાં ઘેરાઈ ગયો. વર્તમાન માણસને આકરું બહુ લાગે બિચારાને. તેથી એમ કહે, સોનગઢમાં એકાંત છે.. એકાંત છે. પણ હવે એ છોટા દિગંબર છે, આપણા પછી થયા છે. હળવે હળવે આપણામાં આવી જશે. એ તો બધા તરેલા છે. અરેરે..! શું કરે બિચારા? એને ખબર નથી. મોટા પંડિતો પણ એમ બોલે છે કે એ છોટા દિગંબર છે. પાછળથી આવેલા છે. આપણે તો મૂળ દિગંબર છીએ. એય.. શેઠ! એવું લખાણ આવે છે હોં છાપામાં. કૈલાસચંદજીએ લખ્યું છે.

મુમુક્ષુ :- છોટા દિગંબર.

ઉત્તર :- છોટા. એમ કે પાછળથી થયા ને? અને આ તો બધા જૂના દિગંબર છે. દિગંબર હતા કે દિ'? આહાહા..! આવી કાંઈક ક્રિયા કરે અને દિગંબર પ્રતિમાને માને, દિગંબર સાધુને માને એ બધા દિગંબર કહેવાય. ધૂળેય દિગંબર નથી.

મુમુક્ષુ :- નામ દિગંબર છેને.

ઉત્તર :- નામ દિગંબર છે. આહાહા..!

અંતરની લાગણી વિકલ્પ ભગવાનની પૂજાનો દાનનો, દયાનો ઉઠે, અરે..! ભગવાનના સ્મરણની ઉઠે એ પણ વૃત્તિ તો સંસાર અને વિકારનું કારણ છે. આહાહા..! આવો વ્યવહાર અંદર તુચ્છકાર થઈ જાય છેને એટલે લોકોને આકરું લાગે. પણ એવું જ છે. વસ્તુસ્વરૂપ એવું છે. એ અહીં

કહે છે જુઓને! .. દુઃખનો ઉપશમ થશે નહિ.

**'આત્મજ્ઞાનથી એટલે શરીરાદિથી ભેદ કરીને આત્મસ્વરૂપનું વેદન કરવાથી.'** શાંત થાય છે. કહે છે કે એ વિકલ્પ જે ઊઠે છે રાગનો, દયા, દાન, વ્રતાદિ તપનો એનાથી ભિન્ન કરીને આત્મામાં સમીપમાં જાય તો તેને આનંદ મળે. આહાહા..! ભારે વાતું આકરી. એક જ ઉપાય છે. જ્યાં ભગવાન બિરાજે છે પોતે આનંદસ્વરૂપ, મહા ચૈતન્યદળ આનંદનું દળ છે એ. એમાં એકાગ્ર થવાથી પરથી ભિન્ન પાડીને, ભિન્ન છે તેમ રાખીને અંતરમાં લીન થાય તો એને આત્માના આનંદનું વેદન થાય. આહાહા..! શરતું બહુ. શરતું બહુ આકરી છે.

ચૈતન્યસ્વભાવથી ભરેલો પ્રભુ એની અંદરમાં જ્ઞાનની દશાને અંતરમાં વાળતા જે આનંદનું સ્ફુરણ થાય એને રાગનું શાંતપણું થઈ જાય. પર પ્રત્યેનો જે રાગ છે તે નાશ થઈ જાય. આહા..! એ સિવાય કોઈ ઉપાય નથી. સમજાણું કાંઈ? આ તો સમાધિતંત્ર છેને? આ પુસ્તકનું નામ શું? સમાધિતંત્ર. એટલે? આનંદસ્વરૂપ ભગવાન આત્મા, એમાં એકાગ્ર થતાં જે સમાધિ નામ આનંદ આવે એનું નામ સમાધિતંત્ર કહેવામાં આવે છે. આહાહા..! ઓલા બાવા બાવા ૐ.. ૐ કરે એ નહિ હોં! એ તો હઠયોગી. આહાહા..!

**'દુર્દ્ધર તપના અનુષ્ઠાન (આચરણ)થી તો મુક્તિની સિદ્ધિ થવાની તે દુઃખનો ઉપશમ થશે નહિ–એવી આશંકા કરનારને કહે છે– ન ઈત્યાદિ... તેમાં એટલે આત્મસ્વરૂપને વિષે યત્ન નહિ કરનારા...'** બહારમાં ક્રિયાકાંડમાં યત્ન કરનારા, પણ ભગવાન આનંદનો નાથ એમાં યત્ન નહિ કરનારા, એની રક્ષા નહિ કરનારા.. આહાહા..! નિર્વાણ પામતા નથી. એ સુખી થતા નથી. આહાહા..! કહો, જેઠાભાઈ! શું છે આ? આવું છે આ.

જે ચૈતન્યસ્વભાવ નિત્યાનંદ નિત્ય પ્રભુ છે અને નિત્યમાં નિત્ય આનંદ અને નિત્ય જ્ઞાન ભરેલું છે. આહાહા..! સચ્ચિદાનંદ સત્ શાશ્વત એ જ્ઞાન અને આનંદસ્વરૂપ છે. એના સન્મુખ થતાં, એમાં એકાગ્ર થતાં જે આનંદનું વેદન આવે એ સુખી છે, એ ધર્મી છે. આહાહા..! ભજનમાં આવે છેને? 'સુખિયા જગતમાં સંત, એક સુખિયા જગતમાં સંત, દુરિજન દુઃખિયા રે...' આહાહા..! સંત એટલે શું? જેને ભગવાન આનંદનો નાથ અંદરમાં એકાગ્ર થઈને અનુભવમાં આવ્યો છે એ સુખિયા જગતમાં સંત. એ એક સુખી છે.

ભાઈએ લખ્યું છે એમાં. નહિ? નિહાલભાઈના ફોટા આગળ લખ્યું છે મોઢા આગળ પ્રસ્તાવનામાં. નિહાલભાઈનું. કે આટલી વસ્તી.... શું કહેવાય એ? દિલ્હી–દિલ્હી ને? કલકત્તા–કલકત્તા. એવા દુઃખીમાં એક એ આત્મા સુખી હતો. એમ લખ્યું છે મોઢા આગળ. છે ને, આવે છે. આહાહા..! નિહાલભાઈ. વાંચ્યું નહિ હોય પુસ્તક? દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ. બાપાને તો આપ્યું છે. આપ્યું છે કે નહિ? ઠીક. આહાહા..!

એ છોકરાઓએ લખ્યું છે અંદર. 'કરોડપતિયોં કી વિશાલ નગરી કલકત્તા સાંઠ-સિત્તેર લાખકી આબાદી ઉસમેં આત્માર્થીકો ભાન હોતા થા, માનો ઈસ અથાહ મનુષ્ય સમુદાયમેં મૈં એક અકેલા હી

સુખી હું.' એના છોકરાઓએ લખ્યું છે.' કલકત્તાવાળા છેને? કપુરભાઈ ને રમણીકભાઈ. .. આપ્યું છે ને? આ પુસ્તક આવ્યું છે. મોઢા આગળ લખ્યું છે. છેલ્લું પાનું છે. સાતમું પાનું. આહાહા..! 'અરે..! મુજસે કુછ ભી આશા મત રખો.' બધા છોકરાઓને કહી દીધું. ઘણા લાખોપતિ. 'પંગુ સમજકર...' મને પંગુ સમજીને 'દો સમય કા ભોજન શરીર ટિકાને કે લિયે દો.' આહાહા..! 'કરોડપતિઓંકી વિશાલ નગરી કલકત્તા સાંઠ સિત્તેર લાખકી આબાદી, ઉસમેં આત્માર્થી કો ભાન હોતા થા, માનો ઈસ અથાહ મનુષ્ય સમુદાયમેં મૈં એક અકેલા હી સુખી હું. અરે..! નિશ્ચિત હી સુખી થે. આત્માનંદકા રસાસ્વાદ કરનેવાલા સ્વયં કો સુખી ક્યા સર્વસુખી મહસૂસ કરતા હૈ.' મહસૂસ એટલે?

મુમુક્ષુ :- અનુભવ.

ઉત્તર :- અનુભવ. મહસૂસ. આહાહા..! લ્યો! છોકરાઓએ લખ્યું છે.

આનંદસ્વરૂપ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો રસિયો પ્રભુ. આહાહા..! એનો આનંદ આવ્યો એ એક જીવ સુખી છે. બાકી બધા દુઃખી છે. આહાહા..! મહાવ્રતના પાળનારા, દયા, દાનના કરનારા, મહિના મહિનાના અપવાસ કરનારા બધા વિકલ્પ છે ને રાગ છે ને દુઃખી છે. આહાહા..! ભારે વાતું ભાઈ! ગૃહસ્થાશ્રમમાં હતા. ગૃહસ્થાશ્રમમાં નહોતા. નવરંગભાઈ! આત્માના સ્થાનમાં હતા. આહાહા..!

'પુણ્યાત્મા કો શરીર તો એક વ્યર્થકા બોજા સા લગતા થા.' આહાહા..! 'કાલ કા માનો સદૈવ સ્વાગત થા.' આહાહા..! હૃદયગતિ એકદમ બંધ થઈ ગઈ. હેમરેજ થઈ ગયું, દેહ છૂટી ગયો. છેલ્લે. પછી તો ઘણું કહ્યું છે એણે. 'શરીરકો સંપૂર્ણ આદરભાવ સે ચંદન ને કપુર કી ચિતા પર સુલાયા...' છોકરાઓએ પછી શરીરને ચંદન અને સુખડના લાકડે બાળ્યા. આ દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ છે. નીતીનભાઈને મળ્યું હશે આ તો. છેને? આહાહા..!

પરમ તપ એટલે દુર્દ્ધર અનુષ્ઠાન, દુર્દ્ધર તપ તપીને પણ તેઓ આત્માના આનંદને પામતા નથી. આહાહા..! કારણ કે એ તો બહિર્મુખ લક્ષની ક્રિયાઓ છે. આહાહા..! અંતર્મુખ દૃષ્ટિ કર્યા વિના એને આનંદ પ્રાપ્ત થતો નથી. આહાહા..! બહુ વાતું (ઝીણી). દિશા, પર ઉપર જે દિશા છે એની દશા દુઃખી છે. સ્વ તરફની દિશા તરફ ઢળેલી દશા તે સુખી છે. આહાહા..! ભારે વાત ભાઈ! શું કીધું ઈ?

ભગવાન આત્મા પૂર્ણાનંદ અને પૂર્ણ જ્ઞાનસ્વરૂપ છે. વસ્તુ છેને? વસ્તુ છે એમાં અપૂર્ણતા અને વિપરીતતા કેમ હોય? એ તો એની દશામાં વિપરીતતા છે. સ્વરૂપ તો અવિપરીત અને પૂર્ણાનંદ અને અખંડાનંદ વિકાર વિનાનું એનું સ્વરૂપ તો ત્રિકાળ આનંદનો નાથ છે એ. આહાહા..! અરે..! એના તરફ વળ્યા વિના એને સ્વનો આનંદ મળે નહિ અને એને આત્મજ્ઞાન થાય નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આવુ સોનગઢને પાદર? અહીં તો પાડા બેસતા હતા. અહીં ખેતર હતા. જુવાર ને એ વાવતા. આહાહા..!

કહે છે, તું એક વસ્તુ પદાર્થ તત્ત્વ છે કે નહિ? એ તત્ત્વ છે તો તત્ત્વના સ્વભાવથી એ તત્ત્વ છે

કે નહિ? કે એ તત્ત્વ પર સ્વભાવથી છે? એ વસ્તુ છે એ તો સ્વભાવવાન છે. તો એનો સ્વભાવ છે કે નહિ? જેમ કાયમ ચીજ છે એમ કાયમ એનો સ્વભાવ—સ્વ-ભાવ એવો છે કે નહિ? આહાહા..! તો કાયમ ભાવ તો જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ એવો એનો ત્રિકાળી સ્વભાવ પડ્યો છે. એની સામું જોયા વિના પર સામેની દૃષ્ટિમાં જે કાંઈ વિકલ્પો કરે એ બધી દુઃખદશા છે. આહાહા..! કહો, આ પૈસાવાળાને દુઃખી કહે છે આ. છ-છ છોકરા, એનો બાપ, શરીર આમ બધું... નહિ? કહે છે, બહારમાં જેટલો વિકલ્પ ઝુકે, દુઃખ છે. શેઠ!

મુમુક્ષુ :— અહીંયા તો...

પૂજ્ય ગુરુદેવશ્રી :— અહીંયા નહિ, વસ્તુ એવી છે. આહાહા..! ત્યાં એને સાગરમાં સુખી કહે બધા. હમણાં બે ઠેકાણે જવાના છે મોઢા આગળ. કુંડલપુર અને ભોપાલ. બેયમાં નામ છે એનું. ભોપાલમાં આવી છે. જોઈ? આવી? લાંબી કંકોતરી મોટી. ભોપાલ-ભોપાલ અમે જવાના છીએને ત્યાં. મોટી કંકોતરી. બધાના નામ છે. આમનું પણ નામ છે. અમારે પંડિતજીનું નામ છે. હિંમતલાલ જેઠાલાલ આવવાના છે. એમ લખ્યું છે હોં. આમંત્રણ તો આપે. આવે ન આવે. આહાહા..! અરે.. ભગવાન! તને આમંત્રણ આત્માનું છે તો તું ત્યાં જા. તું મારી પાસેથી ખસીને પરમાં ફરે છો એ તું દુઃખમાં જા છો ભાઈ! તને દુઃખની દશા છે. આહાહા..!

પ્રથમ જ આત્માના સ્વભાવ સમીપ જા તો પર તરફના વિકલ્પો ત્યાં સમાઈ જશે. આહાહા..! અરે..! આવો મનુષ્યદેહ મળ્યો એમાં એને કરવાનું મનુષ્યદેહમાં તો આ છે. બાકી તો બીજા દેહોમાં તો બધું ઘણું કર્યું. ઢોરના ભવ, હાથીના ભવ, સિંહના ભવ, કૂતરાના ભવ.. આહાહા..! કીડા, કાગડા, કૂતરાના ભવ. એમાં રહ્યો ત્યાં તો જે કર્યું હતું એનું એ મનુષ્યભવમાં આવીને કરે તો એમાં નવીન શું થયું? એ ગોમ્મટસારમાં છે. મનુષ્ય કોને કહીએ? આહાહા..! ન્યાયતે ઈતિ મનુષ્યઃ. જે સ્વરૂપને જાણે એને મનુષ્ય કહીએ. આહાહા..! 'મનુષ્યા સ્વરૂપેણ મૃગા ચરંતિ' આવે છે ને? 'જેષિં ન વિદ્યા, તપો ન જ્ઞાનં.'

મુમુક્ષુ :- **येशां न विद्या न तपो न दानं,**
**ज्ञानं न शीलं न गुणो न धर्मः।।**
**ते मर्त्यलोके भूविभार भूताः**
**मनुष्यरूपेणं मृगाश्चरन्तिः।।**

ઉત્તર :- મનુષ્ય સ્વરૂપે મૃગા જેવા છે. આહાહા..!

અરે..! જેણે જેના મનુષ્યભવમાં... આ મનુષ્યભવ તો જ્ઞાયકભાવને પામવાને માટે કાળ છે. ક્યાંય બીજે આ સાધન નથી. અરે..! ક્યાં કીડા, કાગડા, કૂતરા એવા અનંત ભવ કર્યા. અનાદિનું તત્ત્વ છે એ ક્યાં નવું છે કાંઈ? રહ્યો ક્યાં? આ પરિભ્રમણની ચાર ગતિમાં રહ્યો છે. દેવગતિમાં ગયો તોપણ દુઃખી છે ઈ. પરની આશા ને આકુળતામાં દુઃખી છે એ. નારકી ને નિગોદમાં તો પ્રત્યક્ષ દુઃખ છે. એ સંયોગનું દુઃખ નથી. સ્વભાવમાંથી ખસીને રાગમાં રમત કરે છે એ એને દુઃખ છે. આવી

વાત. ઓલા ઝાઝા માણસો અને પંડિતો ભેગા થયા હોય ને ત્યાં ઉડાવી દે વાત આવી. આ તો લ્યો વ્યવહારને માનતા નથી. નહોતું કહ્યું ત્યાં? કૈલાસચંદજી અને જગમોહનલાલજી બેયે કહ્યું હતું. બધી ખબર છે. આપણે શું ત્યાં ભલે કહે. અહીં અમને ક્યાં અડે છે? તે દિ' સભામાં. આહાહા..! વ્યવહાર જોઈએ.. વ્યવહારનો લોપ થાય છે. અરે..! સાંભળ તો ખરો.

વ્યવહાર એટલે પર તરફની ક્રિયાનો રાગ. એ બધો લોપ કર્યા વિના સ્વરૂપ તરફ જઈ નહિ શકે. આહાહા..! જેને જેના વિકલ્પનું માહાત્મ્ય રહ્યું એને નિર્વિકલ્પ ચૈતન્યનું માહાત્મ્ય નહિ આવે. આહાહા..! સમજાણું કાંઈ? વ્યવહારચારિત્ર દુઃખરૂપ છે, ઘાતક છે, બંધનું.. એવું બધું લખ્યું છે હોં આ શબ્દકોષમાં. પણ પાછું આ લખે. નીચલી દશાવાળાને એ વ્યવહારચારિત્ર સાધક છે. પણ સાધક એટલે શું? આહાહા..! આવે છેને? વ્યવહાર સંગ્રહમાં બહુ આવે છે. વ્યવહારરત્નત્રય સાધક છે, નિશ્ચય સાધ્ય છે. જયસેનાચાર્યમાં પણ આવે છે. વ્યવહાર સમકિત નિશ્ચયને પ્રાપ્ત કરે છે. એ તો નિમિત્તના કથન છે. આહાહા..! અરે..! ભગવાન! રાગનો વિકલ્પ એ આત્માને નિર્વિકલ્પ થવાનું કારણ થાય? આહાહા..! એ તો પોતાના સ્વભાવથી જણાય. એનો સ્વભાવ તો જાણવું અને દેખવું. એ જાણવા-દેખવાના સ્વભાવથી જણાય. એ જાણનાર પરને જાણે છે એ જાણનાર સ્વને જાણે, આહાહા..! એનું નામ ધર્મ અને એનું નામ આનંદનું સ્થાન છે.

પણ કાંઈ મકાન, બાયડી, છોકરા નહિ અને આનંદ? એક જણો પૂછતો હતો, સિદ્ધમાં આનંદ શું હશે? ત્યાં તો બાયડી નહિ, છોકરા નહિ, વેપાર નહિ, પૈસો નહિ, ધંધો નહિ. આહાહા..! અરે.. ભગવાન! આત્મા પરમાત્મા થાય તેને અતીન્દ્રિય આત્માનો આનંદ છે. અહીં પણ શું છે? અહીં પર તરફના વલણમાં વિકલ્પ કરે છે એ દુઃખ છે. એ દુઃખની ગુલાંટ ખાઈને અંદર જાય તો સુખ છે. આહાહા..! ભારે પણ આવું આ.

'(**અર્થાત્ દુર્દ્ધર તપ તપીને પણ તેઓ મોક્ષ પામતા નથી.**)' આહાહા..!

ભાવાર્થમાં આવ્યું ને? '**આત્મભ્રાન્તિથી એટલે શરીરાદિમાં આત્મબુદ્ધિ કરવાથી...**' એટલે કે હું શરીરનું, વાણીનું, દેશનું, કુટુંબનું કરું. તો એનો અર્થ એ થયો કે એ સ્વરૂપ મારામાં છે એથી હું એનું કરું. આહા..! આ તો જગતમાંથી નમાલો થાય ત્યારે માંડ મળે એવું છે. આહાહા..! '**જે દુઃખ ઉત્પન્ન થાય છે તે ભેદજ્ઞાનથી નાશ પામે છે.**' આત્મા આનંદસ્વરૂપ હોવા છતાં અનાદિથી એની દશામાં પરની મમતાનો ભાવ છે તેથી તે દુઃખી છે. સંયોગ અનુકૂળ કે પ્રતિકૂળ એ કોઈ સુખ-દુઃખનું કારણ નથી. એની દશામાં સ્વભાવની સ્થિતિને છોડીને વિભાવમાં, વિકારમાં, રાગની વૃત્તિ ઉઠાવીને ત્યાં રહે છે એ જ દુઃખ છે. એ અતીન્દ્રિય આનંદનો અનાદર છે અને રાગનો આદર છે એ જ દુઃખી છે. આહાહા..! આરે આવું તે કેવું તત્ત્વ?

'**ભેદવિજ્ઞાન દ્વારા આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે જે પ્રયત્ન કરતા નથી,...**' આહાહા..! અંદર આનંદના સ્વભાવને પ્રાપ્ત કરતા નથી, રાગ અને પરથી ભિન્ન જાણીને સ્વરૂપની જાગૃતિ કરતા નથી '**તે ઘોર તપ કરવા છતાં મોક્ષમાર્ગની કે નિર્વાણની પ્રાપ્તિ કરી શકતા નથી.**' છે શેઠ? આહાહા..!

**'વિશેષ — 'શરીરાદિ અને રાગાદિમાં આત્મબુદ્ધિ કરવી તે વિભ્રમ છે–'** પોતે નિત્ય વસ્તુ છે એટલે શરીરને કાયમ રાખવા મથે છે. એને નિત્ય કરવા મથે છે. આમ નિત્ય છે એની ખબર નથી. આહાહા..! ટકતી ત્રિકાળી ચીજ ભગવાન શાશ્વત વસ્તુ છે. એને શાશ્વતની ન કરતા આ (પર) ચીજને હું કાયમ ટકાવું. શરીરને, વાણીને, કુટુંબને. ગુલાંટ ખાઈ ગઈ છે બુદ્ધિ. આબરુ કાયમ સરખી રહે. દીકરા-દીકરી સરખા થાય, પરણે, એ બધાને સરખા કરું વ્યવસ્થિત (રાખું). આહાહા..! ત્યારે હું જન્મ્યો સફળ કહેવાય. આહાહા..! અરે..! ભગવાન! હારી બેઠો છે ભાઈ! આહાહા..! તારામાં જે નથી એની વ્યવસ્થામાં રોકાતાં દુઃખી છો તું.

**'શરીરાદિથી ભિન્ન આત્મસ્વરૂપનો અનુભવ કરવાથી–સ્વપરનું ભેદજ્ઞાન કરવાથી અર્થાત્ દેહાદિથી અને શુભભાવથી પણ ભિન્ન જ્ઞાન-દર્શન સ્વરૂપ જ હું છું.'** આહાહા..! શરીર, વાણીથી તો જુદો છું. અંદર ચૈતન્ય ઝળહળ જ્યોતિ ચૈતન્યસૂર્ય એ હું. શરીર, વાણી જડ છે, અંધકાર છે, આંધળા છે, એનાથી ભિન્ન હું જાગતી જ્યોત છું. પણ રાગ ને દયા-દાન અને ભક્તિના પરિણામ પણ રાગ ને અંધકાર છે એ. કારણ કે રાગ નથી જાણતો પોતાને કે રાગ નથી જાણતો ભગવાનને. આહાહા..! એ રાગથી હું ભિન્ન છું. શુભભાવથી પણ ભિન્ન. આહાહા..! જ્ઞાનદર્શનસ્વરૂપ જ હું છું. જાણનાર-દેખનાર એવી જે શક્તિ એ હું છું. રાગ છે એ અંધકાર છે, દુઃખરૂપ છે, અચેતન છે. કેમકે રાગમાં પોતાનો ચૈતન્યસ્વભાવનો અંશ આવતો નથી. ઓહોહો..! દયા, દાન, સેવા, પરોપકાર, ભક્તિ, પૂજા, વ્રત, તપનો વિકલ્પ જે ઊઠે છે એ તો રાગ છે. રાગમાં ચૈતન્યજ્યોત ક્યાં આવી છે એમાં? આહાહા..! ચૈતન્યનો અંશ જો એમાં આવે તો તો એ જાણે. આ તો અંશ વિના અંધારું છે. આહાહા..! સમજાણું?

શુભભાવથી અને શરીરથી પણ ભિન્ન જ્ઞાનદર્શનસ્વરૂપ જ હું છું. બીજું કાંઈ મારું નથી. **'એવા આત્મજ્ઞાનથી આ દુઃખરૂપ ભ્રાન્તિ દૂર થાય છે.'** આહાહા..! **'આવા ભેદવિજ્ઞાનના પ્રયત્ન વગર...'** એટલે કે પરથી જુદું પાડવાના પ્રયત્ન વિના **'ઘોર તપ કરે તોપણ જીવ સાચો ધર્મ પામતો નથી.'** એ શુભભાવ થાય, વ્યવહાર ધર્મ એને પુણ્ય કહેવાય. એ ધર્મ નથી. આહાહા..! **'જીવ સાચો ધર્મ પામતો નથી.'** વિશેષ બીજો પેરેગ્રાફ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ વદ ૫, શનિવાર તા. ૦૧-૦૨-૧૯૭૫
## શ્લોક-૪૧,
## પ્રવચન - ૫૩

વિશેષનો બીજો ભાગ. આત્માને મુક્તિ એટલે પરમ આનંદની પ્રાપ્તિ. જેવો પરમાનંદ સ્વભાવ છે એનો એવો જ એની પર્યાયમાં પૂર્ણ આનંદની પ્રાપ્તિ એનું નામ મુક્તિ. એ '**મુક્તિ-પ્રાપ્તિ માટે આત્મજ્ઞાનપૂર્વક કરેલું ઇચ્છાનિરોધરૂપ તપ જ કાર્યકારી છે.**' આત્મા શુદ્ધ ચૈતન્યનો અનુભવ, આનંદના સ્વાદમાં આત્માનું જ્ઞાન થતાં એ આત્મજ્ઞાનપૂર્વક કરેલું ઇચ્છાનિરોધ તપ જ કાર્યકારી છે. જેને આત્મજ્ઞાન, આનંદ શું છે એ ચીજની ખબર નથી, એ અપવાસ આદિ કરે એ બધી દુઃખની, આકુળતાની દશા છે. આહાહા..!

'**મુક્તિ-પ્રાપ્તિ માટે...**' અનંત આનંદની દશાની પ્રાપ્તિ માટે અથવા દુઃખની દશાના નાશને માટે. મુક્તિ છેને? આત્મજ્ઞાન, જે આત્મા આનંદસ્વરૂપ છે એવું જ્ઞાતા-દૃષ્ટાપણું વેદનમાં આવે એ આત્મજ્ઞાન. એ પૂર્વક ઇચ્છાનો નિરોધ (અર્થાત્) અતીન્દ્રિય આનંદમાં વસતા એને ઇચ્છા ઉત્પન્ન જ ન થાય એવું તપ એને કાર્યકારી છે. ભારે આકરી વાત. જગતને એકાંત લાગે બધાને. આહાહા..!

મુમુક્ષુ :- વ્યવહારતપ કાંઈ કામ ન કરે.

ઉત્તર :- વ્યવહારતપ કામનું છે એ આકુળતા માટે.

આનંદસ્વરૂપ ભગવાન આત્મા એનું જ્ઞાન અને એનો આનંદ આવે નહિ ત્યાં સુધી એ તપ શું કરે? ઇચ્છાનિરોધ તપ છે. ત્યારે ઇચ્છાનિરોધ તપ ક્યારે થાય? આત્માના આનંદના ભાનમાં, અતીન્દ્રિય આનંદમાં રહેવા માટે(ની) ઇચ્છા (પણ) ન થાય એને સાચું તપ કહે છે. લોકો એમ કહે છે કે વ્યવહારને તો નાશ કરી નાખ્યો. નિશ્ચય.. નિશ્ચય (કહે છે). પણ બાપુ..! આહાહા..! સ્વ.. સ્વ.. સ્વરૂપ, આત્મસ્વરૂપ, સ્વ એટલે આત્મસ્વરૂપ એ તો જ્ઞાન અને આનંદનો કંદ છે. એવી દશા આત્માના જ્ઞાનની અંતરમાં એ શુદ્ધ આનંદ એનું દશામાં ભાન થયા વિના ઇચ્છાનો નિરોધ કઈ રીતે કરી શકે? સમજાણું કાંઈ? આકરી વાત છે, ભાઈ! મુક્તિ—આત્મા પરમાનંદની પ્રાપ્તિ કરે એનો ઉપાય પરમાનંદમાં રહેવું અને ઇચ્છાનુ ન થવું એનું નામ તપસ્યા કહેવાય છે. સમજાણું કાંઈ?

'**આત્મજ્ઞાનથી શૂન્ય...**' જેને આત્મા આનંદ ને જ્ઞાન અને શુદ્ધ ચૈતન્ય ધાતુ, જેણે ચૈતન્યપણું, આનંદપણું ધારી રાખ્યું છે. આહાહા..! એવા આત્માનું જ્ઞાન, એનું ભાન અને એના સ્વસન્મુખની દશા પ્રગટ્યા વિના એ બધી તપસ્યાઓ આઠ આઠ અપવાસ, મહિના-મહિનાના અપવાસ (કરે) એ બધું દુઃખદાયક છે, આકુળતા છે એમ કહે છે. આવો પણ સીધો માર્ગ એવો હશે? ક્યાંક એનો રસ્તો બીજો ટૂંકો હોય કે નહિ? આ જ ટૂંકો છે ભાઈ! અતીન્દ્રિય આનંદનો સ્વભાવ જેનો, અતીન્દ્રિય

આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન જેનું કાયમી સ્વરૂપ... આહાહા..! એને દૃષ્ટિમાં અને વેદનમાં લીધા વિના એને ઈચ્છાનો નિરોધ શી રીતે થાય? આનંદમાં જાય ત્યારે ઈચ્છાની ઉત્પત્તિ ન થાય, હવે એ આનંદની તો ખબર નથી. કહો, શેઠ! શું કીધું?

મુમુક્ષુ :- બહારથી નહિ મળે?

ઉત્તર :- બહારથી મળે ને, રાગ-દુઃખ. આહાહા..!

'**આત્મજ્ઞાનથી શૂન્ય...**' ભગવાન આત્મા એકલો જ્ઞાન અને આનંદસ્વરૂપ એનું જ્ઞાન. શાસ્ત્રજ્ઞાન આદિ એની વાત નથી અત્યારે. જેના જ્ઞાનમાં આત્મા જેને આવ્યો અંદર જ્ઞાનમાં. આહાહા..! જ્ઞાનની પર્યાયમાં આત્મા બિરાજમાન આવ્યો. આહાહા..! એવું જેને આત્મજ્ઞાન નથી, એ ગમે તેટલી તપસ્યાઓ, અપવાસ, ઈન્દ્રિયદમન (કરે), બ્રહ્મચર્ય પાળે એ બધી આકુળતા છે કહે છે. કહો, પાટણીજી! આવું સ્વરૂપ છે ભાઈ! આહાહા..! કેટલાક કહેતા હતા કે ભાઈ આ કલકત્તાવાળા આવીને સાંભળી જાય આવી વાત. ભડકે છે બધા. કલકત્તા હોય કે મુંબઈ હોય, માર્ગ તો આ છે બાપુ! આહાહા..!

જે નિજ વસ્તુ છે અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય સ્વચ્છતા, અતીન્દ્રિય પ્રભુતાના ભાવથી ભરેલો તત્ત્વ સ્વભાવ... આહાહા..! એની સન્મુખમાં જે એનું જ્ઞાન થાય એવી સન્મુખતાના જ્ઞાન વિના લાખ શાસ્ત્ર ભણે, કરોડ ભણે... આહાહા..! એવી વાત છે, બાપુ! અને દુનિયાને સમજાવે એ બધી વિકલ્પની ક્રિયાઓ છે. સમજાણું કાંઈ? કેમકે જે વસ્તુ છે એ તો પર્યાયમાં ભાસનમાં તો આવી નથી. આહાહા..! એ આત્મજ્ઞાનથી શૂન્ય તપ તે તપ નથી. તે તો સંસાર પરિભ્રમણનું જ કારણ છે. શેઠ! આ બહાર બહાર. આહાહા..! એ તો બધી ક્રિયાઓ વિકલ્પવાળી છે. અપવાસ ને એ બધી આકુળતા છે એ તો. આનંદસ્વભાવ ભગવાન એની દૃષ્ટિ થઈ નથી, એની સત્તાનો સ્વીકાર જ્ઞાનમાં આવ્યો નથી ત્યારે એમાં ઠરવું ક્યાંથી થાય એને? અને એ સ્વરૂપમાં ઠરવું અને ઈચ્છાનું ઉત્પન્ન ન થવું એનું નામ ચારિત્ર અને તપ છે. આહાહા..! ભાઈ! જગતથી નિરાળી વસ્તુ.

'**તે તો સંસાર-પરિભ્રમણનું જ કારણ છે.**' આહાહા..! ભલે એ રાગની મંદતા હો, પણ અભિપ્રાયની મિથ્યાત્વની તો તીવ્રતા છે. એટલે? શુદ્ધ આનંદઘનને પ્રતીતમાં તો લીધો નથી, એથી એની પ્રતીતિ તો રાગમાં અને વિકારમાં વર્તે છે. એ જ અસ્તિત્વમાં હું છું એ વર્તે છે. એ તો મિથ્યાત્વના પોષક સહિત શુભભાવની આકુળતા છે. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! આવા મનુષ્યપણે આ ચીજ જો ન સમજે અને બહારથી રોકાઈ જશે (તો) અરે..! ટાણા એને કે દિ' મળશે? ભાઈ! આહાહા..!

કહે છે કે આત્મજ્ઞાન શૂન્ય (એ) સંસારનું કારણ છે. આહાહા..! '**તેનાથી આત્મા કદી પણ સ્વરૂપમાં સ્થિર થઈ શકતો નથી...**' જે ચીજ જ દૃષ્ટિમાં આવી નથી, એ ચીજનું જ જ્ઞાન થયું નથી. આહાહા..! એ વસ્તુસ્વભાવ એનું જ જ્ઞાનમાં માહાત્મ્ય આવીને એનો અનુભવ નથી, એ જીવ

શું કરશે? આહાહા..! '**અને કર્મ બંધનથી છૂટી શકતો નથી.**' આહાહા..! '**તેની દુઃખ-પરંપરા ચાલુ જ રહે છે.**' આહાહા..! આત્મદર્શન, આત્મજ્ઞાન એટલે વસ્તુનું સ્વરૂપ છે એવું એનું માહાત્મ્ય દૃષ્ટિમાં આવ્યું નથી, તે ચીજને જાણતો નથી એના બધા તપ આદિ તો પરિભ્રમણનું, બંધનનું કારણ છે.

(સંવત) ૨૦૦૯ની સાલમાં આવી હતીને અહીં સ્પેશ્યલ (ટ્રેન). તોલારામજી આવ્યા હતાને? આપણે ૨૦૦૯માં મહોત્સવ થયા પહેલા. ચૈત્ર મહિના પહેલા બે મહિના પહેલા. તોલારામજી આવ્યા હતા. વચ્છરાજજીથી મોટા. ગજરાજજી નાના. ગજરાજજી આવ્યા હતા. ગજરારજજી હતા. અને તોલારામ ત્રણેય ભેગા થયા. એ સ્પેશ્યલ ષટ્રેન) ભેગો એક જુવાન માણસ હતો. એ અહીંનું જરીક વાંચેલું, સાંભળેલું એટલે એને કાંઈક રસ્તામાં વાત થઈ હશે કે તત્ત્વાર્થસૂત્રમાં તપસ્યા તે નિર્જરા કીધી છેને? તોલારામ (કહે) પૂછજો મહારાજને. છોકરો આવીને સવારમાં. શેઠ! પૂછો મહારાજને. એ 'તપસા નિર્જરા' એટલે શું? ૨૦૦૯ની વાત છે. ૨૨ વર્ષ થયા. કેટલા થયા? ૨૨.

ભાઈ! એ તપસા નિર્જરા તો અંતરના સ્વરૂપમાં આનંદમાં લીન થયેલો એને બાર પ્રકારના તપની વ્યાખ્યા કરીને એને નિમિત્તપણું જણાવ્યું છે. એ અપવાસ કરે ને ઉણોદરી કરે ને રસ પરિત્યાગ કરે, એકાસણું કરે, જમીન ઉપર સૂવે માટે એને તપ થાય, એમ નથી. આહાહા..! તપ્યંતિ ઈતિ તપ. આપણે  આવ્યું હતું ને આમાં ક્યાંક? નિયમસારમાં આવ્યું હતું ને? નિયમસારમાં. નિયમસારમાં આવ્યું હતું ને? હા એ. નિયમસારમાં આવ્યું હતું.

મુમુક્ષુ :- ૫૬ પાને.

ઉત્તર :- એ ૫૬ પાને. અહીં પણ આવ્યું.

'**સ્વરૂપમાં ઠરવું અને ચૈતન્યનું નિર્વિકલ્પપણે પ્રતપવું...**' છે? વચમાં. આહાહા..! છેને? ૫૬મે પાને. '**સ્વરૂપમાં ઠરવું...**' તો સ્વરૂપ શું? સ્વ-રૂપ શું? આનંદ અને જ્ઞાન જેનું સ્વરૂપ રૂપ છે. એવો ભગવાનના ભાનમાં ઠરવું. આહાહા..! '**અને ચૈતન્યનું નિર્વિકલ્પપણે પ્રતપવું...**' અને ભગવાન રાગ વિનાની દશાથી શોભવું, '**આત્માની શુદ્ધ પર્યાયમાં વીર્યનું ઉગ્ર પ્રતપન...**' આત્માની નિર્મળ શુદ્ધ વીતરાગી પર્યાયમાં પુરુષાર્થનું ઉગ્ર પ્રતપન તે તપ છે. નીચે છેને?

'**સહજ નિશ્ચયનયાત્મક પરમસ્વભાવસ્વરૂપ...**' બગડો. '**પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મામાં પ્રતપન તે તપ છે;...**' આ તો બધું નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... એટલે લોકોને બિચારાને લાગે. બાપુ! નિશ્ચય એ સત્ય છે હોં! વ્યવહારના ઉપચાર વચ્ચે વિકલ્પ હો, પૂર્ણ વીતરાગતા ન હોય ત્યાં સુધી વિકલ્પ હોય, પણ એ પુણ્યબંધનું કારણ છે. આહાહા..! એટલે કે અબંધસ્વભાવીને એ બંધનું કારણ છે. આહાહા..! ભગવાન અબંધસ્વરૂપ પડ્યું છે મોટું. નિષેધથી અબંધ કહીએ અને અસ્તિથી મુક્ત કહીએ. મુક્તસ્વરૂપ છે પરમાનંદમૂર્તિ. એને કર્મ અને રાગની સાથે સંબંધ ક્યાં છે? આહાહા..! વસ્તુ જે છે આનંદઘન, ચિદ્ઘન, શાંતિનું ઘન, સ્વચ્છતાનું ઘન.. આહાહા..! એમાં ઉદયભાવ વિકલ્પ ક્યાં છે? સમજાણું કાંઈ?

એવા વસ્તુના ભાનમાં ઠરવું, પ્રતપવું. સોનાને ગેરુ લગાડતાં સોનું જેમ ઓપે છે, શોભે છે. એમ ભગવાન આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવંત તો છે. ઉગ્ર પુરુષાર્થથી જ્યારે ઠરે છે ત્યારે તેને તપસ્યા કહેવાય છે. કહો, સમજાણું કાંઈ? આ બાયું વર્ષીતપ નથી કરતી? જાદવજીભાઈ! વર્ષીતપ કર્યું હતું કે નહિ વર્ષીતપ? ઘરેથી કર્યા છે કોઈ દિ' વર્ષીતપ? નથી. ખ્યાલ નથી. બાયડ્યું જ કરે, ધણી ક્યાં નવરા છે દુકાનમાં ધંધા આડે. એ વળી બલુભાઈ જેવા કો'ક નીકળે. બલુભાઈએ કર્યું હતું ને. આ બલુભાઈ નહિ? આ નારણભાઈના લાભુભાઈના સાળા. આ લાભુભાઈ નથી? લાભુભાઈ. એના સાળાએ કર્યાને. વર્ષીતપ કર્યા છે. અત્યારે મોટું દવાખાનું... દવાખાનું નહિ, દવા બનાવવાનું નહિ? ફેક્ટરી મોટી ૫૦ લાખ રૂપિયાની. જંગલમાં છે. ત્યાં ગયા હતા અમે. ભાઈ પણ હતા, નાનાલાલભાઈ હતા, રામજીભાઈ હતા. રામજીભાઈ હતા. ત્યાં આહાર કર્યો હતો. મોટી દવા ઊંચી આવે. આ ગોળીયું આવે છે ને ઘણી જાતની એ બધી. .. બનાવતા હતા. પાણીના મોટા શું કહેવાય એ કાચના? બાટલા. મોટા બાટલા ચોખ્ખા. પણ અડવા ન દે કોઈને હોં! એવી દવાઓ હોય. એણે વર્ષીતપ કર્યો હતો. વર્ષીતપના પારણે અમે ત્યાં રાજકોટ હતા.

જેણે આત્મા આનંદ છે એવું જાણ્યું નથી, ભાળ્યું નથી એ ઠરે ક્યાં? એક નીચે બેસતા પણ ધ્યાન રાખે છે કે ભઈ, મારે બેસવું છે અહીં. કાંકરા છે, કાંટા છે, વિંછી છે કે સર્પ છે? ધ્યાન રાખે છે ને? એમ આ જેમાં બેસવું છે એ ચીજ કોણ છે? જેમાં ઠરવું છે, જેમાં જાવું છે, જેમાં આત્માની રમતું માંડવી છે એ કોણ છે પણ એ? શેઠ! આહાહા..! એ ચીજના આનંદના ભાન વિના એની જે ક્રિયા છે એ બધી આકુળતાજન્ય છે. કહો, સમજાણું કાંઈ? વર્ષીતપ તો આપણે ઘણા સ્થાનકવાસીમાં રિવાજ ઘણો છે. નહિ? પ્રેમચંદભાઈ! કર્યા હતા? બેયે કર્યા હતા? કંકુબેને પણ કર્યા હતા? તમારી બેન. એ તો રિવાજ છે. સંપ્રદાયમાં છે ને. વજુભાઈ! કર્યો હતો કાંઈ? ઘરે કર્યા હતા કે નહિ? વર્ષી તપ નથી કર્યા? બાયું કરે નહિતર. ઘણી વખત એમ આવે છે. હોય બિચારા શું કરે? વર્ષીતપ ને? આત્મતપ નહિ ને? આહાહા..!

જે ચીજ જ દૃષ્ટિમાં (આવી નથી), એ ચીજની દોલત દેખી નથી. આહાહા..! ભગવાન આત્માની ચીજમાં દોલત શું છે? પુંજી શું છે? લક્ષ્મી શું છે? આહાહા..! એના જ્ઞાન અને આનંદની લક્ષ્મી છે એ લક્ષ્મીને ભાસ્યા (વિના), દૃષ્ટિમાં ભાસ્યા વિના એના જ્ઞાન વિના એમ. શેમાં એ ઊભો રહીને કરશે તપસ્યા? એ તો રાગ કરશે. આહાહા..! અહીં આવ્યું ને?

તેથી '**તેની દુઃખ-પરંપરા ચાલુ જ રહે છે.**' આહાહા..! આનંદનો નાથ જ્યાં નજરે નથી આવ્યો, અતીન્દ્રિય આનંદનું અસ્તિત્વ એ આત્મા. એમાં રાગનું અસ્તિત્વ ને એ કાંઈ આત્મા નહિ. આહાહા..! એવો ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ આત્મા. અરે..! એની કિંમત નથી એને. બહારમાં એ ગોતે છે સુખ. પણ જ્યાં સુખ છે ત્યાં એ માનતો નથી અને નથી ત્યાં એ સુખ માને છે. હવે આ તે શું કરવું? સુખનું ધામ પોતે છે, સચ્ચિદાનંદ અતીન્દ્રિય આનંદનું ધામ ભગવાન આત્મા છે. આહાહા..! અરે..! કેમ બેસે? એક બીડી મળે સારી ને સિગારેટ (મળે) ત્યાં ખુશી થઈ

જાય. આહાહા..! એક રૂપાળું ઘર, રંગરોગાન કરીને હોય, દેખતા આંખ્યું ઠરે એને આ ભગવાન કેમ દેખાય? આહાહા..! એક પાંચ-પચાસ હજાર પેદા થાય. દરેડો પડતો હોય દરરોજનો, એને દેખવા રોકાય. ભગવાન! એને આત્મામાં આનંદ છે એ કે દિ' જોવે એ? આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે એ આત્મા જે આનંદસ્વરૂપ છે તેનું જ્ઞાન. આ આનંદ છે એનું જ્ઞાન. તે જ્ઞાન થયા વિના જેટલી તપસ્યાઓ અને વ્રતાદિ કરે એ બધા વિકલ્પની આકુળતા અને દુઃખની પરંપરા ચાલુ છે. એની દુઃખની પરંપરા તુટી નથી એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? સુજાનમલજી!

મુમુક્ષુ :- અમારા દિકરા અને વહુએ કર્યા હતા.

ઉત્તર :- કરી છે?

મુમુક્ષુ :- અત્યારે ચાલુ છે.

ઉત્તર :- અત્યારે ચાલુ છે?

મુમુક્ષુ :- ભૂમિકા સાફ છે.

ઉત્તર :- ધૂળમાંય નથી ભૂમિકા. આહાહા..! જે ભૂમિકામાં બીજ રોપવું છે એ ભૂમિ કેવી છે? સમ્યક્રૂપી બીજ. ચૈતન્યમૂર્તિ ભગવાન આનંદસ્વરૂપ એમાં એને સમ્યગ્દર્શનનું બીજ તો ત્યાં રોપાય છે. હવે એ ચીજ તો ખબર નથી. આહાહા..! એ બધા વર્ષીતપ કરે, છ-છ મહિનાના અપવાસ કરે, રસ છોડે, શરીર કૃશ થઈ જાય, પણ એમાં આત્મા કૃશ નહિ થાય. એની પર્યાયમાં દુઃખની હીણપ નહિ થાય. આહાહા..!

'**પંડિત શ્રી ટોડરમલજીએ કહ્યું છે કે :—**' મોક્ષમાર્ગ(પ્રકાશક)નો આધાર આપે છે. '**જિનમત-માં એવી પરિપાટી છે...**' વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરના મતમાં એવી પરિપાટી છે કે '**પહેલાં સમ્યક્ત્વ હોય...**' પહેલાં આત્મદર્શન હોય. આહાહા..! શુદ્ધ ચૈતન્ય આનંદધામ અનાકુળ શાંતરસનું ધામ ભગવાન આત્મા એનું પહેલું સમકિત હોય. સમ્યક્ નામ જેવી ચીજ છે તેવી એના જ્ઞાનમાં આવીને પ્રતીતિ થઈ હોય. સમજાણું કાંઈ?

'**હવે સમ્યક્ત્વ હોય પછી વ્રત હોય.**' સમ્યગ્દર્શન પછી વ્રત હોય. એ પણ સ્થિરતા વિશેષ થાય ત્યારે એને વ્રતનો વિકલ્પ ઉઠે. આહાહા..! સમજાણું કાંઈ? અવ્રત, પરિત્યજનું આવશે આગળ નહિ? અવ્રતને છોડીને વ્રતમાં આવવું, સ્થિરતા કરીને વ્રતને છોડવું. આમાં આવશે. આહાહા..! અજાણ્યો માર્ગ અનાદિનો, એણે માર્ગને દીઠો નથી. ક્યાં ચાલે? દેખ્યા વિના ક્યાં ચાલે? આહાહા..! આંધળા આંખ્યું વિનાના એ દોડે તો ક્યાં જાય? ખાડમાં પડશે ક્યાંક. આહાહા..! એમ ભગવાન આત્માની આંખ્યું જ્યાં ખીલી નથી. જ્યાં જાવું છે એ માર્ગનું સ્થાન કેવું છે એ? 'દીઠ મગ્ગે' એવો પાઠ છે શાસ્ત્રમાં. માર્ગ દીઠો નથી. એ દીઠેલા માર્ગે ક્યાં જાય દીઠો નથી ત્યાં? આહાહા..!

'**પહેલાં સમ્યક્ત્વ હોય પછી વ્રત હોય. હવે સમ્યક્ત્વ તો સ્વપરનું શ્રદ્ધાન થતાં થાય છે...**' એ કાંઈ વ્રત ને તપ ને કરે તો સમકિત થાય છે એમ (નથી), એ ક્રિયા તો રાગની ક્રિયા છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ કેવો? જ્યાં ત્યાં એમ સાંભળે કે અપવાસ કરવો, રસ

પરિત્યાગ કરવો, આસન લગાવવા આમ. એક પગ ઊંચો કરીને ઊભા રહેવું. અહીં અમારે કરતા લીલાધરજી કરતા, લીલાધરજી કરતા. તમારે ચુડામાં રહેતા. અહીં અમારે આવતા. અહીં આવતા. બારણામાં ઊભા રહે એક પગ ઊંચે. સમવસરણ દેખાય છે એમ કહે. એ તો કલ્પના કરી હોય. ભાન ક્યાં હતું કાંઈ. સમવસરણની કલ્પના કરી હોય ને કે આવું ને ભગવાન આમ... અરેરે..! સમવસરણમાં બિરાજતો ભગવાન દીઠો છે તેં? સમવસરણમાં પણ અનંત વાર ગયો અને અનંત વાર સાંભળ્યું. સમવસરણ અનંત વાર જોયું છે એ. એમાં ભગવાન બિરાજમાન સર્વજ્ઞ પરમેશ્વર, એવો જ બિરાજમાન દેહદેવળમાં આત્મા છે. અરે..! કેમ લાગે? એની મોટપ કેમ બેસે? આહાહા..!

'**શ્રદ્ધાન દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરવાથી થાય છે;...**' ભાઈએ લખ્યું છેને ટોડરમલજીએ. સ્વરૂપ આત્માનું જે છે એનું સમ્યગ્દર્શન, સાચું અંતર સમ્યક્ સત્ય જેવું છે એવું દર્શન, શ્રદ્ધાન, પછી વ્રત હોય. અને એ સમ્યગ્દર્શન પામવાને તો દ્રવ્યાનુયોગનો અભ્યાસ હોય. દ્રવ્યાનુયોગ એટલે જેમાં આત્મતત્ત્વનું લખાણ હોય છે એનો અભ્યાસ હોય. એના અભ્યાસ કરવાથી થાય. '**માટે પ્રથમ દ્રવ્યાનુયોગ અનુસાર...**' દ્રવ્યને કહેનારા, આત્મદ્રવ્યને કહેનારા અધ્યાત્મ શાસ્ત્ર. આહાહા..! એને '**અનુસાર શ્રદ્ધાન વડે સમ્યગ્દૃષ્ટિ થાય અને ત્યાર પછી ચરણાનુયોગ અનુસાર વ્રતાદિક ધારણ કરી વ્રતી થાય...**' આ તે કેવો અન્યાય? કે સમ્યક્‌નું ભાન ન મળે અને વ્રત ને તપ કરવા માંડ્યા. આહાહા..! જાવું હતું ઉગમણું અને ચાલવા માંડ્યા આથમણે. કારણ કે એ દિશા પર છે. રાગની ક્રિયાની દિશા તો પર ઉપર છે. આહાહા..! '**વ્રતી થાય...**' લ્યો. પછી વ્રતી થાય.

'**મિથ્યાદૃષ્ટિ જીવ...**' મિથ્યાદૃષ્ટિ જીવ એટલે? જેને રાગની રુચિ છે, પર્યાયના અંશની બુદ્ધિ છે, પર નિમિત્ત ઉપર જેનો ભાવ રોકાયેલો છે એ બધા મિથ્યાદૃષ્ટિ છે. ચાહે તો એ સાધુ થયો હોય બાહ્યથી હજારો રાણી આદિ છોડીને, પણ અંદરમાં રાગનો વિકલ્પ ઊઠે છે એના ઉપર જેની દૃષ્ટિ છે એ મિથ્યાદૃષ્ટિ છે. કેમકે સાચી દૃષ્ટિવંત એવો આત્મા એની દૃષ્ટિ તો થઈ નથી. આહાહા..! એવા '**આત્મજ્ઞાન વિના કરોડો જન્મ સુધી તપ કરીને જેટલાં કર્મોનો અભાવ કરે તેટલાં કર્મોનો નાશ, જ્ઞાની પોતાના મન-વચન-કાયાનો નિરોધ કરી ક્ષણવારમાં સહજ કરી દે છે.**' આહાહા..! સમજાણું? નીચે છેને? 'કોટી જન્મ તપ તપૈં, જ્ઞાન વિન કર્મ ઝરૈં જે,...' કરોડ ભવ.

'કોટી જન્મ તપ તપૈં, જ્ઞાન વિન કર્મ ઝરૈં જે,
જ્ઞાની કે છિનમાંહિં, ત્રિગુપ્તિ તૈં સહજ ટરૈં તે;'

આનો અર્થ પણ ઊંધો કરે છે. એમ કહ્યું છેને? કોટી જન્મ તપે એમાં જે જ્ઞાન વિન કર્મ ઝરે તો છે. એ તો વિપાક જે કર્મનો ઉદય આવે એ તો ખરી તો જાય છે. એ ક્યાં ઝરે છે કર્મ? આહાહા..! 'જ્ઞાની કે છિનમાંહિ...' કરોડ જન્મમાં તપ તપે અજ્ઞાની એને જે પાપ કર્મના રજકણો ટળે.. આહાહા..! એ જ્ઞાની આત્માના આનંદમાં મશગુલ, આનંદની લહેરમાં ભલે ગૃહસ્થાશ્રમમાં હોય, પણ ક્ષણમાત્રમાં અતીન્દ્રિય આનંદમાં જેમ લીન રહે છે તેને કર્મ ટળે. આહાહા..! સહજ ટળે.

આનંદનું સ્વરૂપ ભગવાન આત્માનું એ કર્મ અને રાગ વિનાનું છે. એના ભાનમાં રહેતાં સહેજે

કર્મનો ઉદય ખરી જાય છે. સામું એની જોયું નથી, જોયું છે સામે ભગવાન સામે અંદર. આહાહા..! અરે..! વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરો, ગણધરોની સભામાં ઉપદેશ કરતા હશે એ કેવો હોય? બાપુ! આહાહા..! જેના સભામાં સેંકડો સિંહ, સેંકડો વાઘ અને સેંકડો નાગ.. આહાહા..! કાળા નાગ જેને દેખતા ત્રાસ થાય એવા સેંકડો નાગ ભગવાનના સમવસરણમાં સાંભળવા બેઠા હોય. આહાહા..! આવી વાત કેમ બેસે? ભગવાન બિરાજે છે અત્યારે. મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી સીમંધર ભગવાન જીવતા સ્વામી (બિરાજે છે). જીવંતસ્વામી કહ્યું છેને?

લખ્યું છે ત્યાં ગયા હતા ને. ક્યું ગામ? બયાના. બયાનામાં જીવંતસ્વામી લખ્યું છે નામ. ભગવાનની પ્રતિમા. પહેલા તો એવું નહોતુ. આ ભગવાનની છે પ્રતિમા કે કોની આ? પણ અહીં સીમંધર ભગવાન સ્થાપ્યા એ વાત એને કાને ગઈ બયાનામાં. અમે જઈ આવ્યા હતા. ભાઈ સાથે હતા. પ્રભુભાઈ. એણે સાડા ત્રણ હજાર રૂપિયા આપ્યા, અભિષેક લીધો હતો. એમાં એણે જોયું તો પ્રતિમા આડી રાખેને હેઠે, એટલે ઓલું નામ આ કોણ છે ભગવાનનું. એ પ્રતિમા જરી આઘી કરીને જોયું ત્યાં મૂળ પ્રતિમા ઉપર નામ જીવંતસ્વામી (લખેલું) હતું. જીવંતસ્વામી, જીવતા સ્વામી. કેમકે મહાવીર ભગવાન આદિ ચોવીસ તીર્થંકર તો મોક્ષ પધાર્યા છે. એ કાંઈ જીવતા શરીર હવે નથી એને. આહાહા..! ભગવાન પરમાત્મા.. આહાહા..! સર્વજ્ઞદેવ સીમંધર પ્રભુ જીવતા બિરાજે છે. એથી એનામાં જીવંતસ્વામી લખ્યું હતું. તે દિ' કાંઈક આપ્યા હતા, નહિ? પાંચ-છ હજાર રૂપિયા. એને કરવા સંઘ આવ્યો હતો. આહાહા..! એ સભામાં ઈન્દ્રોની હાજરી, ગણધરોની હાજરી, વાઘ અને નાગની હાજરી, સિંહની હાજરી. આહાહા..! લોકોને બેસવું કઠણ. આહાહા..! એમાં ભગવાનનું આ ફરમાન હતું. એ વાત અહીંયાં આચાર્ય પોતે કહી રહ્યા છે, એને અહીંયાં ટોડરમલજીએ એમાંથી લઈને વાત કરી છે. આહાહા..!

ભાઈ! તેં તારા આત્માને જોયો નહિ, જાણ્યો નહિ, એના આનંદના સ્વાદ તેં લીધા નહિ. હવે તું ક્યાં જઈશ? આહાહા..! તારી ગતિ તો રાગ ને દ્વેષ ને વિકલ્પ ઉપર રહેશે. સમજાણું કાંઈ? પોપટભાઈ! આવી વાતું છે. જ્ઞાની પોતાના... આહાહા..! **'જેટલાં કર્મોનો અભાવ કરે તેટલાં કર્મોનો નાશ, જ્ઞાની પોતાના મન-વચન-કાયનો નિરોધ કરી ક્ષણવારમાં સહજ કરી દે છે.'** આહાહા..! મન ને વચન ને કાયાથી જુદું જાણ્યું હતું, એ માર્ગે ગયો અંદર. આહાહા..! અંદર ઠરતા કરોડો જન્મમાં અજ્ઞાની જે કર્મને ન જ ખપાવે, ન જ ખપાવે એમાં ન જ ખપાવે એમ. અહીં તો એમ કહે છે 'વિન કર્મ ઝરૈ જે,...' છે ને? હા પાડી છે ને.

'જ્ઞાની કે છિનમાંહિ, ત્રિગુપ્તિ તૈં સહજ ટરૈં તે;
મુનિવ્રત ધાર અનંત વાર ગ્રીવક ઉપજાયૌ,'

અરે..! આત્માના ભાન વિના, અનુભવ વિના, સમ્યગ્દર્શન વિના જૈનનો સાધુ દિગંબર નગ્ન મુનિ વનવાસમાં અનંત વાર રહ્યો. આ વસ્ત્રવાળાની તો વાતું શું કરવી? એ તો દ્રવ્યલિંગી પણ નથી. સમજાણું કાંઈ? આહાહા..! કહે છે કે.. 'મુનિવ્રત ધાર અનંત વાર ગ્રીવક ઉપજાયૌ,' માખી જેમ

અહીંથી ઊડીને... શું કહેવાય આ? મોભ. મોભ નહિ આ પાસડો. અહીંથી ઊડીને પાસડે જાય તો કાંઈ ઊંચી ગઈ કહેવાય? એમ જેને ક્રિયાકાંડ એવા દયા, દાન, વ્રત, તપ કર્યા એવા પુણ્યને લઈને નવમી ગ્રૈવેયક છે પાસડો મોટો. એને પણ પાસડા કહે છે નવ ગ્રૈવેયકને. વિમાનના પાસડા. ત્યાં ઊપજ્યો. અનંત વાર જીવ ઊપજ્યો. સાધુ થઈ હજારો રાણી છોડી, દુકાનો છોડી, વેપાર ધંધા છોડી અને આત્માના ધંધામાં ગયા વિના રાગના ધંધે અનંત વાર કામ કર્યા એણે, કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- એનાથી કાંઈ..

ઉત્તર :- એનાથી લાભ મળે ઝેરનો.

મુમુક્ષુ :- બધાને લાગુ નથી પડતું. જેણે ન કર્યું હોય એને લાગુ પડે.

ઉત્તર :- ન કર્યું હોય એને લાગુ પડે એટલે? બધાએ કર્યું અનંત વાર. એ તો અહીંયાં ચાલે છે ને. શું કીધું આ? અનંત વાર કર્યું પૂર્વે. અત્યારે અમે ક્યાં કર્યા છે એમ કે વર્ષીતપ ને એવું. એમ કહે છે. અમે તો પૈસાની મમતા કરી છે અત્યાર સુધી આ. કેમ શેઠ! અહીં તો કહે છે કે પૂર્વે આ બધા જીવો...

'મુનિવ્રત ધાર અનંતવાર ગ્રીવક ઉપજાયૌ,
પૈ નિજ આતમજ્ઞાન વિના, સુખ લેશ ન પાયૌ...'

એવા વ્રત પાળ્યા, મહાવ્રત પાળ્યા, વ્યવહાર સમિતી, ગુપ્તિ પાળી. આહાહા..! શરીરે જાવજીવનું બ્રહ્મચર્ય પાળ્યું, પણ બ્રહ્મચર્ય—બ્રહ્મ નામ આત્મા આનંદ એના બ્રહ્મચર્ય પાળ્યા નહિ એણે. આહાહા..! સમજાણું કાંઈ? જોયું! છે? '**આત્મજ્ઞાન વિના પંચ મહાવ્રત પાળીને-મુનિ થઈને તે નવમી ગ્રૈવેયક સુધી દેવલોકમાં અનંત વાર ગયો...**' શેઠ! તમારો આત્મા પણ અનંત વાર ગયો એમ કહે છે. અહીં ભલે વર્ષીતપ ન કર્યા હોય. આહાહા..! '**પણ જરાય સુખ ન પામ્યો.**' અરે..! એ પંચ મહાવ્રતના દયા, દાનના વિકલ્પો એ બધો રાગ છે, એ તો આકુળતા—દુઃખ છે. ભગવાન આત્મા આનંદનો નાથ એમાં વિકલ્પનો અભાવ છે. આહાહા..! અરેરે..! એને જે કરવાનું એ કર્યું નહિ અને નહિ કરવાનું માંડ્યું એણે. આહાહા..! '**જરાય સુખ ન પામ્યો.**' એમ છે. છે? જુઓ! 'નિજ આતમજ્ઞાન વિના, સુખ લેશ ન પાયૌ...' આહાહા..! આત્મ આનંદનો સમુદ્ર પ્રભુ છે. અતીન્દ્રિય આનંદનો સરોવર સાગર આત્મા છે. અરે..! કેમ બેસે એને? એક બીડીમાં તમાકુ જરી ઓલી આવે, છીંકણી-છીંકણી. મગજ તર થઈ જાય. આહાહા..! ક્યાં અટક્યો છે અજ્ઞાની? સવારની ચા પીવે સરખી ઉઠીને દોઢ પ્યાલો, દોઢ પાશેર (પછી કહે), હવે સ્ફુર્તિ આવી.

મુમુક્ષુ :- ચા પીવાથી સ્ફુર્તિ આવે છે.

ઉત્તર :- ધૂળેય સ્ફુર્તો આવતો નથી. સાંભળવા આવ્યો હોય તો કહે, ભાઈ ચા પીધા વિના આવ્યો છું, બરાબર ચેન પડતું નથી. ઠીક! એ દોઢ પાશેરનો પ્યાલો તને ચેન પાડે? મૂર્ખાઈના તે કાંઈ ગામ જુદા હશે? સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો વાત આ છે, બાપુ! જેને ધર્મ નથી થયો એ બધા અજ્ઞાનીઓ આવા અજ્ઞાનમાં

અટકીને તપસ્યાઓ અને વ્રત પણ પાળ્યા એમાં કાંઈ આત્માની શાંતિ વળી નહિ. આહાહા..! આ તો આવું! વાડામાં તો રહેવા દે નહિ હોં! પણ અહીં તો વાડો ન મળે, સંપ્રદાય ન મળે. આ તો ગામડાનું પાદર છે. આહાહા..! માર્ગ તો પ્રભુ આવો છે હોં! ભલે તને બીજી રીતે કોઈ માને અને મનાવે એ ભવ ચાલ્યો જશે, ભાઈ! આ ભવમાં કરવાનું જે છે એ રહી જશે. આહાહા..! તો કીડી ને કાગડાને મનુષ્યભવ મળ્યો નથી અને તને મળ્યો એમાં ફેર શું પડ્યો? સમજાણું કાંઈ? આહાહા..!

શ્રીમદ્દે કહ્યું નથી છેલ્લે? રે આત્મ તારો આત્મ તારો.. ૧૬ વર્ષે.

રે આત્મ તારો આત્મ તારો શીઘ્ર એને ઓળખો,
સર્વ આત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો.

૧૬ વર્ષે કહે છે ૧૬ વર્ષે. આહાહા..! 'રે આત્મ તારો આત્મ તારો શીઘ્ર એને ઓળખો' ભવસિંધુના દરિયામાં ડૂબકી મારતો આત્મા એને હવે તારવાના ટાણા આવ્યા, પ્રભુ તાર તું, એમ કહે છે. આહાહા..! શેઠ! શ્રીમદ્ ૧૬ વર્ષની ઉંમરે (કહે છે). બહુ પુણ્ય કેરા.. આવે છે ને? એમાં છેલ્લું પદ છે. આહાહા..!

બહુ પુણ્ય કેરા પુંજથી શુભદેહ માનવનો મળ્યો
તોયે અરે ભવચક્રનો આંટો નહિ એકેય ટળ્યો.

આહાહા..! એ તો ભવના અભાવની જ વાત ઊભા થઈને કરે છે.

સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે, ક્યાં અહો રાચી રહો?

'એ શુભ અને અશુભ રાગ એ મારું કર્તવ્ય છે' એમાં ક્ષણે ક્ષણે પ્રભુ તારું મૃત્યુ થાય છે. આહાહા..! ચૈતન્યની જીવનજ્યોતનો અનાદર થાય છે. ત્રિકાળી જીવનના જીવનારો ચૈતન્યના આનંદે પ્રભુ એવા જીવના જીવનનો અનાદર થઈ અને શુભ-અશુભભાવમાં ક્ષણે ક્ષણે ભયંકર મરણ થાય છે, કહે છે. આહાહા..! એ અપવાસના કરનારા પણ ક્ષણે ક્ષણે જીવનું મૃત્યુ કરે છે. આહાહા..! એને એના વિકલ્પની ક્રિયામાં બહુમાન જતાં ભગવાન આનંદનો નાથ અંદર પડ્યો છે એનું એને બહુમાન નથી આવતું. આહાહા..! એ છે એને નકાર કરીને આ રાગ છે એ હું છું (એ માન્યતામાં) મૃત્યુ છે પ્રભુ તારું. આહાહા..! દેહના છૂટવા કાળે દેહ છૂટશે એ તો દેહનું છૂટવું છે. પણ રાગની ક્રિયાના રસમાં પડ્યો, પ્રભુ! તારું મૃત્યુ થાય છે. આહાહા..! આવી વાત છે, ભાઈ! આહાહા..!

એવું આવે છેને? ક્યાંક શ્રીમદ્‌માં ક્યાંક આવે છે. 'ભાગ્યા મરણને જોઈને' નથી આવતું? શરૂઆતમાં ક્યાંક આવે છે. આપણને કાંઈ યાદ રહે બધું? 'ભાગ્યા મરણને જોઈને. નવ કાળ મૂકે કોઈને.' આહાહા..! કાળો નાગ આમ જ્યાં દેખે અને કરડતો હોય તો હાય. હાય.. હવે હું નહિ જીવું. હમણાં છોકરાને કાળો નાગ કરડ્યો ને? કરડ્યોને. છ વર્ષનો છોકરો. કરડ્યો અને કરડ્યા ભેગું ઝેર ચડી ગયું. તાકડે ડોક્ટર પણ નહિ. મોટરમાં નાખીને લઈ જતા હતા ત્યાં રસ્તામાં ખલાસ થઈ ગયો. હમણાં બીજા કોળીને કરડ્યો હતો. તમારા પગીનો ભાઈ. મથુરનો ભાઈ. આવ્યા હતા અહીં

બિચારા. અહીં મહારાજ અહીં કરડ્યો હતો પણ રહી ગયો હું. સર્પ કરડ્યો હતો અહીં. અને કરડ્યા ભેગો વળી આહાર કર્યો અને આહાર કર્યા ભેગી ઊલટી થઈ ગઈ અને અહીં લઈ ગયા દવાખાને, કાંઈક આપ્યા. આયુષ્ય હોય તો બચે. એમાં કાંઈ કોઈના ઉપાયથી રહે? આહાહા..! આવ્યા હતા બિચારા દર્શન કરવા. હું સાજો થઈને આવ્યો. મને સર્પ કરડ્યો હતો. બતાવ્યું એણે. અરે..! કાળા નાગ મિથ્યાત્વના કરડ્યા એના ઝેર ખબર નથી, બાપુ! આહાહા..!

શુદ્ધ આનંદનો નાથ જીવને આ જીવતર ચૈતન્યના ભાવપ્રાણે આનંદ અને શ્રદ્ધા જ્ઞાનના ભાવપ્રાણે જીવનારો પ્રભુ એવા જીવનને તેં ઓળખ્યું નહિ અને એના વિના તેં આ બધી તપસ્યા આદિ કરી, મુનિ થયો, એ બધા એકડા વિનાના મીંડા નીકળ્યા. આહાહા..! રણમાં પોક કોઈ તારી સાંભળે નહિ ભાઈ! એમ આત્માના જ્ઞાન વિનાની એ ક્રિયાઓ તારી કોઈ નહિ સાંભળે ભાઈ. આહાહા..! સમજાણું કાંઈ? કાંઈ સમજાણું એમ આવે છે ને? અરે..! બધું સમજે તો તો ન્યાલ થઈ જાય ને. આહાહા..!

ક્યા પડખે જવું અને ક્યા પડખેથી ખસવું એની ખબર નથી. ચૈતન્યના પડખેથી ખસી જઈ અને પુણ્ય-પાપના પરિણામની ક્રિયાના પડખે ચડી ગયો છે અનાદિથી. એ દુઃખની પરંપરાના દુઃખ વેદી રહ્યો છે ઈ. આહાહા..! એ પૈસાવાળા કરોડોપતિ કે અબજોપતિ એ બિચારા બધા દુઃખી છે. દુનિયા પાગલ એને સુખી કહે. સમજાણું કાંઈ? લ્યો પોપટભાઈ! આ તમને બધાને સુખી કહે. કરોડપતિઓ આ છે, આ શેઠિયા કરોડપતિ આ રહ્યા ને આ રહ્યા. કોણ વયું ગયું? બીજા હતાને ઘણા. આહાહા..! ભાઈ! તને સુખી કોણ કહે? સુખ તો આત્માના આનંદમાં છે. એની તો તને વાનકી (નમૂના)ની પણ ખબર નથી. આહાહા..! વાનકી (નમૂનો)ની મળે તો એને ખબર પડે કે આ તો આખો આત્મા આનંદસ્વરૂપ છે આ તો! ઓહોહો..! સમજાણું કાંઈ? એના ભાન વિના અનંત વાર મુનિપણું લીધું પણ એનું ફળ સંસારમાં રખડવાનું આવ્યું. આહાહા..!

**'અજ્ઞાની જીવની ક્રિયા સંસારને માટે સફળ છે...'** એ આપણે આવી ગયું છે. આત્માના જ્ઞાન અને અનુભવ વિના સમકિત વિના જે કાંઈ અજ્ઞાનીની ક્રિયા છે.. આહાહા..! એ **'સંસારને માટે સફળ છે...'** જે અબુધા મહાભાગા સમ્યગ્દર્શન રહિત છે. આહાહા..! વીરા જે અબુધા મહા-ભાગા વીરા અસમંત દંસિણો. આ ગાથા છે. હે બુધા! અબુધા મહાભાગા. જેને આત્માની ખબર નથી એવા અબુધ જીવો મહાભાગ્યવાન પુણ્યને કારણે હોય. લોકોમાં લાખોમાં પૂજાય પણ વીરા મહિના મહિનાના અપવાસ કરે, રસનો ત્યાગ કરે પણ અસંમત દંસિણો. પણ સમ્યક્ ચીજનું જેને દર્શન નથી—સમકિત નથી. જે અબુધા મહાભાગા વીરા અસંમત દંશીણો અશુદ્ધં તેંસિ ... એની બધી ક્રિયાનું ફળ સફળ છે. એટલે કે જે ચાર ગતિમાં મળે એ જ ફળ એને મળશે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? સફળ કીધું ને? સફળ છે બાપુ! ફળે છે જે તને ભવ, એ ભવ ફળ્યા જ કરશે. આહાહા..!

**'ને મોક્ષને માટે નિષ્ફળ છે અને જ્ઞાનીની જે ધર્મક્રિયા છે...'** આહાહા..! ધર્મી સમકિતીની

આત્મજ્ઞાનની જે ક્રિયા છે, રાગના વિકલ્પ વિનાની શુદ્ધ ચૈતન્યની એકાગ્રતાની જે ક્રિયા છે **'તે સંસાર માટે નિષ્ફળ છે...'** હવે એને સંસારનું ફળ નહિ મળે. એને રખડવાનું ફળ નહિ મળે હવે. આહાહા..! **'અને મોક્ષને માટે સફળ છે.'** મોક્ષને માટે ધર્મીની ક્રિયા સફળ છે. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર આત્માનું ધ્યાન અને લીનતા એ મોક્ષને માટે સફળ છે. એને અલ્પ કાળમાં મુક્તિ થશે. આહાહા..! આવી વાત છે. છે એમાં? પોપટભાઈ! આહાહા..!

સારી કન્યાને સારા પૈસાવાળાનું નાળિયેર આવતું હોય તો એ નાળિયેર પહેલું માને. છોકરો કાંઈક ઠીક હોય ભણેલો ને. ક્યાં ગયા કાંતિભાઈ? આ રહ્યા. પણ એ તો લાખોપતિ હતા. અને ભણેલી મોટી કન્યા આવતી. પણ સાધારણ ઘરની આવતી એટલે એનો બાપ કહે કે અમારા ઘર પ્રમાણે નથી. ન લીધી. બે વર્ષે વળી બીજી કન્યા સારા ઘરની આવી. ત્યારે ભાઈ કહે કે હમણા મારો વિચાર નથી. એમ કરતા રહી ગયા બ્રહ્મચારી. આ તો ભગવાનના ઘરના નોતરા આવ્યા છે. આ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કર. પ્રભુ! તારું નોતરું અહીં છે. આહાહા..! ૧૫૦૦નો પગાર હતો પ્લેનમાં. માસિક ૧૫૦૦. (નોકરી) છોડી દીધી. બે વરસ તો .. કરી. મહિનાનો ૧૫૦૦ પગાર. પ્લેનમાં હતા. પ્લેનમાં હતા ત્યારે આવતા સંભાળ કરવા. ચડાવવા ને કરવા બધું. મુંબઈથી જ્યારે બેસીએ ને. ઓલો ટોપી નાખે અને આ પણ ટોપો સામે. ટોપો હોય ને. અરેરે..! એ શું ચીજ છે? બાપુ! આહાહા..! જ્યાં ત્રણ લોકનો નાથ આનંદનો સાગર પડ્યો છે એની કિંમત કરતાં જગતની કિંમત બધી ઊડી જશે તને. આહાહા..! સમજાણું કાંઈ?

**'તે (તપશ્ચર્યા) કરનાર બહિરાત્મા અને અન્તરાત્મા શું કરે છે તે કહે છે :-'** હવે. એ બહિરાત્મા અને અંતરાત્મા શું કરે એ ૪૨ ગાથામાં કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**तच्च् कुर्वाणो बहिरात्मा अन्तरात्मा च किं करोतीत्याह–**

**शुभं शरीरं दिव्यांश्च विषयानभिवांछति।**
**उत्पन्नात्ममतिर्देहे तत्त्वज्ञानी ततश्च्युतिम्।।४२।।**

**દેહાતમધી અભિલેષે દિવ્ય વિષય, શુભ કાય;**
**તત્ત્વજ્ઞાની તે સર્વથી ઈચ્છે મુક્તિ સદાય. ૪૨.**

**टीका :– देहे उत्पन्नात्ममतिर्बहिरात्मा। अभिवांछति अभिलषति। किं तत्? शुभं शरीरं। दिव्यांश्च उत्तमान् स्वर्गसम्बंधिनो वा विषयान्। अन्तरात्मा किं करोतीत्याह–तत्त्वज्ञानी ततश्च्युतिम्। तत्त्वज्ञानी विवेकी अन्तरात्मा। ततः शरीरादेः। च्युतिं व्यावृत्तिं मुक्तिरूपां अभिवांछति।।४२।।**

તે (તપશ્ચર્યા) કરનાર બહિરાત્મા અને અન્તરાત્મા શું કરે છે તે કહે છે :–

શ્લોક – ૪૨

અન્વયાર્થ :– (देहे उत्पन्नात्ममतिः) દેહમાં જેને આત્મબુદ્ધિ ઉત્પન્ન થઈ છે એવો બહિરાત્મા (તપ દ્વારા) (शुभ शरीरं) સુન્દર શરીર (दिव्यान् विषयान् च) અને સ્વર્ગના વિષય-ભોગોની (अभिवांछति) વાંછા કરે છે અને (तत्त्वज्ञानी) જ્ઞાની અંતરાત્મા (ततः) તેનાથી એટલે શરીરાદિ અને વિષય-ભોગોથી (च्युतिम्) છૂટવાની ભાવના કરે છે.

ટીકા :– દેહમાં જેને આત્મબુદ્ધિ ઉત્પન્ન થઈ છે તે બહિરાત્મા વાંછા કરે છે–અભિલાષા કરે છે. કોની (વાંછા કરે છે)? શુભ (સુંદર) શરીર અને દિવ્ય એટલે ઉત્તમ સ્વર્ગ સંબંધી વિ–ષયોની (દિવ્ય વિષય-ભોગોની) અભિલાષા કરે છે.

અંતરાત્મા શું કરે છે તે કહે છે– તત્ત્વજ્ઞાની તેનાથઈ ચ્યુતિ વાંછે છે–અર્થાત્ તત્ત્વજ્ઞાની એટલે વિવેકી અન્તરાત્મા, તેનાથીત એટલે શરીરાદિથી મુક્તિરૂપ (છૂટકારારૂપ) ચ્યુતિની એટલે વ્યાવૃત્તિની વાંછા કરે છે.

ભાવાર્થ :– શરીરાદિમાં આત્મબુદ્ધિ કરનાર બહિરાત્મા તપાદિ દ્વારા સુંદર શરીર અને સ્વર્ગીય વિષય-ભોગોની વાંછા કરે છે અને ભેદજ્ઞાની અંતરાત્મા તો બાહ્ય શરીર–વિષયાદિની વાંછાથી ચ્યુત થઈ, એટલે તેનાથી વ્યાવૃત થઈ, આત્મસ્વરૂપમાં ઠરવા માગે છે.

વિશેષ

જે અજ્ઞાની ઈન્દ્રિયોના વિષયોની અને સ્વર્ગના સુખની ઈચ્છાથી વ્રત–તપાદિ આચરે છે, તે તો મિથ્યાદૃષ્ટિ જ છે, કારણ કે તેના અભિપ્રાયમાં શુભ રાગના ફલસ્વરૂપ વિષયોની જ વાંછના છે. તેનાં વ્રત–તપાદિ ભોગહેતુએ જ છે.

''તે ભોગના નિમિત્તરૂપ ધર્મને જ શ્રદ્ધે છે, તેની જ પ્રતીત કરે છે, તેની જ રુચિ કરે છે અને તેને જ સ્પર્શે છે, પરંતુ કર્મક્ષયના નિમિત્તરૂપ ધર્મને નહિ.

...તે કર્મથી છૂટવાના નિમિત્તરૂપ, જ્ઞાનમાત્ર, ભૂતાર્થ (સત્યાર્થ) ધર્મને નથી શ્રદ્ધતો ભોગના નિમિત્તરૂપ, શુભકર્મમાત્ર, અભૂતાર્થ ધર્મને જ શ્રદ્ધે છે; તેથી જ તે અભૂતાર્થ ધર્મના શ્રદ્ધાન, પ્રતીત, રુચિ અને સ્પર્શનથી ઉપરના ગ્રૈવેયક સુધીના ભોગ–માત્રને પામે છે, પરંતુ કદાપિ કર્મથી છૂટતો નથી...''

જ્ઞાની તો શુદ્ધાત્મસ્વરૂપની જ ભાવના કરે છે. તે વિષય–સુખોની સ્વપ્ને પણ ભાવના કરતો નથી. તેને વ્રત–તપાદિનો શુભ રાગ ભૂમિકાનુસાર આવે, પણ તેને તે વાંછના નથી, અભિપ્રાયમાં તેનો નિષેધ વર્તે છે. જેને રાગની ભાવના જ ન હોય તેને રાગના ફલરૂપ વિ–ષયોની પણ ઈચ્છા કેમ હોય? ન જ હોય.

''જેમ કોઈને ઘણો દંડ થતો હોત તે હવે થોડો દંડ આપવાનો ઉપાય રાખે છે તથા થોડો દંડ આપીને હર્ષ પણ માને છે, પરંતુ શ્રદ્ધાનમાં તો દંડ આપવો અનિષ્ટ માને છે; તેમ

**સમ્યગ્દષ્ટિને પાપરૂપ ઘણો કષાય થતો હતો, તે હવે પુણ્યરૂપ થોડ કષાય કરવાનો ઉપાય રાખે છે તથા થોડો કષાય થતાં હર્ષ પણ માને છે, પરંતુ શ્રદ્ધાનમાં તો કષાયને હેય જ માને છે. વળી જેમ કોઈ કમાણીનું કારણ જાણી વ્યાપારાદિકનો ઉપાય રાખે છે, ઉપાય બની આવતાં હર્ષ પણ માને છે, તેમ દ્રવ્યલિંગી મોક્ષનું કારણ જાણી પ્રશસ્ત રાગનો ઉપાય રાખે છે, ઉપાય બની આવતાં હર્ષ પણ માને છે. એ પ્રમાણે પ્રશસ્ત રાગના ઉફાયમાં વા તેના હર્ષમાં સમ-ાનતા હોવા છતાં પણ સમ્યગ્દષ્ટિને તો દંડ સમાન તથા મિથ્યાદષ્ટિને વ્યાપાર સમાન શ્રદ્ધાન હોય છે. માટે એ બંનેના અભિપ્રાયમાં ભેદ થયો.'' ૪૨.**

---

## પોષ વદ ૬, રવિવાર તા. ૦૨-૦૨-૧૯૭૫
## શ્લોક-૪૨,
## પ્રવચન – ૫૪

**शुभं शरीरं दिव्यांश्च विषयानभिवांछति।**
**उत्पन्नात्ममतिर्देहे तत्त्वज्ञानी ततश्च्युतिम्।।४२।।**

'**ટીકા :– દેહમાં જેને આત્મબુદ્ધિ ઉત્પન્ન થઈ છે.**' અરે..! અંદર ભાવ ઈન્દ્રિય જે છે ખંડખંડ એ હું, એ પણ દેહાત્મબુદ્ધિ છે. આ મહાવ્રતને પાળે છેને? એ છે તો ક્યાં અત્યારે એને મહાવ્રત તો? મિથ્યાદષ્ટિ છે ને મહાવ્રત નથી. મહાવ્રત પણ ક્યાં છે વ્યવહારના ઠેકાણા પણ જેને મહાવ્રત હોય ચોખ્ખા, નવમી ગ્રૈવેયક ગયો એને મહાવ્રત તો ચોખ્ખા હોય છે, પણ એ બધા ઈન્દ્રિયના વિષયને એ પોતાનું સ્વરૂપ માને છે. આહાહા..! એટલે કે ખંડ ખંડ ઈન્દ્રિયમાં જે રાગ થાય છે અને પરનું લક્ષ જાય છે એ એને જ આત્મા માને છે. સમજાણું કાંઈ? વ્રતના વિકલ્પો જે છે એ પણ ઈન્દ્રિયનો વિષય છે. એમ કે આ શરીરથી બ્રહ્મચર્ય પાળે. આ નાટક-બાટક જોવા ન જાય. એટલો તો ઈન્દ્રિયનિગ્રહ કર્યો કહેવાય ને?

અરે.. ભાઈ! ઈન્દ્રિયનિગ્રહ તો એને કહીએ કે જેને અંદર ખંડ ખંડ જે ભાવેન્દ્રિય, એનો જે વિષય પરવસ્તુ અને એના લક્ષમાં જતા એને રાગ થાય એ ત્રણેને ઈન્દ્રિયો કહેવામાં આવી છે. ૩૧ ગાથા. ચૈતન્ય ભગવાન તો અણીન્દ્રિય સ્વરૂપ છે. ભાવ ઈન્દ્રિય જે એક એક વિષયને જાણવાની યોગ્યતાવાળો ક્ષયોપશમ એ આત્મા નહિ. એ તો પર્યાયબુદ્ધિ છે. આહાહા..! વસ્તુબુદ્ધિ ન આવી એમાં. બહુ તત્ત્વ એવું છે. અરે..! અનંત કાળથી રખડ્યો છે.

અહીં કહે છે, દેહમાં આત્મબુદ્ધિનો અર્થ જ આ છે. પાંચ ઈન્દ્રિયો અને એનો જે વિષય (એ) બધાને ઈન્દ્રિય કહેવામાં આવે છે. આહાહા..! આ સાંભળવાનો શબ્દ એ પણ ઈન્દ્રિયનો વિષય

છે. એ ઈન્દ્રિયને વશ ન થતાં જે ખંડ ખંડ ઈન્દ્રિય, જડ ઈન્દ્રિય અને એના વિષયો એના તરફની બુદ્ધિ, રુચિ છોડીને અણીન્દ્રિય એવો જે ભગવાન આત્માનો સ્વભાવ એને જે દૃષ્ટિમાં લઈ અને એ ખંડ ઈન્દ્રિયને વિષયો એનાથી તેને અધિક નામ જુદો જાણે ત્યારે એણે દેહની ઈન્દ્રિયોને જીતી એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? એમ કે આ બાયડી, છોકરા છોડે, ઊના પાણી પીવે, લોચ કરાવે... ઉઘાડે પગે ચાલે. સ્ત્રીનું પુરુષ સેવન ન કરે અને પુરુષનું સ્ત્રી સેવન ન કરે. તો એમાં કાંઈ છે કે નહિ? એમાં કાંઈ નથી બાપુ! આત્મા નથી એમાં. સમજાણું કાંઈ?

એ ઈન્દ્રિયો જડ એ શરીરના અવયવો, ભાવ ઈન્દ્રિય જે ખંડ એ અખંડ જ્ઞાનનો અંશ જુદો અને એના વિષયો બાહ્ય શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ—બધાને ઈન્દ્રિય કીધી છે. એટલે ખરેખર તો એ શરીરના અવયવ જેમ ઈન્દ્રિય છે એમ એ બધા અવયવો જ શરીરના છે. આહાહા..! ગજબ વાત છે, ભાઈ! ...ભાઈ! આવું છે. લોકોને એમ કે બાહ્ય ત્યાગ કરે, ઉઘાડે પગે ચાલે, ઊના પાણી પીવે. અરે..! એ તો મિથ્યાદૃષ્ટિ અભવિએ એવું અનંત વાર કર્યું છે. એવી તો અત્યારે ક્રિયા પણ નથી. નગ્ન મુનિઓની પણ એવી ક્રિયા નથી તો આ લૂગડાવાળાને તો હોય શેની? આહાહા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે કે દેહમાં જેની આત્મબુદ્ધિ છે (તે બહિરાત્મા છે). આત્મા જ્ઞાયકસ્વરૂપ એકલો પૂર્ણ સ્વભાવનો ભંડાર એના ઉપર દૃષ્ટિ પડતાં એને આત્મબુદ્ધિ થાય. એ વિના રાગમાં, વિકલ્પમાં ખંડ ઈન્દ્રિયમાં અને એના વિષયમાં બુદ્ધિ થાય એ બધી દેહબુદ્ધિ છે. આહાહા..! '**તે બહિરાત્મા વાંછા કરે છે–**' આહાહા..! ધર્મ ચીજ એવી છે અપૂર્વ! લોકોને એને સાંભળવી, સમજવી કઠણ પડી ગઈ. કારણ કે એવી બીજી ઉપદેશની શૈલી ઘણી એમાં સાંભળવા જાય, એમાં મળે બધું ઊંધું. સ્વરૂપચંદભાઈ! સ્વરૂપનું (કાંઈ) ન મળે. આહાહા..!

જેને અણીન્દ્રિય એવો ભગવાન આત્મા એની મહાસત્તાનો જ્યાં શ્રદ્ધામાં સ્વીકાર નથી એને આત્મામાં આત્મબુદ્ધિ નથી. એને એ શરીર ને અવયવો એના એમાં એની બુદ્ધિ છે, આ હું છું. એની બહિરાત્મા વાંછા કરે. જેને પોતાનું માને એને અનુકૂળ રહેવાની વાંછા કરે. આહાહા..!

'**અભિલાષા કરે છે. કોની (વાંછા કરે છે)? શુભ (સુંદર) શરીર...**' જે પોતાનું માને એને સારું કેમ મળે? એવી એને અભિલાષા હોય છે. આહાહા..! શરીર સુંદર, '**દિવ્ય એટલે ઉત્તમ સ્વર્ગસંબંધી વિષયોની (દિવ્ય વિષય-ભોગોની) અભિલાષા કરે છે.**' કારણ કે એને તો આત્માના આનંદની તો ખબર નથી અને અતીન્દ્રિય આનંદ એ આત્મા એવી તો બુદ્ધિ છે નહિ. આહાહા..! આવી બુદ્ધિને લઈને જેને પોતાનું નથી (એને પોતાનું માને છે). દીકરો પોતાનો માન્યો એ કેમ સુંદર રહે? કેમ સગવડતા રહે એમ માને ને? જેને પોતાનો માન્યો એને સગવડતા રહે એમ માને. આહાહા..! સ્ત્રી પોતાની માની તો એને અનુકૂળતા કેમ રહે? સુંદરતા, સગવડતા કેમ રહે એવી જ અજ્ઞાનીની અભિલાષા હોય છે. ભારે કામ ભાઈ!

ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે એને તો ભૂલી ગયો, ચ્યુત થઈ ગયો, ભૂલ્યો. આહાહા..! અને જે શરીર પર છે એની સુંદરતાને ઈચ્છે એ તો મિથ્યાત્વભાવ છે. આહાહા..! વાણી પણ સરખી

નીકળે અને હોય તો ઠીક. આહાહા..! તે પણ પરની અભિલાષા મિથ્યાત્વ છે. આહાહા..! એણે ઉત્તમ સ્વર્ગ સંબંધી... અહીં તો શરીર ઠીક મળે, રહે, પણ ભવિષ્યમાં પણ જે મારી ચીજ છે એ તો સારી જ રહે ને? આહાહા..! સ્વર્ગમાં હું દેવ થાઉં, સારી સગવડતાવાળો. આહાહા..! સર્પના જેમ ઝેર ચડ્યા (હોય) અને અસાધ્ય થઈ જાય છે. અસાધ્ય થઈ જાય. એમ જેને પરપદાર્થની અભિલાષા (છે), એ સ્વરૂપમાં અસાધ્ય છે. એને મિથ્યાત્વના ઝેર ચડ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**ઉત્તમ સ્વર્ગસંબંધી વિષયોની...**' બાહ્યના સગવડતાવાળું શરીર મળે, ઇન્દ્રિયો... શું કહેવાય? ઇન્દ્રાણીઓ એને ઇચ્છે. આત્માની ભાવના નથી, આત્મા જાણ્યો નથી. આહાહા..! એટલે ઊંડે ઊંડે એની અભિલાષા (રહે કે) ભવિષ્યમાં ઉત્તમ શરીર એટલે સ્વર્ગ આદિ મળે એવી જ ભાવના એની હોય. આહાહા..! કેમકે એનાથી ભેદ જે કરવો જોઈએ એ તો કર્યો નથી. આહાહા..! બહુ વાત ઝીણી અને અનંત કાળમાં નહિ કરેલી એવી વાત છે.

કહે છે, '**અભિલાષા કરે છે.**' મિથ્યાદૃષ્ટિ જે શરીર, ઇન્દ્રિયો અને એના વિષયો એ મારા માને એને બધી અનુકૂળતા રહે એવી એની અભિલાષા હોય. બહિરાત્મા છે. બહારની અનુકૂળતા માગે તે તો બહિરાત્મા છે. આહાહા..! '**અંતરાત્મા શું કરે છે...**' બે જ વાત છે.

**शुभं शरीरं दिव्यांश्च विषयानभिवांछति।**
**उत्पन्नात्ममतिर्देहे तत्त्वज्ञानी ततश्च्युतिम्।।४२।।**

એટલું ટૂંકું બહુ. ભગવાન આત્મા અંતરાત્મા, એનું જે અંતર સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન છે, એનો જેને અનુભવ થયો એટલે કે એ છે એમ જેણે સ્વીકાર્યું જ્ઞાનમાં, શ્રદ્ધામાં એમાં રાગ અને આ છે નહિ. આહાહા..!

'**અંતરાત્મા શું કરે છે તે કહે છે-તત્ત્વજ્ઞાની તેનાથી ચ્યુતિ વાંછે છે-**' આહાહા..! શરીર અને શરીરની વાંછા બધાથી ખસી જાઉં એમ જ્ઞાનીની ભાવના હોય છે. આમ તો શાસ્ત્રના જાણપણા અનંત વાર કર્યા એણે. આહાહા..! પણ અંતર વસ્તુ ભગવાન પૂર્ણ શાંતરસના સ્વભાવથી ભરેલો પ્રભુ એના સ્વીકાર વિના બધી ક્રિયાઓ કાંડ તપસ્યાઓ બધી નિરર્થક ગઈ. સ્વભાવ માટે નિરર્થક ગઈ. ભવ ફળવા માટે સાર્થક થઈ. સમજાણું કાંઈ?

'**તત્ત્વજ્ઞાની એટલે...**' '**તેનાથી ચ્યુતિ વાંછે છે-અર્થાત્ તત્ત્વજ્ઞાની એટલે વિવેકી અન્તર-ાત્મા,...**' એટલે કે શરીર ને રાગ ને ઇન્દ્રિયના વિષયો જેનાથી ભિન્ન છે એવું જે તત્ત્વજ્ઞાન... એને એ તત્ત્વજ્ઞાન થયું. એ વસ્તુ પોતે છે એ રાગ ને ભાવ ઇન્દ્રિય અને એના વિષયો એનાથી ભગવાન અંતરાત્મા તદ્દન જુદો છે. એવી જેને સમ્યગ્દૃષ્ટિ થઈ એને અંતરાત્મા કહે છે. આહાહા..! જે પોતાનું હતું એને (પોતાનું) માન્યું. બહિરાત્મા(એ) જે પોતામાં નથી એને (પોતાનું) માન્યું. આહાહા..!

'**તેનાથી એટલે વિવેકી અન્તરાત્મા,...**' એટલે? કે રાગ, શરીર અને વિષયો એનાથી ભિન્ન મારી ચીજ છે. આહાહા..! વીતરાગની વાણી અને વીતરાગનું શરીર એનાથી પણ હું તો ભિન્ન છું. સમજાણું કાંઈ? આવો મોંઘો ધર્મ? સોંઘો કરી નાખ્યો છે માણસોએ લ્યો. સામાયિક કરવી, પોષા

કરવા, પડિક્કમણા કરવા. ભાઈ! તને ખબર નથી. પ્રભુ પોતે કેવડો છે? ક્યાં છે? જેને આત્મા કહીએ એ ક્યાં છે? શેમાં છે? જેના હોવાપણાના ભાન વિના બહારની આવી ક્રિયાઓ અનંત વાર કરી, એને અનુકૂળતા બહારની એ રાખવા માગે છે. આહાહા..!

ધર્મી... આહાહા..! અંતરાત્મા '**વિવેકી અન્તરાત્મા...**' એમ છે. મહાવ્રતના પરિણામ તો ઇન્દ્રિય છે. સમજાય છે કાંઈ? એ આત્મા નથી. આહાહા..! '**શરીરાદિથી મુક્તિરૂપ (છૂટકારારૂપ) ચ્યુતિની એટલે વ્યાવૃત્તિની વાંછા કરે છે.**' સમજાવે ત્યારે એમ સમજાવે. બાકી તો સ્વભાવ તરફ ચૈતન્યના આનંદના સ્વભાવનું જ્યાં ભાન થયું એને આનંદમાં રહેવાની ભાવના હોય, બહારથી તો ચ્યુત થવાની ભાવના હોય. આહાહા..! સમજાણું કાંઈ? જરીક લક્ષ જાય છે ત્યાં બહાર આવે છે. એની ભાવના છે એને?

(અજ્ઞાની) બહારને જોવા મથે છે. અંતર જોવાનું ત્યાં રહી જાય છે. આહાહા..! ભાષા બહારમાં છે ને? અહીંથી સામેથી આવે એટલે .. જાય ત્યાં. એય.. મૂળચંદભાઈ! આહાહા..! એને થાય એવું હોય કે આપણે તો આ સાંભળીએ છીએ એની એ વાત આવે છે. એટલે એને નવીનતા અંદરમાં ભાસતી નથી. એટલે એને એની એ દશાની વાત એને લાગ્યા કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- શરીરાદિ...**' બાહ્ય પદાર્થ બધા. એમાં '**આત્મબુદ્ધિ...**' એટલે એમાં હું છું અને એનાથી મને લાભ થશે એવી આત્મબુદ્ધિ. આહાહા..! શરીરાદિ, ઇન્દ્રિયો આદિ, બાહ્ય પદાર્થ આદિ. આહાહા..! એમાં જેની આત્મબુદ્ધિ (છે) એટલે કે એનાથી મને લાભ થશે. આહાહા..! એવી જેને બાહ્યમાં આત્મબુદ્ધિ છે એવા '**બહિરાત્મા તપાદિ દ્વારા સુંદર શરીર...**' તપ આદિ કરીને ભોગને ઇચ્છે છે. સમયસારમાં આવ્યું છેને? અભવિ ભોગને ઇચ્છે છે. એનો અર્થ કે આત્મા આનંદ છે એવી સત્તાનું ભાન આત્મજ્ઞાન તો નથી. એથી એ ક્રિયાકાંડના શુભભાવમાં ભોગને ઇચ્છે છે. એટલે? આમ ઇચ્છે કે આનાથી ભોગ મળે તો તો પાપ. પણ રાગના ભોગને એ ઇચ્છે છે. આહાહા..! રાગના અનુભવની જ એની ભાવના છે. સમજાણું કાંઈ?

એ '**તપાદિ દ્વારા સુંદર શરીર અને સ્વર્ગીય વિષય-ભોગોની વાંછા કરે છે અને ભેદજ્ઞાની અંતરાત્મા તો બાહ્ય શરીર-વિષયાદિની વાંછાથી ચ્યુત થઈ,...**' આહાહા..! '**એટલે તેનાથી વ્યાવૃત્ત થઈ, આત્મસ્વરૂપમાં ઠરવા માગે છે.**' આહાહા..! જેનાથી ભેદ કર્યો છે એ પરની અનુકૂળતા વાંછે શી રીતે? કારણ કે એ ચીજ જ પર છે. એનાથી મને લાભ થાશે એ બુદ્ધિ તો ગઈ છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**તે ભોગના નિમિત્તરૂપ ધર્મ...**' જુઓ આવ્યું. આ ગાથામાં કહ્યું જુઓ. એની ગાથા છે. ૨૭૫ છે.

**તે ધર્મને શ્રદ્ધે પ્રતીત રુચિ અને સ્પર્શન કરે,**
**તે ભોગ હેતુ ધર્મને નહિ કર્મક્ષયના હેતુને. ૨૭૫.**

આહાહા..! ભોગને માટે જો ઇચ્છા કરે એ તો પાપ હોય. અહીં તો પુણ્યની વ્યાખ્યા

કરવી છે. પણ એ શુભભાવને જ અનુભવવા માગે છે. એના ફળના સુખને જ અનુભવવા માગે છે. આહાહા..! જેને એ શુભરાગનો પ્રેમ અનુભવમાં છે એ ભોગના જ પ્રેમને ઇચ્છે છે એમ કહેવા માગે છે. આહાહા..! એ રાગ વિનાનું જ્ઞાનસ્વરૂપ એનો અનુભવ કરવા માગતો નથી. કારણ કે એ વસ્તુની હયાતીનો સ્વીકાર જ જ્યાં દૃષ્ટિમાં નથી, એથી એનો અનુભવ કરવા માગતો નથી. આહાહા..! ગયા તમારા? પાલીતાણા ગયા છે. જમનાદાસભાઈ ગયા? એ પ્રશ્ન કરે. હા પણ એનો પ્રશ્ન હતો. એ રાતે પૂછ્યું કે આ બ્રહ્મચર્ય આદિ પાળે એ ઇન્દ્રિયનિગ્રહ તો થાય છે કે નહિ? એમ પૂછતા હતા. એમ લાગેને.

મુમુક્ષુ :- બધે એ જ ચાલે છે.

ઉત્તર :- એ જ ચાલે છે. શું થાય? અરે..! ઇન્દ્રિયનિગ્રહ કોને કહેવો? ભાઈ! જેને જડ ઇન્દ્રિય, ભાવેન્દ્રિય અને રાગ અને એનો વિષય... આહાહા..! બધામાંથી જેને પ્રેમ ઊડી જાય. પરના વિષયથી મને લાભ ન થાય એવી બુદ્ધિ થાય એ ઇન્દ્રિયનિગ્રહ કરીને આત્મામાં ગયો છે. સમજાણું કાંઈ? આહાહા..! વીતરાગ માર્ગ ખાંડાની ધાર જેવો સૂક્ષ્મ છે. સુખનો છે. ફક્ત આમ ફરતાં દુઃખ છે, આમ જતાં સુખ છે. બસ! એટલી વાત છે. બહારની કોઈપણ ક્રિયા અને વિષય દેખતાં કે જાણતા મને લાભ થાય.. આહાહા..! એણે ઇન્દ્રિય જીતી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

એક છોકરો મરે, બીજો છોકરો આમ દુઃખની તૈયારીમાં રાડ નાખે. ઓલા શું હતું? પ્લેગ. શું કહેવાય? ૭૪માં. ઇન્ફ્લુએન્ઝા. ઇન્ફ્લુએન્ઝામાં તો આમ ધડાધડ મરતા હતા. એક ગામથી નીકળ્યા, નાનું ગામ. પચાસ ઘર હશે. અને બે મડદા સ્મશાનમાં પડેલા. ૭૪ની વાત છે. નાનું ગામ પણ બે મરી ગયેલા ત્યાં પડેલાં. આમ નીકળ્યા રસ્તે જતા સમઢીયાળા. નાનું ગામ પણ બે મડદા ઠાઠડી આમ પડી હતી. આહાહા..! એક પછી એક. કોઈ વખતે તો સ્ત્રી ને ધણી બેય એક રાતમાં મરે. ચંદુભાઈ! તમારે ઘરે થયું છે. કાનજીભાઈ. વીરચંદભાઈની બા અને વીરચંદભાઈના બાપ એક રાતે મર્યા છે. એક રાતે. બેયની ઠાઠડી સવારે એકસાથે કાઢી. વીરચંદ કાનજી. થોડા કલાક પહેલાં. બેમાંથી એક. સવારમાં બેયની ઠાઠડી સાથે. રાડ નાખેને જગતમાં તો. એમાં શું છે, બાપા! એ તો ભિન્ન ચીજ છે. ભિન્નમાં એ વિચિત્રતા થાય એમાં આત્માને શું? આહાહા..! જેણે એનાથી ભિન્ન આત્માને જાણ્યો.. આહાહા..! એને ભિન્ન ચીજની ક્ષણિકતાની વિચિત્રતામાં એને આત્મબુદ્ધિ થતી નથી. આહાહા..! મને હાની થઈ છે એમ માનતો નથી અને સગવડતાના ઢગલાં હોય તો મને લાભ થાય એમ એ માનતો નથી. આહાહા..! એણે આત્મજ્ઞાન પરથી ભિન્ન કર્યું એ એનું સાચું તત્ત્વ છે કહે છે. સમજાણું કાંઈ? જેનાથી એણે ભિન્ન કર્યું છે—રાગથી, શરીરથી, એના સંયોગી ચીજથી બધું, એનું ભિન્ન કર્યું એટલે ભિન્ન ચીજમાં વિવિધતા થાય એ જ્ઞાનીને એનાથી શોક ને અનુકૂળતા ને વિવિધતામાં હરખ થતો નથી. આહાહા..! કહેશે થોડું. વિશેષ ને?

વિશેષ :- '**જે અજ્ઞાની ઇન્દ્રિયોના વિષયોની અને સ્વર્ગનાં સુખની ઇચ્છાથી વ્રત-તપાદિ આચરે છે,...**' લોકો કહે, એની ઇચ્છા અમારે ક્યાં છે? પણ ભાઈ! જેને આત્મા રાગ વિનાની ચીજ

(છે) એવું ભાન નથી એ, જેને પોતે કરે છે એ મારું છે એમ માનીને કરે છે. આહાહા..! '**વ્રત-તપાદિ આચરે છે, તે તો મિથ્યાદષ્ટિ જ છે, કારણ કે તેના અભિપ્રાયમાં શુભ રાગના ફલસ્વરૂપ વિષયોની જ વાંછના છે.**' આહાહા..! આમને આમ છેતરાણો છે અનાદિથી. ટાણા આવ્યા ત્યારે ઓળખ્યો નહિ. ટાણા આવ્યા ત્યારે ક્યાંક ને ક્યાંક પરમાં અનુકૂળતા અને પ્રતિકૂળતામાં ઠીક-અઠીક માન્યું. સમજાણું કાંઈ? આહાહા..!

તેની રુચિ કરે છે '**તેના વ્રત-તપાદિ ભોગ હેતુએ જ છે.**' એ ગાથા ૨૭૫ છે. રાગનો જ અનુભવ છે માટે રાગના જ અનુભવ માટે એની બધી ક્રિયા છે એમ કહે છે. ભોગના હેતુમાં એ સ્વર્ગને ઈચ્છે છે એમ નહિ પણ એ રાગની ભાવનામાં પડ્યો છે ..માં તો એ રાગના ફળરૂપેની જ એની વાંછા છે. સ્વરૂપ દીઠું નથી એટલે એની વાંછા તો એને છે નહિ. આહાહા..! આવો વીતરાગ માર્ગ લોકોએ કાંઈક કાંઈક ચીજમાં ભેળવી દીધો, ભેળસેળ કર્યું. હમણાં અરબસ્તાનમાં ન થયું? શેઠ! શું કહે છે?

મુમુક્ષુ :- સાધન ..

ઉત્તર :- સાધન અંતરમાં નથી પડ્યું સાધન? પરથી ભિન્ન કરવું એ સાધન નથી. પરથી એક માનવું એ સાધન છે? આહાહા..!

અરબસ્તાનમાં હમણાં છાપામાં આવ્યું હતું. એવું કોઈ તેલ હતું એ તેલમાં ભેળસેળ કર્યું હતું વેપારીઓએ. હશે તો એ ભાઈ અરબસ્તાનના ને? શું કહેવાય એ? સીદી જેવા હશે, બધા વેપારીઓ પણ એવા એ જાતના હોય ને? આરબ. એમાં આખા ગામમાં એ તેલ એવું આપતા કે એની ખંજવાળ... ખંજવાળ... ખંજવાળ.. આખા ગામમાં અને ફોડલા થઈ ગયા. આ થયું શું? સરકારે વિચાર કર્યો કે આ શું છે આ? તપાસ કરો, વેપારીઓ કોણ ભેળસેળ કરે છે? કઈ ચીજમાં? એમાં બાર જણા પકડાણા. તેલમાં બીજું તેલ નાખે. સોંઘું. બીજી જાતના નાખતા, આપણને ખબર નથી. બારેયને ફાંસી. છાપામાં આવ્યું હતું. બારેયને ફાંસી ચડાવ્યા. અરે..! તમે તમારા એક સ્વાર્થના લાભ ખાતર આખા ગામને નુકસાન થાય છે એની તમે દરકાર કરી નહિ. તમારી હયાતી ન હોય. આહાહા..! તેરમો એક હતો એ પકડાણો નહોતો. એ કહે પણ એ બાર જણાને લટકાવ્યા. અરે..! હું પણ એવો જ છું. મેં પણ એવું જ કર્યું છે. માટે હું હવે આપઘાત કરું છું. એમ આવ્યું હતું. આહાહા..! એ તો એવા ભાવ કર્યા હતા ત્યારે આપઘાત કર્યો. આહાહા..! એક થોડા પૈસાની સગવડતા ખાતર બીજાને નુકસાનમાં ક્યાં ઉતારું છું એની એને ખબર નથી. એને નુકસાન ન થાય, થાય એ તો એને કારણે. પણ આના ભાવમાં (તો એમ હતું).

એમ અત્યારે ધર્મના બહાને કાળાબજાર કર્યા છે. એ પંચ મહાવ્રતના પરિણામ તો છે ક્યાં અત્યારે? દયા, દાનના પરિણામ એ બધા ધર્મ છે એ કાળાબજારમાં માન્યું છે. મિથ્યાત્વમાં એ માન્યું છે. ત્યાં તો વળી સરકારે પકડીને ફાંસીએ ચડાવ્યા. (અહીં) મિથ્યાત્વને સેવે છે એ તો ફાંસીએ જ ચડેલા છે. આહાહા..! આનંદના નાથને રાગના હરડામાં નાખીને એણે ફાંસી ચડાવી છે. આહાહા..!

મિથ્યાત્વનો રાગ હોં એ. અસ્થિરતાનો તો જ્ઞાનીને આવે છે. એ તો કહેશે. આહાહા..! કોઈપણ બાહ્ય પદાર્થ. ભારે વાત ભાઈ! અહીં તો ભગવાન અને ભગવાનની વાણી પણ બાહ્ય પદાર્થ છે. આહાહા..! એનાથી લાભ માને એ આત્માને પરથી ભિન્ન માનતો નથી. એ નિશ્ચય છે એમ કરીને લોકો ઊડાવે છે. પણ એ જ સત્ય છે. બાહ્યની કોઈપણ બાહ્ય ચીજ, એની અનુકૂળતા હોય તો મને લાભ થાય એનો અર્થ જ અનુકૂળતા એટલે પરચીજથી મને કાંઈ લાભ થાય. આહાહા..! મારો ભગવાન આનંદનો નાથ પૂર્ણ પડ્યો છે એમાં હું એકાગ્ર થાઉં તો મને લાભ થાય એ દૃષ્ટિ સમ્યક્ એની રહી નહિ. આહાહા..! ભારે વાત ભાઈ આવી. સમજાણું કાંઈ?

'**પરંતુ કર્મક્ષયના નિમિત્તરૂપ ધર્મને નહિ.**' કેમકે રાગનો ભાવ વ્રત, તપનો ભાવ એ રાગ છે. એ રાગના અનુભવમાં પડેલો એની જ ભાવના એને હોય છે. જે એના વેદનમાં આવે એની એને ભાવના હોય. આહાહા..! '**તે કર્મથી છૂટવાના નિમિત્તરૂપ, ભૂતાર્થ ધર્મને...**' આહાહા..! દેખો! શુભભાવ ધર્મ માનવો એ અભૂતાર્થ ધર્મ છે, જૂઠો ધર્મ છે. અને ભૂતાર્થ ધર્મ. લ્યો અહીં તો ધર્મમાં ભૂતાર્થ નાખ્યું પાછું. જેવો ભૂતાર્થ પરમાત્મા પોતે ત્રિકાળ સત્યાર્થ પ્રભુ એને આશ્રયે સમ્યગ્દર્શન થાય, એ સમ્યગ્દર્શનને ભૂતાર્થ ધર્મ કીધો અહીં. આહાહા..! સમજાણું કાંઈ? છે?

'**શુભકર્મમાત્ર, અભૂતાર્થ ધર્મને જ શ્રદ્ધે છે;...**' જ્ઞાતા-દૃષ્ટા એવો સ્વભાવ, એનાથી વિરુદ્ધ એવા જે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ, એને જ એ ધર્મ માને છે. એ અભૂતાર્થ છે તેને ભૂતાર્થ તરીકે માને છે. આહાહા..! ભારે વાતું ભાઈ. એ '**અભૂતાર્થ ધર્મને જ શ્રદ્ધે છે;...**' એ ધર્મ સાચો નથી. વ્રત ને તપ ને ભક્તિ ને પૂજાનો શુભભાવ એ ધર્મ સાચો નથી. આહાહા..! ભારે આકરું ભાઈ! તેને એ અજ્ઞાની શ્રદ્ધે છે કે આ સાચો ધર્મ છે.

'**તેથી જ તે અભૂતાર્થ ધર્મમાં શ્રદ્ધાન, પ્રતીત, રુચિ અને સ્પર્શનથી ઉપરના ગ્રૈવેયક સુધીના ભોગ-માત્રને પામે છે,...**' આહાહા..! એવા ભાવથી સ્વર્ગમાં સ્વર્ગના સગવડતાના સુખને એટલે કે દુઃખને પામે છે. સમજાણું કાંઈ? એ તો સવારમાં આવ્યું નહોતું? શુભરાગનું ફળ કર્મફળ દુઃખ છે. ઈન્દ્ર થયો. સમકિતી તો ઈન્દ્ર થાય, સામાન્ય ઈન્દ્ર ન થાય, પણ અહમિન્દ્ર થાય, પણ એને આત્મા અનાકુળ આનંદની તો દૃષ્ટિ નથી, એથી અભૂતાર્થ નામ શુભભાવને ધર્મ માનતો હતો અભૂતાર્થ, અને તેથી તે દુઃખને વેદનારો છે. આહાહા..! વ્રત અને તપનો ભાવ વિકલ્પ છે એ તો શુભરાગ દુઃખરૂપ છે. આહાહા..! આવી વાત ભારે કઠણ પડે જગતને. ભાઈ! કાંઈક શુભભાવ કરશે તો આગળ જાશે. ભાઈ! છેતરપીંડી થઈ જાય છે, બાપુ! એ અહીં કહે છે

'**અભૂતાર્થ ધર્મને જ શ્રદ્ધે છે;...**' એ રાગની ક્રિયા જે અંદર કષાયની મંદતા (થાય) એને શ્રદ્ધે છે. કેમકે એના વિનાની ચીજ ભિન્ન છે એનું તો ભાન નથી. આહાહા..! આ બધા અત્યારના ઘણા કેટલાક પંડિતો, ત્યાગીઓ બોલે (કે) આ બધું ઉડી જાય છે. આ વ્યવહારની ક્રિયા કરીએ એમાંથી કાંઈ લાભ નહિ? લાભ છે સંસારનો રખડવાનો. એય..! નિર્વિકલ્પ ચૈતન્યમૂર્તિ પ્રભુ, એનો તો આદર કર્યો નહિ. એને તો પડદો નાખ્યો આડો રાગનો અને પડદો નાખીને રાગની ક્રિયા મને

કલ્યાણ કરશે (એ માન્યતામાં તો) મોટું મિથ્યાત્વનું સેવન છે. આહાહા..! રુચિ, એની રુચિ છે. વ્રત, તપનો શુભભાવ એની એને રુચિ, એની એને શ્રદ્ધા, એની એને પ્રતીત અને એનું એને સ્પર્શવું (છે). સ્પર્શવું એટલે વેદવું. આહાહા..!

'**ઉપરના ગ્રૈવેયક સુધીના...**' શરીર સુંદર અને ભોગની સામગ્રીને પામશે. આહાહા..! '**પરંતુ કદાપિ કર્મથી છૂટતો નથી...**' આ ભગવાનના વચન છે. કુંદકુંદાચાર્ય ભગવાન પાસે સાંભળવા ગયા હતા એ અહીં આવીને આ વાત કરે છે. એની કાંઈ કિંમત નહિ? બિચારા બ્રહ્મચર્ય પાળે શરીરથી, ઊના પાણી પીવે, જાવજીવ બાળબ્રહ્મચારી રહે એનો કાંઈ લાભ નહિ એને? લાભ શુભરાગનો છે ભાઈ! અને શુભરાગનું ફળ દુઃખરૂપ છે. આહાહા..! અરે..! આવી વાત સાંભળી જાય નહિ માણસને. આ તો પરમસત્ય પ્રભુનું છે. સમજાણું કાંઈ? ભોગવવાને પામે.

'**જ્ઞાની તો...**' ધર્મી તો '**શુદ્ધાત્મસ્વરૂપની જ ભાવના કરે છે.**' એને રાગ થાય છતાં ભાવના શુદ્ધાત્માની છે. એની (—રાગની) ભાવના નથી. '**તે વિષય-સુખોની સ્વપ્ને પણ ભાવના કરતો નથી.**' આહાહા..! સ્વ વિષયમાં સુખ છે એવું જેણે અનુભવ્યું છે તેવો સમકિતી એટલે ધર્મી ભલે ગૃહસ્થાશ્રમમાં હો, કહો હરિભાઈ! સંભળાય છે આ? કો'ક દિ' આવો છો તમે. ક્યાં અહીં આવો છો? મોહનભાઈ ને બધા રહેતા અહીં. મોરબી-મોરબી. બૈરાને તો પ્રેમ છે. સાંભળે છે. બાપુ! માર્ગ તો આવા છે, ભાઈ! એણે નિર્ણય કરવો પડશે હોં. અરેરે..! ચોર્યાસીના અવતારમાં ભવસિંધુમાં ગોથા ખાય છે. જગતે એને પુણ્યની ક્રિયામાં લલચાવીને ભવસિંધુમાં ઊંડા ઉતાર્યા છે. સમજાણું કાંઈ? આહાહા..! મોહનભાઈના ભાઈની વાત છે. નાનાભાઈ છે. બે તો ગુજરી ગયા અહીં. મોહનભાઈ. બે છે. આહા..! ત્યાં મોરબીમાં જોયા હતા, પહેલા આવ્યા ત્યારે હતા.

અરેરે..! ભગવાન આત્મા એ રાગની ક્રિયાથી ભિન્ન છે એવા ભાન વિનાના પ્રાણી, રાગના વેદનને જ ઠીક માને છે. એથી એના ફળને—સ્વર્ગના સુખને (કે જે) દુઃખ છે એને ઠીક માને છે. ઓલું સારું લાગે બહારનું. પણ એ કરતાં કરતાં કાંઈક થાશે ને? કાંઈ કરતા નથી એ કરતા કાંઈક કરે છે. અરે.. ભગવાન! શું કરે છે ભાઈ? ભગવાન જ્ઞાનસ્વરૂપી આનંદમૂર્તિ પ્રભુને ભૂલીને એ રાગની ક્રિયા કરે એ ઊલટી ક્રિયા છે બધી. આહાહા..! કાંઈક કરે છે ખરું. દુઃખને કરે છે. આહાહા..! વાડામાં તો કાઢી મૂકે હોં આવું કહે તો. બાપુ! માર્ગ તો આ છે, ભાઈ! આહાહા..! એને હા તો પાડ.. હા તો પાડ.. આહાહા..! પ્રભુ આત્મા એ મહાવ્રત ને દયા, દાન અને તપના ભાવ, આ વર્ષીતપના ભાવ, બાયું વર્ષીતપ બહુ કરે છે. અત્યારે નાની નાની યુવાન કન્યાઓ બાળબ્રહ્મચારી થઈને દીક્ષા બહુ લે છે. એ દખ્યામાં પડે છે બધા. આહાહા..! મિથ્યાત્વની દીક્ષા છે. એય..! પોપટભાઈ! શેઠિયાના ઘરેથી વરઘોડા કાઢે, ૨૦ વર્ષની કન્યા જુવાન હોય એ લગન કરે નહિ અને દીક્ષા લે, ઊના પાણી (પીવે તેથી) થાતો હશે કે નહિ એને લાભ? આહાહા..! એ શુભભાવ, સંસારમાં દાખલ કરે એ શુભભાવને ભલો કેમ જોવે? આહાહા..!

'**જ્ઞાની તો શુદ્ધાત્મસ્વરૂપની જ ભાવના કરે છે.**' સમ્યગ્દૃષ્ટિ ધર્મી એ તો આત્મા પરમાનંદસ્વરૂપ

શુદ્ધ ચૈતન્ય એની એકાગ્રતાની એને ભાવના હોય છે. છે? **'તે વિષય-સુખોની સ્વપ્ને પણ ભાવના કરતો નથી. તેને વ્રત-તપાદિનો શુભરાગ ભૂમિકાનુસાર આવે,...'** ખરો. ધર્મીને આત્મ-ાની શાંતિના ભૂમિકામાં પણ પૂર્ણ વીતરાગતા ન હોય એને શુભભાવ આવે ખરો. આહાહા..! **'પણ તેને તેની વાંછના નથી,...'** આહાહા..! એ રાગની વાંછા (નથી). આ તો વીતરાગ ધર્મ છે, વીત-રાગ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરનો માર્ગ છે. એમાં રાગથી લાભ થાય એ માર્ગ એનો નથી. એ તો અન્યનો માર્ગ છે એને જૈનમાર્ગ (તરીકે) સ્વીકાર્યો એણે. સમજાણું કાંઈ?

**'અભિપ્રાયમાં તેનો નિષેધ વર્તે છે.'** સમ્યગ્દષ્ટિ ધર્માત્માને પંચમ ગુણસ્થાન, છઠ્ઠે ગુણસ્થાન આદિ વ્રતનો વિકલ્પ શુભરાગ આવે ખરો, પૂજા, ભક્તિનો, જાત્રાનો એવો ભાવ આવે ખરો, પણ અભિપ્રાયમાં એને હેય જાણે છે. શ્રદ્ધામાં એને આદર માનતો નથી. આહાહા..! જેઠાભાઈ! **'જેને રાગની ભાવના જ ન હોય તેને રાગના ફલરૂપ વિષયોની પણ ઈચ્છા કેમ હોય? ન જ હોય.'** આહાહા..! **'જેમ કોઈને ઘણો દંડ થતો હોય...'** મોક્ષમાર્ગનું નાખ્યું છે. મોક્ષમાર્ગ પ્રકાશક, ટોડરમલ એમનું આ નાખ્યું છે. **'જેમ કોઈને ઘણો દંડ થતો હોય તે હવે થોડો દંડ આપવાનો ઉપાય રાખે છે તથા થોડો દંડ આપીને હર્ષ પણ માને છે, પરંતુ શ્રદ્ધાનમાં તો દંડ આપવો અનિષ્ટ માને છે;...'** તીવ્ર રાગને છોડવા મંદ રાગ હોય, પણ શ્રદ્ધામાં તો એને દુઃખરૂપ જાણે છે. આહાહા..!

**'તેમ સમ્યગ્દષ્ટિને પાપરૂપ ઘણો કષાય થતો હતો, તે હવે પુણ્યરૂપ થોડો કષાય કરવાનો ઉપાય રાખે છે તથા થોડો કષાય થતાં હર્ષ પણ માને છે, પરંતુ શ્રદ્ધાનમાં તો કષાયને હેય જ માને છે.'** આહાહા..! ભગવાનની પૂજા આદિ ભાવ તો હોય છે, સમકિતીને પણ હોય છે. જાત્રાનો ભાવ હોય છે. પણ એ ભાવને તે અંદરમાં હેય માને છે, છોડવાયોગ્ય માને છે. એને આદર માનતો નથી. આવો કેવો ધર્મ? શ્વેતાંબરમાં તો એમ કહે છે, અમારે કહેતાને ભાઈ. કેવા? જયપુર ગુજરી ગયા નહિ? મહાનંદ. મહાનંદ ગાતા. એ ચેતનજીને ખબર છે. અત્યારે પંચમકાળમાં તો આગમ અને મૂર્તિનો બેનો આધાર છે. એય.. ચેતનજી! એમ કહેતા હતાને? આહાહા..! અરે.. ભાઈ! આગમ પરવસ્તુ, મૂર્તિ પરવસ્તુ. એનો આધાર માને એ તો મિથ્યાત્વનો ભાવ છે. આહાહા..!

મુમુક્ષુ :- ભગવાનનો વિરહ છે એટલે શું કરે?

ઉત્તર :- વિરહ છે માટે નહિ, એને ભાવ આવે ખરો શુભ, પણ એ શુભને હેય માને. આહાહા..! મારાથી સ્વરૂપમાં રહી શકાતું નથી એથી આ ભાવ મારે આવે છે, પણ એને ઝેર જાણે, જ્ઞાની એને ઝેર જાણે, અજ્ઞાની એને અમૃત જાણે. આહા..! આવો ફેર છે. આવું છે. કડવું વચન એને સત્‌ને કાપી નાખે છે. એમ આ કડવી દવા છે. રાગ તે ઝેર છે, દુઃખ છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ રાગ પણ ઝેર છે, અધર્મ છે. આહાહા..! આવે, હોય ખરો પણ છે એ દુઃખરૂપ. આત્મા અમૃતનો સાગર અનાકુળ શાંતનો, એનાથી વિરુદ્ધ વૃત્તિ ઉઠી શુભ એ તો અમૃતથી વિરુદ્ધ ઝેર છે, ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ?

કહ્યું હતુંને એક ફેરી. ઘણીવાર. (સંવત) ૧૯૮૫ના પોષ મહિનામાં બોટાદમાં વ્યાખ્યાન ચાલતું

હતું. કેટલા વર્ષ થયા? ૪૬. ૮૫નો પોષ મહિનો હતો. ત્યાં તો સભા બહુ આવતી ને? કાનજીમુનિનું નામ પડે તો માણસ મકોડાની જેમ ઉભરાતા. તે દિ' હોં! આજે કાનજીસ્વામી વાંચવાના છે. ત્યાં તો માણસ માય નહિ. બોટાદ ત્રણસો ઘર તે દિ' હતા. અત્યારે તો વધી ગયા છે. અપાસરામાં સમાય નહિ, બહાર શેરી આખી ભરાય. બારી હોય ને ત્યાં વાંચવાનું હોયને તો બારી ખુલ્લી રાખે. એમાં કહેવાણું કે ભાઈ! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ધર્મ નહિ. ધર્મથી બંધ પડે નહિ અને બંધ પડે તે ભાવ ધર્મ નહિ. એય..! ત્યારે તો એમાં હતા ને? ૪૬ વર્ષ પહેલાંની વાત છે. કપુરભાઈ! રાયચંદ ગાંધી ને બધા શેઠિયાઓ પણ હતા. ૫૦-૫૦ હજારની જેની પેદાશ હતી. બધા બેઠા હોય. કોઈને શંકા ન પડે. મહારાજ કહે છે. પણ જોડે એક જગજીવન બેઠા હતા એ કહે, વોસરે... વોસરે.. ઠીક બાપુ! વોસરે વોસરે સમજો છો? આ ન જોઈએ, બસ આ.

બે વાત કરી હતી, ભાઈ! જે ભાવે બંધ પડે ને તીર્થંકરનો... આહાહા..! એ ભાવ ધર્મ નહિ. ધર્મથી બંધ પડે નહિ અને જે ભાવે બંધ પડે તે ધર્મ નહિ. અને પંચ મહાવ્રતના પરિણામ તે આસ્રવ છે, ધર્મ નહિ. એમ કહ્યું હતું તે દિ'. ૪૬ વર્ષ પહેલાં. ખળભળાટ (થઈ ગયો). સાધુ બેઠા હતા ને.

મુમુક્ષુ :- આજે પણ એમ જ કહો છો.

ઉત્તર :- એ જ કહીએ છીએ. ... આખી સભા ભરાય ખીચોખીચ. રાયચંદ ગાંધી જેવા મોટા બધા હતા. માર્ગ આ છે. એથી વિરુદ્ધ માને તે વીતરાગને માનતો નથી. આહાહા..! વીતરાગની આજ્ઞાને માનતો નથી. જગજીવનજી. તમે તો ઓળખો કે નહિ? રાજ. એ રાજ કહેતા એને. રાજા. આ ધાંગધ્રાના રાજા હતાને? ... રસ્તામાં નીકળ્યો હોય અને એમાં જ્યારે દસ્ત થાય તો ત્યાં ઊભું રહેવું પડે એને. આ ધાંગધ્રાના રાજ હતાને? ધાંગધ્રાના. એને એ વ્યાધિ હતી ધાંગધ્રાના રાજાને. નીકળે સવારી. આમ ફરવા નીકળ્યા હોય ગામમાં દોઢ કલાક, બે કલાક થાય પણ વચમાં જો એને ઝાડાની ખણહ થઈ તો એને ઘોડાગાડીમાં... બધું બંધ કરીને ત્યાં કરવું પડે. એમ અમારા આ જગજીવનજીને ખણહ થાય ત્યારે રોકી ન શકે. એને રાજ કહેતા. એ બધા જાણે છે. નહિ આપણે.. જૂના રહ્યા ને. તમને ખબર છેને. એ રાજ બેઠા હતા વ્યાખ્યાનમાં. આ વાત નીકળી. ઊભા થઈ ગયા. વોસરે.. વોસરે.. આ ન જોઈએ મારે. ઠીક બાપુ!

પછી પૂરું થયા પછી કીધું, પણ તમે શું કીધું એ ખબર છે? લોકો જાણે છે તમે શું કીધું એ? તમારે મૂળચંદજીને સારું લગાડવા કીધું. મેં એનો અનાદર કર્યો હતો સભામાં. પણ બેસી રહેવું હતુંને ન બેસે તો. વીર્યહીન હતા. નહોતું કાંઈ. તમને ન બેસે તો બેસી રહેવું હતું. પણ ઊઠીને એકદમ આમ જાણે કાંઈક કર્યું. એ તો લોકોને ખબર પણ નથી શું કીધું ઈ. એમ કીધું, વોસરે.. વોસરે.. આ. આ ધર્મ આ જાત નહિ. આહાહા..! .. બેસતા. આહાહા..! ભાઈ! શુભભાવ એને તો અહીંયાં બંધનું કારણ કહે છે. અભૂતાર્થ ધર્મ છે, આત્મધર્મ નથી. આહાહા..! વોસરે-વોસરે નથી સમજતા? એવી ભાષા છે કાઠિયાવાડની. સાધુ પેશાબ પરઠવા જાય ને? તો વોસરે વોસરે કરે. હવે અમારે આનો ... નથી. આહાહા..!

અરે.. પ્રભુ! અહીં તો આચાર્ય કહે છે એ શુભભાવ તો અભૂતાર્થ છે. તો અભૂતાર્થનું અસત્યાર્થ થાય કે નહિ? ઓલો કહે કે ન થાય. એ શુભભાવ અસત્યાર્થ ધર્મ છે, જૂઠો ધર્મ છે. આહાહા..! આવે ખરો, પૂર્ણ ન હોય એને શુભભાવ પાપથી બચવા ધર્મીને આવે. છે તો અભૂતાર્થ છે. એને ભૂતાર્થ માને તો એની દૃષ્ટિ મિથ્યાત્વ છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ વદ ૮, સોમવાર તા. ૦૩-૦૨-૧૯૭૫
## શ્લોક-૪૨-૪૩,
## પ્રવચન - ૫૫

પહેલો ઉપલો પેરેગ્રાફ લઈએ. '**જ્ઞાની તો...**' છે ઉપલો પેરેગ્રાફ? જ્ઞાની એટલે? આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આનંદરૂપ એનું જેને ભાન થયું છે, અનુભવ થયો છે અને આત્માની શાંતિ જેને પેદા થઈ છે એને અહીંયાં સમકિતી અથવા જ્ઞાની કહેવામાં આવે છે. એ '**જ્ઞાની તો શુદ્ધાત્મસ્વરૂપની જ ભાવના કરે છે.**' ચૈતન્ય શુદ્ધ પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનસ્વભાવ (છે), એવી દૃષ્ટિ અને અનુભવ થયો તેથી એમાં રહેવાની એકાગ્રતા કરે છે. આ સમાધિ. ઓલા બાવા ને બ્રાહ્મણ લગાડે સમાધિ ઈ સમાધિ નહિ. એ તો બધી અસમાધિ છે.

મુમુક્ષુ :- જમીનમાં ખાડા ખોદીને..

ઉત્તર :- ખાડા ખોદીને બેસે. એ મળ્યો નહોતો તમને એક? એ બધી અસમાધિ.

આત્મા ઊંડો ઊંડો અંદર પર્યાયથી, અંદર તપાસતા શુદ્ધ આનંદનો પત્તો લાગે એને અહીંયાં સમાધિ કહે છે. સમ્યગ્દર્શન કહે છે. સમ્યગ્દર્શન કહો કે સમાધિ કહો. આહાહા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા છે એમ જોયો છે, જાણ્યો છે અને કહ્યો છે એ આત્મા અંદરમાં પુણ્ય અને પાપના રાગ વિનાની ચીજ છે અને સ્વભાવથી ભરેલું અભિન્ન તત્ત્વ છે. આહાહા..! એનું જેને અંતર ભાન છે કે હું તો આત્મા જ્ઞાતા, દૃષ્ટા અને આનંદ છું. એવી જેને દૃષ્ટિ થઈ છે એ '**શુદ્ધાત્મસ્વરૂપની જ ભાવના કરે છે.**' એ તો શુદ્ધ સ્વરૂપનું નિધાન નજરે, પ્રતીતમાં, જ્ઞાનમાં આવ્યું છે એની એ ભાવના કરે છે. આવી વાત છે ભાઈ આ.

'**તે વિષય-સુખોની સ્વપ્ને પણ ભાવના કરતો નથી.**' ધર્મી જીવ... છેને, ૬૮ પાનું છેને? ૬૮ પાનું. વિષય સુખ જ ક્યાં છે? એ તો દુઃખ છે. પાંચ ઈન્દ્રિયોના વલણમાં દુઃખ છે. '**તેને વ્રત-તપાદિનો શુભ રાગ...**' ધર્મીને પણ વ્રત, તપ, ભક્તિ, એવો શુભરાગ આવે. સમજાણું કાંઈ? બહુ ફેરફાર છે અત્યારે ભાઈ વાતમાં. વ્રત, તપ એ બધો શુભરાગ છે. અપવાસ કરવો, પાંચ અપવાસ

કરવા, દસ અપવાસ કરવા, બાર વ્રત કે પંચ મહાવ્રત (પાળવા) એ બધો શુભરાગ છે.

એ '**શુભ રાગ ભૂમિકાનુસાર આવે,...**' સમ્યગ્દર્શનમાં એની ભૂમિકા અનુસાર શ્રાવક સાચા જે પાંચમા ગુણસ્થાનવાળા હોય, સર્વાર્થસિદ્ધના દેવને જે શાંતિ છે એના કરતા જેને પંચમ ગુણસ્થાન શ્રાવક જેને સાચા કહીએ (એને શાંતિ વધી ગયેલી હોય છે). વાડાના શ્રાવક એ કાંઈ શ્રાવક નથી. આહાહા..! અંતર આનંદનો સ્વભાવ જે આત્માનો છે... એ સર્વાર્થસિદ્ધના દેવ એકાવતારી છે. ક્ષાયિક સમકિતી છે કેટલાક, એને જે સુખ છે આત્માનું, એના કરતાં પાંચમા ગુણસ્થાનવાળો શ્રાવક હોય એને અંતરના આનંદના સુખની લહેર વધારે હોય છે. જેઠાભાઈ! આવી વાતું છે. આહાહા..!

મુમુક્ષુ :- એ વ્રત કે દિ' પાળે?

ઉત્તર :- પાળે ક્યાં? એ આવે એવો વિકલ્પ એને રાગ જાણે. આહાહા..!

નિશ્ચયવ્રત તો એ છે કે શુદ્ધ આનંદ અને જ્ઞાનસ્વરૂપી પ્રભુ એની દૃષ્ટિ અને અનુભવ થયો, હવે એમાં વીંટાઈ જવું, આનંદમાં લપેટમાં વીંટાઈ જવું એનું નામ સાચું વ્રત છે. આહાહા..! પોપટભાઈ! કહો, જેઠાભાઈ! ત્યાં તમારે નાઈરોબીમાં છે આવું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સાચી વાત છે. એને પ્રેમ છે. નાઈરોબીમાં છે મહાજન. આપણે નહોતા હમણાં આવ્યા હતા? આમાં આવ્યા હતા નહિ? ગઢડે આવ્યા હતા. કરોડપતિ છે. નરમ છે. એ તો પૈસાનો હિસાબ શો અત્યારે? શેઠ! કરોડ ને બે કરોડ ને ધૂળ કરોડ કાંઈ છે નહિ. આહાહા..!

અનંત આનંદ અને અનંત જ્ઞાનની લક્ષ્મી જેના અંતર સ્વરૂપમાં પડી છે એ લક્ષ્મીનું જેણે નિધાન મિથ્યાત્વનો નાશ કરીને સમ્યગ્દર્શનની કુંચી વડે જેના નિધાનને ખોલી નાખ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ? એને સમ્યગ્દૃષ્ટિ કહીએ હજી તો ચોથા ગુણસ્થાનવાળો. એને જ્યારે આત્મામાં વધારે શાંતિ અને ઉગ્રતાથી અંદરનો આશ્રય કરે ત્યારે વધારે સ્વાદ શાંતિનો આવે. શાંતરસ અકષાય સ્વ-ભાવ. એને હવે વ્રતાદિના વિકલ્પ આવે પણ એ શુભરાગ છે. છે?

એ '**વ્રત-તપાદિનો શુભ રાગ ભૂમિકાનુસાર આવે, પણ તેને તેની વાંછના નથી,...**' આહાહા..! એ રાગનો આદર નથી. આહાહા..! વીતરાગમાર્ગ બહુ અલૌકિક છે! જન્મ-મરણ રહિતની સ્થિતિની વાત છે આ તો. એને ધર્મ કહીએ. આહાહા..! આત્મા અંદર અતીન્દ્રિય આનંદનો સ્વભાવ જેનું રૂપ છે. એનો અતીન્દ્રિય જ્ઞાન જેનો સ્વભાવ ભરેલો છે. આહાહા..! કોઠીમાં જેમ દાણા પડ્યા હોય એમ નહિ. પણ જેમ સાકરમાં ગળપણ પડ્યું હોય એમ આત્મામાં અતીન્દ્રિય આનંદ પડ્યો છે. આહાહા..! એની જ્યારે... સમ્યગ્દર્શન ચોથું ગુણસ્થાન હજી તો હોં! શ્રાવક તો ક્યાંય રહ્યા બાપુ! અને મુનિ તો કંઈ દશા અત્યારે સાંભળવા મળે નહિ બાપુ! આહાહા..!

કહે છે કે એ પાંચમા ગુણસ્થાન કે છઠ્ઠા ગુણસ્થાનમાં '**વ્રત-તપાદિનો શુભ રાગ ભૂમિકાનુસાર આવે, પણ તેને તેની વાંછના નથી,...**' સમજાણું કાંઈ? ક્યાં ગયા? નવરંગભાઈ નથી આવ્યા? ઠીક! આવી વાત છે, ભગવાન! એ ભૂલ્યો છે અનાદિનો. આત્માના અનુભવના સમ્યગ્દર્શન વિના

જે કાંઈ વ્રત અને તપનો ભાવ કરે એ બધો રાગ દુઃખરૂપભાવ છે. એને અજ્ઞાની ધર્મ માને છે. એનું નામ મિથ્યા નામ જૂઠી દૃષ્ટિ છે. આહાહા..! મિથ્યાદર્શન શલ્ય.

ભગવાન આત્મા અનાકુળ વીતરાગસ્વરૂપે બિરાજમાન જિનસ્વરૂપે પ્રભુ આત્મા એની સન્મુખ થઈને જે શાંતિ અંતરમાં છે, જે આનંદ અંતરમાં છે એમાં એકાગ્ર થતાં આનંદ અને શાંતિની વેદનદશામાં અનુભવ આવે. આહાહા..! હવે એને પાંચમા ગુણસ્થાનમાં પણ એ વેદન શાંતિનું વધી જાય અને મુનિને તો.. ઓહો..! એ વાત શું કહેવી બાપુ! મુનિ તો પંચ પરમેષ્ઠીમાં ભળ્યા. નમો લોએ સવ્વ સાહુણં. જેની બાહ્ય નગ્ન દશા હોય, અંતરમાં જેને પંચ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ હોય પણ એ રાગ છે એમ જાણે. આહાહા..! એનાથી ભિન્ન સ્વરૂપમાં અતીન્દ્રિય આનંદમાં કેલી કરતો એ આત્મા, એમાં ઠરી શકે નહિ એટલે વિકલ્પ પંચ મહાવ્રતના, દયા, દાનના, ભક્તિના આવે, પણ એનો એ ધર્મી આદર ન કરે. આહાહા..! એને હેય તરીકે જાણે. એ કહે છે.

‘**તેની વાંછના નથી, અભિપ્રાયમાં તેનો નિષેધ વર્તે છે.**’ આહા..! અરે..! એને ક્યાં ખબર છે વીતરાગ તત્ત્વ શું છે? આહાહા..! ત્રણલોકના નાથ વીતરાગ પરમેશ્વર ઈન્દ્રોની હાજરીમાં, ગણધરોની હાજરીમાં, ભગવાનની વાણી ૐ ધ્વનિ નીકળે. ઓહો..! એવા અવસર પણ મળ્યા હતા અનંત વાર. શેઠ! ભગવાનના સમવસરણમાં અનંત વાર ગયો છે. આહાહા..! પણ કેવળી આગળ રહી ગયો કોરો. એ સજ્ઝાય છે. સજ્ઝાયમાળા છેને ચાર? આપણે અહીં છે. અમે તો દુકાન ઉપર મગાવી હતી. (સંવત) ૧૯૬૪, ૬૫, ૬૬ની વાત છે. સજ્ઝાય માળા. એક એકમાં અઢીસો-ત્રણ-સો સજ્ઝાય છે. દશ-દશ લીટીની, પંદર લીટીની. એવી સજ્ઝાયો છે અઢીસો-ત્રણસો, એવી ચાર સજ્ઝાય. સજ્ઝાય માળા ગ્રંથ શ્વેતાંબરમાં છે.

અમે દુકાનમાં તો સ્થાનકવાસી હતાને પહેલાં તો. સ્વરૂપચંદભાઈ! એટલે બધી મગાવી હતી દુકાને. નાની ઉંમરમાં—૧૮, ૧૯, ૨૦ વર્ષની. એમાં આ આવ્યું હતું. બે વાત ત્યાં આવતા વિચાર-માં આવી ગઈ હતી પહેલી. એક આ કે ‘દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો, ફીર પીછે પટક્યો.’ એ આવ્યું પહેલું સજ્ઝાય માળામાં. દ્રવ્યસંયમ એટલે આત્મજ્ઞાન અને સમ્યગ્દર્શન વિના આ વ્રત અને તપની ક્રિયાઓ, મહિના-મહિનાના અપવાસ અને બબ્બે મહિનાના સંથારા એવું અનંત વાર કર્યું છે. ‘દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો.’ નવમી ગ્રૈવેયક ગયો. ‘ફીર પીછો પટક્યો.’ દૃષ્ટિ મિથ્યાત્વ હતી. એ તો રાગની મંદતાથી કોઈ પુણ્ય બાંધ્યું તો મિથ્યાત્વસહિત. આહાહા..! એવી ક્રિયા વડે ઊંચે ગયો. એવી ક્રિયા તો અત્યારે હોતી નથી. ત્યાંથી પડ્યો તે માણસમાં આવે ત્યાંથી ઢોરમાં અને પછી નરક અને નિગોદમાં ચાલ્યો જાય. આહાહા..! એક આ વાત એમાં આવી તે દિ’.

કેવળી આગળ રહી ગયો કોરો એવો શબ્દ છે અંદર. સ્વરૂપચંદભાઈ! કેવળી પાસે પણ ગયો અનંત વાર. પણ એણે શું કહ્યું એના અભિપ્રાયને અડવા ન દીધો. એ સજ્ઝાયમાળામાં આવે છે. આ તો ૬૫-૬૬ની વાત છે. દીક્ષા લીધા પહેલાં. ૭૦માં દીક્ષા (લીધી). એના પહેલા પાંચ-છ વર્ષ. ઘરની દુકાન હતીને પિતાજીની. અને તે દિ’ ૬૫ની સાલથી જાવજીવના ચોવિહાર હતા ૬૫ની સાલથી.

આહાર-પાણીનો ત્યાગ અને સ્વાધ્યાય કરતા. દુકાને બેસતા. એમાં આ આવ્યું. કેવળી આગળ (રહી ગયો કોરો). આ શું? સર્વજ્ઞ ભગવાનના સમવસરણમાં અનંત વાર ગયો. આમાં આવે છેને ભાઈ આપણે પરમાત્મપ્રકાશમાં. 'ભવે ભવે પૂજિયો..' એમાં આવે છે અને આમાં મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છે. અરે..! ભગવાનની વાણી સાંભળી, સમવસરણમાં ગયો પણ રહી ગયો કોરો. શું વીતરાગ કહેવા માગે છે એવો અભિપ્રાય પકડ્યો નહિ એણે. આહાહા..! એ ક્રિયાકાંડના રાગમાં રોકાઈ ગયો અને કાં ભગવાનની ભક્તિમાં રોકાઈ ગયો. એ પણ રાગ છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- અનાદિથી રાગમાં જ રોકાણો છે.

ઉત્તર :- રાગમાં રોકાણો છે. આહાહા..!

વીતરાગસ્વરૂપ જિનસ્વરૂપે પ્રભુ બિરાજે છે અંદર. એનું વીતરાગસ્વરૂપ જ આત્માનું છે. સ્વભાવરૂપ, શક્તિરૂપ, સત્ત્વરૂપ. આહાહા..! એવા વીતરાગ ભગવાન આત્મા એને આ પુણ્ય અને પાપના રાગ સિવાયનો જુદો—નિરાળો એણે જાણ્યો નહિ, માન્યો નહિ, અનુભવ્યો નહિ. આહાહા..! ચાર ગતિમાં રખડ્યો છે. સર્વજ્ઞના સમવસરણમાં ગયો. મોક્ષમાર્ગ પ્રકાશક તો એમ કહે છે. ત્યાં એમ કહે છે એમાં, સમ્યગ્જ્ઞાન દિપીકા. મણિરતનના દીવા, હીરાના થાળ, મણિરત્નના દીવા અને કલ્પવૃક્ષના ફૂલ (લઈને) ભગવાનની પૂજા કરી. સાક્ષાત્ ત્રણ લોકના નાથની. કહો, શેઠ!

મુમુક્ષુ :- કાળલબ્ધિનું ...

ઉત્તર :- લે. કાળલબ્ધિનું જ્ઞાન ક્યારે થાય? એ અમારો પહેલો સવાલ છે પહેલેથી.

મુમુક્ષુ :- આત્માને જાણે ત્યારે.

ઉત્તર :- હા. એ સવાલ અમારે દામોદર શેઠ સાથે બહુ ચાલતો. શેઠ હતા ને? (તે દિવસોમાં) દસ લાખ રૂપિયા. તે દિ' હોં, ૬૦ વર્ષ પહેલાં! હવે તો બધા પૈસાવાળા ઘણા થઈ ગયા ક્રોડપતિ. તે દિ' ક્યાં હતા પૈસા? એક અહીં હતા અમદાવાદ. કસ્તુરભાઈ. એને દશ લાખ, ચાલીસ હજારની ઊપજ હતી. ૬૦-૭૦ વર્ષ પહેલાં. એની સાથે વાત થતી તો કહે, કાળે થાય.. કાળે થાય. પણ કાળે થાય એનું જ્ઞાન કોણ કરે? જે સમયે જ્ઞાન થાય, આનંદ થાય કાળલબ્ધિનું એની ધારણા કરવી છે કે એનું જ્ઞાન કરવું છે? એ વાત છે. ભાઈ! એનું જ્ઞાન કરે જ્યારે દ્રવ્યનું (કે) વસ્તુ ચૈતન્યમૂર્તિ પ્રભુ આનંદનું ધામ વીતરાગસ્વરૂપે બિરાજમાન પ્રભુ સ્વભાવે વીતરાગ આત્મા છે. આહાહા..! એમાં એકાગ્ર થતાં એને કાળલબ્ધિનું જ્ઞાન થાય. એટલે કે આ કાળે આ થયું એનું જ્ઞાન થાય, એ કાળે ભાવ થયો એનું જ્ઞાન થાય, એ કાળે સ્વભાવની સન્મુખમાં પુરુષાર્થ કર્યો તે સ્વભાવ અને પુરુષાર્થનું પણ જ્ઞાન થાય અને નિમિત્તનો કર્મનો એટલો અભાવ અને નિમિત્ત હોય એનું જ્ઞાન એકસાથે પાંચેયનું થાય. માર્ગ બીજો છે, ભાઈ! સમજાણું કાંઈ?

**'અભિપ્રાયમાં તેનો નિષેધ વર્તે છે.'** સમ્યગ્દૃષ્ટિ ધર્મી શ્રાવક કે મુનિ કે સમકિતી એને એવો રાગ આવે. પૂર્ણ વીતરાગ ન હોય એથી એને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો રાગ આવે. પણ એ રાગનો એને નિષેધ વર્તે છે. અરે..! આ હું નહિ. મારી ચીજ નહિ. મારી ચીજમાં વીતરાગતા ભરી

છે. આહાહા..! અરે.. કેમ બેસે? **'રાગની ભાવના જ ન હોય...'** આહાહા..! એ શુભરાગ છે વ્રત ને તપ ને ભક્તિ પૂજાનો એને—ધર્મીને એની ભાવના ન હોય, છતાં નબળાઈને લઈને આવ્યા વિના રહે નહિ. આહાહા..! **'તેને રાગના ફલરૂપ વિષયોની પણ ઈચ્છા કેમ હોય?'** એ રાગ શુભરાગ છે વ્રત ને તપનો એનું ફળ તો વિષય સ્વર્ગના સુખો કે આ ધૂળના શેઠિયા કહેવાય એના સુખ એને દેખાય. શેઠ! ધૂળના શેઠ. શું કહે છે?

મુમુક્ષુ :- લાકડી ફેરવે તો..

ઉત્તર :- લાકડી તો આ રહી. પહેલી હતી ઓલી કેવી? સુખડની. પછી આ વળી ભાઈ ડોક્ટર લાવ્યા ચંદુભાઈ. આ તો હાથમાં પરસેવો થાય અને શાસ્ત્રને અડાય નહિ માટે (રાખીએ છીએ). પણ લોકો એમ કહે છે કે લાકડી ફરે ત્યાં પૈસા થઈ જાય. આ આત્માની લાકડીની વાત છે, બાપા! અહીં તો. આહાહા..! ચૈતન્યનાથ અંદર બિરાજે છે અને પરમાત્માસ્વરૂપ અપ્પા (સો) પરમ અપ્પા. પણ કેમ બેસે? એ વસ્તુ સન્મુખ થયો નથી, પરથી વિમુખ થવું એને ગોઠતું નથી. સ્વસન્મુખથી વિમુખ ગોઠ્યું છે અને પરના સન્મુખના રાગની ક્રિયા એને ગોઠી છે. આહાહા..!

**'તેને રાગના ફલરૂપ વિષયોની પણ ઈચ્છા કેમ હોય?'** ધર્મીને રાગ આવે ખરો, પણ રાગ વિનાની વસ્તુ અનુભવી છે એથી એને રાગનો આદર હોતો નથી. આહાહા..! બહુ કામ આકરા. અત્યારે તો સામાયિક કરો, પોષા કરો, દીક્ષા લઈ લે. મુંડાવો, ત્યાં તમારું કલ્યાણ થશે. ધૂળેય નહિ થાય. મરી જશે હેરાન થઈને. આહાહા..! હજી તો સમ્યગ્દર્શન શું છે એની ખબર ન મળે. આહાહા..! અને કેમ સમ્યગ્દર્શન થાય એની રીતની પણ ખબર ન મળે. આહાહા..! સમજાણું કાંઈ? એને વ્રત ને તપ ને દીક્ષા બધી (ક્રિયાકાંડ) એકડા વિનાના મીંડા છે બાપુ! આકરું તો લાગે એવું છે સંપ્રદાયની શૈલીમાં. માર્ગ આવો વીતરાગનો છે, ભાઈ!

**'જેમ કોઈને ઘણો દંડ થતો હતો તે હવે થોડો દંડ આપવાનો ઉપાય રાખે છે...'** પાંચ લાખ જતા હોય તો પાંચ હજાર દઈને પણ હરખ માને કે ભાઈ પાંચ લાખ જતા એ કરતા પાંચ હજારે પતી ગયું. **'દંડ આપવાનો ઉપાય રાખે છે તથા થોડો દંડ આપીને હર્ષ પણ માને છે, પરંતુ શ્રદ્ધાનમાં તો દંડ આપવો અનિષ્ટ માને છે;...'** શ્રદ્ધાનમાં તો દંડ... આહાહા..! આવું ન હોય તો આપણે દંડ આપીએ નહિ, પણ હવે શું થયું? એટલે દંડ દેવો પડે છે. આહાહા..!

**'તેમ સમ્યગ્દ્રષ્ટિને...'** સમ્યગ્દૃષ્ટિ ચૈતન્યસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદનો નાથ, એનો જેને અંતર અનુભવ થઈને પ્રતીત થઈ છે. જોઈને, જાણીને પ્રતીત થઈ છે કે આ આત્મા છે, પૂર્ણ શુદ્ધ ચૈતન્ય. આહાહા..! બાકી તો આમ ધૂળના અબજોપતિ અનંત વાર થયો, રાજા થયો, રંક થયો, દેવ થયો, નવમી ગ્રૈવેયકે દેવ થયો. આહાહા..! અનંત વાર થયો, પણ આત્માના સુખ સ્વરૂપની એણે ઓળખાણ કરી નહિ કોઈ દિ'. સમજાણું કાંઈ? મારામાં સુખ છે. મૃગની દુંટીમાં કસ્તુરી, એ મૃગને એની કિંમત નથી. આહાહા..! મૃગલાની નાભીમાં કસ્તુરી, એને કસ્તુરીની કિંમત... પાંદડા સૂકા જરી ખડખડે ત્યાં ત્રાસ પામે, એને એ કેમ ખબર પડે કે આ કસ્તુરી મારી પાસે છે? આહાહા..!

એમ અનાદિ અજ્ઞાની જરીક એક અનુકૂળતા લાગે ત્યાં ખુશી થઈ જાય. પ્રતિકૂળતા જોવે ત્યાં ખેદાઈ જાય, અરે..! એને અંદર આનંદનો નાથ ભગવાન પોતે છે એ કેમ બેસે? સમજાણું કાંઈ? અને એ આત્મજ્ઞાન અને આત્મદર્શન વિના બધું ફોગટ છે. રણમાં પોક મૂકે એવું છે. પોક કોઈ સાંભળે નહિ, એનું રુદન બંધ થાય નહિ. એવી વાત છે, બાપુ! સમજાણું કાંઈ?

**'સમ્યગ્દષ્ટિને પાપરૂપ ઘણો કષાય થતો હતો, તે હવે પુણ્યરૂપ થોડો કષાય કરવાનો ઉપાય રાખે છે તથા થોડો કષાય થતાં હર્ષ પણ માને છે, પરંતુ શ્રદ્ધાનમાં તો કષાયને હેય જ માને છે.'** આહાહા..! **'વળી જેમ કોઈ કમાણીનું કારણ જાણી વ્યાપારાદિકનો ઉપાય રાખે છે, ઉપાય બની આવતા હર્ષ પણ માને છે, તેમ દ્રવ્યલિંગી...'** જૈનનો સાધુ બહાર વેશ પહેર્યા.. દ્રવ્યલિંગી. જેને સમ્યગ્દર્શન અને આત્મજ્ઞાન નથી એ બધી ક્રિયા કરનારા પંચ મહાવ્રત ને એ બધી દ્રવ્યલિંગી કહેવાય એ. આહાહા..! દ્રવ્યલિંગી સાધુ **'મોક્ષનું કારણ જાણી પ્રશસ્ત રાગનો ઉપાય રાખે છે,...'** એ શુભરાગની ક્રિયા વ્રત ને તપ એ શુભ રાગની ક્રિયાનો ઉપાય રાખે મિથ્યાદષ્ટિ. આહાહા..! **'ઉપાય બની આવતાં હર્ષ પણ માને છે, એ પ્રમાણે પ્રશસ્ત રાગના ઉપાયમાં વા તેના હર્ષમાં સમાનતા હોવા છતાં...'** સમ્યગ્દષ્ટિને રાગની મંદતામાં તીવ્રતા નથી એટલો હર્ષ માને અને મિથ્યાદષ્ટિને આ મમતા છે એને હર્ષ માને. **'સમ્યગ્દષ્ટિને તો દંડ સમાન...'** છે. ધર્મીને તો એ શુભરાગ દંડ થયો, દંડ કર્યો. આહાહા..! સમજાણું કાંઈ?

**'અને મિથ્યાદષ્ટિને વ્યાપાર સમાન શ્રદ્ધાન હોય છે.'** મિથ્યાદષ્ટિ અજ્ઞાની એને એ ક્રિયા પંચ મહાવ્રતની અને દયા, દાન, વ્રતની ક્રિયા, વેપારમાં જેમ લાભ માને એમ એ લાભ માને એમાં. આહાહા..! આવું શું સ્વરૂપ હશે? આવું બધુ અજાણ્યું રહી ગયું હશે? આ બધા હજારો ત્યાગીઓ વાતું કરે છે, આ બધા કરે છે. એય.. પોપટભાઈ! તમારે રહી ગયુંને બધું આમ હિંમતભાઈની સાથે. એ હિંમતભાઈની સાથે કરતા હતા. આહાહા..!

**'સમ્યગ્દષ્ટિને તો દંડ સમાન...'** સમ્યગ્દષ્ટિને શુભરાગ આવે પણ એ દંડ સમાન એને જાણે. **'તથા મિથ્યાદષ્ટિને વ્યાપાર સમાન શ્રદ્ધાન હોય છે.'** આપણે ધર્મનો વેપાર કરીએ છીએ. વ્રત પાળીએ, અપવાસ કરીએ, બધો ધર્મ-વેપાર માને. પણ એ તો વૃત્તિનું ઉત્થાન છે, રાગ છે. સમજાણું કાંઈ? **'માટે એ બંનેના અભિપ્રાયમાં ભેદ થયો.'** બેયના અભિપ્રાયમાં ભેદ પડ્યો. આચરણ તો મંદ કષાયનું સમકિતી પણ કરે કે થાય, મિથ્યાદષ્ટિ કરે અને થાય. છતાં અભિપ્રાયમાં ફેર (છે). આહાહા..!

વીતરાગ, એની આજ્ઞા એવી છે કે આત્માનો સ્વભાવ વીતરાગ એનો આશ્રય લે તો વીતરાગતા પ્રગટે એ વીતરાગ ધર્મ છે. જેટલો પરને આશ્રયે વ્રત, તપનો રાગ થાય એ ધર્મ નથી. આહાહા..!

तत्त्वज्ञानीतरयोर्बन्धकत्वाबन्धकत्वे दर्शयन्नाह–

परत्राहम्मतिः स्वस्माच्च्युतो बध्नात्यसंशयम्।
स्वस्मिन्नहम्मतिच्युत्वा परस्मान्मुच्यते बुधः।।४३।।

પરમાં નિજમતિ નિયમથી સ્વચ્યુત થઈ બંધાય;
નિજમાં નિજમતિ જ્ઞાનીજન પરચ્યુત થઈ મુકાય. ૪૩.

टीका :– परत्र शरीरादौ अहम्मतिरात्मबुद्धिर्बहिरात्मा। स्वस्मादात्मस्वरूपात्। च्युतो भ्रष्टः सन्। बध्नाति कर्मबन्धनबद्धं करोत्यात्मानं। असंशयं यथा भवति तथा नियमेन बध्नातीत्यर्थः। स्वस्मिन्नात्मस्वरूपे अहम्मतिः बुद्धोऽन्तरात्मा। परमाच्छरीरादेः। च्युत्वा पृथग्भूत्वा। मुच्यते सकलकर्मबन्धरहितो भवति।।४३।।

---

તત્ત્વજ્ઞાની (અન્તરાત્મા) અને ઈતર (બહિરાત્મા)માં (અનુક્રમે) કર્મનું અબંધપણું અને કર્મનું બંધપણું દર્શાવી કહે છે :-

શ્લોક – ૪૩

અન્વયાર્થ :- (परत्र अहम्मतिः) શરીરાદિ પર પદાર્થોમાં જેને આત્મબુદ્ધિ છે તે બહિરાત્મા (स्वस्मात्) પોતાના આત્મસ્વરૂપથી (च्युतः) ભ્રષ્ટ થઈ (असंशयम्) નિઃસંદેહ (बध्नाति) કર્મ બાંધે છે અને (स्वस्मिन् अहम्मतिः) જેને પોતાના આત્મસ્વરૂપમાં આત્મબુદ્ધિ છે તે (बुधः) અન્તરાત્મા (परस्मात्) શરીરાદિ પરના સંબંધથી (च्युत्वा) ચ્યુત થઈ (मुच्यते) કર્મબંધનથી મુક્ત થાય છે.

ટીકા :- પરમાં એટલે શરીરાદિમાં અહંબુદ્ધિ આત્મબુદ્ધિ કરનાર બહિરાત્મા, સ્વથી અર્થાત્ આત્મસ્વરૂપથી ચ્યુત (ભ્રષ્ટ) થઈને બાંધે છે–આત્માને કર્મબંધનથી બાંધે છે, નિઃસંશયપણે અર્થાત્ નિયમથી બાંધે છે–એવો અર્થ છે.

પોતાનામાં એટલે આત્મસ્વરૂપમાં અહંબુદ્ધિવાળો બુધ એટલે અંતરાત્મા, પરથી એટલે શરીરાદિથી ચ્યુત થઈને અર્થાત્ પૃથક્ થઈને મુક્ત થાય છે અર્થાત્ સર્વકર્મબંધનથી રહિત થાય છે.

ભાવાર્થ :- બહિરાત્મા પોતાનું શુદ્ધાત્મસ્વરૂપ ભૂલીને શરીરાદિ પર પદાર્થોમાં આત્મબુ-દ્ધિ કરે છે, તેથી તેને જ્ઞાનાવરણાદિ કર્મનો બંધ થાય છે અને અંતરાત્મા શરીરાદિ પર પદાર્થો સાથેનો સંબંધ તોડી પોતાના ચિદાનંદસ્વરૂપ સાથે આત્મબુદ્ધિપૂર્વક સંબંધ જોડે છે, તેથી તે કર્મબંધનથી છૂટી જાય છે.

વિશેષ

અજ્ઞાનતાવશ જીવ શરારાદિ પર પદાર્થોમાં અહંબુદ્ધિ, મમકાર બુદ્ધિ, કર્તા–ભોક્તાબુદ્ધિ આદિ કરી, રાગ–દ્વેષ કરે છે અને રાગ–દ્વેષના નિમિત્તે તેને કર્મનો બંધ થાય છે. બાહ્ય પદાર્થો

**બંધનું કારણ છે જ નહિ. તેમાં મિથ્યા-ભ્રાન્તિજનિત મમત્વભાવ એ જ સંસાર-બંધનું કારણ છે. અજ્ઞાનીને પોતાના ચૈતન્યસ્વરૂપની અસાવધાની છે, તેથી તેને પર પદાર્થોમાં આત્મ-ભ્રાન્તિ ચાલુ રહે છે અને તેના ફલરૂપે કર્મબંધ પણ થયા જ કરે છે.**

**જ્ઞાનીને રાગ-દ્વેષાદિ અને આત્મસ્વભાવનું ભેદ-વિજ્ઞાન છે, તેથી તેને ઉપયોગમાં રાગ સાથે એકતા નહિ હોવાથી તે અબંધ છે.**

**''બંધોના સ્વભાવને અને આત્માના સ્વભાવને જાણીને બંધો પ્રત્યે જે વિરક્ત થાય છે તે કર્મોથી મુકાય છે.''૧**

**જ્ઞાની પોતાના સ્વરૂપમાં સ્થિત છે એટલે સ્વસમય છે અને પર પદાર્થો પ્રત્યેના રાગાદિ ભાવોથી મુક્ત છે. તેથી તેને કર્મ-બંધ નથી. અજ્ઞાની આત્મસ્વરૂપથી ચ્યુત છે અર્થાત્ પર પદાર્થોમાં આત્મબુદ્ધિએ સ્થિ છે એટલે પર સમય છે અને રાગાદિ ભાવોથી યુક્ત છે, તેથી તે કર્મોથી બદ્ધ છે. ૪૩.**

## શ્લોક-૪૩ ઉપર પ્રવચન

'**તત્ત્વજ્ઞાની (અન્તરાત્મા)...**' છે? ૪૩. તત્ત્વજ્ઞાની એટલે અંતરાત્મા, એટલે રાગ ને પુણ્ય-પાપની ક્રિયાના રાગથી ભિન્ન એવા ચૈતન્યનું ભાન (થયું છે) તેને તત્ત્વજ્ઞાની કહીએ. કેમકે એ તત્ત્વ શુદ્ધ છે એનું જેને જ્ઞાન છે અને અશુદ્ધ છે તેને અશુદ્ધનું જ્ઞાન છે. એવા '**તત્ત્વજ્ઞાની (અન્તરાત્મા) અને ઈતર (બહિરાત્મા)માં (અનુક્રમે) કર્મનું અબંધપણું અને કર્મનું બંધપણું દર્શાવી કહે છે :–**' આહાહા..! ૪૩.

**परत्राहम्मतिः स्वस्माच्च्युतो बध्नात्यसंशयम्।**
**स्वस्मिन्नहम्मतिच्युत्वा परस्मान्मुच्यते बुधः।।४३।।**

ટીકા એની. ૪૩ શ્લોક. '**પરમાં એટલે શરીરાદિમાં...**' વાણી, મન, સ્ત્રી, કુટુંબ, પરિવાર, પુણ્ય અને પાપ એમાં. આદિમાં એ શબ્દ છે. એમાં જેની અહંબુદ્ધિ છે. જેને '**આત્મબુદ્ધિ કરનાર બહિરાત્મા,...**' આહાહા..! એટલે? પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ એ આત્મામાં નથી, સ્વભાવમાં નથી. એ બહિર્ છે. એને પોતાના એ માને છે. એ બહિરાત્મા. એ '**સ્વથી અર્થાત્**

૧. બંધો તણો જાણી સ્વભાવ, સ્વભાવ જાણી આત્મનો
જે બંધમાંહી વિરક્ત થાયે, કર્મમોક્ષ કરે અહો! (૨૯૩)
(શ્રી સમયસાર ગુ. આવૃત્તિ-ગાથા ૨૯૩)

**આત્મસ્વરૂપથી ચ્યુત (ભ્રષ્ટ) થઈને બાંધે છે–**' આહાહા..! એ આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ એને ન માનતા રાગની ક્રિયા તે મારી અને એનાથી મને કલ્યાણ થાય, એવું માનનાર સ્વરૂપથી ચ્યુત છે. આહાહા..! અને કર્મને બાંધે છે. '**આત્માને કર્મબંધનથી બાંધે છે,...**' આહાહા..! રાગથી પુણ્ય બંધાય. પણ બંધાયને? આહાહા..! ભારે આકરો માર્ગ. રાગનો વિકલ્પ જે છે, આ કરું અને આ પાળું અને આ કરું એ બધો રાગ છે. એ રાગવાળો આત્માના સ્વરૂપથી ભ્રષ્ટ છે. તેથી એ કર્મ બાંધે છે. આહાહા..! સમાધિતંત્ર છેને? બહુ ટૂંકું. સમાધિ અને અસમાધિ બે વાત લીધી છે. અર્થમાં. આહાહા..!

'**આત્મબુદ્ધિ કરનાર બહિરાત્મા, સ્વથી અર્થાત્ આત્મસ્વરૂપથી ચ્યુત...**' એથી બહિરાત્મા એ રાગને પોતાનું સ્વરૂપ માનનારા શરીરની ક્રિયા એ હું કરી શકું છું, હાલવું, ચાલવું, આ દયા પાળવી એવું જે પરને પોતાનું માનનાર મિથ્યાદષ્ટિ.. આહાહા..! કર્મબંધનથી બંધાય છે. '**નિઃસંશયપણે અર્થાત્ નિયમથી બાંધે છે–**' આહાહા..! છેને અંદર અર્થ. આહાહા..!

**પરમાં નિજમતિ નિયમથી સ્વચ્યુત થઈ બંધાય;**
**નિજમાં નિજમતિ જ્ઞાનીજન પરચ્યુત થઈ મુકાય. ૪૩.**

એનો શ્લોક છે આ.

જેને જ્ઞાતા-દષ્ટા જ આત્મા છે એને રાગની ક્રિયા વિનાનું એ તત્ત્વ છે. કેમકે રાગ તે આસ્રવ તત્ત્વ છે, એ આત્મતત્ત્વ નથી. પણ જે આત્માના તત્ત્વમાં નથી એને પોતાનું માનીને બહિરાત્મા એટલે બાહ્યમાં છે તેને પોતાનું માનનાર.. આહાહા..! નિયમથી કર્મથી બંધાય છે. નિઃસંશય (બંધાય છે). આહાહા..!

'**પોતામાં એટલે આત્મસ્વરૂપમાં અહંબુદ્ધિવાળો બુધ એટલે અંતરાત્મા,...**' સવળું લે છે હવે. પોતામાં એટલે આત્મસ્વરૂપ. આત્મસ્વરૂપ જ્ઞાન અને આનંદ એવું આત્મસ્વરૂપ એમાં અહંબુદ્ધિવાળો બુધ તે હું એવો જ્ઞાની એટલે અંતરાત્મા '**પરથી એટલે શરીરાદિથી ચ્યુત થઈને...**' રાગથી પણ ચ્યુત થઈને એટલે કે રાગ અને શરીરથી '**પૃથક્ થઈને મુક્ત થાય છે. અર્થાત્ સર્વ કર્મબંધનથી રહિત થાય છે.**' લ્યો! આહાહા..!

'**ભાવાર્થ :– બહિરાત્મા...**' એટલે કે જે અંતરમાં વસ્તુમાં પુણ્ય-પાપના વ્રત, તપનો વિકલ્પ છે નહિ અંદરમાં એને એ વિકલ્પને—રાગને પોતાનો માને છે એ બહિર્ બાહ્ય ચીજને પોતાની માને છે. આહાહા..! એથી એને મિથ્યાદષ્ટિ ચાહે તો એ વ્રત પાળતો હોય અને બ્રહ્મચર્ય પાળતો હોય દેહથી એ તો શુભરાગ છે. એ ઈન્દ્રિયનિગ્રહ નથી. એ તો ભાઈનું જમનાદાસભાઈનું (આવ્યું છે) એમ કે આ લોકો પાળે છે (ઈ) ઈન્દ્રિયનિગ્રહ કરે છેને? ઈન્દ્રિયનિગ્રહ કોને કહેવાય એની ખબર નથી એને. શુભ-અશુભ રાગથી છૂટી અને અંતરમાં રમે એને ઈન્દ્રિયનિગ્રહ કહેવામાં આવે છે. આહાહા..! વીતરાગની વાણી જગતથી કંઈક અલૌકિક છે ભાઈ! સમજાણું કાંઈ?

ઈન્દ્રિય એટલે આ પાંચ જડ, ભાવ ઈન્દ્રિય અંદર ક્ષયોપશમ એક એક વિષયને જાણનાર અને

એ ઇન્દ્રિયના વિષયરૂપ સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેવ, ગુરુ, શાસ્ત્ર અને વાણી એ બધા ઇન્દ્રિયો છે. આહાહા..! એ ઇન્દ્રિયનો નિગ્રહ ક્યારે કહેવાય? એ પરવસ્તુ વાણી આદિ અને રાગાદિ, શરીરાદિ એ બધી ચીજો મારામાં નથી, એવી અણીન્દ્રિય દૃષ્ટિ કરે એને ઇન્દ્રિયનિગ્રહ કર્યો કહેવાય. સમજાણું કાંઈ? વ્યાખ્યા બહુ ફેર ભાઈ! 'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક લાખે તો નહિ મળે અને એક ત્રાંબિયાના તેર.' એમ ભગવાન કહે છે કે મારે ને તારે બાપા વાતે વાતે ફેર છે. આહાહા..! સમજાણું કાંઈ?

અંતર સ્વસન્મુખ જતાં એને વીતરાગતા પ્રગટે અને પરાશ્રય લક્ષ જતાં એને રાગ પ્રગટે. આહાહા..! એ રાગને મારો માનીને જે કરે છે એ ઇન્દ્રિયનિગ્રહ નથી, ઇન્દ્રિયની સેવા કરે છે એ. આહાહા..! અરે..! ભગવાનનું સ્મરણ કરે, પૂજા કરે, પ્રતિમા ભગવાનની, અરે..! સાક્ષાત્ ભગવાન બિરાજતા હોય એની સેવા કરે તો ઇન્દ્રિયની સેવા છે. આહાહા..! એય.. સુજાનમલજી! આહાહા..! પરવસ્તુ અને પરના આશ્રયે થતો રાગ અને શરીર પાંચ ઇન્દ્રિય આદિ એના બધામાંથી એનું અસ્તિત્વ દૃષ્ટિ છોડી દઈને અણીન્દ્રિય ભગવાન આત્માની દૃષ્ટિ અને અનુભવ કરે એણે ઇન્દ્રિયનો નિગ્રહ કર્યો કહેવાય છે. ભારે વ્યાખ્યા ભાઈ આવી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આત્માને જાણ્યા વિના...

ઉત્તર :- ઇન્દ્રિયનિગ્રહ શેનો ધૂળમાં... એ બધી ઇન્દ્રિયો છે રાગની. રાગ, શરીર અને શરીરને આશ્રયે થતાં પરવસ્તુ, ભગવાન ત્રણ લોકના નાથને ઇન્દ્રિય કહે છે. એ વિષય ઇન્દ્રિયનો છે તો વિષય ઇન્દ્રિય છે એમ કહે છે. (સમયસાર) ૩૧ ગાથામાં છે. આહાહા..! આવે શુભભાવ સમ્યગ્દૃષ્ટિને પણ એને હેય જાણે. આહાહા..! સમજાણું કાંઈ?

અરે..! એણે આત્મા શું વસ્તુ છે? એનામાં શું ભર્યું છે? વસ્તુ છે તેમાં અનંતા ગુણો વસેલા છે. આનંદ, જ્ઞાન, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન આદિ અનંત શક્તિઓ, અનંત ગુણો, અનંત ભાવો એમાં વસેલા છે. આહાહા..! એમાં વીતરાગતા વસી છે. એની દૃષ્ટિ કરતો નથી અને આ રાગ ને પરની દૃષ્ટિ કરે છે એ બધો ઇન્દ્રિયનો નિગ્રહ નથી કરતો, ઇન્દ્રિયની સેવા કરે છે. આહાહા..! ભારે વાત ભાઈ આવી!

હવે એને પાછા મંદિર ને મોટા મોટા ૨૬ લાખના મંદિર લ્યો. એય.. જેઠાભાઈ! એ હોય છે એને કારણે. એ કોઈ કરે માટે આ થાય છે. એમ નથી ભાઈ! એમાં ભાવ હોય તો એ શુભભાવ હોય છે, પણ એ શુભભાવ એ પુણ્યબંધનું કારણ છે. પણ પૂર્ણ વીતરાગતા ન પ્રગટી હોય ત્યારે આત્મભાન હોવા છતાં એ ભાવ આવ્યા વિના રહેતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? અજ્ઞાની એ ભાવને લાભદાયક માને છે, જ્ઞાની એ ભાવને હેય અને નુકસાનકારક માને છે. આટલો ફેર છે. માન્યતામાં ફેર છે. આહાહા..! દિશાફેર છે. સમજાણું કાંઈ? આમાં આવ્યા હતા તમે નહિ? ગઢડે આવ્યા હતા. બધા આવ્યા. આહાહા..!

અરે..! સત્‌ની ખબર ક્યાં છે બાપુ? આહાહા..! સત્ ભગવાન પૂર્ણાનંદનો નાથ. આહાહા..!

એને આશ્રયે. સ્વના સ્વસ્વરૂપ છે તેને આશ્રયે વીતરાગતા અને ધર્મ થાય. આત્મા સિવાય પર છે એને આશ્રયે વિકલ્પ ઉઠે એ બધો રાગ છે. આહાહા..! કહો, ગીરધરભાઈ! આવું છે.

'**ભાવાર્થ :– બહિરાત્મા પોતાનું શુદ્ધાત્મસ્વરૂપ ભૂલીને...**' હું એક જ્ઞાન અને દર્શન અને આનંદ છું. એ મારું સ્વરૂપ છે. એને ભૂલીને '**શરીરાદિ પર પદાર્થમાં આત્મબુદ્ધિ કરે છે,...**' શરીર, રાગ, ઇન્દ્રિયો, પર અનુકૂળ દેખીને એ મને લાભદાયક છે, એવી આત્મબુદ્ધિ કરે છે. આહાહા..! શું વીતરાગ માર્ગ છે! વીતરાગમાર્ગ તો એમ કહે છે, અમારી જે વાણી નીકળે છે દિવ્યધ્વનિ ભગવાનની, એને જે સાંભળે છે એને એ પર તરફના વલણવાળો રાગ થાય છે. આહાહા..! એમાં એમ કહેવા માગે છે કે અમારા તરફના વલણમાં રાગ છે, તારા સ્વભાવના વલણમાં વીતરાગતા છે. આહાહા..! એ ભગવાને સંભળાવ્યું હતું. એ દૃષ્ટિમાં લીધું નહિ. આહાહા..! એથી ભગવાન પાસે ગયો તોપણ કોરો રહી ગયો. આહાહા..!

એક માણસ કહેતો હતો કે ભાઈ, તું રાજાને મળ્યો હતો? કહે હા. ક્યારે? કે મારો કેસ ચાલતો હતો. ચોરી કરી હતી આકરી. ત્યારે ઓલામાં ઊભો રાખે ને પાંજરામાં? ત્યારે હું રાજાને મળ્યો હતો. રાજાને મળ્યો કહેવાય? કેસ ચાલતો હોય કોર્ટમાં અને દરબાર આવ્યા હોય. ઊભા રાખે. પાંજરુ હોયને પાંજરુ, એમાં ઊભા રાખે. અમારે પણ બન્યું છે ને એ. (સંવત) ૧૯૬૩ની સાલ. કીધું ને? ૬૩માં કેસ ચાલ્યો હતો અફીણનો મોટો. પાલેજ. ખોટો કેસ હતો. દુકાન ઉપર એ ઓપિયમ કહેવાયને ઓપિયમ? એ આવ્યો હતો લેવા. શું કહેવાય એ? ગોઠ. ગોઠ લેવા આવ્યા, એને કીધું ભાઈ આઠ આના. અમારે શું? વેપારી માણસને તમારી શું સંબંધ? અમારે તો માસ્તર હોય. પોલીસ કેવા? પોટીસ. પોટર ઓલા એની સાથે ઘણો મેળ. એટલે તમે આઠ આના લ્યો, એ કહે હું રૂપિયો લઉં. એમાં તકરાર થઈ મોટી. એક રૂપિયાનો ૭૦૦નો ખર્ચ. સવા મહિનો કેસ ચાલ્યો. આહાહા..!

આમ દંડે. અનાદિથી રાગના અફીણના પોટલા ભેગા કરીને માને છે કે અમારે ધર્મ છે. આહાહા..! એ અફીણનો ધંધો કરનાર છે, એને કંદોઈના ધંધાની ખબર નથી. કંદોઈની દુકાને કાંઈ અફીણ મળે? માવો તો એને પણ કહેવાય. અફીણનો માવો કહેવાય. આ અફીણ પીવે ને? એ કાંઈક બોલે. આવો આવો બાપા.. એવી ભાષા છે કાંઈક.

મુમુક્ષુ :– રૂપાની રાબ.

ઉત્તર :– રૂપાની રાબ. એ રૂપાની રાખ મોંઘુ મળે ને. એ બધું સાંભળેલું ત્યાં ભાઈ! ગોંડલ વચ્ચે છે ને ઓલા લીબડા–લીબડા. ત્યાં ઉતર્યા હતા અમે. એ આ તો ૭૬-૭૭ની વાત છે. ૭૭માં લીબડામાં ત્યાં ઉતર્યા. કાંઈ ગામ નહોતું. ત્યારે સ્થાનકવાસીમાં હતા. લીબડા ઉતર્યા હતા. તો ઓલો બાવો પીતો હતો. રૂપાની રાબ બાપુ! રૂપાની.. બીજો એમ કહે નહિ ચડ્યો થઈ રહ્યું કીધું. પીધું હોય તો પણ નહિ ચડે. ચડ્યો...ચડ્યો... ચડ્યો... એમ જો કહે (તો ચડે). ગાંડા તે. ૭૭ની વાત છે. ગોંડલ ગયા હતા ત્યારે. આહાહા..! લૂંટાણો બાપુ તું તો. આહાહા..!

પર પદાર્થને પોતાનો માની તેને જ્ઞાનાવરણાદિ કર્મનો બંધ થાય છે. અંતરાત્મા. અંતરાત્મા એનું

જે અંતર સ્વરૂપ છે શુદ્ધ આનંદ અને જ્ઞાન એને અનુભવનારો આત્મા શરીરાદિ પરપદાર્થો સાથેનો સંબંધ તોડી... મારે અને એના કાંઈ સંબંધ નથી. '**પોતાના ચિદાનંદ સ્વરૂપ સાથે...**' પોતે તો ચિદાનંદ, જ્ઞાનાનંદ. ચિદ્ એટલે જ્ઞાન. જ્ઞાનાનંદ સ્વરૂપ સાથે '**આત્મબુદ્ધિપૂર્વક સંબંધ જોડે છે,...**' આહાહા..! રાગ સાથે જોડ્યું છે એણે (આત્મા) સાથે તોડ્યું છે. રાગ સાથે જોડે છે એણે આત્મા સાથે તોડ્યું છે. રાગ સાથે તોડે છે એ આત્મા સાથે જોડે છે. આહાહા..! વીતરાગ... વીતરાગ... વીતરાગ... જોડે છે. '**તેથી તે કર્મબંધનથી છૂટી જાય છે.**'

**વિશેષ :—** '**અજ્ઞાનતાવશ જીવ શરીરાદિ...**' ક્રિયા, રાગની ક્રિયા, એ પરપદાર્થોમાં અહંબુદ્ધિ (કરે છે કે) એ હું અને મમકાર (એટલે કે) એ મારા. આહાહા..! શરીર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસા, રાગ, પુણ્ય-પાપભાવ એ બધા અહં—એ હું અને એ મારા. આમ છે. અહં એટલે હું અને મમકાર એટલે મારા. અસ્તિ-નાસ્તિથી. આ હું, એ મારા. આહાહા..! જુઓને! સ્ત્રીને અર્ધાંગના કહે છેને? અડધું અંગ સ્ત્રીને કહે છે. ધૂળેય નથી સાંભળને હવે. આહાહા..! પાગલના કાંઈ ગામ જુદા હોય છે? આહાહા..! અર્ધાંગના છે આ મારી. અડધું અંગ હું અને અડધું અંગ એ. અરે..! શું કહે છો પ્રભુ તું આ? ક્યાં તું ભટકાણો? સમજાણું કાંઈ? આ અમારા અંગત માણસો છે. કોઈ ખાનગી કામ કરવું હોય તો અંગત માણસો સાથે વાત કરીએ. અમારા અંગત છે. ધૂળના પર અંગીત ક્યાં આવ્યા તારા? આહાહા..! એય.. પોપટભાઈ! આવું જ ચાલે છે? આહાહા..!

'**અજ્ઞાનતાવશ જીવ શરીરાદિ પર પદાર્થોમાં અહંબુદ્ધિ,...**' આ હું અને એ મારા. જ્ઞાનીને આત્મા આનંદસ્વરૂપ તે હું અને સ્વભાવ તે મારો. એ રાગાદિ નહિ. આહાહા..! આવી વાત છે, બહુ (આકરી). ભગવાનનો માર્ગ લોકોએ રાગમય કરી નાખ્યો છે. અને નામ આપ્યા ભગવાનની આજ્ઞા, ભગવાન પ્રમાણે. 'સૂત્ર અનુસાર જે ભવિક ક્રિયા કરે તેહનું શુદ્ધ ચારિત્ર પરખો.' આ ક્રિયા પાળે વહોરવાની ઓલી, આ ઉઘાડા પગે ચાલે, આ અમારી ક્રિયા છે. ધૂળેય નથી. સાંભળને! એ તો બધી રાગની ક્રિયા છે. સૂત્ર અનુસાર ક્યાં એ ક્રિયા છે?

'**કર્તા-ભોક્તાબુદ્ધિ આદિ કરી,...**' જુઓ! આ આત્માની ક્રિયા (એ) ધર્મની (ક્રિયા છે). ક્રિયા ત્રણ પ્રકારની. એક જડાદિની આ પર, એક રાગાદિની વિભાવ અને એક રાગ વિનાના સ્વભાવની એકાગ્રતાની સ્વભાવક્રિયા. એ ક્રિયાના ત્રણ પ્રકાર પરમાત્મા વર્ણવે છે. આહાહા..! સમજાણું કાંઈ? કર્તા છેને? કર્તા... છેને? એ મારા, એના કામ મારે કરવા જોઈએ. આહાહા..!

મુમુક્ષુ :- છોકરાઓના કામ તો કરવા જોઈએ.

ઉત્તર :- હા, સુમનભાઈને ભણાવ્યાને જુઓને! કેટલા ભણાવ્યા નથી એને? ૩૫ હજાર ખર્ચ્યા. વકીલાતમાં પાપ કર્યા અને ૩૫ હજાર ત્યાં ખર્ચ્યા. શેઠ! આ તો દાખલો. બધા એમ કરે છે ને.

મુમુક્ષુ :- લેખે લાગ્યા.

ઉત્તર :- લેખે ક્યાં? આહાહા..! એમ કે ભણ્યો એમાં આઠ હજારનો પગાર થયો એને

મહિનાનો. દસ હજારનો પગાર એને લઈ ગયા હતા બેલ્જિયમ. હમણા સુમનભાઈને. પછી આઠ હજારનો પગાર અહીંયાં. મુંબઈ રાખ્યા. હું છેટે નહિ રહીશ. મારા પિતાજી અહીં રહે, ગુરુ અહીં. મારે જાવું પડે. દશ હજારનો પગાર હતો પણ બે હજાર ઘટાડીને અહીં રહે છે હવે. મુંબઈ આઠ હજારનો પગાર માસિક. માસિક આઠ હજારનો પગાર. ૪૮ વર્ષની ઉંમર હશે. ૫૦ની અંદર. અહીંયાં આવે છે ઘણીવાર. એ લેખે લાગ્યો કહેવાય? આઠ હજારનો પગાર છે એ? આહાહા..!

અરેરે..! લેખે તો બાપુ! જેના સ્વભાવનું ભાન થઈને રાગથી ભિન્ન પડીને જેણે આત્માને સફળ કર્યો છે. આહાહા..! જેને શાંતિના ફળવાળો કર્યો, એ સફળ છે. આહાહા..! આજે કાગળ આવ્યો છે નહિ? મનહરનો કાંઈક આવ્યો છે. સુરતથી. અમે આવવાના હતા પણ આ ઉપાધિ આવી પડી છે છોકરાની. ભાણિયાની. એક મરી ગયો અને બીજો માંદો પડ્યો. કાગળ હતો નહિ? શેના ઉપર? પરમ દિ' રવિવારે આવવાના હતા. એમાં શું હવે? આહાહા..! આ જુઓને ઉપાધિ. પૈસા થયા છે એની પાસે ૨૫-૩૦ લાખ. હમણાં બે-ચાર વર્ષમાં. આપણે આમાં નહિ? ..મંદિરમાં ઈન્દ્ર થયો હતો. ૮૦ હજાર. ૮૦ હજારમાં ઈન્દ્ર થયો. ખરચે છે. પણ એ શું? પૈસા જડ, એને હું ખરચું એ પણ અભિમાન છે. એય..! ભાઈ અહીં તો એવી વાત છે. એ જડ છે એ તો. એ જડનો સદુપયોગ કરું છું. મિથ્યાત્વભાવ છે. એય..! શેઠ! આહાહા..!

ચૈતન્ય આનંદનો નાથ સહજાત્મસ્વરૂપ, એનો અંદરમાં એકાગ્ર થઈને સદુપયોગ કરે એ ઉપયોગ કહેવાય. એવી ચીજને સદુપયોગમાં વાળી. આહાહા..! બાકી આ જુવાની.. આહાહા..! ફાટ ફાટ જુવાની હોય, એમાં સ્ત્રી કાંઈક પૈસા લઈને આવતી હોય, એ પણ જુવાન હોય ત્યાં એમ થઈ જાય આપણે ઓહોહો..! આપણે સુખમાં સુખી છીએ. દુઃખના ડુંગરે માથા ફોડ્યા અને (માને છે કે) સુખી છીએ. આનંદનો નાથ પરમાત્મા સુખનો સાગર એ તો રહી ગયો ભાઈ! સમજાણું કાંઈ? આહાહા..!

કાયા વડે કરીને હું બ્રહ્મચર્ય પાળું છું. એ મિથ્યાત્વભાવ છે. કેમકે કાયા તો જડ છે આ તો. એને અમે જવા ન દીધી. એનો અર્થ ધણી થયો એનો. આહાહા..! ભારે વીતરાગમાર્ગ ભાઈ! સમજાણું કાંઈ? અહીંયાં '**કર્તા-ભોક્તા બુદ્ધિ આદિ કરી, રાગ-દ્વેષ કરે છે...**' મેં આ શરીરથી કામ લીધું. તે દિ' ભાઈ બોલતા હતાને અહીં? ઢેબરભાઈ આવ્યા હતાને અહીં? ઢેબરભાઈ કહે આ શરીરનો સદુપયોગ કરીએ. શું ધૂળ થાય સદુપયોગ? માટી છે આ તો અજીવ છે. એ જીવ એનો ઉપયોગ કરી શકે? જડનો? આ બધી દશાઓ થાય છે એ તો જડથી થાય છે. આહાહા..! પણ કાર્યકર્તાઓ સદુપયોગ માની લે. એય..! આહાહા..! અને એ પરપદાર્થ રાગ, શરીરાદિ હું અને એ મારા અને '**કર્તા-ભોક્તાબુદ્ધિ આદિ કરી,...**' આહાહા..! રાગનો હું કર્તા, પુણ્યનો હું કર્તા, વ્રત-તપના વિકલ્પનો હું કર્તા એ બધો મિથ્યાત્વભાવ છે. શુદ્ધ ચૈતન્યવસ્તુ એ વિકારને શી રીતે કરે? એમાં ક્યાં વિકાર કરવાની કોઈ શક્તિ કે ગુણ છે? આહાહા..! એ રાગનો કર્તા અને રાગનો ભોક્તા માન્યો એણે સ્વભાવનો અનાદર કરીને મિથ્યાત્વ સેવ્યું છે. આહાહા..!

**'નિમિત્તે તેને કર્મનો બંધ થાય છે. બાહ્ય પદાર્થો બંધનું કારણ છે જ નહિ. તેમાં મિથ્યા-ભ્રાન્તિજનિત મમત્વભાવ એ જ સંસાર-બંધનું કારણ છે. અજ્ઞાનીને પોતાના ચૈતન્યસ્વરૂપની અવસાવધાની છે, તેથી તેને પર પદાર્થોમાં આત્મ-ભ્રાન્તિ ચાલુ રહે છે અને તેના ફલરૂપે કર્મબંધ પણ થયા જ કરે છે.'**

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પોષ વદ ૯, મંગળવાર તા. ૦૪-૦૨-૧૯૭૫
## શ્લોક-૪૩-૪૪,
## પ્રવચન - ૫૬

ગાથા-૨૯૩. નીચે શ્લોક છે.

**બંધો તણો જાણી સ્વભાવ, સ્વભાવ જાણી આત્મનો,**
**જે બંધમાંહી વિરક્ત થાયે, કર્મમોક્ષ કરે અહો! ૨૯૩.**

૨૯૩. **'બંધોના સ્વભાવને અને આત્માના સ્વભાવને જાણીને...'** બંધનો સ્વભાવ એ રાગ-દ્વેષ છે. આત્માનો સ્વભાવ એ શુદ્ધ ચૈતન્ય છે. બેના સ્વભાવને, બેયના સ્વભાવને. શુભ-અશુભ રાગ એ બંધનો સ્વભાવ છે અને જ્ઞાનાનંદ સ્વભાવ એ જ આત્માનો સ્વભાવ છે. બેને જાણીને **'જે વિરક્ત થાય છે...'** બંધના ભાવથી જે છૂટો પડે **'તે કર્મોથી મુકાય છે.'**

**'જ્ઞાની પોતાના સ્વરૂપમાં સ્થિત છે એટલે સ્વસમય છે...'** સમયસાર ૨૯૩ (ગાથા). **'જ્ઞાની પોતાના સ્વરૂપમાં સ્થિત છે એટલે...'** આનંદ અને જ્ઞાનસ્વરૂપમાં સ્થિત છે. જેને અંતરના સ્વભાવના આનંદનું ભાન થયું એને આત્માનું ભાન થયું. એને સ્વભાવના આનંદનું ભાન થયું કે આત્મા તો આનંદસ્વરૂપ જ છે. એવા આનંદમાં રહેતો એને સ્વસમય કહેવામાં આવે છે.

**'પર પદાર્થો પ્રત્યેના રાગાદિભાવોથી મુક્ત છે.'** તેથી તે આનંદથી વિપરીત એવા રાગ-દ્વેષના ભાવથી, આકુળતાથી તે ભિન્ન છે. આવી વાત શું કહેવી? સમજાણું કાંઈ? **'જ્ઞાની પોતાના સ્વરૂપમાં સ્થિત છે...'** આનંદમાં. આહાહા..! ચૈતન્યનો સ્વભાવ અતીન્દ્રિય આનંદ છે અને રાગ અને દ્વેષનો સ્વભાવ વિષમ—આકુળતા છે. બેને જાણીને કર્મોથી એટલે રાગથી તે વિમુક્ત થાય છે. એ મારો સ્વભાવ નથી. હું તો આનંદ અને જ્ઞાનસ્વભાવી પદાર્થ જે અનુભવમાં આવે એ ચીજ હું છું. રાગાદિ ભાવ એ બંધના સ્વભાવસ્વરૂપ હોવાથી અબંધ પરિણામના જોરે એનાથી મુક્ત થાય છે. આવી ચીજ

છે. લોકોને આ વ્યવહારનું એવું (વળગ્યું છેને). પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં એ ગાથા કેટલામી આવે છે? બંધ અને મોક્ષ ઉપાય નથી આવતી? રાગનો અંશ બંધનું કારણ ને સમકિત અબંધનું કારણ. એના પછી કે એના પહેલા?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા એ. પણ એ ગાથા પહેલા કે પછી એમ કહું છું.

મુમુક્ષુ :- એના પછી.

ઉત્તર :- એના પછી. ત્યારે પછી ચોખવટ તો અહીં થઈ ગઈ. આહાહા..!

જેટલા અંશે રાગ છે એટલે અંશે બંધ છે અને જેટલે અંશે આત્માના આનંદ અને જ્ઞાનસ્વભાવના અંશો અબંધ પરિણામપણે પરિણમ્યા છે, પ્રગટ્યા છે એટલે અંશે અબંધ છે. હવે એ વાત થઈ ગઈ છતાં અહીં પાછી ક્યાંથી આવી? વ્યવહારરત્નત્રય પણ મોક્ષનો ઉપાય છે. બંધનો ઉપાય નહિ. હવે એવો અર્થ કર્યો. કહો, ચેતનજી!

મુમુક્ષુ :- સીધો બંધનો ઉપાય.

ઉત્તર :- બંધનો ઉપાય. એય.. ચેતનજી! આ તો ગાથા થઈ ગઈ જરી. પહેલી ગાથાઓ તો આવી ગઈ છે આ. આહા..! ભગવાન! શું કરે? જીવે એમ જ કર્યું હતું અનાદિથી. આહાહા..! પોતાનો આનંદ અને જ્ઞાનસ્વભાવ એનાથી વિરુદ્ધ ભાવ એ પણ મોક્ષનું કારણ. આહાહા..! કેટલી વિપરીતતા વસ્તુના સ્વભાવની.

ભગવાન શુદ્ધ ચૈતન્ય એનું જ્ઞાન અને એની શ્રદ્ધા અને એની રમણતા એ તો અબંધસ્વરૂપના અબંધના પરિણામ છે. એ તો મોક્ષનું કારણ છે. અને પરાશ્રય જેટલો રાગ થાય એ બધો વ્યવહાર છે, એ બંધનું કારણ છે, એ શુભરાગ છે. લોકોને એ રુચે છે. વ્યવહાર વ્યવહારથી કાંઈક થાય ને. શાસ્ત્રમાં આવે ખરુંને, વ્યવહાર સાધક છે. એ તો ઉપચારથી કથન કર્યા છે. નિમિત્તનું જ્ઞાન કરાવવા સાધક ને સાધન વ્યવહારને સાધન કહ્યું. વસ્તુનું સ્વરૂપ તો આવું છે. દુનિયાને એકાંત લાગે. અનેકાંત આમ ન થાય, વ્યવહારથી પણ લાભ થાય એ અનેકાંત થાય. એ કોઈ અનેકાંત નથી ભાઈ! એની શ્રદ્ધામાં એ વાત પહેલી નક્કી તો કરે. આહાહા..!

'**પર પદાર્થોમાં...**' જુઓ વ્યવહાર આવ્યોને? પોતાના સ્વરૂપમાં સ્થિત એ સ્વસમય નિશ્ચય છે અને પરપદાર્થ પ્રત્યેના રાગાદિ ભાવોથી મુક્ત છે. કારણ કે એ બંધના કારણ છે. આહાહા..! અરે..! એને ચૈતન્યસ્વભાવ આખો ચૈતન્યઘન છે એની ખબર નથી. અને આ બહારની વાતોમાં રોકાઈ ગયો છેને એટલે એમાં કાંઈક રસ પડે. આહાહા..! '**તેથી તેને કર્મ-બંધ નથી.**' ધર્મીને આ અપેક્ષાએ કર્મ બંધ નથી કે પોતાનો નિજ સ્વભાવ એ આનંદનો અનુભવ છે એથી આનંદથી ઊલટો ભાવ એનાથી તે મુક્ત છે, વિરક્ત છે. આહાહા..! એકતા નથી. આહાહા..!

'**અજ્ઞાની આત્મસ્વરૂપથી ચ્યુત છે...**' વાત તો આવી છે. પોતે સ્વરૂપ એનું જ્ઞાન અને આનંદ, અનાકુળ જ્ઞાન અને અનાકુળ આનંદ (સ્વરૂપ છે). આહાહા..! એવો એનો સ્વભાવ છે.

એવી સ્વભાવની જ્યાં દૃષ્ટિ થઈ, એને આત્મસ્વરૂપથી ભિન્ન એવા રાગનું સ્વામીપણું રહેતું નથી એથી બંધ નથી. જેઠાભાઈ! આવો માર્ગ ભારે ભાઈ! આ પરદેશમાં તો ક્યાં મળે એવું છે ત્યાં? રૂપિયા મળે ત્યાં. એ પણ પુણ્ય હોય તો મળે પાછા. આહાહા..! ઘરમાં મૂડી પડી છે એ મૂડીની કિંમત નથી અને નવા પરદ્રવ્ય આશ્રિત વિકલ્પો થાય એની કિંમત કરવા જાય ત્યાં સ્વભાવની કિંમત ઊડી જાય છે. સ્વરૂપચંદભાઈ! આવી વાતું છે. શેઠ!

મુમુક્ષુ :- એ તો આપે ચલાવી ૩૦-૪૦ વર્ષથી.

ઉત્તર :- શાસ્ત્ર શું કહે છે? છે કે નહિ તમારી પાસે? આહાહા..!

ભગવાન આત્મા આનંદ અને જ્ઞાન... આહાહા..! જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવથી (ભરેલો છે), અજ્ઞાની(ને) એનું જ્ઞાન નથી એટલે સ્વરૂપથી ચ્યુત ભ્રષ્ટ છે. '**અર્થાત્ પર પદાર્થોમાં આત્મબુદ્ધિએ સ્થિત છે...**' સ્વસ્વભાવનું ભાન નથી એથી સ્વસ્વભાવના અજ્ઞાનને લઈને પરપદાર્થમાં એ આત્મબુદ્ધિથી સ્થિત છે. ક્યાંક પોતાપણું એણે માનવું તો પડશેને? ત્રણ લોકનો નાથ ચૈતન્યસ્વભાવથી ગરજી રહ્યો છે—સ્વભાવથી ભરેલો છે. આહાહા..! એવા સ્વભાવનું જેને જ્ઞાન નથી એ અજ્ઞાની સ્વભાવથી ચ્યુત છે. અને પરપદાર્થના આશ્રયે થતાં રાગમાં આત્મબુદ્ધિથી... આહાહા..! સ્થિત છે એમાં. '**એટલે પર સમય છે અને રાગાદિ ભાવોથી યુક્ત છે,...**' માલ તો આ છે ભાઈ! લાખ કરોડ વાતું કરે. અનેક શાસ્ત્રની વાતું ઘણી નયની આવે, પણ એનું પ્રયોજન વીતરાગતા જો અંદર ન પ્રગટે તો એ કાંઈ સ્વરૂપ છે જ નહિ એ. ગમે તેટલા રાગ કરે, શુભ કરે, સ્વર્ગમાં જાય પણ આત્મામાં ન જઈ શકે. આહાહા..! સમજાણું કાંઈ?

પરપદાર્થ શરીર, વાણી, મન, પુણ્ય અને પાપના ભાવ, એમાં એ સ્વરૂપના ભાનથી જે અનાદિથી ચ્યુત છે એથી એ રાગમાં સ્થિત છે. આહાહા..! '**અને રાગાદિ ભાવોથી યુક્ત છે, તેથી તે કર્મોથી બદ્ધ છે.**' આહા..! બહુ ટૂંકું. ઘણું જ ટૂંકું અને ઘણું જ સત્ય. લાખ શાસ્ત્ર ભણે કે કરોડ ભણે પણ એ આત્મા આનંદનો નાથ છે, જેમાં પુણ્ય અને પાપના વિકલ્પને અવકાશ નથી. આહાહા..! એની કોઈ ગુણ—શક્તિ વિકારને કરે એવી એની કોઈ ગુણ—શક્તિ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવા આત્મામાં જેને અંતરના માહાત્મ્ય આવ્યા છે, અંતરના ઘોલનમાં જેને આનંદનો ભાસ થયો છે... આહાહા..! એ રાગથી વિમુક્ત છે. એ આનંદથી રાગ વિપરીત ઝેર છે. આહાહા..! ચાહે તો તીર્થંકરગોત્ર બાંધવાનો ભાવ હોય, પણ એ તો સ્વરૂપના અમૃતથી તો વિરુદ્ધ છે. એથી તે વિરોધભાવથી સ્વભાવનો અનુભવી જીવ મુક્ત છે. આહાહા..! સમજાણું કાંઈ?

यत्राहम्मतिर्बहिरात्मनो जाता तत्तेन कथमध्यवसीयते ? यत्र चान्तरात्मनस्तत्तेन कथमित्याशंक्याह–

दृश्यमानमिदं मूढस्त्रिलिङ्गमवबुध्यते।
इदमित्यवबुद्धस्तु निष्पन्नं शब्दवर्जितम्।।४४।।
નિજ આત્મા ત્રણ લિંગમય માને જીવ વિમૂઢ;
સ્વાત્મા વચનાતીત ને સ્વસિદ્ધ માને બુધ. ૪૪.

टीका :– दृश्यमानं शरीरादिकं। किं विशिष्टं? त्रिलिङ्गं त्रीणि स्त्रीपुंनपुंसकलक्षणानि लिङ्गानि यस्य तत् दृश्यमानं त्रिलिङ्गं सत्। मूढो बहिरात्मा। इदमात्मतत्त्वं त्रिलिङ्गं मन्यते दृश्यमानादभेद–ाध्यवसायेन। यः पुनरवबुद्धोऽन्तरात्मा स इदमात्मतत्त्वमित्येवं मन्यते। न पुनस्त्रिलिङ्गत्तया। तस्याः शरीरधर्मतया आत्मस्वरूपत्वाभावात्। कथम्भूतमिमात्मस्वरूपं। निष्पन्नमनादिसंसिद्धम् तथा शब्द–वर्जितं विकल्पाभिधानाऽगोचरम्।।४४।।

---

જ્યાં (જે પદાર્થોમાં) બહિરાત્માને આત્મબુદ્ધિ થઈ તેને તે કેવા માને છે? અને અંતરાત્મા તેને (પદાર્થોને) કેવા માને છે? તેવી આશંકા કરી કહે છે :–

શ્લોક – ૪૪

અન્વયાર્થ :– (मूढः) અજ્ઞાની બહિરાત્મા, (दृश्यमानं) દેખવામાં આવતા (त्रिलिङ्गं) સ્ત્રી–પુરુષ–નપુસંકના ભેદથી ત્રિલિંગરૂપ શરીરને (इदं अवबुध्यते) આત્મ તત્ત્વ (અર્થાત્ મારાં) માને છે કે, જ્યારે (अवबुद्धः) અન્તરાત્મા, (इदं) 'આ આત્મ તત્ત્વ છે તે ત્રિલિંગરૂપ નથી,' (तु) પણ તે (निष्पन्नं) અનાદિ સંસિદ્ધ તથા (शब्दवर्जितं इति) નામાદિ વિકલ્પોથતી રહિત છે, એમ સમજે છે.

ટીકા :– દશ્યમાન (દેખવામાં આવતા) શરીરાદિકને–કેવા (શરીરાદિકને)? ત્રિલિંગરૂપ–અર્થાત્ સ્ત્રી–પુરુષ–નપુંસક એ ત્રણ લિંગ જેને છે તેવા ત્રિલિંગરૂપ દેખાતા શરીરાદિકને, મૂઢ એટલે બહિરાત્મા દશ્યમાન (શરીરાદિક) સાથે અભેદરૂપ (એકરૂપ)ની માન્યતાને લીધે આ આત્મ–ત્ત્વને ત્રિલિંગરૂપ માને છે;

પણ જે જ્ઞાની અન્તરાત્મા છે, તે 'આ આત્મ–ત્ત્વ છે, તે ત્રિલિંગરૂપે નથી' એવું માને છે, કારણ કે શરીરધર્મપણાના કારણે તેનો (ત્રિલિંગપણાનો) આત્મસ્વરૂપપણામાં અભાવ છે. આ આત્મસ્વરૂપ કેવું છે? તે નિષ્પન્ન અર્થાત્ અનાદિ સંસિદ્ધ છે તથા શબ્દવર્જિત એટલે નામાદિ વિકલ્પોથી અગોચર છે.

ભાવાર્થ :– બહિરાત્માને શરીરાદિ સાથે એકતાબુદ્ધિ–અભેદબુદ્ધિ હોવાથી, સ્ત્રી–પુરુષ–નપુસંક એ ત્રિલિંગરૂપ શરીર જે દષ્ટિગોચર છે તેને આત્મા માને છે; પરંતુ અન્તરાત્મા માને છે કે, ''આત્મા તો અનાદિ સંસિદ્ધ તથા નામાદિ વિકલ્પોથી રહિત છે. સ્ત્રી–પુરુષાદિ ત્રિલિંગ એ શરીરના ધર્મ છે, અર્થાત્ પૌદ્ગલિક છે. તે આત્મસ્વરૂપમાં નથી.''

**અજ્ઞાની જીવને શરીરથી ભિન્ન આત્મ-તત્ત્વની પ્રતીતિ નથી; તે સ્ત્રી-પુરુષ-નપુંસકરૂપ ત્રિલિંગાત્મક દૃષ્યમાન શરીરને જ આત્મા માને છે.**

**સમ્યગ્દષ્ટિને વસ્તુસ્વરૂપનું જ્ઞાન છે અને શરીરથી ભિન્ન ચૈતન્યરૂપ આત્મ-તત્ત્વની પ્રતીત છે, તેથી તે પોતાના આત્માને તદ્રૂપ જ અનુભવે છે, પણ તેને ત્રિલિંગરૂપ અનુભવતો નથી, તેને તો તે અનાદિ સિદ્ધ તથા નિર્વિકલ્પ સમજે છે.**

**એ રીતે જ્ઞાની અને અજ્ઞાનીની શરીર સંબંધી માન્યતા એકબીજાથી વિપરીત છે. ૪૪.**

## શ્લોક-૪૪ ઉપર પ્રવચન

**'જ્યાં (જે પદાર્થોમાં) બહિરાત્માને આત્મબુદ્ધિ થઈ તેને તે કેવા માને છે? અને અંતરાત્મા તેને (પદાર્થોને) કેવા માને છે? તેવી આશંકા કરી કહે છે :-'** ૪૪. ૪૪ ગાથા.

दृश्यमानमिदं मूढस्त्रिलिङ्गमवबुध्यते।
इदमित्यवबुद्धस्तु निष्पन्नं शब्दवर्जितम्।।४४।।

**'ટીકા :- દશ્યમાન (દેખવામાં આવતા) શરીરાદિકને-કેવા (શરીરાદિકને)? ત્રિલિંગરૂપ-'** હું સ્ત્રી છું, પુરુષ છું, નપુંસક છું. આહાહા..! એ જડના લિંગો અને જડના ચિહ્નો. **'ત્રિલિંગરૂપ-અર્થાત્ સ્ત્રી-પુરુષ-નપુંસક એ ત્રણ લિંગ જેને છે તેવા ત્રિલિંગરૂપ દેખાતા શરીરાદિકને, મૂઢ એટલે બહિરાત્મા દશ્યમાન (શરીરાદિક) સાથે અભેદરૂપ (એકરૂપ)ની માન્યતાને લીધે...'** શરીરના લિંગ જે સ્ત્રી, પુરુષ અને નપુંસક એ તો ઇન્દ્રિય શરીરના ચિહ્નો છે. છતાં એને ભગવાન આત્મા ભાસ્યો નહિ. જે લિંગ અને ચિહ્ન વિનાનો છે. તો એને એમ થયું કે સ્ત્રી તે હું છું. આ શરીરનું લિંગ છેને સ્ત્રીનું? એ હું છું. પુરુષના ચિહ્નો છે તે હું છું. આહાહા..! નપુંસકના શરીરના ચિહ્નો છે તે હું છું. એણે શરીરને આત્મા માન્યો. બરાબર છે? આહાહા..!

એના ચિહ્નો મળ્યા સ્ત્રીના એ તો જડની દશા છે. એને ચિહ્ન મળ્યા પુરુષના (એ) અજીવની દશા છે. એને નપુંસક હીજડાની અવસ્થાના ચિહ્ન મળ્યા એ તો માટીની અવસ્થા છે. આહાહા..! પણ એ ત્રણ લિંગથી રહિત ચૈતન્યસ્વભાવમાં જો. અહીં વિષયની વાસનામાં એને આ હું સ્ત્રી છું, આ પુરુષ છું (એમ ભાસે છે). આહાહા..! જે સ્વરૂપમાં એ નથી. સમજાય છે કાંઈ? જે સ્વરૂપમાં એ ત્રણ ચિહ્નો અને તેના તરફની થતી વાસના એ સ્વરૂપમાં છે નહિ. પણ એ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યને ન જાણતા, ન માનતા, તે દૃષ્ટિમાં ન લેતા એણે આ ચિહ્નોમાં હું છું એમ દૃષ્ટિ કરી. આહાહા..! મૂઢ જડને પોતાનું માને છે.

ઓહોહો..! આચાર્યે તો એવું નાખ્યું કે ભાઈ! શરીરને કેમ પોતાનું માને છે? કે એમાં જે ચિહ્નો છેને સ્ત્રી-પુરુષ-નપુંસકના એને હું છું, એ મારા છે એમ માન્યા છે. આહાહા..! સમજાણું? એને

અસમાધિ ઉત્પન્ન થાય છે. સ્ત્રીનું લિંગ દેહના જડના ચિહ્નો છે માટીના. આહાહા..! પુરુષના લિંગ એ માટીના ચિહ્નો જડના પુદ્ગલના. એને પોતાનું માન્યું અથવા એ હું છું એમ માન્યું એને શરીરની દશા તે જ હું છું. ભલે પછી બહારથી તપ ને વ્રત ને આદિ કરતો હોય. પણ આ એને મિથ્યાત્વનું શલ્ય પડ્યું છે અંદર (એ) એને કાંઈ સૂઝ પડવા દેતું નથી.

બહિરાત્મા શરીરાદિ સાથે, દશ્યમાન સાથે. એ એને દેખાય છે. શરીરના ચિહ્નથી શરીરથી ભગવાન ભિન્ન છે એ દેખાવામાં આવતો નથી. આહાહા..! એને આ દેખવામાં આવતા ચિહ્ન અમે સ્ત્રી છીએ, અમે પુરુષ છીએ, અમે હીજડા-પાવૈયા છીએ. અરે.. પ્રભુ! ક્યાં ગયો તું? ત્યાં ક્યાં છે? આહાહા..! સમજાણું કાંઈ? ઊંડે એને આ શલ્ય રહી જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! વ્રત પાળે, મહાવ્રત પાળે, બ્રહ્મચર્ય પાળે શરીરથી, પણ એની શ્રદ્ધામાં એ છે કે અમે સ્ત્રી છીએ, અમે પુરુષ છીએ. આ એને મિથ્યાત્વનું સેવન છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે! કેવી શૈલી લીધી!

શરીરને પોતાનું માને છે એટલે કઈ રીતે કહે છે? શરીરને પોતાનું માને છે કઈ રીતે? આ એના લિંગને પોતાનું માને છે એ રીતે. આહાહા..! સમજાણું કાંઈ? બસ! એને એ સૂઝે. આ સ્ત્રીના અવયવોથી સ્ત્રી છે, પુરુષાના અવયવો તે પુરુષ. બીજાને દેખે તો એમ દેખે. આ સ્ત્રીના ચિહ્નો છે એ સ્ત્રી છે, પુરુષના ચિહ્નવાળો એ પુરુષ છે. આહા..! આમ પોતાને અને પરના શરીરને કેમ માને છે? શેઠ! આહાહા..! એની ચીજ અંદર જે છે એ ત્રણ લિંગો જે દેહના (એનાથી રહિત છે). એ તો ૩૧ ગાથામાં કહ્યું હતું નહિ પહેલું? દ્રવ્યેન્દ્રિયને આ રીતે જુદી પાડી, ભાવ ઇન્દ્રિયને આ રીતે (જુદી) પાડી, એના વિષયોને આ રીતે. આ તો આચાર્યોએ તો ઘણી વાત બહુ સીધી અને સરળ થાય એવી કરી છે. ભાઈ! તું શરીરના અવયવોમાં છો તો તારા અનંત ગુણના અવયવો—સમાજ રહી ગયા તને. આહાહા..! શું કહ્યું હતું નહિ? સવારમાં કાંઈક કહ્યું હતું ને? સમાજ, અનંત ગુણનો સમાજ કાંઈક કહ્યું નહોતું આહાર વખતે? અનંત ગુણનો સમાજ એ સમાજ મારા છે એ ન માન્યું. એને આ ઇન્દ્રિયના (ચિહ્ન) દેખાય, દેશ, પુરુષ, સ્ત્રી આદિ એ સમાજ તે હું અને એ સમાજમાં હું અને એ સમાજ મારો. આહાહા..!

મુમુક્ષુ :- સપરિવાર ગાઢી.

ઉત્તર :- હા, સપરિવાર ગાઢી. એ કહ્યું હતું સવારમાં. 'સમકિત સાથે સગાઈ કીધી.' આનંદઘનજીમાં આવે છે. 'સપરિવાર સુ ગાઢી.' એ આવ્યું હતું સવારમાં. આહાહા..!

આત્માનો પરિવાર તો જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણ પરિવાર છે. રાગ ને રાગના ફળ શરીર, એના ફળ આ બહારના સાધન એ કાંઈ તારો પરિવાર નથી. આ અમારે આટલી બાઈડ્યું, આટલા છોકરા, આટલી દીકરી, આટલા જમાઈ, આટલા મકાન, આટલા પૈસા. એ તો બધો જડનો પરિવાર છે. કહો, શેઠ! આટલી મોટરું. 'સમકિત સાથે સગાઈ કીધી.' શુદ્ધ ચૈતન્યમૂર્તિની સાથે સગાઈ કરી. આહા..! 'સપરિવાર સુ ગાઢી' પોતાની અનંત શક્તિઓ જે સ્વભાવ એ એનો પરિવાર છે અંદર. એની સાથે સમકિતની પર્યાયે સગપણ કર્યું. સ્વરૂપચંદભાઈ! આવી વાતું છે આ.

અરે..! અનંત કાળથી રખડે છે એ પોતાની ભૂલથી રખડે છે. એને કોઈ કર્મ રખડાવે છે કે એના કાળ રખડાવે છે એમ નથી. સમજાણું કાંઈ? પોતાના સત્તામાં હોવાવાળા જે અનંત ગુણો છે કેટલી સંખ્યા! ઓહોહો..! આકાશના પ્રદેશ કરતાં પણ અનંત ગુણો જેનો સમાજ છે આખો. આહાહા..! અનંતા અનંતા ગુણો, એની સગાઈ તોડીને એણે રાગની સાથે સગાઈ કરી. આહાહા..! રાગ સાથે એકત્વબુદ્ધિ કરી. અને નિજ સ્વભાવનો પરિવાર એનો એણે તિરસ્કાર કર્યો (કે) આ નહિ. આ (રાગ) પરિવાર મારો. આહાહા..!

ધર્મીએ નિજસ્વભાવના પરિવારને જ પોતાનો પરિવાર જાણ્યો. સમજાણું કાંઈ? એની તો ખબર ન મળે કે આ તે કોણ? અનંત સમાજરૂપી એક આત્મા. આ તો થોડી સંખ્યાવાળા. કેમકે ગુણો છે એ તો દ્રવ્ય, એનાથી કાળ (અનંત ગુણો), એનાથી ક્ષેત્રના પ્રદેશ અનંતગુણા, એનાથી એનો ભાવ અનંત ગુણા. ઓહોહો..! આવા અનંતા સમાજના સ્વભાવની જેને સગાઈ નામ પ્રીતિ, રુચિ, દૃષ્ટિ, અનુભવ થયો એણે પરના પરિવારની રુચિ છોડી દીધી. આમ છે. કારણ કે પરપરિવાર તેની સંખ્યા સમાજ, ગુણની સંખ્યા કરતાં, સ્વ પરિવારની સંખ્યા તો અનંતમા ભાગે છે દ્રવ્યો. સમજાણું કાંઈ? આહાહા..!

જેમ ત્રણ કાળ... એ પોતાના અનંત ગુણ.. ઓહોહો..! જેની સંખ્યા અપાર. કેવળી જેની સંખ્યા પૂર્ણ જાણી શકે. શ્રુતજ્ઞાનમાં એનો ભાસ થાય શ્રદ્ધામાં, પણ પ્રત્યક્ષ નથી. આહાહા..! એવા અનંત ગુણના સમાજનો અને એ અનંત શક્તિનો એ નાથ પોતે છે, એનું સ્વામીપણું છોડી દઈને. આહાહા..! એ ક્ષણમાત્ર રહેતો રાગ અને ક્ષણમાત્ર પરની સાથે સંબંધ થતો ક્ષણ(વર્તી) પર્યાયનો સંબંધ છે. એના સંબંધમાં જોડાતા. આહાહા..! અનંત ગુણના સમાજનો સંબંધ એણે તોડી નાખ્યો છે.

ધર્મીએ.. આહાહા..! એ બહિર્લક્ષને છોડી દઈને અંતર્મુખ ચૈતન્યસમાજની સાથે જેને પ્રીતિ થઈ એણે આ પ્રીતી તોડી નાખી. આહાહા..! આ વસ્તુની ખબર ન મળે અને પછી થઈ ગયા સાધુ ને થઈ ગયા વ્રતધારી. એકડા વિનાના મીંડા છે બધા. સમજાણું કાંઈ? આહાહા..! એ અનંત શક્તિ સંપન્ન પ્રભુ એની સાથે સંબંધ થતાં એ મોક્ષમાર્ગી થયો. અને એનો સંબંધ તોડીને એણે (અજ્ઞાનીએ) વ્રત ને નિયમ ને તપ કર્યા, પણ એ સંસારમાર્ગી રહ્યો. બરાબર છે? ભલે એ બાર વ્રત પાળતો હોય, બ્રહ્મચર્ય શરીરથી જાવજીવનું પાળતો હોય પણ એ સંસારી રહ્યો, મિથ્યાત્વી. કેમકે ભગવાન અનંત ગુણનો નાથ પ્રભુ એ સમાજનો સ્વીકાર એણે કર્યો નથી અને બહારના સમાજમાં એને પ્રીતિ થઈ, રાગથી માંડીને બધી ચીજો પ્રત્યે, એ મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા સંસારમાર્ગી છે. અને રાગથી ભિન્ન પડી.. આહાહા..! અનંતા ગુણનો સમાજનો પ્રેમ ને એકતા કરી એ ભલે સ્ત્રી હોય, એને વિષય હોય, છન્નું હજાર સ્ત્રીઓના સંગમાં દેખાય... આહાહા..! પણ એ મોક્ષના માર્ગે છે. સમજાણું કાંઈ? અને જેને જાવજીવનો સ્ત્રીનો ત્યાગ છે છતાં મેં આનો ત્યાગ કર્યો અને રાગના ભાવને મેં ગ્રહણ કર્યો, એ રાગના ભાવને હું પાળું એ મિથ્યાદૃષ્ટિ સંસારમાર્ગે ચડ્યો. સમજાણું કાંઈ? આવો માર્ગ છે ભાઈ!

**'પણ જે જ્ઞાની અન્તરાત્મા છે, તે આ આત્મ-તત્ત્વ છે, તે ત્રિલિંગરૂપે નથી...'** જુઓ.

ધર્મીજીવ... દ્રવ્યલિંગ તો જડના છે. એને દેખીને એમ થાય કે આ સ્ત્રી છે, આ હું પુરુષ છું એવા જે વિષયની વાસનામાં જોડાય એની દૃષ્ટિ તો પર ઉપર છે. ધર્મી જીવને સમ્યગ્દષ્ટિને આત્મ સમાજનો પ્રેમ હોવાથી. જોયું! **'તે આ આત્મ-તત્ત્વ છે, તે ત્રિલિંગરૂપે નથી...'** એ શરીરના ત્રણ ચિહ્નો સ્ત્રી-પુરુષના એ રૂપે હું નથી. **'એવું માને છે, કારણ કે શરીરધર્મપણાના કારણે...'** શરીરધર્મપણાના કારણે એ આત્મસ્વરૂપમાં અભાવ છે. ત્રિલિંગો તો શરીરનો ધર્મ છે. આહાહા..! આ તો સમજાય એવું છે.

એકલું શરીર મારું નહિ, મારું નહિ એનો અર્થ શો? એ ત્રણે ચિહ્નો છે એના અસ્તિત્વમાં હું નથી. એથી એ અસ્તિત્વ એ મારું છે એમ નથી. તેથી તેના (શરીરના) અસ્તિત્વને કારણે, એના અસ્તિત્વના સંબંધે જે વિષયની વાસના થાય એ તો આવું અસ્તિત્વ છે સ્ત્રીનું માટે મને વાસના થાય છે. અને પુરુષ છું માટે પુરુષની વાસના થાય છે એમ માનનારે સ્વભાવને છોડી દીધો છે. અને જેણે એ માન્યતા છોડી દીધી છે... આહાહા..! એને પોતાનો સ્વભાવ સ્ત્રીલિંગની ચેષ્ટાથી ભિન્ન જાણે છે એથી એને સ્ત્રીલિંગની વિષયની વાસના એકત્વબુદ્ધિના પ્રેમથી થતી નથી. આહાહા..! અરે..! આવી એના ઘરની વાતું એને ખબર નથી. કેટલું લખાણ આજે આવ્યું હતું. વિદ્યાનંદજી. એવી એની ભાષા ને લોકોને પસંદ .. બધો વ્યવહાર. એવો વ્યવહાર નાખ્યો એવો નાખ્યો. ઓહોહો..! આપણે તો એટલું કહેતા પણ ન આવડે. મોટા બે પાના ભરીને છે. વ્યવહારની શૈલી બધી આ. આમ જોઈએ, વિશ્વ સાથે પ્રેમ જોઈએ, પછી બધું આમ જોઈએ. સમજ્યાને? બધું વ્યવહારનું પોષક. શું થાય? જગતને...

મુમુક્ષુ :- જગતને પ્રિય લાગે.

ઉત્તર :- પ્રિય લાગે. એ ભાષા એવી મૂકી. પ્રિય લાગે લોકોને. આહાહા..! આવા મુનિઓ. સ્વભાવ.. બહુ લખાણ, બે પાના આખા. એકલો પર સાથે સંબંધ આમ રાખું, તેમ કરું, કોઈ સાથે વિરોધ કરવો નહિ—એની શૈલીને મલાવી છે. ઘણી.. છે.

અરે..! ભાઈ! એને રાગ સાથે સંબંધ નથી, જેને પર સાથે સંબંધ નથી એવી ચીજના ભાન વિના એને પરની પ્રીતિ તૂટે નહિ. એટલે આમ વાત્સલ્ય કરો, પ્રેમ કરો બધા ઉપર, બધાને સરખા માનો, કોઈને વિરોધ ન માનો. સૌ સૌના ધર્મમાં રહેલા જીવો એને એનામાં રહેવા દ્યો. માનવ સંપ રહે. આવા શેઠિયા પણ એવા તર્ક કરે. પણ આવા બધા ભણેલા મોટા વિદ્વાન સાધુ હોયને. આહાહા..! આ તો ત્રણ લોકના નાથનો માર્ગ પ્રભુ. આહાહા..! અહીં તો રાગ સાથે પણ સંબંધ રાખતો નથી ત્યાં વળી પરની સાથે ક્યાં રહ્યો? આહાહા..! મારગડા જુદા પ્રભુ ભાઈ તારા. આહાહા..! એ માર્ગમાં નહિ, માર્ગને મલાવે ખોટો, લોકોને સારું લાગે. બહુ લખાણ (આવ્યું છે). આપણને તો યાદ પણ ન રહે. એવો વ્યવહારને મલાવ્યો છે. ઓહોહો..! બે પાના ભર્યા છે મોટા. જૈન ગેજેટ આવ્યું હતું ને? એય..! જૈન ગેજેટ વાંચજો. આહાહા..! ભગવાન!

અહીં તો 'સર્વ જીવ છે સિદ્ધ સમ'નો અર્થ કે સિદ્ધ અને તારે કાંઈ સંબંધ નથી. એ બધા સિદ્ધ સમાન આત્માઓ છે. એને શરીર અને રાગાદિ છે એ એના નથી એમ તું જો. જેમ તું રાગ અને

શરીરના ચિહ્ન વિનાનો છો, એને એમ જો. આહાહા..! એમ દૃષ્ટિ થયા વિના એમ જોઈ શી રીતે શકે એને? પોતાના શરીરના ચિહ્નો અને ઈન્દ્રિયના ચિહ્નો. આહાહા..! જેમાં એની હયાતીનો જ અનાદિથી સ્વીકાર છે. એની હયાતી વિનાની મારી હયાતી ભિન્ન છે, અણાલેપ નિર્લેપ છે. આહા..! આનો જેને લેપ નથી ઈન્દ્રિયના ચિહ્નનો. અરે..! ઈન્દ્રિયના ચિહ્નનો તો નહિ, પણ તેનાથી વૃત્તિઓ ઊઠે છે.. આહાહા..! એનાથી પણ હું તો નિર્લેપ તત્ત્વ છું. એવી નિર્લેપ તત્ત્વની દૃષ્ટિ વિના બીજા પ્રત્યે સમભાવ.. છે 'પથા વેર મજ્ઝં ન કેણઈ' ભાઈ એને મલાવ્યું. 'વેર મજ્ઝં ન કેણઈ' આવે છે ને? 'ખામેમિ સવ્વે જીવા' એને મલાવ્યું છે ભારે. યાદ આવ્યું. પણ એનો અર્થ શું? અત્યારે એ છે. .. હોં. લોકોને સારું લાગે. ઘણું બે પાના ભરીને (લખાણ છે). ઓહોહો..!

પણ અહીં તો કહે છે, પ્રભુ! એ શરીરના ચિહ્નોને પોતે માને છે કે આ હું છું એવી દૃષ્ટિવંત તો તદ્દન મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! પછી સાધુ થયો હોય તોપણ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? જેની મિથ્યા નામ જૂઠી દૃષ્ટિ છે. કેમકે એ એવો નથી. આહાહા..! શરીરના લિંગો ત્રણ તે આત્મા નથી, એ આત્મામાં નથી અને એવો આત્મા નથી. છતાં બાહ્યનો ત્યાગ કરીને એમ માન્યું કે મેં તો ત્યાગ કર્યો બહારનો. બહારનો ત્યાગ તો છે જ. એના આત્મામાં ગરી ગયા નથી બાહ્ય પદાર્થ. બાહ્ય પદાર્થના ગ્રહણ-ત્યાગથી તો પ્રભુ રહિત છે. આહાહા..! સમજાણું કાંઈ? પણ સ્થુળ દૃષ્ટિએ એવું લાગે કે આહાહા..! આણે બાયડી છોડી, છોકરા છોડ્યા, કુટુંબ છોડ્યું. આહાહા..! પણ શરીરના ચિહ્નોથી હું છું એવી માન્યતા જેની છે. એણે કાંઈ છોડ્યું નથી. બધાને પકડ્યું છે એણે. આહાહા..! બરાબર છે? આહાહા..!

વીતરાગનો માર્ગ આ તો જગતથી નિરાળો છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા એ તો કહે છે... અહીં લઈને આવ્યા જુઓને સમાધિમાં. જેને પુરુષલિંગ છું એથી મને પુરુષની વાસના થાય છે. હું સ્ત્રીલિંગે છું તેથી મને સ્ત્રીલિંગની વાસના થાય છે, એ બધો મિથ્યાત્વભાવ છે. આહાહા..! એવો આત્મા છે જ નહિ, ભાઈ! તને આત્માની ખબર નથી. આહાહા..! અને અમે આ વાસનામાં સ્ત્રી છીએ, પણ અમે પુરુષની ઈચ્છાને નિરોધ કરીએ. શી રીતે તેં કરી? કે અમે સ્ત્રી છીએ માટે પુરુષનો વિષય નહિ અમારે. પણ સ્ત્રી તું નથી. અને જેને તું પુરુષનો વિષય લેવા માગે એ પુરુષ પણ નથી. આહાહા..! શેઠ!

એવું ભિન્ન ભાસન વિના તારો જેટલો ત્યાગ છે એ બધો મિથ્યા ત્યાગ છે. કારણ કે રાગ અને સ્ત્રીલિંગ અને પુરુષલિંગ તે હું છું. આહાહા..! એથી મેં બ્રહ્મચર્યને પાળ્યું હવે. આહાહા..! એ બધી મિથ્યાભ્રાંતિ છે કહે છે. હું એટલે જેને સ્ત્રી પુરુષના લિંગો જડના, એનો અને મારે અત્યંત અભાવ છે. પુરુષ અને સ્ત્રીના (દૃષ્ટાંતથી) સમાધિતંત્રમાં આમ કહેવા માગે છે. એ લિંગોમાં તે હું છું એ પછી અસમાધિમાં જ પડ્યો છે. ભલે ત્યાગી થઈને બેઠો હોય, બાળબ્રહ્મચારી હોય. એય.. સ્વરૂપચંદભાઈ! આવી તો વસ્તુ છે, ભગવાન! આહાહા..! શું સંતોની કથની! શું સંતોની પરથી ભિન્ન પાડવાની રીત! આહાહા..!

જ્યાં તું છો, જેવો તું છો એમાં આ સ્ત્રીના લિંગોનો અત્યંત અભાવ છે. આહાહા..! અત્યંત અભાવને તું મારા માને છો. આહાહા..! એ ભૂલ છે. જેને.. આ તો શું છે એની મહિમાની ખબર પડતી નથી. આહાહા..! જુઓને! પૂજ્યપાદસ્વામી દિગંબર આચાર્ય.. આહાહા..! મિથ્યાત્વ અને સમકિતના લક્ષણોને વર્ણવતા કઈ રીતે વર્ણવ્યું! આહાહા..!

મુમુક્ષુ :- બહિરાત્મા છે.

ઉત્તર :- બહિરાત્મા છે.

હું પુરુષ છું એથી પુરુષની વાસના મને આવે જ. આહાહા..! હું સ્ત્રી છું એટલે સ્ત્રીની વાસના આવે. અરે.. ભગવાન! ક્યાં તું હતો સ્ત્રી ને પુરુષ? એવી વાસના આવે એવું ક્યાં હતું? આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિને એ ત્રણે લિંગથી નિરાળો આત્મા... એમ છેને? જુઓને!

**'આ આત્મ-તત્ત્વ છે, તે ત્રિલિંગરૂપે નથી એવું માને છે, કારણ કે શરીરધર્મપણાના કારણે તેનો (ત્રિલિંગપણાનો) આત્મસ્વરૂપપણામાં અભાવ છે...'** આહાહા..! મોટી માન્યતાએ ફેર છે. પરના લિંગથી જ હું, દેહના ચિહ્ન છે એવડો અને એ હું. એ મિથ્યાદષ્ટિ ચાહે તો સાધુ થયો હોય, હજારો રાણીને છોડી ત્યાગી થયો હોય, કરોડોની પેદાશ મૂકીને સાધુ થયો હોય, તોપણ એ મિથ્યાદષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'આ આત્મસ્વરૂપ કેવું છે? તે નિષ્પન્ન અર્થાત્ અનાદિ સંસિદ્ધ છે તથા શબ્દવર્જિત એટલે...'** આહાહા..! કહે છે કે ત્રણના લિંગથી તો રહિત છું, પણ આવો છું એવો વિકલ્પ અને શબ્દથી પણ રહિત છું. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! એના મારગડા અલૌકિક છે. એનું ફળ પણ અલૌકિક છે ને. પાછું એ મૂક્યું જોયું! '**શબ્દવર્જિતં**' એટલે સ્ત્રી છું એવો શબ્દ પણ જેનામાં નથી. આહાહા..! હું પુરુષ છું એવો શબ્દ પણ જેનામાં નથી. આહાહા..! કેવો વીતરાગનો માર્ગ! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે આ રીતે વર્ણન કર્યું, સંતો એ રીતે જગતને જાહેર કરે છે.

ભાઈ! તું આત્મા છો. એ આત્મામાં આ લિંગોના ચિહ્ન એ બધા જડના એંધાણો. એને જડના એંધાણે આત્માને ઓળખવો (છે) કે આ સ્ત્રીલિંગવાળો આત્મા, આ પુરુષલિંગવાળો આત્મા. આ હીજડાવાળો પાવૈયો આત્મા. આહાહા..! અને એના શબ્દો કરવા, થવા. આહાહા..! હું સ્ત્રી છું, પુરુષ છું, હું સ્ત્રી નથી એવો શબ્દ થવો. આહાહા..! એવા શબ્દથી પ્રભુ રહિત છે. સમજાણું કાંઈ? આહાહા..! સ્વરૂપચંદભાઈ! બધું ત્યાં સુરતમાં ક્યાં સાંભળ્યું હતું? કોઈ દિ' સાંભળ્યું હતું? સુરત-સુરત રહે છેને? ક્યાં? મુંબઈ?

મુમુક્ષુ :- પાલડી.

ઉત્તર :- ક્યાં? પાલડી પાલડી... મુંબઈ રહે છે. પાલડી અમે ગયા હતા એક ફેરી. આપણે નહિ? ઓલા બ્રાહ્મણના મકાનમાં ઉતર્યા હતા એ ને? પાલડી ગયા હતા આપણે. ઓલા બ્રાહ્મણની ઉપર ઉતર્યા હતા. બ્રાહ્મણની મેડી ઉપર ઉતર્યા હતા. ગયા હતા, એક રાત રહ્યા હતા. ડોળીમાં પહેલા વહેલા આવ્યાને જ્યારે (સંવત) ૨૦૧૩માં મુંબઈ. ડોળીમાં ત્યારે ગયા હતા. જોયું હતું. ત્યાં

આહાર કર્યો હતો. આવ્યા હતા માણસ સાંભળવા. બ્રાહ્મણનું મકાન હતું મેડીબંધ. ઓલીકોર જરી. મેડીનો દાદરો છે બહાર. ૧૩ની સાલ. ૧૮ વર્ષ થયા. પહેલા મુંબઈ આવ્યા તે દિ'. પણ અમારે બહુ કાલ જેવું દેખાય ને. આહાહા..! અને ઓલા ધર્મશાળામાં ક્યાંક ભોજન હતું. આપણે આહાર. સાથે હતોને આહાર. ત્યાં ગામમાં તો ક્યાં ઘર હતા? આહાહા..!

એ બધી શરીરની ચેષ્ટાઓ.. આહાહા..! અને શરીરના ધર્મની પ્રવૃત્તિઓ એ હું છું એ મારામાંથી થાય છે. આહાહા..! એણે શરીરને જ આત્મા માન્યો છે કહે છે. એ દયા પાળે છે તો શરીરના સદુપયોગથી પળે છે. શરીરને, જીવને આમ રાખું છું એથી જીવ મરતો નથી તો મેં દયા પાળી છે. એ શરીરની ક્રિયાનો સ્વામી—ધણી થાય છે. એ જડને માને છે પોતાનું. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ! અનાદિ પ્રસિદ્ધ છે.

અનાદિ ભગવાન સ્વયં છું. શરીરના ચિહ્નો તો કૃત્રિમ, ક્ષણિક, જડની દશા (છે). આહાહા..! એમ કહે છે. પોતે ભગવાન તો અનાદિ સિદ્ધ વસ્તુ છે. સ્વયંસિદ્ધ આનંદનો નાથ જ્ઞાનસ્વરૂપનો ભંડાર એને તું આ રીતે માન, ભાઈ! કેમ પોસાય તારા તત્ત્વને? સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :– બહિરાત્માને શરીરાદિ સાથે એકતાબુદ્ધિ–**' શરીરના લિંગો તે હું એવી એકતાબુદ્ધિ છે. '**અભેદ બુદ્ધિ હોવાથી,...**' શરીરના લિંગોની સાથે અને ચેષ્ટા સાથે એકતાબુદ્ધિ હોવાથી '**સ્ત્રી–પુરુષ–નપુંસક ને ત્રિલિંગરૂપ શરીર જે દૃષ્ટિગોચર છે...**' ત્રણ લિંગવાળું શરીર એને દૃષ્ટિમાં આવે છે. ભગવાન તો દૃષ્ટિમાં આવતો નથી. આહાહા..! '**તેને આત્મા માને છે; પરંતુ અન્તરાત્મા માને છે કે, આત્મા તો અનાદિ સંસિદ્ધ...**' સમ્યક્‌સિદ્ધ અનાદિથી વસ્તુ ચિદાનંદ પ્રભુ છે. '**નામાદિ વિકલ્પોથી રહિત છે.**' જોયું! એના નામથી, વિકલ્પથી રહિત છે. નામથી તો રહિત છે પણ નામાદિનો વિકલ્પથી પણ રહિત છે. આહાહા..! મારું આવું ભાષણ, હું એવું વ્યાખ્યાન કરી શકું, સભાને રંજન કરું, એ બધી જડની માન્યતા છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભાષાને ક્યાંક શરીરના અવયવ કીધા છે. ભાષાને. છે ભાષા જુદી પણ એને અવયવ કીધા છે. આવે છે મોક્ષમાર્ગ પ્રકાશકમાં. મોક્ષમાર્ગ પ્રકાશકમાં. ખબર છે. ભાષાને શરીરનો અવયવ કીધો છે ભાઈ! મોક્ષમાર્ગ પ્રકાશક. અવયવો હોયને એમ ભાષાને અવયવ કીધો છે. જડનો છેને અંશે એટલે એમ કહ્યું છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં છે. આહાહા..! તો એ શરીરના અવયવો જે ભાષા એ હું બોલું છું અને એ મારી ભાષા છે અને એ ભાષાથી જગતને રંજન થાય છે. એ બધો મિથ્યાત્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? નહીંતર તો શરીર છે એ ઔદારિક છે (અને આ) ભાષાવર્ગણા છે. એ વાંચ્યું ત્યારે ખ્યાલ હતો. છતાં એને આમ નાખ્યું એણે. ભાષાને શરીરનો અવયવ (કીધો) છે. શરીરનું એક અંગ છે, જડનું એમ. નહિતર ભાષાવર્ગણા છે એ જુદું છે. ઔદારિક આમ છે. છતાં ત્યાં પુદ્‌ગલની અપેક્ષા લઈને.. એ ખબર છે.

'**સ્ત્રી–પુરુષાદિ ત્રિલિંગ એ શરીરના ધર્મ છે,...**' એ શરીરનો ધર્મ નામ શરીરનો સ્વભાવ છે. એ શરીરના અસ્તિત્વમાં, હયાતીમાં ત્રણ લિંગો છે. ભગવાન આત્માની હયાતીમાં એ છે નહિ.

આહાહા..! **'અર્થાત્ પૌદ્‌ગલિક છે.'** એ તો પુદ્‌ગલ છે, આ તો અજીવ છે. એને એમ જ થઈ ગયું. આંખ બહુ સારી હોય મોટી તો કહે હું મોટી આંખવાળો છું. કાન મોટા કુંડળ જેવા હોય તો કહે આવા કાનવાળો હું છું. આહાહા..! કંઠની ધ્વનિ ઘુઘરીની જેમ ઘુઘર વાગે એમ કંઠ બોલતો હોય અંદરથી. કહો, એ કંઠવાળો હું છું. આહાહા..! મધુર ધ્વનિવાળો હું છું. ક્યાંક પત્રમાં બહુ આવે, ફલાણો મધુર ધ્વનિવાળો છે, ફલાણો આવો છે. ફલાણા મુનિ ગીરીશમુનિ આવા છે ધ્વનિવાળા. એવું આવે છે બહુ. ગોંડલ સંઘાડાના છેને એક. બહાર ગયા છે. અરે.. ભગવાન! કોણ ધ્વનિ બાપુ! એ ધ્વનિ જડ છે ને. એ શરીરનો જ એ ભાગ છે. આહાહા..! ભાષાની સ્થિતિમાં... જુઓ એની રમતું ત્યાં જાય. નહિ? સાંભળવામાં ધ્યાન નથી એનું. બધી ચેષ્ટા બહુ ફેર છે જરી. આમાં જાય. સાંભળવામાં ધ્યાન નથી. ઘણી લાઈન ફેર છે. બપોરે આ ચેષ્ઠા પર હતું. ધ્યાન નથી. સમજાણું કાંઈ? આહાહા..!

**'શરીરના ધર્મ છે, અર્થાત્ પૌદ્‌ગલિક છે. તે આત્મસ્વરૂપમાં નથી.'** આહાહા..! એમ થઈ ગયુંને કે આપણે તો સાંભળ્યું છે આ. બે વાર બેસીએ અમથા. કાંઈક કાંઈક કાને પડે તો સાંભળીએ. નહિતર કાંઈ નહિ. આહાહા..! અરે.. ભગવાન! બાપુ મોટો એમાં ફેર છે. આહાહા..! **'અજ્ઞાની જીવને શરીરથી ભિન્ન આત્મ-તત્ત્વની પ્રતીતિ નથી;...'** ભગવાન આત્મા ચૈતન્ય રાગથી, શરીરની ચેષ્ટાથી અને શરીરની ચેષ્ટાના લક્ષે જે વિકલ્પ ઉઠે એ હું નથી. એવી આત્મપ્રતીતિની જેને ખબર નથી. આહાહા..! **'તે સ્ત્રી-પુરુષ-નપુંસકરૂપ ત્રિલિંગાત્મક દશ્યમાન શરીરને જ આત્મા માને છે.'** સ્ત્રી-પુરુષ-નપુંસકરૂપ ત્રિલિંગસ્વરૂપ દશ્યમાન શરીરને જ આત્મા માને છે. આહાહા..! સમજાણું કાંઈ? બહુ સારું સ્પષ્ટ કર્યું છે ભાઈએ. એને લગતી વાત.

**'સમ્યગ્દષ્ટિને વસ્તુસ્વરૂપનું જ્ઞાન છે...'** વસ્તુસ્વરૂપનું જ્ઞાન છે. **'અને શરીરથી ભિન્ન ચૈતન્યરૂપ આત્મ-તત્ત્વની પ્રતીત છે,...'** આહાહા..! ચૈતન્યરૂપ આત્મતત્ત્વ એમ. બોલનારો અને શરીરની ચેષ્ટાવાળો એ નહિ. હું તો ચૈતન્યરૂપ આત્મતત્ત્વ છું. જાણનાર-દેખનાર સ્વરૂપે ભગવાન છે. એ કોઈ રાગરૂપે, શરીરની ચેષ્ટારૂપે છે નહિ. આહાહા..! કેટલું એને જુદું પાડવું પડે, ત્યારે એ મળે. આહાહા..!

**'તેથી તે પોતાના આત્માને તદ્રૂપ જ અનુભવે છે,...'** પોતાનું સ્વરૂપ જ્ઞાન અને આનંદ તેથી તે ચૈતન્ય આત્મતત્ત્વની પ્રતીતિ કરીને તે-રૂપે અનુભવે છે એમ. .. વસ્તુસ્વરૂપ જ્ઞાન છે એમ લીધું પછી ભિન્ન આત્મતત્ત્વની પ્રતીતિ એમ લીધું, પછી તેથી તે પોતાના આત્માસ્વરૂપને અનુભવે એમ ત્રણે લીધું. સમજાણું કાંઈ? ભગવાન આત્મા રાગ અને શરીર અને ભાષાની ચેષ્ટાથી જુદો જાણ્યો, એવી ચૈતન્યરૂપ આત્મતત્ત્વની પ્રતીતિ કરી છે અને પોતાના આત્માને તે રૂપે અનુભવે છે.

**'પણ તેને ત્રિલિંગરૂપ અનુભવતો નથી,...'** ચેષ્ટા એની વાસનાનો અનુભવ એને છે નહિ. **'તેને તો તે અનાદિ સિદ્ધ તથા નિર્વિકલ્પ સમજે છે.'** લ્યો! **'એ રીતે જ્ઞાની અને અજ્ઞાનીની શરીર સંબંધી માન્યતા એકબીજાથી વિપરીત છે.'** ૪૫મું લેશે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ननु यद्यन्तरात्मैवात्मानं प्रतिपद्यते तदा कथं पुमानहं गौरोऽहमित्यादिरूपा तस्य कदाचिद्भेद–भ्रांतिः स्यात् इति वदन्तं प्रत्याह–

जानन्नप्यात्मनस्तत्त्वं विविक्तं भावयन्नपि।
पूर्वविभ्रमसंस्काराद् भ्रान्तिं भूयोपि गच्छति।।४५।।
યદ્યપિ આમ જણાય ને ભિન્નપણે વેદાય,
પૂર્વભ્રાન્તિ-સંસ્કારથી પુનરપિ વિભ્રમ થાય. ૪૫.

टीका :– आत्मनस्तत्त्वं स्वरूपं जानन्नपि। तथा विविक्तं शरीरादिभ्योभिन्नं भावयन्नपि उभयात्रा.. पिशब्दः परस्परमुच्चये। भूयोऽपि पुनरपि। भ्रान्तिं गच्छति। कस्मात्? पूर्वविभ्रमसंस्कारात् पूर्वविभ्रमो बहिरात्मावस्थाभावी शरीरादौ स्वात्मविपर्यासस्तेन जनितः संस्कारो वासना तस्मात्।।४५।।

---

જો અન્તરાત્મા જ આત્માને અનુભવે છે, તો પછી 'હું પુરુષ, હું ગોરો' ઈત્યાદિ અભેદરૂપ ભ્રાન્તિ અને કદાચિત્ કેમ થાય છે? એવું બોલનાર પ્રતિ કહે છે :-

શ્લોક – ૪૫

અન્વયાર્થ :- અન્તરાત્મા (आत्मनः तत्त्वं) પોતાના આત્માનું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ (जानन् अपि) જાણતો હોવા છતાં, (विविक्तं भावयन् अपि) અને તેને શરીરાદિથી ભિન્ન ભાવવા છતાં (पूर्वविभ्रमसंस्कारात्) પૂર્વે એટલે બહિરાત્માવસ્થામાં ઉત્પન્ન થયેલા ભ્રાન્તિના સંસ્કારોને લીધે (भूयः अपि) ફરીથી તે (भ्रान्ति गच्छति) ભ્રાન્તિ પામે છે.

ટીકા :- આત્માનું તત્ત્વ એટલે સ્વરૂપ જાણવા છતાં તથા તેને વિવિક્ત એટલે શરીર-ાદિથી ભિન્ન ભાવતો હોવા છતાં (બંને ઠેકાણે .. શબ્દ પરસ્પર સમુચ્ચયના અર્થમાં છે) ફરીથી પણ-પુનઃ અપિ તે (અન્તરાત્મા) ભ્રાન્તિ પામે છે. શાથી ભ્રાન્તિ પામે છે?) પૂર્વવિભ્રમના સંસ્કારથી-અર્થાત્ પૂર્વવિભ્રમ એટલે બહિરાત્માવસ્થામાં શરીરાદિને વિષે પોતાનો આત્મા માનવારૂપ વિપર્યાસ (વિભ્રમ), તેનાથી થયેલો સંસ્કાર-વાસના, તેને લીધે (તે ફરીથી ભ્રાન્તિ પામે છે.)

ભાવાર્થ :- અન્તરાત્મા આત્મ-તત્ત્વને દેહથી ભિન્ન જાણે છે તથા તેની તેવી ભાવના પણ કરે છે, તેમ છતાં પૂર્વે એટલે બહિરાત્માવસ્થામાં શરીરાદિને આત્મા માનવારૂપ ભ્રાન્તિથી ઉત્પન્ન થયેલા સંસ્કારને લીધે, તેને સમ્યક્ શ્રદ્ધા રહેવા છતાં, ચારિત્રદોષરૂપ ભ્રાન્તિ થાય છે. તે ચારિત્રદોષ કેમ ટાળવો તે હવે પછીના શ્લોકમાં બતાવશે.

આત્મજ્ઞાની પોતાના આત્માનું યથાર્થ સ્વરૂપ જાણે છે અને તેને શરીરાદિ પર દ્રવ્યોથી ભિન્ન પણ અનુભવે છે, છતાં પૂર્વના લાંબા વખતના સંસ્કારોનો સર્વથા અભાવ નહિ હોવાથી તેને કોઈ કોઈ વખતે બાહ્ય પદાર્થોમાં અસ્થિરતાના કારણે ભ્રમ થઈ જાય છે.

**વિશેષ**

**ધર્મીને અસ્થિરતાને લીધે રાગ-દ્વેષ થઈ જાય, પણ શ્રદ્ધા-જ્ઞાનમાં તેને તેનું સ્વામીપણું નથી એકત્વબુદ્ધિ નથી. શ્રદ્ધા જ્ઞાનના બળથી અને ભેદ-જ્ઞાનની ભાવનાથી પૂર્વના સંસ્કારોને નષ્ટ કરવા તે સદા પ્રયત્નશીલ હોયછે. જો તે રાગ-દ્વેષને શ્રદ્ધા જ્ઞાનમાં ભલા માને તો તે ફરીથી બહિરાત્મા મિથ્યાદષ્ટિ થઈ જાય.**

**અવિરત સમ્યગ્દષ્ટિને અંદર જ્ઞાનચેતનાનું પરિણમન છે, છતાં અસ્થિરતાને લીધે રાગ-દ્વેષ થઈ જાય છે, તેથી તેને જ્ઞાનચેતના સાથે કદાચિત્ કર્મચેતના અને કર્મફલ-ચેતનાનો પણ સદ્ભાવ માનવામાં આવ્યો છે, પણ તે કર્મ-ચેતના અને કર્મફલ-ચેતનાનો જ્ઞાતા-દૃષ્ટા રહે છે. વાસ્તવમાં તે બંને ચેતનાઓ જ્ઞાનચેતના જ છે.૧**

**અંતરાત્માને પૂર્વના સંસ્કારોને લીધે નીચેની ભૂમિકામાં ભ્રાન્તિ થાય છે તે મિથ્યાત્વજનિત નથી, પરંતુ અસ્થિરતાજનિત છે; તેથી તેને રાગ-દ્વેષ થવા છતાં તેના સમ્યક્ત્વમાં કાંઈ દોષ આવતો નથી. ૪૫.**

## પોષ વદ ૧૦, બુધવાર તા. ૦૫-૦૨-૧૯૭૫
## શ્લોક-૪૫,
## પ્રવચન - ૫૭

૪૫ ગાથા. '**જો અન્તરાત્મા જ આત્માને અનુભવે છે,...**' અંતરાત્મા એટલે સમ્યગ્દષ્ટિ જીવ. જેને આત્મા અનુભવમાં આવ્યો છે કે આ આત્મા શુદ્ધ છે, ચૈતન્ય છે, આનંદ છે એવો અંતરાત્મા (આત્માને) અનુભવે છે. '**તો હું પુરુષ, હું ગોરો...**' વળી એને એમ કેમ થઈ જાય છે કોઈવાર? કે હું પુરુષ છું, હું ધોળો છું. ગોરો-ગોરો. '**ઈત્યાદિ અભેદરૂપ ભ્રાન્તિ તેને કદાચિત્ કેમ થાય છે?**' એમ પ્રશ્ન કર્યો છે. એનો પોતે ને પોતે ઉત્તર અને પ્રશ્ન કર્યો છે.

**जानन्नप्यात्मनस्तत्त्वं विविक्तं भावयन्नपि।**
**पूर्वविभ्रमसंस्काराद् भ्रान्तिं भूयोपि गच्छति।।४५।।**

બે '**अपि**' નાખ્યા છે. '**जानन् अपि**' અને '**विविक्तं भावयन् अपि**'

૧. જાુઓ-શ્રી પંચાધ્યાયી-ઉત્તરાર્દ્ધ ગુ. આવૃત્તિ-ગાથા-૨૫૦, ૨૭૬, ૪૧૯.

**યદ્યપિ આત્મા જણાય ને ભિન્નપણે વેદાય,**
**પૂર્વભ્રાન્તિ-સંસ્કારથી પુનરપિ વિભ્રમ થાય. ૪૫.**

એનો શ્લોક છે.

'**ટીકા :– આત્માનું તત્ત્વ એટલે સ્વરૂપ જાણવા છતાં...**' આત્મા આનંદ અને શુદ્ધ ચૈતન્ય છે એવું અનુભવમાં આવવા છતાં. અપૂર્વ દર્શન થયું હોય છતાં, એમ કહે છે. નથી થયું એ તો માને છે (કે) હું પુરુષ છું, હું સ્ત્રી છું. એ તો અજ્ઞાન સંસ્કાર છે. કેમકે પુરુષ અને સ્ત્રી તો જડની દશા છે. આ શરીરના અવયવો એ સ્ત્રીના લિંગો અને પુરુષના ચિહ્નો એ તો બધા જડના આકારો અને જડના લક્ષણ છે. આહાહા..! એનાથી આત્મા ભિન્ન છે એ પુરુષસ્વરૂપે નથી, સ્ત્રીસ્વરૂપે પણ નથી. તેમ સ્ત્રી-પુરુષ તરફના વલણવાળો જે વિકાર એ વિકારસ્વરૂપે પણ આત્મા નથી. આહાહા..! એવું આત્માનું પરથી ભિન્નપણું ભાસવા છતાં. એક વાત.

'**તેને વિવિક્ત એટલે શરીરાદિથી ભિન્ન ભાવતો હોવા છતાં...**' જાણવા છતાં અને ભાવતો હોવા છતાં એમ બે વાત કરી. સમજાય છે કાંઈ? ચૈતન્યસ્વભાવ આત્મસ્વરૂપ ચૈતન્યસ્વરૂપ એ તો જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ છે એમ જાણવા છતાં. (એ) અસ્તિ. અને શરીર અને રાગથી ભિન્ન ભાવવા છતાં. શરીર અને રાગથી ભગવાન ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ ભિન્ન ભાવવા છતાં '**(બંને ઠેકાણે अपि શબ્દ પરસ્પર સમુચ્ચયના અર્થમાં છે)...**' એટલે આવું કરવા છતાં. એમ.

'**ફરીથી પણ-પુનઃઅપિ તે (અન્તરાત્મા) ભ્રાન્તિ પામે છે.**' વળી ભ્રમણા થઈ જાય છે એને ભૂલીને. આહાહા..! જ્ઞાનસ્વરૂપ અને પરથી ભિન્ન આનંદસ્વરૂપ એ અસ્તિ. અને રાગ અને શરીરથી ભિન્ન, એનાથી નાસ્તિ. આહાહા..! એવા આત્માના સ્વરૂપને જાણવા છતાં અને ભિન્ન ભાવવા છતાં. એની વાત લીધી. ફરીને એને કેમ થઈ જાય છે? વળી હું પુરુષ છું ને ગોરો છું, હું રૂપાળો છું, મારી શરીરની આકૃતિ બીજા કરતા સુંદર છે એવો કેમ પાછો વળી ભ્રમ થઈ જાય છે? આહાહા..!

'**શાથી (ભ્રાન્તિ પામે છે?) પૂર્વવિભ્રમના સંસ્કારથી-**' એમ. પૂર્વનું અનંત કાળથી શરીર હું, શરીરના વર્ણો અને આકારો તે હું એવી જે અનાદિથી ભાવના ભ્રાંતિની કરેલી એ વળી ભ્રાન્તિમાં આવી જાય. એ પણ ભૂલી જાય છે. ધીરૂભાઈ! બહુ વાતું ઝીણી. ધર્મને સમજ્યો નથી, તો આ શરીરના ચિહ્નો અને શરીરના લિંગો એવું એક અસ્તિત્વ હું છું એમ માને છે. આહાહા..! અજ્ઞાનપણાને લઈને સ્વરૂપના અંતરમાં ભિન્નતાના ભાન વિના અને ભિન્નતા પણ સ્વરૂપના આનંદ સહિતવાળી દશા એ આત્માની છે. એવું ભાન જેને નથી એ તો જે સ્ત્રી-પુરુષના લિંગ તે હું સ્ત્રી છું, હું સ્ત્રી છું ભાઈ! હું તો એક પુરુષ છું. પુરુષના વેશવાળો આકાર એ જ હું છું. એમ અજ્ઞાની, મિથ્યાદૃષ્ટિ ભ્રમમાં ભૂલીને અનાદિથી એમ માને છે. પણ એ માન્યતા એને ચોર્યાસીના અવતારનું કારણ છે. આહાહા..!

પણ કહે છે કે જેને આત્મા ચૈતન્યસ્વરૂપ છે, પરથી ભિન્ન છે એવી ભાવના અને જાણવાપણાનો ભાવ હોવા છતાં કોઈપણ જ્ઞાની પણ એમાં ભ્રાંતિમાં આવી જાય છે. એવું ઝટ દેખાય છે કહે છે. એ ભ્રાન્તિ પૂર્વવિભ્રમના સંસ્કારથી છે. આહાહા..! જે પહેલાં સંસ્કાર હતાને કે હું તો શરીર છું, હું

તો પુરુષ છું. એ તો જડની ક્રિયા છે, આ તો જડની દશા છે. અને એ જડના અવયવો એ ઉપર પોતાનું અસ્તિત્વ માનીને, પોતાનું સ્વરૂપ જે રાગથી (ભિન્ન) અને સ્વભાવથી અભિન્ન અને રાગથી ભિન્ન એની એને ખબર પડતી નથી. આહાહા..! આ શરીર, એની ઈન્દ્રિયો, એના આકારો, તેમાં એની અનાદિથી દૃષ્ટિ હોવાથી એ અજ્ઞાનપણે પોતાના સ્વરૂપને ભૂલી જાય છે. પણ ભાનવાળો કેમ ભૂલે? એમ કહે છે.

ભાન થયું છે કે હું એક આત્મા જ્ઞાનસ્વરૂપી ચૈતન્યની જાત મારી છે. મારી જાતમાં રાગ અને અજીવની જાત છે નહિ. આહાહા..! એવું સ્વરૂપનું ભાન અને પરથી ભિન્નની ભાવના (થઈ છે) એને ફરીને આમ કેમ થાય છે? તે પૂર્વના સંસ્કાર ભાઈ કહ્યા હતા ને? આહાહા..! એટલે એને પાછું એમ થઈ જાય, ભાઈ, અમે પુરુષ છીએ, અમે વીર્યવાન છીએ. સ્ત્રી કહે અમે સ્ત્રી છીએ. અમારું વીર્ય મંદ છે. એવી દશાના સંસ્કાર જે પૂર્વે હતા એ પાછા સ્ફુર્યા, કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- અભિપ્રાયમાંથી તો ભ્રાંતિ ગઈ ને?

ઉત્તર :- અભિપ્રાયમાંથી ગઈ છતાં પાછી આવી એમ કહે છે. આવી ફરીને.

મુમુક્ષુ :- ભ્રાંતિ થાય એના તફાવત..

ઉત્તર :- ના. ના. એ ભ્રાંતિ થઈ. તફાવત અત્યારે કાંઈ નહિ. થઈ ત્યારે જે અનાદિની છે એ. ભલે અંદર ફેર પડ્યો પણ એને ક્યાં ભાન છે (કે) ફેર છે. ભ્રાંતિ થઈ એને એ પાછું થયું કે હું તો સ્ત્રીના વેશના લિંગવાળું આ તત્ત્વ અને આ પુરુષના આકારનું તત્ત્વ એ હું છું. એમ એને અનાદિના સંસ્કાર વળી સ્ફુરી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એ આ સાવચેતી માટે કહે છે. આવું ભ્રાંતિ ફરીને થાય, એ ન થાય માટે આ વાત લીધી છે. આહાહા..! અમે પુરુષ છીએ, અમે સ્ત્રી છીએ. ઓલા પાવૈયા હીજડા (માને કે) અમે નપુંસક છીએ. એવી જે ચેષ્ટામાં જે એને ભાન થઈ જાય છે એને ભાનવાળાને આવી સ્ફુરણા થઈ જાય છે. ભાન ભૂલી જાય છે.

મુમુક્ષુ :- એટલે મિથ્યાદૃષ્ટિ પાછો થઈ જાય છે?

ઉત્તર :- હા.

મુમુક્ષુ :- ચારિત્રની નબળાઈને લઈને?

ઉત્તર :- નહિ. નહિ. મિથ્યા દૃષ્ટિને લઈને. ચારિત્રની નબળાઈમાં તો આસક્તિનો ભાવ આવે, પણ હું આ છું એવો ભાવ એમાં ન આવે. ચારિત્રનો દોષ તો સમકિતીને ક્ષાયિક સમકિતીને હોય. જેને આત્મા ચૈતન્યમૂર્તિ દૃષ્ટિમાં તરવરે છે એને પણ સ્ત્રી સંબંધી, પુરુષ સંબંધીનો રાગ આવે, પણ એ તો નબળાઈનો દોષ છે, એ જાણે છે કે આ તો દોષ છે. એ વિષયની વાસના આવે, પણ એમાં એને દુઃખ લાગે છે. દુઃખ લાગે છે. મીઠાશ ઉડી ગઈ છે એને. આહાહા..! અજ્ઞાનીને વિષયવાસના અને શરીરની સુંદરતાના લક્ષે જે મીઠાશ આવે છે એ મીઠાશ જ્ઞાનીને હોતી નથી. આહાહા..! સમજાણું કાંઈ? બહુ આ તો અંતરના અભિપ્રાય ઉપરની વાતું છે. બહારમાં તો સાધુપણું જે હોય એવી ક્રિયા કરતો હોય. પણ અંતરના અભિપ્રાયમાં સંસ્કાર વળી સ્ફુર્યા હોય, ભૂલી જાય છે. આહાહા..!

આ શ્વેતાંબરમાં બીજી વાત લીધી છે ભગવતીમાં. એમ કે પહેલાં એ અહિંસા ધર્મ માનતો હતો. ભગવતીમાં છે. એ બધી બહારની વાતું છે. આ અંતરની (વાતું છે). અહિંસા એ ધર્મ માનતો હતો એ વળી પાછો હિંસામાં, પરમાં પણ કાંઈક છે એમ માને છે તો દૃષ્ટિ ફરી જાય છે. એમ છે ભગવતીના શરૂઆતમાં. આ જુદી વસ્તુ. સમજાણું કાંઈ?

પોતે આનંદ અને જ્ઞાનસ્વરૂપી છે. એ જ્ઞ સ્વભાવી વસ્તુ છે. સર્વજ્ઞસ્વભાવી છે. પૂર્ણ જ્ઞાનસ્વભાવી વસ્તુ છે, સર્વજ્ઞસ્વભાવી વસ્તુ ભગવાન આત્મા (છે) એવું અંતરમાં ભાન થતાં તેને રાગ અને પર અને અલ્પજ્ઞપણાથી મારી ચીજ ભિન્ન છે. આહાહા..! આ ઝીણી વાત છે, ભાઈ! એ કાંઈ બહારથી મળે એવું નથી. સમજાણું કાંઈ? એ દેવ-ગુરુ-શાસ્ત્રને માનતો હોય, છતાં એ અજ્ઞાન (થવાથી) અજ્ઞાનમાં ભૂલી જાય છે કે આ દેવ-ગુરુ-શાસ્ત્રને માનું છું એ રાગ છે અને રાગના સંસ્કારથી મને લાભ થશે એમ માને છે અજ્ઞાની. ધીરૂભાઈ! માર્ગ બહુ ઝીણો છે. આહાહા..!

મુમુક્ષુ :- વાત વાતમાં ભૂલી ગયો છે?

ઉત્તર :- ભૂલી ગયો. એ બતાવે છે કે ભૂલ મા બાપા તું. આહાહા..! હજી તો (અનાદિથી) ભૂલ્યો છે એ ગયું નથી એની તો વાત શું કરવી કહે છે. પણ ભૂલ ગઈ ને વળી પાછા સંસ્કાર ઉઠ્યા, બફમ થઈ ગયું. આહા..! અમે પુરુષ છીએ, અમે સ્ત્રી છીએ. આહાહા..!

એક રાજાને એની રાણી કહેતી. રાજા રાણીને કાંઈક ઠપકો આપતો હતો. નામ ન આપીએ. ખબર છે અમને. રાજા રાણીને ઠપકો આપતો હતો. તો રાણી કહે છે, દરબાર! અમે ગરાસણીની દીકરીયું છીએ હોં. અમને છંછેડશો નહિ. બહારમાં તો એમ લાગે કે આ તો ઓહોહો..! પતિ-પત્નીને શું છે. અંદરમાં ગોટાળા હોય. કહો, શેઠ! અમે ગરાસણીની દીકરીયું છીએ. ક્ષત્રિયાણી છીએ. અમને એ રીતે તમે પજવશો અને દબાવશો (તો નહિ ચાલે). અમે નાગણીયું છીએ. શેઠ! આહાહા..! અરે.. ભગવાન! તું ક્યાં સ્ત્રી? ક્યાં શરીર? ક્યાં નાગણી? ભાઈ! પણ એને અંદર પાવર આવી જાય. રાજા પણ દબાઈ ગયો અંદર. શું કહેવું કોને આ? ઘરની સ્ત્રી આમ બોલે અંદરમાં. એને મારી નાખવી? કે આ કરવું શું આમાં? બહારથી તો પછી સ્ત્રી જેવો પ્રેમ બતાવે, અંદરમાં પ્રેમ ઊડી ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ?

એમ ધર્મી જીવને... આહાહા..! શરીરની ક્રિયાઓ અને શરીરના આકારો એ બધી ચીજથી જેનું અસ્તિત્વ ઊડી ગયું છે એમાંથી. એમાં હું નથી. હું જ્યાં છું ત્યાં (ઈ નથી). ઓલામાં લીધું ભાઈ અલિંગગ્રહણમાં. દ્રવ્ય-ભાવ વેદરહિત. દ્રવ્ય ભાવ વેદરહિત મારું સ્વરૂપ છે. અલિંગગ્રહણ. ૧૨, ૧૫, ૧૬. ૧૬મી છે. ૧૬મો બોલ છે. દ્રવ્ય ભાવ વેદરહિત મારું સ્વરૂપ છે. દ્રવ્ય ભાવ. આ લિંગો દ્રવ્યના આવા ચિહ્નો અને અંદર વાસના સ્ત્રી-પુરુષની (આવે) એ ભાવવેદ છે. આહાહા..! અલિંગગ્રહણમાં ૨૦ બોલ લીધા છે. પુસ્તક છપાઈ ગયું છે બહાર. ભાઈએ છાપ્યું છે. અમૃતલાલ. અમૃતલાલભાઈએ. અલિંગગ્રહણ. દેહ છુટી ગયોને. વાંકાનેરવાળા નહિ? આપણે મકાન છેને સ્વાધ્યાયમંદિરની પાછળ? એ એણે છપાવ્યું. અલિંગગ્રહણ. ઘણા વખત થયા. (સંવત) ૨૦૧૩માં

તો ગુજરી ગયા નહિ? ૨૦૧૩માં ગુજરી ગયા. ૧૮ વર્ષ થયા. એના પહેલાં છપાવ્યું. એમાં આ બોલ છે.

ભગવાન આત્મા... એક તો એ આવ્યું હતું કે મારું સ્વરૂપ... અનુમાનથી જણાય એવું મારું સ્વરૂપ નથી. આહાહા..! અને બીજાઓ અનુમાનથી મને જાણે એવો હું નથી. તેમ હું અનુમાનથી જાણું એવો હું નથી. આહાહા..! ઇન્દ્રિયથી જણાય એવો હું નથી અને ઇન્દ્રિયથી જાણે તે હું નથી. શું કીધું સમજાણું? ... અને ભાવ ઇન્દ્રિય એટલે એક એક શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શને જાણવાના જ્ઞાનની એક ઉઘાડ દશા, એક એક વિષયને જાણવાનો વિકાસ એ ભાવ ઇન્દ્રિય. આ જડ આકાર છે એ દ્રવ્ય ઇન્દ્રિય. એ દ્રવ્ય ઇન્દ્રિય અને ભાવ ઇન્દ્રિયથી હું જાણું એવો હું નથી. તેમ દ્રવ્ય ઇન્દ્રિય અને ભાવ ઇન્દ્રિયથી જાણે એવો પણ નથી. આહાહા..! આ તો અલૌકિક વાતું છે, ધીરૂભાઈ! આ મારગડા જુદા બાપા! તારી આનંદની કળા અને જ્ઞાનકળા કોઈ જુદી જાત છે. એમાં એણે કોઈ દિ' ધ્યાન આપ્યું નથી. મારો સ્વભાવ અનુમાનથી હું જાણું એવો મારો સ્વભાવ જ નથી. આહાહા..!

ઇન્દ્રિયો અને ભાવ ઇન્દ્રિય ને જડથી જાણું એવો તો હું નથી. આહાહા..! પણ અનુમાનથી જણાય એવો હું નથી અને અનુમાનથી જાણનારો એ હું નહિ. આહાહા..! આ તો ચૈતન્ય બાદશાહની મોટી વાતું છે ભાઈ! એની એને ખબર ન મળે. ઇન્દ્રિય પ્રત્યક્ષનો વિષય એ હું નથી. આ ઇન્દ્રિયો જડ અને ભાવ એનાથી હું જણાઉં એવી એ વસ્તુ નથી. પ્રત્યક્ષ જણાય એવો હું નથી. આહાહા..! અને દ્રવ્ય અને ભાવ જે વેદવું આ જડના આકારો, જડ ઇન્દ્રિયના આકારો શરીરના એ દ્રવ્યવેદપણે હું નથી. તેમ તેમાં વિષયની વાસના જે સ્ત્રીને પુરુષની અને પુરુષને સ્ત્રીની થાય એ ભાવવેદ રહિત હું છું. એનું નામ અલિંગગ્રહણ (છે). એવા લિંગો દ્વારા હું જણાઉં એવો હું નથી. આહાહા..!

ત્યારે છું કેવો હું? મારા સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છું. આહાહા..! સમજાય છે કાંઈ? ૨૦ બોલ છે એમાં આ છઠ્ઠો બોલ છે. આહાહા..! મારું સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન આનંદનો નાથ એવી જે મારી સ્વભાવદશા એનાથી જણાય. જાણું હું અને તે પણ સ્વના આશ્રયે. પરના આશ્રય વિના જણાય એવો હું છું. આહાહા..! સમજાય છે કાંઈ? ભાઈ! આત્મજ્ઞાન એ તો અલૌકિક ચીજ છે. એ કોઈ શાસ્ત્રના જ્ઞાને મળે એવી નથી. આહાહા..!

ત્યાં સુધી તો અંદર આવ્યું કે જ્યાં કેવળજ્ઞાનનો પર્યાય છે જીવને એ પણ એક સદ્‌ભુત વ્યવહાર આત્મા છે. એ નિશ્ચય નહિ. આહાહા..! કેવળજ્ઞાનની એક સમયની પર્યાય જે ત્રણ કાળ ત્રણ લોકને જાણે... આહાહા..! એવી એક સમયની જે દશા એ પૂર્ણ આત્મા નહિ. એ તો વ્યવહાર આત્મા છે. આહાહા..! ઉપચારિક આત્મા છે. એય..! એ ભગવાન આત્મા તો એવી કેવળજ્ઞાનની પર્યાયની અનંત પર્યાયોનો પિંડ પડ્યો છે એ તો. આહાહા..! એવો જે ભગવાન આત્મા શુદ્ધપણે જ્યારે જણાણો, ત્યારે કહે છે કે જેને પરની અપેક્ષા અને આશ્રય છે નહિ એવો જણાણો એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન કહેવામાં આવે છે. એ જાણીને પણ પાછો ભ્રમમાં પડ્યો, એમ કહે છે. છેને?

'**પૂર્વવિભ્રમના સંસ્કારથી–અર્થાત્ પૂર્વવિભ્રમ એટલે બહિરાત્માવસ્થામાં...**' શરીર અને

એના આકારોને, વેદને પોતાનું માન્યું હતું ને. એના સંસ્કાર વળી ફરીને સ્ફૂર્યા કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? '**પોતાનો આત્મા માનવારૂપ વિપર્યાસ (વિભ્રમ), તેનાથી થયેલો સંસ્કાર-વાસના,...**' એ વાસના ભૂતકાળની હતી એ પાછી આવી. એ વાસના ભૂતડી. આહાહા..! ભૂતનાથ ત્રિકાળનાથને ભૂલી ગયો એ. વાસનાએ દેખાવ આપ્યો. હું તો શરીર અને ઇન્દ્રિયોના સંસ્કારવાળો છું. આહાહા..! આવી વિભ્રમદશા અજ્ઞાનીને ભાન થયેલા જીવ પાછા ભ્રમમાં પડે ત્યારે આ દશા થઈ જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! '**તેને લીધે (તે ફરીથી ભ્રાન્તિ પામે છે.)**'

'**ભાવાર્થ :- અન્તરાત્મા આત્મ-તત્ત્વને દેહથી ભિન્ન જાણે છે...**' દેહના જે આકારો છે ઇન્દ્રિયોના એ બધા જડના આકાર છે. એનાથી હું ભિન્ન છું એમ જ્ઞાની જાણે છે. પુરુષનું લિંગ છે માટે મને વિકાર થાય છે એમ એ માનતો નથી. આહાહા..! એ પુરુષનું લિંગ જ હું નથી ને. આહાહા..! એ તો જડ છે. એ તો પુદ્ગલના આકારની ચેષ્ટાઓ બધી છે. એનાથી તો હું ભિન્ન છું. આહાહા..! સમજાણું કાંઈ?

'**તથા તેની તેવી ભાવના પણ કરે છે,...**' વળી અંદરમાં એકાગ્રતા પરથી જુદું પાડીને ધર્માત્મા અંતરાત્મા પોતાને ભાવે છે. '**તેમ છતાં પૂર્વે એટલે બહિરાત્માવસ્થામાં શરીરાદિને આત્મા માનવારૂપ ભ્રાન્તિથી ઉત્પન્ન થયેલા સંસ્કારને લીધે,...**' આહાહા..! સમ્યગ્દર્શનનો પાવર ખસી ગયો. મિથ્યાસંસ્કારની ગંધ આવી અંદરથી. આહાહા..! સમજાણું કાંઈ? એ કોઈ કર્મને લઈને આવી એમ નહિ. પૂર્વે સંસ્કાર એવા કર્યા હતા એને દબાવ્યા હતા. પાછી સ્ફુરિત થઈ, પોતાની જ કલ્પના પાછી સ્ફુરિત થઈ. અરેરે..! એને આત્મા શું ચીજ છે? હું કોણ છું અને ક્યાં છું? એની એણે દરકાર જ કરી નથી. આહાહા..! અને દરકાર કરી નથી માટે એ સંસ્કાર આત્માની દરકાર કરી હોય એને વળી એ સંસ્કાર ઉદ્ભવ આવી જાય. આહાહા..! સમજાણું કાંઈ?

'**તેને સમ્યક્ શ્રદ્ધા રહેવા છતાં,...**' અહીં તો એ કહે છે. '**ચારિત્રદોષરૂપ ભ્રાન્તિ થાય છે.**' એમ નથી અહીં. અહીં તો બેય છે. '**ચારિત્રદોષ કેમ ટાળવો તે હવે પછીના શ્લોકમાં બતાવશે.**' પણ આ ભ્રાંતિમાં આ ચારિત્રદોષની વાત છે નહિ. સમજાણું કાંઈ?

'**આત્મજ્ઞાની પોતાના આત્માનું યથાર્થ સ્વરૂપ જાણે છે અને તેને શરીરાદિ પર દ્રવ્યોથી ભિન્ન પણ અનુભવે છે, છતાં પૂર્વના લાંબા વખતના સંસ્કારોનો સર્વથા અભાવ નહિ હોવાથી...**' એમ પણ નથી. અભાવ તો કર્યો હતો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પૂર્વે એવો અભાવ કર્યો હતો.

ઉત્તર :- કર્યો હતો. ફરીને એ ભ્રાંતિ ઉત્પન્ન થઈ. વાત એમ છે. લખાણમાં ફેર પડે છે. અહીં તો ભ્રાંતિ થઈ છે એમ કહ્યું. સમ્યગ્દષ્ટિને જે ચારિત્રનો દોષ થાય છે એ ભ્રાંતિ નથી.

મુમુક્ષુ :- મૂળમાં એમ લખ્યું છે કે ફરીથી ભ્રાંતિ...

ઉત્તર :- હા, પણ એ પહેલેથી અહીં કહ્યુંને પાછું? ચારિત્રરૂપ ભ્રાંતિ થાય છે. એમ લખ્યુંને ત્યાં

એ. એમ નથી પાઠમાં. ચારિત્ર થાય એ અસ્થિરતાનો દોષ છે, એ ભ્રાંતિનો દોષ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

આનંદસ્વરૂપ ભગવાન જેણે ભગવાનની લહેર લીધી છે અને જેને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો છે.. આહાહા..! એને રાગાદિ ચારિત્રદોષ થાય પણ એને એમાં આનંદ આવતો નથી. એમ છે. આહાહા..! ચારિત્રનો દોષ છે એ જુદી વસ્તુ છે. અહીં તો આચાર્ય તો પોતે '**भूयोऽपि पुनरपि, भ्रान्ति गच्छति**' એમ છે. સંસ્કૃતમાં એમ છે અને ટીકામાં મૂળ પાઠમાં '**पूर्व विभ्रम संस्कारात भ्रांति भूयोऽपि गच्छति**' જરીક ફેર પડી જાય છે. આહાહા..!

એ તો ઘણા કાળના સંસ્કાર પડ્યા છે અંદર, એનો અભાવ એણે કર્યો નથી એટલે ક્ષાયિક કર્યું નથી. એટલે સંસ્કાર છે અંદરમાં. એને ઉપશમ દ્વારા દબાવ્યા છે. આહાહા..! જેમ પાણીમાં મેલ છે એને પાણીના મેલ કાઢીને પાણીનું નીતરેલું પાણી જુદું જાણ્યું હતું. પણ મેલ હજી બેઠો હતો નીચે. સમજાણું કાંઈ? એ મેલ પાછો આવ્યો. પોતાની ભૂલનો હોં. એમ કરીને ચેતાવે છે હોં. ભાઈ! સમ્યજ્ઞાન થવા છતાં સાવધાન રહેજે. એ ચૈતન્યના સ્વભાવનું ભાન છે તેને સાવધાનપણે જાળવજે. વચમાં દખલ ન થઈ જાય. આહાહા..!

અહીં તો કહે છે કે કેવળજ્ઞાનની પર્યાય આગળ સમકિતીની, ક્ષયોપશમની પર્યાય તો અનંતમા ભાગે (છે). હવે એનું પણ એને અભિમાન નથી કે હું આવો છું. એમ છતાં કોઈ ક્ષયોપશમની દશામાં વિશેષ દશા લાવી અને ભૂલ્યો, એને લાગે કે હું તો ઘણો જ્ઞાની થઈ ગયો. આહાહા..! સમજાણું કાંઈ? એ ભ્રાંતિ છે. ઘણું જ્ઞાન ક્યાં? કેવળજ્ઞાન પણ જ્યાં ઘણું નથી, જેની શક્તિના સત્ત્વમાં તો અનંતગણું સત્ત્વ પડ્યું છે. આહા..! એની આગળ કેવળજ્ઞાનની પર્યાય પણ તુચ્છ અને હલકી છે. એને ઠેકાણે ભાન થયું હતું પણ પાછો ઓલો ક્ષયોપશમની જ્ઞાનદશા કાંઈક વધીને એટલે એના ઉપર દૃષ્ટિ ગઈ એની કે હું કાંઈક જ્ઞાનમાં વધ્યો છું. એ અભિમાન થઈ ગયું, ભ્રાન્તિ થઈ ગઈ. આહાહા..! સમજાણું કાંઈ?

અને જેને સમ્યક્ થયું નથી એને એ ક્ષયોપશમની દશાના જાણપણાની ધારણા એમાં એને અધિકપણું લાગે એ પણ ભ્રમ છે. આહાહા..! ભગવાન અનંત ગુણનો ધણી છે. એની પાછળ નવ પૂર્વનું જ્ઞાન એ પણ અલ્પ અને તુચ્છ છે. એવા જ્ઞાનના મદમાં જો આવી ગયો.. આહાહા..! પૂર્વના સંસ્કારથી પાછો પડ્યો. આહાહા..! જેને ચૈતન્યસ્વભાવ અપરિમિત સ્વભાવ, સામાન્ય સ્વભાવ, પૂર્ણ સ્વભાવ, સર્વજ્ઞસ્વભાવ એ સમાન જાતિનો એકરૂપ સ્વભાવ એવું જે વસ્તુનું સત્ત્વ છે એવી જ્ઞાનદશા એને પરથી ભિન્ન પડીને એને થઈ. અને તેના તરફના પરથી ભિન્ન પાડીને વલણમાં રોકાણો એકાગ્રતામાં. વળી કાંઈક જ્ઞાનના ક્ષયોપશમની દશા વિશેષ લાગતા એને એમ થયું કે હું તો વધી ગયો છું. એ પૂર્વની ભ્રાંતિ (થઈ) પાછી. આહાહા..! એમ કહે છે.

આ સંસારના જાણપણામાં કાંઈ માલ નથી હોં! બધા એલ.એલ.બી. અને બી.એના પૂછડા વળગાડ્યા હોય. એય.. નવરંગભાઈ! શું કહેવાય તમારા ડોક્ટરનું? એમ.એ.? સર્જન. આહાહા..!

સર્જ્યું. એણે શું સર્જ્યું? આહાહા..! ત્યાં અંદર જ્ઞાનથી ભરેલો ભગવાન અપરિમિત સ્વભાવ, કેવળજ્ઞાન પણ જેની પાસે વ્યવહાર અને તુચ્છ છે. આહાહા..! ભાઈ! એ વાતું અંતરથી બેસતા એને પરનું અભિમાન ઊડી જાય છે. સમજાણું કાંઈ? એવા ભાન થયા છતાં વળી જો અભિમાન આવ્યું.. આહાહા..! પર્યાયબુદ્ધિ થઈ એમ કહે છે. પૂર્વે પર્યાયબુદ્ધિ હતી અને વળી પાછી આવી. આહાહા..!

'ધર્મીને અસ્થિરતાને લીધે રાગ-દ્વેષ થઈ જાય, પણ શ્રદ્ધા-જ્ઞાનમાં તેને તેનું સ્વામીપણું નથી, એકત્વબુદ્ધિ નથી. '**શ્રદ્ધા જ્ઞાનના બળથી અને ભેદ-જ્ઞાનની ભાવનાથી પૂર્વના સંસ્કારોને નષ્ટ કરવા તે સદા પ્રયત્નશીલ હોય છે. જો તે રાગ-દ્વેષને શ્રદ્ધા જ્ઞાનમાં ભલા માને તો તે ફરીથી બહિરાત્મા મિથ્યાદષ્ટિ થઈ જાય.**' સ્થૂળ વાત લીધી છે. મૂળ તો (બાહ્ય) જ્ઞાન અને રાગથી ભિન્ન અધિક અનુભવ હતો એમાંથી ખસી ગયો. અને પોતાને કાંઈક ક્ષયોપશમની દશા હોય અજ્ઞાનમાં એનું એને બહુમાન લાગ્યું. ભ્રાંતિ થઈ ગઈ પાછી. મારી દશા, મારું સ્વરૂપ તો અપરિમિત છે, જેના શક્તિના સત્ત્વનું માપ જ નથી. કેવળજ્ઞાન પણ જેની પાસે અનંતમા ભાગે દશા છે. આહાહા..! એવું જ્ઞાનનું સત્ત્વ, જ્ઞાનનો સ્વભાવ તે હું છું એમ અનુભવતાં છતાં વળી પૂર્વના સંસ્કારને લઈને ભ્રાંતિ થઈ જશે. આહાહા..! '**બહિરાત્મા મિથ્યાદષ્ટિ થઈ જાય.**'

'**અવિરત સમ્યગ્દષ્ટિને અંદર જ્ઞાનચેતનાનું પરિણમન છે, છતાં અસ્થિરતાને લીધે રાગ-દ્વેષ થઈ જાય છે, તેથી તેને જ્ઞાનચેતના સાથે કદાચિત્ કર્મચેતના અને કર્મફલ-ચેતનાનો પણ સદ્ભાવ માનવામાં આવ્યો છે,...**' એ જુદી વસ્તુ છે. એ અહીં ભ્રાંતિમાં નાખવાની નથી. શું કીધું એ? જ્ઞાનસ્વભાવી વસ્તુ એમાં એકાગ્ર થઈને જ્ઞાનચેતના પ્રગટ કરી છે એવા જીવને પણ રાગ અને રાગનું ફળ એની દશામાં આવે છે. એટલે કે કર્મચેતના અને કર્મફળચેતના પણ જ્ઞાનીને હોય છે. પણ એ તો અસ્થિરતાને કારણે છે.

મુમુક્ષુ :- ભ્રાંતિ નથી.

ઉત્તર :- ભ્રાંતિ નથી. આહાહા..!

આમ તો જ્ઞાનીને એટલે જ્ઞાનચેતના ગણી છે મુખ્યપણે. પંચાસ્તિકાયમાં તો કેવળજ્ઞાનીને જ્ઞાનચેતના ગણી છે પૂર્ણની અપેક્ષાએ. આમ આત્મા પૂર્ણાનંદનો નાથ અતીન્દ્રિય અપરિમિત સ્વભાવથી ભરેલો ભગવાન.. આહાહા..! એનું અંતરમાં જ્યાં બહુમાન અને અધિકપણે પરથી જુદો ભાસ્યો એને વર્તમાન જ્ઞાનની પર્યાયનું માહાત્મ્ય દેખાતું જ નથી. સમજાણું કાંઈ? પણ જો વળી પાછું વર્તમાન જ્ઞાનની પર્યાયનું માન આવી ગયું, ભ્રાંતિ થઈ ગઈ. આવો છે આ ધર્મ. ભારે આકરી વાતું.

જ્ઞાનીને '**કદાચિત્ કર્મચેતના અને કર્મફલ-ચેતનાનો પણ સદ્ભાવ માનવામાં આવ્યો છે, પણ તે કર્મ-ચેતના અને કર્મફલ-ચેતનાનો જ્ઞાતા-દષ્ટા રહે છે.**' આહાહા..! એમ છે કે સ્વભાવ ચૈતન્યનું ભાન હોવા છતાં અને જ્ઞાનસ્વભાવમાં એકાગ્રતાની ચેતના પ્રગટેલી હોવા છતાં એને રાગ અને રાગના ફળનું પરિણમન છે. તો સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ એ કર્મચેતના અને કર્મફળચેતનાનો

જ્ઞાતા-દૃષ્ટા છે. પણ પર્યાયના લક્ષે જુઓ તો રાગનું પરિણમન અને રાગનું દુઃખનું ફળ એ મારામાં છે એમ એ જ્ઞાન જાણે છે. સમજાણું કાંઈ? શું કીધું એ?

મુમુક્ષુ :- બે ભેદ પાડ્યા

ઉત્તર :- આહાહા..! આ તો અલૌકિક પંથના રસ્તા છે. એ રસ્તો જોયો નથી એને તો બહુ આકરું લાગે એવું છે. આહાહા..! અહીં તો કહે છે કે જોયો છે. મારો રસ્તો અંદરમાં જવાની રીતની એને ખબર પડી ગઈ છે. આહાહા..! રાગથી અને શરીરની સંસ્કૃતિ દશા સંસ્કાર બધા એનાથી ભિન્ન પડીને અંતરના માર્ગને જોયો છે. એ જીવને જ્ઞાનચેતના જ મુખ્યપણે હોય છે. પણ પર્યાયને જુઓ તો પર્યાયમાં હજી રાગનું પરિણમન છે અને રાગનું ફળ દુઃખરૂપનું પણ પરિણમન છે. આહાહા..!

મુમુક્ષુ :- વેદન છે.

ઉત્તર :- વેદન પણ છે.

રાગ અને રાગનું ફળ આકુળતા એ જ્ઞાનીને પણ હજી પર્યાયમાં છે. એટલે ધર્મીને પણ જ્ઞાનચેતનાની સાથે રાગમાં જરી અટક્યો છે અને ફળમાં અટક્યો છે એ પણ એને ચેતના છે. આહાહા..! એ કાંઈ ભ્રાંતિ નથી. પણ એ રાગમાં ચેતાતા આકુળતામાં આવતા પોતાની ચીજને ભૂલી ગયો અને હું એકલું રાગનું વેદન અને દુઃખનું વેદન કરનારો જ છું એ ભ્રાંતિ થઈ ગઈ. સમજાણું કાંઈ? આવો ધર્મ ભારે ભાઈ! એ કરતા દેરાસર કરે, પૂજા કરે, ભક્તિ કરે. ધીરૂભાઈ! પાંચ-પચાસ હજાર ખર્ચે, લાખ-બે લાખ. તો સમજાય ખરું. આ કયા ગડિયા માંડ્યા? બાપુ! તારા સ્વરૂપમાં સામર્થ્યની શક્તિઓ અપાર છે. એણે એના સ્વભાવના સામર્થ્યનું માપ જ કોઈ દિ' કર્યું નથી. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે માપમાં—પ્રમાણમાં સ્વભાવને લીધો. છતાં વળી એની પર્યાયમાં દૃષ્ટિ જતાં સ્વભાવની ભ્રાંતિ થઈ ગઈ એને. આવો હું છું... આવો હું છું... ભૂલી ગયો. હું તો આ ક્ષયોપશમની દશા જે ઊઘડી છે એ મારી છે અને એનાથી હું અધિક છું. આહાહા..! કાં એ રાગના વિકલ્પને મારામાં થાય છે માટે હું છું એમ ભ્રાંતિ થઈ ગઈ. આહાહા..! સમજાણું કાંઈ? એ શ્વેતાંબરમાં આવું આવે અહિંસા અને હિંસાની વ્યાખ્યામાં. એમ કે પડે ત્યારે શું થાય છે એને? કે અહિંસા ભૂલી જઈને રાગમાં હિંસા(માં આવ્યો). હિંસામાં લાભ છે, હિંસામાં ધર્મ એમ માને છે. સ્થુળ વાત છે ત્યાં. આ તો અંતરની વાત છે. શ્રદ્ધા બદલી ગઈ.

એ ચૈતન્યના નાથનો ભરોસો હતો. અપરિમિત, મર્યાદા વિનાનું સ્વરૂપ મારું છે, એવી જે શક્તિ, બેહદ, અનહદ એનું જે ભાન હતું, પણ પૂર્વે એ ભાન નહોતું અને એ સંસ્કાર હતા એ સ્ફુર્યા કહે છે. આહાહા..! એનો અર્થ કે પોતે ભૂલ્યો એમ. સમજાણું કાંઈ? આ તો સમાધિની વાત છેને? આત્મા પરથી ભિન્ન પડી અને સમાધિને વેદતો હતો. શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... ઉપશમરસની સમાધિ. આ બાવા કહે એ નહિ હોં! અન્યમતિમાં. આ તો વીતરાગના ઘરની સમાધિ. આહાહા..!

એ આત્મા આનંદસ્વરૂપ એવી દશા પ્રગટ થતાં શાંતિની સમાધિદશા થાય છે. એને અહીંયાં સમાધિ કહે છે અને એ સમાધિથી ભૂલ્યો, વળી હું જ્ઞાનની દશામાં વિશેષ છું, રાગમાં વિશેષ છું એની અધિકતા ભાસી એ અસમાધિમાં આવ્યો પાછો. એમ કહે છે. સમજાણું કાંઈ?

ઓલા એક હતાને નંદલાલજી? ભીંડ. આના મામા. શ્રીચંદ ક્યાં ગયા? જૂનાગઢ ગયા? આ બધી તૈયારી કરવા. ઠીક. એના મામા હતા નંદલાલ, નહિ? આપણે અહીં આવ્યા હતા. એ નંદલાલજી એમ માનતા. સમયસારનો અભ્યાસ કર્યો હતો. એ વાંચે ત્યારે ત્રણ-ચાર જણા ભેગા થાય. અહીંયાં આવ્યા અને આમ માણસ.. તે દિ' હજી તો આ તો ઘણા.. (સંવત) ૧૯૯૮ની સાલની (વાત છે). ૯૮ નહિ ૯૯. ૯૯. ૯૯નો પોષ મહિનો. એ તો અંદર લખાણ (છે) એ યાદ છે. ૯૯ના પોષ મહિનામાં આવ્યા હતા. બહુ ભણેલા. પછી એકવાર એને એવું થઈ ગયું છે કે એકવાર આત્મભાન થયું હોય પછી પડે નહિ. એમ કહેતા એ. એ શ્લોક એવો છે ને એ ઉપરથી. એ તો ભાન થયું એ પડે અને વળી નિગોદમાં ચાલ્યો જાય. સમજાણું કાંઈ? આહાહા..! એ ખેલ ચુક્યો જાતના સ્વભાવનો બેહદનો. આહાહા..! મિથ્યાત્વમાં આવી જાય અને જેવી દશા પહેલી હતી એવીને એવી થઈ જાય. ભલે અંતરમાં ફેર હોય થોડો, પણ બહારમાં તો દશા એવી ને એવી એની દેખાય. આહાહા..!

કીધું, એમ નહિ. ઘણું કાંઈક રહ્યા હતા. આઠ દિ' રહ્યા હતા અને એ વખતે સમયસારનો અભ્યાસ એને હતો. ઓલા હતાને ક્ષુલ્લક? વીરચંદ ભટ્ટારક ક્ષુલ્લક હતા. ક્યું ગામ એ? કારંજા. કારંજામાં વીરચંદ ભટ્ટારક ક્ષુલ્લક હતા. એ આ સમયસાર વાંચેલું ઘણું, પણ એની શ્રદ્ધા નહિ. શ્રદ્ધા વેદાંતની થઈ ગઈ હતી. વેશ ક્ષુલ્લકનો રહેલો. ત્યાં ઉતર્યા હતા ત્યાં, જ્યાં રહેતા હતાને ત્યાં અમે ઉતર્યા હતા. આ વસ્તુ બાપુ અલૌકિક વાતું. એને તો એમ થઈ ગયું કે આ વેદાંતમાં બધું છે. આ સમયસારમાં કાંઈ છે જૈનમાં. શ્રદ્ધા એને જૈનની ઊડી ગઈ હતી. એના આ શિષ્ય હતા. મેં એને પૂછયું પછી એકવાર અહીં કે તમારા ગુરુને કાંઈક વેદાંતની શ્રદ્ધા હતી કે નહિ? તો કહે, એ ક્યાંથી જાણ્યું? સાંભળ્યું હતું.

આ શેઠિયા છેને સરદાર શહેરના? દીપચંદજી શેઠિયા. એ બહુ પૂછતા. ત્યાં જઈ આવ્યા. અને એમાં ઓલો ભણેલો ઘણું અને આ સાધારણ લાગે એટલે શું તમે જાણો? સમયસારની વાતને એમ કરી તરછોડ્યો શેઠિયાને. આ કહે કે ભલે તરછોડે. મહારાજ! હું તો જાણવા આવ્યો છું. પછી કહે, આ બધું આત્મા એક લાગે છે હોં! શેઠિયા કહેવા લાગ્યા. કહે હા. ઓય માર્યા. એક જ આત્મા લાગે છે, બાકી બધું ભ્રમ છે. આ તો મૂળમાં ભૂલવાળા દીપચંદજી શેઠિયા હતા. છેને? એ ત્યાં ગયેલા. અને એને પ્રશ્ન કાંઈક મૂક્યો સમયસારનો. એમાં એણે તર્ક છોડ્યા ઓલાએ. શું તમે જાણો છો સમયસારને? જૈનમાં એક સમયસાર છે બાકી શું છે? એ કહે કે વાંધો નહિ. તારું પેટ લેવું છે અમારે. એમ કહીને પૂછયું કે આ તો બધું થઈને એક આત્મા. બે ને ત્રણ ભેદ એ બધું કાલ્પનિક. એમ છે? ઓલો કહે એમ છે. પણ આ તારું પેટ લે છે. આહાહા..! એ શ્રદ્ધા મિથ્યાત્વ હતી એની.

એના શિષ્ય હતા. નંદલાલજી. ૯૯માં આવ્યા. એ કહે, એકવાર સમ્યક્ થયું એ પછી ફરીને મિથ્યાત્વ થાય નહિ. એ વાતનો વિરોધ છે અહીં. શેઠ! અહીં તો ઘણા-ઘણા માણસો અને ઘણા આવે જાય ને પરિચય માટે. નહિ. બાપુ! આહાહા..! અને મોક્ષમાર્ગ પ્રકાશમાં લખ્યું છે. બધું કહ્યું છે. ગોમ્મટસારમાં. સમ્યગ્દૃષ્ટિ અગિયારમે ગુણસ્થાને ગયેલો હોય એ પણ પડીને મિથ્યાત્વ થઈને નિગોદમાં ચાલ્યો જાય. બટાટા-શક્કરકંદમાં અવતરે. આહાહા..! પાછી દશા એની બહિરાત્મદશા થઈ ગઈ. આહાહા..! સમજાણું કાંઈ?

તીર્થંકરનું સમકિત અપ્રતિહત હોય. એ પડે નહિ કોઈ દિ' નીચે. ચારિત્ર તો અહીં લીધું હોય તો પડે, સ્વર્ગમાં જાય. સમ્યગ્દર્શનની દશા તો એમની અપ્રતિહત હોય છે. આ વિભ્રમ થાય એવું એને ન થાય. ચક્રવર્તીના રાજમાં રહ્યા હોય તીર્થંકર. છન્નું હજાર સ્ત્રીના વિષયમાં રહ્યા હોય, છતાં એને ભ્રમ ન થાય કે આ તે મારું સ્વરૂપ આનંદમાં છે કે આ આમાં (વિષયમાં) આનંદ છે? દુઃખ જ છે, ભાઈ! આહાહા..!

અહીંયાં કહે છે કે એ પરમાં આનંદનો ભાસ થઈ જાય છે. સમજાણું કાંઈ? અરેરે..! આ શું પણ આવી વાત! આ શું કરવું કાંઈ સૂઝ પડતી નથી. ભાઈ! તારી જાતનો સંભાળ એ કરવાનું છે. આહાહા..! એવી ભ્રાંતિ બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ થઈ જાય.

**'અવિરત સમ્યગ્દૃષ્ટિને અંદર જ્ઞાનચેતનાનું પરિણમન છે, છતાં અસ્થિરતાને લીધે રાગ-દ્વેષ થઈ જાય છે, તેથી તેને જ્ઞાનચેતના સાથે કદાચિત્ કર્મચેતના અને કર્મફલ-ચેતનાનો પણ સદ્‌ભાવ માનવામાં આવ્યો છે, પણ તે કર્મ-ચેતના અને કર્મફલ-ચેતનાનો...'** કર્મ છે? કર્મ શબ્દ છે એમાં? આમાં છૂટી ગયો છે. છૂટી ગયો છે. એમાં છે? છૂટી ગયો છે? આમાં પણ છૂટી ગયો. ફેર છે. ત્રીજી લીટી. બીજી લીટી નહિ. બીજી લીટીમાં કર્મચેતના છે. ત્રીજી લીટીમાં નથી. આમાં હશે. અહીંયાં. એ તો આવ્યું. છૂટી ગયું છે. **'ચેતનાનો જ્ઞાતા-દૃષ્ટા રહે છે.'** ધર્મી જીવને રાગ અને રાગના ફળનું વેદન હોય છે, છતાં ધર્મી જીવ તેનો જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવની દૃષ્ટિએ રહે છે અને જ્ઞાનની દૃષ્ટિએ તેનું વેદન મારું છે એમ એ જાણે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ અને આ ધર્મ.

**'અંતરાત્માને પૂર્વના સંસ્કારોને લીધે નીચેની ભૂમિકામાં જે ભ્રાન્તિ થાય છે તે મિથ્યાત્વજનિત નથી, પરંતુ અસ્થિરતાજનિત છે; તેથી તેને રાગ-દ્વેષ થવા છતાં તેના સમ્યક્ત્વમાં કાંઈ દોષ આવતો નથી.'** એમ નથી. આ ભ્રાંતિ છે. હવે એ **'ભ્રાન્તિ પામેલો તે (અન્તરાત્મા) તેને (ભ્રાન્તિને) કેવી રીતે છોડે છે...'** તે વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**भूयो भ्रान्तिं गतोऽसौ कथं तां त्यजेदित्याह–**

**अचेतनमिदं दृश्यमदृश्यं चेतनं ततः।**
**क्व रुष्यामि क्व तुष्यामि मध्यस्थोऽहं भवाम्यतः।।४६।।**

દશ્યમાન આ જડ બધા, ચેતન છે નહિ દષ્ટ;
રોષ કરું ક્યાં? તોષ ક્યાં? ધરું ભાવ મધ્યસ્થ. ૪૬.

टीका :– इदं शरीरादिकं दृश्यमिन्द्रियैः प्रतीयमानं। अचेतनं जडं रोषतोषादिकं कृतं न जानातीत्यर्थः। यच्चेतनमात्मस्वरूपं तददृश्यमिन्द्रियग्राह्यं न भवति। ततः यतो रोषतोषविषयं दृश्यं शरीरादिकमचेतनं चेतनं स्वात्मस्वरूपमदृश्यत्वात्तिद्विषयमेव न भवति ततः क्व रुष्यामि क्व तुष्याम्हं। अतः यतो रोषतोषयोः कश्चिदपि विषयो न घटते अतः मध्यस्थ उदासीनोऽहं भवामि।।४६।।

---

ફરીથી ભ્રાન્તિ પામેલો તે (અન્તરાત્મા) તેને (ભ્રાન્તિને) કેવી રીતે છોડે તે કહે છે :-

શ્લોક – ૪૬

અન્વયાર્થ :- (इदं दृश्यं) આ શરીરાદિ દશ્ય પદાર્થ (अचेतनं) ચેતનારહિત-જડ છે અને જે (चेतनं) ચૈતન્યસ્વરૂપ આત્મા છે તે (अदृश्यं) ઇન્દ્રિયો દ્વારા દેખાય તેવો નથી; (ततः) તેથી (क्व रुष्यामि) હું કોના ઉપર રોષ કરું? અને (क्व तुष्यामि) કોના ઉપર રાજી થાઉં? (अतः अहं मध्यस्थ भवामि) એટલા માટે હું મધ્યસ્થ થાઉં છું-એમ અન્તરાત્મા વિચારે છે.

ટીકા :- આ એટલે શરીરાદિક, જે દશ્ય એટલે ઇન્દ્રિયો દ્વારા દેખાવા યોગ્ય છે-પ્રતીતિમાં આવવા યોગ્ય છે, તે અચેતન-જડ છે; તે કરેલા રોષ-તોષાદિકને જાણતું નથી-એવો અર્થ છે. જે ચેતન-સ્વાત્મસ્વરૂપ છે, તે અદશ્ય છે એટલે ઇન્દ્રિયો દ્વારા ગ્રાહ્ય નથી; તેથી હું કોના ઉપર રોષ કરું? અને કોના ઉપર તોષ કરું? કારણ કે દશ્ય શરીરાદિક અચેતન છે અને ચેતન-આત્મસ્વરૂપ અદશ્ય છે, માટે હું મધ્યસ્થ-ઉદાસીન થાઉં છું, કારણ કે રોષ-તોષનો વિષય કોઈપણ ઘટતો નથી.

ભાવાર્થ :- પૂર્વના ચારિત્ર સંબંધી ભ્રાન્તિરૂપ સંસ્કારો જાગૃત થાય છે ત્યારે અંતરાત્મા સમાધાનરૂપે વિચારે છે કે, ''શરીરાદિક પદાર્થો જે દષ્ટિગોચર છે તે અચેતન છે-જડ છે; તેના ઉપર હું રાગ-દ્વેષ કરું તો તે વ્યર્થ છે. આત્મા જે ચેતન છે. રાગ-દ્વેષભાવને જાણી શકે છે, તે તો અદશ્ય છે-દષ્ટિગોચર નથી, તેથી તે પણ મારા રાગ-દ્વેષનો વિષય બની શકતો નથી; માટે કોઈના ઉપર રાગ-દ્વેષ નહિ કરતાં, સર્વ બાહ્ય પદાર્થોથી ઉદાસીન તઈ મધ્યસ્થ (વીતરાગી) ભાવ ધારણ કરવો યોગ્ય છે, અર્થાત્ પર પ્રત્યે ઉદાસીનતા સેવી, તેના કેવળ જ્ઞાતા-દ્રષ્ટા રહી, આત્મતત્ત્વને જ જ્ઞાનનો વિષય બનાવવો અને તેમાં જ સ્થિર થવું તે ઉચિત છે.''

જ્ઞાનીને અલ્પ રાગ-દ્વેષ થાય પણ ભેદ-જ્ઞાનના બળે તે ઉપર પ્રમાણે અંદર સમાધાન કરી પોતાના જ્ઞાનના વિષયને તરુત પલટી નાખે છે અને જ્ઞાનાનંદસ્વરૂપને જ જ્ઞાનનો વિષય બનાવે છે. તેની વારંવાર ભાવના ભાવતાં રાગ-દ્વેષની વૃત્તિ સ્વયં ક્રમે ક્રમે ટળી જાય છે. ૪૬.

## પોષ વદ ૧૧, ગુરુવાર તા. ૦૬-૦૨-૧૯૭૫
## શ્લોક-૪૬-૪૭,
## પ્રવચન – ૫૮

સમાધિતંત્ર. શ્લોક-૪૬. '**ફરીથી ભ્રાન્તિ પામેલો તે (અન્તરાત્મા) તેને (ભ્રાન્તિને) કેવી રીતે છોડે તે કહે છે :–**' માથે છે. '**भूयो भ्रान्तिं गतोऽसौ**'

**अचेतनमिदं दृश्यमदृश्यं चेतनं ततः।**
**क्व रुष्यामि क्व तुष्यामि मध्यस्थोऽहं भवाम्यतः।।४६।।**

**દશ્યમાન આ જડ બધા, ચેતન છે નહિ દષ્ટ;**
**રોષ કરું ક્યાં? તોષ ક્યાં? ધરું ભાવ મધ્યસ્થ. ૪૬.**

'**ટીકા :– આ એટલે શરીરાદિક, જે દશ્ય એટલે ઈન્દ્રિયો દ્વારા દેખાવા યોગ્ય છે-પ્રતીતિમાં આવવા યોગ્ય છે, તે અચેતન...**' છે. આ શરીર, આ બીજા બધામાં જે કાંઈ દેખવામાં આવે એ તો જડ છે. '**તે કરેલા રોષ-તોષાદિકને જાણતું નથી–**' શરીરાદિક જડ પદાર્થ રોષ-તોષને જાણતું નથી. રોષ કરું કે સંતોષ એ તો એને ખબર નથી. આહાહા..! કોનાથી રોષ કરવો અને કોનાથી સંતોષ કરવો? એટલે કે રાગ-દ્વેષ કાંઈક. એવો અર્થ છે.

'**જે ચેતન-સ્વાત્મસ્વરૂપ છે, તે અદશ્ય છે...**' એ ભગવાન આત્મા તો અદશ્ય નામ ઈન્દ્રિયથી ગ્રાહ્ય નથી. ઈન્દ્રિયથી ગ્રાહ્ય તો આ જડાદિ દેખાય છે એ બધા અચેતન છે. '**તેથી હું કોના ઉપર રોષ કરું?**' એટલે દ્વેષ '**અને કોના ઉપર તોષ કરું?**' એટલે સંતોષ. '**કારણ કે દશ્ય શરીરાદિક અચેતન છે અને ચેતન-આત્મસ્વરૂપ અદશ્ય છે, માટે હું મધ્યસ્થ-ઉદાસીન થાઉં છું,...**' પરપદાર્થના પ્રત્યે પ્રેમ કે અપ્રેમ હું કરતો નથી. કેમકે પરપદાર્થ જડાદિ કાંઈ જાણતા નથી અને જાણનારો જે હું છું એ ઈન્દ્રિય દ્વારા દેખાતો નથી. બીજાના આત્મા છે એ પણ ઈન્દ્રિય દ્વારા દેખાતા નથી. કોના ઉપર રાગ-દ્વેષ કરું એમ કહે છે. આહાહા..! હું તો જ્ઞાતા-દૃષ્ટા છું. જાણનાર-દેખનાર હું છું. એમાં હું સંતોષથી રહું એમ ધર્માત્મા વિચારે છે. સમજાણું કાંઈ? આવું જગતથી ઊંધુ ભારે આ બધું.

જે કાંઈ કરવું પડે આખો દિ' એ તો, કહે છે કે કાંઈ કરાય નહિ. એ તો ઈન્દ્રિયગ્રાહ્ય ચીજ છે, એ તો જડ છે. અને જે જણાય નહિ એવો આત્મા ચેતન છે એ ઈન્દ્રિયથી દેખાતો નથી પરનો અને મારો, એમ. હું તો જાણનાર મારા સ્વભાવથી જાણું. તો જે સ્વભાવ એના ઉપર પણ રાગ-દ્વેષ શું? અચેતન ઉપર પણ શું કરવું? મધ્યસ્થસ્થાનથી સમાધિ નામ આનંદમાં રહું એ મારું સ્વરૂપ છે. એમ કહે છે.

ગમે તે પ્રસંગ હો, પણ હું તો જાણનાર-દેખનારને જાણનારો છું. માટે હું સંતોષથી રહું. આહાહા..! હું કોઈને મદદ કરી શકું એવો નથી. તેમ પરને હું નુકસાન કરી શકું એવો હું નથી. એમ મને નુકશાન કરનાર પરચીજ છે એ નથી. આહાહા..! મને કોઈ સહાય કરી શકે પરદ્રવ્ય એવી કોઈ ચીજ નથી. આહાહા..! તો કોના ઉપર રાગ-દ્વેષ કરું? એટલે કે હું તો મધ્યસ્થ જ્ઞાતા-દૃષ્ટા તરીકે રહું એ મારું સ્વરૂપ છે. કહો, ધંધા કરવા કે આ કરવું? એને શું કરવું છે અત્યારે? એ તો કહે છે ને ધંધા જે તું કહે છો એ તો જડ છે. એને તો કરી શકતો નથી. અને એ રોષ, તોષને જડ જાણતા નથી. તારા રાગ-દ્વેષને એ કાંઈ જાણતા નથી. આહાહા..! અને જાણનારો ચૈતન્ય ભગવાન ઇન્દ્રિયથી ગ્રાહ્ય નથી તો એને—બીજાના આત્માને પણ હું ઇન્દ્રિયગ્રાહ્ય નથી તો એના ઉપર રાગ-દ્વેષ શું કરવાનો?

છે શબ્દ? '**मध्यस्थोऽहं**' મધ્યસ્થ. એટલે કે જાણનાર-દેખનાર હું છું. બાકી કોઈ ચીજ છે નહિ. '**માટે હું મધ્યસ્થ-ઉદાસીન થાઉં છું, કારણ કે રોષ-તોષનો વિષય કોઈપણ ઘટતો નથી.**' પર જડ છે એ રોષ-તોષનો વિષય નથી. ચૈતન્ય ઇન્દ્રિયગ્રાહ્ય નથી (તેથી) એ પણ કાંઈ રાગ-દ્વેષનો વિષય નથી. આહાહા..! એવી વાત છે.

'**ભાવાર્થ :- પૂર્વના ચારિત્ર સંબંધી ભ્રાન્તિરૂપ સંસ્કારો જાગૃત થાય છે...**' એવું એણે લીધું. '**ત્યારે અંતરાત્મા સમાધાનરૂપે વિચારે છે કે, શરીરાદિક પદાર્થો જે દૃષ્ટિગોચર છે તે અચેતન છે-જડ છે;...**' પૈસો, સ્ત્રીનું શરીર, મકાન, આબરુ એ તો બધા જડ છે. ઇન્દ્રિયનો વિષય છે. '**તેના ઉપર હું રાગ-દ્વેષ કરું...**' પોતે તો જડ છે. કેમકે અચેતન ઉપર રાગ-દ્વેષ કરવો એનું શું કારણ? એમ કરીને હું તો અચેતનની દશાનો જાણનાર-દેખનાર છું. હું મધ્યસ્થ છું. એટલે કે હું વીતરાગભાવે રહેનારો છું એમ કહે છે. આહા..! સમજાણું કાંઈ?

'**આત્મા જે ચેતન છે, રાગ-દ્વેષભાવને જાણી શકે છે, તે તો અદૃશ્ય છે-દૃષ્ટિગોચર નથી, તેથી તે પણ મારા રાગ-દ્વેષનો વિષય બની શકતો નથી;...**' આહાહા..! ભ્રમજાળ જગતની, એમાંને એમાં જિંદગી જાય. કહે છે કે એ જડને જોઈને તું અનુકૂળ અને પ્રતિકૂળતાનો ભાવ કર પણ એ જડને તો કાંઈ ખબર નથી. તો કહે છે, તારા રાગ-દ્વેષના ભાવ તો મફત જાય છે. નુકસાન ખાતે જાય છે. આહાહા..! '**પર પ્રત્યે ઉદાસીનતા સેવી, તેના કેવળ જ્ઞાતા-દૃષ્ટા રહી,...**' વાત એ છે. '**આત્મતત્ત્વને જ જ્ઞાનનો વિષય બનાવવો...**' ઇન્દ્રિયનો વિષય નથી એટલે જ્ઞાનનો વિષય બનાવવો એમ કહે છે. અંતરમાં જ્ઞાનનો વિષય આત્મા ચૈતન્યને બનાવવો એટલે કે જ્ઞાનની પર્યાયને જ્ઞાતા એવું જે ધ્યેય, એનો વિષય કરીને ધ્યાન કરવું. આહાહા..! આ તો મુનિ છેને એટલે ઉત્કૃષ્ટ વાત કરે છેને. '**અને તેમાં સ્થિર થવું તે ઉચિત છે.**'

'**જ્ઞાનીને અલ્પ રાગ-દ્વેષ થાય પણ ભેદ-જ્ઞાનના બળે તે ઉપર પ્રમાણે અંદર સમાધાન કરી પોતાના જ્ઞાનના વિષયને...**' એટલે કે હું એક જ્ઞાનનો જ વિષય છું. વર્તમાન જ્ઞાનની દશાનો હું વિષય છું. રાગ-દ્વેષનો હું વિષય નથી. તેમ પર ઉપર રાગ-દ્વેષ કરવા એ વિષય નથી. આહાહા..! આ માર્ગ વીતરાગનો એવો છે. વીતરાગતા બતાવે છે. કોઈપણ પ્રસંગમાં પરચીજને જોતાં

અનુકૂળ-પ્રતિકૂળતાનો સવાલ જ ક્યાં છે? કહે છે. એમ કહે છે. એ ચીજ તો જ્ઞેય તરીકે જાણવામાં આવે છે. અને હું જે છું એ તો ઇન્દ્રિયગ્રાહ્ય નથી. હું તો મારા જ્ઞાનનો વિષય (છું). આહાહા..! હું મને જાણું એ જ્ઞાનની દશાથી જાણું, એટલે એમાં પણ રાગ-દ્વેષ કરવાનો અવસર રહેતો નથી. અને પર જે ઇન્દ્રિયગ્રાહ્ય ચીજ છે એ તો જડ છે. એના ઉપર રાગ-દ્વેષ કરવાનું કારણ શું? અને તું રાગ કર, પ્રીતિ કર, પણ એ તો જાણતા નથી કે મારા ઉપર આ પ્રીતિ કરે છે. શરીરને ખબર છે?

મુમુક્ષુ :- છોકરાઓ તો જાણે છેને કે આ પ્રીતિ કરે છે.

ઉત્તર :- છોકરા પણ જાણતા નથી. છોકરા તો એના શરીરની અનુકૂળતા દેખીને ઓલા બોલાવે.. એ તો જડનો વિષય છે એનો. એમાં એ માને છે કે મારા ઉપર આને પ્રેમ છે. એ તો કલ્પના કરી છે. આહાહા..! કહો, પોપટભાઈ! આવું બધું ગૃહસ્થાશ્રમમાં કરવું. આહાહા..!

મૂળ મુદ્દો તો એમ કહે છે કે હું જે આત્મા છું એ તો મારી જ્ઞાનદશા વડે જણાઉં એવો હું છું. આહાહા..! અને બીજી ચીજ છે એ તો ઇન્દ્રિયગ્રાહ્ય છે. એ મારા જ્ઞાનનો વિષય નથી એ ચીજ. સમજાણું કાંઈ? તો પર પ્રત્યે રાગ-દ્વેષ કરવાની શું વસ્તુ? આહાહા..! અને પોતે જ્ઞાનનો વિષય છે ત્યાં તો રાગ-દ્વેષ છે નહિ એટલે પોતામાં પણ રાગ-દ્વેષ કરવાનું રહેતું નથી. આહાહા..! આ સમાધિનો અધિકાર છે.

પરને જાણતા અનુકૂળ-પ્રતિકૂળતાનો ભાવ કરવો એથી કરીને ચીજ તો જાણતી નથી કે આ મારા ઉપર આ પ્રેમ કરે છે, દ્વેષ કરે છે. તારો રાગ અને દ્વેષ દુઃખદાયક તને થશે. આહાહા..! અને તારા ઉપર રાગ-દ્વેષ થતો નથી. કેમકે તું રાગનો વિષય નથી. જ્ઞાનની પર્યાયનો વિષય છે એને જાણતાં વીતરાગતા થાય. મધ્યસ્થ થઈ જાય છે. રાગ-દ્વેષના બે ભાગલા ન પાડતા.. આહાહા..! આ એની  ધાર્મિક ક્રિયા છે.

**'પોતાના જ્ઞાનના વિષયને તુરત પલટી નાખે છે...'** જોયું! બહારનો વિષય બનાવીને તો રાગ-દ્વેષ થાય અને તે પણ એ તો જડ છે સામે. આહાહા..! સ્ત્રીનું શરીર, પુત્ર, દીકરા, લક્ષ્મી એ તો બધા જડ છે. એનો આત્મા ઇન્દ્રિયગ્રાહ્ય નથી અને ગ્રાહ્ય જડ છે એ તો જડ છે. હવે કોના ઉપર તું પ્રેમ કરીશ? એ પ્રેમને જાણતો તો નથી. ઠીક ન હોય તો  દ્વેષ કર. તો દ્વેષને એ કાંઈ જાણતા નથી. તારો રાગ અને દ્વેષ તો અનર્થને માટે થશે. સમજાણું કાંઈ?

**'અને જ્ઞાનાનંદસ્વરૂપને જ જ્ઞાનનો વિષય બનાવે છે.'** આહાહા..! હું એક ચૈતન્ય નિર્વિકલ્પ આનંદકંદ બ્રહ્મ છું. એવી જ્ઞાનની દશામાં તેનો વિષય એટલે ધ્યેય બનાવી અને તેમાં રહે છે. એ તો વીતરાગતા થઈ. આવી વાત છે. ધર્મીને એવી વાત હોય, સમ્યગ્દષ્ટિને એમ હોય. સમજાણું કાંઈ? **'જ્ઞાનાનંદસ્વરૂપને જ જ્ઞાનનો વિષય બનાવે છે.'** પોતાની જે જ્ઞાનદશા છે તેને પોતાનું પૂર્ણ સ્વરૂપ છે તેને ધ્યેય બનાવે છે એટલે તેને વીતરાગતા પ્રગટ થાય છે. ભારે આવું. કરવું શું એની સૂઝ પડતી નથી કહે. કહો, શાંતિભાઈ! ઝવેરાતમાં તો કેટલી.. આમ લીધું ને આમ દીધું. બે લાખ પેદા થાય. શાંતિભાઈની છાપ મોટી છે ત્યાં મુંબઈ હોં! આ (આત્મા) શાંતિનાથ છે પોતે. આહાહા..!

રાગ અને દ્વેષ આસ્રવ અનર્થકારક છે. એ મારું સ્વરૂપ નથી. કેટલાક તો કહે છેને કે ભાઈ આપણે રાગ કરો, પરંપરાએ એનાથી લાભ થશે. એનો અર્થ શું? કહે છે. એ બાર અનુપ્રેક્ષામાં ભાઈ આવે છે. એ રાગ છે એ અનર્થનું મૂળ છે. કુંદકુંદાચાર્યની બાર અનુપ્રેક્ષા છેને? દ્વાદશાંગ અનુપ્રેક્ષા. આસ્રવ છે એ અનર્થનું મૂળ છે. જ્ઞાનીને પણ. એમ ત્યાં તો આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- કોઈને કોઈ અપેક્ષાએ લાભદાયક નથી.

ઉત્તર :- જરીએ લાભ નહિ. પરંપરાએ નુકસાનકર્તા છે એમ કહ્યું. એવો પાઠ છે. રાગનો ભાવ દયા, દાન, ભક્તિ, પૂજા વિકલ્પ છે. પરંપરા ધર્મ થશે એમ નહિ. પરંપરા એ તો અનર્થનું મૂળ (છે).

મુમુક્ષુ :- એમાં તો એમ પણ લખ્યું છે કે સંવર-નિર્જરાને આશ્રયે ધર્મ છે.

ઉત્તર :- જરા પણ નથી. આહાહા..! પર્યાયના આશ્રયે ક્યાંથી ધર્મ થાય? જગતને કાંઈક વ્યવહાર કરતાં કરતાં થાય અને પૈસાવાળાને પૈસાના દાન દેવાથી થાય. શરીરના બળિયાને અપવાસથી થાય. મનના બળિયાને જાણપણામાં, પરનું જાણપણું કરીને રહે એમાં થાય. એમ નહિ. આહાહા..! ભાઈ! તું તો જ્ઞાનનો વિષય છોને, ત્યાં જાને. આહા..! તું જ્ઞાનમાં જણાય એવો તું છો. એમાં જાને. આહાહા..! તને ત્યાં શાંતિ થશે. જ્ઞાનના વિષયને પોતાનો બનાવતાં આનંદ થશે. આહાહા..! અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવશે. આહાહા..! પર તરફ જતાં ચાહે તો વ્રત ને ભક્તિ ને પૂજા ને એમાં રાગ થાય એ તો નુકસાનનું કારણ છે.

‘**જ્ઞાનનો વિષય બનાવે છે. તેની વારંવાર ભાવના ભાવતાં...**’ એટલે કે પોતે જ્ઞાનમાં પોતાને ધ્યાનમાં લઈને. ધ્યાન વિષય કુરુ. એવો શબ્દ છે. અધ્યાત્મ તરંગિણી છે ને? અધ્યાત્મ તરંગિણી. આવા શબ્દ પડ્યા છે એમાં બે-ચાર ઠેકાણે. ધ્યાન વિષય કુરુ... ધ્યાન વિષય કુરુ.. એટલે કે જ્ઞાનમાં વિષય આત્માને બનાવ. ધ્યાનનો વિષય એને બનાવ. તારી એકાગ્રતા એમાં કર. આહાહા..! દુનિયાના માન મળે, મોટપ મળે, ખુશી-ખુશી આમ થઈ જાય. તાળીયું પાડે. આહાહા..! અરે..! એમાં તને શું? આહાહા..! તું તને વિષય બનાવીને આનંદ ન આવે અને પરનો વિષય બનાવીને તું રાગ-દ્વેષ કર એ તો દુઃખદાયક છે. આહાહા..! સમજાણું કાંઈ? સમાધિશતક છેને?

આત્માનું સ્વરૂપ પોતામાં જ્ઞાનમાં લઈને તેને વારંવાર તેના તરફમાં એકાગ્રતા કરીને ‘**રાગ-દ્વેષની વૃત્તિ સ્વયં ક્રમે ક્રમે ટળી જાય છે.**’ અને સ્વરૂપની શાંતિ વધતી જાય છે. આહાહા..! ભારે આકરું.

---

**इदानी मूढात्मनो..न्तरात्मनश्च त्यागोपादानविषयं प्रदर्शयन्नाह–**

**त्यागादाने बहिर्मूढः करोत्यध्यात्ममात्मवित्।**
**नानन्तर्बहिरुपादानं न त्यागो निष्ठितात्मनः।।४७।।**

મૂઢ બહિર્ ત્યાગે-ગ્રહે, જ્ઞાની અંતરમાંય;
નિષ્ઠિતાત્મને ગ્રહણ કે ત્યાગ ન અંતર્બાહ્ય. ૪૭.

टीका :– मूढो बहिरात्मा त्यागोपादाने करोति। क्व? बहिर्बाह्ये हि वस्तुनि द्वेषेदयादभिलाषाभाव–न्मूढात्मा त्यागं करोति रागोदयात्तत्राभिलाषोत्पत्तेरुपादानमिति। आत्मवित् अन्तरात्मा पुनरध्यात्मनि स्वात्मरूप एव त्यागोपादाने करोति। तत्र हि त्यागोरागद्वेषादेरन्तर्जलल्पलवविकपलल्हपादेर्वा। स्वीकारश्चिदानन्दादेः। यस्तु निष्ठितात्मा कृतकृत्यात्मा तस्य अन्तर्बहिर्वा नोपादानं तथा न त्यागोऽन्तर्बहिर्वा।।४७।।

---

હવે બહિરાત્મા અને અન્તરાત્માના ત્યાગગ્રહણના વિષયને સ્પષ્ટ કરતાં કહે છે :-

શ્લોક - ૪૭

અન્વયાર્થ :- (मूढः) મૂર્ખ બહિરાત્મા (बहिः) બાહ્ય પદાર્થોનો (त्यागादाने करोति) ત્યાગ અને ગ્રહણ કરે છે, (आत्मवित्) આત્માના સ્વરૂપને જાણનાર અન્તરાત્મા (अध्यात्मं त्यागादानी ज्ञकररोश्रतति) અંતરંગ રાગ-દ્વેષનો ત્યાગ અને સમ્યક્‌રત્નત્રયરૂપ આત્મસ્વરૂપનું ગ્રહણ કરતે છે, પરંતુ (निष्ठितात्मनः) શુદ્ધત્વરૂપમાં સ્થિ આત્માને (अन्तः बहिः) અંતરંગ અને બહિરંગ કોઈપણ પદાર્થનો (न त्यागः) ન તો ત્યાગ હોય છે અને (न उपादानं) ન તો ગ્રહણ હોય છે.

ટીકા :- મૂઢ બહિરાત્મા ત્યાગ-ગ્રહણ કરે છે, શામાં (કરે છે)? બહારમાં એટલે બાહ્ય વસ્તુમાં; દ્વેષના ઉદયને લીધે અભિલાષાના અભાવના કારણે મૂઢાત્મા (બહિરાત્મા) તેનો (બાહ્ય વસ્તુનો) ત્યાગ કરે છે અને રાગનો ઉદય થતાં તેની અભિલાષાની ઉત્પત્તિના કારણે તેનું (બાહ્ય વસ્તુનું) ગ્રહણ કરે છે; પરંતુ આત્મવિદ્ એટલે અન્તરાત્મા આત્મામાં જ અર્થાત્ આત્મસ્વરૂપ વિશે જ ત્યાગ ગ્રહણ કરે છે. ત્યાં ત્યાગ તો રાગ-દ્વેષાદિનો કે અન્તર્જલ્પરૂપ વિકલ્પાદિનો અને સ્વીકાર (ગ્રહણ) ચિદાનંદાદિનો હોય છે.

જે નિષ્ઠિતાત્મા અર્થાત્ કૃતકૃત્ય આત્મા છે તેને અન્તરમાં કે બાહ્યમાં (કાંઈ) ગ્રહણ નથી તથા અંતરમાં કે બાહ્યમાં (કાંઈ) ત્યાગ નથી.

ભાવાર્થ :- બહિરાત્મા, જે પદાર્થ ઈષ્ટ લાગે છે તેને ગ્રહણ કરવા ઈચ્છે છે અને જે પદાર્થ અનિષ્ટલાગે છે તેનો ત્યાગ કરવા ઈચ્છે છે. વાસ્તવમાં૧ કોઈ જ્ઞાની કે અજ્ઞાની બાહ્ય પદાર્થોના ગ્રહણ-ત્યાગ કરી શકતો જ નથી, છતાં બહિરાત્મા તેના ગ્રહણ-ત્યાગ કરવાનું માને છે, એ તેની મૂઢતા છે.

અંતરાત્મા આત્મસ્વરૂપમાં જ ગ્રહણ-ત્યાગ કરતે છે, અર્થાત્ તે બાહ્ય પદાર્થોથી ચિત્તવૃત્તિ હઠાવી સ્વસન્મુખ થઈ પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપનું ગ્રહણ કરે છે; તેમ કરતાં રાગ-દ્વેષાદિનો કે વિકલ્પાદિનો સ્વયં ત્યાગ થઈ જાય છે. રાગાદિની અનુત્પત્તિ તે જ ત્યાગ છે.

શુદ્ધસ્વરૂપમાં સ્થિત આત્મા (નિષ્ઠિતાત્મા) કૃતકૃત્ય હોવાથી તેને બાહ્ય યા અંતરંગ કોઈ પણ વિષયમાં ગ્રહણ-ત્યાગની પ્રવૃત્તિ હોતી નથી. તે તો પોતાના ચિદાનન્દસ્વરૂપમાં સદા સ્થિર રહે છે.

**વિશેષ**

બહિરાત્માને અંદરના ચૈતન્ય-તત્ત્વનું જ્ઞાન નથી. તેને સ્વ-પરનું ભેદજ્ઞાન નથી; જે બાહ્ય પદાર્થો દેખે છે તેની સાથે એકતાબુદ્ધિ કરે છે. તેમાં ઇષ્ટ-અનિષ્ટની કલ્પના કરી રાગ-દ્વેષભાવથી તેનાં ગ્રહણ-ત્યાગ કરવા ઝંખે છે, પરંતુ બાહ્ય પદાર્થોનાં ગ્રહણ-ત્યાગ તેને આધીન નથી. તે પદાર્થો તો પોતાના કારણે આવે છે અને જાય છે. ઊંધી માન્યતાને લીધે તેનાં બાહ્ય ગ્રહણ-ત્યાગ રાગ-દ્વેષગર્ભિત છે. તેના અભિપ્રાયમાં આત્મસ્વભાવનો ત્યાગ અને વિભાવ તથા પરભાવોનું ગ્રહણ છે.

અંતરાત્માને અભિપ્રાયમાં-માન્યતામાં પર પદાર્થોનાં ગ્રહણ-ત્યાગ જ નથી. અસ્થિરતાને લીધે થોડી રાગ-દ્વેષની વૃત્તિ ઊઠે, પણ તેને તેની સાથે એકતા નથી-સ્વામીપણું નથી. આ વૃત્તિ પણ, આત્મસ્વરૂપનું ગ્રહણ થતાં-તેમાં સ્થિર થતાં, સ્વયં શમી જાય છે-નષ્ટ થાય છે. ૪૭.

# શ્લોક-૪૭ ઉપર પ્રવચન

'હવે બહિરાત્મા અને અન્તરાત્માના ત્યાગગ્રહણના વિષયને સ્પષ્ટ કરતાં કહે છે :-' ૪૭.

त्यागादाने बहिर्मूढः करोत्यध्यात्ममात्मवित्।
नानन्तर्बहिरुपादानं न त्यागो निष्ठितात्मनः।।४७।।

'**ટીકા :- મૂઢ બહિરાત્મા ત્યાગ-ગ્રહણ કરે છે, શામાં** (કરે છે)? **બહારમાં એટલે બાહ્ય વસ્તુમાં; દ્વેષના ઉદયને લીધે અભિલાષના અભાવના કારણે મૂઢાત્મા** (બહિરાત્મા) **તેનો** (**બાહ્ય વસ્તુનો**) **ત્યાગ કરે છે...**' લ્યો, એ શું કહે છે? દ્વેષનું કારણ છે. આ સ્ત્રી, કુટુંબ, પરિવાર, ધંધો છોડ એ દ્વેષ છે કહે છે. છોડવું ક્યાં છે? એ તો નથી તારામાં એમાં છોડવું ક્યાંથી આવ્યું તારે? સમજાણું કાંઈ? આત્મામાં ત્યાગઉપાદાનશૂન્યત્વશક્તિ એક છે. પરને ગ્રહવું અને પરને છોડવું એનાથી તો રહિત આત્મા છે. આહાહા..! આ અજ્ઞાનીને ભ્રાંતિ છે કે મેં આ બધી સ્ત્રી છોડી, કુટુંબ છોડ્યું, દુકાન છોડ્યા. શું છોડે? હતું ક્યાં તે એને ગ્રહણ કર્યું હતું તો છોડે? અજ્ઞાની બહારના ત્યાગ અને ગ્રહણમાં મૂઢ થઈને રોકાય છે. આહાહા..! છે? '**બાહ્ય વસ્તુમાં દ્વેષના ઉદયને લીધે...**' એ દ્વેષ છે કહે છે. આહાહા..! બાયડી છોડું, કુટુંબ છોડું, ધંધો છોડું. કહે છેને કેટલાક અત્યારે? કંચન અને કામિની, કુટુંબ એના ઉપર દ્વેષ કરવો. ઓહો..!

મુમુક્ષુ :- એના ઉપર એવી ખારાશ કરવી કે એના ઉપર લક્ષ ન જાય.

ઉત્તર :- એનો અર્થ શું થયો? એ તો દ્વેષ કર્યો. આહાહા..! પરથી ચીજ તો જ્ઞાનની પરજ્ઞેય તરીકે ચીજ છે. એમાં જ્ઞેય તરીકે ચીજને એ રીતે ન માનતા આ છોડી દઉં, આને છોડી દઉં. ઝીણી વાત નાખી. પરને છોડવું... છે?

**'બહારમાં એટલે બાહ્ય વસ્તુમાં; દ્વેષના ઉદયને લીધે...'** આહાહા..! **'द्वेषेदयादभिलाषाभावा'** **'અભિલાષના અભાવના કારણે મૂઢાત્મા તેનો ત્યાગ કરે છે અને રાગનો ઉદય થતાં તેની અભિલાષાની ઉત્પત્તિના કારણે તેનું ગ્રહણ કરે છે;...'** આ લઉં... આ લઉં... આહાહા..! પરને ગ્રહવાનો ભાવ એ રાગ અને પરને છોડવાનો ભાવ એ દ્વેષ. સ્વરૂપચંદભાઈ! આવી વાતું સાંભળવી બહુ કઠણ. આહાહા..! કેમકે આત્મામાં પરવસ્તુના ત્યાગ-ગ્રહણની શક્તિ જ નથી. ત્યાગ-ગ્રહણનો અભાવ આત્મામાં છે. આહાહા..! એવો તો એનો સ્વભાવ છે. પરવસ્તુના ત્યાગ-ગ્રહણથી શૂન્ય છે. એમ (હોવા) છતાં હું પરને છોડું. સ્વભાવની દૃષ્ટિના અનુભવમાં રાગ ઘટતો જાય તેમ પરવસ્તુનો સંબંધ છૂટે. પણ સંબંધ ન છોડતા એ વસ્તુને જ છોડી દઉં, એ દ્વેષ છે કહે છે. શેઠ! ઝીણી વાત છે આ. આહાહા..!

મુમુક્ષુ :- ....

ઉત્તર :- કોને છોડે? છૂટેલી ચીજ પડી છે એને છોડે કેવી રીતે ધીરૂભાઈ!

**'રાગનો ઉદય થતાં તેની અભિલાષાની ઉત્પત્તિના કારણે...'** રાગને ગ્રહે છે. આહાહા..! આચાર્યે બહુ સૂક્ષ્મ વાત કરી. **'પરંતુ આત્મવિદ્...'** પણ ધર્માત્મા સમ્યગ્જ્ઞાની એટલે **'અન્તરાત્મા આત્મામાં જ અર્થાત્ આત્મસ્વરૂપ વિશે જ ત્યાગ ગ્રહણ કરે છે.'** એટલે સ્વરૂપને ગ્રહવું અને રાગને છોડવું, બસ એટલું. પરની સાથે કાંઈ સંબંધ નથી. રાગને છોડું એ વ્યવહાર છે. સ્વને ગ્રહતા રાગ છૂટી જાય છે એનું નામ છોડવું એમ કહેવાય છે. ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવી એને પકડતાં રાગ થતો નથી. એને રાગ ગ્રહતો નથી એમ કહેવામાં આવે છે અથવા રાગને છોડે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

૩૪મી ગાથામાં તો એમ આવ્યું છેને કે રાગનો નાશકર્તા પણ આત્મા નથી. આવ્યું છે? સમયસાર-૩૪. રાગનો નાશ કર્તા કહેવો એ નામમાત્ર છે. પરમાર્થે રાગના નાશનો કર્તા આત્મા નથી. આહાહા..! ફક્ત ભગવાન આત્મા આનંદસ્વરૂપ અને શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ થતાં એનું વેદન થતાં એને રાગ તેટલો ઉત્પન્ન થતો નથી એને એ રાગનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. આહાહા..! ભારે માર્ગ ભાઈ ઝીણો. આ તો માણસને બસ, આમ વ્રત પાળો, ભક્તિ કરો, તપસ્યા કરો. એ તો ક્લેશ છે કહે છે. રાગની ક્રિયા એ તો ક્લેશ છે. આહાહા..!

અહીંયાં તો કહે છે, જેને રાગનો ઉદય થતાં અભિલાષની ઉત્પત્તિ થાય છે. કાંઈક લઉં એમ. એને બાહ્ય વસ્તુ ગ્રહણ કરે છે. **'પરંતુ આત્મવિદ્ એટલે અન્તરાત્મા આત્મામાં જ અર્થાત્ આત્મસ્વરૂપ વિષે જ ત્યાગ ગ્રહણ કરે છે. ત્યાં ત્યાગ તો રાગ-દ્વેષાદિનો કે અન્તર્જલ્પરૂપ**

**વિકલ્પાદિનો...**' લ્યો, એય..! વ્યવહાર. આહાહા..! ચૈતન્યસ્વરૂપ વીતરાગમૂર્તિ આત્મા એને દૃષ્ટિમાં અને સ્થિરતા કરતા રાગ-દ્વેષની ઉત્પત્તિ થતી નથી તેને ત્યાગે છે એમ કહેવામાં આવે છે. અને સ્વરૂપની શુદ્ધતાને, ધ્રુવને ગ્રહે છે, એકાગ્ર થાય માટે ગ્રહે છે એમ કહેવામાં આવે છે. આવું બધું સમજે ક્યારે?

'**ત્યાગ તો રાગ-દ્વેષાદિનો...**' કષાયનો ત્યાગ થાય છે અને '**અન્તર્જલ્પરૂપ વિકલ્પાદિનો...**' ત્યાગ થાય છે. ક્યારે? '**સ્વીકાર ચિદાનંદાદિનો હોય છે.**' ત્યારે. આહાહા..! ચિદાનંદ સ્વરૂપ પોતે ચિદાનંદ, જ્ઞાનાનંદ એ હું એમ સ્વરૂપને ગ્રહતાં રાગનો ત્યાગ અને દ્વેષનો ત્યાગ (થાય અર્થાત્ એ) ઉત્પન્ન થતો નથી માટે ત્યાગ કર્યો એમ કહેવામાં આવે છે. આવી વાત! સમજાણું કાંઈ? સમાધિશતકની શૈલી જરી ઝીણી છે. અજ્ઞાની બાહ્યનો ત્યાગ અને બાહ્યનું ગ્રહણ (માને છે). કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રનો ત્યાગ કરું છું અને સુદેવ-સુગુરુ-સુશાસ્ત્રને ગ્રહણ કરું છું. એ મિથ્યાબુદ્ધિ છે. સમજાણું કાંઈ? સુદેવ, સુગુરુ, સુશાસ્ત્ર એ પણ એક તો જ્ઞાનમાં જ્ઞેય છે. એ કાંઈ ગ્રહણ કરવાલાયક છે એવું છે નહિ. આહાહા..! અને કુગુરુ, કુદેવ, કુશાસ્ત્ર એ જ્ઞાનમાં જ્ઞેય છે. એને છોડવાલાયક છે એ તો દ્વેષ છે. આહાહા..! એવી ઝીણી વાત છે આ હોં સમાધિશતકની. આહાહા..! એને તૈયારી ઘણી કરવી પડશે.

ભગવાન આનંદસ્વરૂપ ચિદાનંદના સ્વભાવની સન્મુખ થતાં, ગ્રહતાં એ સ્વરૂપમાં એકાગ્ર થાય છે તે ગ્રહે છે એમ કહેવાય છે અને તે કાળે તે રાગ-દ્વેષ ઉત્પન્ન થતા નથી તેથી તે છોડે છે એમ કહેવામાં આવે છે. પરને ગ્રહે છે અને છોડે છે એ વસ્તુમાં નથી. આવે છેને રસત્યાગ કરવો? નથી આવતું? પણ એનો અર્થ શું? રસ આ છોડું, સ્ત્રી છોડવી, કુટુંબ છોડવું, આ છોડવું એનો અર્થ શું? એ તો વિકલ્પમાં જ્યારે એને ગ્રહવાનો ભાવ હતો ત્યારે એને ગ્રહતો હતો એમ કહેવામાં આવે છે. પણ એ તો મિથ્યાત્વભાવ છે. સ્વપદાર્થને છોડીને પરપદાર્થને ગ્રહવાનો ભાવ એ મિથ્યાત્વ છે. અને સ્વપદાર્થની એકાગ્રતા છોડીને (માને કે પર) પદાર્થને છોડું છું એ પણ મિથ્યાભાવ છે.

આ લોકો છેને આ સાધુપણું લેવા માટે મુંડાવો, સાધુ થાવ. સ્ત્રી, કુટુંબ, પરિવાર ઉપર એવો દ્વેષ કરો, એવી ખારપ લાવો કે એની ભાવના ન થાય કોઈ દિ'. ખારપ લાવો. એ તો બિચારા જ્ઞેય છે તારા, એમાં તારે શું છે? આ સાધુ કરાવે છેને બધાને જુઓને. આઠ-આઠ વર્ષના, દસ-દસ વર્ષના મુંડાવે. અમારે મનસુખ કહેતો હતો મનસુખ. એના ફઈના દીકરાનો દીકરો છેને દશ વર્ષનો. એણે દીક્ષા લીધીને ત્યાં અમદાવાદ. કાંઈ ભાન નથી કહે. પણ એક શીખવી રાખ્યું એને. ભાઈ! પણ તું દીક્ષા લે છો પણ તને કાંઈ ખબર છે? નહિ. મારે તો દીક્ષા લેવી છે. બસ એક વાત છે. ઓલે ભરમાવ્યો હોયને સાધુએ. એના ફઈના દીકરાનો દીકરો. મારે તો દીક્ષા લેવી છે.. દીક્ષા લેવી છે.. બસ! એક જ વાત કરે. કાંઈ બીજું આવડે નહિ. દશ વર્ષની ઉંમર. પણ ભાઈ! આ તું હેરાન થઈશ. આ બધું પાછળથી તુંબડા પાણીના ખેંચાવશે. સાધારણ માણસ કોઈ બુદ્ધિ વિનાનો હોય ને પાણી લઈ આવો અને ધોવો. શું કહેવાય? કાંપ. એવા કરે. આહાહા..!

પછી લીધી દશ વર્ષની નાની ઉંમરમાં. અમદાવાદમાં. એ છોકરો આવે છેને આપણે .. એના

મામાનો દીકરો. ગોંડલ. બસ! એને કહે, મનસુખ કહે, અમે ગયા, અમે સમજાવ્યું. ઘણું સમજાવ્યું. એક જ વાત કરે કે મારે તો દીક્ષા લેવી. મારે તો દીક્ષા લેવી. પણ દીક્ષા એટલે શું? એ સાધુએ જ એવી રીતે ભરમાવ્યા હોય. આહાહા..! સાધુ પોતે જ મિથ્યાદષ્ટિ છે. સાધુ ક્યાં હતા એ? સમજાણું કાંઈ? રાગની ક્રિયાને ધર્મ માને, પરનો ત્યાગ-ગ્રહણ કરવું એ આત્માનો અધિકાર છે એમ માને. પરનો ત્યાગ અને પરનું ગ્રહણ કરવું એ આત્માનો અધિકાર એમ માને એ બધા મિથ્યાદષ્ટિ છે. આહાહા..! ચેતનજી! આહાહા..!

મુમુક્ષુ :- સ્વચ્છંદી બની જાય.

ઉત્તર :- સ્વચ્છંદનો અર્થ શું? સ્વચ્છંદનો અર્થ સ્વતંત્રતામાં આત્મામાં આવવું એનું નામ સ્વચ્છંદ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- સ્વચ્છંદ એવો અર્થ છે હોં. આત્મા આનંદમૂર્તિ પ્રભુ સચ્ચિદાનંદ એમાં અંતર જાવું એને અહીંયાં સ્વચ્છંદ અને સ્વતંત્ર કહે છે. આહાહા..!

એક ઠેકાણે એવું આવે છે એમ કે સ્ત્રીઓનો ત્યાગ કરું એ તો દ્વેષ છે. આપણે આવે છે હોં ક્યાંક સ્તવનમાં. એ તો જ્ઞેય છે. જ્ઞાનમાં જ્ઞેય છે એને છોડવું એનો અર્થ શું? જ્ઞાનમાં જ્ઞેય એ તો જાણવા લાયક છે. તો જાણવા લાયક છોડવું છે?

મુમુક્ષુ :- એના ઉપરથી લક્ષ છોડવું.

ઉત્તર :- પણ એ તો લક્ષ છોડવું (એટલે) એ તો એના તરફથી લક્ષ છોડીને અહીં લક્ષ કરવું. પણ આને છોડું એ વસ્તુમાં ક્યાં છે પણ? કારણ કે જ્ઞાન તો પરવસ્તુને પર તરીકે જ્ઞેય તરીકે જાણે છે. હવે જ્ઞેય તરીકે જાણે એટલો નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. એને ઠેકાણે આને છોડું એવો સંબંધ કહે, મિથ્યાભ્રમ છે. એ અહીં સિદ્ધ કરે છે. ચંદુભાઈ! આહાહા..!

હું એક આત્મા જ્ઞાનસ્વરૂપ પ્રભુ અને જગતની ચીજ દષ્ટાનું દશ્ય, જ્ઞાતાનું જ્ઞેય, બસ! આ સિવાય ઉપરાંત કરવા જાય તો દષ્ટિ વિપરીત થઈ જશે. સમજાણું કાંઈ? આહાહા..! સ્ત્રીને છોડો, છોકરાને છોડો, ધંધા છોડો, છોડવું શું પણ? એ તો જ્ઞાનનું જ્ઞેય છે. જ્ઞેય છે એને છોડવું છે? તો તો જ્ઞેયનું જ્ઞાન થશે જ. સમજાણું કાંઈ? એ જ્ઞેયનું જ્ઞાન તો સ્વપરપ્રકાશક પોતાનો સ્વભાવ છે એથી જ્ઞેયનું જ્ઞાન અને તારું જ્ઞાન તો થશે જ. આહાહા..! એ નાખ્યું છે હોં! ક્યાંક આવે છે.

**'રાગ-દ્વેષાદિનો કે અંતર્જલ્પરૂપ વિકલ્પાદિનો અને સ્વીકાર ચિદાનંદાદિનો હોય છે.'** આહાહા..! સમ્યગ્દષ્ટિ જીવને અંતર્જલ્પ નામ વિકલ્પાદિ અને એના નિમિત્તો બાહ્ય, એ બાહ્યનો ત્યાગ નહિ. અંતર્જલ્પનો ત્યાગ કહેવામાં આવે છે. પછી બાહ્યનો ત્યાગ તો અસદ્ભુત વ્યવહારનયે કહેવામાં આવે છે. આહાહા..! અસદ્ભુત જૂઠી વ્યવહારનયથી કહેવામાં આવે છે. એને ઠેકાણે હું છોડું જ આને. (ઈ) દ્વેષ છે, કહે છે. રાગ-દ્વેષની વ્યાખ્યા છે એવી. આહાહા..! એમાં સત્યને સ્થાપન કરવું, સત્ય આવું છે, વસ્તુ આવી છે, એ પણ એક રાગનો ભાગ છે. એ તો આવે છે. ૧૪૩-૧૪૪.

સમયસાર.

એકલો જ્ઞાનસ્વરૂપ છે એને તો વાણી અને બધું એ તો જ્ઞેય છે. એને ઠેકાણે, જ્ઞેયને ઠેકાણે એમ માનવું કે હું આ વાતને સ્થાપું, આ આમ છે.. આ આમ છે.. એ પણ રાગનો ભાગ છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જૈન ધર્મ સાચો છે એમ કહેવું એ પણ રાગ છે.

ઉત્તર :- જૈન ધર્મ સાચો. વિકલ્પ છેને એટલો.

મુમુક્ષુ :- એ પણ રાગ છે?

ઉત્તર :- રાગ છે. એ તો વૃત્તિનું ઉત્થાન છે. બીજા ધર્મ ખોટા છે ઉત્થાપન એ પણ એક દ્વેષનો અંશ છે. એવો (દ્વેષનો અંશ) હોય ખરો જ્ઞાનીને, પણ એમાં એકત્વબુદ્ધિ ન હોય. આહાહા..! ઝીણી વાત છે. આ ૪૩માં લીધું છે. ૧૪૩માં, નહિ? અર્થમાં લીધું છે. જ્ઞાનીને પરનો ભાવ થાય, રાગ આવે પણ એ પોતે જ્ઞાતા-દૃષ્ટા જાળવીને એવો રાગ આવે. આ તો એકલો રાગ. સારી વસ્તુને ગ્રહું, ખોટીને છોડું.

પદ્મનંદીમાં તો એવું આવે છે. ધર્મી છે (એ) એવો દેશ હોય એને છોડી દે. આવે છે ભાઈ! દેશને છોડી દઉં એમ આવે છે. પદ્મનંદી પંચવિંશતિમાં. આપણે વ્યાખ્યાન વાંચ્યા. જે સ્થાનમાં સંગ ખોટો હોય અને સારો સંગ નથી એને છોડી દે. એવું આવે છે. એનું લક્ષ છોડવું એટલે છોડી દઉં એમ આવે.

મુમુક્ષુ :- એના ઉપર લક્ષ છોડવું.

ઉત્તર :- હા. છોડવું એમ આવે છે. દેશ છોડવું એવું આવે છે હોં ત્યાં. હમણાં આવ્યું હતું. ખ્યાલ પણ હતો. શબ્દકોષમાં પણ આવ્યું. આ શબ્દકોષમાં નાખ્યું છે બહુ. એનો પક્ષ જરી વ્યવહારપક્ષ છે. આહાહા..! વ્યવહારથી આ છોડવું, ફલાણું આ કરવું, આ કરવું, બાહ્યના ત્યાગમાં પણ કાંઈક અંશ છે નિશ્ચયનો. ધૂળેય નથી. એને યાદ છે હોં. સમ્મેદશિખર, (સંવત) ૨૦૧૩ની સાલ. ખબર છે? વ્યવહારનયમાં પણ કાંઈક અંશ છે નિશ્ચયનો. કહ્યું જરા પણ નથી. આહાહા..! પરાશ્રય વૃત્તિ ઉઠે એ રાગમાં વળી નિશ્ચય અંશ કેવો? આહાહા..!

મુમુક્ષુ :- એ રાગમાં અશુભનો અભાવ થાય છે માટે.

ઉત્તર :- એ તો સ્વભાવ તરફ ઢળતાં જરી વિકલ્પ આવે કે હું આમ ઢળું, પણ એ વિકલ્પનો આશ્રય છોડીને ઢળે ત્યારે યથાર્થ કહેવાય છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે બહુ. વીતરાગમાર્ગ... આત્મામાં જવું અને બહારથી લક્ષ છોડવું, લક્ષ છોડવું. વસ્તુ છોડવી અને ગ્રહવી એ વસ્તુમાં છે નહિ. નવરંગભાઈ! બહુ ઝીણું. એ તો આવું અહીં ચાલે. શહેરમાં તો (એમ લાગે કે) આ શું માંડી છે? અને એક તો જાણે ઝોલા ખાતા હોય કેટલાક તો. આહાહા..! આ શું કહે છે?

કહે છે કે અંતર્જલ્પ વિકલ્પાદિ અને રાગ-દ્વેષ એનો ત્યાગ જ્ઞાનીને હોય છે. અંતર સ્વભાવમાં દૃષ્ટિ કરતાં અને સ્વભાવમાં સ્થિર થતાં એ પ્રકારના રાગનો ત્યાગ હોય છે. અને એ વખતે સ્વરૂપનો સ્વીકાર એ પ્રકારનો હોય છે. સ્વરૂપનો સ્વીકાર. '**ચિદાનંદાદિનો હોય છે.**' ચિદાનંદ ભગવાન

આત્મા. આત્મા તો જ્ઞાનાનંદ સ્વરૂપ છે. એ કોઈ દયા, દાન, વ્રતના વિકલ્પ રાગ એ સ્વરૂપે આત્મા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મહારાજ! એમાં આદિ શબ્દ શું લે છે?

ઉત્તર :- ચિદાનંદ આદિ આ શાંતિ, અંદર શાંતિ-શાંતિ. આનંદ અને શાંતિની સ્થિરતા છે ને? છેને? સ્વરૂપને ગ્રહતાં અનંતા ગુણને ગ્રહે છે અને તેથી અનંતા ગુણનો અંશ નિર્મળ થાય છે. આહાહા..! એક તો જાણે કર્મથી વિકાર થાય એના મોટા વાંધા અને બહારનો ત્યાગ કરું દ્વેષથી એ મોટો વાંધો. આહાહા..!

અહીં તો આચાર્ય એ કહેવા માગે છે કે ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાનસ્વરૂપમાં ક્યા જ્ઞેયને છોડે? અને ક્યા જ્ઞેયને ગ્રહે? આહાહા..! તો જે જ્ઞેય પરવસ્તુ છે એને હું ગ્રહું અને છોડું એ ભાવ મિથ્યાત્વ છે. આહાહા..! સમજાણું કાંઈ? એવી માર્ગની દશા છે. સમજાણું?

**'જે નિષ્ઠિતાત્મા અર્થાત્ કૃતકૃત્ય આત્મા છે તેને અન્તરમાં કે બાહ્યમાં (કાંઈ) ગ્રહણ નથી તથા અંતરમાં કે બાહ્યમાં (કાંઈ) ત્યાગ નથી.'** પૂર્ણ જ્યાં થઈ ગયું કેવળજ્ઞાન એને તો રાગને છોડવું કે સ્વરૂપને ગ્રહવું એ તો છે નહિ. સાધક જીવને માટે આ છે. આહાહા..! અહીં તો હજી પરની દયા પાળવી એવો જે ભાવ એ તો રાગ છે. એ રાગ પરની દયા પાળી શકતો નથી. છતાં હું પાળું છું એવી માન્યતા તે મિથ્યાત્વ માન્યતા છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ લખ્યું છેને એમાં અહિંસા. નહોતું આવ્યું હમણાં છાપામાં કે સત્ય શ્રદ્ધામાં અહિંસા છે. સત્ય બોલું એમાં અસત્યની હિંસાનો ત્યાગ છે. એટલી અહિંસા છે એમાં. ખોટી વાત છે. એ સત્યને બોલું એવો જે વિકલ્પ છે એ જ હિંસા છે. સમજાણું કાંઈ? એ આવ્યું હતું નહિ છાપામાં? એમ કે પંચ મહાવ્રતના સ્વરૂપમાં અહિંસા છે. કઈ રીતે? કે પરને મારવાનો ભાવ જેટલો છોડ્યો એટલો અહિંસાભાવ આવ્યો. જૂઠી વાત છે. પરને મારવાનો ભાવ છોડું એ પણ એક વિકલ્પ છે. પાંચ મહાવ્રતના વિકલ્પ લીધા છે બંધ અધિકારમાં. જેમ હિંસા, જૂઠું, ચોરી, વિષય અને પરિગ્રહ એમ પાંચ ભાવ પાપ છે. એમ એ પંચ મહાવ્રતના પરિણામ આ હિંસા છોડું છું, .. છોડું છું એ પણ વિકલ્પ ને રાગ છે. સમયસારમાં આવે છે બંધ અધિકાર. પંડિતજી! બંધ અધિકારમાં આવે છે. કોને ખબર છે? એવા પાંચ મહાવ્રતના ભાવ હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, પરિગ્રહ એ પાપભાવ છે એવા અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનો ભાવ એ પાંચ પુણ્યભાવ છે, બંધનું કારણ છે. આહાહા..! બંધ અધિકારમાં આવે છે. આવે છે કાંતિભાઈ? ચંદુભાઈ! ક્યાં? બંધ અધિકારમાં. આહાહા..!

જેમ હિંસા કરી શકતો નથી પરની પણ હિંસા કરવાનો ભાવ એ બંધનું કારણ છે. એમ પરને ન મારવાનો ભાવ દયા એ પણ બંધનું કારણ છે. અસત્ય બોલું એવો જે ભાવ એ પણ બંધનું કારણ છે. એમ સત્ય બોલું એવો જે ભાવ.. આહાહા..! એ પણ બંધનું કારણ છે. જાદવજીભાઈ! આ તો માર્ગ બાપા!

મુમુક્ષુ :- જે કરવાનું હોય એ બતાવો.

ઉત્તર :- આ કરવાનું કીધું ને આ. સ્વ તરફની દૃષ્ટિ કરવી. પર તરફનું લક્ષ છોડીને સ્વની દૃષ્ટિ કરવી. આ એના માટે તો આ માંડી છે બધી. આહાહા..! ઓલું કરે તો કાંઈક કર્યું કહેવાય એમ કહે. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. ભગવાન તો એ પાંચેયને પુણ્યના ભાવ બંધના કારણ કહે છે. આહાહા..! અહિંસા પરમો ધર્મ એ નહિ. આહાહા..! અહિંસા પરમો ધર્મ તો એને પરમાત્મા કહે કે હિંસા અને દયા બેયનો ભાવ ન થાય અને આત્માની અરાગી દશા ઉત્પન્ન થાય એને અહિંસા પરમો ધર્મ કહે છે.

જેવા પાંચ અવ્રતના ભાવ હિંસા, જૂઠું, ચોરી, વિષય-મૈથુન અને અપરિગ્રહ એ પાંચ ભાવ એ પાપ છે અને બંધનું કારણ છે, એમ હિંસાનો ત્યાગ એવો જે વિકલ્પ એ પણ બંધનું જ કારણ છે. એમ સત્ય બોલવાનો વિકલ્પ એ પણ બંધનું જ કારણ છે. એમ ચોરીના ત્યાગનો વિકલ્પ એ બંધનું જ કારણ છે. એમ અબ્રહ્મને છોડવાનો વિકલ્પ, બ્રહ્મચર્ય પાળું એવો ભાવ... આહાહા..! એ વિકલ્પ છે. પાંચેય બંધનું કારણ છે. અરે..! આવો વીતરાગમાર્ગ ક્યાં એને મળે? ભાઈ!

મુમુક્ષુ :- પુણ્ય આસ્રવમાં લીધું છે.

ઉત્તર :- પુણ્ય આસ્રવમાં લીધું છે. પુણ્ય આસ્રવ છે. પંચ મહાવ્રતના પરિણામ કીધું ને? પુણ્યાસ્રવ છે, ધર્મ નહિ. આહાહા..! અજ્ઞાનીઓએ એને ધર્મ મનાવી જોડી દીધા બધાને. આહાહા..!

અહીં કહે છે, ધર્મીને તો અંતરના વિકલ્પનો ત્યાગ થઈ જાય છે અને ચિદાનંદ સ્વરૂપનો અનુભવ થાય, સ્વીકાર થઈ જાય છે. બસ! આ ગ્રહણ-ત્યાગ છે. અજ્ઞાનીને બાહ્યનો આ ત્યાગ કરું અને આને હું ગ્રહણ કરું. ખોટાં કુદેવ, કુગુરુને છોડું, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ગ્રહું. પ્રેમચંદભાઈ! ભારે આકરી વાતું. એ બેય પરના ગ્રહણ-ત્યાગનો ભાવ બેય મિથ્યાત્વ.

'**જે નિશ્ચિતાત્મા અર્થાત્ કૃતકૃત્ય આત્મા છે...**' જેને ભગવાન આત્માનો પૂર્ણ સ્વરૂપનો અનુભવ (થયો) એને તો કાંઈ વિકલ્પને છોડું અને સ્વરૂપને ગ્રહવું એમ રહેતું નથી. આહાહા..! આત્માનો આશ્રય કરવો. શુદ્ધનયે આત્માનો આશ્રય કરવો અને રાગનો આશ્રય છોડવો એ વાત તો સાધકજીવને હોય. રાગનો ત્યાગ હોં એ. પૂર્ણ થઈ ગયા એને, કૃતકૃત્ય કેવળ છે એને કાંઈ નહિ, બસ. ગ્રહવું નથી અને છૂટવું પણ નથી અંદર રાગથી હોં. પરથી તો અહીં વાત છે નહિ. '**અન્તરમાં કે બાહ્યમાં (કાંઈ) ગ્રહણ નથી તથા અંતરમાં કે બાહ્યમાં (કાંઈ) ત્યાગ નથી.**' આહાહા..!

'**ભાવાર્થ :- બહિરાત્મા, જે પદાર્થ ઇષ્ટ લાગે છે તેને ગ્રહણ કરવા ઇચ્છે છે...**' જોયું! જે કાંઈ ઠીક લાગે. પોતાને ધર્મ સાધનમાં જેની જરૂરિયાત લાગે તેને ગ્રહણ કરવા ઇચ્છે. શરીરમાં નિરોગતા હોય તો ધર્મ કરવાને અનુકૂળ પડે. એ અજ્ઞાની એ રીતે માને છે. રોગની અવસ્થાને છોડવા માગે છે. નિરોગ શરીર આદ્યમ્ ખલુ ધર્મ સાધનં. આવે છે કે નહિ? પુરુષાર્થસિદ્ધિમાં આવે છે. એ તો નિમિત્તના કથન છે. આહાહા..!

'**અને જે પદાર્થ અનિષ્ટ લાગે છે તેનો ત્યાગ કરવા ઇચ્છે છે.**' આ અનિષ્ટ છે. સ્ત્રી અનિષ્ટ

છે, કુટુંબ અનિષ્ટ છે, લક્ષ્મી અનિષ્ટ છે. એને ત્યાગ કરવા ઈચ્છે છે. '**વાસ્તવમાં કોઈ જ્ઞાની કે અજ્ઞાની બાહ્ય પદાર્થોના ગ્રહણ-ત્યાગ કરી શકતો જ નથી,...**' અજ્ઞાની એ બાહ્યનો ત્યાગ અને બાહ્યનું ગ્રહણ કરી શકતો નથી. (ફક્ત) માને છે. આહાહા..! બાહ્યનો ત્યાગ કરું એવું જો માનવું છોડી દે તો પછી સ્વચ્છંદી થઈ જશે. શેઠે કહ્યું ને? સ્વચ્છંદીનો અર્થ શું? બાહ્યને છોડું એ સ્વચ્છંદી છે. કારણ કે બાહ્ય પદાર્થ છૂટા પડ્યા છે એને ગ્રહ્યા પણ નથી. તો છોડવું એનામાં રહેતું નથી. આહાહા..! ધીરૂભાઈ ઝીણું બહુ. આ તો એક જણા કહેતા હતા બધા. ઊંટને .. શું કહેવાય? કુંડાળું. કુંડાળા વાળ્યા છે. વાત તો એવી છે. ક્યાંય રખડતા હોય એને આવી વાતમાં ઝુકાવ્યા. એ તો એની યોગ્યતાથી આવ્યા છેને? આહા..!

'**કોઈ જ્ઞાની કે અજ્ઞાની બાહ્ય પદાર્થોના ગ્રહણ-ત્યાગ કરી શકતો જ નથી,...**' આહાહા..! પાણીમાં પડી માખી એને આમ ઉપાડવાની ક્રિયા એ આત્મા કરી શકતો નથી. વાત આવે છેને? પાણીમાં ન્હાવા જાય છે માણસ. ન્હાવા જતામાં એને વીંછી આવ્યો વીંછી. એટલે એને દયા આવી. વીંછીને આમ લીધો. મંડયો ચટકો માર્યો. પડી ગયો. વળી પાછી દયા આવી અરેરે..! આ પાણીમાં જાય છે. બીજો માણસ ઊભો હતો એ કહે, એલા પણ શું તું કરે છે આ? આ કહે, પણ એ વીંછી એનું છોડતો નથી તો હું મારો ભાવ કેમ છોડું?

મુમુક્ષુ :- કરુણાભાવ

ઉત્તર :- કરુણાભાવ. એને ઉપાડવા જાઉં છું તો મને કરડે છે. હાથમાં રહી શકે નહિ. છૂટી જાય. વળી પાણીમાં ડૂબકી મારીને હાથમાં લઉં, વળી કરડે. હવે એના ભાવને એ ન છોડે તો મારો કરુણાનો ભાવ છે એ કેમ છોડું? એવી વાત છે.

અહીં કહે છે કે આત્મા પરનો ત્યાગ અને ગ્રહણ કરી શકતો નથી. કેમકે પર તો જ્ઞેય છે. એના ત્યાગ ગ્રહણ કરી શકતો નથી. '**છતાં બહિરાત્મા તેના ગ્રહણ-ત્યાગ કરવાનું માને છે, એ તેની મૂઢતા છે.**' આ તો જ્ઞેય અને જ્ઞાયક સંબંધ છે એ ઉપરાંત ત્યાગ-ગ્રહણનો સંબંધ માનવા જાય, મિથ્યાત્વ મૂઢતા છે એમ કહે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ વદ ૧૨, શુક્રવાર તા. ૦૭-૦૨-૧૯૭૫
## શ્લોક-૪૭-૪૮,
## પ્રવચન - ૫૯

બીજો પેરેગ્રાફ. ૭૫. કહે છે કે આ આત્મા જે શુદ્ધ ચૈતન્ય છે, એનું જ્યાં અંતર વેદન થયું છે, ભાન, સમ્યગ્દર્શન (થયું છે કે) શુદ્ધ ચૈતન્ય વસ્તુ પવિત્ર પૂર્ણ છે. એના ભાનમાં અંતરાત્માને

અંતરમાં શાંતિ અને શ્રદ્ધાનો અંશ ઉત્પન્ન પહેલો થાય છે. એને અંતરાત્મા કહીએ. એ '**અતરાત્મા આત્મસ્વરૂપમાં જ ગ્રહણ-ત્યાગ કરે છે,...**' એને બાહ્ય પદાર્થનો ગ્રહણ-ત્યાગ હોતો નથી. અજ્ઞાનીનેય બાહ્યનો ગ્રહણ-ત્યાગ હોતો નથી. એ માને છે કે આ બાહ્ય પદાર્થો અનિષ્ટ હોય એને છોડી દઉં, ઇષ્ટ હોય એને ગ્રહણ કરું. એવું અજ્ઞાની માને છે. જ્ઞાનીને એ વાત રહેતી નથી. (એ) તો અંતરમાં સ્વરૂપને ગ્રહે છે અને રાગને છોડે છે. આવી વાત છે.

'**તે બાહ્ય પદાર્થોથી ચિત્તવૃત્તિ હઠાવી સ્વસન્મુખ થઈ પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપનું ગ્રહણ કરે છે;...**' શુદ્ધ ચૈતન્યસ્વભાવ પૂર્ણ આનંદ એને ધર્મી જીવ પકડે છે, ગ્રહે છે. '**તેમ કરતાં રાગ-દ્વેષાદિનો કે વિકલ્પાદિનો સ્વયં ત્યાગ થઈ જાય છે.**' ખુલાસો કર્યો. ચૈતન્ય આનંદનું સ્વરૂપ છે એનું. એનું જેને ગ્રહણ છે, અતીન્દ્રિય આનંદનું ગ્રહણ છે, એને રાગની ઉત્પત્તિ થતી નથી. એથી રાગને છોડે છે એમ કહેવામાં આવે છે. આહાહા..! બાહ્યનો ગ્રહણ-ત્યાગ તો વસ્તુના સ્વરૂપમાં છે નહિ. બાહ્ય પરપદાર્થ એને લે શું ને દે શું? આ પૈસા આપે છેને? આ પૈસા આપે છેને દાનમાં?

મુમુક્ષુ :- હાથમાં લેને.

ઉત્તર :- શું લે? હાથ જ એનો નથી ત્યાં દે કોને? આહાહા..! પૈસા એ જડ છે. એ લે કોની પાસેથી અને કોને દે? આહાહા..! એવું એનું સ્વરૂપ જ એવું છે. અનાદિથી એની જાતને જોયો નથી. એથી પરજાતને ગ્રહણ કરું અને છોડું એવો એને વિકલ્પ અને ભ્રમણા રહે છે. આહાહા..!

'**રાગાદિની અનુત્પત્તિ તે જ ત્યાગ છે.**' અહીં સાંભળેલું હતું ને એટલે પછી (સ્પષ્ટ કર્યું છે). પર પદાર્થનો ત્યાગ અને ગ્રહણ, એનાથી એનું સ્વરૂપ શૂન્ય છે. આહાહા..! કુંડલપુર આવ્યું? ક્યાં આવ્યું એ? આ દામોહથી. દમોહથી. દમોહથી કુંડલપુર દૂર આવ્યું?

મુમુક્ષુ :- ૨૨ માઈલ.

ઉત્તર :- ઠીક. એમને ઠરાવ્યા છે ત્યાં. અહીં પણ ઠરાવ્યા છે. કેટલેક ઠેકાણે જાશું. આજે આવ્યું હતું મોટું... કંકોત્રી. આહાહા..! કહે છે કે પ્રતિમાને પધરાવી શકતો નથી આત્મા એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- પ્રતિમાને પધરાવવા માટે તો આપ વિહાર કરો છો અહીંથી ભોપાલ સુધી.

ઉત્તર :- આહાહા..! એક તો પ્રતિમાને ઉપાડી શકતો નથી અને મૂકી શકતો નથી. આવી વાત ભાઈ! કેમ કે એ તો પરપદાર્થ છે. એને વિકલ્પ હો, પણ એ વિકલ્પ અજ્ઞાનીને, એને હું મૂકું છું, આને પધરાવું છું અને આને છોડું છું એવો વિકલ્પ થાય છે. આહાહા..! ઘણી ભારે આકરી વાત ભાઈ! જ્ઞાનીને એવો વિકલ્પ હોય, આ છે એ મારો રાગ છે એના ઉપર લક્ષ જાય છે એટલું. પણ હું એને પધરાવી શકું છું, સ્થાપન કરી શકું છે એ ઠેકાણે (એમ એ માનતો નથી). સ્વરૂપચંદભાઈ! આવી ભારે આકરી વાત. આહાહા..! પ્રતિમાના મંદિર કરાવવા..

મુમુક્ષુ :- આપ તો ઓલો ચૂનો લઈને બધે ફરો છો.

ઉત્તર :- ચૂનો નાખે છેને નીચે. કોણ નાખે ભાઈ? એ તો એ કાળે જડનો પર્યાય તે પ્રકારે ત્યાં

ક્રિયાવતી શક્તિને કારણે ત્યાં અંદર જાય છે. ભગવાનને નીચે ચુનો-ચુનો પધરાવે છે ને? આહાહા..! એવું સ્વરૂપ છે એ તો જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાન શું કરે? બીજી ચીજને ઉપાડે? બીજી ચીજને સ્થાપે? આહાહા..! આવી વાતું ભારે. એને વિકલ્પ આવે એટલું. બસ. એની મર્યાદા વિકલ્પ આવે એટલી. પછી વિકલ્પ આવ્યો માટે એ ત્યાં પરપદાર્થને લે છે કે છોડે છે (એમ ત્રણ કાળમાં નથી). આહાહા..! ભારે વાત ભાઈ! એટલે આ લોકોને એવું લાગે છેને કે આ તો નિશ્ચય એકાંત છે. પણ નિશ્ચય એકાંત નથી. એ વિકલ્પ આવ્યો એ હજી વ્યવહાર છે અને એને સ્થાપું અને આપું એ તો વ્યવહાર પણ નથી. એ તો અજ્ઞાન છે. આહાહા..! કાંતિભાઈ! શું છે આ? એ કહે છે જુઓ.

**त्यागादाने बहिर्मूढः करोत्यध्यात्ममात्मवित्।**
**नानन्तर्बहिरुपादानं न त्यागो निष्ठितात्मनः।।४७।।**

એની તો વ્યાખ્યા ચાલે છે. સ્વપદાર્થને, પરપદાર્થને કાંઈ લેવું-મૂકું એવો કોઈ સંબંધ નથી. ફક્ત થાય તો અંતર સ્વરૂપમાં લક્ષ જતાં તેને ગ્રહે છે એમ આવે-કહે. આવે છેને? પ્રજ્ઞા વડે ગ્રહે છે. પ્રજ્ઞા વડે જુદો કર્યો, પ્રજ્ઞા વડે ગ્રહાય છે. સર્વવિશુદ્ધ(જ્ઞાન અધિકારમાં). આહાહા..!

ભગવાન આત્મા જ્ઞાનની પર્યાય દ્વારા એને રાગને અને પરને જુદો કર્યો. જ્ઞાનની પર્યાય અંતર્મુખ વળતા રાગ અને શરીરથી જુદો કર્યો ચૈતન્યને. હવે કહે છે કે એ જુદો કર્યો પણ પકડવો શી રીતે? આમ જુદો કર્યો, ગ્રહવો શી રીતે? આહા..! કે જે રીતે.. આહાહા..! જ્ઞાનની પર્યાય, સ્વભાવને પરથી જુદો પાડ્યો તે જ પર્યાયથી એને ગ્રહવો. એવો માર્ગ છે ભાઈ વીતરાગનો. એ એનો ત્યાગ-ગહણ છે. આ તો સમાધિતંત્ર છેને? એકદમ માખણની વાત છે.

જ્યાં સ્વરૂપ ચૈતન્સ્વરૂપની વસ્તુસ્વરૂપની હયાતીનો જ્યાં સ્વનો આશ્રય લઈને સન્મુખ થયો ત્યારે એને ગ્રહ્યું અને રાગને તે કાળે ઉત્પન્ન થતો નથી એથી રાગને છોડ્યો એમ કહેવામાં આવે છે. આહાહા..! આવી એની મર્યાદા છે. બીજા તો એમ કહે કે જે કોઈ પરદ્રવ્યનો કર્તા થઈ શકતો નથી એ દિગંબર જૈન નહિ. હવે એવી વાત લીધી છે. શેઠ! ઈંદોરમાં એમ થયું હતું.

મુમુક્ષુ :- ભાષણ કર્યું હતું.

ઉત્તર :- ભાષણ કર્યું હતું. અરે.. પ્રભુ! શું કરે છે આ? આહાહા..!

પરને કરી શકું એટલે શું? એટલે શું? એ પરપદાર્થની જે અવસ્થા એની જે ક્ષેત્રે જે કાળે, જે પ્રકારે થવાની છે એને આત્મા શું કરે? આહાહા..! આ હાથ ઊંચો થયો જુઓ. એ એનો પરમાણુનો તે સમયનો જન્મકાળ-ઉત્પત્તિનો કાળ એનો પર્યાયનો છે. એ આત્મા એને કેમ ઊંચો કરે? આહાહા..!

મુમુક્ષુ :- ઊંચો તો કર્યો.

ઉત્તર :- કોણે કર્યો.. કોણે કર્યો? થયો છે એને કરે છે એવી અજ્ઞાનીને ભ્રાંતિ થાય છે. આહાહા..!

મુમુક્ષુ :- કોણ માને?

ઉત્તર :- માને તો એને ઘરે રખડે છે. શેઠ! અહીં વાત એવી થાય છે તો સાંભળવા આવ્યા છો કે નહિ?

મુમુક્ષુ :- એ માટે તો સાંભળવા આવ્યા છે.

ઉત્તર :- એ માટે સાંભળવા આવ્યા છે.

એક અમારે છેને, કેશવલાલ છે વઢવાણના. ચંદુભાઈ! ઓલા કેશવલાલ નહિ દશાશ્રીમાળી? ઓલી કોરથી ગામમાંથી આવે છે. પછી એને (કોઈકે) કહ્યું કે નિમિત્તથી થાતું નથી તો તમે ત્યાં સાંભળવા શું કરવા જાવ છો? એને પૂછ્યું. ત્યારે કહે, એ નિમિત્તથી થતું નથી એને દઢ કરવા માટેનો અમારો ભાવ છે ત્યાં. કેશવલાલ નથી? વેપાર છે કાંઈક દાણાનો—અનાજનો. ઓલા બીજા કેશવલાલ છે એ બીજા. નહિ? વિશાશ્રીમાળી. એ બીજા. જરીયામાં દુકાન છે. ઓલા દરવાજા પાસે. એ બીજા. આ તો આ. આ તો મૂળ ... જરી આને રસ છે આ વાતનો. પછી બધાને... વાત સારી ત્યારે કહે નિમિત્તથી થતું નથી... નિમિત્તથી થતું નથી તો પછી જાવ છો શું કરવા સોનગઢ? નિમિત્તથી થતું નથી એની વારંવાર યાદગીરી ને સ્મરણ માટે ત્યાં જઈએ છીએ. એને દઢ કરવા. એમ કહેતા હતા. આહાહા..! ભારે માર્ગ એવો છે બાપુ આ તો.

'**શુદ્ધસ્વરૂપમાં સ્થિત આત્મા...**' શુદ્ધ સ્વરૂપ ચૈતન્યની અંતર સ્વીકારની દૃષ્ટિ થતાં તેમાં '**(નિશ્ચિતાત્મા) કૃતકૃત્ય હોવાથી...**' આહાહા..! એ તો કરેલું કામ જે છે એ કર્યું એણે. આહાહા..! '**તેને બાહ્ય યા અંતરંગ કોઈ પણ વિષયમાં ગ્રહણ-ત્યાગની પ્રવૃત્તિ હોતી નથી.**' આહાહા..! '**તે તો પોતાના ચિદાનન્દસ્વરૂપમાં સદા સ્થિર રહે છે.**' આહાહા..! માર્ગ એવો છે. એણે કોઈ દિ' અભ્યાસ કર્યો નથી અને એ વાત સાંભળવાને મળતી નથી. તેથી બિચારા ગુંચાઈ ગયા છે. આહાહા..! કહે છે કે કોઈ ધર્માત્મા કે અજ્ઞાની એ બળખાને ચોંટ્યો છે ખેં કરીને જુદો પાડી શકે અને પછી બહાર ફેંકી દે. (એમ નથી.)

મુમુક્ષુ :- ભાવનગર દરબાર નહોતા કરી શકતા.

ઉત્તર :- હા, ભાવનગર દરબાર હતાને, મરવા પડ્યા જ્યારે છેલ્લે ત્યારે મોટો કરોડનો તાલુકો. બૈરા પહેલાથી મરી ગયા હતા રાણી. છોકરા નાના બધા. કૃષ્ણકુમાર ને બધા નાના હતા. છેવટે મરવા પડ્યા ત્યારે ડોક્ટરોને કહે કે અહીં બળખો નડે છે. અહીં બળખો નડે છે એટલો જરી કાઢો. ડોક્ટર સમજતા હતા કે કાઢીશ તો બીજો આવશે ત્યાં. દરબાર હતા ભાવનગરના. અરેરે..! છોકરાઓ મા વિનાના થઈ ગયા. આ બાપ વિનાના થાય. આ રાજા મોટો છે. આહાહા..! આ બળખો અહીંથી કાઢું તો નીકળી જાય એવું છે. ડોક્ટરે એકાદ વાર તો કાઢ્યો. ત્યાં કાઢ્યા ભેગો બીજો ત્યાં આવ્યો. કારણ કે સ્થિતિ જ્યાં પૂરી થવાની છે. અહીંયાં બળખા-કફ. છૂટી ગયો દેહ. અરેરે અટક્યો ત્યાં. કારણ કે કફને પકડાવાની સ્થિતિ ત્યાં હતી અને શ્વાસ બંધ થવાનો જ એનો કાળ હતો. આહાહા..! એને એ કરી શકે .. કરીને.. ડોક્ટર તો કરી શકે કે નહિ? નવરંગભાઈ!

મુમુક્ષુ :- એક તો કાઢ્યો.

ઉત્તર :- નીકળવાનો હતો. નીકળવાનો હતો તે નીકળ્યો. પછી પાછા એના એ બોલ્યા, અહીં અટકે છે. થઈ રહ્યું. આહાહા..! અમલદાર, અધિકારી ઊભા ઊભા ટગ ટગ જોતા. છોકરાઓ નાની ઉંમરના. કૃષ્ણકુમાર ગાદીએ નહોતા બેઠા. અત્યારે તો કૃષ્ણકુમારનો દીકરો છે. મહારાજા પોઢી ગયા એમ કહે. મરી ગયા એમ ન કહે. આહાહા..! વાત તો એ પોઢી ગયા નીચે. પાપી હતા ને બહુ? હિંસા બહુ કરતા. નરકમાં જવાના. બીજું કોઈ એને સ્થાન હોય નહિ. આહાહા..! જગતને કેમ બેસે આ વાત?

બહુ પાપ કરતા. શિકાર કરતા સિંહ, દિપડાના. સાથે લઈ જઈ હરણને મારતા. અમારી ઉંમર નાની દશ વર્ષની ત્યાં જોયેલું ઉમરાળામાં. દરબાર આવે તો દીપડા લાવે. અને એ દીપડાને છૂટા મૂકીને માંસ આહાર આપે. માંસનો લોચો દીપડો આમ આવે, વળી ખાય, વળી લઈ જાય. એમ કરતા. મેં જોયું હતું ત્યાં ઉમરાળામાં. ઉતારો છેને? એની આની કોર બાજુમાં રાખે આ. માણસને ન ચાલવા દે કેટલોક વખત. કારણ કે ઓલો છૂટો દીપડો હોયને છૂટો. એમ કરીને માંસને રાખે થોડીક પાસે આવે ખાવા. વળી પાછો ઓલી કોર વયો જાય. આહાહા..!

એક વખત તો એવું બનેલું કે દીપડો અંદર ગરી ગયો એના ઓલામાં. પકડવા ગયા ત્યાં. એમાં વાણિયો મળ્યો વળી. તે વાણિયાએ હાથ નાખીને કાઢવા માટે, દરબારને અનુકૂળ કરવા માટે. ન નીકળ્યો. હાથ ફાડી નાખ્યો. વાણિયો. આ વાણિયા પણ જૈનમાં ને.. રાજાને અનુકૂળ થવા એમ કે તમારે દીપડો જોઈએ છે તેને કાઢી દઉં. હાથ ઝાલી એના મોઢા અને પગ. આહાહા..! એ ક્રિયા તો જડની જે કાળે થવાની એને આત્મા રોકી શકે નહિ. કરી શકે નહિ. તત્ત્વની સ્થિતિની મર્યાદા આવી છે. તેથી વિપરીત માને તો વિપરીત અભિનિવેષરૂપી મિથ્યાત્વ લાગે છે. આહાહા..! એવી વાત છે.

ધર્મી જીવ પરના ગ્રહણ-ત્યાગથી તો નિવર્ત્યો છે, પણ પોતામાં ગ્રહણ અને ત્યાગ એનાથી નિવર્તિને જ્યારે સ્વરૂપમાં રમે છે, કહે છે કે ત્યારે તો એ કૃતકૃત્ય અંદર સ્થિત છે. આવો ધર્મ ભાઈ ભારે. ઓલા કહે કે જીવદયા પાળો, ધર્મ થાય. અહીં કહે કે જીવદયા પાળવાનો તારો ભાવ એ મિથ્યાત્વ છે. કેમકે પરની પર્યાયને તું કરી શકતો નથી. આહાહા..! આવું ભારે!

મુમુક્ષુ :- બધા જુદા જુદા વિચારો સમાધાન કરે.

ઉત્તર :- જુદા જુદા વિચારો ખોટા એનો શું અર્થ?

મુમુક્ષુ :- મહાવીરનું વચન છે કે જીવો અને જીવવા દો.

ઉત્તર :- એ છે જ નહિ. અમારે રામજીભાઈ તો કહે છે એ. એ તો અંગ્રેજીનો શબ્દ છે. આપણને ક્યાં ખબર છે એ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કોને જીવાડે?

અહીં તો ત્રણલોકના નાથનું એ વચન છે કે તારો સ્વભાવ જીવતરશક્તિ એ ગુણ છે. જીવવું એ જ્ઞાન અને આનંદથી જીવવું એ તારો એક ગુણ છે. આહાહા..! ૪૭ શક્તિમાં પહેલી શક્તિ છેને?

જીવતરશક્તિ ચૈતન્ય ભાવપ્રાણે જીવે છે એ. આહાહા..! એને જીવવામાં એ જીવતરશક્તિ કારણ છે. સમજાણું કાંઈ? એનાથી જીવ અને બીજા એ રીતે જીવે. જીવવા દે એનું કાંઈ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ભારે માર્ગ, બાપા!

જીવ જે છે એમાં એક જીવત્વ નામનો ગુણ છે. જીવ એ ગુણી વસ્તુ છે એમાં જીવત્વ નામની એક શક્તિ, ગુણ, સ્વભાવ જે સત્‌નું સત્ત્વ છે, એનાથી તે જીવી રહ્યો છે. આહાહા..! એને બીજો એ રીતે જીવાડે એવું સ્વરૂપ છે નહિ. આ દસ પ્રાણથી જીવવું એ એનું સ્વરૂપ નથી. આહાહા..! મન અને ઇન્દ્રિય એ જેનું જીવવું નથી. અલિંગગ્રહણ. અલિંગગ્રહણના ૨૦ બોલ છે એમાં એક બોલ છે આવો.

ભગવાન આત્મા મન અને ઇન્દ્રિયથી જેનું જીવન નથી. આહાહા..! એ શું કીધું સમજાણું? મન અને ઇન્દ્રિય એટલે પછી પાંચ ઇન્દ્રિય અને મન છઠ્ઠું આવી ગયુંને બહાર દશ પ્રાણ. તો એ ભાવપ્રાણે એ રીતે જીવે એ પણ એનું સ્વરૂપ નથી. આહાહા..! અશુદ્ધ ભાવપ્રાણ. એટલે? પાંચ ઇન્દ્રિય અને મનની યોગ્યતા જે ઉઘાડની છે એનાથી જીવે એ પણ એનું સ્વરૂપ જીવન નથી. આહાહા..! આ પ્રાણ દશ અને એનાથી જીવે એ તો એના સ્વરૂપમાં છે જ નહિ. આહાહા..! જીવો અને જીવવા દ્યો. બાપુ કોને? રાડ પાડે બધા મોટા વરઘોડા નીકળે. શેઠિયા સાથે હોય. જીવો અને જીવવા દ્યો મહાવીરનો સંદેશ છે. ભગવાને તો ભાઈ એમ કહ્યું નથી. કારણ કે દસ પ્રાણે જે જીવે એ તો જીવી રહ્યો છે જડને કારણે. એ જીવે એનાથી જીવન, એને જીવવા દ્યો એમ ભગવાન કહે જેને એ વસ્તુ છે નહિ. બહુ વાતે ફેર.

ભગવાન આત્મા અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત સત્તા અને દર્શન એવા સ્વભાવભાવથી એના ભાવપ્રાણ છે, એનાથી તે જીવે છે. આહાહા..! એ એનું જીવતર છે. એના ઇન્દ્રિય અને મનથી જીવન એ એના સ્વરૂપમાં નથી. આહાહા..! ધીરૂભાઈ! આ તો બધું બહારમાં તો ક્યાંય મળે એવું નથી. ઓલું તમારી દીકરી શિક્ષક એ કાંઈક ભણાવે છેને. ગપ બધા મારતા હતા. એ કરે છેને કાંઈક નહિ? કો'ક કહેતું હતું. એ તો ઉપરી છે. એ ભણાવે નહિ. પણ ઓલા.. કો'ક કહેતું હતું. ધીરૂભાઈ શું સમજો છો આ? આહાહા..!

અહીં તો પ્રભુ ત્રણ લોકના નાથ સર્વજ્ઞદેવ એની વાણીમાં એમ આવ્યું, પ્રભુ! તું તો અલિંગ છો ને. આહાહા..! એટલે? મન અને ઇન્દ્રિયોથી જીવવું એ તો તારા સ્વરૂપમાં નથી ને. એમ કહે છે. આહાહા..! આહાહા..! સમજાણું કાંઈ? અલિંગગ્રહણમાં આવ્યું છે. આ તો બધી વ્યાખ્યા આવી ગઈ છે. ૨૦ બોલ છે. અલિંગગ્રહણ એક શબ્દ, એના ૨૦ અર્થ છે. આહાહા..! એ સંતોની વાણી છે, એ વીતરાગના રામબાણ કથનો છે. આહાહા..! ભાઈ! તું તો ચૈતન્ય ભાવપ્રાણ, આનંદ અને જ્ઞાન ને દૃષ્ટા વડે કરીને આનંદ અને જ્ઞાન ને દૃષ્ટાની હયાતી વડે કરીને તું રહેલો છો તેમ રહે. એને જીવતર કહેવામાં આવે છે. ભારે વ્યાખ્યા ભાઈ આ તો. સમજાણું કાંઈ? અલિંગગ્રહણ. એ ૧૩મો બોલ છે. ૨૦ બોલ છેને? ૧૩મો બોલ.

મન, ભાવમન અને દ્રવ્યમન. ભાવ ઇન્દ્રિય અને દ્રવ્ય ઇન્દ્રિય. એ જેનામાં જીવનમાં નથી.. આહાહા..! એવું તો ભગવાન આત્માનું સ્વરૂપ છે. દ્રવ્યમન રજકણો, ભાવમન એમાં ક્ષયોપશમની યોગ્યતા, દ્રવ્ય ઇન્દ્રિયો આ જડ, ભાવ ઇન્દ્રિય એક વિષયને જાણવાની યોગ્યતાનો ક્ષયોપશમભાવ. કહે છે કે એનાથી એનું જીવન જ નથી. આહાહા..! એ અજ્ઞાની માની રહ્યો છે કે હું જીવું છું આ રીતે. એ તો ભ્રમ છે એને. આહાહા..! બ્રહ્માનંદ ભગવાન આત્મા આનંદ અને જ્ઞાન દર્શનના હોવાપણે ટકી રહ્યો છે. એ ટકી રહ્યો તે તેનું જીવન છે. આહાહા..! પોપટભાઈ! આવી વાતું ક્યાંય છે નહિ હોં! બહુ આકરી પડે માણસને. માર્ગ તો આવો છે, ભાઈ! આહાહા..! એ રીતે તું જીવને. બીજાને જીવવા દે એ પ્રશ્ન જ ક્યાં છે અહીં? આહાહા..!

મુમુક્ષુ :- બીજા ઉપર તારો અધિકાર જ નથી.

ઉત્તર :- અધિકાર ક્યાં છે? અને પરદ્રવ્યની પર્યાય કેમ થવી, ન થવી તારા કામનું કામ નથી. આહાહા..! આવે છેને કે હું બીજાને મોક્ષ કરાવું. અજ્ઞાન છે કહે છે. મોક્ષ કરાવું બીજાને. બંધ અધિકારમાં આવે છે. અને બીજાને ભૂલમાં નાખીને બંધ કરાવું. સમજાણું? બેય ખોટી વાત છે.

એક હતો વાણિયો. એને હતો વેર બીજા વાણિયા સાથે. પછી એનું મકાન ચણાતું હતું વાણિયાનું. તો બીજો વાણિયો દેરાસરની ઈંટ લઈને એનામાં મૂકી આવ્યો. એટલે આનું નુકસાન ખુબ થાશે. એને તો ખબર નથી બિચારાને કે આ કઈ ઈંટ છે. એ વાત કરતો હતો. વેરી વિરોધી માણસ હતો. ઘરના મકાન થતાં હતા વાણિયાના ઈંટુંના. એમાં આને નુકસાન કેમ થાય હવે? ઓલું દેરાસર થાતું હતું એની ઈંટ લાવી એક મૂકી દીધી અહીં. દેવદ્રવ્ય થયુંને એ? પણ હવે એને તો ખબર નથી. એને શું થયું? આવા ને આવા ભ્રમણાઓ જગતની. એ ઈંટથી એનું નુકસાન થાય કારણ કે દેવદ્રવ્ય હતું. પણ એને તો ખબર નથી ને. નુકસાન ક્યાંથી થાય? નુકસાન તો પોતે પરદ્રવ્યને ગ્રહીને પોતામાં નાખ્યું, ભેળવ્યું હોય એવો ભાવ હોં. ગ્રહી શકે એનો પ્રશ્ન નથી. આહાહા..! ઓહો..!

વીતરાગમાર્ગ જન્મ-મરણના ઉદ્ધારકનો પંથ અલૌકિક છે. લૌકિકમાંથી નીકળવું તો લોકોત્તર માર્ગ હોય ને? આહાહા..! કહે છે, જીવ! તું તો ચિદાનંદ સ્વરૂપમાં સદા સ્થિર રહે એ તારું જીવન છે. આહાહા..! સમજાણું કાંઈ? વિકલ્પ આવે, છતાં એ વિકલ્પથી એનું જીવન નથી. આહાહા..! કારણ કે વિકલ્પનો અભાવ થાય છે તો એ સ્વરૂપનું જીવન તો ટકી રહે છે. આહાહા..!

**વિશેષ :— 'બહિરાત્માને...'** બહિર આત્મા એટલે પુણ્ય-પાપના ભાવ અને શરીરાદિ પરપદાર્થ બાહ્ય એ આત્માના સ્વભાવમાં નથી. ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એવો જે સ્વભાવ એમાં એ વિભાવ નથી, પુણ્ય-પાપ અને અન્ય દ્રવ્ય નથી. છતાં એ વિભાવ અને અન્ય દ્રવ્ય મારા છે, એ બહિર ચીજ છે એને મારી માને એનું નામ બહિરાત્મા. એનું નામ અજ્ઞાની. આહાહા..! સમજાણું કાંઈ?

**'બહિરાત્માને અંદરના ચૈતન્ય-તત્ત્વનું જ્ઞાન નથી.'** આહાહા..! એને તો એ બાહ્ય ચીજો જે એનામાં નથી સ્વરૂપમાં, એના અસ્તિત્વ ઉપર એની નજર છે. પણ અંતર ચૈતન્યતત્ત્વ રાગ અને

શરીર જે બાહ્ય ચીજ છે, એનાથી બીજી ચીજ છે એવી તો અજ્ઞાનીને ખબર નથી. આહાહા..! '**તેને સ્વ-પરનું ભેદજ્ઞાન નથી;...**' આહાહા..! અજ્ઞાની પરને પોતાનું માને છે. રાગને, પુણ્યના-પાપના ભાવને અને એના ફળ તરીકે મળેલી અનુકૂળ-પ્રતિકુળ સામગ્રી એ પોતાની છે એમ માને છે. એને સ્વ-હું જ્ઞાનાનંદ ચૈતન્યસ્વરૂપ છું, પર—રાગ અને અજીવતત્ત્વ એટલે આસ્રવ અને અજીવતત્ત્વ એ ભિન્ન છે. જ્ઞાયક તત્ત્વથી ચૈતન્યતત્ત્વથી રાગ અને અજીવ, આસ્રવ અને અજીવ બે ભિન્ન છે. એને એ સ્વપરને ભિન્ન જાણતો નથી. આહાહા..!

'**જે બાહ્ય પદાર્થો દેખે છે તેની સાથે એકતાબુદ્ધિ કરે છે.**' કેમકે અંદર ચૈતન્યતત્ત્વ છે એની તો એને ખબર નથી. આહાહા..! એટલે જ્યાં બાહ્ય દેખે છે એને એમાંથી મને મજા પડે છે, મને સુખ થાય છે એમ અજ્ઞાની પરમાં માને છે. આહાહા..! '**જે બાહ્ય પદાર્થો દેખે છે તેની સાથે એકતાબુદ્ધિ કરે છે.**' આહાહા..! શરીર, ઇન્દ્રિયો એ એના લક્ષમાં આવે છે. લક્ષમાં ઓલું ચૈતન્ય સ્વરૂપ તો લક્ષમાં લીધું નથી. પોતાના જીવનનું જીવતર એવું તત્ત્વ, કાયમ ટકતું જે ધ્રુવ તત્ત્વ એને તો લક્ષમાં, આશ્રયમાં લીધું નથી. એથી બાહ્ય દેખે તેને પોતાનું માનીને તેમાં અટકેલો છે. આહાહા..! સમજાણું કાંઈ?

સાધુ થાય તોપણ એ શરીર અને ઇન્દ્રિયથી કામ લે, હું લઈ શકું છું એ બાહ્ય દેખે તેની એકતાબુદ્ધિ છે એને તો. આહાહા..! સમજાણું કાંઈ? કેમકે જ્ઞાનની પર્યાય અંતર તત્ત્વ તરફ તો ગઈ નથી. એટલે અંતર તત્ત્વ જે ચૈતન્ય સ્વ છે એની એને ખબર નથી. બહિર્ જે એમાં નથી એના ઉપર એની નજરું છે. આહાહા..! ભાવ ઇન્દ્રિય ખંડ ખંડ એ મારો અવયવ છે. આહાહા..! અને આ જડ છે ઇન્દ્રિયો ભલે, પણ એનાથી હું જાણવાનું કામ કરી શકું છું એમ માનનાર દેખે તેમાં તેની એકતાબુદ્ધિ છે. આહાહા..! ચંદુભાઈ! આવું છે.

'**તેમાં ઇષ્ટ-અનિષ્ટની કલ્પના કરી...**' નથી દેખાયેલા તત્ત્વને જોતો નથી અને જોવે છે તે તો બધા બાહ્ય તત્ત્વ છે. આહાહા..! એથી બાહ્ય તત્ત્વમાં આ ઠીક છે, શરીર ઠીક રહે છે, નિરોગતા છે અને રોગ થતાં તે અનિષ્ટ છે એમ સ્ત્રી, કુટુંબ, પરિવાર વહાલો એને લાગે, આ ઇષ્ટ છે એટલે મને પ્રિય છે. દુશ્મનો આદિ અનિષ્ટ છે માટે અપ્રિય છે. એવી અજ્ઞાની કલ્પના કરે છે. આહાહા..! આવું.

'**રાગ-દ્વેષભાવથી તેનાં ગ્રહણ-ત્યાગ કરવા ઝંખે છે,...**' શું કહે છે એ? પોતે ચૈતન્યસ્વરૂપી, જ્ઞાનસ્વરૂપી, જ્ઞ સ્વરૂપી જ આત્મા (છે). તો આ જ્ઞાનસ્વરૂપીના હયાતીના જીવનની તો એને ખબર નથી એથી જે જ્ઞાનની પર્યાય બહાર તરફ જે ઢળે છે અને એ જેને દેખે છે એમાં જ એને ઇષ્ટ-અનિષ્ટપણું માનીને કલ્પનાની ઝંખના કર્યા કરે છે. આહાહા..! '**બાહ્ય પદાર્થોનાં ગ્રહણ-ત્યાગ કરવા ઝંખે છે,...**' આહાહા..! સર્પ કરડ્યો હોય ને જ્યારે સર્પ? આમ દેખે કાળો નાગ. કરે કે નહિ? થતું નથી થાય છે. કાળો નાગ ચોટ્યોં હોય એ જતું કરે નહિ અને પાછી એ નાગની ટેવ એવી હોય છે જેને કરડે અને ઓલી કોથળી હોય છે આમ એ આમ નાખે ત્યારે એને ઝેર પડે. એની દાઢમાં ઝેરની હોય છે કોથળી. એટલે એ પાછું કરડીને આમ કરે ત્યારે ઝેર નાખે ઓલામાં. અને એ કરડતા

વખતે ઓલાને નાખે. પગે કરડે છે કેટલાકને. પગે આમ ઝાટકે. આહાહા..! ઓલાને છોડવા માટે. અનિષ્ટ લાગે એને છોડવા માગે છે અને ચંદન ચોપડનારાને ઈષ્ટ લાગીને એને સારું કરે છે. ભારે વાતું ભાઈ આવી!

'**પરંતુ બાહ્ય પદાર્થોનાં ગ્રહણ-ત્યાગ તેને આધીન નથી.**' આહાહા..! બાહ્ય પદાર્થનું લેવું અને છોડવું, ઝાટકીને છોડી દેવું અને અનુકૂળતા તે હાથથી એને ગ્રહણ કરવું એ આત્માનો અધિકાર નથી. આવો પાંગળો હશે?

મુમુક્ષુ :- પોતાનું કરે કે પરનું કરે?

ઉત્તર :- પરને માટે પાંગળો અને પોતા માટે શુરવીર. આહાહા..! પોતાના કામ જ્ઞાતા-દૃષ્ટાના કરવામાં વીર એ છે. પરના કામ કરવા માટે ભગવાન અનાદિનો પાંગળો છે. એની સ્થિતિમાં શું કરી શકે છે કે શું નથી કરી શકતો? એની પણ જેને ખબર નથી અને ધર્મ થઈ જાય એને. આહાહા..!

'**તે પદાર્થો તો પોતાના કારણે આવે છે અને જાય છે.**' શું કીધું સમજાણું? આહાર-પાણી, સ્ત્રી, કુટુંબ એને કારણે આવે છે અને એની મુદત થતાં એ પોતે છૂટીને એને કારણે જાય છે. એ આત્મા એને ગ્રહી શકે, રાખી શકે, છોડી શકે એમ છે નહિ. જેઠાભાઈ! ભારે આવું ભાઈ! '**ઊંધી માન્યતાને લીધે તેનાં બાહ્ય ગ્રહણ-ત્યાગ રાગ-દ્વેષગર્ભિત છે.**' આહાહા..! માણસ કહે છેને ખાવા કાળે, ભાઈ પેટમાં દાંત નથી માટે ચાવીને ખાવું. એમ કહે છેને ભાઈ! એય.. ધીરૂભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, એ ઈન્દ્રિયનું આવે છેને. અંદર પેટમાં દાંત નથી.

આ ગરાસણી નવરી હોયને ગરાસણી? નવરીયું તલ ખાય. થોડા તલ લે જરી.. નવરી કાંઈ કામ ન હોય. એને કાંઈ કામ ન હોય. ગરાસીયાની બાઈ. એવા ઓગાળે.. ઓગાળે.. ઓગાળે.. તલ... સરખું લોહી થાય. આહાહા..! અને અહીં કહ્યું ને કે બરાબર ઓગાળીને ખાજે. અંદર દાંત નથી. ચાવીને ખાજે, અંદર દાંત નથી. આ શું બધું ધીરૂભાઈ? બરાબર રાબ જેવું, પાતળું કરીને ખાય. અરે.. ભગવાન! કોને કરે પાતળું? કોણ કરે મુકાવે? આહાહા..! એ દાંતની ચાવવાની ક્રિયા એ જડની છે. એ આત્મા કરી શકે કે છોડી શકે એમ છે નહિ. આહાહા..!

એને પરદ્રવ્યથી ભિન્ન પાડવો એને મહા અનંતકાળમાં અભ્યાસ નહિ ને. સાધુ થઈને પણ એણે શરીરની ક્રિયા મારી છે. હું જેમ એને હલવું તેમ ચાલે છે. કેમકે એ શરીર અને ઈન્દ્રિયો જે છે એ જ્ઞાન છે તો... એ અહીં લઈ જવું છે જુઓ, એ ત્યાં લઈ જાય ઈન્દ્રિયને. એમ આવે છે એક ઠેકાણે. એમ કે જ્ઞાન છેને તો એને આમ લઈ જવું (હોય) તો લઈ જઈએ. જ્ઞાનસહિત શરીર છને તો ઈન્દ્રિયો પણ એને જે માર્ગે, જ્યાં જવા માગે ત્યાં એ પોતે ઈન્દ્રિયને લઈ જાય. ઈન્દ્રિયો ત્યાં જાય છે. આહાહા..! એમ જ ખોટી વાત છે. સમજાણું કાંઈ? એમ કહીને ઈન્દ્રિયોને સચેત ઠરાવીને એમાં પણ કામ કરવાની જે એના લક્ષમાં છે તે કામ કરવા ઢળી જાય છે ઈન્દ્રિયો એમ. નહિ? રોટલીના ટૂકડા કરે, વળી દાળમાં પલાળે, પછી ઓલું લે... શું કહેવાય? ચુરણ. શું કહેવાય એ? ચટણી ચટણી.

પછી ઓલું કરે. આ શું છે કહે છે? એ લઈ શકતો નથી, ચાવી શકતો નથી અને ગળે ઉતારી શકતો નથી. ભાઈ! પરદ્રવ્ય અને સ્વદ્રવ્યની તું એકતા માની રહ્યો (છે) એ મોટી ભૂલ છે. ચાહે તો સાધુ થયો હોય તોપણ આ એની ભૂલ ગઈ નથી. સાધુ દ્રવ્યલિંગી હો બાહ્ય. આહાહા..!

કહે છે કે '**ઊંધી માન્યતાને લીધે તેને બાહ્ય ગ્રહણ-ત્યાગ રાગ-દ્વેષ ગર્ભિત (ગ્રહણ-ત્યાગ) છે.**' આહાહા..! ખાતા પણ જો કાંઈક ચૂરમાનો કટકો હોય ચૂરમું, એમાં કોઈ કટકી આવી ગઈ પત્થરની. શું કહેવાય? ચિરોડી. ચિરોડી હોય છેને સાકર જેવી? ચિરોડી પત્થરની ચિરોડી. ઝીણી બહુ (હોય). આ થાંભલા કર્યાને ચિરોડીના પ્રવચન મંડપમાં. આહાહા..! એનો એક કણ આવી ગયો હોય ચૂરમામાં તો પાધરો બે દાંત નીચે નડે ખડે, ખટકે. ખટકે એટલે જીભે એને તારવીને આમ બહાર કાઢી નાંખે. કહે છે કે એ કરી શકતો નથી.

મુમુક્ષુ :- વાતે વાતે ફેર.

ઉત્તર :- વાતે વાતે ફેર. ભાઈ! તને ભિન્નતાની ખબર નથી. 'જડ અને ચૈતન્ય બંને પ્રગટ સ્વભાવ ભિન્ન...' આહાહા..! એ પરદ્રવ્યને હું ગ્રહું અને એના કામને હું અનુકૂળ થાઉં તો એના કામ અનુકૂળ થાય. મારું લક્ષ શરીરને ત્યાં લઈ જવાનું હોય તો ઇન્દ્રિયો ત્યાં જાય. એ ભ્રમ છે. સમજાણું કાંઈ? આવું સ્વરૂપ વીતરાગનું. ભેદજ્ઞાનસ્વરૂપ છે. એ એકતા તરીકે માનીને ચાર ગતિમાં રખડી રહ્યો છે.

'**તેના અભિપ્રાયમાં આત્મસ્વભાવનો ત્યાગ અને વિભાવ તથા પરભાવોનું ગ્રહણ છે.**' તેના અભિપ્રાયમાં—મિથ્યા અભિપ્રાયમાં આત્મસ્વભાવનો ત્યાગ છે. જ્ઞાતા-દૃષ્ટાનો તેને અજ્ઞાનીને ત્યાગ છે. '**વિભાવ તથા પરભાવોનું ગ્રહણ છે.**' આહાહા..! શું કીધું સમજાણું? '**ઊંધી માન્યતાને લીધે તેનાં બાહ્ય ગ્રહણ-ત્યાગ રાગ-દ્વેષ ગર્ભિત છે. તેના અભિપ્રાયમાં આત્મસ્વભાવનો ત્યાગ...**' છે. આહાહા..! હું જ્ઞાતા-દૃષ્ટા છું. કાંઈ પણ પરને ગ્રહું અને લઉં એવું છે જ નહિ. આહાહા..! અજ્ઞાનીની માન્યતામાં અભિપ્રાયમાં આત્મસ્વભાવનો તો ત્યાગ છે. જાણનાર-દેખનાર છું એમ કાંઈ એ માનતો નથી. કાંઈક કરું છું એમ માનીને સ્વભાવનો ત્યાગ, વિભાવ અને પરભાવનું ગ્રહણ. માન્યતાનો હોં. આહાહા..! ઠીક લખ્યું. સ્પષ્ટ કર્યું.

'**અંતરાત્માને અભિપ્રાયમાં...**' એટલે શ્રદ્ધા. '**માન્યતામાં...**' એટલે માન્યતા. '**પર પદાર્થોનાં ગ્રહણ-ત્યાગ જ નથી.**' આહાહા..! પરવસ્તુને છોડું કે ગ્રહું એ જ્ઞાનીના સ્પષ્ટ અભિપ્રાયમાં એ છે જ નહિ. આહાહા..! '**અસ્થિરતાને લીધે થોડી રાગ-દ્વેષની વૃત્તિ ઊઠે,...**' ધર્મીને પણ, આત્મજ્ઞાનીને પણ અસ્થિરતાને કારણે રાગ-દ્વેષની વૃત્તિઓ થાય. પણ તેને તેની સાથે એકતા નથી. આહાહા..! '**સ્વામીપણું નથી.**' ધર્મીને નબળાઈને લઈને રાગ-દ્વેષ થાય. પણ તેનું તેને ધણીપતું નથી. તેમ તેની સાથે એકતાબુદ્ધિ નથી. આહાહા..! '**આ વૃત્તિ પણ, આત્મસ્વરૂપનું ગ્રહણ થતાં...**' આવી જે વિકલ્પવૃત્તિ છે એ પણ '**આત્મસ્વરૂપનું ગ્રહણ (એકાગ્ર) થતાં-તેમાં સ્થિર થતાં, સ્વયં શમી જાય છે-**' આહાહા..! બહુ સાદી ભાષામાં (કહ્યું છે). સ્વાધ્યાય કરવો જોઈએ

હંમેશા. શેઠ! કલાક, બે કલાક ચોપડા તપાસવા કરતાં આ તપાસવું જોઈએ.

મુમુક્ષુ :- ચોપડી નથી.

ઉત્તર :- તમે શેઠિયાઓ છોને નથી મળતી? શેઠ તો ટાંકણે બરાબર બોલે છે. મળતી નથી કહે છે. એકેય ઘરે નહિ હોય ને? એકેય ઘરે નથી. આ સમાધિશતક. આવ્યું નહિ. થોડીક પંદરસો છપાણી છે. ઘણા માણસ થઈ ગયા. પંદરસો ખલાસ થઈ ગઈ. આહાહા..!

કહે છે કે આત્મા જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ જેનો જાણવા-દેખવાનો સ્વભાવ છે એવું જેને અનુભવમાં આવ્યું, એને અસ્થિરતાને કારણે જરી રાગ-દ્વેષ થાય, છતાં તેની એકતાબુદ્ધિ નથી. કેમકે જાણવા-દેખવાના સ્વભાવની જાત નથી. એથી તેને રાગ-દ્વેષની સાથે એકતા નથી અને તેનું ધણીપતું નથી. આહાહા..! એથી '**સ્વયં શમી જાય છે-નષ્ટ થાય છે.**' આહાહા..!

---

**अन्तस्त्यागोपादाने वा कुर्वाणोऽन्तरात्मा कथं कुर्यादित्याह–**

**युञ्जीत मनसाऽऽत्मानं वाक्कायाभ्यां वियोजयेत्।**
**मनसा व्यवहारं तु त्यजेद्वाक्काययोजितम्।।४८।।**

**જોડે મન સહ આત્મને, વચ-તનથી કરી મુક્ત,**
**વચ-તનકૃત વ્યવહારને છોડે મનથી સુજ્ઞ. ૪૮.**

**टीका :– आत्मानं युञ्जीत सम्बद्धं कुर्यात्। केन सह? मनसा मानसज्ञानेन चित्तमात्मेत्यभेदेनाध्यवसेदित्यर्थः। वाक्कायाभ्यां तु पुनर्वियोजयेत् पृथक्कुर्यात वाक्काययोरात्माभेदाध्वयसायं न कुर्यादित्यर्थः। एतच्च कुर्वाणो व्यवहारं तु प्रतिपाद्यप्रतिपादकभावलक्षणं प्रवृत्तिनिवृत्तिरूपं वा। वाक्काययोजितं वाक्कायाभ्यां योजितं सम्पादितं। केन सह? मनसा सह मनस्यारोपितं व्यवहारं मनसा त्यजेत् चित्तेन न चिन्तयेत्।।४८।।**

---

**અંતરમાં ત્યાગ-ગ્રહણ કરનાર અન્તરાત્મા કેવી રીતે કરે તે કહે છે :-**

**શ્લોક - ૪૮**

**અન્વયાર્થ :- અંતરાત્મા (आत्मानं) આત્માને (मनसा) ભાવમન સાથે (युञ्जीत) યોજે (જોડે) અને (वाक्कायाभ्याम्) વચન અને કાયાથી (वियोजयेत्) અલગ કરે (तु) અને (वाक्काययोजितम्) વાણી અને કાયાથી યોજાયેલા (व्यवहार) વ્યવહારને (मनसा) ભાવમનથી (त्यजेत्) તજે અર્થાત્ તેમાં મન લગાવે નહિ.**

**ટીકા :- (તે અન્તરાત્મા) આત્માને યોજે એટલે સંબંધ કરે, કોની સાથે? મન સાથે એટલે માનસજ્ઞાન (ભાવમન) સાથે,- 'મન તે આત્મા છે' એવો અભેદરૂપ અધ્યવસાય (માન્યતા) કરે, એવો અર્થ છે-અને વાણી તથા કાયથી તેને (આત્માને) વિયુક્ત કરે-પૃથક્ કરે, અર્થાત્ વાણી અને કાયામાં આત્માનો અભેદરૂપ અધ્યવસાય કરે નહિ-એવો અર્થ છે; અને તેમ કરનાર,**

વાક્-કાયયોજિત અર્થાત્ વાણી-કાય દ્વારા યોજિત અર્થાત્ સમ્પાદિત 'પ્રતિપાદ્ય' પ્રતિપાદક-ભાવરૂપ (શિષ્ટ-ગુરુ સંબંધરૂપ) પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ વ્યવહારને, કોની સાથે (યોજિત)? મન સાથે અર્થાત્ મનમાં આરોપિત વ્યવહારને, મનથી તજે અર્થાત્ મનમાં ચિંતવે નહિ.

ભાવાર્થ :- અંતરાત્મા ભાવમનને વાણી અને દેહની ક્રિયા તરફથી (પ્રવૃત્તિથી) વિયુક્ત કરીને અલગ કરીને આત્મસ્વરૂપમાં લગાડે અર્થાત્ તેની સાથે અભેદ કરે-તલ્લીન કરે અને વાણી તથા કાય-દ્વારા યોજિત પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ વ્યવહારને મનમાંથી તજે અર્થાત્ તેનો વિચાર છોડી દે.

### વિશેષ

વાણી-કાયની પ્રવૃત્તિ તે જડની ક્રિયા છે, આત્મા તે કરી શકતો નથી. અન્તરાત્માને ભેદજ્ઞાન છે, તેથી તો પોતાના ઉપયોગને વાણી-કાયની ક્રિયા તરફથી હઠાવી પોતાના આત્મસ્વરૂપમાં રોકે છે.

જ્યાં સુધી જીવ વચન-કાયથી ક્રિયા સાથે એકતાબુદ્ધિ કરે-તેને આત્માની ક્રિયા સમજે, ત્યાં સુધી તેનો ઉપયોગ ત્યાંથી છૂટી સ્વસન્મુખ વળે નહિ અને આત્મસ્વરૂપમાં સ્થિર થાય નહિ.

ઉપયોગ દ્વારા સ્વનું ગ્રહણ કરવામાં જ સમસ્ત પર દ્રવ્યોના અને પર ભાવોનો સ્વયં ત્યાગ થઈ જાય છે.

નીચલી ભૂમિકામાં જ્ઞાનીનો ઉપયોગ કદાચિત્ અસ્થિરતાને લીધે વાણી કાયની ક્રિયા દ્વારા પર સાથેના વ્યવહારમાં જોડાય છે, પણ તેમાં તેને કર્તૃત્વબુદ્ધિનો અભાવ છે-અભિપ્રાયમાં તેનો નિષેધ છે. જેમ રોગીને કડવી દવા પ્રત્યે અરુચિ હોય છે, તેમ તેને તે પ્રત્યે ઉદાસીનતા હોય છે; તેથી જ્ઞાનીનો ઉપયોગ શરીરાદિની ક્રિયામાં જોડાયેલો દેખાય, છતાં તે નહિ જોડાયેલા સમાન છે.

શરીર-વાણીની ક્રિયા વિષે એકતા બુદ્ધિનો-આત્મબુદ્ધિનો ત્યાગ અને શુદ્ધાત્મસ્વરૂપનું ગ્રહણ તે અંતરાત્માનાં અંતરંગ ત્યાગ ગ્રહણ છે.

અહીં વ્યવહારના ત્યાગનો આચાર્યે નિર્દેશ કર્યો છે. તે એમ સૂચવે છે કે આત્મકાર્ય માટે વ્યવહાર આશ્રય કરવા યોગ્ય નથી. ૪૮.

## શ્લોક-૪૮ ઉપર પ્રવચન

'અંતરમાં ત્યાગ-ગ્રહણ કરનાર અન્તરાત્મા કેવી રીતે કરે તે કહે છે :-' ૪૮.

**युञ्जीत मनसाऽऽत्मानं वाक्कायाभ्यां वियोजयेत्।**
**मनसा व्यवहारं तु त्यजेद्वाक्काययोजितम्।।४८।।**

**જોડે મન સહ આત્મને, વચ-તનથી કરી મુક્ત,**
**વચ-તનકૃત વ્યવહારને છોડે મનથી સુજ્ઞ. ૪૮.**

એમાં નથી. છે? આ રહ્યું.

**'ટીકા :- (તે અન્તરાત્મા) આત્માને યોજે એટલે સંબંધ કરે, કોની સાથે? મન સાથે એટલે મનસંજ્ઞા (ભાવમન) સાથે,-'મન તે આત્મા છે' એવો અભેદરૂપ અધ્યવસાય (માન્યતા) કરે,...'** અંતરાત્મા હોં! પોતાના સ્વભાવની એકતા એમ કરે. **'અને વાણી તથા કાયથી તેને (આત્માને) વિયુક્ત કરે-પૃથક્ કરે,...'** કહે છે, જ્ઞાનભાવને એને મન કીધું. જ્ઞાનભાવને પોતાથી પોતામાં જોડે. અને વચન અને કાયાને પોતાથી તોડે એટલે જુદો કરે, વિયુક્ત કરે. આહાહા..!

**'વાણી અને કાયામાં આત્માનો અભેદરૂપ અધ્યવસાય કરે નહિ-'** અધ્યવસાય કરે નહિ. છે? છેને એમાં? અહીંયાં કહે છે અંતરાત્મા ધર્મીજીવ પોતાની જ્ઞાનપર્યાયને. મનને એમ લીધું છે ત્યાં. આત્મા સાથે જોડે છે. અને વાણી અને કાયાને પૃથક્ રાખે છે. વાણી અને કાયાની ક્રિયાને આત્મા સાથે એકત્વ કરતો નથી. આહાહા..! બોલે, ભાષણ આપે, વાતું કરે વેપાર આદિની. કહે છે કે વાણી અને કાયાને ધર્માત્મા ભિન્ન રાખે છે. આહાહા..! એને એકપણું કરતો નથી. જ્ઞાનની પર્યાયને આત્મા સાથે જોડે, એક કરે છે. અને દેહ અને વાણીની ક્રિયાને એનાથી જુદી પાડે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભાવમન એટલે એ લીધું જ્ઞાન.

મન આ જડ અને ભાવમન સંકલ્પ-વિકલ્પ એ અહીં નહિ. મનન કરતી જે જ્ઞાનની પર્યાય એને આત્મા સાથે જોડે છે અને વાણી અને દેહની ક્રિયા એનાથી વિયુક્ત નામ પૃથક્ થાય છે. **'અને તેમ કરનાર, વાક્-કાયયોજિત અર્થાત્ વાણી-કાય દ્વારા યોજિત અર્થાત્ સમ્પાદિત પ્રતિપાદ્ય પ્રતિપાદક ભાવરૂપ (શિષ્ય-ગુરુ સંબંધરૂપ) પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ વ્યવહારને, કોની સાથે (યોજિત)? મન સાથે અર્થાત્ મનમાં આરોપિત વ્યવહારને, મનથી તજે અર્થાત્ મનમાં ચિંતવે નહિ.'** એની વિશેષ વ્યાખ્યા આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ ૧૩, શનિવાર તા. ૦૮-૦૨-૧૯૭૫**
**શ્લોક-૪૮,**
**પ્રવચન - ૬૦**

... તેનો આશ્રય કરતા, તેની સન્મુખ થતાં શરીર, વાણી, કર્મ અને પુણ્ય-પાપના ભાવ એનાથી ભિન્ન પડી જાય છે. ત્યારે ધર્મની પહેલી દશા અંતરાત્મ દશા પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? અંતરાત્મા શબ્દ છે ને પહેલો? અંતરાત્મા એટલે કે જેને પહેલેથી શરીર, કર્મ અને રાગથી જે ચૈતન્ય ભિન્ન છે એટલે કે શરીર પર, અજીવ પર એનાથી આત્મસ્વભાવ ભિન્ન છે. અને પુણ્ય અને પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના ભાવ એ આસ્રવતત્ત્વ છે, મલિન દશા છે. એનાથી નિર્મળ ચૈતન્ય સ્વભાવ જુદો છે. એવી જેને અંતર દૃષ્ટિ થાય તેને અંતરના આનંદની પહેલી દશાવાળો કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એ ભાવ, .. સંકલ્પ-વિકલ્પાદિ ભાવ અને '**વાણી અને દેહની ક્રિયા તરફથી વિયુક્ત કરીને...**' છેને? દેહ જે આ જડ છે, અજીવ છે એનાથી અને મનથી, પુણ્ય-પાપના ભાવથી અને વાણી (તેનાથી) વિયુક્ત નામ છૂટું પાડીને. આહાહા..! ભારે આકરું કામ ભાઈ! એનાથી વિયુક્ત નામ જોડાણ છે એ જોડાણ છોડી દઈને એમ કહે છે. વીતરાગનો માર્ગ ધર્મ ભાઈ સૂક્ષ્મ છે. અત્યારે એ ગડબડ ચાલી છે કે એને આ વાત એવી લાગે કે.. આહાહા..! તો પછી આ બધો વ્યવહારધર્મ ને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ શું? એ હોય છે. પણ એ રાગ છે. આવ્યા વિના રહે નહિ છતાં એ રાગ છે. એ રાગથી ચૈતન્યસ્વભાવ જેને આત્મા કહીએ એ સ્વરૂપે તો ભગવાન રાગની ક્રિયાથી તો જુદો છે. એવો જેણે જુદો પાડીને રાગ અને પરથી ભેદજ્ઞાન કરીને આત્માનો અનુભવ કર્યો છે કે આત્મા તો શુદ્ધ અને જ્ઞાયક ચૈતન્ય છે એને અહીંયાં ધર્મની પહેલી દશાવાળો અંતરાત્મા જઘન્ય અંતરાત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? તેથી લોકોને નથી આ ગળે (ઉતરતું). વ્રત ને તપ ને ભક્તિ ને આ બધો ધર્મ નહિ? એમ કહે છે. એ તો શુભભાવ છે ભાઈ! પુણ્યભાવ છે. પણ પુણ્યભાવ (એ) ધર્મભાવ નહિ.

સર્વજ્ઞ વીતરાગ જેને ધર્મ કહે છે એ તો એ પુણ્યભાવના ભાવથી પણ ચૈતન્યભાવ એવો સ્વ-ભાવ જુદો અંતર કરીને જાણે, અનુભવે, માને એને સમકિતી અને અંતરાત્મા કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**અંતરાત્મા ભાવમનને વાણી અને દેહની ક્રિયા તરફથી (પ્રવૃત્તિથી) વિયુક્ત કરીને-અલગ કરીને આત્મસ્વરૂપમાં લગાડે...**' પોતાને જે સ્વભાવ શુદ્ધ જ્ઞાન અને આનંદ એમાં જેની પરિણતિ લગાડે. આહાહા..! તેને પાછો આનંદ કરે. જે વર્તમાન જ્ઞાનની દશા પર તરફ જે રાગ અને શરીર

તરફ વળેલી હતી એને અંતરમાં વાળીને એ દશા એને આત્મા સાથે એક કરે, **અભેદ કરે, તલ્લીન કરે અને વાણી-કાયા દ્વારા યોજીત પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ વ્યવહારને મનમાંથી તજે.** આહાહા..! અશુભની પ્રવૃત્તિ અને અશુભથી નિવૃત્તિ, એવો જે શુભભાવ એનાથી પણ નિવૃત્તિ કરીને. બરાબર છે? છેને? પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ વ્યવહાર એમ કીધું. કેમ શાંતિભાઈ નથી આવ્યા મોડા? મોડા છે. કહો, સમજાણું કાંઈ? કાયાથી, મનથી અને રાગથી જુદો છે એવું જેણે હજી સાંભળ્યું પણ ન હોય. સમજાણું કાંઈ?

અહીં તો વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ ધર્મનું સ્વરૂપ આવું હોય એમ વર્ણવે છે. એ મનમાં પ્રવૃત્તિ અને નિવૃત્તિ. અશુભભાવમાં પ્રવૃત્તિમાં અને એમાંથી અશુભથી નિવૃત્તિ એ પણ એક શુભભાવ છે. એનાથી પણ મનમાંથી તજે. આહાહા..! એના તરફનું લક્ષ છોડી અને એના તરફના વિચાર છોડી દે ત્યારે સ્વરૂપમાં એકાગ્ર થાય. ત્યારે એને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે ત્યારે એને ધર્મ થયો એમ કહેવાય. આહાહા..! શાંતિભાઈ!

મુમુક્ષુ :- સાચો ધર્મ છે.

ઉત્તર :- સાચો ધર્મ છે. આહાહા..! વીતરાગ પરમેશ્વર તીર્થંકરદેવનું કહેલું તત્ત્વ તો આ છે. લોકોને આકરું પડે છે બહુ. અભ્યાસ નહિ. અને એ પૃથક્ છે એ વાણી સાંભળવા પણ મળે નહિ. એથી સાંભળવા મળે નહિ એટલે પછી (લાગે કે) પૃથક્ શું વળી આ? ભાઈ! પૃથક્ પ્રભુ પોતે છે. સમજાણું કાંઈ? આઠ વર્ષની બાળિકા હોય પણ જ્યારે એ સમ્યગ્દર્શન પામે છે, નરકનો નારકી જ્યારે સમ્યગ્દર્શન પામે છે ત્યારે એ મનના શુભ-અશુભ જે વિકલ્પો છે એનાથી પણ જુદો પાડે છે આત્માને. આ તો ધીરાના કામ છે, ભાઈ! ધમાધમ બહારમાં કરે ને.. વાજા વગાડે ને ઢોલ વગાડે, પાંચ-પચાસ હજાર ખર્ચે ને ધર્મ થઈ જાય એવો માર્ગ નથી, પ્રભુ! આહાહા..! સમજાણું કાંઈ?

એનું **વિશેષ. 'વાણી-કાયની પ્રવૃત્તિ તે જડની ક્રિયા છે,...'** આ વાણી જે બોલાય છે આ ભાષા એ તો જડ છે. એ આત્મા નથી અને આત્માની નથી. અને આ કાયા અજીવ છે આ તો. એની ક્રિયા જે આમ થાય એ તો જડની ક્રિયા છે. સ્વાહા પૂજામાં થાય કે નહિ? ચોખા મૂકે છે આમ. એ તો બધી જડની ક્રિયા છે. સ્વાહા એ તો વાણીની ક્રિયા જડની છે. આહાહા..! એ ક્રિયા '**આત્મા તે કરી શકતો નથી.**' આહાહા..!

**'અન્તરાત્માને ભેદજ્ઞાન છે,...'** સમ્યગ્દૃષ્ટિ જીવ, સત્યદૃષ્ટિ જીવ સત્ જેવું ચૈતન્યસ્વરૂપ સત્ છે, એમાં પુણ્ય-પાપના ભાવો તે અસત્ છે, એમાં નથી. આહાહા..! શરીર ને વાણીની ક્રિયા તો ક્યાંય રહી ગઈ બહાર. જેને અંતરાત્માને ભેદજ્ઞાન છે, રાગ ને વાણી ને દેહથી જુદો છું એવું ભાન છે. **'તેથી તે પોતાના ઉપયોગને...'** તેથી તે પોતાના જાણવા-દેખવાના ભાવને '**વાણી-કાયાની ક્રિયા તરફથી હઠાવી પોતાના આત્મસ્વરૂપમાં રોકે છે.**' આહાહા..! આ તો માખણની વાતું છે છેલ્લી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મનના વિકલ્પ છેને? એમ કહેવું છે. એનામાં વિકલ્પ ક્યાં છે આ? એ બધું જડ.

મુમુક્ષુ :- વાણીથી.. પણ મનથી જુદો કરવો કે નહિ?

ઉત્તર :- મનથી કીધોને, પણ પહેલો કીધો ને. અહીં વાત થઈ ગઈ ને. પહેલી તો એ વાત કરી. **'અંતરાત્મા ભાવમનને વાણી અને દેહની ક્રિયા તરફથી (પ્રવૃત્તિથી)...'** કહ્યું પહેલાં. ભાવાર્થમાં આવ્યું પહેલા. વિશેષ સ્પષ્ટીકરણ કર્યું હતું. પહેલી લીટીમાં જ સ્પષ્ટ કર્યું હતું. આહાહા..!

જેમાં નથી તેનાથી તે પાછો વળે છે. એ મનના વિકલ્પમાં, પુણ્ય-પાપમાં આત્મા નથી. આહાહા..! તેમ વાણી અને જડમાં આત્મા નથી. તેમ આ દેહની આ હાલવા-ચાલવાની ક્રિયા એ કાંઈ આત્મા નથી. એનાથી **'હઠાવી પોતાના આત્મસ્વરૂપમાં રોકે છે.'** આહાહા..! આત્માના સ્વરૂપ એટલે ચૈતન્યસ્વરૂપ, જ્ઞાન-દર્શન-આનંદ એવું એનું સ્વરૂપ, એમાં વર્તમાન દશાને ત્યાં રોકે છે. એને અંતરમાં ધર્મધ્યાન થાય છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

**'જ્યાં સુધી જીવ વચન-કાયથી ક્રિયા સાથે એકતાબુદ્ધિ કરે-'** વિશેષમાં બીજો બોલ. જ્યાં સુધી આત્મા વચન અને કાયાની ક્રિયાથી એટલે કે આ વચનની ક્રિયા હું છું તો બોલાય છે, હું છું તો આ કાયા હલે છે, હું છું તો કાયાને જ્યાં લઈ જવી હોય તે લક્ષે કાયા જાય છે. આહાહા..! એવી એકતાબુદ્ધિ છે **'તેને આત્માની ક્રિયા સમજે,...'** એ આત્માની ક્રિયા એટલે એ આત્મા કરે છે એમ સમજે **'ત્યાં સુધી તેનો ઉપયોગ ત્યાંથી છૂટી સ્વસન્મુખ વળે નહિ...'** આહાહા..! એકલું માખણ છે આ તો. આહાહા..!

**'અને આત્મસ્વરૂપમાં સ્થિર થાય નહિ.'** પર તરફની એકતાબુદ્ધિમાં પરથી છૂટો પડવાની ક્રિયા એ કરી નહિ શકે. આહાહા..! દેહ, વાણી અને રાગ, મન, વચન અને તન. તન બહાર રહે. મન, વચન અને તન. એનાથી ભગવાનનું જ્ઞાન જુદું. આહાહા..! ભગવાન એટલે તું હોં. આહાહા..! એને જ્યાં સુધી પરમાં એકત્વબુદ્ધિ છે એટલે કે એ દેહ અને વાણીની ક્રિયા હું કરી શકું છું, મનમાં ઉઠતા વિકલ્પો મને લાભદાયક છે એ જ્યાં સુધી બુદ્ધિ (છે) ત્યાં સુધી અંતર્મુખમાં વળી નહિ શકે.

**'ઉપયોગ દ્વારા સ્વનું ગ્રહણ કરવામાં જ સમસ્ત પર દ્રવ્યોનો અને પર ભાવોનો સ્વયં ત્યાગ થઈ જાય છે.'** આ એક વિધિ છે એમ પહેલી જાણે તો ખરો. આહાહા..! લોકોને એવી રીતે વાળ્યા છે કે આ જાત્રા કરો, ભક્તિ કરો, સિદ્ધચક્ર કરો, કર્મ દહનની ક્રિયા કરો, ફલાણું કરો, તમારું કલ્યાણ થશે. આહાહા..! એને આ એવું આકરું લાગે હોં. કહે છે કે એ બધી ક્રિયામાં તારો રાગ જોડાય છે. સ્વરૂપચંદભાઈ! આહાહા..! ભાઈ! તારી જાતના સ્વરૂપની શું ચીજ છે? એ રાગ છે એ તારા સ્વરૂપની જાતનો નથી. એ કજાત છે. આરે ભાઈ!

ચૈતન્યસ્વરૂપ જે ભગવાન આત્મા એના સ્વરૂપનો એ ઊપજ નથી રાગ. લ્યો સ્વરૂપચંદભાઈ! આવ્યું તમારું સ્વરૂપ. એમાં એ દયા, દાન, ભક્તિ, પૂજાનો વિકલ્પ છે એ એની જાતનો નથી. એ તો વિકારી જાતનો છે. એને જ્યાં સુધી લાભદાયક માને ત્યાં સુધી એની એકતાબુદ્ધિ તૂટે નહિ. કહો, શેઠ! આ છે. જે રસ્તે જાતા મળે વસ્તુ તે રસ્તો સહેલો કહો કે મોંઘો કહો, રસ્તો તો આ છે. તમારું આવ્યું છે નામ ત્રીજું ક્યાંક. ઓલો ભરાય છેને .. ક્યાંક ભરાય છે. આવ્યું છે આજ તારણસ્વામીનું.

ભોપાલમાં આવ્યું છે, કુંડલપુરમાં આવ્યું છે અને આમાં ત્રણમાં એનું નામ આવ્યું છે.

મુમુક્ષુ :- મોટા માણસો બધે આવે.

ઉત્તર :- આહાહા..! ભોપાલનું વિરુદ્ધનું આવ્યું છે મોટું આજે. પછી કીધું રામજીભાઈને વંચાવશે ભક્તિ પછી. શું થાય? પણ આ વસ્તુ એવી છે. સામા પક્ષ હોય ને? બીજો પક્ષ.

મુમુક્ષુ :- બીજા હસ્તક હોય.

ઉત્તર :- ઘણું પણ લખાણ આકરું. પણ ભાઈ! એમ કે ભગવાન કુંદકુંદાચાર્ય એમની સાથે એમને મૂક્યા કંકોત્રીમાં એ જૈન દિગંબર ધર્મનો ઘાત છે. ઘણું કીધું. એમાં તો બહેનનું લખ્યું હતું ને કે બહેન આવીને માર્ગદર્શન કરે. એનો પણ વિરોધ કર્યો છે. સ્ત્રીઓ માર્ગદર્શન કરે? એમ કહેતા. અરે..! સત્‌ધર્મ સાંભળવો મુશ્કેલ થઈ પડ્યો છે. એમ કે નિર્ગ્રંથ મુનિ હોય એની છત્રછાયાએ પંચકલ્યાણક થાય એ કાર્ય ત્યાગી અને ગૃહસ્થ વિદ્વાન તરીકે એને તમે છત્રછાયાએ. એમ લખ્યું છે. એમાં પછી વંચાવશે રામજીભાઈને. સૌના આપણે વિચાર જાણવામાં શું વાંધો? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું કરે પણ એને વિશ્વાસ ન આવે. એને વિશ્વાસ ન આવે. બહેન કોણ છે એની એને ખબર નથી. આહાહા..! એની ટીકા કરી. માર્ગદર્શન આપે. એમ લખ્યું છેને.

મુમુક્ષુ :- પ્રતિષ્ઠાચાર્ય હોય.

ઉત્તર :- પ્રતિષ્ઠાચાર્ય હોય. એમ ન હોય બાપુ ભાઈ! એણે લખ્યું છે. બહેન ક્યાં કહેવા ગયા હતા? એણે લખ્યું ... હવે વિરોધ કરો. જગત વિચિત્ર છે.

અહીં કહે છે.. આહાહા..! જ્યાં સુધી જ્ઞાનના પરિણામમાં પર, રાગ ને દેહ ને વાણીથી લાભ થાય એવી બુદ્ધિ રહે ત્યાં સુધી ત્યાંથી ખસીને સ્વમાં નહિ આવી શકે. સમજાય છે કાંઈ? આવો ધર્મ.. આવો ધર્મ બાપા! વસ્તુ છે એક કોર આત્મા, એક બાજુ રાગ, એક બાજુ મન અને વાણીને આ દેહ. આ ચાર છે. હવે એમાં ત્રણ અસ્તિત્વમાંથી મને લાભ થાય એમ જ્યાં સુધી બુદ્ધિ રહે તો ત્યાંથી નહિ ખસે. એ કહ્યું છેને જુઓને! એકત્વબુદ્ધિ કીધી ને? **'જીવ વચન-કાયથી ક્રિયા સાથે એકતાબુદ્ધિ કરે....'** આહાહા..! **'તેને આત્માની ક્રિયા સમજે, ત્યાં સુધી તેનો ઉપયોગ ત્યાંથી છૂટી સ્વસન્મુખ વળે નહિ...'** અરેરે..! વ્યવહારનો શુભરાગ એનાથી પણ મને લાભ થાય એવી જ્યાં સુધી બુદ્ધિ રહે. જેનાથી લાભ થાય, એનાથી કેમ ખસે? જ્યાં સુધી બુદ્ધિ રહે તો ત્યાંથી નહિ ખસે એ. એ કહ્યું છે ને જુઓને. એકત્વબુદ્ધિ કહી ને?

**'જીવ વચન-કાયથી ક્રિયા સાથે એકતાબુદ્ધિ કરે-તેને આત્માની ક્રિયા સમજે, ત્યાં સુધી તેનો ઉપયોગ ત્યાંથી છૂટી સ્વસન્મુખ વળે નહિ...'** આહાહા..! અરેરે..! વ્યવહારનો શુભરાગ એનાથી પણ મને લાભ થાય એવી જ્યાં સુધી બુદ્ધિ રહે, જેનાથી લાભ થાય તેનાથી કેમ ખસે? **'અને આત્મસ્વરૂપમાં સ્થિર થાય નહિ.'** ત્યાં સુધી. આહાહા..!

**'ઉપયોગ દ્વારા સ્વનું ગ્રહણ કરવામાં જ સમસ્ત પર દ્રવ્યોનો અને પર ભાવોનો સ્વયં**

**ત્યાગ થઈ જાય છે.**' એટલે શું કહ્યું? પાછું હળવું કરી નાખ્યું કે આત્માના જાણવાના ઉપયોગ દ્વારા સ્વમાં ગ્રહણ અને પરનો ત્યાગ એ ગ્રહણ-ત્યાગ થઈ જાય છે. જ્ઞાનનો વેપાર અંતરમાં જાય છે ત્યારે એનું ગ્રહણ થાય સ્વરૂપનું તે જ કાળે રાગાદિનો ત્યાગ દૃષ્ટિમાંથી એકતાથી થઈ જાય છે. '**સ્વયં ત્યાગ થઈ જાય છે.**' જ્ઞાનના સ્વભાવમાં સ્વભાવનું પરિણામ જે છે, જ્ઞાનસ્વભાવ એ વસ્તુ ત્રિકાળ, જે જ્ઞાનના વર્તમાન પરિણામ જે છે એ ઉપયોગ, એ પરિણામ અંતરમા વળે છે ત્યારે અંતરનો સ્વીકાર થઈને ગ્રહણ કરે છે એ કાળે રાગાદિનું ગ્રહણ કરતો નથી. તેથી તેનો સ્વયં ત્યાગ થઈ જાય છે. આહાહા..! નવરંગભાઈ! આવી વસ્તુ. આહાહા..!

'**નીચલી ભૂમિકામાં જ્ઞાનીનો ઉપયોગ...**' ધર્મી જીવનો અંતરાત્માનો પણ ઉપયોગ જાણવાના પરિણામનો ભાવ વેપાર '**કદાચિત્ અસ્થિરતાને લીધે વાણી કાયાની ક્રિયા દ્વારા પર સાથેના વ્યવહારમાં જોડાય છે,...**' રાગ. કાયા દેહની ક્રિયા વાણીની થતી હોય એ કાળે વિકલ્પ થાય છે. '**પણ તેમાં તેને કર્તૃત્વબુદ્ધિનો અભાવ છે...**' એટલે? વાણી દેહની ક્રિયા થાય એમાં રાગ જોડાય છતાં એ ક્રિયા કરી શકું છું પરની એવો કર્તાપણાનો એમાં અભાવ છે. આહાહા..! દેહ અને વાણીમાં પરલક્ષે રાગનો ભાવ થાય અને એ રાગ ત્યાં દેહ, વાણીમાં જોડાય એમ દેખાય છતાં એ વાણી અને દેહની ક્રિયા એ રાગ એમ જાણતો નથી કે હું આ કરું આને. તેમ રાગને જાણનારી જે ક્રિયા છે... આહાહા..! એ ક્રિયા એમ જાણતી નથી કે રાગ એ મારું કર્તવ્ય છે અને દેહ-વાણીથી હું કરું છું. આહાહા..! ભારે માર્ગ, ભાઈ! આ તો ધમાધમ. ધર્મને નામે લાગી ધમાધમ. એમ ધામધુમે ધર્મ. જ્ઞાનમાર્ગ રહી ગયો દૂર. આહાહા..! સમજાણું કાંઈ?

'**નીચલી ભૂમિકામાં...**' ચોથે ગુણસ્થાને, પાંચમે ગુણસ્થાને, છઠ્ઠે આદિ ઉપયોગ અસ્થિરતા થઈ જાય રાગની અને તેથી વાણી કહે એની ક્રિયા સાથે આમ લક્ષ જાય, પણ તેમાં તેને કર્તૃત્વબુદ્ધિનો અભાવ છે '**-અભિપ્રાયમાં તેનો નિષેધ છે.**' અભિપ્રાય દેહની અને વાણીની ક્રિયા કરું છું એવો નથી. આહાહા..! અરે..! રાગની ક્રિયા કરું એ અભિપ્રાય નથી. આહાહા..! ભારે માર્ગ ભાઈ આવો.

'**જેમ રોગીને કડવી દવા પ્રત્યે...**' દાખલો આપે છે. '**અરુચિ હોય છે,...**' સમજાણું? આ કમળો થાય છેને કમળો? આંખમાં. પીળીયો. એના ઉપર એક દેવી આવે છે દેશી. ગંધ એવી મારે એવી વિષ્ટા જેવી મારે. કમળો. પીળીયો થાય ને પીળીયો? પીળા જેવું દેખાય. એની એક દવા એવી આવે છે કે એ દવા લેવી પડે એને. પણ એ તો વિષ્ટા ગંધાય એવી કોઈ ગંધ એની. આહાહા..! કહે છે કે એ દવા '**રોગીને કડવી દવા પ્રત્યે...**' એટલે આવી દવા પ્રત્યે '**અરુચિ હોય છે,...**' એ કાંઈ પ્રેમ નથી એને. ૮૭માં એ દવા આવેલી. .. ૮૭માં પોરબંદર ચોમાસુ હતું ને. ત્યારે કમળો થઈ ગયો હતો. દેશી દવા હતી દેશી. વૈદ દેશી હતો કાંઈક. સમજાણું કાંઈ? એણે આ આપી હતી દવા. પણ એ ગંધ એવી મારે એની. આહાહા..!

કહે છે કે '**રોગીને કડવી દવા પ્રત્યે અરુચિ હોય છે, તેમ તેને તે પ્રત્યે ઉદાસીનતા હોય છે;...**' ધર્મી એને કહીએ. આહાહા..! કે જે દેહ અને વાણીની ક્રિયા પ્રત્યે ઉદાસ છે, એ મારી

ક્રિયા નહિ. આહાહા..! અને અંદર રાગની ક્રિયા, દયા, દાન, વ્રતનો વિકલ્પ આવે એ પણ મારી ક્રિયા નહિ. એ તો રાગની ક્રિયા છે. આહાહા..! એનાથી મારી વસ્તુ છે એ ભિન્ન છે. એવું ધર્મીને સમ્યગ્દૃષ્ટિને રાગથી અને દેહની વાણીની ક્રિયાથી ભેદજ્ઞાન વર્તતું હોય તો તેને ધર્મી કહીએ. આહાહા..! સમજાણું કાંઈ? છે?

'**તેના પ્રત્યે ઉદાસીનતા હોય છે;...**' રોગી દવા લે છે તો પ્રેમથી ઘૂંટડા પીતો હશે? એમ ધર્મીને આત્મા દૃષ્ટિમાં આવ્યો છે. સમ્યગ્દૃષ્ટિને ચોથે ગુણસ્થાને આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ એના વેદનમાં—અનુભવમાં આવ્યો છે. આહાહા..! એ આનંદના વેદન આગળ અસ્થિરતાને લઈને રાગાદિ થાય અને દેહ, વાણીની ક્રિયામાં લક્ષ જાય પણ એને પ્રેમ નથી એના ઉપર. આહાહા..! એ શુભરાગનો પણ પ્રેમ ઊડી ગયો છે ધર્મીને. સમજાણું કાંઈ? આહાહા..! ધર્મ બાપુ ઝીણી ચીજ છે બહુ. લોકોએ કંઈકને કંઈક કલ્પી માનીને બેઠા છે. ભવ હારી જશે. આહાહા..! સમજાણું કાંઈ? શું કીધું?

જેમ રોગીને દવા લેતા પ્રેમ નથી.. આહાહા..! એમ ધર્મીને આત્માના આનંદના ભાનવાળો હોવાથી એને જરી રાગ આવે શુભ-અશુભભાવ અને વાણી દેહની ક્રિયા ઉપર એનું લક્ષ જાય છતાં એના ઉપર એને પ્રેમ નથી. આહાહા..! તેમ એ રાગભાવ જે દયા, દાન, શુભભાવ આવે એમાં સમકિતીને સુખબુદ્ધિ ભાવ નથી. એમાં સુખ છે, એનાથી સુખ થશે એમ માનતો નથી. આહાહા..! એ દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ પણ દુઃખરૂપ છે, આકુળતા છે, શાંતિને ઘાત કરે છે. આહાહા..! અરેરે..! આવો માર્ગ તે પ્રભુનો દુનિયાને મળે નહિ, દુનિયા કરે નહિ. આમ ને આમ જિંદગી ચાલી જશે. આહાહા..! સમજાણું કાંઈ?

'**તેથી જ્ઞાનીનો ઉપયોગ શરીરાદિની ક્રિયામાં જોડાયેલો દેખાય, છતાં તે નહિ જોડાયેલા સમાન છે.**' આહાહા..! વેશ્યાનો પ્રેમ પૈસા દેનાર ઉપર ગરીબ હોય તોપણ એને દેખાય. પણ એ પ્રેમ કેવો? આહાહા..! ગરીબ માણસ આવ્યો કોઈ પાંચ-પચ્ચીસ પચાસ (રૂપિયા લઈને), વેશ્યા વિષય કરે પણ પ્રેમ છે એને? શાસ્ત્રમાં પણ લખ્યું છે વેશ્યાનો જેમ પ્રેમ (હોય) એવો ધર્મીને રાગ પ્રત્યે પ્રેમ સાચો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! મનના પુણ્ય-પાપના ભાવ, વાણી અને દેહ ત્રણે જડ અને ભિન્ન છે. એવા ભિન્નપણાના ભાનથી એને જરી રાગાદિ થાય અને જોડાણ છે એમ દેખાય છતાં જોડાણ અંદરમાં નથી. આ તો શાંતિના માર્ગ છે, ભાઈ! અનંત કાળે અપૂર્વ વાત એણે સાંભળી નથી. અપૂર્વપણું એણે કોઈ દિ' કર્યું નથી. જે કાંઈ કર્યું તે પૂર્વે કર્યું એ જાત કરી રહ્યો છે. અને માને કે અમે કાંઈક ધર્મ કરીએ છીએ. અરે..! એના આરા કે દિ' આવે? સમજાણું કાંઈ?

'**શરીર-વાણીની ક્રિયા વિષે એકતાબુદ્ધિનો-આત્મબુદ્ધિનો ત્યાગ...**' આહાહા..! સમ્યગ્દૃષ્ટિને ચોથે ગુણસ્થાને, શ્રાવક પાંચમે તો કાંઈ જુદી દશા એની તો હોય. એની તો અંદર શાંતિ વધી ગઈ હોય અંદરમાં. આનંદની લહેર વધી ગઈ હોય. આહાહા..! ત્યારે એને બાર વ્રતના વિકલ્પ આવે, છતાં એને એ દુઃખરૂપ લાગે છે. સમજાણું કાંઈ? એ વ્રતની ક્રિયા એને ઝેર જેવી દેખાય છે

ધર્મીને. અજ્ઞાનીને પ્રેમથી અમૃત જેવી દેખાય છે. આહાહા..! અમૃત અનુષ્ઠાન આવે છેને તમારે શ્વેતાંબરમાં આવે છે. ધૂળેય નથી અમૃત અનુષ્ઠાન. આહાહા..!

સનાતન વીતરાગ માર્ગ દિગંબરદર્શન સનાતન વીતરાગ જૈનદર્શન, એમાં આ વાત છે. એવી વાત બીજે ક્યાંય નથી. એનામાંય ભૂલેલા બીજે વળગી ગયા છે. આહાહા..! પરમાત્માનો તો આ અવાજ છે. મુનિ આ પૂજ્યપાદસ્વામી, પૂજ્યપાદસ્વામી મુનિ દિગંબર વનવાસી એના વનશાસ્ત્રો છે આ. વનમાં બન્યું માટે વનશાસ્ત્ર. આહાહા..! એમાં આ છે કે જેને શરીર, વાણીની ક્રિયા આ ખાઉં છું, આમ પીઉં છું, આમ છોડું છું એ ક્રિયા વિશે જેને હજી એકતાબુદ્ધિ છે... આહાહા..! આત્મ-બુદ્ધિનો ત્યાગ છે. આહાહા..!

'**એકતાબુદ્ધિનો–આત્મબુદ્ધિનો ત્યાગ અને શુદ્ધાત્મસ્વરૂપનું ગ્રહણ...**' આહાહા..! એકતાબુદ્ધિનો જેને ત્યાગ છે એમ કહે છે. આહાહા..! એટલે આત્મબુદ્ધિ એ રાગમાં ઠીક મને લાભ થાય, દેહની ક્રિયા થાય માટે મને લાભ થાય, એવી બુદ્ધિનો જેને ત્યાગ છે. આહાહા..! '**અને શુદ્ધાત્મસ્વરૂપનું ગ્રહણ....**' આહાહા..! આ ત્યાગ-ગ્રહણ સમકિતીનો હોય છે એમ કહે છે. પરનો ત્યાગ કરું અને ગ્રહણ કરું એ તો મિથ્યાદૃષ્ટિની ભાવના છે. કેમકે પરવસ્તુનો ત્યાગ કરી શકતો નથી. કેમકે પરવસ્તુનો તો ત્યાગ આત્મામાં તો છે જ. અભાવ તો છે જ. હવે એને કહે કે આ છોડું, આ લઉં એ પરદ્રવ્યની ક્રિયા છોડું અને લઉં એવી માન્યતા, કહે છે કે મિથ્યાત્વની છે. પરદ્રવ્યનો સ્વામી થયો એ તો. અરે..! ભારે આકરી વાત લોકોને લાગે હોં! લાગે. પચવું કઠણ પડે. બીજો કોઈ હળવો માર્ગ હશે કે નહિ? શેઠ! કહે છે ને. હળવો કહો તોપણ એ અને જે છે તે કહો તે આ છે.

મુમુક્ષુ :- અહીં રહેવાથી થઈ જાય.

ઉત્તર :- અહીં રહેવાથી થાય. જ્યાં આત્મા રહ્યો છે ત્યાં રાગથી ભિન્ન રહ્યો છે ત્યાં થઈ શકે છે. આહાહા..! આકરું કામ છે. અત્યારે તો ઉપદેશ જ ફરી ગયો આખો. વીતરાગના ધર્મને નામે અજૈનનો ધર્મ પ્રરૂપાય છે. અરે.. પ્રભુ! શું થાય ભાઈ? સમ્યગ્દર્શનની કિંમત નથી અને બાહ્ય ત્યાગ કર્યો એની કિંમત છે જગતને.

મુમુક્ષુ :- એ દેખાય છેને.

ઉત્તર :- દેખાય છે. શું દેખાય છે? એમ કે બાહ્ય ત્યાગ કર્યો. બાયડી છોડી, છોકરા છોડ્યા, દુકાન છોડી. પણ અંતરમાં રાગ સંસાર છે એને તો છોડ્યો નથી. આહાહા..! રાગ સંસાર છે. સ્ત્રી, કુટુંબ, શરીર એ સંસાર નથી. ભગવાન! સંસરણં ઈતિ સંસારઃ. ચિદાનંદ ભગવાનમાંથી ખસી અને રાગના વિકલ્પમાં આવે એ સંસાર છે. આહાહા..! એ સંસાર તો છોડ્યો નથી. આહાહા..!

મુમુક્ષુ :- છોડવા જેવો છે એમ માન્યું નથી.

ઉત્તર :- એ છોડવા જેવો એણે માન્યો પણ નથી. આહાહા..!

મુમુક્ષુ :- લાભમાં ખતવે છે.

ઉત્તર :- લાભમાં ખતવે છે. બાયડી છોકરા છોડ્યા, દુકાન છોડી, ધંધો છોડ્યો. એકલા બેઠા

છીએ જુઓ. શું છોડ્યું? ધૂળ? આહાહા..!

પર તરફનો રાગ જે છે પુણ્યનો એ આસ્રવ છે. ભગવાનની ભક્તિ, ભગવાનની પૂજા, ભગવાનનું સ્મરણ એ બધો આસ્રવભાવ રાગ છે. આહાહા..! એનાથી લાભ માને ત્યાં તો છોડ્યો તો નથી. સંસારને છોડ્યો તો નથી. આહાહા..! કામ બહુ (આકરા). આ તો સમાધિશતક છેને. સાર છે ને. અહીં વંચાય બસ ગામડામાં. બીજે સમજે નહિ. આહાહા..! શું થાય? માર્ગ તો આવો છે ભાઈ! એને જ્ઞાન ઉપર લક્ષમાં એ વાત લેવી પડશે. આહાહા..! સમજાણું કાંઈ?

'**શરીર-વાણીની ક્રિયા વિષે એકતાબુદ્ધિનો-આત્મબુદ્ધિનો...**' એટલે કે એ મને લાભદાયક છે કે મારા છે એવી બુદ્ધિનો જેને ત્યાગ છે. '**અને શુદ્ધાત્મસ્વરૂપનું ગ્રહણ...**' છે. આહાહા..! '**તે અંતરાત્માના અંતરંગ ત્યાગ ગ્રહણ છે.**' આ ગાથાનો સાર એ છે. છે ને પાઠ એ છે.

**युञ्जीत मनसाऽऽत्मानं वाक्कायाभ्यां वियोजयेत्।**
**मनसा व्यवहारं तु त्यजेद्वाक्काययोजितम्।।४८।।**

આહાહા..! એનો જ્ઞાનનો ઉપયોગ જે છે, એ જે રાગ અને દ્વેષના જોડાણમાં જાય છે એને પોતાના ઉપયોગ તરફ વાળ્યો તો અંતરનું ગ્રહણ થયું, શાંતિ અને આનંદનું ગ્રહણ થયું અને રાગનો ત્યાગ થયો. એ અંતરાત્માનો ત્યાગ અને ગ્રહણ આ છે. આહાહા..! મિથ્યાદૃષ્ટિને બાહ્યનો ત્યાગ થાય ત્યારે (એમ લાગે છે કે) અભિમાનમાં અમે ત્યાગ કર્યો છે, અમે આમ કરીએ છીએ. આહાહા..! શુદ્ધ આહાર-પાણી અમે ખાઈએ છીએ. આ મિથ્યાદૃષ્ટિના અભિપ્રાય બધા. આહાહા..! સમજાણું કાંઈ? એને જૈનધર્મની ખબર નથી. જૈનધર્મ શું છે? આહાહા..! આ તો ત્રણલોકના નાથ પરમાત્મા જેમાં દુનિયામાં ક્યાંય એની ચોટે કોઈ માર્ગ નથી. આહાહા..!

પૂજ્યપાદસ્વામી કુંદકુંદાચાર્ય પછી થયા. એ ભગવાન પાસે ગયા હતા. જઈને લઈને આ આવ્યા. હતા તો સમકિતી, જ્ઞાની, ભાવલિંગી, પણ ત્યાં ગયા પ્રભુ પાસે. સીમંધર ભગવાન બિરાજે છે ત્યાં ગયા. કેટલા દિ' એની ખબર નથી. જેમ કુંદકુંદાચાર્ય આઠ દિ' રહ્યા. આ (પણ) ગયા.

મુમુક્ષુ :- પૂજ્યપાદ ગયેલા?

ઉત્તર :- હા. છેને પહેલાં. વિદેહમાં ગયા હતા. પહેલાં. આઠમે પાને? એ પહેલો, બીજો, ત્રીજો, ચોથો, પાંચમો.

'**વિદેહક્ષેત્રેસ્થિત જિનેન્દ્ર ભગવાનના દર્શનથી તેમનું ગાત્ર પવિત્ર થઈ ગયું હતું.**' ઉપર. બગડો બગડો. બગડો છેને બગડો? આઠમું પાનું. પ્રસ્તાવનાનું આઠમું. ક્યાં છે વાંચો.

મુમુક્ષુ :- વિદેહક્ષેત્રેસ્થિત જિનેન્દ્ર ભગવાનના દર્શનથી...

ઉત્તર :- '**તેમનું ગાત્ર પવિત્ર થઈ ગયું હતું.**' ગાત્ર એટલે શરીર. ભગવાન પાસે ગયા હતા. સમજાણું કાંઈ? એ પૂજ્યપાદસ્વામી કહે છે... આહાહા..! ભગવાનનો તો સંદેશ આ છે.

'**અહીં વ્યવહારના ત્યાગનો આચાર્યે નિર્દેશ કર્યો છે. તે એમ સૂચવે છે કે આત્મકાર્ય માટે વ્યવહાર આશ્રય કરવા યોગ્ય નથી.**' આહાહા..! જેટલો દયા, દાન, વ્રતનો શુભરાગ આવે એ પણ

આત્મકાર્ય માટે આદરણીય નથી. આહાહા..! આકરી વાતું બાપુ! હજી જેને સમ્યગ્દર્શનના ઠેકાણા ન મળે. વ્યવહાર શ્રદ્ધાના ઠેકાણા ન મળે એને નિશ્ચયના તો ક્યાં છે? આહાહા..! સમજાણું કાંઈ?

'**અહીં વ્યવહારના ત્યાગનો આચાર્યે નિર્દેશ કર્યો છે.**' એટલે વ્યવહારનો ત્યાગ એમ બતાવ્યું છે એમ કહે છે. શું કીધું સમજાણું? આ ગાથામાં વ્યવહારનો ત્યાગ કર્યો છે. એટલે કે '**તે એમ સૂચવે છે કે આત્મકાર્ય માટે વ્યવહાર આશ્રય કરવા યોગ્ય નથી.**' દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતનો રાગ, શાસ્ત્ર ભણવાનો રાગ.. આહાહા..! એ પણ આત્મકાર્યને માટે એ વ્યવહાર છોડવા જેવો છે. સમજાણું કાંઈ?

ત્યારે હવે પ્રશ્ન થાય છે કે દીકરા, '**પુત્ર-સ્ત્રી આદિ સાથેના વાણી-કાયના વ્યવહારમાં તો સુખની ઉત્પત્તિની પ્રતીતિ થાય છે,...**' એમ હોય? હસમુખભાઈ સાથે બેઠા હોય, વાત કરતા હોય. લ્યો. રાગ છે.

મુમુક્ષુ :- થોડીક મજા આવે છે.

ઉત્તર :- હા, થોડીક મજા આવતી દેખાય છે ને. આહાહા..! એમાં શરીર નિરોગ હોય બેયના, ત્રણેયના અને કુટુંબના બધાના. અને એ સાંજનો નિવૃત્તિનો કાળ (હોય) અને બાગમાં... આહાહા..! ફૂલઝાડમાં બેઠો હોય ખુરશી નાખીને અને એ વખતે એ પકવાન એ પતરવેલીયા ઊડતા હોય ખાવામાં. કહે છે કે મજા જેવું લાગે.

અજ્ઞાનીને એમાં પ્રીતિ જેવું લાગે છે. '**તો સુખની ઉત્પત્તિની પ્રતીતિ થાય છે, તો તેનો ત્યાગ કેવી રીતે યોગ્ય છે**?' જેમાં સુખ જેવું દેખાય એને છોડવું કેમ? એમ કહે છે. આહાહા..! કહો, શાંતિભાઈ! નહિ? બધા ત્રણ છોકરા પંકજ ને બેઠા હોય અને વાતું કરે ઝવેરાતની. બાપા આમ છે ને બાપુજી આમ છે. ભાઈ આમ છે. એ ભાઈ કહે છે. આહાહા..! એના ત્રીજા નંબરનો વચલા નંબરનો છોકરો છે રસ છે એને. પંકજ. હવે છોકરાને રસ છે. વચલો છોકરો છે પંકજ શાંતિભાઈનો. ઝવેરાતનો ધંધો છે ને મોટો. લોકો કરોડપતિ કહે છે. લોકો કહે એમાં.. પણ પાંચ-પચ્ચીસ લાખ, દસ-દસ લાખ, બે લાખ. લોકો માને એમ. ઉદાર માણસ ખરાને પૈસા ખર્ચે એટલે. પણ છોકરો બહુ ઓલો છો હોં. છે જુવાન હજી. પણ રસ બહુ. મહારાજ! એમ કરીને બોલે. આહાહા..! પણ રાગ પણ દુઃખદાયક છે હોં! આપે તો એમ કહ્યું મહારાજ. સાથે આવેને ઓલામાં-મોટરમાં.

અરે..! આજે કાગળ આવ્યો છે ઓલાનો. પ્રકાશનો. આ પ્રકાશ બેસતો હતો. ઓહોહો..! એટલો પ્રમોદ અને એટલો છોકરો હરખ બતાવે છે. વાંચતા આંસુ બતાવે છે. એટલો વિરહ બતાવે છે અને પ્રમોદ બતાવે. છોકરો નહોતો અહીં? જેકોરબેનનો ને? દીકરાનો દીકરો. પ્રકાશ અહીં બેસતો. તાવ બહુ રહે પછી ન આવી શક્યો. રૂપાળો હતો. આજે કાગળ એનો આવ્યો છે. બહુ ખુશી. ઓહોહો..! અરે..! આ આત્માના આનંદમાં ઉતરવાની વાતું મહારાજ! અમે ક્યાંય સાંભળી નથી. આહાહા..! શરીરની શાંતિ નથી પણ આત્મામાં શાંતિ, એમાં જા, એમાં ઠર. આ એવી વાતું અમે સાંભળી ક્યાંય નહોતી. યુવાન છે એ તો. ૧૬ વર્ષનો હશે કાંઈક. ૧૫-૧૬ વર્ષનો.

અરે..! શરીરનું ક્યાં છે આમાં? આત્માને ઉંમર ક્યાં છે? આઠ વર્ષનો રાજકુમાર કેવળજ્ઞાનને પામે છે. આહાહા..! માતા! અમારા આનંદને અમે અનુભવ્યો છે. અનુભૂતિ આવે છેને ભાઈ આ ચરણાનુયોગમાં? આઠ વર્ષનો બાળક હોય એણે અનુભવ કર્યો હોય સમકિતનો. ચોથું ગુણસ્થાન પ્રગટ કર્યું. અમારી અનુભૂતિ આનંદ અને રાગ વિનાની ચીજના આનંદના અનુભવી માતા! અમે અનુભૂતિ માટે વનમાં જઈએ મા. આહાહા..! અમારી અનુભૂતિરૂપી રાણી... આહાહા..! માતા! અમને ક્યાંય રુચિ લાગતી નથી. ક્યાંય લક્ષ ઠરતું નથી. જ્યાં ઠરે ત્યાં હવે અમે જવા માગીએ છીએ. આહાહા..! આઠ વર્ષનો રાજકુમાર. જેને નીલમણિના નીચે પથરા હોય. શું કહેવાય આ? લાદી. એય.. તમારી લાદી પથરાની. નીલમણિની લાદીમાં બંગલામાં રહેતા હોય છોકરાઓ-રાજકુમાર. આહાહા..! એ બહાર નીકળી (કહે), માતા! મને રજા દે બા! આહાહા..! અમારી આનંદની અનુભૂતિને અમે વિશેષ મેળવવા વનવાસમાં જઈએ છીએ. આહાહા..! એને આનંદનો પ્રેમ લાગ્યો જેને. સમ્યગ્દષ્ટિને અતીન્દ્રિય આનંદનો પ્રેમ છે. એને દેહ, વાણી, મન અને રાગનો પ્રેમ છે નહિ. આહાહા..! માતા રોવે છે. કહે છે કે દીકરા! તું એકલો સવારે ઊઠીને સાધનામાંથી... તેં આવા લૂગડા, કપડા આવા રહેવાના મકાન, હવા ન આવે. બારીયું બંધ કરીને સુવાડીએ તને ભાઈ! એકલો જંગલમાં શી રીતે રહીશ બાપા? માતા! અમારા આનંદને શોધવા અમે આનંદમાં રહેશું. આહાહા..! અમારી ચિંતા ન કર. માતા! રોવું હોય તો એકવાર રોઈ લે. ફરીને જનેતા નહિ કરીએ. અમે અવતાર નહિ ધારીએ હવે. આહાહા..!

'અજેવ ધમ્મ પડિવક્ક્યામો જહી પવન્ના ન પુનર્ભાવામો.' એ ગાથા આવતી જ્યારે બોટાદમાં ભાઈ! હજારો માણસ બિચારા શાંત ઠરી જાય. ૧૪મી ગાથા. ૧૪મા અધ્યયનની ટીકા. માતા-પિતા પાસે રજા માગે છોકરાઓ. 'અજેવ ધમ્મો પડિવક્ક્યામો...' જનેતા અમે આજે જ ધર્મને અંગીકાર કરીશું. 'જહી પવન્ના ન પુનર્ભાવામો.' માતા! જે ધર્મને અંગીકાર કરવાથી ફરીને ભવ ધારણ નહિ કરીએ. સ્વરૂપચંદભાઈ! એવું શ્વેતાંબરમાં ઉત્તરાધ્યનમાં વૈરાગ્યનું તો આવે છે ને. ચૌદમું અધ્યયન છ જીવની કાય. બ્રાહ્મણના છોકરા છે બે. દીક્ષા લેવા માગે છે. એ ગોઠવ્યું છે. પણ આ કહે. અમે આજ જ આનંદને અંગીકાર કરવા તૈયાર થયેલા છે. ચારિત્ર એટલે કોઈ ક્રિયા નહિ પણ અંતરનો આનંદનો અનુભવ કરવા અમે જઈએ છીએ. આહાહા..! પંચ મહાવ્રતના વિકલ્પ અને નગ્નપણું એ કાંઈ ચારિત્ર નથી. આહાહા..! ચારિત્ર તો અંતરના આનંદને જે જાણ્યો છે એ આનંદના જમણ કરવા માટે અમે નીકળ્યા છીએ હવે. એ આનંદના ભોજન કરવા માતા અમે નીકળ્યા છીએ. મા ના ન પાડશો બા! કહે છે બા, દીકરા! જા તારે રસ્તે. અમને આ રસ્તો હજો. અમને પણ આ રસ્તો હજો. આહાહા..! કરવાનું તો આ છે. એ તું કરવા જા, બાપા! અમારે પણ આ રસ્તો હજો જા. એમ કહે છે. આહાહા..!

અહીં કહે છે '**પુત્ર-સ્ત્રી આદિ સાથેના વાણી-કાયના વ્યવહારમાં તો સુખની ઉત્પત્તિની પ્રતીતિ થાય છે,...**' એનો ત્યાગ કઈ રીતે? એનો ઉત્તર આપશે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ननु पुत्रकलत्रादिना सह वाक्कायव्यवहारे तु सुखोत्पत्तिः प्रतीयते कथं तत्त्यागो युक्त इत्याह–

जगद्देहात्मदृष्टिनां विश्वास्यं रम्यमेव च।
स्वात्मनन्येवात्मदृष्टिनां क्व विश्वासः क्व वा रतिः।४९।।

દેહાતમધી જગતમાં કરે રતિ વિશ્વાસ;
નિજમાં આતમદૃષ્ટિને ક્યમ રતિ? ક્યમ વિશ્વાસ? ૪૯.

टीका :– देहात्मदृष्टिनां बहिरात्मनां जगत् पुत्रकलत्रादिप्राणिगणो विश्वास्यमञ्चकं। रम्यमेव च रमणीयमेवप्रतिभाति। स्वात्मन्येव स्वस्वरूपे एवात्मदृष्टिनां अन्तरात्मनां क्व विश्वासः क्व वा रतिः? न क्वापि पुत्रकलत्रादौ तेषां विश्वासो रतिर्वा प्रतिभातीत्यर्थः।।४९।।

---

પુત્ર-સ્ત્રી આદિ સાથેના વાણી-કાયના વ્યવહારમાં તો સુખની ઉત્પત્તિની પ્રતીતિ થાય છે, તો તેનો (વ્યવહારનો) ત્યાગ કેવી રીતે યોગ્ય છે? તે કહે છે :-

શ્લોક – ૪૯

અન્વયાર્થ :- (देहात्मदृष्टिनां) દેહમાં આત્મબુદ્ધિ રાખનાર મિથ્યાદૃષ્ટિ બહિરાત્માઓને (जगत्) સ્ત્રી-પુત્ર-મિત્રાદિના સમૂહરૂપ જગત્ (विश्वास्यं) વિશ્વાસ કરવા યોગ્ય (च) અને (रम्यं एव) રમણીય જ ભાસે છે. પરંતુ (स्वात्मनि एवात्मदृष्टिनां) પોતાના આત્મામાં જ આત્મદૃષ્ટિ રાખનાર સમ્યગ્દૃષ્ટિ અંતરાત્માને (क्व विश्वासः) સ્ત્રી-પુત્રાદિરૂપ જગત્‌માં કેમ વિશ્વાસ હોઈ શકે? (वा) અથવા (क्व रतिः) કેમ રતિ હોઈ શકે? કદી પણ નહિ.

ટીકા :- દેહમાં આત્મદૃષ્ટિવાળા બહિરાત્માઓને પુત્ર-ભાર્યાદિ પ્રાણીસમૂહરૂપ જગત્ વિશ્વાસ કરવા યોગ્ય અર્થાત્ અવંચક (નહિ ઠગનારું) તથા રમ્ય જ એટલે રમણીય જ પ્રતિભાસે છે.

સ્વાત્મામાં જ એટલે સ્વસ્વરૂપમાં જ આત્મદૃષ્ટિવાળા અન્તરાત્માઓને વિશ્વાસ ક્યાં કે રતિ ક્યાં? તેમને પુત્ર-સ્ત્રી આદિમાં ક્યાંય પણ વિશ્વાસ કે રતિ પ્રતિભાસતી નથી-એવો અર્થ છે.

ભાવાર્થ :- જેને દેહમાં આત્મબુદ્ધિ છે તેને સ્ત્રી-પુત્ર-મિત્રાદિરૂપ જગત્ જ વિશ્વાસયોગ્ય અને રમ્ય-સુખદાયક લાગે છે અને તેથી તે તેમની સાથે વાણી કાયનો વ્યવહાર કરવાનો વિકલ્પ કરે છે.

જ્ઞાનીને સ્ત્રી-પુત્રાદિ બાહ્ય પદાર્થોમાં આત્મબુદ્ધિ નથી, તેમાં તેને વાસ્તવિક સુખ ભાસતું નથી અને તે વિશ્વાસયોગ્ય તથા રમણીય લાગતા નથી, તેથી તેને તેમની સાથે વચન-વ્યવહાર અને શરીર-વ્યવહારનો, અભિપ્રાયમાં, ત્યાગ વર્તે છે. આત્મા જ તેને વિશ્વાસ કરવા યોગ્ય અને રમ્ય જણાય છે અને તેમાં જ વાસ્તવિક સુખ ભાસે છે. તેથી તે જગતના પદાર્થોમાં સુખ હોવાનો વિશ્વાસ કેમ કરે? ન જ કરે.

**વિશેષ**

**અજ્ઞાની બાહ્ય પદાર્થોના સંયોગમાં સુખ માની તેનો વિશ્વાસ કરે છે, પણ તે સંયોગો પલટતાં યા તેનો વિયોગ થતાં તેના કલ્પેલા સુખનો અંત આવે છે. એ રીતે બાહ્ય સંયોગોના વિશ્વાસે તે છેતરાય-ઠગાય છે. વાસ્તવમાં અનુકૂળ કે પ્રતિકૂળ લાગતા સંયોગોમાં ક્યાંય સુખ નથી, છતાં તેમાં સુખ માની ઠગાઈ જાય છે.**

**જ્ઞાનીને પોતાનો આત્મા જ ઈષ્ટ છે-વહાલો છે. તેને જગત-જગતના પદાર્થો વહાલા-સુખરૂપ લાગતા નથી. સમકિતી ચક્રવર્તીને છ ખંડનું રાજ્ય અને હજારો રાણીઓ વગેરેનો સંયોગ હોય છે, પણ તેમાં તેને સુખ માટે સ્વપ્નેય વિશ્વાસ નથી. તેને તો પોતાના ચૈતન્યાત્માનો જ વિશ્વાસ છે અને તેમાં જ સુખ ભાસે છે. તેને 'જગત ઈષ્ટ નહિ આત્મથી.' ૪૯.**

## પોષ વદ ૧૪, રવિવાર તા. ૦૯-૦૨-૧૯૭૫
## શ્લોક-૪૯,
## પ્રવચન - ૬૧

સમાધિતંત્ર. ૪૯ શ્લોક. શિષ્યનો પ્રશ્ન છે અથવા એ પ્રશ્ન ઉઠાવ્યો છે. '**પુત્ર-સ્ત્રી આદિ સાથેના વાણી-કાયના વ્યવહારમાં તો સુખની ઉત્પત્તિની પ્રતીતિ થાય છે, તો તેનો (વ્યવહારનો) ત્યાગ કેવી રીતે યોગ્ય છે?**' એવો પ્રશ્ન. એનો ઉત્તર.

जगद्देहात्मदृष्टिनां विश्वास्यं रम्यमेव च।
स्वात्मनन्येवात्मदृष्टिनां क्व विश्वासः क्व वा रतिः।४९।।

**દેહાતમધી જગતમાં કરે રતિ વિશ્વાસ;**
**નિજમાં આતમદૃષ્ટિને ક્યમ રતિ? ક્યમ વિશ્વાસ? ૪૯.**

બહુ મર્મની વાત કરી છે. ટીકા ૪૯ની.

'**દેહમાં આત્મદષ્ટિવાળા...**' આ શરીર તે જ હું એવી દૃષ્ટિ જેની થઈ છે, રહી છે. એવા '**બહિરાત્માઓને પુત્ર-ભાર્યાદિ પ્રાણીસમૂહરૂપ જગત્ વિશ્વાસ કરવા યોગ્ય અર્થાત્ અવંચક (નહિ ઠગરનારું) તથા રમ્ય જ એટલે રમણીય જ પ્રતિભાસે છે.**' અજ્ઞાનીને દેહાત્મની બુદ્ધિ છે જેને. એ બહિરાત્મા એટલે બાહ્ય ચીજમાં પ્રેમ કરનારો છે એમ કહે છે. એ પુત્ર, સ્ત્રી, કુટુંબની સાથે વિશ્વાસ કરે કે આ મને અનુકૂળ છે, આ મને સુખના કારણ છે. એમ વિશ્વાસ કરે છે. મર્મની વાત

છે ઝીણી. દીકરા, દીકરીયું, જમાઈ, નોકર એના મુનિમો. સ્ત્રી આદિ, કાયાનો વેપાર અને વાણીનો વેપાર કરે એની મીઠાશ વર્તે છે. આહાહા..! કેમકે એને આત્મામાં આનંદ છે એ જોયો નથી, જાણ્યો નથી. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે એવો ભાસ થયો નથી, અનુભવ નથી એથી એ દેહને જ આત્મા માનનારા એવા દેહો જે સ્ત્રી, કુટુંબ, પરિવારને દેખી એની સાથે પ્રેમાળથી વાત કરે છે, વિશ્વાસ રાખીને વાત કરે છે. આ મને બધા સગવડતાના કારણ છે. મારા સમાધાનને માટે આ બધા કારણો છે. એમ પ્રીતિ કરીને... આહાહા..! પોપટભાઈ!

મુમુક્ષુ :- એમ જ ચાલી રહ્યું છે ને.

ઉત્તર :- ચાલી રહ્યું છે ને. એની તો વાત ચાલે છે. સ્ત્રી, કુટુંબ, પરિવાર એની સાથે પ્રેમથી. કેમકે એ દેહને જ આત્મા માને છે અને એમાં સુખના સગવડતાના નિમિત્તો એને એમાં પ્રેમથી એનો અભિપ્રાય ત્યાં વિશ્વાસ વર્તે છે એને. સમજાણું કાંઈ? આહાહા..! આચાર્યે વાત તો એવી કરી છે ધર્મની. શાંતિભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- આપની પાસે તો એમ જ કહે ને.

ઉત્તર :- પણ વાત એમ છે એમ એણે નક્કી જાણવું તો જોઈએ ને. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા સુખનું સ્થાન, આનંદને માટે વિશ્વાસ કરવાલાયક તો ભગવાન આત્મા છે. આહાહા..! પ્રિયકર અને આનંદનું ધામ અને વિશ્વાસ કરવાલાયક કે આ સુખસ્વરૂપ આત્મા છે. એવો જેને વિશ્વાસ નથી, એને આ શરીર અને શરીરની અનુકૂળતાવાળા સ્ત્રી, કુટુંબ, પરિવાર, દીકરા— એના ઉપર પ્રેમાળથી વાત કરે છે. આહાહા..! એ મને સુખના સાધન છે એવો એને અંદર વિશ્વાસ વર્તે છે અજ્ઞાનીને. આહાહા..!

મુમુક્ષુ :- ઊંડા કૂવામાં ઉતરતો જાય છે.

ઉત્તર :- ઊંડો ઉતરતો જાય છે. આહાહા..! આચાર્યે પણ કામ કર્યું છે ને! મિથ્યાત્વના ભાવને કઈ રીતે જગતને ખ્યાલ આવે એવું સ્પષ્ટીકરણ કર્યું છે. એને આત્મા આનંદ અને શાંતસ્વરૂપ છે એવો અંતરમાં વિશ્વાસ તો નથી અનાદિથી. એથી એને શરીર ઉપર જ જેની બુદ્ધિ છે. એથી શરીરના અનુકૂળ સગવડતાવાળા, વિષય માટે, આબરૂ માટે, ખાવા-પીવા માટે, ભાષાની અનુકૂળતા બોલીને એને રાજી કરવા માટે એ બધા સાધનો છે આ બધા. આહાહા..! શેઠ!

મુમુક્ષુ :- ત્યાગ ન કરે ને.

ઉત્તર :- આ સમકિતી અને મિથ્યાદષ્ટિની વાત છે. પછી સમકિતીને આવશે. હજી ગૃહસ્થાશ્રમ-માં પણ.

મુમુક્ષુ :- મુનિ નામ આપ્યું છે ને.

ઉત્તર :- એ જ કહું છું ને. એ મિથ્યાદષ્ટિ આમ છે અને સમ્યગ્દષ્ટિ બીજી રીતે છે એમ સ્પષ્ટ

કહે છે. ગૃહસ્થાશ્રમમાં રહેલો પણ સમકિતી, જેને આત્મામાં આનંદ છે એવો વિશ્વાસ આવ્યો છે. એને પરપદાર્થ પ્રત્યેના પ્રેમથી મને સુખ થાય છે એ બુદ્ધિ ઊડી ગઈ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ બેની જ વાત છે. આહાહા..! ત્રણ લોકનો નાથ આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ એકલો શાશ્વત સુખનું સ્વરૂપ જ પ્રભુ છે. એવા વસ્તુનો જેને વિશ્વાસ નથી આવ્યો. આહાહા..! અને જેને દેહ અને દેહની અનુકૂળતાવાળી ચીજમાં જેને વિશ્વાસ છે એમ કહે છે. એ મારા બધા વિષયોના અને સુખના કારણો, સાધનો છે એ બધા. આહાહા..! એથી એની સાથે વાત કરતા પણ પ્રેમાળથી સુખબુદ્ધિથી એનો વિશ્વાસ કરીને વાત કરે છે કહે છે. આહાહા..! પોપટભાઈ! ઘા મારે છે ઊંડો.

મુમુક્ષુ :- વાત કરવી ક્યાંથી?

ઉત્તર :- કરે જ નહિ, પણ આ તો કહે તો એને પ્રેમથી અને મીઠાશથી કરે છે એમ કહે છે. કરે કોણ ભાષા? આહાહા..!

આચાર્યે પોતાનું પડખું ફેરવી નાખ્યું છે. એથી પડખું જેણે ફેરવ્યું નથી એની કેવી દશા છે એનું વર્ણન કરે છે. આહાહા..! બહુ સ્પષ્ટ વાત છે.

'**દેહમાં આત્મદષ્ટિવાળા બહિરાત્માઓને પુત્ર-ભાર્યાદિ પ્રાણીસમૂહરૂપ જગત્ વિશ્વાસ કરવા યોગ્ય...**' છે. એ ઠગનારા છે એમ એ માનતો નથી. આહાહા..! સમજાય છે? એ ઠગનારા છે, એ વંચક છે. એકવાર કહ્યું હતુને ભાઈ તમારા નરભેરામ વકીલ નહિ? નરભેરામભાઈ વકીલ. વકીલ હતા ને? ૮૭માં વીંછીયાથી આવ્યા ત્યાં રાજકોટ. આવ્યા. પછી કહે કે મહારાજ! તમે વાત કરો છો કે આત્મા આવો ને આત્મા આવો.

મુમુક્ષુ :- એમના ભાઈ ભગવાનજીભાઈ વકીલ હતા.

ઉત્તર :- આ વકીલ નહોતા? નરભેરામભાઈ. એના દીકરા તો હતા ને. એ આ બિચારા હતા ભોળાભઠ જેવા. કાંઈ ન મળે.

એવું કહ્યું એણે. પૂછયું હતું. પહેલો પ્રશ્ન મૂક્યો હતો. ૮૭ની વાત છે. કહે, મહારાજ! તમે કહો છો કે આત્મા આવો ને આત્મા આવો અને એનો વિશ્વાસ થઈ શકે એવું લાગતું નથી. એ તમે કહો છો કે વિશ્વાસ થઈ શકે છે પણ એ વાત બેસતી નથી અમને. વિશ્વાસ શી રીતે થાય? આત્મા આમ છે ને તેમ છે. એવા વિશ્વાસવાળો માણસ તો હોઈ શકે નહિ. મેં કીધું એમ કહ્યું, નરભેરામભાઈ! તમે આ જે સ્ત્રી પરણ્યા જ્યારે ત્યારે સ્ત્રીની તમને ખબર નહોતી. હવે આ બધા સાથે લઈ જાય. પહેલા તો ક્યાં કાંઈ નહોતું. સગપણ એનો બાપ કરી આવે. હવે તો પંદર દિ' મહિનો સાથે ફેરવે એને. એવું બધું કરે છે. આ બધા લક્ષણ ફરી ગયા છે ને. પણ પહેલા તો ખબર પણ ન હોય. મા-બાપ કરી આવે પછી પરણે ત્યારે જ એને મેળાપ થાય. એ સિવાય એને કાંઈ ઓળખાણ પણ ન હોય. કીધું, ભાઈ એ કન્યાની તમને ખબર હતી? કે આ ઠગ છે કે આ શું છે? એ પરણીને અજાણી. કાંઈ ન મળે જાણેલું. પણ તમને વિશ્વાસ આવતો હતો કે આ મને સુખનું કારણ. વિશ્વાસ આવતો હતો કે

નહિ? હા.

અજાણી બાઈ કન્યા સોળ વર્ષની, અઢાર વર્ષની અજાણી કાંઈ કોઈ દિ' વાતચીતનો પ્રસંગ મળ્યો ન હોય. એને તમે પહેલે દિ'એ તમને વિશ્વાસ હતો કે નહિ કે આ મને સુખનું સાધન છે. તમે જાણ્યું નથી ને જોયું નથી ને સુખનું કારણ માન્યું? સ્વરૂપચંદભાઈ! બાપુ! વિશ્વાસ થઈ શકે છે. એ અજાણી ચીજ છે એનો વિશ્વાસ થયો કે આ મને સુખરૂપ નીવડશે અને મને સુખ આપશે. તો આ તો જાણેલી ચીજ આનંદનો નાથ પ્રભુ છે જાણક ચીજ પ્રસિદ્ધ છે. એનો જેને વિશ્વાસ આવ્યો એ વિશ્વાસ ન ફરે. આહાહા..! એ વિશ્વાસ એવો હોય કે અફર વિશ્વાસ હોય. આવા અજાણ્યાનો તમને વિશ્વાસ આવે છે? આહાહા..!

તો જાણીતો એવો ભગવાન આત્મા જેને જ્ઞાનમાં જાણવામાં આવે, એનો વિશ્વાસ ન થાય એમ બને નહિ. સમજાણું કાંઈ? આહાહા..! શું કીધું પોપટભાઈ! આ ૮૭ની વાત છે. વીંછીયાથી ભાઈ આવ્યા હતાને જ્યારે. નારણભાઈ વયા ગયા ને. મગજ અસ્થિર થઈ ગયું હતું. આવ્યા નહિ પછી. ભાઈ પણ હતા. લાભુભાઈ હતા. બેન હતા. મંગળાબેન પાછળથી આવ્યા. પણ વાત આ છે. વિશ્વાસ આવો આત્માનો છે એમ ત્રિકાળી છે, શુદ્ધ છે, આનંદ છે ને આ શું પણ તમે આ કહો છો? આવા વિશ્વાસુ માણસ તો અવિશ્વાસ હોઈ શકે જ નહિ. એય..! સ્વરૂપચંદભાઈ! અરે.. ભાઈ!

પરણીને પહેલી દિવસની રાત, અજાણી બાઈ. વાતચીત કરી નથી. મોઢું કદાચિત કોઈ વખતે જોઈ લીધું હોય. પહેલાં તો એવું કાંઈ નહોતું ને. હવે બધું સમજવા જેવું. એવી બાઈનો તમને વિશ્વાસ કે આ બાઈ મને છેતરશે નહિ. આહાહા..! મને સુખના કારણમાં આ નિમિત્ત થશે. નિમિત્ત એની તો ખબર પણ ક્યાં નિમિત્તની. સુખનું આ કારણ છે. વગર જોયેલો, વગર એનો અનુભવ કરેલો, એનો તમને વિશ્વાસ અને આ પ્રભુ ચૈતન્યમૂર્તિ આનંદનો નાથ એને જોઈને, જાણીને એને વિશ્વાસ ન આવે એ વાત નાસ્તિકો કહે છે. એ શેઠ! આહાહા..!

છોકરો ક્યાંથી આવ્યો હોય. દુશ્મન હોય ઓલો ત્રીજા ભવનો. માતાના પેટમાં આવે ત્યાં એની માને સપના પણ એવા આવતા હોય ડોળા ડોળા કે આને આમ કરું. આ શ્રેણિક રાજા લ્યોને. શ્રેણિક રાજાને જ્યારે કુણિક જે દીકરો હતો, પેટમાં આવ્યો એટલે એને કુણિકની વિચાર એને માને. શ્રેણિક છે એમના પિતા એનું કાળજું ખાઉં. આહાહા..! શાસ્ત્રમાં પાઠ છે એવો. આવો જે ડોળો આવ્યો ઓલા છોકરાને વિચાર થયો. એ છોકરો જન્મ્યો. એની માએ નાખી દીધો ઉકરડે. કે જેના પેટમાં રહ્યો એના બાપના કાળજા(ખાવાનો) ભાવ. અને એવું કરેલું ખરું દંભ પછી. અભયકુમાર હતો એક બીજો. શ્રેણિકરાજાનો પુત્ર. બ્રાહ્મણનો અભયકુમાર. આ નથી તમારે લખતા? અભયકુમારની બુદ્ધિ હજો. પ્રવિણભાઈ! નામામાં લખે છે નહિ? બાહુબળની બુદ્ધિ હજો.

મુમુક્ષુ :- બાહુબળનું બળ હજો.

ઉત્તર :- બાહુબળનું બળ હજો. લડવું હશે ક્યાંક એને. અને શાલીભદ્રની ઋદ્ધિ હજો. શાલીભદ્રની ઋદ્ધિ. ૯૯ પેટી ઉતરતી. આહાહા..!

મુમુક્ષુ :- કુબેરનો ભંડાર હજો.

ઉત્તર :- કુબેરનો ભંડાર.

એ અભયકુમાર બહુ હુશિયાર હતો. બહુ હુશિયાર ઘણો. એકવાર એની મા. આ ઓરમાન થાય ને? એને ઉદાસ હતી. એને અભયકુમારે કહ્યું કેમ મા! ઓરમાન માતા. પણ એ તો એ લોકો તો બહુ પ્રેમભાવ. માતાજી! આપ ઉદાસ કેમ છો? તમારા મોઢામાં ક્યાંય. ઉત્સાહ દેખાતો નથી. બેટા! મને ડોળો આવ્યો છે કે શ્રેણિકરાજાનું કાળજું ખાવ. હવે એ બા હું કોને કહું કહે. આહાહા..! અભયકુમારની બુદ્ધિ હજો એમ કહે છે ને. તેથી એણે બુદ્ધિ ફેરવી. મા! હું કરીશ. તમે નિશ્ચિંત રહો. બેસાડ્યા, સુવાડ્યા ક્યાંક આઘે. શું કીધું ભાઈ? ચેલણા. ચેલણા-ચેલણા. સુવાડ્યા અને શ્રેણિક રાજાને રાખ્યા આઘે, ઊંચે અને એના છાતી ઉપર બેશેર, પાંચશેર માંસ લાવીને ચોડ્યું. અભયકુમાર બુદ્ધિવાળો છે ને? તેથી લખોને તમે વાણિયા. અભયકુમારની બુદ્ધિ હજો. શ્રેણિક રાજાને સુવાડ્યા અને માંસ રાખીને બે ચાર અને એને દેખાડ્યું. છરી વડે કાપવા માંડ્યા. થોડુંક કપાય ઉપરનું માંસ. એ જાણે કે એનું કાળજુ કપાય છે. એટલે એ દઈને દીધું, ખાધું. એનો ડોળો શાંત થઈ ગયો. એવી બુદ્ધિ ફોરવી હતી એણે અભયકુમારે. .. ન પડે આ કાળજું કપાય છે. પોતે આમ આમ કરે છરીને કાપવા માંડે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ છે ખ્યાલ છે. પણ એ અત્યારે ... વાત નથી અત્યારે. કૃત્રિમ કર્યું હતું બધુંય. ખ્યાલ છેને કહેતા વખતે પણ ખ્યાલ છે. પણ કૃત્રિમ કર્યું હતું એવું આવે છે. સમજાણું કાંઈ? એ ડોળો મટી ગયો. સવા નવ મહિને જન્મ થયો. અરેરે..! પેટમાં હતો ને આ છોકરો.. રાજાને.. હવે એ મોટો થઈને શું કરશે? નાખી દીધો જન્મીને તરત ઉકરડે. ઉકરડો સમજો છો ને? કૂડા કા ઢેર. અને એમાં નાખ્યા ભેગો કૂકડો આવ્યો કૂકડો. કૂકડો નથી? કૂકડા નથી મુરગા. એ ઓલો એક દિવસનું બાળ અને રાજકુમાર. નાખ્યા ભેગું આમ ટચ મારી અને પરુ નીકળે. અને રાડે રાડ નાખે. રાણી પાસે આવ્યા. મેં તો આવી રીતે નાખી દીધો છે. અરે..! તારું પહેલું પેટ છે ને આ શું તે કર્યું? કે આ સાહેબ આમ થયું છે ને. એમ ન થાય. એમ કરીને એ શ્રેણિકરાજાએ જઈ ક્યાં ઉકરડે નાખ્યો છે? ઉકરડે ગયા. ત્યાં છોકરો રાડ પાડતો હતો, રોતો હતો. એક દિ'નું હતું. ઉપાડીને લઈને ઉચકીને પરુ કાઢીને શાંત કર્યો, છોકરાને લાવ્યા. સાચવજે બરાબર હવે.

એ જ્યારે કુણિક એના બાપને જ્યારે રાજ કરવા માટે કેદમાં નાખ્યો. .. કેદમાં નાખ્યા. કેદમાં નાખીને અને એ આવ્યો એની મા પાસે. માતાજી! કેમ છે આજ તમને? મા હું આજ રાજ પામ્યો. રાજમાં બેઠો. અરેરે..! દીકરા! આ શું કર્યું? આ તારા બાપને તારા ઉપર જન્મ વખતે જે પ્રેમ હતો. એ પરુ લઈને ચુસી કાઢીને આ તારો બાપ એને તું આ કરો છો? તેં કેદમાં નાખ્યા. શ્રેણિક સમકિતી હતા. શ્રેણિક રાજા તો ક્ષાયિક સમકિતી. ક્ષાયિક સમકિતી. તીર્થંકરગોત્ર બાંધતા હતા ક્ષણે ક્ષણે. એના છોકરાએ કેદમાં નાખ્યો.

મુમુક્ષુ :- છોકરા બાપને કેદમાં નાખતા હશે?

ઉત્તર :- બધા કેદમાં નાખે છે. હેરાન કરે છે. અમારા માટે આમ કરવું પડશે... અમારા માટે આમ.. ઝાઝા પૈસા ખરચવા માટે બાપુજી! એટલા બધા પૈસા ન ખર્ચાય અમે છીએ પાછળ. લાખ, બે લાખ નોંધાવે તો નહિ, પણ કદાચિત નોંધાવ્યા હોય, પચાસ લાખની મુડી હોય તો પાંચ-દશ લાખ મુંડાવે ક્યાંક એવે ઠેકાણે કે અરે.. પાપ કર્યા. છોકરા પાસે જાય. શું કર્યું બાપુજી આ? અમે છીએ કે નહિ પાછળ? ચાર છોકરા છે, એના છોકરા સોળ જણા છીએ. એમ ન અપાય. હું પણ કહી આવ્યો છું ને. કહી આવ્યા નહિ, ના પાડી દો. દશ લાખ નહિ અપાય. પાંચ-પચ્ચીસ હજાર ઘો. એવું કરે કેદમાં નાખ્યા એને. હાય.. હાય.. હવે શું કરવું? ઝાઝા માણસમાં બાપને કીધું હોય, ઓલા બાપપને છોકરા ના પાડે અંદરથી. એ બીજી રીતે પણ એવા ઠગ બધા થાય છે અંદર. બધા ઠગ જ છે હોં એ. આહાહા..! ધુતારાની ટોળી. ઓહો..! એ આજીવિકા માટે ધુતારાની ટોળી બધી ભેગી થઈ.

એ અહીં કહે છે કે અજ્ઞાનીને એ ધુતારાની ટોળી પ્રત્યે પ્રેમ વર્તે છે. એની સાથે વાતચીતના ભાવમાં પણ અભિપ્રાયમાં સુખરૂપ છે એવી રીતે એ વાત કરી રહ્યો છે કહે છે. આહાહા..! આચાર્યે ક્યાં નાખ્યું? સમજાણું કાંઈ? એ અવંચક—નહિ ઠગનારું એમ માને. આહાહા..! નહોતું કહ્યું એક રાજનું? રાજની એ રાણી હતી. રાજા મોટો, કરોડનો તાલુકો. રાણીને ખબર પડી કાંઈક ફેર પડ્યો રાજા સાથે. અને રાણીનું કાંઈક બોલવા ગયા રાજા. જુઓ! મહારાજા! આપણે બે જણા છીએ. ખાનગી કહું છું કે અમે ગરાસણીયું છે. ગરાસની દીકરી છીએ, નાગણીયું છીએ. અમને શું કહે છે? છંછેડશો નહિ. એય.. સ્વરૂપચંદભાઈ! અમને છંછેડશો નહિ. એ વાણિયા વેવલા નથી અમે અહીં. વાણીયુ વેવલીયું જેવી એં..એં.. એવી કરતીયું નથી અમે. ગરાસણીયું છીએ અને ગરાસની દીકરીયું છે. તમે જો અમને કાંઈક કહેવા માગશો તો વિચારવું પડશે તમારે. હાય.. હાય.. બહારમાં બહુમાન દેખાય. રાજા-મહારાજ જાણે. અંદરમાં બાયડી આવી, એમ કહે. એય..! આહાહા..!

૨૦ વર્ષની છોકરી થઈ હોય અને સગપણ સરખું ન ગોઠતું હોય એનો ધણી. હળવે જઈને કહે અંદર. કાંઈ અક્કલ નથી તમને આ? ૨૨ વર્ષની મોટી જોધા જેવી થઈ. એનો એક એક દિ' આકરો જાય છે. તમને અક્કલ નથી કાંઈ? હા. આહાહા..! ભાઈ હવે ગોઠશું. એમ કરીને એને હળવે હળવે કહેવું પડે બધું. આહાહા..! કહે છે કે જગત ઠગ્યું છે એને. જગતના પ્રાણી એનો વિશ્વાસ અજ્ઞાની કરી ઠગાયો છે, ઠગાયો છે. આહાહા..! ભાષા પ્રેમથી વાતું કરે આમ ને આમ જાણે. આહાહા..!

એ કહે છે કે જુઓ! **'અવંચક (નહિ ઠગનારું) તથા રમ્ય જ એટલે રમણીય જ પ્રતિભાસે છે.'** આહાહા..! વિસ્તાર કરશે પછી હોં. **'સ્વાત્મામાં જ એટલે સ્વસ્વરૂપમાં જ આત્મદષ્ટિવાળા...'** પણ જેને ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ છે. આહાહા..! મારા સુખનું સ્થાન, આનંદનું ધામ તો હું છું. આહાહા..! એવી જેને સમ્યગ્દષ્ટિ પ્રગટી છે. આહાહા..! મારા ક્ષણે ક્ષણે પરિણમનમાં આનંદનો પ્રવાહ વહે તો તે હું છું. આહાહા..! મારી શાંતિ અને મારા આનંદને માટે, મારા સુખને માટે, મારી સ્વસ્થતા, સ્વસ્થતા, નિર્મળતા જળવાય એવું સાધન તો હું આત્મા

છું. એવી જેને સમ્યક્દૃષ્ટિ થઈ છે. આહાહા..! એવું જેને અંતરાત્માપણું, અંતર આત્મપણું પ્રગટ્યું છે, બહિરાત્મપણું બહિરમાં સુખબુદ્ધિ જેને ઊડી ગઈ છે. આહાહા..! સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિ જીવ એને કહીએ.. આહાહા..! જેને સ્વ આત્મામાં, સ્વસ્વરૂપમાં.. સ્વ-આત્મા. સ્વ-સ્વરૂપ. આનંદનું સ્વરૂપ છે, જ્ઞાનનું સ્વરૂપ છે, શાંતિનું સ્વરૂપ છે, પ્રભુતાની એવી એ શક્તિઓનો એ સાગર છે. આહાહા..! એવી જેને સમ્યક્દૃષ્ટિ, સાચી દૃષ્ટિ, સત્યને સત્ય તરીકે સ્વીકારીને... આહાહા..! મારામાં સુખ ને આનંદ ને શાંતિ એવું સત્સ્વરૂપ જ હું છું. એવું જેને અંતર દૃષ્ટિમાં, સમ્યગ્દૃષ્ટિને જ્યાં સ્વીકાર થયો છે એ '**આત્મદૃષ્ટિવાળા અન્તરાત્માઓને વિશ્વાસ ક્યાં કે રતિ ક્યાં**?' આહાહા..! એને ક્યાંય બહારમાં વિશ્વાસ ને રતિ ઊપજતી નથી. સ્ત્રી, કુટુંબ, પરિવારમાં ક્યાંય વિશ્વાસ નથી. એમ છે. અરે.. દુનિયા ક્યાં અટકીને પડી છે!

ધર્મી જીવ સુખબુદ્ધિ જેની આત્મામાં થઈ છે. કેમકે એમાં સુખ છે. આહાહા..! જેને આત્મામાં અતીન્દ્રિય આનંદ છે, એવી જેને બુદ્ધિ થઈ છે એવી સત્યબુદ્ધિવાળો એ અંતરાત્મા અંતર છે તેવો આત્મા એને પ્રતીતમાં આવ્યો. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે એને વિશ્વાસ '**પુત્ર-સ્ત્રી આદિમાં ક્યાંય પણ વિશ્વાસ...**' આહાહા..! વિશ્વાસનું સ્થાન તો પ્રભુ પોતે છે એમ ભાસ્યું છે. જુઓને એ ભાષા કેવી કરી આચાર્યે! આહાહા..! દિગંબર આચાર્યોએ કરુણા કરીને જગતને એની ભૂલની ભ્રમણાઓ કેવી છે એ એને બતાવે છે. આહાહા..! ભાઈ! તું ભગવાનને ભૂલી ગયો છો. તારો મહિમાવંત પ્રભુ અંદર બિરાજે છે. અતીન્દ્રિય આનંદનું ધામ એને મૂકીને તું ક્યાં વળગ્યો બીજે ભાઈ! આહાહા..! શેનો તને ત્યાં વિશ્વાસ આવ્યો? જ્ઞાનીને કોઈ રતિ ને વિશ્વાસ આવતો નથી. આહાહા..!

ધર્મી જીવને પોતાના આત્માના સિવાય પરમાં વિશ્વાસ આવતો નથી અને પરમાં રતિપણું માનતો નથી. આહાહા..! બે વાત લીધી. ઓહોહો..! છે? '**તેમને પુત્ર-સ્ત્રી આદિમાં ક્યાંય પણ વિશ્વાસ કે રતિ...**' બે બોલ હોં. આહાહા..! અમને આ સ્ત્રી ચક્રવર્તીની રાણી હોય, એક હજાર દેવ સેવા કરે જેની, એના ઉપર પણ એને વિશ્વાસ નથી. ત્યાં સુખ ક્યાં છે? આહાહા..! અને એના ઉપર એને રતિનો પ્રેમ નથી. આહાહા..! જુઓ આ ધર્મદૃષ્ટિ. અહીં તો કાંઈ ભાન ન મળે અને અમે ધર્મી છીએ. અરે..! ભાઈ! ધર્મીની દૃષ્ટિ અને ધર્મીના મુખ કાંઈ જુદી જાતના હોય છે. આહાહા..! જેને ચૈતન્યમૂર્તિ ભગવાન અતીન્દ્રિય આનંદનો સાગર જ્યાં પડ્યો છે એવો જેને વિશ્વાસ આવ્યો છે. આહાહા..! એ ભલે ગૃહસ્થાશ્રમમાં છ ખંડના રાજમાં દેખાય પણ એને ક્યાંય પરપદાર્થમાં આ ઠીક છે એવો વિશ્વાસ ઊડી ગયો છે. આ ઠીક છે એવો વિશ્વાસ ઊડી ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ?

શરીર પણ ઠીક છે એ વિશ્વાસ ઊડી ગયો છે. આહાહા..! માટીનો પીંડલો જડ માટી ધૂળ માંસ અને હાડકા ક્યારે ક્ષણમાં દગો દેશે. આહાહા..! આ જુઓને હમણાં ન થયું બિચારા નટુભાઈ આવ્યા છે ને. જામનગર નહિ? એના બનેવી પાંચ-સાત મિનિટમાં દેહ છૂટી ગયો. સવારમાં ઉઠ્યા, આઠ વાગે બેઠા હતા બિચારા. દુઃખે છે એમ કીધું ત્યાં તો... ડોક્ટર આવ્યા ત્યાં તો છૂટી ગયો દેહ.

હમણાં ૫૧ વર્ષની ઉંમરે. ઘણા વર્ષથી તો નહોતા બોલાવતા. જુદા રહેતા. બીજે રસ્તે ચડી ગયેલ તે. બે-ચાર વર્ષથી ભેગા રહે છે ત્યાં આમ થયું. આહાહા..! આ તો વાત છે. આહાહા..! આવ્યા હતા બિચારા નહિ? ચુનીભાઈનો દીકરા ને ચુનીભાઈની દીકરી. આપણે અમૃતલાલ અહીં નહોતા છાપખાના. એના ભાઈ. એની દીકરી. વાત આમ જરી દુઃખે એમ કીધું ત્યાં તો પાંચ-સાત મિનિટમાં. લ્યો આ વિશ્વાસનું સ્થાન એને. આહાહા..! આમ જ છે. આહાહા..!

અમારે આ છોકરાઓ જુઓને ભાઈના. ભાણેજ બેય મરી ગયા છે. બિચારો મનહર. સુરતમાં મનહર. અને ફાવાભાઈની દીકરો. હવે એક ભાણેજ મરી ગયો દીવાળીના દિવસે, ૪૨ વર્ષની ઉંમર. એ લોકો છે ઠીક આજીવિકા છે બધા પાસે. આની પાસે ઝાઝા પૈસા. એના મામા મનહર. ૩૦ લાખથી વધારે હશે. ૨૫ તો મારી પાસે કબુલ્યા હતા. એ રામજીભાઈએ કબુલાવ્યા હતા. રામજીભાઈએ. ૨૫-૩૦ લાખ. ત્રણ મહિનામાં બે ભાણેજ મરી ગયા. એક ૪૨ અને એક ૩૮. અરે.. ક્યાંનો ક્યાં? કેન્સર થયું છે. કોક કહે કેન્સર થયું છે. લીવરનું કેન્સર. કોક કહે ગુદાનું કેન્સર. અરરર.. આ જગતના જડ પદાર્થ! કોનો વિશ્વાસ કે ક્યારે આ છૂટશે અને ક્યારે રહેશે?

ધર્મીને શરીર અને શરીરના સંબંધીઓનો વિશ્વાસ ઊડી ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ? એ વહાલામાં વ્હાલી જેને અર્ધાંગના કહે એના ઉપર પણ ધર્મીની વિશ્વાસ દૃષ્ટિ ઊઠી ગઈ છે. આહાહા..! જુઓ એક આ ચીજ! કરવટ ફેરવી નાખી છે. પડખું ફરી ગયું છે. અજ્ઞાનીનું પડખું આત્માના આનંદના વિશ્વાસમાંથી છૂટી અને પરના શરીર ઉપરના પ્રેમ અને શરીરની સગવડતાના નિમિત્તો સ્ત્રી, કુટુંબ, પરિવાર, દીકરા, બાયડીયું બધું. શરીરના રમાડનારા બધા. એનો પ્રેમ અજ્ઞાનીને થંભી ગયો છે ત્યાં. આહાહા..! જ્ઞાનીનો પ્રેમ ત્યાંથી ઊડી ગયો છે. આહાહા..! છ ખંડના રાજમાં દેખાય સમકિતી, છન્નું હજાર સ્ત્રીના વૃંદમા દેખાય. ક્યાંય સુખબુદ્ધિ નથી. બધેથી સુખબુદ્ધિ ઊડી ગઈ છે. આહાહા..! તો કહે સુખબુદ્ધિ ઊડી હોય તો શું થયું? છોડીને બાવો ન થાય? એય..! શેઠ!

મુમુક્ષુ :- પરપદાર્થને કોણ છોડે?

ઉત્તર :- કોણ છોડે બાપુ! એ બાવો છે. હું આ નહિ.. આ નહિ.. મને એનાથી સુખ નહિ, એ મારા નહિ, હું એનો નહિ, મારી કોઈપણ પ્રીતિની ચીજ એ નહિ.

મુમુક્ષુ :- માન્યતામાં સુખ નથી.

ઉત્તર :- માન્યતામાં સુખ નથી. વાત એ. આહાહા..! બહુ બાપુ વાતું! અહીં તો ધર્મની વાત છે. આ કાંઈ બહારના ખાવા, પીવા અને મજા પડે, ઠીક પડે આવો જે વિશ્વાસ મારી નાખે છે એને. એના ચૈતન્યના જીવનના જોખમે જગતમાં સુખ માનીને મરી ગયો છે એ. આહાહા..! મારો આનંદ અને મારું સુખ એ હું પોતે સુખરૂપ અને આનંદરૂપ છું ત્યાં એ આનંદના ઝરણા ઝરે એવો જેને આત્માનો વિશ્વાસ આવ્યો છે. આહાહા..! એને જગતની કોઈ ચીજ પ્રત્યે પ્રેમ આવતો નથી. આહાહા..! ક્યાંય એનો વિશ્વાસ આવતો નથી અને ક્યાંય એને રતિ મળતી નથી. આહાહા..! ભારે સુખ ભાસતું (નથી)રતિ ભાસતી નથી. આહાહા..! ભારે વાત ભાઈ! આહાહા..! સમાધિશતકની.

સમાધિતંત્ર છે આ.

'**ભાવાર્થ :- જેને દેહમાં આત્મબુદ્ધિ છે તેને સ્ત્રી-પુત્ર-મિત્રાદિરૂપ જગત્ જ વિશ્વાસયોગ્ય...**' એ પોતા સિવાયના પરપદાર્થ જેને વિશ્વાસ યોગ્ય થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! એ સ્થાન, એ ક્ષેત્ર, એ ભાવ, એ વસ્તુ એમાં વિશ્વાસ, વિશ્વાસ જાણે કે અહીં અમે આમાં કાંઈક ઠરશું. અજ્ઞાનીને બધો વિશ્વાસ ત્યાં થઈ ગયો છે. જગત આખું તેને વિશ્વાસને યોગ્ય થઈ ગયું છે. એક વિશ્વાસને યોગ્ય આત્મા રહ્યો નથી એને. આમ કહે છે. આહાહા..! પુણ્યના ભાવમાં એને વિશ્વાસ કે આ ટકશે બધું. આપણે જીવશું ત્યાં સુધી આ બધું ટકશે. આબાદી રહેશે. જુઓને એનો વિશ્વાસ! આહાહા..!

આ બિહારમાં જ્યારે ધરતીકંપ થયોને ત્યાં એક કરોડપતિ. ઘોડાગાડીમાં બેસીને ફરવા ગયો. આઠેક હજારની ઘડિયાળ એવી હશે એની પાસે. ફરવા જઈને જ્યાં આવે છે ત્યાં કુટુંબ ને કરોડનું મકાન નીચે. બાવો. આહાહા..! બાપા! શેના વિશ્વાસ ભાઈ! મજબુત મકાન કરાવ્યા છે, એનો એને વિશ્વાસ. આહાહા..! શું કહેવાય સિમેન્ટથી. સિમેન્ટ-સિમેન્ટ. એના પાયામાં સિમેન્ટ, ઉપર સિમેન્ટ. વિશ્વાસ... વિશ્વાસ.. એ ધરતીકંપનો એક આંચકો આવે..

મુમુક્ષુ :- ધરતીકંપ ચાલે જ છે.

ઉત્તર :- ચાલે છે ને. ક્યાંક આવ્યું હતું હમણા. થાય, થાય. એ એવું થવાને કાળે થાય. એ વસ્તુ અનિત્ય છે એમાં એને ટકાવવા માગે એ તો એની ભ્રમણા છે. જે વસ્તુ અનિત્ય છે, ભગવાન નિત્યાનંદનો નાથ એવું નિત્યપણું ભાસ્યું નહિ એટલે જગતને નિત્ય કરવા માગે છે. એને કાયમ રાખવા અને કાયમ સ્થિતિમાં એને રહેવા માગે છે. આહાહા..! ઓહોહો..!

કહે છે કે '**તેમની સાથે વાણી કાયનો વ્યવહાર કરવાનો વિકલ્પ કરે છે.**' જોયું! '**જગત્ જ વિશ્વાસયોગ્ય અને રમ્ય-સુખદાયક લાગે છે અને તેથી તે તેમની સાથે વાણી કાયનો વ્યવહાર...**' આહાહા..! દેહની અનુકૂળતાની ચેષ્ટા પણ વિશ્વાસ જગત સાથે કરે છે અને એની જગતની ચેષ્ટાઓ એને વ્હાલી લાગે છે. આહાહા..! ભારે વાત ભાઈ! વાણીના વેપારમાં પણ એને પરમાં મીઠાશ... મીઠાશ... મીઠાશ... લાગે છે. અને એની સ્ત્રી ને દીકરાની વાણી પણ એને મીઠી લાગે છે. આહાહા..! ભારે વાતું ભાઈ!

આવું તો બાવો થાય તો થાય એમ કોઈ કહેતું હતું. ઓલો ભાઈ આપણો નહિ? અમૃતલાલ. જરીયામાં છે ને. એ તમે કહો બાવો, પણ બાવો જ છે. ક્યાં હતું તારામાં કાંઈ? રજકણ અને જગતની ચીજોનો તારી ચીજમાં ત્રણે કાળે અભાવ છે. ત્રણથી તો બાવો જ છો પરથી. માન્યું છે કે હું આમાં છું. એ તો તારી ભ્રમણા છે. કાંતિભાઈ! પણ આમ ત્રણ છોકરા, ભર્યા હાથનું કામ ચાલે, પૈસા પેદા થાય. પચાસ હજાર, લાખ, બે લાખ અને પંકજ જેવો છોકરો હોય તો તો... આહાહા..!

ભાઈ! આચાર્યે એવી શૈલી લીધી છે કે વિશ્વાસ જેને કરવો જોઈએ આત્માનો એ વિશ્વાસ પ્રતીતિ ઉપરની વાત લેવી છે. આહાહા..! પ્રભુ આનંદ અને જ્ઞાનના સ્વભાવથી ભરેલો પ્રભુ, જેમાંથી જ્ઞાન અને આનંદના ઝરણા ઝરે, એનો વિશ્વાસ ન કરતા, પ્રભુ જે નાશવાન ચીજો,

સંયોગે આવીને વિયોગે દગો દેશે તને. ક્ષણમાં દગો દેશે. આહાહા..! એનો તને વિશ્વાસ, એમાં તને રતિ અને એ સ્ત્રી અને દીકરા અને દીકરી સાથે વાણીના વેપારમાં તને મીઠાશ લાગે છે, રતિ ઊપજે છે, કાયાના વેપારે તને રતિ દેખાય છે. આહાહા..! આચાર્યે અંતરના ઘાની વાતું કરી છે. આહાહા..!

કહેને અમે ધર્મી છીએ. બાપા! ધર્મી કોઈ જુદી ચીજ છે. સમજાણું કાંઈ? જ્ઞાનીને. છે? ઓલા વાણી કાયનો વેપાર કરવાનો વિકલ્પ કરે છે હોં. આ સ્ત્રી. હશે બીજાની સ્ત્રીઓ. પણ મારી સ્ત્રી તો... આહાહા..! ગાંડાના ગામ જુદા હોય છે કાંઈ? એય.. શાંતિભાઈ! આ તો બધું સંસારનું પોકળ દેખાય છે. આહાહા..! એ સ્ત્રીને, પુત્રને એની સાથે એમાં દીકરાની વહુ વળી હુશિયાર ક્યાંકથી આફ્રિકાની ભણીને આવી હોય. એને ઉઘાડે મોઢે તો અત્યારે વાતું કરે. સાસરો ને વહુ જ્યારે. આહાહા..! પ્રેમાળથી વાત કરતા હોય. એય..! ભલે બીજો રાગ નહિ પણ આ મારા દીકરાની વહુ! આવી હુશિયાર! દીકરો પણ ભાગ્યશાળી છે. આવો વિશ્વાસ અજ્ઞાનીને પરનો આવે. આહાહા..! અને એમાં એને રતિ ઊપજે. આહાહા..! આ બધા પરને પોતાના માનવાના આ લક્ષણ છે કહે છે. આહાહા..! ભારે ભાઈ! આચાર્યોને સંસારનું પોકળ ઉઘાડવું છે બધું. આહાહા..!

જ્ઞાની, ધર્મી જીવને.. આહાહા..! '**સ્ત્રી-પુત્રાદિ બાહ્ય પદાર્થોમાં આત્મબુદ્ધિ નથી,...**' તે હું નથી, એ મારામાં નથી, એ મને સુખના કારણો નથી. આહાહા..! ઓહોહો..! વ્હાલામાં વ્હાલી સ્ત્રી, સુંદર સ્ત્રી, રૂપાળી સ્ત્રી, કોમળ શરીર, કહે છે કે એ મને વ્હાલપ કરવા જેવી મારી ચીજ નથી. ધર્મીને એનામાં સુખબુદ્ધિ ઊડી ગઈ છે. આહાહા..! સત્ય છે તેવું સત્યનું જ્ઞાન થતાં અસત્યનો ભાવ જે હતો આ મારા અને પ્રેમ એ ઊડી ગયો છે કહે છે. આહાહા..!

'**તેમાં તેને વાસ્તવિક સુખ ભાસતું નથી...**' આહાહા..! '**અને તે વિશ્વાસયોગ્ય તથા રમણીય લાગતા નથી...**' બે વાત લીધી છે ને. '**क्व विश्वासः क्व वा रतिः**' બે વાત છે. આહાહા..! ધર્મીને આત્માના આનંદ સિવાય કોઈ ચીજમાં તેને વિશ્વાસ અને રતિપણું ઊડી ગયું છે. સમજાણું કાંઈ? આહાહા..! આ તો છોકરા સારા રળાઉ થાય અને બાપુજી! બાપુજી! કરીને આવે તો ઓલો થઈ ગયો હું પહોળો અને શેરી સાંકડી થઈ જાય. આહાહા..!

વહુ પરણીને આવે અને સાસુને પગે લાગે નીચે. સો વર્ષની થાજો અને શું કાંઈક કહે છે. સો દીકરાની મા થાજો એમ કહે છે. એવી વાતું કરે છે. આપણે ક્યાં.. આહાહા..! એટલે ત્યાં સુધી તું દુઃખી થાજે. ઘડપણ કરજે અને મરી જજે પછી. આહાહા..! ઓલી રાજી રાજી વહુ થાય. પગ દાબે ને એટલે. આહાહા..! આ જગતની દુઃખની જંજાળ. શું કહેવાય? આ ઠગ ઠગ કરે છને શું કહેવાય આ? ઈન્દ્રજાળ. ઈન્દ્રજાળ પણ ઈન્દ્રજાળમાં આ નથી બતાવતા ઓલા કાંતિભાઈ? માયાજાળ. કાંતિ નથી બતાવતો કાંતિ? કે.લાલ. કે.લાલ છે ને ભાઈ? આવ્યો હતો, મારી પાસે એકવાર આવ્યો હતો, એકવાર આવ્યો હતો અહીં. ત્યાં પણ આવ્યો હતો રાજકોટ. પાંચ-પાંચ હજાર એક રાતના લે. પછી ત્યાં અમે હતા તો આવ્યો હતો. મહારાજ! અમે તો આ બધું ઠગ છે કહે આ. એવું શું કીધું હતું?

મુમુક્ષુ :- ધતીંગ.

ઉત્તર :- હા ધતીંગ. આ બધું ધતીંગ છે. એવું બતાવે પણ હોં. બાયુંને કાપી નાખે. લાકડામાં દેખાય. ત્યાં બોલાવે આવ. જોવે તો લોકો તો આહાહા..! બધી માયાજાળ. વચનની અને હાથની ચતુરાઈ. એ પોતે બિચારો એમ કહે, ઠગ છીએ અમે ધુતારા છીએ. આહાહા..! મરી જશો હવે આમ ને આમ કરીને. ભલે બે લાખ, દશ લાખ થયા હશે. બબ્બે લાખ પેદા કરે છે. મરી જશો કીધું આમાં. આત્મસિદ્ધિ આપી હતી પછી. નરમ માણસ. આ વાંચો વાંચો કાંઈક સમજો બાપા! આ મરી જાય, લાખ રૂપિયા પેદા કરે. પાંચ-પાંચ હજાર એક એક કાંઈક કેટલા લીધા હતા. ચાર-પાંચ લાખ. ત્રણ કલાકના પાંચ લીધા હતા. એવું કાંઈક બતાવે છે ને.

મુમુક્ષુ :- ટેલીવિઝન.

ઉત્તર :- ટેલીવિઝન. આખા જાપાનને બધાને બતાવ્યું હતું. ત્રણ કલાક હોં. પાંચ લાખ કે એમ કાંઈક લીધા. ધૂળેય નથી ઈન્દ્રજાળ તારા છે બધા. પૂર્વના પુણ્યને લઈને આ બધા દેખાવ. પૂરું થઈ જશે જે દિ' પુણ્ય જાશે તે દિ'. આહાહા..! ધૂળમાંય નથી કાંઈ. .. જાદુગર-જાદુગર. એ જાદુગરી કરે છે. એમ આ બધી જાદુગરી સંસારની.

જ્ઞાનીને '**તે વિશ્વાસયોગ્ય તથા રમણીયલાગતા નથી, તેથી તેને તેમની સાથે વચન-વ્યવહાર...**' જગતને અને સ્ત્રી, કુટુંબની સાથે વચનનો વ્યવહાર બોલે છતાં તેમાં એવો પ્રેમ નથી કહે છે. આહાહા..! દુશ્મનોની સાથે જેમ વાત કરતો હોય એમ એને લાગે. આહાહા..!

મુમુક્ષુ :- એમાં વાંધો પડે.

ઉત્તર :- વાંધા જ છે સદાય. આહાહા..! વાંધાવાળું ઘર આખું છે આ સંસાર. આહા..! બાપુ પણ ક્યાં હતો.

ઓલું નહોતું? આ જૈન સિદ્ધાંત પ્રવેશિકાના કરનારા ગોપાળદાસ બરૈયા. પંડિત માણસ. જૈન સિદ્ધાંત પ્રવેશિકાના. બાયડી એવી કભાર્યા. વાતું કરવા બેઠા હશે પંડિતને બધા ભેગા થઈને. એમાં આવી. પહેલું તો કીધું કે શું આ કરી બેઠા છો? નહિ લાવવું, નહિ કરવું, આમ કરવું. ખૂબ બોલી. બોલીને અંદર જઈને એંઠવાડનું હતું ને? એંઠવાડનું શું કહેવાય એ? તમારા નામેય ભૂલી ગયા. હાંડલું. હાંડલું એંઠવાડનું ભર્યું હતું તે પંડિત ઉપર નાખ્યું. પંડિત કહે, ભાઈ જુઓ ગાજે એ વરસે. હમણા ગાજી ગઈ હતી ને તે વરસી. શું કરે બિચારા? પંડિત નરમ માણસ હતા. અને જાણે કે સંસાર તો એવો જ છે. જૈન સિદ્ધાંત પ્રવેશિકા બનાવી છે ને. બીજા પંડિતો બેઠા હતા. આ શું? એ સંસાર. એ ગાજી હતી ને હમણાં? ગાજ્યા પછી વરસે. આ એંઠવાડ નાખ્યા માથે. હવે આપણને ધોઈ નાખીએ. બીજું શું? આ સંસાર. બધો એવો જ છે હોં. ખાનગીમાં એને લાવ તો કહે અમારે ઘરે સારી છે. એ બધી નાગણું છે. એય.. શાંતિભાઈ! આવો સંસાર! આહાહા..!

'**વિશ્વાસયોગ્ય તથા રમણીય લાગતા નથી, તેથી તેને તેમની સાથે વચન-વ્યવહાર અને શરીર-વ્યવહારનો, અભિપ્રાયમાં ત્યાગ વર્તે છે.**' આહાહા..! અભિપ્રાયમાં શરીર, વાણી પણ મારી નહિ અને હું એની સાથે વાત જ કરતો નથી. હું તો જાણનાર છું. એમ શરીરની ક્રિયા થતા

વખતે પણ, મને તેમાં સુખ નથી અને હું એમાં જાતો નથી. હું તો એ ક્રિયા થાય તેનો જાણનાર-દેખનાર છું. આહાહા..! ભારે વાતું ભાઈ! આવો ધર્મ!

ભાઈ! સત્યદૃષ્ટિ અને અસત્ય દૃષ્ટિનો ઊગમણો-આથમણો ફેર છે. સમજાણું કાંઈ? એવી એમ નહિ કે આ જુઓ અમે ધર્મ કરીએ માટે સમકિતી છીએ. બાપુ! એ વાત તો ઊંડી છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'અભિપ્રાયમાં ત્યાગ વર્તે છે.'** અભિપ્રાયમાં ત્યાગ વર્તે છે શેઠ! એ મારા નથી. મને તેમાં સુખબુદ્ધિ નથી. મને તેમાં સુખબુદ્ધિએ તેનો પ્રેમ નથી. આહાહા..! આવા ધર્મીની દૃષ્ટિ સત્ય ઉપર હોય છે તેથી પરના જગતનો એને વિશ્વાસ ઊડી ગયો છે અને આખા જગત ઉપરથી તેને રતિ ઊડી ગઈ છે. આહાહા..! સમજાણું કાંઈ? **'આત્મા જ તેને વિશ્વાસ કરવા યોગ્ય...'** એ ધર્મી જીવને તો આત્મા જ વિશ્વાસ કરવાયોગ્ય, રાગનોય વિશ્વાસ કરવાયોગ્ય નથી. આહાહા..! એ કર્મના નિમિત્તના સંગે ક્યારે શું રાગ થાય? કયો થાય? એ વિશ્વાસ નથી એને. વિશ્વાસ ભગવાન આત્માનો છે. આહાહા..! ભારે આવી વાતું. દિગંબર સંતોએ જગતની ઝંઝાળને ઉકેલીને ખુલ્લા મૂકી દીધા છે. આવી જગતનો બધી જંજાળ છે ભાઈ!

**'અને તેમાં જ વાસ્તવિક સુખ ભાસે છે.'** જ્ઞાનીને. **'તેથી તે જગતના પદાર્થોમાં સુખ હોવાનો વિશ્વાસ કેમ કરે?'** શું કહે છે? આત્મામાં જ સુખ ભાસે છે એમ કહે છે. ધર્મીને. **'તેથી તે જગતના પદાર્થમાં સુખ હોવાનો વિશ્વાસ કેમ કરે? ન જ કરે.'**

**'અજ્ઞાની બાહ્ય પદાર્થોના સંયોગમાં સુખ માની તેનો વિશ્વાસ કરે છે,...'** જરી સ્પષ્ટ કરે છે. **'અજ્ઞાની બાહ્ય પદાર્થોના સંયોગમાં સુખ માની તેનો વિશ્વાસ કરે છે, પણ તે સંયોગો પલટતાં યા તેનો વિયોગ થતાં તેના કલ્પેલા સુખનો અંત આવે છે.'** આહાહા..! ધણી મરી જાયને જ્યારે નાની ઉંમરમાં પછી બાયું રોવે. ઊંડે કૂવે ઉતારી તમે દોરડા કાપ્યા. શું કાંઈક ભાષા છે?

મુમુક્ષુ :- વરત વાઢ્યા.

ઉત્તર :- વરત વાઢ્યા. આહાહા..! આ બધું સાંભળેલું હોં અમારે. મોટા ભાઈ હતા ને એ નાની ઉંમરમાં ગુજરી ગયા. ૪૮... ૫૭ની સાલમાં. ૯ વર્ષના લગન. બૈરા. છોકરો એક જ છે. એક વર્ષનો. એ મરવા ટાણે અમારી ઉંમર તે વખતે ૧૧ વર્ષ. ઓલી બાઈ રોતી હતી મોટાભાઈની વહુ. અરે.. ઊંડે ઉતારીને વરતું કાપી. બધી કલ્પના બધી ભ્રમણાઓ. આહાહા..! કહે છે કે અજ્ઞાનીઓને બહારમાં વિશ્વાસ છે, જ્ઞાનીને બહારમાં વિશ્વાસ છે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ ૧૫, સોમવાર તા. ૧૦-૦૨-૧૯૭૫**
**શ્લોક-૪૯-૫૦,**
**પ્રવચન - ૬૨**

સમાધિતંત્ર છે. ૪૯. એમાં વિશેષ.

અજ્ઞાની... આત્મા આનંદસ્વરૂપ છે, અતીન્દ્રિય જ્ઞાન અને આનંદની મૂર્તિ આત્મા છે. એવો જેને અનુભવ નથી એ અજ્ઞાની આત્મા બાહ્ય પદાર્થો સંયોગમાં સુખ માને. કેમકે આત્મા જે શાંત અને અનાકુળ આનંદસ્વરૂપ છે એનું સમ્યગ્દર્શનમાં ભાન થવું જોઈએ એ એને થયું નથી. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શનમાં આત્મા અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન સ્વરૂપ છે. એવું જ્ઞાનીને-ધર્મીને અતીન્દ્રિય આનંદ મારામાં છે એવું એને વેદન થયું છે. એથી એને આત્મા સિવાય કોઈ પુણ્ય અને પાપના ભાવ કે બાહ્ય આખું જગત એમાં ક્યાંય એને સુખ ભાસતું નથી. આહાહા..! આવી વાત છે.

અજ્ઞાનીને આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ પૂર્ણાનંદ સ્વરૂપ છે એવો અનુભવ નથી, એથી '**અજ્ઞાની બાહ્ય પદાર્થોના સંયોગમાં સુખ માની...**' એટલે બાહ્ય પદાર્થને ઠીક માને. આહાહા..! શરીર, વાણી, મન, પુણ્ય-પાપના ભાવ એ બધાને અજ્ઞાની ઠીક માને. ઠીક માને એનો અર્થ કે એમાં સુખ માને. એમાં ઠીક માને છે એનો અર્થ કે એમાં સુખ માને છે. આહાહા..! ઝીણી વાત ભાઈ! સમજાણું કાંઈ? એ '**સુખ માની તેનો વિશ્વાસ કરે છે,...**' અજ્ઞાનીને અનાદિથી એ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ કે હિંસા, જૂઠું, ચોરી વિષયના ભાવ બેય વિકારીભાવ છે. એમાં અજ્ઞાનીને ઠીકપણું લાગે છે. એટલે કે એમાં એની સુખબુદ્ધિ છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ બાહ્યમાં જ એનો વિશ્વાસ છે. અંતરની ચીજની ખબર નથી. સમ્યગ્દર્શન વિના અંતરની ચીજનો અનુભવ હોઈ શકે નહિ. આહાહા..! અને એ સમ્યગ્દર્શન વિના આત્માનો વિશ્વાસ, આનંદ છે એવું એને પ્રતીતમાં ન આવે. એથી એ આત્મા સિવાય બીજી ચીજો બાહ્ય ચીજો, શરીર, વાણી, મન કે બાહ્યની અનુકૂળ સગવડતા એમાં એ સુખ માને. સુખ માને એટલે? એ ઠીક છે, એ મારું હિત છે એ મને આત્માના સુખ માટે સગવડતા બધી છે એમ અજ્ઞાની બાહ્ય પદાર્થને માની રહ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુનિવ્રત ધાર્યા અનંતવાર. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઊપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' કેમકે મુનિવ્રતના પરિણામ જે પંચ મહાવ્રત અઠ્યાવીશ મૂળગુણ એ બધો રાગ હતો, એ તો આસ્રવ હતો એ દુઃખ હતું. આહાહા..! એમાં એને ઠીક અને હિત માન્યું. એથી

એને આત્મજ્ઞાન જે પુણ્ય-પાપના રાગરહિત સ્વરૂપ ચિદાનંદ પ્રભુ એનો એણે સ્પર્શ અને વેદન ન કર્યું, એ વિના એ સુખી ન થયો. એ પંચમહાવ્રતના પરિણામ પાળતો પણ એ દુઃખી છે. કેમકે એ રાગ છે, આસ્રવ છે અને દુઃખ છે. આ વાત જગતને .. કહો, પોપટભાઈ! આ પૈસામાં, બાયડીમાં ને છોકરામાં જેમ સુખ માને છે, એમ અજ્ઞાની પુણ્ય અને પાપના ભાવમાં સુખ માને છે. કેમકે ભગવાન આત્મા આનંદનું સ્વરૂપ છે એનું તો. સચ્ચિદાનંદ સિદ્ધ સ્વરૂપ પ્રભુ આત્માનું છે. એનું એને સમ્યગ્દર્શન તો નથી. આહાહા..! એનું એને અંદર વેદન આનંદનું તો નથી. એથી એ પરમાં આનંદ માન્યા વિના રહે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

એ પરમાં '**સુખ માની તેનો વિશ્વાસ કરે છે પણ તે સંયોગો પલટતાં યા તેનો વિયોગ થતાં તેના કલ્પેલા સુખનો અંત આવે છે.**' આહાહા..! શરીર ઠીક હોય, નિરોગ હોય તો ઠીક મને લાગે, ધર્મમાં મદદ કરે. આહાહા..! એવી મિથ્યાદૃષ્ટિની અનાદિની માન્યતા છે. સમજાણું કાંઈ? શરીર નિરોગી રહે તો આત્મસાધન કરી શકાય એમ અજ્ઞાનીની માન્યતા શરીર ઉપર છે. આહાહા..! એનો એને વિશ્વાસ છે. એ સંયોગ ફરતાં, એનો વિયોગ થતાં એને કલ્પેલા સુખનો અંત આવે. અરેરે..! આમાં તો કાંઈ મળે નહિ. આહાહા..! શરીર તો રોગમાં ઘેરાય, ક્ષય થાય, જીર્ણતા શરીરમાં આવે, કલ્પેલું આમાં મને ઠીક હતું એ તો ઊડી ગયું વાત આની. આહાહા..!

'**એ રીતે બાહ્ય સંયોગોના વિશ્વાસે તે (અજ્ઞાની) છેતરાય-ઠગાય છે.**' આહાહા..! સમજાણું કાંઈ? '**વાસ્તવમાં અનુકૂળ કે પ્રતિકુળ લાગતા સંયોગોમાં ક્યાંય સુખ નથી,...**' એ સુખના સાધન પણ નથી. આહાહા..! '**છતાં તેમાં સુખ માની ઠગાઈ જાય છે.**' ધર્મીને, સમ્યગ્દૃષ્ટિને ચોથે ગુણસ્થાનેથી. '**જ્ઞાનીને પોતાનો આત્મા જ ઈષ્ટ છે-વહાલો છે.**' આહાહા..! ધર્મી એને કહીએ, સમકિતી એને કહીએ.. આહાહા..! જેને પોતાનો આત્મા ઈષ્ટ અને વહાલો છે. વિકારના પરિણામ સમકિતીને અનિષ્ટ લાગે છે. શુભભાવ, શુભ ઉપયોગ એ પણ સમકિતીને તો અનિષ્ટ લાગે છે, કેમકે રાગ છે ને એમાં આસ્રવ છે એ દુઃખ છે. આહાહા..! સમજાણું કાંઈ?

ધર્મીને '**પોતાનો આત્મા જ ઈષ્ટ-વહાલો છે.**' આહાહા..! કેમકે અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ પ્રભુ છે, એના સિવાયના પુણ્ય અને પાપના ભાવ એ બધા અનિષ્ટ અને દુઃખરૂપ લાગે છે સમકિતીને. સમજાણું કાંઈ? આવો માર્ગ છે. દુનિયા કલ્પે બાહ્યમાં એ માર્ગ નથી. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથની આજ્ઞામાં તો એમ આવ્યું.. આહાહા..! જેને ભગવાન આત્મા પ્રિય, આનંદના સ્વરૂપથી પ્રિય લાગ્યો છે. આહાહા..! એને એક આત્માના આનંદ પ્રત્યે જ સમકિતીને વ્હાલપ વર્તે છે. આહાહા..! એને પુણ્ય અને પાપમાં પણ વ્હાલપ નથી. હો, પણ એનો એને પ્રેમ અને એકત્વબુદ્ધિ નથી. આહાહા..! સમજાણું કાંઈ? શરીર અનુકૂળ હોય, વાણી અનુકૂળ હોય એ તો જડ છે, માટી છે, અજીવતત્ત્વ છે. એમાં ધર્મીને કેમ કાંઈ ઠીક બુદ્ધિ હોય? આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરનો કહેલો સંત માર્ગ એ જુદી જાત છે. આહાહા..!

કહે છે, '**તેને જગત-જગતના પદાર્થો વહાલા-સુખરૂપ લાગતા નથી.**' આહાહા..! સમ્યગ્દૃષ્ટિ

જીવને ચોથે ગુણસ્થાને એને રાગનો પુણ્યનો ભાવ પણ સુખરૂપ લાગતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? પુણ્યના ફળ તરીકે જે સંયોગો, પૈસા, ધૂળ, રાગ, દેવપણું આદિ મળે, એમાં તો સમ્યગ્દૃષ્ટિને સુખબુદ્ધિ હોતી જ નથી. શેઠ! આ બંગલા મોટા છ-છ લાખના. ધૂળમાંય ક્યાંય ઠીક નથી. એ તો બધા પૂર્વના શુભભાવ કોઈ કરેલા, એના પુણ્યબંધન થયા, એ પુણ્યબંધનના ફળમાં એ સંયોગો આવ્યા. એ પૂર્વનો શુભભાવ એ દુઃખરૂપ છે. આહાહા..! એના બંધ તરીકે પ્રકૃતિ પડી એ અજીવ છે, એના ફળ તરીકે સંયોગો એ પર છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સુખ માને અજ્ઞાની. અનાદિથી મૂઢ જીવ સાધુ થયો જૈનનો દિગંબર, નગ્ન મુનિ વનવાસી અઠ્યાવીશ મૂળગુણ પાળનારો, તોપણ એને એ રાગની ક્રિયાથી મહાવ્રતની ક્રિયા હિતકર છે એમ માની છે એણે. આહાહા..! કેમ કે રાગ વિનાનો ભગવાન અંદર, વિકલ્પ વિનાનો એને જ્ઞાન નથી. આહાહા..!

આ ગાથા સમાધિશતકની. પૂજ્યપાદસ્વામી. કે જેને અહીં તો સિદ્ધાંત સિદ્ધ કરે છે. સમાધિનો અધિકાર છે ને આ? તો સમાધિની વ્યાખ્યા? સમ્યગ્દર્શન. સમ્યગ્દર્શનમાં સમાધિ થાય. આહાહા..! આધિ, વ્યાધિ, ઉપાધિ ત્રણ રહિત તે સમાધિ. આહાહા..! ઉપાધિ આ સંયોગો. વ્યાધિ-શરીરનો રોગ, આધિ-સંકલ્પ અને વિકલ્પ શુભ-અશુભરાગ. એ આધિ, વ્યાધિ, ઉપાધિ ત્રણથી રહિત આત્માનું સમ્યગ્દર્શન તે સમાધિ. આહાહા..! શેઠ! આકરી વાતું બાપુ! અંતરની વસ્તુને કોઈ દિ' એને સ્પર્શ્યો નથી અને એની દરકાર કરી નથી. બહારમાં માનીને એમ ને એમ જિંદગી કાઢી. આહાહા..! અનંત અવતાર એવા તો થયા.

કહે છે કે જગતના પદાર્થમાં ધર્મીને વ્હાલપ અને સુખરૂપ લાગતા નથી. આહાહા..! સમકિતી ચક્રવર્તી હોય ભરતાદિ છ ખંડનો ધણી, છન્નું હજાર સ્ત્રી, એ છ ખંડનું રાજ અને હજારો રાણીઓ સંયોગ હોય. સુખ માટે સ્વપનેય વિશ્વાસ નથી એનો. આહાહા..! એ છન્નું હજાર સ્ત્રી, છન્નું કરોડ ગામ, છન્નું કરોડ પાયદળ. ઈન્દ્રો જેના મિત્રો, પણ પરમાં ક્યાંય સુખ ભાસતું નથી.

સમ્યગ્દૃષ્ટિની સ્વભાવ સુખની દૃષ્ટિ થતાં પરમાંથી સુખબુદ્ધિ એની ઊડી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? '**તેને સુખ માટે સ્વપ્નેય વિશ્વાસ નથી.**' એક સ્ત્રીને હજાર દેવ તો સેવા કરે. એવી સ્ત્રી રત્ન એક ચક્રવર્તીને હોય. બીજી છન્નું હજાર. ક્યાંય એને આત્માના આનંદનો અનુભવ છે ને. આહાહા..! સમ્યગ્દૃષ્ટિને આત્માના અતીન્દ્રિય આનંદનો સ્વાદ લીધો છે ને. આહાહા..! તેથી સમ્યગ્દૃષ્ટિને ક્યાંય પોતાની જાત સિવાય ક્યાંય ઠીકપણું, સુખપણું ભાસતું નથી. એને સમ્યગ્દૃષ્ટિ કહીએ. આહાહા..! આમ દેવ-ગુરુ-શાસ્ત્રને માને અને નવ તત્ત્વને માને માટે સમકિતી. ખોટી વાત છે. એ સમકિત છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

છ ખંડના રાજમાં... આહાહા..! સ્મશાનમાં જેમ મડદું એકલું પડ્યું હોય અને બળતું હોય. આહાહા..! એમ સમ્યગ્દૃષ્ટિને ચોથા ગુણસ્થાનમાં છ ખંડના રાજમાં દેખાય, પણ જેમ સ્મશાનમાં

મડદું જુદી ચીજ છે એમ ભગવાન આત્મા રાગ અને પરથી તો મરી ગયેલો છે. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞાનાનંદ પ્રભુ ચિદાનંદસ્વરૂપ, એના ભાનની ભૂમિકામાં સમકિતીને પરમાં ક્યાંય સુખ દેખાતું નથી. કહો, આ સ્થિતિ છે. ક્યાંય પણ પુણ્ય અને પાપના ભાવ એમાં ઠીકપણું લાગે તેમાં સુખબુદ્ધિ થઈ ગઈ. એ મિથ્યાત્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'તેને તો પોતાના ચૈતન્યાત્માનો જ વિશ્વાસ છે...'** કરોડ અનુકૂળ હોય, દેવ-ગુરુ-શાસ્ત્રની અનુકૂળતા હોય, તોપણ એ તો પરપદાર્થ છે. અને એની માન્યતા કરવી એ પણ એક રાગ છે એ તો. આહાહા..! એ રાગમાં પણ દુઃખ છે એમ કહે છે. આવે, હોય પણ માને દુઃખ. આહાહા..! સ્વ-ચૈતન્યના પદાર્થના આશ્રય સિવાય ક્યાંય એને સુખ ભાસે નહિ. ભલે એ સમકિતી ચોથે ગુણસ્થાને હોય. સમજાય છે કાંઈ? આહાહા..! ૩૩ સાગરનું આયુષ્ય સર્વાર્થસિદ્ધના દેવને. એકાવતારી, એક ભવતારી છે. અરે.. સુધર્મનો ઈન્દ્ર અત્યારે છે એ એકભવતારી છે. સુધર્મેન્દ્ર અને એની રાણી બેય એક ભવતારી છે. એક ભવે મોક્ષ જનારા છે. છતાં કરોડો અપ્સરાઓ, અસંખ્ય દેવ, બત્રીસ લાખ વિમાન ત્યાં નહિ. એને અંતરમાં સુખબુદ્ધિ ભાસે છે. મારો આનંદનો નાથ પ્રભુ, મારો સચ્ચિદાનંદ પ્રભુ એમાં આનંદ છે. એ સ્વરૂપમાં આનંદ સિવાય ક્યાંય મને આનંદ ભાસતો નથી. એ સમકિતી એવા છ ખંડના રાજમાં પડ્યો હોય તોપણ તેને પરમાં શાંતિ દેખાતી નથી. આહાહા..!

જગત ઈષ્ટ નહિ આત્માથી. છે ને શબ્દ? મૂક્યો છે ને? શ્રીમદ્‌નું વાક્ય છે ને એ? જગત ઈષ્ટ નહિ આત્મથી. પ્રવચનસારમાં આવે છે. પ્રવચનસાર. કુંદકુંદાચાર્ય. એ પોતાનો સ્વભાવ જે આનંદ છે તે જ એને ઈષ્ટ લાગે છે. આહાહા..! અને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ જ્ઞાનીને અનિષ્ટ લાગે છે. કેમકે રાગ છે, આસ્રવ છે, આકુળતા છે, બંધનું કારણ છે. આહાહા..! આકરી વાતું ભારે ભગવાનની. વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ આ વસ્તુનું સ્વરૂપ છે એમ પરમાત્મા ગણધરો અને ઈન્દ્રોની વચ્ચે આ કહેતા હતા. આહાહા..!

ભગવાન મહાવિદેહમાં બિરાજે છે સીમંધર પરમાત્મા. કેવળજ્ઞાની ત્રિલોકનાથ પરમેશ્વર છે. અરિહંતપદે છે. પૂજ્યપાદ સ્વામી ત્યાં ગયા હતા દર્શન માટે. કુંદકુંદાચાર્ય જેમ ગયા હતા. આઠ દિ' રહ્યા હતા ભગવાન પાસે. એ સાંભળીને, આવીને આ શાસ્ત્રો રચ્યા. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર. આ પૂજ્યપાદ સ્વામી ભગવાનના દર્શન માટે ગયા હતા. સાક્ષાત્ જીવંત સ્વામી બિરાજે છે. જીવતા કેવળી. સિદ્ધ થઈ ગયા એ તો અશરીરી થયા છે. ચોવીસ તીર્થંકરો તો કાંઈ વિદ્યમાન અત્યારે તો છે નહિ. એ તો સિદ્ધ થઈ ગયા. એમની પાસે જઈને આવીને આ વાત કરે છે, ભાઈ! વસ્તુનું સ્વરૂપ તો આવું છે.

જે પ્રાણી આત્માના આનંદના પડખે-રસ્તે ચડ્યો નથી એને રાગનું પડખું છૂટ્યું નથી. આહાહા..! પુણ્ય અને પાપના વિકલ્પો, એનું પડખું એ દિશા એની છૂટી નથી. અને જેની દિશા પુણ્ય અને પાપના વિકલ્પથી દિશા છૂટીને દશા સ્વભાવ તરફ ઢળી છે. આહાહા..! એને આત્માના આનંદનું વેદન છે. આહાહા..! સમજાય છે કાંઈ? ચોથે ગુણસ્થાને. અરે..! બાપુ! આવો માર્ગ છે, ભાઈ!

એના અનંદની આગળ ચૌદ બ્રહ્માંડમાં કોઈ વિકલ્પ અને કોઈ દેહ કે કોઈ પદવી એને ઠીક લાગતી નથી. અને અજ્ઞાનીને આત્માના આનંદનું ભાન નથી. આહાહા..! એટલે જ્યાં-ત્યાં મોટી પદવી આપે કાંઈક થાય તો એ રાજી થાય છે. શેઠ! પ્રમુખની પદવી આપે. પહેલી ખુરશી મૂકે. આહાહા..! અરે.. એમાં શું થયું ભાઈ? આનંદનો નાથ તો તને હાથ આવ્યો નથી. અને આ બહારની પદવીમાં સુખ માને છે. આહાહા..! પુણ્યના ફળ તો વિષ્ટાના ઢગલા છે. આહાહા..! પુણ્ય એટલે શુભભાવ. એને તો ભગવાને ઝેર કહ્યું છે સમયસારમાં. મોક્ષ અધિકારે. વિષકુંભ. શુભભાવ—દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા આદિ ભાવ એને ભગવાને વિષકુંભ કહ્યા છે, રાગ છે એ. ઝેરનો ઘડો છે એ. આહાહા..! ભગવાન આત્મા તો અમૃતનો કુંભ છે. અમૃતના કુંભના સ્વાદિયાને એ ઝેરનો સ્વાદ એને સારો લાગતો નથી કહે છે. સમજાણું કાંઈ?

જેને દૂધપાકનો સ્વાદ આવ્યો એને લાલ જુવારના ફોતરાના રોટલા સારા ન લાગે એને. લાલ હોય છે ને જુવાર? લાલ જુવાર હોય છે લાલ. એ બહુ હલકી હોય. એના ફોતરા હોય છેને છિલકા? એ તો બહુ હલકા હોય છે. આહાહા..! એની રોટલી બનાવે. ક્યાં દૂધપાકનો સ્વાદ અને ક્યાં આ? આહાહા..! સમ્યગ્દૃષ્ટિને પોતાના સ્વભાવનો આનંદનો સ્વાદ આવ્યો છે. આહાહા..! ભલે અવ્રતી હોય, ચારિત્ર હજી ન હોય. સ્વરૂપાચરણ ચારિત્ર હોં. ચોથે ગુણસ્થાને સ્વરૂપમાં સ્થિરતાનો અંશ. અનંતાનુબંધી અને મિથ્યાત્વનો નાશ થયો, તો સ્વરૂપનો અનુભવની સ્થિરતા અંશે થાય છે. આહાહા..! કહે છે કે '**જગત ઇષ્ટ નહિ આત્માથી.**' સમકિતીને જગત આખું ઇષ્ટ લાગતું નથી. આહાહા..!

---

**नन्वेवमाहारादावप्यन्तरात्मनः कथं प्रवृत्तिः स्यादित्याह–**

**आत्मज्ञानात्परं कार्यं न बुद्धौ धारयेच्चिरम्।**
**कुर्यादर्थवशात्किंचिद्वाक्कायाभ्यामतत्परः।।५०।।**

**આત્મજ્ઞાન વણ કાર્ય કંઈ મનમાં ચિર નહિ હોય;**
**કારણવશ કંઈ પણ કરે ત્યાં બુધ તત્પર નો'ય. ૫૦.**

**टीका :– चिरं बहुतरं कालं बुद्धो न धारयेत्। किं तत्? कार्य। कथम्भूतम्? परमन्यत्। कस्मात? आत्मज्ञानात्। आत्मज्ञानलक्षणमेव कार्यं बुद्धौ चिरं धारयेदित्यर्थः। परमपिकिञ्चिद् भोजनव्याख्यानादिकं वाक्कायाभ्यां कुर्यात्। कस्मात्? अर्थवशात् स्वपरोपकारलक्षणप्रयोजनवशात्। किं विशिष्टः? अतत्परस्तदनासक्तः।।५०।।**

એવી રીતે હોય તો આહારાદિમાં પણ અન્તરાત્માની પ્રવૃત્તિ કેમ થાય? તે કહે છે :-

શ્લોક – ૫૦

અન્વયાર્થ :- અન્તરાત્મા (आत्मज्ञानात् परं) આત્મજ્ઞાનથી ભિન્ન (कार्यं) કોઈ કાર્યને (चिरं) લાંબા સમય સુધી (बुद्धौ) પોતાની બુદ્ધિમાં (न धारयेत्) ધારણ કરે નહિ. જો (अर्थवशात) પ્રયોજનવશાત્ (वाक्कायाभ्याम्) વચન-કાયથી (किंचित् कुर्यात्) કંઈપણ કરવાનો વિકલ્પ કરે તો તે (अतत्परः) અનાસક્ત થઈ કરે.

ટીકા :- ચિર કાળ સુધી એટલે બહુ લાંબા કાળ સુધી બુદ્ધિમાં ધારણ ન કરે. શું તે? કાર્ય. કેવું (કાર્ય)? પર એટલે અન્ય. કોનાથી (અન્ય)? આત્મજ્ઞાનથી (અન્ય). આત્મજ્ઞાનરૂપ કાર્યને જ બુદ્ધિમાં લાંબા વખત સુધી ધારી રાખે એવો અર્થ છે, પરંતુ બીજું કિંચિત્ અર્થાત્ ભોજન-વ્યાખ્યાનાદિકરૂપ કાર્યને વચન-કાય દ્વારા કરે. શાથી? પ્રયોજનવશ અર્થાત્ સ્વ-પરના ઉપકા-રરૂપ પ્રયોજનવશ (કરે). કેવા થઈને (તે કરે)? અતત્પર થઈને અર્થાત્ તેમાં અનાસક્ત થઈને કરે.

ભાવાર્થ :- જ્ઞાની પોતાના ભાવમનને (ઉપયોગને) આત્મ-જ્ઞાનના કાર્યમાં જ રોકે છે; આત્મજ્ઞાનથી કોઈ અન્ય વ્યવહારિક કાર્યમાં લાંબા વખત સુધી રોકતો નથી. કદાચ પ્રયોજનવશાત્ અર્થાત્ સ્વ-પરના ઉપકારાર્થે અસ્થિરતાને લીધે વચન-કાય દ્વારા આહાર-ઉપદેશાદિ કાર્ય કરવાનો વિકલ્પ આવે, તો તેમાં તેને અતન્મયભાવ વર્તે છે.

વિશેષ

ધર્મીને આત્મસંવેદન એ જ મુખ્ય કાર્ય છે. તેમાં જ તે પોતાના ઉપયોગને લગાવે છે. કદાચ લાંબો સમય સ્વરૂપમાં સ્થિર ન રહી શકે અને પ્રયોજનવશાત્ આહાર-ઉપદેશાદિનો વિકલ્પ આવે, તો તે કાર્ય અનાસક્તિ ભાવે (અતન્મય ભાવે) થાય છે. તે કરવાને તેને મનમાં ઉત્સાહ નથી-ભાવના નથી. કાર્યને અંગે શરીર-વાણીની જે ક્રિયા થાય છે તેમાં તેને એકતા-બુદ્ધિ કે કર્તા-બુદ્ધિ તો નથી જ, પણ તે ક્રિયા કરવાના વિકલ્પને પણ તે ભલો માનતો નથી. વિકલ્પને તોડી સ્વરૂપમાં સ્થિર થઈ હું શુદ્ધાત્માને ક્યારે અનુભવું, એવી તેને નિરંતર ભાવના હોય છે, આ ભાવનાના બળથી તેનો ઉપયોગ બહારની ક્રિયામાં લાંબો વખત ટકતો નથી, ત્યાંથી હઠી તુરત સ્વ તરફ વળે છે.

જ્ઞાનીને નીચલી ભૂમિકામાં અસ્થિરતાને લીધે રાગ હોય છે અને વચન-કાયની ક્રિયા પ્રત્યે લક્ષ જાય છે, પણ પોતાના જ્ઞાન-સ્વભાવને ભૂલે તેવી તેનામાં આસક્તિ હોતી નથી.

જ્ઞાનીને બાહ્ય વચન-કાયની પ્રવૃત્તિ હોવા છતાં, તેને અંતરંગમાં દૃઢ માન્યતા છે કે :-

''હું દેહ-મન-વાણી નથી, હું તેમનો કર્તા નથી, તેમનો કરાવનાર નથી કે અનુમોદનાર નથી... હું કર્તા વિના પણ તેઓ ખરેખર કરાય છે; માટે તેમના કર્તાપણાનો પક્ષપાત છોડી હું આ અત્યંત મધ્યસ્થ છું.''૧

૧. જુઓ-શ્રી પ્રવચનસાર-ગુ. આવૃત્તિ-ગાથા ૧૬૦ અને ટીકા.

**સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને જ્ઞાનચેતનાનું નિરંતર પરિણમન હોય છે, તેથી તે ખાવા-પીવામાં, પાંચ ઇન્દ્રિયોના વિષયો ભોગવવામાં, વ્યાપારમાં લડાઈ વગેરે સંસારના કાર્યોમાં, બાહ્યદૃષ્ટિએ રોકાયેલા લાગે, છતાં બધી બાહ્ય પ્રવૃત્તિમાં તે જલ-કમલવત્ ન્યાયે રહે છે. ૫૦.**

## શ્લોક-૫૦ ઉપર પ્રવચન

'**એવી રીતે હોય તો આહારાદિમાં પણ અંતરાત્માની પ્રવૃત્તિ કેમ થાય?**' હવે પ્રશ્ન કરે છે. આવું તમે જ્યારે કહો છો પછી સમકિતી આહાર કરે, વિહાર કરે, ચાલે, બોલે એનું શું સમજવું? એમ પ્રશ્ન કરે છે. ૫૦.

**आत्मज्ञानात्परं कार्यं न बुद्धौ धारयेच्चिरम्।**
**कुर्यादर्थवशात्किंचिद्वाक्कायाभ्यामतत्परः।।५०।।**

આ ૫૦મી ગાથા.

'**ટીકા :- ચિરકાળ સુધી એટલે બહુ લાંબા કાળ સુધી બુદ્ધિમાં ધારણ ન કરે.**' સમકિતી. આહાહા..! અંતરાત્મા, બહિરાત્મા એ પુણ્ય અને પાપના ભાવમાં સુખબુદ્ધિ તે બહિરાત્મા. બહિર્ એટલે જે સ્વભાવમાં નથી એવા ભાવને પોતાનો માને તેને બહિરાત્મા કહેવામાં આવે છે. આહાહા..! અને જે અંતરમાં છે, અતીન્દ્રિય આનંદ અને જ્ઞાન એવા સ્વભાવને જે જાણે અને વેદે છે એને અંતરાત્મા કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ અંતરાત્મા '**ચિરકાળ સુધી એટલે બહુ લાંબા કાળ સુધી બુદ્ધિમાં ધારણ ન કરે. શું તે? કાર્ય. કેવું (કાર્ય)? પર એટલે અન્ય. કોનાથી (અન્ય)? આત્મજ્ઞાનથી (અન્ય).**' આહાહા..! આત્માનું જ્ઞાન, આનંદનું જ્ઞાન એ આત્માનું કાર્ય. આહાહા..! આત્માનું જ્ઞાન. સ્વસન્મુખ થઈને થયેલું આત્માનું જ્ઞાન, શાસ્ત્ર જ્ઞાનાદિની અહીં વાત નથી. શાસ્ત્રજ્ઞાન એ આત્મજ્ઞાન નહિ. આહાહા..! ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ પ્રભુ, એનું જેને અંતર જ્ઞાન છે, સ્વસન્મુખ થઈને જેણે આત્માને અનુભવ્યો છે, એવા આત્મજ્ઞાનીને.. આહાહા..!

'**આત્મજ્ઞાનરૂપ કાર્યને જ બુદ્ધિમાં લાંબા વખત સુધી ધારી રાખે...**' આહાહા..! જાણવું, દેખવું એ મારું કાર્ય. એ શુભ-અશુભભાવ આવે, તોપણ જાણવું-દેખવું એ કાર્ય. કે આત્મજ્ઞાનીનું કાર્ય આ. આહાહા..! એ '**આત્મજ્ઞાનરૂપ કાર્યને જ બુદ્ધિમાં લાંબા વખત સુધી રાખે એવો અર્થ છે, પરંતુ બીજું કિંચિત્...**' આહાહા..! '**ભોજન-વ્યાખ્યાનાદિરૂપ કાર્ય,...**' દેખો ભાષા! આહારનો વિકલ્પ આવે, વ્યાખ્યાન કરવાનો વિકલ્પ આવે એ પણ રાગ છે. સમજાય છે કાંઈ? વાણીનો ઉપદેશ

થાય એમાં વિકલ્પ છે. આહાહા..! રાગ છે. સાંભળવા કાળે પણ જે સાંભળવાનું લક્ષ જાય છે એ પણ રાગ છે. ભગવાન વીતરાગમાર્ગ જુદો છે પ્રભુ.

કહે છે કે આત્મજ્ઞાની, સમ્યગ્દૃષ્ટિ આત્મજ્ઞાનના કાર્ય સિવાય લાંબો કાળ બીજી ચીજને લક્ષમાં રાખતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? છે? '**આત્મજ્ઞાનરૂપ કાર્યને જ...**' કાર્યને જ એમ છે. '**બુદ્ધિમાં લાંબા વખત સુધી રાખે...**' છે. જાણવું-દેખવું આનંદ એ મારું કાર્ય છે. સમકિતીનું બીજું કાર્ય નથી. આહાહા..! જુઓ સંતોની વાણી તો જુઓ. દિગંબર મુનિઓ કેવળજ્ઞાનીના કેડાયતો, કેવળજ્ઞાનીનો માર્ગ જગતને જાહેર કરે છે. આહાહા..!

કહે છે, સમ્યગ્દૃષ્ટિ અંતરાત્મા, જેને આત્માનું જ્ઞાન થયું છે કે હું આનંદ અને શાંત અને સ્વચ્છ ને પ્રભુત્વ સ્વભાવથી ભરેલો છું. આહાહા..! મારામાં રાગ-દ્વેષ તો નથી, પરવસ્તુ તો નથી, પણ પુણ્ય અને પાપ, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય, એ ભાવ મારા સ્વરૂપમાં નથી. આહાહા..! કેમકે જે ભાવે બંધ પડે તીર્થંકરનો એ ભાવ રાગનો આસ્રવ છે. આહાહા..! એ કહે છે કે સમકિતી જીવ એવો વિકલ્પ આવે, પણ લાંબો કાળ રાખે નહિ હૃદયમાં.

લાંબો કાળ તો આત્મા એનું શુદ્ધસ્વરૂપનું શુદ્ધ પરિણમનનું કાર્ય. આહાહા..! માર્ગ ભારે ઝીણો ભાઈ! તેથી લોકોને કાંઈકનું કંઈ નડ્યું હોય ને એનાથી આ સાંભળે એટલે એને એમ લાગે આ તે વાત! આ તો નિશ્ચયનો માર્ગ. નિશ્ચયનો એટલે સાચો. વ્યવહારનો એટલે ઉપચારિક ખોટો. આહાહા..! સમજાણું કાંઈ? '**ववहारोऽभूदत्थो**' ૧૧મી ગાથામાં કહ્યું છે. વ્યવહાર તો અસત્યાર્થ કથન કરે છે. સત્‌ની વાત ત્યાં હોતી નથી. આહા..!

ભગવાન આત્મા '**ભોજન-વ્યાખ્યાનાદિ...**' આહાહા..! બીજાથી સાથે વચનના વેપારમાં આવતા તે વચન ને કાય દ્વારા દેખાય. પણ મનમાં એનો આદર હોતો નથી. આહાહા..! માર્ગ બહુ.. અનંતકાળે નહિ કરેલો એવો માર્ગ તો અપૂર્વ જ હોય ને. અને એના ફળ તરીકે અનંત શાંતિ અને આનંદ, સાદિ અનંત આનંદ પ્રાપ્ત થાય, એનો ઉપાય પણ અલૌકિક જ હોય ને. આહાહા..!

કહે છે ધર્મી જીવ... આહાહા..! પાઠ છે ને? '**आत्मज्ञानात्परं कार्यं न बुद्धौ धारयेच्चिरम्।**' સમકિતી આત્મજ્ઞાની જીવ પોતાના આત્મજ્ઞાનના કાર્ય સિવાય અન્ય કાર્યને ઘણો કાળ ચિત્તમાં રાખતો નથી. આહાહા..! કાયરના તો કાળજા કંપી ઊઠે એવું છે. આ પૂજ્યપાદ સ્વામી કહે છે. ભગવાન કુંદકુંદાચાર્ય થયા એના પછી ૨૦૦-૫૦૦ વર્ષ થયા. ભગવાન કુંદકુંદાચાર્ય સંવત્ ૪૯ આ ત્રણ ત્રીજી, ચોથી, પાંચમી (સદીમાં). પણ આભના થોભ સંતો તે પણ. ઓહોહો..! મુનિ એટલે શું? જેને પોણી સેકન્ડની તો નિદ્રા હોય. એ સિવાય નિદ્રા વધારે ન હોય. આહાહા..! દશા તો જુઓ એ બાપુ! મુનિ કોને કહેવાય ભાઈ! પોણી સેકન્ડની અંદર નિદ્રા, છઠ્ઠું ગુણસ્થાન હોય ત્યાં એ જરી નિદ્રા આવી જાય. પાછલે પહોરે. નથી આવતું છ ઢાળામાં?

'પિછલી રયનમેં શયન એકાશન.' એક કરવટમાં રહે આમ. આહાહા..! છ ઢાળામાં આવે છે. 'પિછલી રયની...' આહાહા..! જેને ભાવ અંતર આનંદ પ્રગટ્યો છે. આનંદ તો ચોથે પ્રગટે છે, પણ

આને તો ચારિત્રનો આનંદ પ્રગટ્યો છે. આહાહા..! પ્રચુર સ્વસંવેદન એમ શબ્દ છે, પાંચમી ગાથામાં. કુંદકુંદાચાર્ય કહે છે, અમને તો પ્રચુર સ્વસંવેદન પ્રગટ્યો છે આનંદ. આહાહા..! પાંચમી ગાથા. સંસ્કૃત ટીકા છે. આનંદ અમને પ્રચુર. ચોથે ગુણસ્થાને પ્રચુર આનંદ ન હોય. આનંદ હોય પણ પ્રચુર-ઘણો ન હોય અને મુનિને તો પ્રચુર આનંદ જેને ઢગલો આનંદનો.. આહાહા..! જેને ત્રણ કષાયનો અભાવ થઈને આનંદની ધારા વહે છે.. આહાહા..! એને નિદ્રા રાત્રીમાં પોણી સેકન્ડની અંદર આવે. એક સેકન્ડની નિદ્રા આવી જાય તો મુનિપણું ન રહી શકે. આવી તો વસ્તુ છે, બાપુ! આહાહા..! આ તો સમ્યગ્દૃષ્ટિથી માંડીને વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ચોથે કાળ કે પાંચમે કાળ માર્ગ તો એક જ છે. બીજો માર્ગ છે નહિ. શીરો ચોથા કાળમાં બીજી રીતે થાય છે? શીરો-શીરો શું કહે છે? હલવો. અને પાંચમા કાળમાં હલવો બીજી રીતે થાય છે? લોટ, ગોળ અને ઘી. ત્રણનો થાય છે. ચોથે આરે પણ એવો થાય અને પાંચમે આરે પણ એવો જ થાય. કાંઈ પાંચમે આરે ઘીને ઠેકાણે. પેશાબ નાખે એમ થાય શીરામાં?

મુમુક્ષુ :- સાકર વગર ગોળ તો નખાય

ઉત્તર :- એ સાકર અને ગોળ બે એક જ ચીજ થઈ. અને ઘીને ઠેકાણે તેલ નાખે. ગરીબ માણસ હોય તે. તેલનો શીરો કરે છે. હલવો. કોળી હોય ને અમારે તેલના હલવો કરે. પણ શું તેલને ઠેકાણે પાણી નાખે? આહાહા..!

અહીં તો પરમાત્માની વાત સંતો જગતને જાહેર કરે છે. માર્ગ આ છે, પ્રભુ! તું માન ન માન. એથી કાંઈ માર્ગ બીજો થઈ નહિ જાય. આહાહા..! ત્રણલોકના નાથ તીર્થંકરદેવ.. આહાહા..! સર્વજ્ઞ પરમેશ્વર જેને એક સમયમાં ત્રણ કાળનું જ્ઞાન વર્તે છે. એને ઈચ્છા વિનાની વાણી નીકળે. એને ઈચ્છા હોતી નથી. ઈચ્છા વિના વાણી. કારણ કે વીતરાગ, બારમે ગુણસ્થાને વીતરાગ થાય, પછી તો કેવળજ્ઞાન થાય. ઈચ્છા તો નાશ થઈ ગઈ છે. સર્વજ્ઞ થયા પછી ૐનો ધ્વનિ. 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' આહાહા..! ભગવાનના શ્રીમુખે આખા દેહમાંથી ૐકારનો અવાજ આવે. આહાહા..! પરમાત્મા બિરાજે છે મહાવિદેહમાં. ઈન્દ્રો સાંભળવા જાય છે, સિંહ ને વાઘ ને નાગ સાંભળવા જાય છે. આહાહા..! એ વાણીમાંથી જે સાર હતો એ અહીં આચાર્યોએ શાસ્ત્રમાં રચ્યો છે. દિગંબર સંતોએ... આહાહા..! એ વીતરાગના વાણીના સાર હતા. એ શાસ્ત્રમાં રચ્યા છે. સમજાય છે કાંઈ? આહાહા..! કરુણાનો વિકલ્પ આવ્યો છે, છે વિકલ્પ બંધનું કારણ. પણ આવે છે. ત્યારે આ શાસ્ત્રો રચાઈ ગયા છે. એ શાસ્ત્રમાં ભગવાનની વાણી આમ કહે છે એમ કહે છે. આહાહા..!

કહે છે કે જેને આત્મજ્ઞાન નામ ધર્મદશા સમ્યગ્દર્શન પ્રગટ થયું છે એવા આત્મજ્ઞાની એને ભલે શાસ્ત્ર જ્ઞાન થોડું હોય, એને બીજાને સમજાવતા આવડે કે ન આવડે એની સાથે કાંઈ સંબંધ નથી. આહાહા..! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ બિરાજે છે, એના જેના દૃષ્ટિ થઈ ગઈ છે. એના જેને સાક્ષાત્કાર, સ્વને આશ્રયે રાગનું, મનનું લક્ષ છોડી દઈને... આહાહા..! એવું

જેને સમ્યગ્દર્શન... સમકિતની અપેક્ષાએ સમ્યગ્દર્શન કહીએ, જ્ઞાનની અપેક્ષાએ આત્મજ્ઞાન કહીએ. આહાહા..! સમજાણું કાંઈ?

લોકોને સમ્યગ્દર્શનની કિંમત નથી. બાહ્ય ત્યાગની કિંમત. જે અનંત વાર કર્યો અને અનંત વાર મૂક્યો. જે આત્મામાં બાહ્ય ત્યાગ-ગ્રહણનો સ્વભાવ જ નથી. આત્મા બાહ્ય ત્યાગ-ગ્રહણ શૂન્ય છે એવો આત્મામાં ગુણ છે. અનાદિનો એક એવો ગુણ છે કે બાહ્ય ત્યાગ-ગ્રહણરહિત જ એ આત્મા છે. પર જડને શું ગ્રહે અને જડને શું છોડે? આહાહા..! હવે એ પરનો ત્યાગ થાય ત્યારે લોકોને એમ થાય કે આહાહા..! આણે કાંઈક ત્યાગ કર્યો. પણ મિથ્યાત્વનો ત્યાગ કઈ રીતે થાય એની ખબર ન મળે. સમજાય છે કાંઈ? કેમકે બંધના કારણમાં મિથ્યાત્વ અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ. એમાં પહેલો તો મિથ્યાત્વ બંધનું કારણ છે. હવે એનો બંધનો ત્યાગ નથી ત્યાં એને વ્રતનો ત્યાગ ક્યાંથી થઈ ગયો એને? આહાહા..!

અહીં એ કહે છે આચાર્ય મહારાજ. દિગંબર સંત વનવાસી હતા બધા. જરી ઝીણી વાતું ખરી ભાઈ! મુનિઓ તો વનમાં રહેતા. સમજાણું કાંઈ? વનવાસી હતા. પછી આ બધો ફેરફાર થઈ ગયો. લૂગડા રાખીને સાધુ માન્યા. એ વસ્તુ બધી વિપરીત છે. વીતરાગમાર્ગની એ વસ્તુ નથી. અરેરે..! શું થાય? સત્ય મળે નહિ જગતને. મળ્યા વિના સત્યને રસ્તે જાય ક્યાંથી? આહાહા..!

કહે છે, સમકિતી જીવ ભોજન, વ્યાખ્યાન, લખવું આદિ કાર્ય થાય ને? એવા કાર્યને '**વચન કાય દ્વારા કરે.**' કરે એટલે વચન કાય દ્વારા થાય. એમ. આહાહા..! વચનકાયને કરે એ આત્મા એ કરી શકે નહિ બિલકુલ. વાણી જડ છે, કાયા જડ-માટી અજીવ તત્ત્વ છે. એ અજીવ તત્ત્વને આત્મા કાંઈ કરી શકે, સ્વતત્ત્વમાં પરતત્ત્વનું એકપણું માને તો કરે એમ માને. આહાહા..! છે? '**ભોજન-વ્યાખ્યાનાદિકરૂપ કાર્યને વચન-કાય દ્વારા કરે.**' એટલે વચન-કાય દ્વારા વિકલ્પ આવ્યો તો વચનકાય દ્વારા એ થઈ ગયા.

'**શાથી? પ્રયોજનવશ અર્થાત્ સ્વ-પરના ઉપકારરૂપ પ્રયોજનવશ** (કરે).' વિકલ્પ આવ્યો છે જરી. આહાહા..! '**કેવા થઈને (તે કરે)? અતત્પર થઈને...**' એ વાણી અને દેહમાં અનાસક્ત થઈને કરે. આહાહા..! વાણી અને દેહ તો જડની દશા છે. વાણી અને દેહ તો અજીવની અવસ્થા છે, મૂર્ત દશા જડની, માટીની છે. આહાહા..! એમાં સમકિતી, એમાં આ હું કરું છું એમ એને હોતું નથી. આહાહા..! આ શ્લોક બહુ ઊંચો છે. ભાઈ બહુ બોલતા ભાઈ. પોપટભાઈ. વઢવાણવાળા. પોપટભાઈ આ બહુ બોલતા. ગ્રેજ્યુએટ પોપટભાઈ નહિ? ગુજરી ગયા. '**आत्मज्ञानात्परं कार्यं न बुद्धौ धारयेच्चिरम्।**' છે ખબર હિંમતભાઈ? પોપટભાઈ એમ બોલતા બહુ. એક પોપટભાઈ હતા ગ્રેજ્યુએટ. વઢવાણમાં. ભાઈએ, શેઠે ન જોયા હોય. ઘણા વર્ષ પહેલા. અહીં આવતા. આહાહા..!

કહે છે કે વચન અને કાયા એ તો અજીવ છે. એનું કાર્ય સમકિતી કરતો નથી. આહાહા..! એ વાણી અને કાયાની ક્રિયા થાય તેમાં તે જ્ઞાતા-દ્રષ્ટા રહે છે. છે? સ્વપરના ઉપકાર પ્રયોજનવશ વિકલ્પ આવે એમ કહે છે. '**કેવા થઈને?**' સ્વનો ઉપકાર એટલે? કોઈ સાંભળવાનો ભાવ આવે,

દેવ પાસે, ગુરુ પાસે, સમકિતીને પણ. સમજાણું કાંઈ? છતાં એ વાણી અને સાંભળવામાં વાણીમાં તત્પર નથી થતો, કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- કરવું..

ઉત્તર :- કર્તા છે નહિ.

'કરે કર્મ સોહિ કરતારા જો જાણે સો જાનનહારા.' એ વાણી અને કાયા હું કરું છું કામ એ 'કરે કર્મ સોહિ કરતારા.' એ મિથ્યાદષ્ટિ છે. આહાહા..! 'જો જાને સો જાનનહારા.' જ્ઞાની જાણે કે આ થાય છે. મારું કાર્ય નહિ. આહાહા..! અજીવને અજીવ તરીકે જાણતા, જીવની અજીવની કોઈ ક્રિયાને મારી એ માનતો નથી. આહાહા..! **'કેવા થઈને (તે કરે)? અતત્પર થઈને અર્થાત્ તેમાં અનાસક્ત થઈને કરે.'** આહાહા..!

**'ભાવાર્થ :- જ્ઞાની પોતાના ભાવમનને (ઉપયોગને) આત્મ-જ્ઞાનના કાર્યમાં જ રોકે છે;...'** આહાહા..! છે? ધર્મી એટલે જ્ઞાની સમકિતી જીવ પોતાના ઉપયોગને જાણવા-દેખવાનો ઉપયોગ એ ભાવમન, અને સંકલ્પ-વિકલ્પ લેવો નથી. જાણવા-દેખવાનો જે ઉપયોગ, આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે, એવો જે જ્ઞાતા-દૃષ્ટાનો પર્યાયનો ઉપયોગ એ **'આત્મ-જ્ઞાનના કાર્યમાં જ રોકે છે;...'** આહાહા..! પછી આ કે દિ' કરવું ત્યારે પછી આ બીડીવાળાનું, લાદીનું? ભાઈ! ક્યાં કરી શકે છે? એક આંગળી આમ ફરે એ આત્મા કરી શકે નહિ, ભાઈ! આ તો જડ છે. એ જડનો ઉત્પન્નકાળ જ્યારે આમ થવાનો હોય ત્યારે ઉત્પન્ન કાળને કારણે થાય છે. આત્માને કારણે નહિ. આહાહા..! એમ ભાષા જ્ઞાન, વર્ગણા જે ભાષાની છે ત્યારે ભાષાપણે પરિણવાનો એનો ઉત્પન્ન કાળ છે. એ ભાષાપણે પરિણમે છે. આત્મા એને પરિણમાવતો નથી. આહાહા..! ઓહોહો..! આવો માર્ગ! માર્ગ તો એવો છે ભાઈ!

અપૂર્વ-પૂર્વે અનંતકાળમાં નહિ કરેલો એવો માર્ગ કેવો હોય? આહાહા..! અરે.. એને સાંભળવા પણ મળે નહિ કે આ દેહના કાર્ય અને વાણીના કાર્ય પ્રભુ તારા નહિ. આહાહા..! મોટા મંદિર બનાવવા અને આ મોટા શું કહેવાય પરમાગમ બન્યું મોટું લ્યો. ૨૬ લાખનું. એ આત્મા કરતો હશે એને? આહાહા..! ભાઈ! એ તો પુદ્ગલની પર્યાય એ કાળે એ રીતે ઉત્પન્ન થઈને પરિણમવાને કાળે પરિણમે છે. આત્મા એને કરી શકે નહિ.

મુમુક્ષુ :- એની પાસે પુદ્ગલ છે?

ઉત્તર :- હા. પુદ્ગલ આ શરીર, વાણી એને કારણે. એ એને કારણે પુદ્ગલ ચાલે છે. એની પાસે પુદ્ગલ છે તે આ બનાવે? એમ કહે છે. આહાહા..! કહો, પોપટભાઈ! ભારે કામ ભાઈ! આ તો એકાંત નિશ્ચય થઈ જાય છે કહે છે. અરે.. ભગવાન તને ખબર નથી, બાપુ! નિશ્ચય એ જ સત્ય છે. વ્યવહારે બોલાય એ તો એક જ્ઞાન કરવા બોલાય છે. આહાહા..!

ધર્મી પોતાના **'આત્મ-જ્ઞાનના કાર્યમાં જ રોકે છે; આત્મજ્ઞાનથી કોઈ અન્ય વ્યવહારિક કાર્યમાં લાંબા વખત સુધી રોકતો નથી.'** આવે વિકલ્પ કહે છે. રાગ શુભ-અશુભ આદિ. લાંબો

કાળ એમાં રાચતો નથી. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ રાગ છે ત્યાં સુધી અંદર લક્ષ છે, છતાં રાગનું જ્ઞાન કરે. રાગ થાય છે તેમાં સાથે જ્ઞાન હોય છે. ભેદજ્ઞાન હોય છે. ભેદજ્ઞાન કરવું પડતું નથી. એવી વાત.

અંદર રાગ આવે છે એમાં રોકાતો નથી. એટલે રોકાય છે જ્ઞાનમાં. એમ કહે છે. એને જાણવું છે, જાણનાર એ મારી દશા છે. રાગ એ મારું કાર્ય નહિ. આહાહા..!

**'કદાચ પ્રયોજનવશાત્ અર્થાત્ સ્વ-પરના ઉપકારાર્થે અસ્થિરતાને લીધે...'** જોયું! અસ્થિરતા થાય સમકિતીને. એને લીધે **'વચન-કાય દ્વારા આહાર-ઉપદેશાદિ કાર્ય કરવાનો વિકલ્પ આવે,...'** વૃત્તિ ઊઠે, પણ એથી કાર્ય કરે આત્માનું ઉપદેશમાં... અરેરે..! આવી વાતું ભારે આકરી ભાઈ! આહાહા..! વિકલ્પ હોય એને. તે પણ વિકલ્પનો જાણનાર જ છે.

મુમુક્ષુ :- બહુ ખુલાસો છે.

ઉત્તર :- બહુ ખુલાસો છે. પાઠ પણ એવો છે.

**'आत्मज्ञानात्परं कार्यं न बुद्धौ धारयेच्चिरम्।'** જ્ઞાની બીજા કાર્યના વિકલ્પને ઘણો કાળ રાખતો નથી. કરી શકતો નથી એ તો પ્રશ્ન જ નથી. આહાહા..! પરને તો કરી શકતો જ નથી. આહાહા..! એક અક્ષર લખવું એ ક્રિયા આત્મા કરી શકતો નથી. અરેરે..!

મુમુક્ષુ :- આટલા બધા ચોપડા તો છાપ્યાને.

ઉત્તર :- કોણે છાપ્યા? રામજીભાઈએ કર્યા હશે. હિંમતભાઈએ કર્યા હિંમતભાઈએ. હિંમતભાઈએ કર્યા છે. એ બધી વાતું છે. વ્યવહારના કથનો છે એ બધા.

એ તો જે રજકણનું જે સ્કંધ છે અનંત રજકણનો સ્કંધ-પિંડ એની પણ જે સમયે જે પર્યાય સ્વકાળે થવાની તે તેનાથી થાય છે. આહાહા..! દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી વસ્તુ છે અને પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળથી નથી. સપ્તભંગી છે. દરેક પદાર્થ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ. કાળ એટલે પર્યાય. પોતાના કાળથી છે અને પરના કાળથી નથી. આહાહા..! આ તો સપ્તભંગી છે પહેલી. જૈનદર્શનનું મૂળ તત્ત્વ એ તો છે.

મુમુક્ષુ :- પણ એવું રહસ્ય સમજાવ્યું કોણે?

ઉત્તર :- એ તો સમજવાનો કાળ આવે એટલે આવે જ એમ. આહાહા..!

**'કાય દ્વારા આહાર-ઉપદેશાદિ કાર્ય કરવાનો વિકલ્પ આવે, તો તેમાં તેને અતન્મયભાવ વર્તે છે.'** જોયું! ઓલો રાગ આવે એમાં એ તન્મય-એકપણું નથી. રાગ સાથે એકપણું હોય તો તો મિથ્યાદૃષ્ટિ થઈ ગયો. આહાહા..! કેમકે રાગ છે એ આસ્રવતત્ત્વ છે, ભગવાન આત્મા જ્ઞાયકતત્ત્વ છે. બેને એક માને તો તો અંતરાત્મા રહ્યો નહિ. એ તો બહિર્માં વયો ગયો. આહાહા..! અતન્મય વર્તે છે લ્યો.

**વિશેષ — 'ધર્મીને આત્મસંવેદન એ જ મુખ્ય કાર્ય છે.'** જોયું! ભગવાન આત્મા આનંદનો

નાથ પ્રભુ એ તો જ્ઞાનસ્વરૂપ જ છે. જ્ઞ સ્વરૂપે ભગવાન બિરાજે છે આત્મા. એનું કાર્ય તો જ્ઞાનનું કાર્ય છે જાણવું બસ. આહાહા..! '**સ્વસંવેદન...**' છે ને? સ્વ નામ પોતાનું, સં નામ પ્રત્યક્ષ, રાગ અને મનના અવલંબન વિના, પોતે પોતાને વેદે એ સંવેદનકાર્ય આત્માનું છે. ભારે આકરું! કાલે તો અહીં જેતપુર જવાના છીએ. કાલે છેલ્લું છે ને? આ શ્લોક સારો આવ્યો. ૫૦. આહાહા..!

'**ધર્મીને...**' સમ્યગ્દૃષ્ટિને '**આત્મસંવેદન એ જ મુખ્ય કાર્ય છે.**' ગૌણપણે એવા વિકલ્પો તેમાં અતન્મય થઈને રહે છે. આહાહા..! આવી વસ્તુ છે. જગતને બેસે, ન બેસે એથી વસ્તુ કાંઈ ફરી જાય નહિ. વસ્તુ તો સ્થિતિ આ છે. ત્યારે કહે કે આવો માર્ગ પણ ઘણા લાખો અને કરોડોને ન સમજાય. ન સમજાય એટલે? સમજાય એને સમજાય, ન સમજાય એને તો અનાદિથી છે. આહાહા..!

'**તેમાં જ તે પોતાના ઉપયોગને લગાવે છે.**' સમ્યગ્દૃષ્ટિ તો આત્મસંવેદનના કાર્યમાં પોતાના ઉપયોગને લગાવે છે. આહાહા..! '**કદાચ લાંબો સમય સ્વરૂપમાં સ્થિર ન રહી શકે અને પ્રયોજનવશાત્ આહાર-ઉપદેશાદિનો વિકલ્પ આવે, તો તે કાર્ય અનાસક્તિ ભાવે...**' આ અનાસક્તિ જુદી હોં! ઓલા આ ગાંધીજી જુદી જે કહે છે અનાસક્તિએ કામ કરવા એ જુઠી વાત છે અને આ બીજી વાત છે. એ તો કહે છે કે અનાસક્તિએ કાર્ય કરવા. અહીં કાર્ય કરવાની વાત નથી. ગીતાનો અનાસક્તિ યોગ કહે છે ને? એ તો અનાસક્તિએ કામ કરવા એમ કહે છે. અહીં તો કામ કરવા નહિ. પણ કામ કરવાકાળે જે વિકલ્પ ઉઠ્યો એમાં તન્મય ન થવું એનું નામ અનાસક્તિ. આહાહા..! ભાઈ આ તો માર્ગ જુદો છે. જગતની સાથે કાંઈ મેળ ખાય એમ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કરવાનો અર્થ શું? કીધું સાંભળ્યું નહિ? કરવા એમ નહિ. કરે છે ત્યારે એને રાગ આવે છે. એમાં તન્મય ન થવું એમ એનો અર્થ કર્યો. કરે શું? ધૂળ કરે? લ્યો એટલું આવ્યું લ્યો. હવે વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## મહા સુદ ૭, સોમવાર તા. ૧૭-૦૨-૧૯૭૫
## શ્લોક-૫૦,
## પ્રવચન - ૬૩

સમાધિતંત્ર. એનું વિશેષ. જ્યારથી સ્વભાવની દૃષ્ટિની મુખ્યતા ખસતી નથી. જેથી '**ધર્મીને આત્મસંવેદન એ જ મુખ્ય કાર્ય છે.**' આહા..! આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ છે એવી દૃષ્ટિ થઈ છે, અનુભવ થયો છે. એને અહીંયાં સમ્યગ્દૃષ્ટિ અને ધર્મી કહેવામાં આવે છે. એ આત્મદૃષ્ટિ વિના જે કાંઈ શુભ-અશુભભાવ કરે એ એને બંધ ખાતે એકાંત બંધ છે. એથી કહે છે કે ધર્મીને અબંધસ્વભાવી

આત્મા... શરીર, કર્મથી તો બંધ નથી, સંબંધ કહો કે બંધ કહો. રાગ સાથે સંબંધ નથી. સંબંધ-બંધ નથી એની સાથે. વસ્તુ છે એ રાગના સંબંધ-બંધથી ભિન્ન છે. આહાહા..! એથી '**ધર્મીને આત્મ-સંવેદન એ જ મુખ્ય કાર્ય છે.**' આહા..! આત્માનું વેદન કરવું જ્ઞાનનું એટલે કે નિજસ્વભાવનું. એ જ ધર્મીનું કે જ્ઞાનીનું.. એક જ શબ્દ છે. જ્ઞાની એટલે કોઈ બહુ જાણેલો હોય તો જ્ઞાની. એમ કાંઈ નથી.

ધર્મીને આત્મસંવેદન એ જ મુખ્ય કાર્ય છે. આહાહા..! અજ્ઞાનીનું મુખ્ય કાર્ય વિકારનું કરવું અને વિકારનું ભોગવવું એ જ છે. પરનું કરવું અને ભોગવવું એ તો છે નહિ. આહાહા..! '**તેમાં જ તે પોતાના ઉપયોગને લગાવે છે.**' અજ્ઞાની પોતાના જ્ઞાનના વેપારને, રાગ અને વિકલ્પમાં જોડે છે. એટલું એનું કાર્ય. એથી આગળ આવીને કંઈક શરીરનું કે પરનું કરે એવું તો છે નહિ. એમાં બોલતા હતા. નીકળીને ઓલી ધર્મચક્ર. બાબુભાઈ છે ને નાનો બાબુ? ફતેહપુરમાં ત્રણ બાબુભાઈ. મહાવીરનો સંદેશ. માણસ.. માણસ.. માણસ.. ઉમટેલું. જૂનાગઢમાં પહેલું હશે દિગંબરમાં. એટલું માણસ. શેઠ! અઢી હજાર માણસ તો આપણું. બીજું ગામનું. મહાવીરનો સંદેશ. આત્મા કોઈનું પોતા સિવાય કરી શકતો નથી. થોડું તો ચાલે. સાંભળે તો ખરા લોકો. માણસોના ટોળા-ટોળા. પાછળ ને આગળ ને ચારેકોર.

આત્મા બધા સરખા છે. કોઈ નાના-મોટા નથી. એ તો આપણે ભાઈ પણ કહેતા હતા, નહિ? જશુ. એનો પાંચ વર્ષનો છોકરો જશુ. એ પણ હજી ભણ્યો નથી પણ આ બોલતો, કહેતો હતો.. આત્મા બધા સરખા છે. નાના-મોટા કોઈ નથી. એમ કાલે બોલતો હતો. આત્મા ભગવાન થઈ શકે છે. એમ. અહીં કહે છે... આહાહા..! એમ બોલ્યો કાલે. ભલે માણસ અન્યમતિ હોય પણ બધાને આત્મા શબ્દ એક જ છે. કાને તો પડે આ વાત આ શું? ત્રણલોકનો નાથ ચૈતન્ય સ્વરૂપ.

ખરેખર તો એ વસ્તુ વીતરાગસ્વરૂપ છે આત્મા. જિનસ્વરૂપ કહો કે વીતરાગસ્વરૂપ કહો. અને એનો આશ્રય લે તો જ વીતરાગ પર્યાયદૃષ્ટિ પ્રગટે. એ વીતરાગ દૃષ્ટિ, વીતરાગ સ્વભાવને અવલંબે-પ્રગટે. કોઈ પરને અવલંબે નિમિત્તને-રાગને-પર્યાયને અવલંબે એ પ્રગટે નહિ. કારણ કે એ પર્યાયમાં વીતરાગતા નથી. રાગમાં વીતરાગતા નથી, નિમિત્તમાં વીતરાગતા નથી. વીતરાગતા તો પૂર્ણ સ્વરૂપ છે. આહાહા..!

'**તેમાં જ તે પોતાના ઉપયોગને લગાવે છે.**' કેમકે એ વીતરાગમૂર્તિ સ્વરૂપ ચૈતન્ય અનાદિ સનાતન સત્ય છે એ. એનો ઉપયોગ ત્યાં લાગ્યો છે. ભલે કાય વચનથી કાય કામ થાય કહે છે. કામ થાય. આમાં અર્થમાં તો એમ લખ્યું ને વચન-કાય દ્વારા કરે. ભાષા તો એમ છે ને. '**कुर्याद-र्थवशात्किं**' પ્રયોજનવશાત્ કાર્ય કરે. કરે શું, પણ હોય છે. એનો અર્થ એવો છે. વચન અને કાયાની ક્રિયા હોય છે. રાગ હોય એના પ્રમાણમાં દેહની, વાણીની ક્રિયા હોય છે, પણ તે લાંબો કાળ એના ઉપર લક્ષ રહેતું નથી. આહાહા..! ધર્મીનું આ લક્ષણ છે.

આ ધર્મચક્ર નીકળ્યું હતું તો લોકોમાં જરી છાપ પડી ગઈ. કાલે જુનાગઢમાં એક લાખ રૂપિયાની

મોટર. એક મોટરના લાખ રૂપિયા થયા છે. આખી વેચાતી લઈને અને પછી શણગારી બધી. કાચમા અક્ષરો અને એ ચક્રો અને બાબુભાઈથી નાના બાબુભાઈ એમાંથી એ બોલે. આખા ગામમાં માણ-સો તે માણસો ક્યાંય મ્હાય નહિ. આગળ-પાછળ, દુકાન, મકાન. દરેક આત્મા ભગવાન થઈ શકે છે એમ બોલે. એય..! આવી તો વાત આવે તો તો પછી.. આહાહા..! અને માણસના ટોળા તે કેટલા? આહાહા..! ધર્મચક્રમાં હું બેઠો હતો. ત્યાં ગયા હતાને મંદિર દર્શન કરવા ગયા હતા. ત્યાં એ આવ્યા. ત્યાંથી એને શરૂ કરવું હતું. બાબુભાઈ કહે, માણસોને ટોળા પગે લાગવા અને ઓલો બોલે માથેથી. દરેક આત્મા સ્વતંત્ર છે, કોઈ કોઈને આધિન છે નહિ. ચાલ્યું તો છે હવે બહાર. એ તો કાલે સવાચારથી પાંચ. આખું ગામ ઉભરાણું હતું. પોણો કલાક. અમારે તો પાંચ વાગે તો આહાર કરવો. ત્યાં પાંચે જ પૂરું થઈ ગયું એને. જ્યાં પાંચ થયા ત્યાં એનું પૂરું થઈ ગયું. મંદિરથી લીધું મંદિરે આવ્યું. ત્યાં આ વાત હતી. હવે તો ચારેકોર નીકળે છે. વ્યાખ્યાનમાં બે હજાર, અઢી હજાર માણસ. એટલું માણસ. છઠ્ઠી ગાથા હતી.

બાપુ! માર્ગ તો આ છે, ભાઈ! આવું મનુષ્યપણું મળ્યું અને જો દ્રવ્યદૃષ્ટિ ન થઈ. કેમકે પર્યાય ઉપર લક્ષ અનાદિનું છે. અને એ પર્યાયને જ એણે રુચિમાં લઈને એટલો અને એ હું છું એમ માન્યું છે. એ કોઈ નવી ચીજ નથી. એક પર્યાયના અંશ ઉપરથી રુચિ છોડીને. જ્ઞાયકભાવ જે દ્રવ્યસ્વભાવ. ત્યાં તો છઠ્ઠીમાં એ આવ્યું હતું ને. દ્રવ્યસ્વભાવ, શુભાશુભભાવપણે પરિણમતો નથી. એ ધર્મીની દૃષ્ટિ છે. શું કીધું એ? શુભ-અશુભભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધનો ભાવ એ ભાવે વસ્તુ જે જ્ઞાયકભાવ એ દ્રવ્યસ્વભાવ એ ભાવે પરિણમતો નથી. એટલે કૌંષમાં લખ્યું છે એ જયચંદ પંડિતે લખ્યું છે. એટલે શુભાશુભભાવે જ્ઞાયકભાવ થતો નથી, પરિણમતો નથી. એટલે જડરૂપ થતો નથી. છે ને કૌંસમાં. એ પાછા ભાઈ હતા ને ધન્નાલાલ. તમે કહો છો કે આમ કીધું. એ તો સ્પષ્ટ કરવા માટે. કોણે લખ્યું છે આ કીધું. એનો અર્થ જ એ છે કે શુભ અને અશુભભાવ એ અચેતન છે, એય.. બાબુભાઈ! શુભ અશુભભાવમાં જ્ઞાનસ્વરૂપનો અંશ એમાં આવ્યો નથી. તેથી એ શુભ અને અશુભભાવ હોય, પણ છે એ અચેતન. એ ચેતન તે અચેતનરૂપે, ચેતન તે જડરૂપે, જ્ઞાયક તે જડરૂપે થતો નથી. આહાહા..! વજુભાઈ! આહાહા..! તો આ વળી શરીરરૂપે, બાયડીરૂપે, આ મારા ને આ મારા. ક્યાં ગયો આ?

વસ્તુસ્વરૂપ જ્ઞાયક ચૈતન્યરસ 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ.' જિન એટલે વીતરાગ સ્વરૂપ તે આત્મા અને રાગાદિ તે બધું કર્મ એટલે અચેતન જડ. આહાહા..! આવું સ્વરૂપ તો વીતરાગમાર્ગમાં હોય. બીજે ક્યાં હોય ભાઈ? એ વસ્તુ છે એની જ્યાં દૃષ્ટિ થઈ એનો અર્થ દ્રવ્યદૃષ્ટિ થઈ, એનો અર્થ કે સ્વભાવ દૃષ્ટિ થઈ, એનો અર્થ કે જ્ઞાયકભાવ છે તે રૂપે પરિણમ્યો. શુભાશુભ-ભાવપણે દ્રવ્ય પરિણમ્યું નથી એથી દૃષ્ટિવંત પણ શુભાશુભપણે પરિણમતો નથી. આહાહા..! આવો માર્ગ ભારે ભાઈ! વસ્તુ તો એવી છે. માને ગમે તે રીતે.

એથી અહીં કહે છે '**ધર્મીને આત્મસ્વસંવેદન એ જ મુખ્ય કાર્ય છે.**' જ્ઞાયકભાવ જે પુણ્ય-

પાપભાવને ઉત્પન્ન કરનાર શુભ-અશુભભાવ. એ છે ને ત્યાં? પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર શુભ-અશુભભાવ એ રૂપે વસ્તુસ્વરૂપ થઈ નથી. બાબુભાઈ! આહાહા..! આ તે કંઈ! તો હવે આ શરીર અને વાણીરૂપે થાય. આહા..! એ જે શુભ-અશુભભાવ અચેતન જ્યાં છે એરૂપે ચૈતન્ય જ્ઞાયકભાવ એ અચેતનપણે કેમ થાય? એવી ત્યાં વસ્તુની દૃષ્ટિ થઈ છે. કાંતિભાઈ! કાલે આવ્યું હતું ને? એ ત્યાં પૈસા બોલ્યા હતા બધા. પાંચ-છ હજાર રૂપિયા સોનગઢવાળા તરફથી હતા ત્યાં. બે મૂર્તિ આણે લીધી, પંદર હજારની લીધી હતી. આપણે હરિભાઈએ સાડા સાતસોનું લીધું એક ધર્મધ્વજ. પહેલું એ. ત્યાં એની બેનનું બે હજારનો અભિષેક એમ કરતા પાંચ હજાર થયા.

એ વાત હોય છે. વિકલ્પને કાળે એ વિકલ્પ હોય, ક્રિયા થાય તો એને કારણે થાય પરને કારણે. પણ વિકલ્પરૂપ પરિણમન થઈ જવું.. આહાહા..! એ વસ્તુનું સ્વરૂપ નથી. આહાહા..! ભગવાન આત્મા. શુભાશુભભાવ જેનાથી પુણ્ય-પાપનું સ્વરૂપ બંધાય એ શુભ-અશુભભાવથી સ્વભાવમાં એકતા ન થાય. આહાહા..! કહે છે કે એવું જે દૃષ્ટિનું સ્વરૂપ, જેને દ્રવ્યસ્વભાવ દૃષ્ટિમાં આવ્યો, એ ધર્મીને સ્વસંવેદન મુખ્ય કાર્ય છે. આહાહા..! આમ તો કાર્ય એક જ છે. પણ વચન-કાયાથી ક્રિયા થાય છેને એથી એને મુખ્ય શબ્દ વાપર્યો છે. નહિતર કાર્ય જ આ છે. શુભ-અશુભભાવ અને એની ક્રિયા જડની એ કાર્ય એનું છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

તે ધર્મી જેની દૃષ્ટિ દ્રવ્ય, એટલે કે વાસ્તવિક વીતરાગ સ્વરૂપ બિરાજમાન એવું જે તત્ત્વ, સ્વ એની જેને દૃષ્ટિ અંતર થઈ છે, અનુભવ થયો છે એના વેદનમાં તો એકલું જ્ઞાન અને આનંદનું વેદન હોય છે. આહાહા..! ત્યાં મુખ્ય વેદન તરીકે એમ ગણાય. મુખ્ય કાર્ય ઠીક પણ મુખ્ય વેદન ત્યાં ઠીક છે. વજુભાઈ! સમજાણું આમાં? મુખ્ય કાર્ય નહિ. કાર્ય તો એક જ છે, પણ એનું મુખ્ય વેદન આ છે. સમજાણું કાંઈ?

'**તેમાં જ તે પોતાના ઉપયોગને લગાવે છે.**' કેમકે જ્ઞાયકસ્વરૂપ, ચૈતન્યસ્વરૂપ દૃષ્ટિમાં આવ્યો છે, એના ઉપર જેની જવાબદારી છે અથવા એ જ હું છું એમ જ્યાં અનુભવમાં આવ્યું છે એને એના તરફ જ વલણ ઉપયોગનું મુખ્યપણે રહે છે. ઉપયોગ મુખ્યપણે રહે છે એ વાંધો નહિ. કાર્ય તરીકે જરી ફેર છે. સમજાણું કાંઈ? આહાહા..! '**કદાચ લાંબો સમય સ્વરૂપમાં સ્થિર ન રહી શકે...**' ધર્મી જીવને દ્રવ્યદૃષ્ટિ, વસ્તુદૃષ્ટિ, સ્વભાવદૃષ્ટિ અને સ્વભાવનું પરિણમન, વેદન થયું છતાં સ્વરૂપમાં રહી શકે નહિ લાંબો કાળ તો '**પ્રયોજનવશાત્...**' આહાર-ઉપદેશ આદિનો વિકલ્પ આવે. મુખ્યપણું મુનિનું લીધું છે ને. સમાધિ. એટલે આહારનો અને ઉપદેશાદિનો વિકલ્પ આવે. આહાહા..! ઉપદેશનો વિકલ્પ છે એ તો રાગ છે.

'**ઉપદેશાદિ...**' વાંચન કરવું, લખવું કાંઈક શાસ્ત્ર આદિ. એવો વિકલ્પ ઊઠે '**તો તે કાર્ય અના-સક્તિભાવે (અતન્મય ભાવે) થાય છે.**' એટલે કે રાગ અને સ્વભાવની એકતા કર્યા વિના, રાગ અને સ્વભાવની એકતા કર્યા વિના એ કાર્ય થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? '**અનાસક્તિભાવે...**' ઓલી અનાસક્તિ આ ગાંધીજી કહે છે એ નહિ હોં. ગાંધીજી કહે છે એ તો કરવું, પણ આસક્તિ ન

કરવી. અહીં તો કહે છે કે કરી શકાય જ નહિ. કરે શું? એવી વાત છે. છે એવું. ગીતાનું એવું વાક્ય છે ખરું ને. આ તો માર્ગ જુદો બાપુ વીતરાગનો. કરી શકાતું જ નથી દેહાદિ પરની ક્રિયા. રાગનું કાર્ય પણ નિશ્ચયથી તો છે જ નહિ. પણ સ્વરૂપમાં દૃષ્ટિ હોવા છતાં સ્થિરતામાં, રમણતામાં લાંબો કાળ રહી શકે નહિ એથી એને આવા વિકલ્પો આવે શુભ-અશુભભાવના. અહીં તો અશુભની (વાત) લીધી જ નથી. આહારાદિ ઉપદેશ. મુનિની પ્રધાનતાથી વાત છે.

આહારાદિનો વિકલ્પ આવે, ઉપદેશનો વિકલ્પ આવે, લખવાનો કે કોઈ શાસ્ત્ર રચવાનો વિકલ્પ આવે. મુનિને તો એ છે ને. મુનિને કાંઈ અશુભભાવ છે નહિ? આહાહા..! ચોથે-પાંચમે અશુભભાવ આવે, હોય, છતાં તેને કર્તવ્ય તરીકે સ્વીકારીને એમાં સુખબુદ્ધિ હોતી નથી. આહાહા..! એવો માર્ગ! **'તો તે કાર્ય અનાસક્તિ ભાવે (અતન્મય ભાવે)...'** એનો અર્થ આ બરાબર છે. અતન્મય એટલે રાગની સાથે એક થઈને તે રાગનું કાર્ય થતું નથી. ભિન્ન રહીને રાગનું કાર્ય થાય છે. આહાહા..! આવો માર્ગ છે.

**'તે કરવાને તેને મનમાં ઉત્સાહ નથી-ભાવના નથી.'** આ કરવા જેવું છે એવી એને ભાવના નથી. આહાહા..! રાગની ભાવના હોય તો તે દૃષ્ટિ મિથ્યાત્વ થઈ ગઈ. આહાહા..! સ્વરૂપની દૃષ્ટિ અને સ્વરૂપની ભાવના હોવા છતાં આવો રાગભાવ આવે, થાય, પણ મનમાં એની ભાવના આ થાવ અને ઠીક થાય છે એવી ભાવના જ્ઞાનીને હોતી નથી. આવો માર્ગ જગતને પચવવો. આહાહા..! એથી એને લાગેને આ બધું. સોનગઢમાં તો એકલું નિશ્ચયનું જ ચાલે છે. વ્યવહારનો તો લોપ કરી નાખ્યો છે. નહિ? બધા એ કહે છે. શ્રીમદ્‌ના ભક્તો એમ કહે છે. સંપ્રદાયવાળા એમ કહે. કહે બાપુ! શું થાય? સત્ય જ આવું છે. ત્યાં વ્યવહારના વિકલ્પ જે ઊઠે ભક્તિનો, એ કર્તવ્ય તરીકે છે એમ જ્ઞાની સ્વીકારતો નથી. આહાહા..!

અતન્મયપણે તે રાગ આવે. અતન્મય એટલે તે મય થયા વિના સ્વરૂપની જ્ઞાન-દૃષ્ટિરૂપે થઈને અને રાગરૂપે થયા વિના રાગ આવે છે. આહાહા..! એનું કાર્યને અંગે ભાવના એની નથી કે આ શુભભાવ હો, શુભભાવ હો. આહાહા..!

**'કાર્ય અંગે શરીર-વાણીની જે ક્રિયા થાય છે...'** એ શરીર અને વાણીની ક્રિયા તો થાય. જે કાળે, એ તો આપણી આવી ગયું છેને ૧૦૨ ગાથા નહિ? જન્મક્ષણ. દેહનું જે પર્યાયનું ઉત્પત્તિ ક્ષણ છે એ ક્ષણે ઉત્પન્ન થશે જ. જે શરીરની અવસ્થા પર્યાય આ હાલત, એનો ઉત્પત્તિ ક્ષણનો કાળ છે એ થશે જ. એને કરે તો થાય અને ન કરે તો થાય એવું કાંઈ છે નહિ. થશે જ. આહાહા..!

**'શરીર-વાણીની જે ક્રિયા થાય છે તેમાં તેને એકતા-બુદ્ધિ કે કર્તા-બુદ્ધિ તો નથી જ.'** જોયું! અતન્મય નથી એટલે? રાગ સાથે સ્વભાવની એકતા તો નથી. રાગ થવા છતાં ધર્મીને સમ્યગ્દૃષ્ટિને રાગ સાથે એકતાબુદ્ધિ નથી. ભિન્નતાબુદ્ધિએ રાગ વર્તે છે. આહાહા..! હવે આખો દિ' આ શરીર અને વાણી એવી ક્રિયાઓ કરે ને કહે છે કે જ્યારે અમે કરીએ ત્યારે થાય છે કે નહિ આ? ભાઈ! શું કરો છો? તને ખબર નથી. તને વિકલ્પ, રાગ કર અને એમાં તન્મય થા. એ સિવાય

શરીરની ક્રિયા એને કાળે થવામાં તું એનો અધિકાર તારો બિલકુલ નથી. આહાહા..!

'**જે ક્રિયા થાય છે તેમાં તેને એકતા-બુદ્ધિ કે કર્તા-બુદ્ધિ તો નથી જ,...**' બે વાત. એકતા-બુદ્ધિ નથી. રાગ આવે ઉપદેશાદિનો, આહારાદિનો એમાં સ્વભાવ વસ્તુ અને રાગની એકતાબુદ્ધિ નથી ધર્મીને, તેમ કર્તાબુદ્ધિ નથી. એકતાબુદ્ધિ નથી એટલે કર્તાબુદ્ધિ નથી. આહાહા..! આવો ઉપદેશ હવે માણસને શું કરવું? ઓલું ઇચ્છામી પડિક્કમયું ઈરિયાવહિયાએ વિરાહણાએ એ કરતા હતા કહે. તસ્સ મિચ્છામિદુક્કડમ જીવીયાઓ વવરોઈયા તસ્સ મિચ્છામી દુક્કડમ. નહિ? ને ઓલા તસ્સ ઉત્તરીમાં. તાવ કાયં ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામી. કહો, સહેલું સટ કાંઈ છે એમાં સમજવું? ગડિયા બોલવાના. આહાહા..! જિંદગી વેડફી નાખી છે અજ્ઞાનમાં.

અહીં તો કહે છે કે પ્રભુ! જેને ધર્મ થાય એને ધર્મીની દૃષ્ટિ થાય. જેને ધર્મ થાય એને ધર્મીની દૃષ્ટિ, વસ્તુની દૃષ્ટિ થાય. ત્યારે તેને ધર્મ થાય. એ ક્રિયા દયા, દાન, વ્રત, ને ભક્તિ ને ઇચ્છામી પડિકમણું, નમોત્થુણં ને અરિહંતાણં ભગવંતાણં આઈગરાણં. એમ કર્યું છે કે નહિ રવિચંદભાઈ! નમોત્થુણં નથી કર્યું? સામાયિક તો કરી હશે કે નહિ? ગડિયા તરીકે. પાઠ પાઠ આવે છે કે નહિ? નમો અરિહંતાણં.. નમો અરિહંતાણં, બીજો તિક્ખુતો, ત્રીજો ઇચ્છામિ પડિક્કમિયું, ચોથો તસ્સ ઉત્તરી કરણેણં, પાંચમો લોગસ્સ, છઠ્ઠો કરેમિભંતે, સાતમો નમોત્થુણં. આ તો દસ વર્ષની ઉંમરથી કર્યું છે અમે તો. જૈનશાળામાં ભણતાને. ભણતા. સોમચંદ માસ્તર ભણાવતા હતા. આંધળા હતા. સોમચંદ ભગત હતા ને. કુંવરજીભાઈના કાકાના દીકરા. આંધળા જન્મથી નાની ઉંમરથી. શીખવે એ બધું. પરીક્ષા લેતાં. અહીં કહે છે એ જ્ઞાનીને શરીર ને વાણીની ક્રિયા થાય ખરી. કેમકે શરીર અને વાણી જે જડ છે એનો ઉત્પત્તિકાળની ક્રિયા હોય તે કાળે તે થાય. પણ ધર્મીને તેમાં એકત્વબુદ્ધિ નથી. તેથી તેને આ કરવા જેવું છે એવી બુદ્ધિ નથી. આહાહા..! ભારે! શરતું ભારે! ઓલું તો આઠ વર્ષની છોડી હોય ને પાંચ સામાયિક કરે. એક પથરણે પાંચ સામાયિક કરે. જાવ પછી એક એક રૂપિયા આપો સૌને. લ્યો. એટલે એને અનુમોદન થયું. ઓલાને ધર્મ થયો, આને અનુમોદનનું ધર્મ થયું. ધૂળેય ધર્મ નથી. આ ધર્મ ક્યાં હતો ત્યાં? રાગની ક્રિયા શુભની હોય તો. અશુભના ભાવમાં (ન) આવ્યો હોય તો. અશુભમા રહેતો હોય તો મિથ્યાત્વ છે. અહીં પણ મિથ્યાત્વ છે શુભમાં રહેવું એ ક્રિયા મારી છે એમ માની છે એ. આહાહા..!

કહે છે કે '**તેમાં તેને એકતા-બુદ્ધિ...**' થી કરતો નથી પણ તે ક્રિયા કરવાના વિકલ્પને પણ તે ભલો માનતો નથી. એટલે શું કહ્યું? કે વાણી અને દેહની ક્રિયા તો થાય, તે કાળે એ આત્મા કરતો નથી. અજ્ઞાની પણ કરતો નથી વાણી અને જડની. પણ આને વિકલ્પ આવ્યો છે તે કાળે એ ક્રિયા ક્રિયાને કાળે થાય (એની) એને એકતાબુદ્ધિ નથી, કર્તાબુદ્ધિ નથી. અને વિકલ્પ જે આવ્યો છે એને ભલો માનતો નથી. ઓહોહો..! ભારે શરતું ભાઈ! ધર્મ બહુ સહેલો હતો એને મોંઘો કરી નાખ્યો એમ માણસ કેટલાક કહે છે. લ્યો! નહિ? ..ભાઈ! ગામડામાં ક્યાં હતું આવું તમારે ત્યાં? સામાયિક કરવા, પોષા કરવા, પડિક્કમણા કરવા, વ્રત પાળવો આઠમ અને પૂનમનો. આહાહા..! એ વિકલ્પ આવે

વૃત્તિ શુભ, ઉપદેશની, આહારની. આહાહા..! એની સાથે એકમેક તો નથી, કર્તાબુદ્ધિ નથી, તેથી તેને ભલો માનતો નથી. આહાહા..! આટલી જવાબદારી છે. એવું વસ્તુનું સ્વરૂપ જ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**વિકલ્પને તોડી સ્વરૂપમાં સ્થિર થઈ...**' એ જે આહાર ઉપદેશાદિનો વિકલ્પ આવ્યો એને પણ રહિત થઈ.. ભાષા ઉપદેશમાં તો એમ આવેને તોડીને, એટલે કે આત્મામાં એકાગ્ર થઈને, એને ઉત્પન્ન થવું નહિ એને તોડવું એમ કહેવામાં આવે છે. સ્વરૂપમાં વિકલ્પને તોડી, '**સ્વરૂપમાં સ્થિર થઈ હું શુદ્ધાત્માને ક્યારે અનુભવું,...**' એમ ધર્મીની વારંવાર રુચિ ત્યાં સ્વભાવ તરફ કામ કરે છે. આવું બધું સંસારમાં રહીને કેમ થાય? સંસાર એટલે શું? ઉદયભાવ રાગ. રાગમાં રહીને એ ન થાય. પણ રાગથી ભિન્ન પડીને રાગની ક્રિયા હોય એ બની શકે. આહાહા..!

ભરતચક્રવર્તી છ ખંડનું રાજ હતું. છન્નું હજાર તો સ્ત્રી હતી, છન્નું કરોડ તો પાયદળ હતું. પણ એ હતું તે એ તો એના અસ્તિત્વથી હતું. એની સત્તાથી હતું. મારી સત્તાને લઈને એ હતું? એમ એ સત્તાનો હું ધણી માલિક છું? એમ ભરત નહોતા માનતા. છન્નું કરોડ પાયદળમાં રહેવું, છન્નું હજાર સ્ત્રીમાં રહેવું એ કાંઈ હું એને નહોતો માનતો. ત્યારે શું કામ ભેગા રહેતા હતા? અરે.. સાંભળને ભાઈ! તને સંયોગમાં છે એમ દેખાય છે, પણ જ્ઞાની સંયોગમાં નથી. આહાહા..!

તેમ તે વિકલ્પને કરવા માગતો નથી પણ થઈ જાય છે. એને રહિત થયું, રહિત છું એવી ભિન્નપણાની ભાવના કાયમ હોય છે. વિકલ્પથી ભિન્ન પડું, ભિન્ન તો છે. ભિન્નનું ભાન તો છે, પણ એનાથી રહિત થઈને ઠરું ક્યારે અંદર? એવી સમકિતીની, ધર્મીની ભાવના હોય છે. એટલે પછી આ બીજાઓને લાગે હોં. આ તો બધું ... માનસ્તંભને ત્યાં જુઓ તો કેટલી આઠ તો મૂર્તિ સ્થાપી. ચાર ઉપર ઊભી પ્રતિમા હોં. નીચે બેઠી. આઠ અને પાંચ બીજી નહિ? ધાતુની. પ્રદ્યુમન કેવા? પ્રદ્યુમન ને નંદીને એવા બધા નીચે. પૈસા બહુ ખર્ચ્યા. ધમાલ-ધમાલ એકલી કરે. નેમિનાથ ભગવાનની મોટી પ્રતિમા આવડી. નીચે સ્થાપી એક. પૈસા તો ઘણા. બાયડી-ભાયડો બે છે. કોઈ છે નહિ કરનાર. મકાન-બકાન વેચી નાખીને પૈસા કર્યા ભેગા. એ શુભભાવ છે એટલો. આ મારાથી આ થાય છે એ તો મિથ્યાત્વભાવ છે. આહાહા..!

'**શુદ્ધાત્માને ક્યારે અનુભવું,...**' કેમકે આત્મરસ જેણે ચાખ્યો છે, ધર્મીએ આત્મરસ ચાખ્યો છે. આહાહા..! તમારે નહોતા કહેતા પૂનમચંદ? બાપાને પૈસાનો રસ ક્યાં હતો? પૈસા ક્યાં હતા એની પાસે? એ તો ૨૫-૩૦ હજાર એટલા તો હતા. ૩૫ હજાર કહેતા હતા. છોટાભાઈના બાપા નારણભાઈ પાસે. ૩૫ હજાર. તે દિ' તો ૩૫ હજાર એટલા હતા. આ તો કરોડપતિ. પાંચ કરોડ. એક ફેરી અમદાવાદમાં વાત થઈ કે બાપાએ ક્યાં પૈસાનો રસ જોયો છે? એણે પૈસાનો રસ જોયો છે. અમદાવાદમાં. આહાહા..!

એમ ધર્મીએ આત્માનો રસ જોયો છે. અજ્ઞાનીએ રસ ક્યાં જોયો છે? આહાહા..! એ રસના પ્રેમીલા ધર્મી આત્મરસના પ્રેમી, રસીક. આહાહા..! કોઈ કૃષ્ણ લ્યો રે કૃષ્ણ. નહોતા આવ્યા ઓલું

ગોપીમાં આવે છે ને? ગોપીઓ નીકળે દહીં વેચવા. દહીંનું મટકું. કોઈ કૃષ્ણ લ્યો રે. હૃદયમાં કૃષ્ણનો પ્રેમ છેને એટલે એ આવ્યું એમ. છે તો દહીં વેચવા નીકળ્યા. આ ગોપીઓમાં આવે છે.. કોઈ કૃષ્ણ લ્યો રે કૃષ્ણ. જેનો જેને રસ એનું એને વાણી નીકળે છે કહે. એમ અહીં કહે છે કે આત્માનો આનંદરસ લ્યો પ્રભુ. એ આનંદના રસથી ભરેલો ભગવાન છે. આહાહા..! જેમાં છલોછલ અતીન્દ્રિય આનંદથી ભરેલો પદાર્થ છે. એની નજરમાં તને રસ આવે અને એ નજરું એ રસમાં જ કાયમ રહ્યા રહે, એવી ભાવના ધર્મીને હોય છે. આહાહા..! આ બધા ક્રિયાકાંડીઓને તો એવું લાગે.

અમારે હીરાજીમહારાજ બિચારા. ઘણા... સંપ્રદાય કરતા એની ક્રિયા વહોરવાની (કડક), એના માટે આહાર કરેલો લે નહિ, પ્રાણ જાય તો પણ. હીરાજી મહારાજ હતા. ૭૪માં. અને શાંત, કષાય મંદ, બ્રહ્મચારી. પણ દૃષ્ટિમાં કાંઈ ખબર ન મળે. જિંદગીમાં સાંભળેલું નહિ કે પરની દયા પાળી શકાતી નથી. એ શબ્દ સાંભળેલો નહિ. આહાહા..! ૫૮ વર્ષ. ૪૬ વર્ષની દીક્ષા. ૧૨ વર્ષની ઉંમરે દીક્ષા લીધી હતી. ખીમચંદભાઈએ જોયા હશે, નહિ? હા જોયા. નાગનેશ ને રાણપર રહે ને. ૧૨ વર્ષની ઉંમરે બિચારા બ્રહ્મચારી હોં બાળબ્રહ્મચારી. પણ એને કાને આ શબ્દ નહિ પડેલા. કે આ પરજીવની દયા આત્મા ન પાળી શકે. પરની દયા પાળું એનું નામ જ ધર્મ છે એમ કહેતા. આહાહા..!

વીતરાગ તો કહે છે કે પરની દયાની, જીવનનું આત્મા કરી શકે જ નહિ. પરની પર્યાયની દયા શી રીતે પાળે? આહાહા..! ૫૮ વર્ષે કાળ કરી ગયા. યાદ નથી કાંઈ? ૭૪ થયા. તમને તો યાદ છે? નથી? એ કાંપનું ઓલું છે નાળું. કાંપનું નાળું નથી? ત્યાં નીચે બાળ્યા, ચૈત્ર વદ, ૭૪ના ચૈત્ર વદ આઠમે ગુજરી ગયા. ૭૪ના ચૈત્રવદ નોમે ત્યાં બાળ્યા હતા. પુલની નીચે. અમે આવ્યા હતા. પછી પાંચ. સાડા ચાર ગાઉ છેટે હતા.

મુમુક્ષુ :- બહુ મોટી સ્મશાનયાત્રા નીકળી હતી.

ઉત્તર :- હા. બહુ મોટી. રાયચંદ ગાંધી જેવા પાંચ-પાંચ લાખના આસામી તે દિ'. અને ૫૦-૫૦ હજારની ઊપજું, લૂગડા આમ ખુલ્લા, ઓલું લઈ સુખડના. શું કહેવાય? સુખડ-સુખડના લાકડા. સામા આવ્યા હતા. અમે જ્યાં અપાસરામાં ગર્યા. ચૈત્ર વદ નોમની વાત છે. ૭૪ના ચૈત્ર વદ નોમ. કેટલા વર્ષ થયા? ૫૭. અમે જ્યાં ગર્યા અંદર. એમાં પાલખી ઉપાડી. તૈયાર રાખી હતી. અને ઉપાડીને તો રોવે માણસો. છોકરો ૨૦ વર્ષનો મરી ગયો એમ રોતા હતા માણસ. અરે.. મારો હીરો જાય છે. અરે.. એટલો પ્રેમ માણસને. વસ્તુની કાંઈ ખબર ન મળે. ધર્મદૃષ્ટિની કાંઈ ખબર નહિ, પણ સંપ્રદાયના માણસોની ક્રિયા છે એના કરતા એની બીજી ઊંચી હતી.

મુમુક્ષુ :- .. ગુરુ છે ને.

ઉત્તર :- એ ગુરુ. આત્માના બીજા હતા. આહાહા..!

અહીં તો એવું કહેવું છે કે એવા જીવને પણ આવી વાત સાંભળવા મળી નહિ. જેના મરણ વખતે જ્યાં ઉપાડી ઓલી પાલખી કાંપમાં. દરવાજા બહાર. અપાસરા બહાર નહિ? ઓહોહો..! આર્જિકા રોવે, સાધુ રોવે, ગૃહસ્થો રોવે, બાયુ રોવે. રોવે... રોવે... રોવે... એટલો પ્રેમ. હીરાજી

મહારાજ સંપ્રદાયના ગુરુ હતા અમારા. એટલો પ્રેમ. અરેરે..! પણ આ આત્મા પરનું કરી શકે નહિ એ શબ્દ કાને પડેલો નહિ. આહાહા..! આત્મા એ તો 'અહિંસા સમયમ્ ચેવ એતાવતમ્' બહુ શાંતિથી બોલે. ભાઈ! ભગવાન એમ કહે છે કે... હજાર સ્ત્રીના ટોળા બેઠા હોય. નજર ક્યાંય નહિ. આમ નજર રાખે આમ. ભગવાન આમ કહે છે પ્રભુ! એમ બોલે. 'અહિંસા સમયમ્ ચેવ.' પરજીવની દયા પાળવી એ આખા સિદ્ધાંતનો સાર છે. 'એતાવતમ્ વીયાણીયં' એટલું જાણ્યું એને બધું જાણ્યું એમ કહેતા હતા. કહો, વજુભાઈ!

અહીં તો અત્યારે આઠ-આઠ વર્ષના છોકરા અને સાંભળવા મળે આવી વાત. આહાહા..! જૂનાગઢમાં આઠ-આઠ વર્ષના છોકરા કૂદીને જાતા. બધે ફર્યા. ઉપર જાય, પાછા સહસાવનમાં, પાછા આવ્યા, પાછા બીજે દિવસે પંચમી ટૂંકે વળી આવ્યા, પાછા નીચે ઉતર્યા. આઠ-આઠ વર્ષના છોકરા. વાત તો આ હતી અમારી ન્યાય તો ઉપદેશમાં તો. બાપુ! માર્ગ તો આ છે, ભાઈ! દુનિયા રાજી થાય, ન થાય એની સાથે તત્ત્વને કાંઈ સંબંધ નથી. આહાહા..! જગતને રૂડું દેખાડવા અનંત વાર કર્યું. આવે છે? શ્રીમદ્‌માં. જગતને રૂડું દેખાડવા એવા દયાના, સત્‌ના બ્રહ્મચર્યના ભાવ કર્યા એ તો શુભભાવ છે. એ કાંઈ ધર્મ નથી. એથી રૂડું થયું નથી. છે એમાં? મોહનભાઈ! 'જગતને રૂડું દેખાડવા અનંતવાર કર્યું પણ એથી જીવનું રૂડું થયું નથી.' આહાહા..!

ભગવાન આત્માનું રૂડું તો ત્યારે થાય કે એ દયા, દાન, વ્રતના વિકલ્પ છે એને ભલો ન જાણે અને એનાથી ભિન્ન સ્વરૂપના આનંદના રસને ભલો જાણે. આહાહા..! ત્યારે એને સમકિત સન્મુખ થાય અને સમ્યગ્દર્શન ત્યારે થાય એને. આહા..! ચારિત્ર તો કોઈ બીજી વાત છે આખી. એ તો ચારિત્ર તો હિન્દુસ્તાનમાં ક્યાંય છે નહિ અત્યારે. ચારિત્ર કોને કહેવું? એ ચારિત્ર કોને કહેવું એની ખબરું નથી. આહાહા..! સમજાણું કાંઈ? હજી સમ્યગ્દર્શનના ઠેકાણા નથી ત્યાં ચારિત્ર ક્યાંથી આવ્યા? આ દીક્ષા લઈને મુંડાવે છે ને. મિથ્યાત્વની દીક્ષા છે બધી. આહાહા..! આકરી વાતું બાપા જગતને.

અહીં એમ કહે છે કે ધર્મી જેને કહેવાય એને તો આત્માના અતીન્દ્રિય આનંદના રસ જેણે ચાખ્યો છે એ આનંદનો રસીલો થયો છે. આહાહા..! એને જગતના પુણ્ય અને પાપના ભાવનો અંતરમાંથી રસ જેને ઊડી ગયો છે. આહાહા..! મોહનભાઈ! ભારે વાતું પણ ભાઈ! એ ક્યારે હું શુદ્ધાત્માને અનુભવું? '**એવી તેને નિરંતર ભાવના હોય છે,...**' જોયું! '**આ ભાવનાના બળથી તેનો ઉપયોગ બહારની ક્રિયામાં લાંબો વખત ટકતો નથી,...**' બહારનું લક્ષ લાંબો વખત ટકતું નથી એમ કહે છે. ક્રિયા કરતો નથી, પણ ઉપયોગ જે બહારમાં જાય છે એ લાંબો કાળ એમાં ટકતો નથી. આહાહા..! આવું વીતરાગસ્વરૂપ, પરમેશ્વર ત્રિલોકનાથ, તીર્થંકરદેવે આવું કહ્યું અને આવું સ્વરૂપ છે. સીમંધર ભગવાન મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજમાન છે. એ ભગવાન આ કહી રહ્યા છે આ રીતે ત્યાં. સંતો ત્યાં જઈને આ લાવ્યા અને જગતને કહ્યું, બતાવ્યું, બાપુ, માર્ગ તો આ છે. તમે માનો કે અમે દયા પાળીએ, વ્રત પાળીએ ને અપવાસ કરીએ, માટે ધર્મ થાય એ ત્રણકાળમાં ધર્મ થાતો નથી. આહાહા..! એ ક્રિયામાં જે રાગ છે શુભ, જો રાગ શુભ હોય તો. એ પણ પુણ્ય છે. એને

પણ ભલું માનવું એ પણ મિથ્યાત્વ છે.

કહે છે, '**બહારની ક્રિયામાં લાંબો વખત ટકતો નથી, ત્યાંથી હઠી તુરત સ્વ તરફ વળે છે.**' આહાહા..! જેને આત્માના આનંદની મોજ જેણે માણી છે. આહાહા..! સમકિતી એટલે એ. ભલે ગૃહસ્થાશ્રમમાં હોય, રાજમાં દેખાય. એના આનંદના રસને એકવાર જોયો છે અનુભવ્યો છે. એને વારંવાર તેના તરફ અનુભવવાનું વલણ રહ્યા કરે છે. આહાહા..! એનું નામ સમાધિ. સમકિતદર્શન એ સમાધિ છે. ઓલા બાવા સમાધિ કરે એ નહિ હોં. ઓલા બાવા કરે ને આમ. આ તો વીતરાગ સર્વજ્ઞદેવ પરમેશ્વરે કહેલો આત્મા એને જેણે આશ્રય લીધો, એને સમાધિ થાય છે. આહા..! એટલે કે એને શાંતિ થાય છે.

'ચિત્ત સમાધિ હુએ દશ બોલે,' એવું આવે છે શ્વેતાંબરમાં. દશાંગસૂત્ર. ૭૮માં એ શરૂ કર્યું હતું બોટાદમાં. 'ચિત્ત સમાધિ હુએ દશ બોલે.' એમાં સમ્યગ્દર્શનની પહેલી સમાધિ કહી છે. દશ બોલ છે. દશાંગ સૂત્ર નથી? એમાં છે. પણ એના અર્થ કરનારા ન મળે. કરનાર પોતે સાચો નહોતો. આહાહા..! એને તો ધારણાની વાતું જગતને કરી. આહાહા..! એ કાંઈ ભગવાનની વાણી નથી. આહાહા..! આ તો ભગવાન ત્રિલોકનાથ વીતરાગના પેટની વાણી છે આ તો અંદર. આહાહા..! '**ક્રિયામાં લાંબો વખત ટકતો નથી, ત્યાંથી હઠી તુરત સ્વ તરફ વળે છે.**'

'**જ્ઞાનીને નીચલી ભૂમિકામાં અસ્થિરતાને લીધે રાગ હોય છે...**' ધર્મીને ચોથે ગુણસ્થાને, પાંચમે કે છઠ્ઠે આત્માનું વેદન, સંવેદન હોવા છતાં એને રાગ આવે છે, રાગ હોય છે '**અને વચન-કાયની ક્રિયા પ્રત્યે લક્ષ જાય છે,...**' લક્ષ જાય છે એટલું હોં. લખ્યું છે સારું લખ્યું છે. વચન અને કાયાની ક્રિયા કરે છે એમ નહિ, પણ લક્ષ જાય છે. અસ્થિરતાનો ઉપયોગ છે એટલે ત્યાં લક્ષ જાય છે.

'**પણ પોતાના જ્ઞાનસ્વભાવને ભૂલે તેવી તેનામાં આસક્તિ હોતી નથી.**' પરમાં લક્ષ જવા છતાં હું જ્ઞાન અને આનંદ છું એ ભૂલીને લક્ષ જતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? પોતાનો જ્ઞાનસ્વભાવ જ્ઞાતા-દ્રષ્ટા એ આત્મા છે. એ રાગ અને દેહની ક્રિયા એ આત્મા નથી. દેહની ક્રિયા અને વાણીની ક્રિયા એ તો જડ-અજીવ, રૂપી અજીવ અને પુણ્ય અને પાપનો વિકલ્પ ઉઠે તે અરૂપી અજીવ. આહાહા..! એ બેય અજીવથી ભિન્ન ચૈતન્ય છે. આહાહા..! એનું જ્ઞાનીને જ્ઞાન કાયમ રહે છે. આહાહા..! '**પોતાના જ્ઞાનસ્વભાવને ભૂલે તેવી તેનામાં આસક્તિ હોતી નથી.**'

'**જ્ઞાનીને બાહ્ય વચન-કાયની પ્રવૃત્તિ હોવા છતાં,...**' શરીર ને વાણીની જડની અજીવની ક્રિયા બોલવું, ચાલવું એવી ક્રિયા હોવા છતાં ધર્મીને '**તેને અંતરંગમાં દૃઢ માન્યતા છે.**' આહાહા..! એને અંતરંગમાં આત્માના જ્ઞાનનો અંગ જે અવસ્થા પર્યાય એમાં દૃઢ માન્યતા છે કે. આ આપી છે પ્રવચનસારની ગાથા-૧૬૦. '**હું દેહ-મન-વાણી નથી,...**' આહાહા..! આ બાયડી, છોકરા ને પૈસા ને બંગલા ક્યાં નાખવા?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ધૂળમાંય નથી. એ તો એના છે જડમાં. આહાહા..!

ધર્મી એમ માને છે કે હું દેહ નથી, હું મન નથી, હું વાણી નથી. પ્રવચનસારની ગાથા છે ૧૬૦.'**હું તેમનો કર્તા નથી,...**' દેહ, મન અને વાણીની રચનારો હું નથી. આહાહા..! '**તેમનો કરાવનાર નથી...**' એ થાતો અને હું કરાવું. એ નથી. આહાહા..! '**કે અનુમોદનાર નથી...**' આહાહા..! શરીર, વાણી અને મન આ જડ છે એનો હું કર્તા નથી, એનો કરાવનાર નથી અને થાય તો ઠીક થાય છે એમ અનુમોદનારો નથી. આહાહા..! આવી વીતરાગની વાણી છે. અરેરે..! જગતને સત્ય સાંભળવા મળે નહિ, એ સત્ય કે દિ' પામે અને કે દિ' સમજે? આહાહા..! અને એક તો ૨૦-૨૨ કલાક એને સંસારના હોય. આખો દિ'. ખાવા-પીવાનું હોય, ઊંઘમાં જાય, થોડું રળવામાં જાય, થોડું ભોગમાં જાય. કલાક બચે ત્યાં સાંભળવા જાય તો વાણી મળે જડની બધી. આ કરો ને આ કરો ને આ કરો. આહાહા..! અરેરે..!

શ્રીમદ્ કહે છે ને કે કાંઈક થોડો વખત મળે. બાકી તો એને આમાં જાય બધો વખત સંસારમાં. રળવામાં ને આમાં, ભોગમાં, વિષયમાં, ઉંઘમાં. પ્રમાદમાં, કથા-વિકથાઓમાં. થોડો વખત મળે સાંભળવા જાય તો કુગુરુ લૂંટી લે એને. શ્રીમદ્‌માં આવે છે. એક કલાક સાંભળે તો કુગુરુ લૂંટી લે. એટલે? તમે આ કરો... આ કરો.. આમ દયા પાળો, ભક્તિ કરો, પૂજા કરો. વ્રત કરો, અપવાસ કરો તમારે ધર્મ. એ બિચારાને કુગુરુ, એનો કલાક આવો લૂંટી નાખે છે. હવે એને ક્યાં જાવું? શાંતિભાઈ! આવે છે. શ્રીમદ્‌માં આવે છે. આહાહા..!

'**હું કર્તા વિના પણ તેઓ ખરેખર કરાય છે;...**' હું એને રચું તો થાય વાણી ને મન ને દેહ એવો નથી. દેહ, વાણી અને મન એની મેળાએ તે રચના થઈ રહી જડની. આહાહા..! કેમ બેસે? માણસ કહે મડદું કેમ બોલતું નથી? આત્મા નીકળ્યા પછી શરીર કેમ ચાલતું નથી? માટે આત્મા હોય એ બોલે અને એ આત્મા હોય એ ચલાવે શરીરને. સાંભળ રે સાંભળ ભાઈ! તારા કુતર્ક ત્યાં કામ ન આવે ..માં.

અહીં તો કહે છે કે દેહ, વાણી અને મન જડ એની અવસ્થાનો જે સમય છે તે ટાણે જડની અવસ્થા થાય એનો હું કર્તા, મારા કર્તા વિના એ કરાય છે. જોયું! આ ચાલવું આમ, આ આંગળી ચાલે, એ મારા કર્તા વિના એ થાય છે કહે છે. આહાહા..! જડતત્ત્વ છેને જગતના અજીવ? એ અજીવતત્ત્વની ક્રિયા હું કરું તો અજીવને જીવ માન્યો એણે. મિથ્યાત્વ સેવ્યું. અનંતું પાપ, મહાપાપ. આહાહા..! પડિક્કમણામાં બોલે, જીવને અજીવ માને તો મિથ્યાત્વ. આવે છે ને? અજીવને જીવ માને તો મિથ્યાત્વ, કુસાધુને સાધુ માને તો મિથ્યાત્વ, સાધુને કુસાધુ, ધર્મને અધર્મ માને તો મિથ્યાત્વ. ગડિયા હાંકે. એકેય અર્થની (ખબર નહિ). તુંબડીમાં કાંકરા. કાંકરો છે કે બીજ છે કે રૂપુ છે સોનું. ખડ ખડ થાય છે કાંઈક. એ બી સુકાય ત્યારે ખડખડ થાય. ત્યાં કાંકરો ત્યાં ક્યાં ગરી ગયો હતો અંદર? કાંઈ ખબર ન મળે. આહાહા..!

અહીં વીતરાગ કહે છે કે એ વાણી મનનો હું કર્તા વિના તે કરાય છે. મારી હાજરી છે એમાં માટે શરીર અને વાણીની દશા થાય છે એમ નથી. ભારે કામ ભાઈ આવું.

મુમુક્ષુ :- પરતંત્ર ચાલી ગઈ.

ઉત્તર :- પરતંત્રતા ચાલી ગઈ? એમ કે હું કર્તા વિના કાર્ય. ભાઈ! અંદર ઉપસ્થિતિ છે આત્માની માટે શરીર આમ ચાલે છે, આ વાણી બોલાય છે. કહે ના.

ભગવાન ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકર એમ કહે છે કે તારા કર્તા વિના એ કરાય છે. કારણ કે એ પણ જડ તત્ત્વ છે, તેની પર્યાય તેનાથી થાય છે, માટે તારા કર્તા વિના એ કરાય છે, તું કર્તા થા તો ત્યાં થાય. ઇચ્છા કરે તો હાથ ઊંચો થાય એમ નથી. કહો રવિચંદભાઈ! આવું ક્યાં ત્યાં છે સાંભળવા? મોહનભાઈ વળી સાંભળતા હતા અહીં બેઠા. બિચારા વયા ગયા. આહાહા..! અરે.. મનુષ્યપણું મળ્યું. ઉગરવાના આરા આવા કાળ ભગવાનની વાણી સાંભળવા મળી, પણ એને સત્ય સાંભળવા ન મળે. શું કરે? ક્યાં જાય? જિંદગી વ્યર્થ જાય છે. આહાહા..!

**'માટે તેમના કર્તાપણાનો પક્ષપાત છોડી હું આ અત્યંત મધ્યસ્થ છું.'** આહાહા..! ધર્મીની આવી દૃષ્ટિ હોય છે. કે શરીર, વાણી અને મનની ક્રિયા મારા કર્તા વિના થાય છે. એને કારણે થાય ત્યાં હું મધ્યસ્થ છું. હું અહીં છું ને માટે આ બધું થાય છે એમ છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## જયેષ્ઠ સુદ ૮, મંગળવાર તા. ૧૭-૦૬-૧૯૭૫
## શ્લોક-૫૦,
## પ્રવચન - ૬૪

સમાધિશતક. ૫૦ ગાથા. ૫૦ ગાથામાં પ્રશ્ન છે.

**'એવી રીતે હોય તો આહારાદિમાં પણ અન્તરાત્માની પ્રવૃત્તિ કેમ થાય?'** એટલે શું? કે અંતરાત્માને પોતા સિવાય બીજે વિશ્વાસ અને રતિ હોતી નથી. એ ૪૯માં કહેવાણું. અજ્ઞાનીને જગત ઇષ્ટ અને રતિ આત્મા સિવાય બીજા પદાર્થમાં એને વિશ્વાસ હોય અજ્ઞાનીને. અને જ્ઞાનીને આત્મા સિવાય બીજા પદાર્થનો વિશ્વાસ અને રતિ હોતી નથી. ત્યારે પ્રશ્ન ઉઠ્યો કે જ્યારે બીજા પદાર્થ ઉપર વિશ્વાસ અને રતિ જ્ઞાનીને નથી તો આહાર લે, વ્યાખ્યાન કરે એનું શું સમજવું? એ પ્રશ્ન છે. સમજાણું કાંઈ? છે? **'આહારાદિમાં પણ અન્તરાત્માની પ્રવૃત્તિ કેમ થાય?'** આહાર એ પરપદાર્થ છે, વ્યાખ્યાન એ પરપદાર્થ છે. જ્યારે પરપદાર્થનો જ્ઞાનીને વિશ્વાસ અને રતિ નથી તો એ પરપદાર્થમાં આહારાદિ વ્યાખ્યાનમાં પ્રવર્તે કેમ? સમજાણું કાંઈ? એનો આ પ્રશ્ન છે.

એનો ઉત્તર છે. આ ગાથા ભાઈ બહુ બોલતા. પોપટભાઈ. પોપટલાલ.

**आत्मज्ञानात्परं कार्यं न बुद्धौ धारयेच्चिरम्।**
**कुर्यादर्थवशात्किंचिद्वाक्कायाभ्यामतत्परः।।५०।।**

નીચે હરિગીત કર્યું છે થોડું. બીજે એમાં ક્યાંય નહિ હોય.

**આત્મજ્ઞાન વણ કાર્ય કંઈ મનમાં ચિર નહિ હોય;**
**કારણવશ કંઈ પણ કરે ત્યાં બુધ તત્પર નો'ય. ૫૦.**

એ હિન્દીમાં નાખ્યું છે ગુજરાતી.

'**ટીકા :- ચિર કાળ સુધી એટલે બહુ લાંબા કાળ સુધી બુદ્ધિમાં ધારણ ન કરે. શું તે? કાર્ય કેવું (કાર્ય)? પર એટલે અન્ય. કોનાથી આત્મજ્ઞાનથી (અન્ય)? આત્મજ્ઞાનરૂપ કાર્યને જ બુદ્ધિમાં લાંબા વખત સુધી ધારી રાખે એવો અર્થ છે,...**' આનંદસ્વરૂપ ભગવાન આત્મા એનું જે જ્ઞાન થયું એ આત્મજ્ઞાનને લાંબો કાળ ધારી રાખે છે. '**પરંતુ બીજું કિંચિત્ અર્થાત્ ભોજન-વ્યાખ્યાનાદિરૂપ...**' આ તો .. સમાધિનો અધિકાર છે ને. ભોજન કરવો એ વિકલ્પ, વ્યાખ્યાનનો વિકલ્પ એવા '**કાર્યને વચન-કાય દ્વારા કરે.**' એટલે કે વચન અને કાય દ્વારા હોય એમ. કરવાનો વિકલ્પ. આહાહા..!

વ્યાખ્યાન, ભોજન આદિ. શાસ્ત્ર લખવા, કહેવા એ બધો વિકલ્પ છે, પણ એ વિકલ્પ ઘણો કાળ ન રાખે કહે છે. એમ કહે છે. '**કાર્યને વચન-કાય દ્વારા કરે.**' એટલે વચનને કાયા દ્વારા થાય એને એ જાણે. એનો કર્તા થાય નહિ. આહાહા..! '**શાથી? પ્રયોજનવશ...**' કેમ થાય? એ '**સ્વ-પરના ઉપકારરૂપ પ્રયોજનવશ** (કરે).' એવા ભાવ થાય વિકલ્પ. વચન અને કાયરૂપ ક્રિયા એની સ્વતંત્ર જડની ક્રિયા છે. એનો કાંઈ આત્મા કર્તા નથી. અજ્ઞાની પણ કર્તા નથી અને જ્ઞાની પણ કર્તા નથી. અજ્ઞાની માને કે હું છું તો આ થાય છે. જ્ઞાની (માને છે કે) એ છે તો એની ક્રિયા જડની થાય. વાણીની. આત્માની નહિ. આહાહા..!

'**સ્વ-પરના ઉપકારરૂપ પ્રયોજનવશ...**' વિકલ્પ આવે. પોતાના હિતને માટે પણ કોઈ કહેવું સાંભળવું આદિ એવો વિકલ્પ આવે, અને બીજાના હિતને માટે ઉપયોગમાં વિકલ્પ આવે. '**કેવા થઈને (તે કરે)? અતત્પર થઈને...**' પાઠ એ છે ને? અતત્પરનો અર્થ અનાસક્ત કર્યો સંસ્કૃતમાં. એથી નીચે કર્યું છે. અતત્પર એટલે તેમાં અનાસક્ત થઈને. અનાસક્તની જે આ વ્યાખ્યા લોકો કરે એમ નહિ આ.

મુમુક્ષુ :- કરવું અને અનાસક્તિએ કરવું.

ઉત્તર :- કરવું અને અનાસક્તિએ કરવું એમ નહિ. કરવું એ જ અનાસક્તપણું નથી. આહાહા..! કહે છેને ગીતાના વાક્યોને. અનાસક્તભાવે કરવું. પણ પરનું કરવું એ અનાશક્ત નહિ એ તો મિથ્યાત્વભાવ છે. થઈ શકતું નથી એને અનાસક્ત કહીએ. સમજાય છે? એમ કે જુઓ એ અમારે અનાસક્તિપણે કરવું એમ આવ્યું. ગીતામાં એમ કહ્યું છે. ગાંધીજી એમ કહેતા હતા એક ફેરી અનાસક્તિએ કરવું. અનાસક્તિએ કરવું એટલે શું? વાણી અને દેહની ક્રિયા તો કરી શકતો જ નથી. અને કરી શકે છે એમ માને છે એ અનાસક્તિ નથી, એ તો મિથ્યાત્વભાવ છે. અનાસક્તિનો અર્થ અહીં કેટલો? કે અસ્થિરતા થાય છે તેમાં એકત્વબુદ્ધિ કરતો નથી, એનું નામ અનાસક્તિ છે. સમજાણું કાંઈ?

અનાસક્તિ આવે છે ને? સંસ્કૃતમાં અર્થ કર્યો છે. અતત્પર. પાઠમાં છે ને? '**वाक्कायाभ्यां अतत्पर**' એટલે કે તેમાં તત્પર નામ કર્તાબુદ્ધિ જેને નથી. એમ. એનું સ્વામીપણું નથી. વિકલ્પ આવે એનું સ્વામીપણું નથી. અને દેહાદિની ક્રિયા અને વાણીની ક્રિયા છે એને કારણે જડને સમયે જડની ક્રિયા થાય. એમાં તો અનાસક્તિ એવો શબ્દ ત્યાં કાંઈ જરૂર નથી. એ તો એને કારણે થાય. આહાહા..! અનાસક્તિનો અર્થ અહીં રાગમાં અતત્પર રહે. અનાસક્તિ એટલે એમાં એકપણાની બુદ્ધિ ન કરે. બસ એટલી વાત. ભારે વાત ભાઈ! આ ગાથા બહુ ઊંચી સરસ છે.

'**ભાવાર્થ :- જ્ઞાની પોતાના ભાવમનને (ઉપયોગને) આત્મ-જ્ઞાનના કાર્યમાં જ રોકે છે;...**' '**आत्मज्ञानात्परं कार्यं न बुद्धौ धारयेच्चिरम्।**' એમ શબ્દ છે ને? આવે. વિકલ્પ આવે. અશુભ પણ વિકલ્પ આવે. પણ તે '**કાર્યમાં જ રોકે છે; આત્મજ્ઞાનથી કોઈ અન્ય વ્યવહારિક કાર્યમાં લાંબા વખત સુધી રોકતો નથી.**' એમ. આવ્યો. થયો. સ્વામીપણે રહિત, સહિત છૂટી ગયું. સ્વામીપણાનો અર્થ એ છે કે એ કાર્ય મારું છે અને હું કર્તા. એનું નામ સ્વામીપણું. પણ એ કાર્ય મારું નથી. પણ હું એનો જાણનાર છું. એનું નામ અનાસક્તિપણે કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- એકવાર આપ કહેતા હતા કે એવા કાર્યો કરાય.

ઉત્તર :- ક્યા? કરાય એટલે વ્યવહાર આવે છે. વ્યવહારના વિકલ્પો આવે. વ્યવહારનયથી એને કહેવાય. પંચ મહાવ્રત પાળવા. એ તો કથનની શૈલી છે. પંચ મહાવ્રત પાળવા, રક્ષા કરવી, અતિચાર લાગવા દેવો નહિ, અતિચાર લાગે તો એનું પ્રાયશ્ચિત લેવું. એવું આવે. વ્યવહાર શબ્દની શૈલી છે એ. બાકી રાગનું કરવું, એ પાળવું એ વસ્તુમાં છે જ નહિ. ઝીણી વાત છે. આહાહા..! શ્રાવકના અને સાધુને સમ્યગ્દૃષ્ટિને આચરણના વિકલ્પો આવે, બાર વ્રતના, પંચ મહાવ્રતના. સમ્યગ્જ્ઞાન થયા પછી પણ છતાં એ એને સ્વામીપણે ન કરે. સમજાણું?

મુમુક્ષુ :- કરવું અને પાછું ...

ઉત્તર :- કરે નહિ. કરે શું? થાય. કરવું અને થાય બેમાં મોટો ફેર છે. નહોતું કહ્યું ૭૩ ગાથામાં નહોતું કહ્યું? ૭૩ કરીને. તમારે આજે ૭૩ ચાલી છે? .. કહે ૭૩. .. કેવા તમારા ભોગીભાઈ. ભોગીભાઈ તો સામા આવ્યા હતા આ વખતે. અને વ્યાખ્યાનમાં તો બેય આવ્યા હતા. બાપ-દીકરા બેય. બકુભાઈ અને બેય. આ ગાથા. ૭૩ ત્યાં વાંચી હતી.

મુમુક્ષુ :- .. તો છે.

ઉત્તર :- ભોગીભાઈને પ્રેમ છે. ભોગીભાઈને. પણ હજી.. બકુભાઈના ઘરે પગલા કરાવ્યા હતા. એમ કે બકુભાઈને પ્રેમ થાય એટલે. કર્યું. ભોગીભાઈએ. કોઈ દિ' કર્યું નહોતું. આ ફેરી રસ્તામાં આવતા હતા. કોને કરે? આહાહા..!

અહીંયાં તો સમ્યગ્જ્ઞાન થયું ત્યારથી રાગનું કર્તાપણું, કર્તા અને કર્મપણું ટળ્યું અને રાગ આવે ખરો. તો એ કરવા લાયક છે અને કર્તા છે એવી બુદ્ધિ નથી. છતાં કર્તા થાય, કર્તા એટલે? પરિણમ-વું. રાગનું પરિણમન છે એટલે કર્તા થાય, પણ કરવાલાયક છે એવી કર્તાબુદ્ધિ ઊડી ગઈ છે. આ

વસ્તુ છે. સમજાણું કાંઈ?

**'સ્વ-પરના ઉપકારાર્થે...'** દેખો ભાષા. **'કદાચ પ્રયોજનવશાત્ અર્થાત્ સ્વ-પરના ઉપકારાર્થે...'** ઉપકારાર્થે એવો વિકલ્પ આવે. ઉપકાર કરું એમ કાંઈ નથી. **'અસ્થિરતાને લીધે...'** અસ્થિરતા છેને અંદર હજી? સમ્યક્ થયું, જ્ઞાન થયું. અરે.. ચારિત્ર હોય લ્યોને. તોપણ હજી અસ્થિરતા છે ને. વ્યાખ્યાન સાંભળવાની, વ્યાખ્યાન કરવાની એ બધી અસ્થિરતા છે. આહાહા..!

**'વચન-કાય દ્વારા આહાર-ઉપદેશાદિ કાર્ય કરવાનો વિકલ્પ આવે,...'** જોયુંને ભાષા! વચન અને કાય દ્વારા આહાર-ઉપદેશાદિ કાર્ય કરવાનો વિકલ્પ આવે **'તો તેમાં તેને અતન્મયભાવ વર્તે છે.'** એકપણું એમાં વર્તતું નથી. એમ. આહાહા..! રાગ આવે, હોય, પણ એ તન્મયપણે એટલે કે એકાકાર થઈને એ કાર્ય મારું એમ હોતું નથી. આહાહા..! ૯૯માં આવ્યુંને સમયસાર નહિ? પરનો કર્તા થાય, પરની સાથે તન્મયપણાનો પ્રસંગ આવે. ૯૯ (ગાથા)માં છે. એટલે પરનો કર્તા તો નથી, પણ પરનું નિમિત્તથી થાય, નિમિત્ત થવું એવું પણ દ્રવ્યમાં નથી. દ્રવ્ય જે છે આત્મા એ પરનું કર્તાપણું તો એમાં નથી. જો પરનો કર્તા થાય તો પરની સાથે એકમેક થઈ જાય એટલે બે દ્રવ્ય એક થઈ જાય. એવું તો કોઈ દિ' બનતું નથી. એક વાત.

ત્યારે કહે એનું કાર્ય તે કાળે થાય પરનું, તે કાળે આત્મા એને નિમિત્ત થાય, એમ પણ નથી. એટલે? આત્મા દ્રવ્ય વસ્તુ જો નિમિત્ત થાય તો જ્યાં જ્યાં કાર્ય થાય ત્યાં તેને રહેવું પડે. આત્મા તો નિત્ય છે. કાર્યકાળ તો તેને કાળે જ થાય. એનો કાંઈ આત્મા કર્તા નહિ. એ એક વાત. પણ તે કાર્ય જડ ને બીજા ચૈતન્યનો કાર્યનો કાળ તે કાળે તેનું કાર્ય થાય. એમાં દ્રવ્યને-આત્માને.. નમિત્ત કહેવું. નિમિત્ત કહેવું હોં હજી. એ તો ત્રણે કાળે પરમાં નિમિત્ત. જ્યાં જ્યાં એવા કાર્ય થાય ત્યાં ત્યાં એને ઉપસ્થિત રહેવું પડે. કસાઈખાનાના કામ થાય ત્યાં પણ એને નિમિત્તપણે રહેવું ઊભા રહેવું (પડે). એવી વસ્તુ હોય તો સદાય વિકારનો કર્તા જ થાય આત્મા. છૂટી શકે નહિ. આહાહા..!

ફક્ત પરદ્રવ્યના કાર્યકાળે અજ્ઞાની જોગ અને રાગનો કર્તા થાય છે તેથી તે યોગ અને રાગ તેના પરદ્રવ્યના કાર્યકાળ તો તે જ છે. તેમાં આને નિમિત્ત કહેવામાં આવે છે. યોગ અને કષાય. ૧૦૦માં આવે છે ને. આહાહા..! દ્રવ્ય તો નથી, પણ દ્રવ્યદષ્ટિવંત પણ એનું નિમિત્ત નથી. આહાહા..! ઉપાદાન કર્તા તો નથી પરનો પણ દ્રવ્ય વસ્તુ જે છે જ્ઞાયક એ પરને નિમિત્ત છે એમ પણ નથી. તો ખરેખર તો દ્રવ્ય નિમિત્ત છે એમ નથી, તો સમ્યગ્દષ્ટિ પણ દ્રવ્યદષ્ટિવંત છે માટે પરના કાર્યકાળમાં એ પણ નિમિત્ત નથી.

મુમુક્ષુ :- યોગ અને કષાય..

ઉત્તર :- યોગ અને કષાય એના છે જ નહિ એટલે પછી નિમિત્ત નથી. યોગ અને કષાયનો જે કર્તા થાય એવો અજ્ઞાનીનો યોગ અને કષાય તેના કાર્યકાળ વખતે. કાર્યકાળ તો તે જ છે. આ આવ્યું માટે થયું એમ પણ નથી. એ થયું એ તો થયું જ છે. હવે એને નિમિત્ત કોને કહેવું? કે વસ્તુ જે છે ત્રિકાળી જ્ઞાયકભાવ એને નિમિત્ત ન કહી શકાય. એટલે કે સમ્યગ્દષ્ટિ પણ એને નિમિત્ત ન

કહી શકાય. ત્યારે વસ્તુ પોતે નિમિત્ત નહિ તો એની દૃષ્ટિવંત જે છે એ પણ તેના કાર્યકાળે નિમિત્ત પણ નહિ. ચેતનજી!

ક્યારે? કે તેના કાર્યકાળ તો તે જ છે ત્યાં. પણ એને નિમિત્ત કોને કહેવાય? કે જે કંપન્ન અને રાગનો કર્તા થાય છે એવો જે અજ્ઞાની. કેમકે પોતાનું સ્વરૂપ માને છે રાગને. એવો જે અજ્ઞાની એ કાર્યકાળમાં એને નિમિત્ત ઓલા યોગ અને રાગ કહેવાય. આહાહા..! આત્મદ્રવ્ય નહિ. કહો, સમજાય છે કાંઈ ? કહો, કાનજીભાઈ! શું આ સમજાય છે કે નહિ? આહાહા..! એ અહીં કહે છે કે વચન અને કાય દ્વારા તો ક્રિયા આદિ કાળ છે એનો થાય છે ત્યાં, પણ તે કાળે જે વિકલ્પ ઉઠ્યો એ વિકલ્પને કરવાનું તેમાં પણ અતન્મય છે. એટલે કે વિકલ્પનો સ્વામી નથી. તેમ વિકલ્પને તન્મયપણે કર્તા અને કાર્ય એમ નથી. આહાહા..! આવી વાતું.

**'ધર્મીને આત્મસંવેદન એ જ મુખ્ય કાર્ય છે.'** સમ્યગ્દૃષ્ટિને તો આત્માનું જે જ્ઞાનાનંદ કાર્ય તે જ કાર્ય મુખ્ય છે. તેનું કાર્ય મુખ્ય-ગૌણ છે એમ નહિ. કાર્ય થાય છે. વિકલ્પનું કાર્ય થાય છે એ કાર્યનો કર્તા નથી. આ મુખ્ય કાર્ય છે અને બીજા કાર્યો ગૌણ છે. કાર્યપણે ગૌણ છે એમ નહિ. એ કાર્ય થાય છે રાગાદિનું તેનો તે કર્તા નથી. આહાહા..! ભારે વાતું ભાઈ! અત્યારે તો આ બીજાનું કરી દઉં, સુધારો કરવો, માણસ મોટી સભા ભરી અને ઉપદેશ દેવો, જેથી એ લોકો સમજે, સુધરે. કોણ સુધરે? હું બીજાને મોક્ષ કરાવી દઉં. કહે છે કે એના વીતરાગભાવ સિવાય એનો મોક્ષ ન થાય. એમાં તું શી રીતે કરાવી દે એને? એનો વીતરાગભાવ થાય એને તો જ મોક્ષ થાય એમ છે. હવે વીતરાગભાવ તો એ કરે ત્યારે થાય. તું એનો મોક્ષ કરાવી દે...

મુમુક્ષુ :- ભગવાન.

ઉત્તર :- ભગવાન પણ કાંઈ ન કરી શકે. ઈચ્છા વિના વાણી નીકળે. કર્તા પણ નથી અને કાંઈ નથી. એ તો કેવળજ્ઞાની છે.

અહીં તો સમ્યગ્દૃષ્ટિ પણ જે વિકલ્પના કાળે સામે કાર્યકાળ તો જડનો હોય, એને કારણે તો કાર્યકાળ તો એને કારણે છે. એમાં વિકલ્પનો જે કર્તા થાય તે એ કાર્યકાળમાં નિમિત્ત કહેવાય. આહાહા..! ધર્મીને તો એ કાર્ય જે થાય છે ત્યાં જ્ઞાનમાં નિમિત્ત થાય છે. એના કાર્યના નિમિત્તમાં તો જ્ઞાની છે નહિ, પણ જ્ઞાનીના જ્ઞાનમાં જ્ઞાન થયું છે પોતાથી. સ્વ-પરપ્રકાશક જ્ઞાન વિકલ્પનું અને પોતાનું એવું સ્વ-પરપ્રકાશક જ્ઞાન થયું છે પોતાથી. એમાં વિકલ્પનું ઓલું કાર્ય છે (એ) જ્ઞાનને નિમિત્ત થાય. પોતે એને નિમિત્ત ન થાય પણ જ્ઞાનને નિમિત્ત થાય. આહાહા..! આવી વાત છે. ૧૦૦મી ગાથામાં આવી ગયું છે બધું.

**'ધર્મીને આત્મસંવેદન એ જ મુખ્ય કાર્ય છે.'** આત્માના આનંદનું કાર્ય થવું એ જ મુખ્ય છે. જ્ઞાતા-દૃષ્ટાના જ્ઞાનદર્શનના પર્યાયરૂપે થવું એ એનું કાર્ય છે. રાગરૂપે થવું કે પરરૂપ થવું એ તો છે નહિ. **'તેમાં જ તે પોતાના ઉપયોગને લગાવે છે.'** ઉપયોગ એટલે જ્ઞાનનો વેપાર તો ખરેખર તો પોતા તરફ જ વલણ છે. **'કદાચ લાંબો સમય સ્વરૂપમાં સ્થિર ન રહી શકે...'** ઉપયોગપણે અંદરમાં રહી

ન શકે '**અને પ્રયોજનવશાત્ આહાર-ઉપદેશાદિનો...**' ઉપદેશ આદિ. લખવું, સાંભળવું વગેરે. એનો '**વિકલ્પ આવે,** (ભારે ઝીણું) **તો તે કાર્ય અનાસક્તિ ભાવે (અતન્મયભાવે)...**' એટલે કે સ્વામીપણે ન કરે. સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ!

'**તે કરવાને તેને મનનમાં ઉત્સાહ નથી-**' આહાહા..! રાગનું રચવું એને તો નપુંસકતા કીધી છે. એટલી નબળાઈ છે તો આવે છે. પણ તેનું સ્વામીપણું નથી એટલે કે તેનું કર્તાકર્મપણું નથી. આહાહા..! ઉપદેશનો વિકલ્પ આવે એનો એ કર્તાકાર્યપણું નથી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તેને (જ્ઞાનીને) સદાય આત્મા જ્ઞાતાપણે પરિણમી રહ્યો છે. આહાહા..! ઝીણી વાત છે ભાઈ! વીતરાગ માર્ગ છે. પરથી ભિન્ન અને પોતાના સ્વભાવથી અભિન્ન એવી વીતરાગી દૃષ્ટિ થતાં એ જૈનશાસન છે. આહાહા..! એમાં શુભભાવ આવે, તો કહે છે કે એ તન્મયપણે ન કરે એટલે મારાપણે ન કરે. પણ થાય તેને જ્ઞાતા તરીકે જાણે. આહાહા..! આવું છે.

'**તે કરવાને તેને મનમાં ઉત્સાહ નથી-ભાવના નથી.**' રાગ ભાવના હજો. સમજાણું કાંઈ? શુભરાગને કરવાનો ઉત્સાહ નથી. આહાહા..! તેમ એ કરવા જેવું છે એવી ભાવના પણ નથી. કરું છું, કરો ભાઈ કરો. કોક કહેતું હતું કે નહિ? ત્યાં ઈંદોર. નીસરણી. અશુભમાંથી શુભમાં આવે અને શુભમાંથી.. ક્રમ છે ધર્મનો એ. ત્યાં કહ્યું હતું ને.

મુમુક્ષુ :- એ મોક્ષમાર્ગ પ્રકાશકમાં લખ્યું છે.

ઉત્તર :- ના, એ તો ત્યાં બીજી વાત છે. અશુભથી શુભ થાય, તો શુભથી શુદ્ધ થાય. એમ નથી. અશુભથી શુભ થયું નથી અને શુભથી શુદ્ધ થયું નથી. છેલ્લે શુભ હોય એની રુચિ છોડીને શુદ્ધતાનો અનુભવ કરે. એ આપણે બીજે ક્યાંક પ્રશ્ન ચાલ્યો હતો. કોક દેરાવાસી નહિ દેરાવાસી પ્રશ્ન શ્વેતાંબર

મુમુક્ષુ :- મુંબઈમાં રાત્રી રોકાણમાં.

ઉત્તર :- હા.

મુમુક્ષુ :- મોટાણીના મકાનમાં.

ઉત્તર :- એ પ્રશ્ન કર્યો. આમ હોય ને આમ હોય. નીસરણી છે એમ કહે. અશુભથી છૂટે અને શુભ થાય. અશુભ પછી શુભથી શુદ્ધ થાય. વચ્ચે શુભ આગળ વધવા માટે શુભ આવે.

અહીંયાં તો ત્યાં આગળ ગૃહસ્થ હતા નહિ? પૈસાવાળા કરોડપતિ. ત્યાં પ્રશ્ન થયો. ત્યાં શાંતિલાલ માસ્તર લખે. ગૃહસ્થ એ પણ પૈસાવાળો માણસ. એ પણ આખો દિ' ક્રિયા કરે. બસ આ પડિક્કમણું ને આ સામાયિક ને આ ચોવિહાર અને આ ફલાણું. એમાં મશગુલ. ઝવેરાતનો ધંધો છે મોટો. પોતે બહુ નહિ. છોકરાઓ કરે. એ કહે આ કરે તો જ તેનું કલ્યાણનો માર્ગ છે. શુભભાવ કરવો અને આત્માનું કરવું એ જ કલ્યાણનો માર્ગ છે. શુદ્ધમાં કાંઈ એકદમ જવાતું હશે? આહાહા..!

અહીં તો કહે છે કે શુદ્ધને શુભના રાગની કોઈ અપેક્ષા જ નથી. આહાહા..! શુદ્ધતાના

પરિણમનને સ્વકાળે પરિણમન થાય તેમાં શુભરાગ હતો માટે થાય છે આ એવું વસ્તુસ્થિતિ છે નહિ. નિરપેક્ષ પોતાનું પરિણમન સ્વતંત્ર છે. ત્યારે કહે ભાવ આવે ને. હોય. પણ સ્વામીપણે, તન્મયપણે તે કરતો નથી. આહાહા..! આવી વાત હવે બેસે નહિ ઝટ. એ આ તમારું એકાંત છે રે એકાંત છે. એમ કહે છે ને. વ્યવહારથી પણ થાય, તો અનેકાંત કહેવાય. અહીં તો કહે કે એ નિશ્ચયથી થાય અને વ્યવહારથી થાય નહિ એનું નામ અનેકાંત છે. આહાહા..! એવી વાત છે. તો બે વિરોધ ન રહ્યા. બેનો વિરોધ કીધો છે. ચોથો (કળશ) નહિ? બે નય (ઉભય) વિરોધ ધ્વંસિની. નિશ્ચય અને વ્યવહાર બે વિરોધ છે. બેના કાર્ય ભિન્ન છે, બેના ફળ ભિન્ન છે, બેના આશ્રય ભિન્ન છે. નિશ્ચયનો આશ્રય પર છે અને વ્યવહારનો આશ્રય સ્વ છે. અન્ય આશ્રય તો આ છેને અધ્યવસાય. અન્ય આશ્રય એટલે વિપરીત આશ્રય છે. નિશ્ચય છે એનું સ્વ આશ્રય છે અને એનાથી અન્ય આશ્રય એટલે એનાથી વિપરીત આશ્રય. પરનો આશ્રય છે એમ કહેવું. અન્ય આશ્રય છે. આહાહા..!

**'આહાર-ઉપદેશાદિનો વિકલ્પ આવે, તો તે કાર્ય અનાસક્તિ ભાવે થાય છે. તે કરવાને તેને મનમાં ઉત્સાહ નથી-ભાવના નથી. કાર્યને અંગે શરીર-વાણીની જે ક્રિયા થાય છે...'** કાર્યને કારણે **'શરીર-વાણીની ક્રિયા થાય છે તેમાં તેને એકતા-બુદ્ધિ કે કર્તા-બુદ્ધિ તો નથી જ,...'** એ તો સ્વતંત્ર એની પર્યાય તે કાળે થાય છે. એનો કાર્યકાળ છે તો આ હાલવું, બોલવું એના કાળે થાય છે.

**'પણ તે ક્રિયા કરવાના વિકલ્પને પણ તે ભલો માનતો નથી.'** વાણી દેહની ક્રિયા તો એની પોતાની માનતો નથી અને એનો કર્તા છે નહિ. પણ વિકલ્પ જે ઉઠ્યો એને પણ ભલો જાણતો નથી. આહાહા..! હવે આવી સરસ વાત. ઉપદેશ દેવો એમાં આ .. લાભ થાય, આપણને પણ લાભ થાય. આહાહા..! એમ નથી. આવે વિકલ્પ તેને સ્વામીપણે ન રહે. આહાહા..! એમાં ઉત્સાહ ન હોય. આ રહેજો ભાવના (એમ) વિકલ્પની ભાવના ન હોય.

**'પણ તે ક્રિયા કરવાના વિકલ્પને પણ તે ભલો માનતો નથી. વિકલ્પને તોડી સ્વરૂપમાં સ્થિર થઈ...'** વિકલ્પનો નાશ થઈ સ્વરૂપમાં સ્થિર થઈ **'શુદ્ધાત્માને ક્યારે અનુભવું,...'** ભાવના તો શુદ્ધ આત્માની છે અંદર. આહાહા..! સમાધિશતક છે ને? સમાધિ—શાંતિ કેમ આપે એ? વિકલ્પ ઉઠે એ તો અશાંતિ છે. આવે, પણ એ અશાંતિ છે. અને એ અશાંતિનો સ્વામી જીવ નથી. જીવ જેને જ્ઞાનમાં જણાણો આત્મા જેને જ્ઞાનમાં જણાણો એ આત્મા રાગનો સ્વામી નથી. રાગનું એ કર્તવ્ય નથી, ભલો જાણતો નથી એને. આહાહા..! ઉપદેશનો વિકલ્પ આવ્યો, ભલો, વારંવાર આવજો. એમ ભાવના હોય છે? આહા..! માર્ગ પ્રભુનો સૂક્ષ્મ બહુ ભાઈ!

ચૈતન્યસ્વભાવ જ્ઞાતા, દૃષ્ટા અને આનંદ. આ છોકરાઓએ એમાં લખ્યું હતું. જાદવજીભાઈ! તમારા છોકરાઓ. દિલીપ-દિલીપ. એણે ગાયન બનાવ્યું છે ને એમાં? જ્ઞાનથી સર્વને જાણવું, દર્શનથી ભેદ પાડ્યા વિના અભેદથી દેખવું, પણ અમારું પ્રયોજન આનંદ છે. એમ ગાયનમાં આવ્યું હતું. ચોપડી આવીને કાલે? અમારું જ્ઞાન જાણવાનું કામ કરે, દર્શન દેખવાનું કામ કરે, અમારું

પ્રયોજન તો આનંદ છે એમ લખ્યું છે ભાઈએ. એ જરી પૂછતા હતા તલકશીભાઈ! કે આમાં કાંઈ ફેર નથી. પ્રયોજન તો આનંદનું છે ને. એ કોટામાં આવ્યા હતા. તલકશીભાઈ. એ બોલતા આહાર વખતે એક એક લાઈન બોલતા. કોટામાં તો ઘણું ચાલતું. સવારથી સાંજ. સવારથી પાંચ વાગ્યાથી છેક રાતના નવ, સાડા નવ. પણ આ એમ કહે કે સાધુના આચાર અને શ્રાવકના આચાર ક્યા? વ્યવહાર હોં વ્યવહાર. પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ વ્યવહાર, શ્રાવકના બાર વ્રત. પણ એ વિકલ્પ છે. આહાહા..!

મુમુક્ષુ :- ..ભાવ ધર્મ છે ને?

ઉત્તર :- ધર્મ નથી. ષટ્ ધર્મ કીધોને છ આવશ્યક, નહિ? ગુરુ, દેવ-ગુરુ સેવા, દાન, સંયમ આવેને છ બોલ? એ તો એને વિકલ્પ આવે છે એને જણાવ્યું છે. બાકી એ વિકલ્પનો કર્તા છે અને વિકલ્પ એનું કાર્ય છે એમ છે નહિ. એ કાર્ય જાણે એને મારું કર્તવ્ય જાણે તો તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! બહુ બાપુ ફેર છે માર્ગનો. તમારે ત્યાં આવી છેને ચોપડી? છોકરાઓએ બનાવી એ ચોપડી આવી છે? નથી લ્યો. ત્યાં નથી.

મુમુક્ષુ :- અહીંયાં તો પડી. ચાર-પાંચ પડી હોય..

ઉત્તર :- ત્યાં તો છે નહિ. અહીં તો તમારે ત્યાં થઈ છે. ત્યાં તો ભાઈએ બધું ઘણું બનાવ્યું છે. એક પછી એક બોલે ૨૦૦-૩૦૦-૪૦૦. પણ સાથે અહીં ક્યાં રાખે? પાછી આપી દીધી.

અહીં કહે છે કે ભાઈ! વસ્તુ તો એવી છે. વિકલ્પ આવે, હોય અને કાર્યકાળે જડના કાર્ય તો ... ચાલવાના દેહના, એના કાર્યકાળે જડના કાર્ય હોય, એનો તો આત્મા કર્તા પણ નથી. અને રાગનો કર્તાપણ જ્યાં નથી ત્યાં પછી? છતાં પરિણમનની અપેક્ષાએ જ્ઞાન જાણે કે આ મારું કર્તવ્ય છે. કર્તવ્ય એટલે મારું પરિણમન છે, એટલું. આહાહા..!

મુમુક્ષુ :- .. યોગ્ય છે એમ ન જાણે?

ઉત્તર :- કર્તવ્ય એટલે મારું પરિણમન છે એ મારું કર્તવ્ય છે. કરવાલાયક છે એમ નહિ. બહુ ફેર. જો આ વ્યવહારના આચરણને ધર્મ ન માને તો દિગંબર ધર્મનો નાશ થઈ જશે. દિગંબર ધર્મનો નાશ કરવા ઊભા થયા છે. એય..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. શું કરે? એની એક જ જાત છે. આ તો વસ્તુની સ્થિતિ આવી છે.

**'તે ક્રિયા કરવાના વિકલ્પને પણ તે ભલો માનતો નથી.'** આહાહા..! સાધુ ને શ્રાવકના જે વ્યવહાર આચરણના વિકલ્પ છે, કહો, એને ભલો માનતો નથી. આહાહા..! આ બધા વિદ્યાનંદજીને એ ઠરાવવું છે. એ આચરણ છે એનાથી ધર્મ ટકે. **'વિકલ્પને તોડી સ્વરૂપમાં સ્થિર થઈ...'** એ ભાવના એ હોય છે. રાગની ભાવના હોતી નથી કે આ ભાવ રહેજો. **'શુદ્ધાત્માને ક્યારે અનુભવું, એવી તેને નિરંતર ભાવના હોય છે,...'** શુદ્ધ સ્વભાવમાં એકાગ્ર થવાની જ ભાવના હોય છે.

**'આ ભાવનાના બળથી તેનો ઉપયોગ બહારની ક્રિયામાં લાંબો વખત ટકતો નથી,...'**

આવે, રાગ આવે છે. શુભ હોય, અશુભ હોય. પણ લાંબો કાળ એમાં ટકે નહિ. '**ત્યાંથી હઠી તુરત સ્વ તરફ વળે છે.**' મુનિને તો છઠ્ઠે ગુણસ્થાને વિકલ્પ આવે, પણ તરત જ સાતમું આવે છે. આહાહા..! જુઓને આચરણનો, વ્યવહારનો, પંચ મહાવ્રતનો, સમિતિ-ગુપ્તિનો, ભગવાનને વિનયનો એ વિકલ્પ આવે પણ એ વિકલ્પને જગપંથ કીધો છે. એ જગપંથ સંસારપંથ છે. આહાહા..!

મુમુક્ષુ :- સમયસાર નાટકમાં.

ઉત્તર :- સમયસાર નાટક. જગપંથ. એ આ બાજુ ઢળ્યો છે. સંસાર તરફ ઢળ્યો છે. આહાહા..! જેના વ્યવહાર આચરણ શુભરાગ (છે એ) સંસાર તરફ ઢળ્યો છે, ઝુકી ગયો છે. સમયસાર નાટક પોતે. એમ કહે છે બનારસીદાસ. છે અહીં સમયસાર નાટક? આ તો કળશ છે. ઓહોહો..! નિર્વિકલ્પ જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવનો...

મુમુક્ષુ :- રાગ હોય એ જગપંથ જ હોય ને.

ઉત્તર :- જગપંથ જ છે. આહાહા..! કેવળીને પણ સંસારસ્થ કહ્યાં. સંસારસ્થ કહ્યા છે. ચૌદમા ગુણસ્થાન સુધી સંસારસ્થ. આહાહા..! એટલી પણ ચારઘાતિના ભાવની ... એટલો સંસારસ્થ છે. તો અહીં શુભરાગ છે એ તો સંસાર છે જ. આહાહા..! એ શુભરાગને ભલો કેમ જાણીએ કે જે સંસારમાં દાખલ કરે? એ તો શબ્દ આવ્યો ત્યાં. શુભભાવ તો સંસારમાં દાખલ કરે. આહાહા..! હજી શ્રદ્ધાના ઠેકાણા ન મળે. અને આ કરું... આ કરું... અમારે ધર્મનો લાભ થશે. હતો કે દિ'? આહાહા..!

'**જ્ઞાનીને નીચલી ભૂમિકામાં અસ્થિરતાને લીધે રાગ હોય છે...**' ખુલાસો બહુ સારો કર્યો છે. ધર્મીને નીચલી દશામાં અસ્થિરતાને લીધે રાગ હોય છે. '**અને વચન-કાયની ક્રિયા પ્રત્યે લક્ષ જાય છે,...**' લક્ષ જાય છે હોં વિકલ્પથી. '**પણ પોતાના જ્ઞાન-સ્વભાવને ભૂલે તેવી તેનામાં આસક્તિ હોતી નથી.**' જ્ઞાતા-દૃષ્ટાના ભાવને ભૂલે એવી આસક્તિ જ્ઞાનીને હોતી નથી. આહાહા..!

'**જ્ઞાનીને બાહ્ય વચન-કાયની પ્રવૃત્તિ હોવા છતાં, તેને અંતરંગમાં દૃઢ માન્યતા છે કે :—**' આધાર આપે છે. પ્રવચનસાર. ગુજરાતી આવૃત્તિ ગાથા-૧૬૦ ટીકા.

'**હું દેહ નહિ, વાણી ન, મન નહિ,...**' આહાહા..! છે ને? '**હું દેહ નહિ, વાણી નહિ, મન નહિ,...**' હું તેમનો કર્તા નહિ. વાણી અને દેહનો હું કર્તા નહિ. આહાહા..! '**તેમનો કરાવનાર નથી.**' થાય એનાથી અને હું કરાવું એમ પણ નથી. આહાહા..! કે **અનુમોદનાર નથી.** આ ઠીક થાય છે. આ ઠીક છે એ અનુમોદનાની તો એને કારણે થાય એને હું અનુમોદું શું? **હું કર્તા વિના પણ..** એટલે મારા કર્તા વિના પણ '**તેઓ ખરેખર કરાય છે.**' વાણી અને દેહની ક્રિયા આત્માના કર્તા સિવાય પણ એને કારણે થઈ રહી છે. આહાહા..!

'**માટે તેમના કર્તાપણાનો પક્ષપાત છોડી હું આ અત્યંત મધ્યસ્થ છું.**' આહાહા..! જાણનાર-દેખનાર એવો જીવનો—આત્માનો સ્વભાવ. એવા જાણવા-દેખવાના પરિણામ થાય તે મારું કાર્ય અને કર્તા. પણ વચમાં આવો જે રાગ આવે એ મારું કાર્ય અને હું કર્તા, કરાવનાર અને અનુમોદનાર એમ નથી. મારા કર્તા સિવાય એને કારણે એ બધા થઈ રહ્યા છે. આહાહા..! '**તેમના કર્તાપણાનો**

**પક્ષપાત છોડી હું આ અત્યંત મધ્યસ્થ છું.**' આ ગાથા છે હોં પ્રવચનસારની. ૧૬૦.

દરેક દ્રવ્યનું જે-તે પર્યાયનો ઉત્પન્નનો કાળ છે. તો થાય છે. એમાં આત્માને કરે શી રીતે? આત્માને પોતાના જ્ઞાન અને દર્શનની પર્યાયનો સ્વકાળ છે ઉત્પન્ન, એ જાણવા-દેખવાની પર્યાયનો જન્મ-ક્ષણ ઉત્પન્ન કરે. આહા..! શશીભાઈ! આવું ઝીણું છે. '**સમ્યગ્દષ્ટિ ગૃહસ્થને જ્ઞાનચેતનાનું નિરંતર પરિણમન હોય છે,...**' ભાઈએ ખુલાસો કર્યો છે. '**સમ્યગ્દષ્ટિ ગૃહસ્થને જ્ઞાનચેતના...**' એટલે સ્વરૂપમાં એકાગ્રતા. જ્ઞાનનું ચેતવું, જ્ઞાનમાં એકાગ્રતા એ સદાય હોય છે. આહાહા..! '**તેથી તે ખાવા-પીવામાં, પાંચ ઇન્દ્રિયોના વિષયો ભોગવવામાં, વ્યાપારમાં લડાઈ વગેરે સંસારના કાર્યોમાં, બાહ્યદષ્ટિએ રોકાયેલા લાગે,...**' બાહ્ય દૃષ્ટિએ રોકાયેલો લાગે '**છતાં બધી બાહ્ય પ્રવૃત્તિમાં તે જલ-કમલવત્ ન્યાયે રહે છે.**' આહાહા..! બહુ સારું સ્પષ્ટીકરણ કર્યું છે.

'**ખાવા-પીવામાં, પાંચ ઇન્દ્રિયોના વિષયો ભોગવવામાં,...**' એ વખતે તો વિકલ્પ આવે. '**વ્યાપારમાં, લડાઈ વગેરે સંસારના કાર્યોમાં, બાહ્યદષ્ટિએ રોકાયેલા લાગે, છતાં બધી બાહ્ય પ્રવૃત્તિમાં તે જલ-કમલવત્ ન્યાયે રહે છે.**' આહાહા..! જ્ઞાતા-દૃષ્ટાના કાર્ય સિવાય એનું બીજું કાર્ય છે નહિ. આહાહા..! આ એક તો વાત પકડાવી કઠણ અને પરિણમાવવી કઠણ.

મુમુક્ષુ :- અનંત જીવો એ પરિણમાવે છે.

ઉત્તર :- એ આગળ કહેશે કે શરૂઆતવાળાને મુશ્કેલ જેવું લાગે છે. એમ કહેશે. યોગનું સાધન મુક્તિ દુર્લભ છે ને એટલે અંતરમાં જવામાં એને દુઃખ લાગે. દુઃખ લાગે એનો અર્થ મુશ્કેલી લાગે. અને બહારમાં જરી સહેલાઈ લાગે એટલે સુખ લાગે. ભાષા તો એમ છે. બહારમાં સુખ લાગે હજી શરૂઆત અને અંદરમાં-અંતરમાં જોવે એ દુઃખ લાગે. ધર્મી જીવને અંતરના ધ્યાન વખતે પણ અંતર-માં જવું એ મુશ્કેલ જેવું લાગે. એટલે દુઃખ લાગે એમ એનો અર્થ કર્યો, અને બહારમાં રહેવું એ સહેલું લાગે એથી એને સુખ જેવું લાગે એમ કહ્યું. ૫૧માં કહેશે.

---

**कुतः पुनरात्मज्ञानमेव बुद्धौ धारयेन्नशरीरादिकमित्याह–**

**यत्पश्यामीन्द्रियैस्तन्मे नास्ति यन्नियतेन्द्रियः।**
**अन्तः पश्यामि सानन्दं तदस्तु ज्योतिरुत्तमम्।।५१।।**

**ઇન્દ્રિયદશ્ય તે મુજ નહિ, ઇન્દ્રિય કરી નિરૂધ્ય,**
**અંતર જોતા સૌખ્યમય, શ્રેષ્ઠ જ્યોતિ મુજરૂપ. ૫૧.**

**टीका :– यच्छरीरादिकमिन्द्रियैः पश्यामि तन्मे नास्ति मदीयं रूपं तन्न भवति तर्हि किं तव रूपम्? तदस्तु ज्योतिरुत्तमं ज्योतिर्ज्ञानमुत्तममतीन्द्रियम्। तथा सानन्दं परमप्रसत्तिसमुद्भूतसुखसमन्वितम्। एवं विधिं ज्योतिरन्तः पश्यामि स्वसंवेदनेनानुभवामि यत्तन्मे स्वरूपमस्तु भवतु। किं विशिष्टः पश्यामि? नियतेन्द्रियो नियन्त्रितेन्द्रियः।।५१।।**

અનાસક્ત (અંતરાત્મા) આત્મજ્ઞાનને જ બુદ્ધિમાં ધારણ કરે, શરીરાદિકને નહિ, એમ કેમ બને? તે કહે છે :-

શ્લોક – ૫૧

અન્વયાર્થ :- (यत्) જે એટલે શરીરાદિ બાહ્ય પદાર્થ (इन्द्रियैः) ઇન્દ્રિયો દ્વારા (पश्यामि) હું દેખું છું (तत्) તે (मे न अस्ति) મારા નથી-મારું સ્વરૂપ નથી, પણ (नियतेन्द्रियः) ભાવ ઇન્દ્રિયોને બાહ્ય વિષયોથી રોકી (यत्) જે (उत्तमं) ઉત્કૃષ્ટ અતીન્દ્રિય (सानन्दं ज्योति) આનંદમય જ્ઞાન-જ્યોતિને (अन्तः) અંતરંગમાં (पश्यामि) હું દેખું છું-તેનો અનુભવ કરું છું, (तत् मे) તે મારું વાસ્તવિક સ્વરૂપ (अस्तुः) હો!

ટીકા :- જે એટલે શરીરાદિકને હું ઇન્દ્રિયોથી જોઉં છું, તે મારું નથી અર્થાત્ તે મારું સ્વરૂપ નથી. તો તારું રૂપ શું? તે ઉત્તમ જ્યોતિ હો-જ્યોતિ એટલે જ્ઞાન અને ઉત્તમ એટલે અતીન્દ્રિય તથા આનંદમય એટલે પરમ પ્રસન્નતા (પ્રશાંતિ)થી ઉત્પન્ન થયેલા સુખથી યુક્ત (છે) એવા પ્રકારની જે જ્યોતિને (જ્ઞાન-પ્રકાશને) અંતરંગમાં હું જોઉં છું-સ્વસંવેદનથી હું અનુભવું છું, તે મારું સ્વરૂપ અસ્તુ-હો. હું કેવો થઈને જોઉં છું? ઇન્દ્રિયોને સંયમિત કરીને (બાહ્ય વિષયોથી ઇન્દ્રિયોને રોકીને અને પોતે સ્વાધીન થઈને અર્થાત્ ઇન્દ્રિયોને કાબુમાં રાખીને (હું જોઉં છું).

ભાવાર્થ :- અન્તરાત્મા વિચારે છે કે :-

'ઇન્દ્રિયો દ્વારા જે શરીરાદિ બાહ્ય પદાર્થો દેખાય છે તે હું નથી. તે મારું સ્વરૂપ નથી. મારું સ્વરૂપ તો પરમ ઉત્તમ અતીન્દ્રિય આનંદમય જ્ઞાન-જ્યોતિ છે. જ્યારે હું ભાવ-ઇન્દ્રિયોને નિયન્ત્રિત કરીને અર્થાત્ બાહ્ય વિષયોથી હઠાવીને અંતર્મુખ થાઉં છું, ત્યારે હું જ્ઞાનસ્વરૂપ આત્માને જોઈ શકું છું-સ્વસંવેદનથી અનુભવી શકું છું.'

વિશેષ

જે ઇન્દ્રિયો દ્વારા દેખાય છે તે આત્માનું સ્વરૂપ નથી. તે તો જડનું-પુદ્‌ગલનું સ્વરૂપ છે. તે આત્મા નથી, અનાત્મા છે. આત્મા-અનાત્માના ભેદ-વિજ્ઞાન દ્વારા જ્ઞાની, શરીરાદિક પર પદાર્થો પ્રત્યે ઉપેક્ષા કરી, ઉપયોગને ત્યાંથી હઠાવી સ્વસન્મુખ કરે છે અને આત્મસ્વરૂપમાં સ્થિર થતાં તે અતીન્દ્રિય આનંદનો અનુભવ કરે છે.

જ્ઞાનીને આત્મસ્વરૂપનું ભાન હોવાથી તે આત્મ-વિષયમાં જ રમવાની ભાવના કરે છે; બાહ્ય વિષયોમાં વિચરવાનું પસંદ કરતો નથી.

માટે અંતરાત્માને શરીરાદિ બાહ્ય પદાર્થોમાં અનાસક્તિ હોયછે. તે જ્ઞાનસ્વરૂપ આત્માનો જ અનુભવ કરે છે. ૫૧.

# શ્લોક-૫૧ ઉપર પ્રવચન

**'અનાસક્ત (અંતરાત્મા) આત્મજ્ઞાનને જ બુદ્ધિમાં ધારણ કરે, શરીરાદિકને નહિ, એમ કેમ બને? તે કહે છે :–'** હવે ૫૧. અનાસક્ત. એ અનાસક્ત શબ્દ વાપર્યો છે ને. ઓલામાં આવ્યો છે છેલ્લો. અતત્પર–અનાસક્ત. સંસ્કૃત. એટલે અનાસક્ત એટલે અંતરાત્મા એમ. **'આત્મજ્ઞાનને જ બુદ્ધિમાં ધારણ કરે, શરીરાદિકને નહિ, એમ કેમ બને? તે કહે છે :–'** ૫૧.

**यत्पश्यामीन्द्रियैस्तन्मे नास्ति यन्नियतेन्द्रियः।**
**अन्तः पश्यामि सानन्दं तदस्तु ज्योतिरुत्तमम्।।५१।।**

**ઇન્દ્રિયદશ્ય તે મુજ નહિ, ઇન્દ્રિય કરી નિરૂધ્ય,**
**અંતર જોતા સૌખ્યમય, શ્રેષ્ઠ જ્યોતિ મુજરૂપ. ૫૧.**

આહાહા..! પરમાર્થ માર્ગ આ છે.

**'ટીકા :– જે એટલે શરીરાદિને હું ઇન્દ્રિયોથી જોઉં છું,...'** કહેવા એમ માગે છે કે જે આ જોવાય છે ઇન્દ્રિયથી એ ચીજ હું નહિ. ઇન્દ્રિયથી જે જોવામાં આવે છે તે હું નહિ. આહાહા..! ઇન્દ્રિયથી દેવ-ગુરુ અને શાસ્ત્ર જોવામાં આવે છે. ઇન્દ્રિયથી વાણી અને ભગવાન, ભગવાનનું શરીર એ ઇન્દ્રિયથી જાણવામાં આવે છે. એ ઇન્દ્રિયથી જણાય એ હું નહિ. આહાહા..! **'શરીરાદિને હું ઇન્દ્રિયોથી જોઉં છું,...'** શરીરને દેખે છે, ઇન્દ્રિયથી જોવે છે ને. એ કાંઈ અણેન્દ્રિયથી જુએ એમ નથી. આહાહા..!

એક ભાઈ ઘણા વર્ષ પહેલાં કહે એમ કે આ દેખાય છે એ બધી પુદ્‌ગલની પર્યાય છે. આહાહા..! ઘણા વર્ષની વાત છે. નાગનેશમાં ... નાગનેશ–નાગનેશ. એય..! ક્યાં ગયા નાગનેશ? છે ને ઓલીકોર ... ત્યાં ઘણા વર્ષ પહેલાં ૭૮ની સાલ. કીધું, આ જે બધું દેખાય છે તો વિભાવિક પર્યાય દેખાય છે. એના ગુણ–દ્રવ્ય નહિ. અહીં કહે છે કે જે ઇન્દ્રિયથી દેખાય છે તે હું નહિ. આહાહા..! શરીર ઇન્દ્રિયથી દેખાય છે. શરીર ઇન્દ્રિયથી જણાય છણ, એ અણિન્દ્રિયથી નહિ.

કળશટીકામાં તો એમ કહ્યું છે કે પાણી ઊનું છે. એ એનું જ્ઞાન સ્વરૂપગ્રાહી જ્ઞાનીને હોય છે. એટલે સ્વનું જ્ઞાન જેને હોય એને આ પાણી ઊનું છે, એનો સ્વભાવ ઠંડો છે એવું પરનું જ્ઞાન સ્વરૂપગ્રાહીને હોય છે. એકલું પરપ્રકાશક જ્ઞાન એ જ્ઞાન નહિ. આહાહા..! જેને સ્વભાવનું જ્ઞાન થયું છે સ્વનું, એને પરનું યથાર્થ જ્ઞાન હોય છે. એકલા પોતાનું જ્ઞાન નથી અને આ પરનું જ્ઞાન એને કહેવાય એમ છે નહિ એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

આવે છેને સ્વરૂપગ્રાહી જ્ઞાન, બે ઠેકાણે. એનો અર્થ એ કે પરનું જ્ઞાન ખરેખર તો પરપ્રકાશકનું

જ્ઞાન.. સ્વનું જ્ઞાન થાય એને પરપ્રકાશક જ્ઞાન યથાર્થ. બાકી તો ઇન્દ્રિયથી જે જણાય એ બધું પર છે. હવે પરનું જ્ઞાન થાય, જ્ઞાન. એ પણ સ્વને જેનું જ્ઞાન થયું, એને પરનું જ્ઞાન યથાર્થ થાય. આહાહા..! સમજાણું? ખરેખર તો એ પરનું જ્ઞાન નથી, જ્ઞાન પોતાનું છે. સ્વને-પરને જાણવાનો જ્ઞાનભાવ પોતાનો છે. પણ એમાં પર જણાઈ ગયું એ અપેક્ષાએ પરને જાણે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

આ તો કોઈ કહે, આ તો ભાઈ ઊંચા નંબરની વાત છે. ઓલા કહેતા હતા નહિ ઓલા? કોટામાં ઓલા પંડિત. મોઢા આગળ બેસતા નહિ? કહે જાણીએ છીએ. મહારાજ! આ ઊંચા પ્રકારની વાત છે. જાણીને કહે છે. પંડિત નહિ ઓલા? નામ ભૂલી ગયા. પંડિત તો ઘણા ભેગા થયા હતાં ત્યાં. એ સ્પષ્ટીકરણ કરવા માટે. એ પંડિત હતા. ઓલા મોઢા આગળ નહોતા બેસતા?

મુમુક્ષુ :- ઇંદોર..

ઉત્તર :- ક્યાંના? ઇંદોર? હા એ. હા. એ. એ કોઈ વખત કહેતા કે મહારાજ આ તો ઊંચા.. કોટામાં કીધું. કીધું, ઊંચાની એટલે? યથાર્થની છે. આ તો યથાર્થ તત્ત્વની વાત છે. એને ઊંચું કહો કે પહેલું કહો જે કહો એ તો આ છે. આહાહા..! લોકોને પોતાના સ્વભાવનું સામર્થ્ય કેટલું છે એની એને ખબર નથી. એ પરને જાણવાનું સામર્થ્ય પોતાથી પોતામાં છે. એ અસ્તિત્વ પર છે માટે અહીં જાણે છે એમ પણ નહિ. આહાહા..!

લોકાલોક છે તો કેવળજ્ઞાની એને જાણે છે કેવળજ્ઞાનમાં, એનું અસ્તિત્વ છે તો એ જાણે છે એમ પણ નહિ. એ જ્ઞાનનો પર્યાય જ એવો છે કે પોતાને અને પરને પોતાથી સ્વતઃ જાણે, પરિણમે એવો એનો સ્વભાવ છે. એનું અસ્તિત્વ છે માટે અહીં જ્ઞાનમાં તે સંબંધીનું અસ્તિત્વ જાણવામાં આવ્યું એમ નથી. પંડિતજી! જરી ઝીણું છે. એ જ્ઞાનનો જ સ્વભાવ, સર્વજ્ઞ એટલે આત્મજ્ઞ. એમ કહ્યું છેને. શક્તિમાં. ૪૭ શક્તિ. એ સર્વજ્ઞ એટલે પરનું એમ નહિ. સર્વનું, પોતાનું એવું પર્યાયમાં જાણવાનું સામર્થ્ય છે એ સર્વજ્ઞપણાને આત્મજ્ઞ કહ્યું છે. એ આત્મજ્ઞ દશા છે. આહાહા..! ભારે વાત!

**'શરીરાદિને હું ઇન્દ્રિયોથી જોઉં છું, તે મારું નથી અર્થાત્ તે મારું સ્વરૂપ નથી. તો તારું રૂપ શું છે? તે ઉત્તમ જ્યોતિ હો-જ્યોતિ એટલે જ્ઞાન અને ઉત્તમ એટલે અતીન્દ્રિય...'** એમ. જ્યોતિ એટલે જ્ઞાન અને ઉત્તમ એટલે અતીન્દ્રિય. **'તથા આનંદમય એટલે પરમ પ્રસન્નતા (પ્રશાંતિ)થી ઉત્પન્ન થયેલા સુખથી યુક્ત (છે) એવા...'** આહાહા..! મારું જ્ઞાન તો સુખથી ઉત્પન્ન થયેલું, આનંદની સાથે ઉત્પન્ન થયેલું એ મારું જ્ઞાન છે. આહાહા..!

ફરીને. **'જ્યોતિ એટલે...'** છે ને? જ્યોતિ છેને છેલ્લો શબ્દ? ૫૧નો છેલ્લો **'ज्योतिरुत्तमम्।' 'अन्तः पश्यामि सानन्दं तदस्तु ज्योतिरुत्तमम्।'** હવે જ્યોતિની વ્યાખ્યા કરે છે. **'જ્યોતિ એટલે જ્ઞાન અને ઉત્તમ એટલે અતીન્દ્રિય તથા આનંદમય એટલે પરમ પ્રસન્નતા...'** પરમ પ્રસન્નતા આનંદમય અતીન્દ્રિય. અતીન્દ્રિય જ્ઞાન અને ઉત્તમ એટલે અતીન્દ્રિય આનંદ સાથે **'પરમ પ્રસન્નતા (પ્રશાંતિ)થી ઉત્પન્ન થયેલા સુખથી યુક્ત (છે)...'** આહાહા..! મારું જે જ્ઞાન એ પરમ આનંદની

સાથે ઉત્પન્ન થયેલું છે. આહાહા..! એને જ્ઞાન કહીએ. ભારે વાતું! છે?

'**જ્યોતિ એટલે જ્ઞાન અને ઉત્તમ એટલે અતીન્દ્રિય...**' એ તો એટલો શબ્દ થયો '**ज्योतिरुत्तमम्।**' પણ '**पश्यामि सानन्दं तदस्तू**' એ ત્રીજું પદ છે. '**પરમ પ્રસન્નતા (પ્રશાંતિ)થી ઉત્પન્ન...**' આહાહા..! જે જ્ઞાનમાં પરમ પ્રસન્નતા નામ આનંદ, એનાથી ઉત્પન્ન થયેલું એ '**સુખથી યુક્ત (છે)...**' આહાહા..! મારી જ્યોતિ ઉત્તમ છે જે જ્ઞાનની જ્યોતિ, એ જ્ઞાન અતીન્દ્રિય છે. જ્યોતિ એટલે જ્ઞાન છે, ઉત્તમ એટલે અતીન્દ્રિય છે અને અતીન્દ્રિય સાથે પ્રસન્નતા સુખની પ્રસન્નતાથી ઉત્પન્ન થયેલું છે. આનંદની ધારા એની સાથે હોય છે. આહાહા..! એને જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..!

'**એવા પ્રકારની જે જ્યોતિને (જ્ઞાન-પ્રકાશને) અંતરંગમાં હું જોઉં છું...**' આને અંતરંગમાં હું જોઉં છું અહીં. વિશેષ વ્યાખ્યા આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## જયેષ્ઠ સુદ ૯, બુધવાર તા. ૧૮-૦૬-૧૯૭૫
## શ્લોક-૫૧-૫૨,
## પ્રવચન - ૬૫

ભગવાનને વાણી .. જોવામાં આવે, તોપણ એ તો બાહ્ય સ્વરૂપ છે. '**અર્થાત્ તે મારું સ્વરૂપ નથી. તો મારું રૂપ શું? તે ઉત્તમ જ્યોતિ...**' એટલે '**જ્યોતિ એટલે જ્ઞાન. ઉત્તમ એટલે અતીન્દ્રિય.**' ઇન્દ્રિયથી જણાય એ નહિ. હું તો અતીન્દ્રિય સ્વરૂપ જણાય એવી ચીજ છું. '**અતીન્દ્રિય તથા આનંદમય...**' જ્ઞાનજ્યોતિ અતીન્દ્રિય અને આનંદમય. એનાથી ઉત્પન્ન પ્રસન્નતાથી ઉત્પન્ન થયેલા સુખથી સહિત છું. આહાહા..! અણીન્દ્રિય એવો આત્મા એટલે જ્ઞાન જ્યોતિ. ઉત્તમ એટલે અણીન્દ્રિય. આ ઇન્દ્રિયથી જણાય એ બધી ચીજ તો પર છે. અણીન્દ્રિયથી જણાય એવો જે ઉત્તમ આત્મા. આહાહા..!

બહારથી જોવું એને, તો બહારથી જોવું ચીજ મારી નથી અને એને જોતા તો રાગ અને દુઃખ થાય. એક ઠેકાણે કહ્યું છેને ભાઈ બાહ્ય ચીજોને જોવા માટે આંધળો થઈ જા. એમ આવે છે. અંદર જોવા માટે હજાર નેત્ર ખોલ. આહાહા..! જ્ઞાન નેત્રની દશા ઉગ્ર એવી કર કે અંદર આત્મા જણાય એમ કહે છે. એવું લખાણ આવે છે. હજાર નેત્રથી અંદર જો. બહારને જોવામાં આંધળો થઈ જા.

આહાહા..! કારણ કે વસ્તુ તો અંદર છે. બાહ્યમાં એ વસ્તુ નથી. બાહ્યનું જોવું બંધ કરી.. એ કહે છે.

**'આનંદમય એટલે પરમ પ્રસન્નતા (પ્રશાંતિ)થી ઉત્પન્ન થયેલા સુખથી યુક્ત (છે) એવા પ્રકારની જે જ્યોતિને (જ્ઞાન-પ્રકાશને) અંતરંગમાં હું જોઉં છું...'** આહાહા..! જ્ઞાન-જ્યોતિ ઉત્તમ એટલે અણિન્દ્રિય. અને સુખની ઉત્પત્તિ સહિત છે. અતીન્દ્રિયને જોતા આનંદ આવે એમ કહે છે. ઇન્દ્રિયથી જોતાં પરવસ્તુ એ મારી નથી એમ દુઃખ થાય. આહાહા..! આવું સ્વરૂપ જ એવું છે. ઇન્દ્રિયથી જોતાં પ્રતિમા ભગવાન, વાણી લ્યો. ઇન્દ્રિયથી જોવાય છે. તેથી કહ્યું છે કે ઇન્દ્રિયથી જે દેખાય તે ઇન્દ્રિય છે. એમ કીધું છે. ૩૧મી ગાથા. દ્રવ્યેન્દ્રિય ઇન્દ્રિય, ભાવ ઇન્દ્રિય ઇન્દ્રિય અને ભાવ ઇન્દ્રિયથી જણાય જે સામી ચીજ એ પણ ઇન્દ્રિય. ભગવાન અને ભગવાનની પણ ઇન્દ્રિય છે એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- ભગવાનને ઇન્દ્રિય બનાવી દીધા?

ઉત્તર :- આને હિસાબે ઇન્દ્રિય, એના હિસાબે ભલે હો. કારણ કે ઇન્દ્રિયથી દેખાય એ પોતાનું સ્વરૂપ નથી. ભગવાનની વાણી સંભળાય એ પણ પોતાનું સ્વરૂપ નથી. આહાહા..! એવી વાત છે ભાઈ!

**'સ્વસંવેદનથી હું અનુભવું છું,...'** કહે છે કે હું તો સ્વ-પોતાથી સંવેદન નામ પ્રત્યક્ષ. આ આત્મા પ્રત્યક્ષ મતિશ્રુતજ્ઞાનમાં થાય છે તે હું છું. ભારે ઝીણું ભાઈ આ. લોકો તો બહારની ઇન્દ્રિયથી દયા પાળે. એ એને માને ધર્મ. આહાહા..! અહીં તો ઇન્દ્રિયોથી જે ચીજ જણાય એ ચીજ એ આત્માનું સ્વરૂપ જ નથી. આહાહા..! ભગવાનની વાણી સાંભળે એ પણ આત્માનું સ્વરૂપ નથી. આહાહા..! ભગવાનને ઇન્દ્રિયથી જોતાં ભાવ હોય વિકલ્પ, પણ જોતાં રાગ જ થાય. તો પછી જિન પ્રતિમાને જોવું શું કરવા?

મુમુક્ષુ :- અશુભમાંથી બચવા.

ઉત્તર :- એ અશુભથી વંચનાર્થે એવો શુભભાવ આવે. પણ છે એ ઇન્દ્રિયથી દેખવામાં.. આહાહા..! રાગની ઉત્પત્તિ થાય એ દુઃખ છે. અણિન્દ્રિય એવો જે આત્મા જ્ઞાનજ્યોતિ. સામે ઇન્દ્રિય ત્યાં અણિન્દ્રિય નાખ્યું. ચૈતન્ય જ્યોત જે અણિન્દ્રિય. એને જોતાં સ્વસંવેદનથી તેને સુખ થાય છે. આહાહા..! ભારે માર્ગ ભાઈ! આવો માર્ગ લોકોને.. અને કહે પણ વ્યવહાર કરતા-કરતા થાય ને. એવી રીતે પાધરો થતો હશે? એમ કહે. આહાહા..!

અણીન્દ્રિયને અંદર આ વાત આ જોવું બહાર. અહીં તો એ આવ્યું. કે બાહ્ય ઇન્દ્રિયથી જોતાં જ્ઞાનીને પણ તે સ્વરૂપ નથી તેથી તેને જોતાં રાગ થાય અને દુઃખ થાય. આહાહા..! ભગવાનને જોતા અને સાંભળતા રાગ થાય અને દુઃખ થાય. ફક્ત અણિન્દ્રિય પ્રભુ પોતે એને જોતાં અરાગ થાય અને સુખ થાય. આવો માર્ગ છે ભાઈ! આમ જોતાં એ સ્વરૂપ મારું નથી, આમ જોતા એ સ્વરૂપ મારું છે. આમ જોતાં રાગ થાય છે, દુઃખ થાય છે, આમ જોતાં અરાગ અને સુખ થાય છે. સુજાનમલજી!

મુમુક્ષુ :- વાત તો બરાબર છે પણ અંદર .. પ્રયત્ન કરવો પડે.

ઉત્તર :- એણે પ્રયત્ન કરવો પડે. એ કહેશે આગળ. બાવનમાં કહેશે.

બહારમાં એણે જરીર અનુકૂળતા શરૂઆત કરી એને અનુકૂળતા લાગી ગઈ અને અંતરમાં જાવું મુશ્કેલ જેવું લાગે. શરૂઆતમાં એમ આવશે. મુશ્કેલી એટલે એ અંદર જવામાં એને બહુ પ્રયત્ન જોઈએ એટલે એને મુશ્કેલ લાગે અને બહારમાં એને જરી ઠીક લાગે એમ. એટલે બહારમાં સુખ લાગે એ તો પ્રશ્ન છે. આમ જરી સુખ. આહાહા..! આ તો સમાધિતંત્ર છે. સમાધિ-શાંતિ કેમ પ્રગટે? અને અસમાધિ કેમ ટળે? તો ઇન્દ્રિયથી જોવાની ચીજમાંથી તો અસમાધિ થાય છે. એમ કહે છે. આહાહા..! ત્યારે પાછા કેટલાક કહે છે ને જુઓ ભગવાનની સ્તુતિ આદિ એ સ્તુતિ સાચી નથી. માટે એ ભગવાનની પ્રતિમા અને મૂર્તિ શાસ્ત્રમાં છે જ નહિ. એમ વળી કહે. ભાઈ! એ મૂર્તિ છે ઇન્દ્રિયનો વિષય અને તેમાં શુભભાવ પણ હોય છે. અને એ શુભભાવ એ દુઃખ પણ હોય છે. જ્યાં સુધી સર્વજ્ઞપદ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સ્વસંવેદનનું સુખ અને અતીન્દ્રિય જ્ઞાનનું સુખ પણ હોય છે અને પર ઇન્દ્રિય તરફના વલણમાં જે રાગ થાય છે એટલું દુઃખ પણ હોય છે. આહાહા..!

દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય જ્યારે ચાલે એમાં તો એમ કહે કે સમ્યગ્દૃષ્ટિને અશુદ્ધ પરિણામ છે જ નહિ. એટલે કે એને દુઃખ છે જ નહિ એવું આવે. એ તો દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય જે શુદ્ધ ચૈતન્ય છે એની અપેક્ષાએ કથન છે. પણ જ્યારે સમ્યગ્જ્ઞાનની અપેક્ષાએ કથન ચાલે ત્યારે તો સ્વભાવમાં સુખ છે એનું પણ ભાન છે અને પર તરફના વલણમાં જરી રાગ અને દુઃખ છે એનું પણ ભાન છે. આહાહા..!

એ તો ઓલા જ્ઞાનચંદજી ને આવ્યા હતા ભાઈ કેટલાક. દિલ્હીથી. જુઓ આ. એ કહેતા હતા ત્યારે. એમ કે નિહાલચંદભાઈને તમે નિશ્ચયાભાસ કહો તો અમે આવીએ. નહિતર તમે નહિ આવતા. જુઓ આ. પછી પંડિતજી હિંમતભાઈ મળ્યા. એમ કહે. મેં કીધું વાતચીત થઈ? કહે ના. ફક્ત બહુ સારું. એની સાથે શું? એની શ્રદ્ધામાં મિથ્યાત્વ છે. સમકિતીને દુઃખ હોય જ નહિ, અશુદ્ધતા હોય જ નહિ. એમ એ વાંધા ઉઠ્યા છેને શેઠિયા સાથે? કીધું એને માટે શું થયું? એમ.

મુમુક્ષુ :- રાગ હોય તો દુઃખ હોય ને.

ઉત્તર :- દુઃખ છે ને. જેટલો રાગ છે એટલું દુઃખ છે. આહાહા..!

ત્રીજા કળશમાં ન કહ્યું અમૃતચંદ્રાચાર્યે? કે હું દ્રવ્યથી તો શુદ્ધ છું. ત્રીજા કળશમાં. પણ અનાદિના મોહના નિમિત્તથી મારામાં કલુષિતતા છે. '**कल्माषितायाः**'. ત્રીજા કળશમાં છે. હવે મુનિ છે, આચાર્ય છે છઠ્ઠા ગુણસ્થાને. એ કહે છે કે મને વિકલ્પ.. એને અશુભ તો છે નહિ. એ તો મુનિ છે. મોક્ષમાર્ગ(પ્રકાશક)માં નથી કહ્યું? મુનિને અશુભ તો હોય જ નહિ. ત્યારે હવે '**कल्माषितायाः**' શુભભાવ છે એ. એ મને અશુદ્ધ છે, કલુષિતભાવ છે. આચાર્ય પોતે કહે છે. એ મને ટીકા કરવામાં.. પાઠ એવો છે. '**व्याख्ययैव**' શબ્દ પડ્યો છે ને. વ્યાખ્યા કરતા એ અશુદ્ધતા ટળો. એનો અર્થ એવો નથી કે વ્યાખ્યા કરતા તો વિકલ્પ છે. પણ વ્યાખ્યાના કાળમાં મારું જે લક્ષ અભેદ ઉપર જોર છે એ જોરથી અશુદ્ધતા ટળી જાવ. એવી વાત છે.

અહીં તો બાહ્ય ઇન્દ્રિયનું એ લખવું શાસ્ત્ર એ બધા વિકલ્પ છે. સાંભળવું, કહેવું એ પણ વિકલ્પ છે. '**कल्माषितायाः**' દુઃખ છે. આહાહા..! છઠ્ઠા ગુણસ્થાનવાળા આચાર્ય એમ કહે કે અમને એ દુઃખ છે. વળી કહે સમકિતીને દુઃખ હોય નહિ અને અશુભ, પણ એ કઈ અપેક્ષાથી? એ તો દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયની અપેક્ષાએ વાત છે. આહાહા..! છતાં જ્ઞાનની શ્રદ્ધાની અપેક્ષાએ... શ્રદ્ધાનો વિષય અભેદ છે. શ્રદ્ધા પોતે નિર્વિકલ્પ છેને? એ કાંઈ શ્રદ્ધા પોતે પોતાને જાણતી નથી. એ જાણે છે જ્ઞાન. શ્રદ્ધા તો નિર્વિકલ્પ છે. એને પોતે જાણતી નથી. એથી એને નિર્વિકલ્પતામાં તો વસ્તુનું સ્વરૂપ જે આખું પૂર્ણ છે એ એનો વિષય છે. કેમકે અહીં ભેદ નથી જ્ઞાનમાં-જાણવામાં એથી આનો વિષય પણ આખો અભેદ છે. પણ એ કાળે જે સમ્યગ્જ્ઞાન થયું, એ જ્ઞાન તો પર્યાયમાં જેટલું પરલક્ષમાં જાય છે એટલું રાગ અને દુઃખ છે. આહાહા..! આવી વાત. એકાંત તાણે કે નહિ એને રાગ નહિ. એવા દાખલા આપ્યા છેને પહેલાં? શેઠીયાએ આપ્યા હતા. કાગળ આવ્યા છે ને. આવા દાખલા આપીએ છીએ, ન માને હવે જાવ. શેના પણ દાખલા? એ તો દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયની અપેક્ષાની વાત છે. એને જે પર્યાયમાં અશુદ્ધતા છે એને ગૌણ કરીને એ વાત કરી છે. આહાહા..! અને જેટલો વિકલ્પ ઇન્દ્રિયના વિષય તરફ જાય એટલું દુઃખ જ છે.

મુમુક્ષુ :- .. છે તો દુઃખ જ હોય ને.

ઉત્તર :- રાગ છે ને. અહીં ભાષા કેવી કરી છે જુઓને. ઇન્દ્રિય તરફનું વલણ આમ છે. એટલે એના વિષયો છે એમાં હું નથી. આહાહા..! અને હું તો એક જ્ઞાન જ્યોતિ ઉત્તમ છું એટલે અણીન્દ્રિય છું. આહાહા..! અણીન્દ્રિય જ્ઞાનની જ્યોતિ અને તેના ભાનસહિતમાં પ્રસન્નતા આનંદના સુખને સહિત હોય છે. અણીન્દ્રિય આત્માને જોતાં જ્ઞાન સુખસહિત ઉત્પન્ન થાય છે. આહાહા..! આમ વાત એવી લાગે સાધારણને. એટલે જાણે વ્યવહાર કરો. શું કરે? આહાહા..!

'**સુખથી યુક્ત (છે)..**' જુઓ. '**એવા પ્રકારની જે જ્યોતિને (જ્ઞાન-પ્રકાશને) અંતરંગમાં...**' અંતરંગમાં અંતર જોતા '**હું જોઉં છું-સ્વસંવેદનથી હું અનુભવું છું,...**' આહાહા..! અંતર્મુખ થવાને આ કાળની વાત છે. અંતર ઉપયોગથી ખસી જાય તો બાહ્ય તરફના વલણમાં એને વિકલ્પ થાય, એ સ્વસંવેદનથી ખસી ગયો છે. ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રને સાંભળે અને માને એ પણ સ્વરૂપના અનુભવથી પતિત થાય છે. એમ કહ્યું છે ને. પુણ્ય-પાપ અધિકારમાં. વ્યવહાર રત્નત્રય નિશ્ચયથી પાપ છે. કેમકે સ્વરૂપથી પતિત થાય છે. નિર્વિકલ્પ આનંદની દશાથી જ્યાં વિકલ્પ ઉઠે તો એ સ્વરૂપથી પતિત થાય માટે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કે એને સાંભળવાનો ભાવ એ બધો દુઃખરૂપ છે. આહાહા..!

મુમુક્ષુ :- નિરાંતે સુઈ રહેવું ને ખાટલામાં?

ઉત્તર :- વસ્તુનું સ્વરૂપ એવું છે. સુઈ રહે ક્યાં? સુવે કોણ અને જાગે કોણ? આહાહા..! ચૈતન્ય અણીન્દ્રિય સ્વરૂપ, ભગવાન એને ધ્યાનમાં લેતા એને ચૈતન્ય અણીન્દ્રિયનું સુખની ઉત્પત્તિ થાય છે અને ઇન્દ્રિયના વિષય જોતાં એને એ સ્વરૂપ એનું નથી, છતાં એના તરફ લક્ષ જાય છે એટલે એને વિકલ્પ અને દુઃખ થાય છે. આહાહા..! હોય. વિકલ્પ હોય છે. એ વ્યવહાર છે. પણ એ વ્યવહાર તે

દુઃખરૂપ છે. આહાહા..! શું થાય?

અહીંયાં તો અણીન્દ્રિય એવો ભગવાન એને જોતાં અંતરમાં સ્વસંવેદનપણું પ્રગટે આનંદનું, એને અહીંયાં ધર્મ અને વાસ્તવિક શુદ્ધ ઉપયોગ કહે છે. આહાહા..! અને એ જૈનશાસન છે. બહારમાં જોતાં વિકલ્પ ઊઠે એ જૈનશાસન નથી. એ તો રાગ છે. જૈનશાસન તો વીતરાગ પર્યાય છે. આહાહા..!

કહે છે '**તે મારું સ્વરૂપ અસ્તુ-હો.**' શું કહ્યું? કે જ્ઞાનજ્યોતિ ઉત્તમ અણેન્દ્રિય એને વેદતાં હું સુખ સહિત વેદું છું એ સ્વરૂપ મારું હો. એ સિવાય મારું સ્વરૂપ છે નહિ. આહાહા..! **મારું સ્વરૂપ અસ્તુ-હો.** આહાહા..! જ્ઞાનજ્યોતિ ઉત્તમ અણીન્દ્રિય અને સ્વસંવેદન ભાવમાં એ વસ્તુ જે જણાણી તે હું છું. આનંદનું વેદન થાય. આ તો કહેવું છે એમાં તો હું આવો છું.. આવો છું.. એ પણ વિકલ્પ છે. સમજાવવું છે કઈ રીતે? આહાહા..! પણ અહીં તો કહે છે કે હું અનુભવું છું તે મારું સ્વરૂપ હો, એટલે અંદરમાં એ અંદરમાં તે સ્વરૂપ હું છું એમ. આહાહા..!

આવું સ્વરૂપ હોય એવો જે વિકલ્પ છે એ નહિ. આ તો અસ્તિપણું આવું છે... આ બધા જુઓને વાતું આ રજનીશને એ કરે ને. વિકલ્પથી શૂન્ય થઈ જાવ... વિકલ્પથી શૂન્ય થઈ જાવ... પણ વિકલ્પથી શૂન્ય થઈશ કોના ઉપર? જે અસ્તિત્વ વસ્તુ છે એ અસ્તિ કેટલા પ્રદેશમાં અને કેટલા ગુણમાં (છે)? એવું જે દ્રવ્ય એનું અસ્તિત્વ દૃષ્ટિમાં આવ્યા વિના, એના અસ્તિત્વ ઉપર ગયા વિના વિકલ્પની નાસ્તિ શી રીતે થશે? તો અસ્તિની જ વાત છે નહિ ને વિકલ્પ નાશ કરવો... વિકલ્પ નાશ કરવો... એ તો ઓલાએ કહ્યું એવું થયું આ. ચિંતા નિરોધ. શું કહેવાય એ. અન્યમતિમાં. અન્યમતિમાં. પાતંજલ.

મુમુક્ષુ :- યોગ નિરોધ.

ઉત્તર :- હા એ. પણ અહીંયાં વિકલ્પથી (રહિત) પણ નિર્વિકલ્પ ચીજ કેવડી છે? એ ચીજની અસ્તિપણું એનું ક્ષેત્રપણું અને એના ભાવના ગુણપણું એની દૃષ્ટિમાં આવ્યા વિના એ વિકલ્પ તૂટે શી રીતે? પંડિતજી! આહાહા..! એમ બધી વાતું કરે વિકલ્પથી શૂન્ય થઈ જાવ. વિચાર બંધ કરો, પણ વિચાર બંધ કરીને કોની ઉપર જાવું છે એને. કેના અસ્તિત્વમાં એની દૃષ્ટિ છે. એ અસ્તિત્વ એ જ હું એ કહ્યું જુઓને. એ વેદું છું તે મારું સ્વરૂપ અસ્તુ-હો. આહા..! તેથી એમાં વિકલ્પ રહિત થઈ ગયો. આહાહા..!

આમ તો આત્માની વાતું કરવા હવે શીખ્યા છે ઘણા મારા. પણ મૂળ અસ્તિત્વ એનું કેવડું છે? કેટલા ગુણ? અનંત અનંત ગુણવાળું જેનું અસ્તિત્વ છે અને અસંખ્ય પ્રદેશી એ વસ્તુ છે. હવે અસંખ્ય પ્રદેશી અનંત ગુણથી વ્યાપક છે. એક-એક પ્રદેશમાં બધા અનંત ગુણ આમ વ્યાપ્યા છે. એવું એનું અસ્તિત્વ છે એ અણીન્દ્રિયથી જણાય એવું છે. આહાહા..! સમજાણું કાંઈ? બહારમાં આમ ધમ લાગે ધમાધમ એવી. આહાહા..! શિક્ષણ શિબિર. કોટામાં.

મુમુક્ષુ :- ઘણા વિદ્યાર્થીઓ..

ઉત્તર :- ઘણા વિદ્યાર્થી-શિક્ષકો સૌને ઈનામ આપ્યા, પુસ્તકો આપ્યા કેટલો ખર્ચ? પણ એ તો બધી પર તરફના લક્ષવાળી વિકલ્પની વાતું છે. પંડિતજી! આહાહા..!

તેમાં આ બાબુભાઈ લઈને નીકળ્યા હતા ને ધર્મચક્ર? એ તો ત્રણ મહિનામાં ધર્મચક્ર શું લાખ મહિનામાં કરે તો લાખ માણસ હોય તો એ પરદ્રવ્ય પર લક્ષ છે તો શુભભાવ છે. એવો માર્ગ છે પ્રભુનો. અને પાછું રાત્રે ચાલવું અને દિવસે જાત્રા. એકકોર એમ કહેવું કે રાત્રિભોજન ન કરવું. આવે છે કે નહિ મોક્ષમાર્ગમાં? રાત્રિભોજન ન હોય. એ તો .. નો બાપ થઈ ગયો મોટો. રાત્રિભોજન ન કરવું તો રાત્રે ચાલવું નહિ જાત્રા માટે. એય..! વાત એવી છે. મળ્યા હતા બાબુભાઈને બધાને. એમ માનતા હોય કે ઓહોહો..! જાણે શું કર્યું? માણસો ભેગા થઈ ગયા હતા. ઈંદોરમાં તો ૫૦ હજાર. ચક્ર છે અને વળી ઓલો બોલે અંદર. મહાવીરનો સંદેશ. ઓલા ચંદુભાઈ છેને ચંદુભાઈ? ચંદુભાઈ ને? બીજા છે. હા એ બોલતો હતો.

મુમુક્ષુ :- બીજા બાબુભાઈ.

ઉત્તર :- બાબુ.. બાબુ..

મુમુક્ષુ :- બાબુલાલ ..

ઉત્તર :- એ નહિ. એ ગુજરાતી છે. ફતેહપુરના. એ સાથે હતાને એની સાથે.

મુમુક્ષુ :- નાના બાબુભાઈ.

ઉત્તર :- હા, નાના બાબુભાઈ. ધર્મચક્ર સાથે અંદર બેઠો બોલતો હતો. આ જુનાગઢમાં બીજે દિ' એ આવ્યા સવારમાં. ચાર દિ' રહ્યાને અમે જૂનાગઢ. બે દિ' જેતપુર. ત્યાં પહેલા ગયા અહીં. બીજે દિ'એ આવ્યા સવારમાં. હું બરાબર બહાર નીકળીને વ્યાખ્યાનમાં જવાનું હતું. અને ધર્મચક્ર ઊભું રાખ્યું ત્યાં. અહીં બેસો મહારાજ. બાબુભાઈ કહે. અહીં સુધી જઈએ છીએ અમે. રથયાત્રા. પણ એ બધી વાત બાપુ! બાહ્ય તરફના લક્ષવાળી ચીજ તો શુભરાગની. સ્ત્રી, કુટુંબ, પરિવારના લક્ષવાળો ભાવ એ અશુભ છે. અને આ દેવ-ગુરુ-શાસ્ત્રના વલણવાળો ભાવ એ શુભ છે. પણ છે બેય બંધના કારણ. આહાહા..!

મુમુક્ષુ :- બંધના પ્રકારમાં ફેર છે.

ઉત્તર :- બંધનો પ્રકાર-બંધની અપેક્ષાએ બેય બંધ છે. અબંધસ્વરૂપ તે વિરુદ્ધથી બંધ છે. પછી ભલે કષાયની મંદતાએ થોડો બંધ પણે પણ બંધ ને? આવી વાત છે, ભાઈ!

બહુ હરખ આવે વ્યવહારનો. ઝાઝા માણસ સાંભળે, ઝાઝા માણસ ભેગા થાય, એનો હરખ આવે એ તો બધો શુભરાગ છે. એય..! હિંમતભાઈ! આવી વાતું છે ભાઈ! આ તો વીતરાગભાવ છે.

મુમુક્ષુ :- બાવા થવાની વાત છે.

ઉત્તર :- બાવો જ છે. રાગરહિત જ એનું સ્વરૂપ છે. એવી વાત લીધી. જુઓ, પાઠમાં છેને જુઓ. '**अन्तः पश्यामि सानन्दं तदस्तु ज्योतिरुत्तमम्**' બીજું પદ છે ને? '**अन्तः पश्यामि सानन्दं तदस्तु ज्योतिरुत्तमम्**' આહાહા..! '**यत्पश्यामीन्द्रियैस्तन्मे नास्ति यन्नियतेन्द्रियः।**' ઇન્દ્રિયનો નિરોધ

કરી... આહાહા..! '**अन्तः पश्यामि**' અંતરમાં આનંદને અનુભવવો. આહાહા..! એને જોતાં, અંતરને જોતા આનંદસહિત અનુભવ તે વસ્તુજ્યોતિ તે સ્વરૂપે હું છું. આહાહા..! આવી વાત છે ભાઈ! વ્યવહારના રસીલા એને આ વાત ગોઠવી મુશ્કેલ પડે. આહાહા..!

મુમુક્ષુ :- પંડિત કેલાસચંદજી .. કેટલા જોરથી કહે.. નથી થતું.

ઉત્તર :- નથી થતું? અહીં તો આ કહે છે ભાઈ!

મુમુક્ષુ :- એનો અર્થ એમ કે એને પુણ્ય રુચ્યું છે.

ઉત્તર :- રુચિ-રુચિ. એને શુભભાવમાં. કુંદકુંદાચાર્યને પકડતાં બીજા આચાર્યોનું બલિદાન થઈ જાય એમ કહે છે. બધા આચાર્યની એક જ શૈલી છે. આહાહા..! પણ જેનો વિશેષપણે ઉપકાર જણાય એને કહે, પ્રભુ! તમે જો કુંદકુંદાચાર્ય મહાવિદેહમાં જઈને જો આ ઉપદેશ ન આપ્યો હોય તો અમારા જેવા મુનિ શી રીતે ધર્મ પામત? એમ કહ્યું. દેવસેનાચાર્યે કહ્યું. દર્શનસાર. પુસ્તક છે એમાં એ કહ્યું છે. આમાં લખ્યું છેને સમયસાર. આહાહા..! સંબોધન પદ્મનંદી આચાર્ય. પદ્મનંદી એટલે કુંદકુંદાચાર્ય. મહાવિદેહ જઈને અહીંયાં ઉપદેશ આવો ન કર્યો હોત તો... આહાહા..! તો બીજા મુનિઓનું બલિદાન થઈ ગયું એમાં? આહાહા..!

અને જેનો ઉપકાર ખ્યાલમાં આવ્યો એને કહે. એ પણ વિકલ્પ છે એક. આહાહા..! પુણ્યને પાપ કહ્યું. કીધું ને. પુણ્ય-પાપના અધિકારની છેલ્લી ગાથાઓ છેને જયસેનાચાર્ય. પહેલું કીધું છે કે ભાઈ એ નિમિત્ત છે, એ હોય છે. એ કહ્યું પાછું કે ભાઈ આ અધિકાર તો પાપનો ચાલે છે અને એમાં તમે આ ક્યાં નાખ્યું? કહે, એ પાપ જ છે. આહાહા..! આનંદના સ્વરૂપના અનુભવથી ખસી જવું, ભ્રષ્ટ થવું એ વિકલ્પ છે વ્યવહારનો. એ પાપ છે. આહાહા..!

મુનિનું કહ્યું નહિ? મુનિને. કહ્યું હતુંને આ સમયસાર નાટકમાં? સમયસાર છે ને. નાટક-નાટક. ૪૦મો બોલ છે ને. છઠ્ઠે ગુણસ્થાનમાં જે શુભ વિકલ્પ આવે પંચ મહાવ્રતાદિનો 'તા કારન જગપંથ ઈત,...' એ જગપંથ છે. પંડિતજી! પાઠ. ૫૨-૫૪ બોલ છે. મોક્ષ અધિકારમાં. એમાં ૪૦મો બોલ છે. છઠ્ઠે ગુણસ્થાને મુનિને પંચમહાવ્રતનો ભાવ, વિનયનો ભાવ, ભગવાનના વિનયનો ભાવ, શાસ્ત્રને વંદન કરવાનો ભાવ એ જગપંથ છે. જગપંથ છે એ સંસારપંથ છે. આહાહા..!

'ઉત શિવ મારગ જોર;...' આ બાજુ જે ઢળતા માર્ગ થાય એ શિવમાર્ગ છે. આહાહા..! 'પરમાદિ જગકૌં ધુકૈ,...' છઠ્ઠા ગુણસ્થાનનો પ્રમાદ છે એ જગ તરફ જુકે છે. આહાહા..! અને એને તો પરમાર્થ શુભભાવનો છે. અશુભ તો છે નહિ. 'અપરમાદિ સિવ ઓર.' પ્રમાદરહિત અપ્રમાદી શિવ મોક્ષ તરફ ઝુકે છે. આહાહા..! 'જે પરમાદિ આલસી, જીન્હકૈ વિકલ્પ ભૂરિ,...' વિકલ્પ વારંવાર આવે. 'હોઈ સિથલ અનુભૌ વિહૈં, તિન્હકૌં શિવપથ દૂરિ.' આહાહા..!

જે પરમાદિ આલસી, તે અભિમાની જીવ;
જે અવિકલ્પી અનુભવી, તે સમરસી સદીવ.

બનારસીદાસ પોતે. આહાહા..! વસ્તુતો એ સ્થિતિ બાપુ એ વીતરાગમાર્ગ છે. આહાહા..!

વીતરાગભાવ જે પ્રગટે સ્વઆશ્રય એ જૈનશાસન. બાકી આ વચ્ચે આવે ખરો વ્યવહાર પૂર્ણ ન હોય ત્યારે. પણ છે દુઃખરૂપ. એ સંસાર જગપંથ ઝુક્યો છે. આહાહા..! હવે અહીં તો સમ્યગ્દર્શન વિનાના શ્રાવક અને મુનિના આચાર એમાં ધર્મ મનાવો છે. આહાહા..! કહો, ચેતનજી! આવી વાત છે. આ કોઈની સાથે મેળ ખાય એવું નથી આમાં.

મુમુક્ષુ :- કોઈની સાથે શું કામ છે? સત્ય સાથે મેળ ખાય છે કે નહિ એ જોવું છે.

ઉત્તર :- બરાબર સત્ય સાથે મેળ ખાય છે. આહાહા..!

મુનિ આમ છે કે નહિ. ફલાણું કીધું. સાધક કહ્યું છે. વ્યવહારને સાધક કહ્યું છે. નિશ્ચય સાધ્ય છે. પંચાસ્તિકાય. આને એક ભૂંસાડ્યો વાળ્યો છે ને એક પંડિતે એમ કીધું. કે એમાં નિશ્ચય સાધકનું સાધ્ય, નિશ્ચય સાધ્યના એના અર્થ ફેરવી નાખ્યા હિંમતભાઈએ. એમ કહે છે. નહિ?

મુમુક્ષુ :- પંચાસ્તિકાય બહાર પડ્યું.

ઉત્તર :- હા. પણ એનું તો સ્પષ્ટીકરણ

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોકે કહ્યું હતું. અર્થ કરીને ભુંસાડિયો વાળી દીધો કહે. એવું આવ્યું હતું.

મુમુક્ષુ :- પંચાસ્તિકાયનું.

ઉત્તર :- પંચાસ્તિકાયનું. બાપુ! સાધક નથી. જે જે ત્યાં સાધક છે તે તે ત્યાં બાધક છે. આહાહા..! નય, નિક્ષેપ અને પ્રમાણથી આત્માનો નિર્ણય કરવો એ પણ અભૂતાર્થ છે. એ સાધક નથી. આહાહા..!

વીતરાગભાવ જેમાં ઝરે એ સાધક છે. એ કહ્યું છે એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. ભારે પણ તકરાર કરે. આ તો પુણ્ય ઉપર ડાંગ લઈને બેઠા છે. ઝેર કીધું પછી પ્રશ્ન શું? ભગવાનની ભક્તિનો રાગ પંચ મહાવ્રતનો ભાવ ઝેર છે. અમૃત સાગર પ્રભુ એનાથી વિરૂદ્ધભાવ એ ઝેર છે. વિષકુંભ કહ્યો છે એને. ઝેરનો ઘડો. એને ઝેરનો ઘડો કહ્યો છે. કહો. ફુલચંદજી કહેતા હતા એક ફેરી. ભારે આકરું... આપણે યાદ નહોતું કર્યું કે કુંદકુંદાચાર્યને પણ ઝીલવા પડશે.

મુમુક્ષુ :- .. મિથ્યાત્વથી પ્રેરીને બનાવ્યું છે.

ઉત્તર :- આહાહા..! શું થાય? મોક્ષમાર્ગ પ્રકાશકમાં તો સત્યને સ્પષ્ટ કર્યું છે. સામાન્યપણે વાત હતી એનું વિશેષ સ્પષ્ટ કર્યું છે. અક્ષરે અક્ષર શાસ્ત્ર પ્રમાણે મળે છે. આહાહા..!

અહીં કહે છે અસ્તુ. વિકલ્પ વિનાનો અણીન્દ્રિય ચૈતન્ય જ્ઞાન જ્યોત એનો જે અનુભવ એ અસ્તુ. એ મારું સ્વરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**હું કેવો થઈને જોઉં છું**?' અણીન્દ્રિય આત્માને જોઉં છું એ કેવો થઈને જોઉં છું? એમ. ગાથા છે ને? પાઠ. '**યન્નિયતેન્દ્રિયઃ**' બીજા પદનો છેલ્લો શબ્દ છે. '**યન્નિયતેન્દ્રિયઃ**' આહાહા..! '**ઇન્દ્રિયોને સંયમિત કરીને (બાહ્ય વિષયોથી ઇન્દ્રિયોને રોકીને...**' એમાં એ કહેવું છે. કેવો થઈને? '**ઇન્દ્રિયોને સંયમિત કરીને (બાહ્ય વિષયથી ઇન્દ્રિયોને રોકીને અને પોતે સ્વાધીન થઈને અર્થાત્ ઇન્દ્રિયોને**

**કાબૂમાં રાખીને...**' એ તો વિસ્તાર કરીને. વાત એ કે ઈન્દ્રિય તરફનું વલણને છોડી દીધું. વાત એ. અણીન્દ્રિય તરફમાં હું આવ્યો છું. આહાહા..! ત્યાં મારી જાતનું સ્વરૂપ તે હું છું. આહાહા..!

ભગવાનની વાણી દિવ્યધ્વનિ કાને પડે એ પણ ઈન્દ્રિયનો વિષય છે. આહા..! આકરું માણસને લાગે. એ ઈન્દ્રિયના વલણ તરફના ભાવને છોડી દઈ અણીન્દ્રિય એવો જે ભગવાન આત્મા તેમાં હું છું, તેના અનુભવમાં હું છું એમ કહે છે. '**પોતે સ્વાધીન થઈને અર્થાત્ ઈન્દ્રિયોને કાબુમાં રાખીને...**' કાબુનો અર્થ એ તરફથી વલણ છૂટ્યું છે. આહાહા..! ત્યારે એને અંતરમાં શાંતિ અને સમાધિ થાય. એ આ સમાધિ. ઓલા બાવા સમાધિ કરે એ નહિ. અંતર આનંદની દશા ઉત્પન્ન થાય એ સમાધિ. આહાહા..!

મુમુક્ષુ :- આમ તો સમ્યગ્દર્શન એ જ સમાધિ છે.

ઉત્તર :- એ જ સમાધિ છે ને. સમ્યગ્દર્શન-જ્ઞાન અણીન્દ્રિય છે ને? અણીન્દ્રિયના વિષયને બનાવી અને જે પર્યાયમાં પ્રગટ દશા એ આનંદસહિત દશા છે. આહાહા..!

એક ફેરી ભાઈએ કહ્યું હતું. હુકમીચંદજી. કૈલાસચંદજીને કહ્યું હતું. આ હુકમીચંદ છે ને? એ મીઠી ભાષા છે. એમ કે આપણા પંડિતો વચ્ચે તકરારનું લખાણ આવે છે ને છાપામાં? એટલા ભાગ્યવાન છે, સાધારણ માણસો આ ચોપાનિયાને વાંચતા નથી. એટલા સારા લખાણ ત્યાં ને ત્યાં રહી જાય છે. નહિતર વાંચે તો.. પંડિતો-પંડિતોમાં વિરોધના લખાણ આ. એવું મીઠું બધું કહે. આ બધું લખાણ છે. દુનિયાથી ભાગ્યશાળી તમારું આ બધું લખાણ વાંચતા નથી. એ તો થોથા ક્યાંક પડ્યા વાંચે બીજું કોણ? સમાજ કોણ વાંચતું હતું? આહાહા..!

અહીંયાં તો ચૈતન્યમૂર્તિ પ્રભુ અણિન્દ્રિય પર્યાયથી જ અનુભવાય એને રાગના વિકલ્પનો, ઈન્દ્રિયનો નિરોધ કરે ત્યારે અનુભવાય એમ કહે છે. આહાહા..! ભગવાન ગણધર સાંભળવા બેઠા હોય લ્યો. ત્યારે એને તો ઘડીકમાં છઠ્ઠું અને ઘડીકમાં સાતમું આવે છે. તો છઠ્ઠું છે ત્યાં સુધી આમ લક્ષ રહે છે વિકલ્પ. સાતમે વિકલ્પ તૂટી જાય છે. ત્યાં ધારાવાહી એક ૐની ધ્વનિ ધારાવાહી નીકળે છે અને અહીં તૂટક-તૂટક થઈ જાય છે. છઠ્ઠે હોય તો ખ્યાલમાં અને સાતમે હોય તો ખ્યાલ નહિ. છઠ્ઠે હોય તો ખ્યાલમાં, સાતમે નહિ. એવું હજારો વાર આવે છે. છતાં શાસ્ત્રની રચના કરે ત્યાં તૂટક ન હોય. આહાહા..! સમજાણું કાંઈ?

કારણ કે છઠ્ઠે હોય ત્યાં સુધી એનો વિકલ્પ આ શું ભગવાન કહે છે એના લક્ષે હોય. ક્ષણે સાતમું આવે ત્યાં લક્ષ છૂટી જાય છે. અને ત્યાં તો ધારાવાહી ચાલુ છે ઉપદેશ. હવે એ ઉપદેશનો ભાવ સંધિ કરીને સરખો મેળવવો, પણ એ તો મેળવાય અંદર, અંદરમાં જાય છે અને બહારમાં વિકલ્પ આવે, એ હોવા છતાં એની સંધિ બરાબર થઈ જાય છે. ભગવાને જે શું કહ્યું એની સંધિની રચના. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે. સાતમે સાંભળે નહિ છતાં એ ભગવાનના કહેલા દિવ્યધ્વનિની રચના આગમમાં કરે. હવે તૂટક-તૂટક સાંભળે એને આખું સળંગ શી રીતે કરે? પણ એ સળંગ જ થાય એવું ત્યાં જ્ઞાન હોય છે. આહાહા..!

અણીન્દ્રિય જ્ઞાનમાં લક્ષ છે ત્યારે ભગવાનની સાંભળવી ત્યાં અટકી જાય છે. છતાં એ વાણીમાં કહેલા ભાવો રચનામાં એ કહેલા ભાવો આવે છે. તૂટક-તૂટક આવે છે એમ નથી. આહાહા..! એવી જ વસ્તુની સ્થિતિ છે. દિવ્યધ્વનિ સાંભળીને રચના કરી એમ આવે છે શાસ્ત્રમાં. પણ દિવ્યધ્વનિ સાંભળવામાં છઠ્ઠે સાંભળે અને સાતમે નહિ, છઠ્ઠે સાંભળે અને સાતમે નહિ તો એક અંતર્મુહૂર્તમાં હજારો વાર ફરે, છતાં એ દિવ્યધ્વનિ સાંભળીને આખી રચના સળંગ કરી. એવો સ્વભાવ જ એ જ્ઞાનનો છે. આહાહા..! '**ઈન્દ્રિયોને સંયમિત કરીને,...**' આ તો સંયમિત આવ્યું ને એટલે ઓલા.. સાતમે સંયમિત થઈ જાય છે. '**(બાહ્ય વિષયોથી ઈન્દ્રિયોને રોકીને અને પોતે સ્વાધીન થઈને અર્થાત્ ઈન્દ્રિયોને કાબૂમાં રાખીને (હું જોઉં છું).**'

'**ભાવાર્થ :- અન્તરાત્મા વિચારે છે કે :-**' આહાહા..! '**ઈન્દ્રિયો દ્વારા જે શરીરાદિ બાહ્ય પદાર્થો દેખાય છે...**' શરીર આદિમાં બધું લઈ લેવું. ભગવાન અને ભગવાનની વાણી બધું એમાં આવી જાય છે. આહાહા..! '**તે હું નથી.**' આહાહા..! ભગવાનની વાણી, ભગવાન એ લક્ષ જાય એ હું નથી. '**તે મારું સ્વરૂપ નથી. મારું સ્વરૂપ તો પરમ ઉત્તમ અતીન્દ્રિય આનંદમય જ્ઞાન-જ્યોતિ છે.**' આખો સરવાળો કર્યો. '**પરમ ઉત્તમ અતીન્દ્રિય આનંદમય જ્ઞાન-જ્યોતિ છે.**' આહાહા..!

'**જ્યારે હું ભાવ-ઈન્દ્રિયોને નિયંત્રિત કરીને અર્થાત્ બાહ્ય વિષયોથી હઠાવીને અંતર્મુખ થાઉં છું,...**' જુઓ આ સમ્યગ્દર્શનના વિષયમાં એકાગ્ર થાઉં છું એ વસ્તુ છે. આહાહા..! સમજ્યાને પછી એ કહે એ તો ઉંચા દરજ્જાની વાત છે. પણ આ સમ્યગ્દૃષ્ટિની પહેલી વાત છે.

મુમુક્ષુ :- ઊંચા દરજ્જાની હોય કે હલકા દરજ્જાની વાત હોય.

ઉત્તર :- એમ કે એ તો ઘણા આગળ સાધુ થાય, ચારિત્ર હોય એને આગળ શ્રેણી માંડવી હોય એને માટે છે. અહીં તો પહેલા ધડાકે આ છે. આહા..!

સમ્યગ્દર્શનમાં અણીન્દ્રિય આત્માનો અનુભવ એને ઈન્દ્રિયના વિષયોને રોકીને, ઈન્દ્રિયના વિ-ષયોને રૂંધીને અણીન્દ્રિય તરફમાં જે ઢળ્યો છે એ જ વસ્તુનું સ્વરૂપ છે. આહા..! હવે આમાં ઝાઝી સભા હોય માણસની શું આ વાત કરે? ઝપટ બોલાવે અંદરથી કે આમ થાય. અરે.. ભગવાન!

મુમુક્ષુ :- એણે ઝપટ બોલાવી છે.

ઉત્તર :- શું આ ઝપટ છે. તાણીને બોલે, ગોખીને પ્રવચન બોલે, મોટે અવાજે જે કહેવાણું છે એ આ કહ્યું છે. પ્રવચનસાર છેલ્લી ગાથાઓ.

મુમુક્ષુ :- અગ્નિમાં લાકડા હોય એમ હોમાઈ ગયું.

ઉત્તર :- આ બધું સ્વાહા. જેટલું કહ્યું એ બધું સ્વાહા થઈ ગયું.

'**ત્યારે હું જ્ઞાનસ્વરૂપ આત્માને જોઈ શકું છું...**' આહાહા..! ભાવ ઈન્દ્રિય તરફના ઝુકાવને છોડી દઈને જ્ઞાનસ્વરૂપ આત્માને જોઈ શકું છું '**સ્વસંવેદનથી અનુભવી શકું છું.**' આહાહા..! આ વસ્તુની સ્થિતિ છે. આહાહા..!

**વિશેષ.** ભાવાર્થ. પહેલી ટીકા, ભાવાર્થ અને હવે વિશેષ. '**જે ઈન્દ્રિયો દ્વારા દેખાય છે તે**

**આત્માનું સ્વરૂપ નથી.**' આહાહા..! ભગવાનની પ્રતિમા, ભગવાનનું સમવસરણ, ભગવાન પોતે અને એની વાણી. એ ઇન્દ્રિયોથી દેખાય છે. આહાહા..! એ આત્માનું સ્વરૂપ નથી. એમ કહીને ઓલી સ્તુતિ વ્યવહારની છે તે આ સ્થાનવાસીએ ઊલટાવી નાખી છે. આર્જિકા છે એ. જુઓ ભગવાનની સ્તુતિની સ્તુતિ સાચી નથી. પણ સાચી નથી કઈ અપેક્ષાએ? એ તો અણીન્દ્રિય પોતાના સ્વભાવનો અનુભવ એ અપેક્ષાએ. પણ એવો ભાવ આવે, શુભભાવ હોય, દુઃખરૂપ છે, ઇન્દ્રિયના વલણથી એ વિકલ્પ ઉઠ્યો છે. છતાં એ વસ્તુ આવ્યા વિના રહેતી નથી. જાણવા જેવી છે. આહા..! ભારે વાતું આકરી. ઓલી દિવાળી. દિવાળી નહિ. લીલાવતી. એ એમ કહે છે. આર્જિકા નથી ૪૦-૪૫ ભેગા કર્યા હતા દીક્ષા. દીક્ષા ક્યાં હતી? આહાહા..!

મુમુક્ષુ :- એ તો વળી કોઈવાર એમ પણ કહે છે કે દિગંબર શાસ્ત્ર નહિ.

ઉત્તર :- એમ નહિ. અમારામાં પંચ મહાવ્રતને સંવર કહ્યો છે. એ દિગંબર શાસ્ત્રમાં (એમ નથી). માટે અમારે એ માન્ય નથી. પણ તત્ત્વાર્થસૂત્રમાં જુઓને એમાં એ કહ્યું છે. મહાવ્રતાદિના પરિણામ એ પુણ્યાસ્રવ છે. તત્ત્વાર્થસૂત્રમાં છે છઠ્ઠા અધ્યાયમાં. આહાહા..!

મુમુક્ષુ :- પુણ્ય આસ્રવનો અધિકાર છે.

ઉત્તર :- હા છે ને. પુણ્ય આસ્રવ છે. તત્ત્વાર્થસારમાં પણ એ છે. અમૃતચંદ્રાચાર્યનું છેને તત્ત્વાર્થસાર સૂત્ર. આ તત્ત્વાર્થસૂત્ર ઉપરથી બનાવ્યું છે. તત્ત્વાર્થસાર. આખું વંચાંઈ ગયું આપણે વ્યાખ્યાનમાં. વ્યાખ્યાનમાં વંચાઈ ગયું. તત્ત્વાર્થસૂત્રમાં. એમાં પણ લીધું છે કે આ પુણ્યાસ્રવનો અધિકાર હવે વર્ણવીશ. મહાવ્રત ને એ બધા પુણ્યાસ્રવ છે. આહાહા..! વહાણમાં છિદ્ર પડે ને જેમ પાણી આવે, એમ ભગવાન આત્મામાં શુભભાવ થાય એ છિદ્ર પડ્યો. પાણી જેમ આવે એમ અહીં પરમાણુ આવે છે. આહાહા..! આત્માની શાંતિ ન આવે એમાંથી. આહાહા..! વસ્તુ એવી છે, બાપુ! વીતરાગનો માર્ગ આવો છે. તારી કલ્પનાથી તું એને બીજું રૂપ આપ એથી એ વસ્તુ નહિ ફરે. વસ્તુ તો વસ્તુ છે.

'**તે તો જડનું-પુદ્‌ગલનું સ્વરૂપ છે.**' આહાહા..! આ આત્માની અપેક્ષાએ બીજા આત્માઓને પણ અણાત્મા કહ્યા. કળશ પહેલા જીવ-અજીવમાં છે. '**તે આત્મા નથી, અનાત્મા છે.**' બધા. આ દ્રવ્યની અપેક્ષાએ બીજા દ્રવ્યો અદ્રવ્ય છે. આ ક્ષેત્રની અપેક્ષાએ બીજું ક્ષેત્ર અક્ષેત્ર છે. આના સ્વકાળની અપેક્ષાએ બીજા કાળ અકાળ છે અને સ્વભાવની અપેક્ષાએ પોતાના ગુણની અપેક્ષાએ બીજાનો અભાવ છે. અદ્રવ્ય, અક્ષેત્ર, અકાળ અને અભાવ છે પર. આહાહા..! પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે, પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી આત્મા. એમ એનો આત્મા પણ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે. પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી એનો પણ આત્મા નથી. આહાહા..! એ તો સપ્તભંગીનો પહેલો બોલ છે. સ્વચતુષ્ટયથી છે અને પરચતુષ્ટય(થી નથી). આ હોં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ. ઓલું અનંત જ્ઞાન-દર્શન (સુખ, વીર્ય) એ નહિ.

'**જડનું-પુદ્‌ગલનું સ્વરૂપ છે. તે આત્મા નથી, અનાત્મા છે,...**' ભાષા દેખો! આહાહા..!

ઈન્દ્રિયથી જણાય ચીજ એ અણાત્મા છે. ભગવાન અનાત્મા છે. આ આત્મા નહિ માટે અનાત્મા. આહાહા..! એ તો એની અપેક્ષાએ સ્વદ્રવ્ય છે. આની અપેક્ષાએ તો અદ્રવ્ય છે. આહાહા..! જુઓ તો વાણી!

ત્રિપાઠીને લખ્યું હતુંને શ્રીમદ્દે ભાઈ! વેદાંત હતો એટલે એને જણાવતા શ્રીમદ્દે એક પત્ર લખ્યો. ઓલો વેદાંતી હતો અને પણ કાંઈક નરમ માણસ હશે. આપણે કોઈપણ દ્રવ્યની એવી વ્યાખ્યા કરીએ તો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી થઈ શકે. એમ ભાઈ શ્રીમદ્દે લખ્યું. કારણ કે એને ઓલું સર્વવ્યાપક છે એ ઉડાડવું હતું. સર્વવ્યાપક હોય તો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આ જે કાંઈ હોય એ હોય નહિ એને. સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળથી છે અને પરદ્રવ્યથી નથી. પરપણું માનતા નથી. પરપણું તો માનતા નથી એ લોકો. એક સર્વવ્યાપક એ જ આત્મા છે. એવો આ નિશ્ચય-વ્યવહારને એમ થઈ જાય કેટલાકને.

આ વેદાંત જેવું. આ વેદાંત જેવું કાંઈ નથી. આહાહા..! વેદાંતને તો પાખંડ કહ્યું છે શાસ્ત્રોએ. પાખંડીઓને પ્રસિદ્ધ સાધનરૂપ આકારવાળો લોકવ્યાપક જીવ નથી. એવું કહ્યું છે. ૨૦ બોલ અલિંગગ્રહણના. ૧૫મો બોલ છે. ૧૫મો બોલ છે. અમેહનાકાર. પાખંડીઓને પ્રસિદ્ધ સાધનરૂપ એવા આકાર લોકવ્યાપક એવું જીવસ્વરૂપ છે જ નહિ. આહાહા..!

**'આત્મા-અનાત્માના ભેદ-વિજ્ઞાન દ્વારા...'** ભગવાન આત્મા અને એ સિવાય બીજો અણાત્મા, વિકલ્પ, શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ અને દેવ-ગુરુ-શાસ્ત્ર. **'ભેદ-વિજ્ઞાન દ્વારા...'** બેની જુદાઈના જ્ઞાન દ્વારા. આહાહા..! **'શરીરાદિ પર પદાર્થો પ્રત્યે ઉપેક્ષા કરી,...'** શરીર આદિ અને ઈન્દ્રિયોથી દેખાતી બધી ચીજોથી ઉપેક્ષા કરી **'ઉપયોગને ત્યાંથી હઠાવી સ્વસન્મુખ કરે છે...'** સ્વસન્મુખ કરે છે. અનાદિથી વિમુખ છે સ્વથી અને પરથી સન્મુખ છે એને અહીંયાં સ્વસન્મુખ કરે છે અને પરથી વિમુખ કરે છે. આહાહા..!

**'આત્મસ્વરૂપમાં સ્થિર થતાં તે અતીન્દ્રિય આનંદનો અનુભવ કરે છે.'** બાહ્ય ઈન્દ્રિયના વિષય તરફ ઝુકાવ એ દુઃખ છે અને એને રોકીને અણીન્દ્રિયમાં આવવું ત્યાં સુખ છે. આહાહા..! અને **'આત્મસ્વરૂપમાં સ્થિર થતાં તે અતીન્દ્રિય આનંદનો અનુભવ કરે છે.'** આહાહા..! **'જ્ઞાનીને આત્મસ્વરૂપનું ભાન હોવાથી તે આત્મ-વિષયમાં જ રમવાની ભાવના કરે છે;...'** શું? જ્ઞાનીને આત્મસ્વરૂપનું જ્ઞાન હોવાથી, આત્મજ્ઞાન હોવાથી, **'આત્મ-વિષયમાં જ રમવાની ભાવના કરે છે;...'** એ આત્મામાં રમવાની વારંવાર ભાવના હોય છે.

**'બાહ્ય વિષયોમાં વિચરવાનું પસંદ કરતો નથી.'** આહાહા..! સ્વરૂપને ચૂકીને બહાર વિષયોમાં રમવું એ પસંદ કરતો નથી. આહાહા..! **'માટે અંતરાત્માને શરીરાદિ બાહ્ય પદાર્થોમાં અનાસક્તિ હોય છે.'** એ અનાસક્તિ શબ્દ આવી ગયો છે. ૫૦મી ગાથા. **'अतत्त्परस्तदनासक्तः'** સંસ્કૃતમાં ૫૦નો છેલ્લો શબ્દ છે સંસ્કૃત. **'अतत्त्परः'** એમ પાઠ છે. એની ટીકા કરી છે. **'अनासक्तः'** આ રીતે અનાસક્ત છે. કરવી છે અને અનાસક્ત એમ નહિ. આહાહા..! રાગની એકતા નથી તે અનાસક્ત છે. આહાહા..! એ અંતરાત્માની દશાને અનાસક્ત કીધી. પરમાં એકત્વબુદ્ધિ નથી.

વિકલ્પમાં એકત્વબુદ્ધિ નથી. નિર્વિકલ્પમાં એકત્વબુદ્ધિ છે. આહાહા..! આવું ઝીણું અને આવું...

**'શરીરાદિ બાહ્ય પદાર્થોમાં અનાસક્તિ હોય છે. તે જ્ઞાનસ્વરૂપ આત્માનો જ અનુભવ કરે છે.'** અસ્તિ-નાસ્તિ બે જ વાત લીધી. આહાહા..!

---

ननु सानन्दं ज्योतिर्यद्यात्मनोरूपं स्यात्देन्द्रियनिरोधं कृत्वा तदनुभवतः कथनं दुःखं स्यादित्याह–

सुखमारब्धयोगस्य बहिर्दुःखमथात्मनि।
बहिरेवासुखं सौख्यमध्यात्मं भावितात्मनः।।५२।।
પ્રારંભે સુખ બાહ્યમાં, દુઃખ ભાસે નિજમાંય;
ભાવિતાત્મને દુઃખ બહિર્, સુખ નિજ આતમમાંય. ૫૨.

टीका :– बहिर्बाह्यविषये सुखं भवति। कस्य? आरब्धयोगस्य प्रथमात्मस्वरूप भावनोद्यतस्य। अथ आह। आत्मनि आत्मस्वरूपे दुःखं तस्य भवति। भावितात्मनो यथावद्विदितात्मस्वरूपे कृताभ्यासस्य। बहिरेव बाह्यविषयेप्वाऽसुखं भवति। अथ आह। सौख्यं अद्यात्मं तस्याध्यात्मस्वरूप एव भवति।।५२।।

---

**જો આનંદમય જ્યોતિ (જ્ઞાન) તે આત્માનું સ્વરૂપ હોય, તો ઈન્દ્રિયોને નિરોધ કરીને તેનો અનુભવ કરનારને દુઃખ કેવી રીતે હોઈ શકે? તે કહે છે :-**

**શ્લોક – ૫૨**

**અન્વયાર્થ :- (आरब्धयोगस्य) યોગનો અભ્યાસ શરૂ કરનારને (बहिः) બાહ્ય વિષયોમાં (सुखं) સુખ લાગે છે, (अथ) અને (आत्मनि) આત્મસ્વરૂપને વિષે (दुःखं) દુઃખ પ્રતીત થાય છે, પરંતુ (भावितात्मनः) આત્મસ્વરૂપને યથાર્થપણે જાણનારને–સારા અભ્યાસીને (बहिः एव) બાહ્ય પદાર્થોમાં જ (असुखं) દુઃખ થાય છે અને (अध्यात्मं) આત્મસ્વરૂપમાં (सौख्यम्) સુખનો અનુભવ થાય છે.**

**ટીકા :- બહાર એટલે બાહ્ય વિષયમાં સુખ લાગે છે. કોને? યોગનો આરંભ કરનારને અર્થાત્ પ્રથમ વાર આત્મસ્વરૂપની ભાવનાના અભ્યાસીને, અને કહે છે – આત્મામાં એટલે આત્મસ્વરૂપમાં (તેની ભાવનામાં) દુઃખ (મુશ્કેલી) લાગે છે, પણ ભાવિતાત્માને એટલે યથાવત્ જાણેલા આત્મસ્વરૂપના (–તેની ભાવનાના) અબ્યાસીને, બાહ્યમાં જ એટલે બાહ્ય વિષયોમાં જ અસુખ (દુઃખ) ભાસે છે; અને કહે છે – આત્મામાં એટલે તેના અધ્યાત્મસ્વરૂપમાં જ (–તેની ભાવનામાં જ) સુખ લાગે છે.**

**ભાવાર્થ :- યોગનો એટલે આત્મસ્વરૂપનો પ્રથમ વાર અનુભવ કરવાનો આરંભ કરનારને**

બાહ્ય વિષયોમાં સુખ જેવું લાગે છે અને આત્મસ્વરૂપની ભાવાનાના અભ્યાસમાં દુઃખ જેવું જણાય છે, પરંતુ જ્યારે તેને પરિપક્વ અભ્યાસથી આત્મસ્વરૂપનું યથાર્થપણે જ્ઞાન થાય છે ત્યારે તેને બાહ્ય વિષયોમાં અસુખરૂપ પ્રતીત થાય છે અને આત્મસ્વરૂપમાં જ સુખ પ્રતિભાસે છે.

યોગનો અભ્યાસ શરૂ કરનારને, પૂર્વના સંસ્કારને લીધે, બાહ્ય વિષયો તરફનું વલણ જલદી છૂટતું નથી અને તેથી તેને આત્મસ્વરૂપમાં રમવું મુશ્કેલ લાગે છે.

આત્મ-ભાવનાનો અભ્યાસ જ્યારે તેને પરિપક્વ થાય છે અને તે સ્વરૂપમાં સ્થિર થાય છે, ત્યારે તેને અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે. હવે તેને બાહ્ય વિષયોમાં બધા નીરસ લાગે છે; તેને તે ઉપરથી પણ જિજ્ઞાસુ જીવને ઉદ્દેશીને કહે છે :-

માટે શ્રી અમૃતચંદ્રાચાર્ય પણ જિજ્ઞાસુ જીવને ઉદ્દેશીને કહે છે :-

''હે ભાઈ! તું કોઈ પણ રીતે મહા કષ્ટે અથવા મરીને પણ તત્ત્વોનો કૌતૂહલી થા અને શરીરાદિક મૂર્ત દ્રવ્યોનો એક મુહૂર્ત (બે ઘડી) પાડોશી થઈ, તેમનાથી ભિન્ન એવા તારા આત્માનો અનુભવ કર; તારા આત્માના ચૈતન્ય-વિલાસને દેખતાં જ આ શરીરાદિક મૂર્તિક પુદ્‌ગલ દ્રવ્યો સાથે એકપણાનો તારો મોહ છૂટી જશે.''[૧] ૫૨.

## શ્લોક-૫૨ ઉપર પ્રવચન

**'જો આનંદમય જ્યોતિ (જ્ઞાન) તે આત્માનું સ્વરૂપ હોય, તો ઈન્દ્રિયોનો નિરોધ કરીને તેનો અનુભવ કરનારને દુઃખ કેવી રીતે હોઈ શકે?'** એમ. શરૂઆતમાં અંતર જતાં બાહ્યમાં જરીક કાંઈક ઠીક લાગે અને અંતરમાં જવું મુશ્કેલી લાગે એટલે દુઃખ લાગે એનો અર્થ કે મુશ્કેલી લાગે એમ. આહાહા..! **'તે કહે છે :-'**

**सुखमारब्धयोगस्य बहिर्दुःखमथात्मनि।**
**बहिरेवासुखं सौख्यमध्यात्मं भावितात्मनः।।५२।।**

**પ્રારંભે સુખ બાહ્યમાં, દુઃખ ભાસે નિજમાંય;**
**ભાવિતાત્મને દુઃખ બહિર્, સુખ નિજ આતમમાંય. ૫૨.**

એ જરીક અંતરમાં ધ્યાન કરવા જતાની વ્યાખ્યા લીધી છે.

---

૧. જુઓ શ્રી સમયસાર કલશ—૨૨૩

'**ટીકા :- બહાર એટલે બાહ્ય વિષયમાં સુખ લાગે છે.**' સુખ લાગે છે એટલે? ત્યાંથી હટતો નથી અને અંદરમાં જાતો નથી એટલું એને અનુકૂળ લાગે છે એમ. સુખનો અર્થ એમ. બહારથી હઠીને અંદરમાં જવામાં એને મુશ્કેલી લાગે છે. તો આ બાજુ એને એટલું અનુકૂળ લાગે છે એમ. એટલે કે એમાં સુખ છે. એનો અર્થ એ. ફરીથી. '**બહાર એટલે બાહ્ય વિષયમાં સુખ લાગે છે.**' સુખનો અર્થ આ હોં. એક જરીક આમ બાહ્યની અનુકૂળતા દેખાય બહારની. અને અંદરમાં જાવું મુશ્કેલી દેખાય. એટલે એમ લેવું. આહાહા..! કારણ કે બહારનો અભ્યાસ અનાદિનો એથી બહારમાં એને જરી રહેવું ગોઠે છે. એનો અર્થ બાહ્ય તરફમાં એને જરી સુખ લાગે છે. સુખ એટલે ગોઠે એટલું બસ. આહાહા..!

'**કોને? યોગનો આરંભ કરનારને અર્થાત્ પ્રથમ વાર આત્મસ્વરૂપની ભાવનાના અભ્યાસીને, અને કહે છે-આત્મામાં એટલે આત્મસ્વરૂપમાં (તેની ભાવનામાં) દુઃખ (મુશ્કેલી) લાગે છે,...**' અરે.. અંતરના અનુભવમાં કેમ જાવું? એમ એને મુશ્કેલી લાગે, એનો અર્થ દુઃખ લાગે એમ. આહાહા..! કેવી વાત કરી જુઓને! બહારની ઇન્દ્રિયોના વલણમાં જરીક રોકાવું એ ઠીક લાગે છે એમ. એટલે કે બાહ્યમાં સુખ લાગે એમ કીધું. અને અંતરમાં જવામાં મુશ્કેલી લાગે છે. મહાપ્રયત્ન. નિર્વિકલ્પદશા પ્રાપ્ત કરવી એ એને મુશ્કેલ લાગે છે. એથી એને અંતરમાં દુઃખ લાગે છે એમ એનો અર્થ. સમજાણું કાંઈ?

આચાર્યોએ આ વાત કરી છે તો જગતને સમજવા માટે કરી છે કે ખાનગી રાખવા માટે કરી છે? કે ભાઈ આ બહુ...

મુમુક્ષુ :- જગતના લોકો માટે તો રચી છે.

ઉત્તર :- ભાઈ! માર્ગ આવો છે ભાઈ. ઇન્દ્રિયનો વિષય અને અણીન્દ્રિયનો વિષય બે ભિન્ન છે. ઇન્દ્રિયના વિષયથી તો બહાર જણાય, જે તારું સ્વરૂપ નથી. અણેન્દ્રિયથી તારું સ્વરૂપ જણાય જે સ્વરૂપે તું છો. આહાહા..! એવી વાત છે. ઘણી સાદી ભાષામાં સત્યને પંથે દોરી ગયા છે. આહાહા..! કહે છે, ભાઈ! અંતરમાં જતા તને મુશ્કેલી લાગે છે. એટલે શરૂઆતવાળાને. એથી ત્યાં દુઃખ લાગે એમ ભાષા લેવી. અને બહારમાં રોકાતા તને ત્યાં રોકાવું (ત્યાંથી) ઝટ ખસવું આકરું લાગે છે. એટલે ત્યાં રોકાવું એમાં તને ઠીક લાગે છે. આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Vitragvani
www.vitragvani.com